
વાચકવર શ્રીમાન્ ઉમાસ્વાતિજી વિરચિત સ્વોપજ્ઞભાષ્યઅલંકૃત

તત્ત્વાર્થાધિગમસૂત્ર

શબ્દશઃ વિવેચન

ભાગ-૪

અધ્યાય-૮, ૯, ૧૦



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

तत्त्वार्थाधिगमसूत्र भाग-४

शब्दशः विवेचन

अध्याय-८, ९, १०

❖ मूळ ग्रंथकार तथा भाष्यकार ❖

वाचकवर श्रीमान् उमास्वातिजी महाराजा

❖ दिव्यकृपा ❖

व्याख्यानवाचस्पति, शासनप्रभावक प. पू. आचार्यदेवेश
श्रीमद्विजय रामचंद्रसूरीश्वरजी महाराजा तथा तेओश्रीना शिष्यरत्न षड्दर्शनवेत्ता,
प्रावचनिकप्रतिभाधारक प. पू. मुनिप्रवर श्री मोहजितविजयजी महाराजा

❖ आशीर्वाददाता ❖

व्याख्यानवाचस्पति, शासनप्रभावक प. पू. आचार्यदेवेश
श्रीमद्विजय रामचंद्रसूरीश्वरजी महाराजाना शिष्य वर्तमान श्रुतमर्मज्ञाता विद्वान
प. पू. आचार्य भगवंत श्रीमद्विजय युगभूषणसूरीश्वरजी महाराजा

✦ विवेचनकार ✦

पंडितवर्य श्री प्रवीणचंद्र खीमजी मोता

संस्थाना ज्ञानखातामांथी
आ पुस्तक
ज्ञानभंडार/श्रीसंघने
भेट आपेल छे.

* संकलनकर्ता *

पंडित श्री मयंकभाई रमणिकभाई शाह

❖ प्रकाशक ❖

गीतार्थ गंगा

'श्रुतदेवता भवन', ५, जैन मर्चन्ट सोसायटी, फत्तेहपुरा रोड, पालडी, अमदावाद-७.

तत्त्वार्थाधिगमसूत्र भाग-४ शब्दशः विवेचन

✦ विवेचनकार ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૪૦ ✦ વિ. સં. ૨૦૭૦ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૭૫૦

મૂલ્ય : રૂ. ૧૯૦-૦૦

卐 આર્થિક સહયોગ 卐

પ.પૂ. મુનિભગવંત શ્રી વિશ્વદર્શનવિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી

❖ એક સદ્‌ગૃહસ્થ તરફથી ❖

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૬૪

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

Visit us online : gitarthganga.wordpress.com

* મુદ્રક *

આકાશ એજન્સી

પહેલો માળ, મેહમુદ સૈયદ બિલ્ડીંગ, પ્રકાશ સિનેમા પાસે, ઘીકાંટા, અમદાવાદ-૧. ફોન : ૨૨૧૨૪૬૧૦

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

પ્રાપ્તિસ્થાન

✣ અમદાવાદ :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

✣ મુંબઈ :

શ્રી લલિતભાઈ ઘરમશી

૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

✣ સુરત :

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ

ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

✣ BANGALORE :

Shri Vimalchandji
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

✣ વડોદરા :

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ

'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ

એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

✣ જામનગર :

શ્રી ઉદયભાઈ શાહ

C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

✣ રાજકોટ :

શ્રી કમલેશભાઈ દામાણી

"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યા રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્‌ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ)
૩. યોગદૃષ્ટિસમુચ્ચય
૪. કર્મવાદ કર્ણિકા
૫. કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ)
૬. સદ્‌ગતિ તમારા હાથમાં !
૭. સદ્‌ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ)
૮. દર્શનાચાર
૯. શાસન સ્થાપના
૧૦. શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ)
૧૧. અનેકાંતવાદ
૧૨. પ્રશ્નોત્તરી
૧૩. પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)
૧૪. ચિત્તવૃત્તિ
૧૫. ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)
૧૬. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૭. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૮. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૯. ભાવધર્મ ભાગ–૧ (પ્રણિધાન)

૨૦. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૨૧. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૨૨. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૩. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૪. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૫. જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)
૨૬. Is Jaina Order Independent Religion or Denomination ? (અંગ્રેજી આવૃત્તિ)
૨૭. Status of religion in modern Nation State theory (અંગ્રેજી આવૃત્તિ)
૨૮. ગૃહજિનાલય મહામંગલકારી
૨૯. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

૧. શ્રી સમેતશિખરજીની સંવેદના	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૨. શ્રી નવપદ આરાધના વિધિ	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!!	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૪. સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિન્દી આવૃત્તિ)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૫. Right to Freedom of Religion !!!!!	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૬. 'રક્ષાધર્મ' અભિયાન	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૭. 'Rakshadharma' Abhiyaan	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૮. સેવો પાસ સંખેસરો	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૯. સેવો પાસ સંખેસરો (હિન્દી આવૃત્તિ)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧

૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા
શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન

૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૬. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૭. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૯. વાદદ્વાત્રિંશિકા-૮ શબ્દશઃ વિવેચન
૧૦૦. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૧. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૦૨. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૧૦૩. સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન
૧૦૪. પગામસિજ્જા શબ્દશઃ વિવેચન
૧૦૫. સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૧૦૬. ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા-૭ શબ્દશઃ વિવેચન
૧૦૭. દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન
૧૦૮. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૯. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૦. વૈરાગ્યકલ્પલતા પ્રથમ સ્તબક શબ્દશઃ વિવેચન
૧૧૧. શાંતસુધારસ શબ્દશઃ વિવેચન
૧૧૨. બારભાવના શબ્દશઃ વિવેચન
૧૧૩. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧૪. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૫. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૧૧૬. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૧૧૭. વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન
૧૧૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૯. દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન
૧૨૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૨૧. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૧૨૨. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪

ગીતાર્થ ગંગા અંતર્ગત
ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨

તત્ત્વાર્થાધિગમસૂત્ર ભાગ-૪ની
પ્રસ્તાવના

અધ્યાય-૮

પૂર્વઅધ્યાયમાં આશ્રવનું સ્વરૂપ બતાવ્યું. હવે પ્રસ્તુત અધ્યાયમાં બંધને બતાવે છે. ત્યાં પ્રથમ બંધના હેતુઓ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગો છે એ બતાવે છે, જેથી જીવ કયા અધ્યવસાયથી કર્મ બાંધે છે, તેનો બોધ થાય છે. મિથ્યાત્વ આદિ ભાવો જીવના પરિણામો છે, તેનાથી કર્મનો બંધ થાય છે. આ બંધ ચાર પ્રકારનો છે : પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ. તેમાંથી પ્રકૃતિબંધ જ્ઞાનાવરણીયકર્મ આદિ આઠ કર્મસ્વરૂપ છે. જેના અવાંતર ભેદોનો બોધ પ્રસ્તુત આઠમા અધ્યાયમાં કરાવેલ છે, જેનાથી કર્મબંધના સ્વરૂપનો અને તેના અવાંતર ભેદોનો બોધ થાય છે.

વળી, તે કર્મપ્રકૃતિમાં મોહનીયકર્મની પ્રકૃતિ અંતર્ગત દર્શનમોહનીયકર્મ અને ચારિત્રમોહનીયકર્મોના ભેદોનું વિસ્તારથી સ્વરૂપ બતાવેલ છે, જેના કારણે કર્મબંધના કારણીભૂત તે મોહનીયની પ્રકૃતિઓ કઈ રીતે ઉદયમાં આવીને ક્લેશો ઉત્પન્ન કરે છે ફળરૂપે નવા કર્મો બંધાય છે અને સંસારના પરિભ્રમણની પ્રાપ્તિ થાય છે તેનો ખ્યાલ આવે છે. વળી, અન્ય કર્મો કઈ રીતે જીવને સંસારમાં વિડંબના કરે છે તેનો પણ માર્ગાનુસારી બોધ પ્રસ્તુત અધ્યાયથી પ્રાપ્ત થાય છે.

આઠેય કર્મોની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિનું પ્રસ્તુત અધ્યાયમાં વિસ્તારથી વર્ણન કર્યું છે જેથી જીવ કષાયોના ક્લેશથી કઈ રીતે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે ? અને કષાયોની મંદતાથી કઈ રીતે અલ્પ-અલ્પતર સ્થિતિ બાંધે છે ? તથા કષાય શૂન્ય થયેલા જીવો કર્મબંધથી વિરામ પામે છે તેનો માર્ગાનુસારી બોધ પ્રાપ્ત થાય છે.

વળી, તે કર્મોની નિર્જરા કઈ રીતે થાય છે અને તે નિર્જરા કયા પ્રકારના અધ્યવસાયથી થાય છે તેનો પણ માર્ગાનુસારી બોધ પ્રસ્તુત અધ્યાયમાં કરાવેલ છે. વળી, કઈ કર્મપ્રકૃતિઓ પુણ્ય આત્મક છે અને કઈ કર્મપ્રકૃતિઓ પાપ આત્મક છે તેનો પણ બોધ પ્રસ્તુત અધ્યાયમાં કરાવેલ છે.

અધ્યાય-૯

બંધનું વર્ણન કર્યા પછી સંવરનું સ્વરૂપ બતાવે છે. આશ્રવના નિરોધરૂપ સંવર છે. જીવ જ્યારે આશ્રવની પરિણતિવાળો હોય છે ત્યારે કર્મબંધ કરે છે અને જ્યારે તે આશ્રવની પરિણતિરૂપ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગને નિરોધ કરવા પ્રયત્ન કરે છે ત્યારે જે જે અંશથી જે જે આશ્રવનો

નિરોધ થાય છે તે તે અંશથી તે તે પ્રકારના સંવરને પ્રાપ્ત કરે છે. તે આશ્રવનો નિરોધ પરમાર્થથી સુગુપ્ત એવા મુનિ કરી શકે છે અને સમ્યગ્દૃષ્ટિ આદિ જીવો અંશથી કરી શકે છે. તેથી સંવર ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહનો જય તથા ચારિત્રથી થાય છે તેમ કહેલ છે. તેથી જે સાધુ સર્વ ઉદ્યમથી સમિતિ-ગુપ્તિમાં દૃઢ યત્નવાળા છે તેઓ જ પારમાર્થિક રીતે સર્વસંવર તરફ જનારા છે, માટે સંવરવાળા છે અને સર્વસંવર યોગનિરોધકાળમાં પ્રાપ્ત થાય છે. વળી, મુનિ તપનું સેવન કરીને નિર્જરાની પ્રાપ્તિ કરે છે.

મુનિની ગુપ્તિ સમ્યગ્ મન-વચન-કાયાના નિગ્રહ સ્વરૂપ છે. તેથી જે મુનિઓ મન-વચન-કાયાને વીતરાગના વચનથી નિયંત્રિત કરીને વીતરાગ તુલ્ય થવાને અનુકૂળ પ્રવર્તાવે છે તેઓ જ ગુપ્તિવાળા છે. આવા ગુપ્તિવાળા મુનિ પણ સંયમની વૃદ્ધિના પ્રયોજનથી કોઈ ચેષ્ટા કરે ત્યારે યથાયોગ્ય પાંચ સમિતિમાં પ્રયત્ન કરે છે. જેથી સમિતિકાળમાં પણ ગુપ્તિ અવશ્ય હોય છે. વળી, સાધુઓ જેમ સમિતિ-ગુપ્તિમાં યત્ન કરે છે તેમ ક્ષમાદિ દશવિધ ધર્મોમાં પણ યત્ન કરે છે જેનાથી ક્રોધાદિ કષાયો ક્ષીણ-ક્ષીણતર થાય છે. સાધુ કઈ રીતે ક્ષમાદિ કરે છે તેનું સૂક્ષ્મ સ્વરૂપ પ્રસ્તુત ગ્રંથમાં બતાવેલ છે, જેનાથી યોગ્ય જીવ નિમિત્ત પામીને કષાય ઉત્પન્ન થયા હોય તે વખતે કઈ રીતે તે કષાયોથી આત્માનું રક્ષણ કરીને ક્ષમાદિ ભાવો ઉત્પન્ન કરવા યત્ન કરવો જોઈએ તેનો માર્ગાનુસારી બોધ પ્રાપ્ત કરે છે.

વળી, સાધુઓ બાર ભાવનાઓ કરીને સતત આત્માને જાગ્રત કરે છે જેથી સંસારના નિમિત્તો ન સ્પર્શે તેવું ઉત્તમ ચિત્ત તે ભાવનાઓથી થાય છે. ભાવના એટલે માત્ર વિચારણા નથી; પરંતુ સંસારના પદાર્થો કઈ રીતે અનિત્ય છે, ઇત્યાદિનું સ્વરૂપ તે રીતે અવલોકન કરવું જોઈએ, જેથી સતત સંસારના ઉચ્છેદને અનુકૂળ સદ્વીર્ય ઉલ્લસિત રહે. આવી ભાવનાઓ કઈ રીતે કરવી ? તેનો માર્ગાનુસારી બોધ પ્રસ્તુત ગ્રંથના નવમા અધ્યાયમાંથી પ્રાપ્ત થાય છે.

વળી, સુસાધુ શક્તિના પ્રકર્ષથી વીતરાગ થવા માટે પરિષહોનો જય કરવા યત્ન કરે છે તેથી પ્રસ્તુત અધ્યાયમાં બાવીશ પરિષહોનું સ્વરૂપ બતાવ્યું છે. જેનો બોધ કરીને યોગ્ય જીવોને કઈ રીતે પરિષહજય માટે ઉદ્યમ કરવો જોઈએ ? જેથી તે તે વિષમ સંયોગોમાં પણ ચિત્ત મોહનાશને અનુકૂળ યત્ન કરવા સમર્થ બને તેનો સૂક્ષ્મ બોધ પ્રાપ્ત થાય છે.

મુનિનું ચારિત્ર સામાયિક આદિ પાંચ ભેદવાળું છે, તેનું પ્રસ્તુત અધ્યાયમાં વર્ણન કર્યું છે, જેનાથી સામાયિકની તરતમતાનો સૂક્ષ્મ બોધ થાય છે તથા પૂર્ણ સામાયિકનો પરિણામ વીતરાગને જ છે અને તેને અભિમુખ પૂર્વ-પૂર્વના સામાયિકો છે, તેનો માર્ગાનુસારી બોધ થાય છે.

વળી, પાંચ પ્રકારનો સ્વાધ્યાય સાધુઓ કઈ રીતે કરે છે ? તેનો સંક્ષેપથી પણ માર્ગાનુસારી બોધ પ્રાપ્ત થાય તે પ્રકારે વાચનાદિ સ્વાધ્યાયોનું સ્વરૂપ પ્રસ્તુત અધ્યાયમાં બતાવેલ છે.

ધ્યાન પ્રથમ ચાર સંઘયણમાં હોય છે તે બતાવીને ધ્યાનમાં કઈ રીતે યત્ન થાય ? તેનો બોધ કરાવવા અર્થે ચાર પ્રકારના ધ્યાનનું સ્વરૂપ બતાવેલ છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન સંસારના કારણ છે અને

ધર્મધ્યાન-શુક્લધ્યાન મોક્ષના કારણ છે તેમ બતાવીને ધર્મધ્યાન કયા પ્રકારના ચિંતવનથી કોને પ્રાપ્ત થાય છે ? તેનું સ્વરૂપ બતાવેલ છે. તેથી વર્તમાનકાળમાં ધ્યાનનો અસંભવ હોવા છતાં આજ્ઞાવિચય આદિ જે ધર્મધ્યાનના ચાર પેટાભેદો છે તે ભેદ અનુસાર તે તે ધ્યાનના વિષયોનું સ્વરૂપ યથાર્થ રીતે ચિંતવન કરવામાં આવે અને તે ભાવોથી જે જે અંશે ચિત્ત ભાવિત થાય તેઓમાં તે તે ધ્યાનની પૂર્વભૂમિકારૂપે ગુણની પ્રાપ્તિ થાય છે તથા ધ્યાનથી નાશ્ય એવા કર્મોનો પણ તે તે અંશથી નાશ થાય છે, જેથી ભવિષ્યમાં સુખપૂર્વક ધર્મધ્યાનને પ્રાપ્ત કરવા તેઓ સમર્થ બનશે. વળી, શુક્લધ્યાન વર્તમાનમાં સંભવિત નથી તોપણ શુક્લધ્યાનનું સ્વરૂપ અને તેના પેટાભેદો પ્રસ્તુત ગ્રંથમાં બતાવેલ છે, જેનો સમ્યગ્બોધ કરીને યોગ્ય જીવો તે શુક્લધ્યાનના સ્વરૂપ પ્રત્યે બદ્ધ રાગવાળા થાય છે અને પુનઃ પુનઃ તે સ્વરૂપને ભાવન કરીને આત્માને વાસિત કરે છે. તેથી તેઓને શુક્લધ્યાનની પ્રાપ્તિ પણ જન્માંતરમાં સુલભ બને છે.

વળી, ગુણસ્થાનકના ક્રમથી સમ્યગ્દૃષ્ટિથી માંડીને વીતરાગ સુધીના જીવોને કઈ રીતે ઉત્તરોત્તર અધિક અધિક નિર્જરા થાય છે ? તેનું સ્વરૂપ પણ પ્રસ્તુત નવમા અધ્યાયમાં બતાવેલ છે, જેથી ગુણસ્થાનકના ક્રમથી નિર્જરાની તરતમતાનો પણ માર્ગાનુસારી બોધ પ્રાપ્ત થાય છે.

અધ્યાય-૧૦

પૂર્વના અધ્યાયમાં સંવરનું સ્વરૂપ બતાવ્યું અને તપથી નિર્જરા થાય છે તેમ કહ્યું. તેથી અર્થથી એ ફલિત થયું કે આશ્રવના નિરોધ માટે કરાયેલા યત્નથી આવતા કર્મોનું સ્થગન થાય તેમ પૂર્વના બંધાયેલા કર્મોની નિર્જરા પણ થાય છે. તે રીતે તપ દ્વારા પણ આશ્રવનું સ્થગન થાય છે અને વિશિષ્ટ નિર્જરા થાય છે અને નિર્જરાના પ્રકર્ષથી મોક્ષ થાય છે. તેથી મોક્ષનું સ્વરૂપ બતાવવા અર્થે જીવને ચાર ઘાતિકર્મના ક્ષયથી કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે તેમ બતાવીને બંધના હેતુઓના અભાવ અને નિર્જરા દ્વારા કર્મક્ષય થાય છે તેમ બતાવેલ છે. તેથી આશ્રવનો નિરોધ કરવાથી બંધના હેતુઓનો અભાવ થાય છે અને પૂર્વમાં જે આશ્રવના ભાવોથી કર્મ બંધાયેલા તેનાથી વિરુદ્ધ સંવરના ભાવોથી પૂર્વમાં બંધાયેલા કર્મોની નિર્જરા પણ થાય છે. જીવ પૂર્વમાં સંયચ કરેલા સર્વ ઘાતિકર્મોની નિર્જરા કરીને કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે અને સંપૂર્ણ કર્મોના ક્ષયથી મોક્ષને પ્રાપ્ત કરે છે. ત્યારબાદ મોક્ષમાં જનાર જીવો લોકાંત સુધી કઈ રીતે જાય છે ? તેનો શાસ્ત્રવચનાનુસાર યુક્તિથી બોધ કરાવેલ છે.

વળી, સિદ્ધના પંદર ભેદો અંતિમ ભવને આશ્રયીને છે તેથી તે ભેદોનું પણ વિસ્તારથી વર્ણન કર્યું છે, જેથી સિદ્ધ થનારા જીવો કઈ કઈ રીતે સિદ્ધ થાય છે ? તેનો બોધ થવાથી સિદ્ધ ભગવંતો પ્રત્યેનો પૂજ્યભાવ વૃદ્ધિ પામે છે અને તત્ત્વને જોનારી માર્ગાનુસારી બુદ્ધિ વૃદ્ધિ પામે છે.

વળી, પંદર ભેદથી સિદ્ધ થયેલા જીવોમાં કોણ કોનાથી અધિક સંખ્યાથી સિદ્ધ થયા છે ? તેનો બોધ કરાવવા અર્થે સિદ્ધના જીવોનું અલ્પબહુત્વ બતાવેલ છે, જેનાથી પણ સિદ્ધના જીવો પ્રત્યે બહુમાનભાવની વૃદ્ધિ થાય છે અને સર્વજ્ઞના વચનાનુસાર સિદ્ધોના અલ્પબહુત્વનો યથાર્થ બોધ થવાથી સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ

થાય છે. ત્યારબાદ જીવ સંસારનો ક્ષય કરીને મોક્ષમાં જાય છે તેનું અનેક દૃષ્ટાંતથી ભાવન કરેલ છે. ત્યારબાદ મોક્ષમાં સુખ કેવું છે ? તેનો બોધ કરાવવા અર્થે પુણ્યકર્મના વિપાકથી જીવને સુખ થાય છે, મનોજ્ઞ એવા ઇન્દ્રિયોના વિષયથી જીવને સુખની પ્રાપ્તિ થાય છે અને કર્મ તથા ક્લેશના ક્ષયથી મોક્ષમાં અનુત્તમ સુખ જીવને પ્રાપ્ત થાય છે=શ્રેષ્ઠ સુખ પ્રાપ્ત થાય છે, તેમ બતાવીને સંસારી જીવોને થનારું સુખ અને મોક્ષનું સુખ કઈ રીતે માત્રાના ભેદથી અત્યંત વિષમ છે ? તેનો બોધ કરાવેલ છે.

છદ્મસ્થપણાના કારણે જિનેશ્વર પરમાત્માની વાણીથી વિપરીત કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તેનું ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

વિ. સં. ૨૦૬૯, આસો સુદ-૧૦,
તા. ૧૪-૧૦-૨૦૧૩, સોમવાર.
૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.
ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪

- પ્રવીણચંદ્ર ખીમજી મોતા

अनुक्रमणिका

सूत्र नं.	विषय	पाना नं.
	अध्याय-८	**१-९३**
१.	बंधना हेतुओ.	१-७
२-३.	सकषाय जीवथी कर्मनो बंध.	८-१०
४.	बंधना भेदो.	१०-११
५.	प्रकृतिबंधना भेदो.	११-१३
६.	प्रकृतिबंधना अवांतर भेदो.	१३-१४
७.	पांच प्रकारना ज्ञानावरणीयना बंधनुं स्वरूप.	१५-१६
८.	दर्शनावरणीयना भेदो.	१६-१८
९.	वेदनीयना भेदो.	१८-१९
१०.	मोहनीयना भेदो.	१९-३४
११.	चार प्रकारना आयुष्यनुं स्वरूप.	३४-३५
१२.	नामकर्मना अवांतर भेदो.	३५-४४
१३.	गोत्रकर्मना भेदो.	४४-४५
१४.	अंतरायकर्मना भेदो.	४५-४७
१५ थी १८.	आठे कर्मोनी उत्कृष्ट स्थितिनुं स्वरूप.	४८-५१
१९ थी २१.	आठे कर्मोनी जघन्यस्थितिनुं स्वरूप.	५१-५३
२२-२३.	विपाकनुं स्वरूप.	५३-५७
२४.	विपाकथी निर्जरानी प्राप्ति अने तपथी निर्जरानी प्राप्ति	५७-५८
२५.	प्रदेशबंधनुं स्वरूप.	५८-६१
२६.	पुण्यप्रकृतिओनुं स्वरूप.	६१-६३
	अध्याय-९	**६४-२११**
१.	संवरनुं स्वरूप.	६४
२.	संवरना उपायो.	६५
३.	निर्जराना उपायो.	६५-६६
४.	गुप्तिनुं स्वरूप.	६६-६९
५.	समितिओना भेदो अने स्वरूप.	६९-७२
६.	दश प्रकारना यतिधर्मोनुं स्वरूप.	७२-९३
७.	बार भावनाओनुं स्वरूप.	९३-११८
८.	परिषह सहन करवानुं प्रयोजन.	११८-१२०
९.	परिषहना भेदो अने स्वरूप.	१२०-१२८
१० थी १७.	परिषहोनुं गुणस्थानकमां योजन.	१२८-१३८
१८.	पांच प्रकारना चारित्रनुं स्वरूप.	१३८-१३९

સૂત્ર નં.	વિષય	પાના નં.
૧૯.	છ પ્રકારના બાહ્યતપનું સ્વરૂપ.	૧૩૯-૧૪૪
૨૦.	છ પ્રકારના અભ્યંતરતપનું સ્વરૂપ.	૧૪૪-૧૪૫
૨૧ થી ૨૭.	અભ્યંતરતપોના પેટાવિભાગોનું સ્વરૂપ.	૧૪૫-૧૬૫
૨૮.	ધ્યાનનું કાલમાન.	૧૬૫
૨૯.	ધ્યાનના ચાર ભેદો.	૧૬૫-૧૬૬
૩૦.	મોક્ષના હેતુ એવા બે ધ્યાનનું સ્વરૂપ.	૧૬૬-૧૬૮
૩૧ થી ૩૪.	ચાર પ્રકારના આર્તધ્યાનનું સ્વરૂપ.	૧૬૮-૧૭૩
૩૫.	આર્તધ્યાનનું ગુણસ્થાનકમાં યોજન.	૧૭૩-૧૭૪
૩૬.	રૌદ્રધ્યાનના ચાર ભેદો અને ગુણસ્થાનકમાં યોજન.	૧૭૪-૧૭૫
૩૭.	ધર્મધ્યાનના ચાર ભેદો.	૧૭૬
૩૮.	ધર્મધ્યાનનું ગુણસ્થાનકમાં યોજન.	૧૭૬-૧૭૮
૩૯.	બે શુક્લધ્યાનનું સ્વરૂપ.	૧૭૮-૧૭૯
૪૦.	આદ્ય બે શુક્લધ્યાનના અધિકારીનું સ્વરૂપ.	૧૭૯-૧૮૦
૪૧.	છેલ્લા બે શુક્લધ્યાનના અધિકારી.	૧૮૦-૧૮૨
૪૨-૪૩.	ચાર પ્રકારના શુક્લધ્યાનનું સ્વરૂપ.	૧૮૨-૧૮૫
૪૪.	પ્રથમ અને બીજા શુક્લધ્યાનના ભેદનું સ્વરૂપ.	૧૮૫
૪૫.	શુક્લધ્યાનમાં વર્તતા વિતર્કનું સ્વરૂપ.	૧૮૫-૧૮૬
૪૬.	શુક્લધ્યાનમાં વર્તતા વિચારનું સ્વરૂપ.	૧૮૬-૧૮૮
૪૭.	ગુણસ્થાનકના ક્રમમાં નિર્જરાની તરતમતાનું સ્વરૂપ.	૧૮૮-૧૯૨
૪૮.	પાંચ પ્રકારના નિર્ગ્રંથોનું સ્વરૂપ.	૧૯૨-૧૯૫
૪૯.	પાંચ પ્રકારના નિર્ગ્રંથોનું વિશેષ પ્રકારનું સ્વરૂપ.	૧૯૫-૨૧૧
	અધ્યાય-૧૦	**૨૧૨-૨૮૦**
૧.	કેવલજ્ઞાનની પ્રાપ્તિનો ઉપાય.	૨૧૨-૨૧૩
૨.	મોહનીય આદિના ક્ષયનો ઉપાય.	૨૧૩-૨૧૫
૩.	મોક્ષપ્રાપ્તિનો ઉપાય.	૨૧૫-૨૧૭
૪.	મોક્ષમાં વર્તતા ભાવોનું સ્વરૂપ.	૨૧૭-૨૧૮
૫.	કર્મક્ષય પછી લોકાંત ગમન.	૨૧૮-૨૨૦
૬.	સિદ્ધના જીવોને લોકાંતની પ્રાપ્તિના કારણો.	૨૨૦-૨૨૭
૭.	સિદ્ધના બોધ અર્થે બાર અનુયોગદ્વારનું સ્વરૂપ, તત્ત્વાર્થભાષ્યની અંત્યકારિકા, ભાષ્યકારની પ્રશસ્તિ.	૨૨૭-૨૮૦

ॐ ह्रीं अर्हं नमः ।
ॐ ह्रीं श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐं नमः ।

વાચકવર શ્રીમાન્ ઉમાસ્વાતિજી વિરચિત સ્વોપજ્ઞભાષ્યઅલંકૃત

तत्त्वार्थाधिगमसूत्र

શબ્દશઃ વિવેચન

ભાગ-૪

અધ્યાય-૮, ૯, ૧૦

।। अष्टमोऽध्यायः ।।

ભાષ્ય :-

उक्त आस्रवः । बन्धं वक्ष्यामः । तत्प्रसिद्ध्यर्थमिदमुच्यते –

ભાષ્યાર્થ :-

આશ્રવ કહેવાયો=છઠ્ઠા અધ્યાયમાં આશ્રવનું સ્વરૂપ કહેવાયું. હવે અમે બંધને કહીશું, તેની પ્રસિદ્ધિ માટે=બંધની પ્રસિદ્ધિ માટે=બંધ શેનાથી થાય છે ? તે હેતુને બતાવવા દ્વારા બંધની પ્રસિદ્ધિ કરવા માટે, આ=સૂત્રમાં કહેવાય છે એ, કહે છે –

ભાવાર્થ :-

અધ્યાય-૧માં તત્ત્વનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે તેમ કહેલ અને અધ્યાય-૧ના સૂત્ર-૪માં જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ તત્ત્વ છે તેમ કહેલ. ત્યારપછી જીવ-અજીવનું સ્વરૂપ બતાવ્યું અને છઠ્ઠા અધ્યાયમાં આશ્રવનું સ્વરૂપ બતાવ્યું. છઠ્ઠા અધ્યાયના ૧૩મા સૂત્રમાં કહ્યું કે શાતાવેદનીયબંધના કારણભૂત અને વ્રતીની અનુકંપા દાનાદિ છે, તેથી જિજ્ઞાસા થઈ કે વ્રતી કોણ છે અને વ્રતો શું છે ? તેથી સાતમા અધ્યાયમાં વ્રત અને વ્રતીનું સ્વરૂપ બતાવ્યું. ત્યારબાદ શાતાવેદનીયબંધના કારણીભૂત દાનનું

ભાવાર્થ :-

સંસારી જીવો પોતાના અધ્યવસાયથી કર્મબંધ પ્રાપ્ત કરે છે. તે અધ્યવસાય મનોવ્યાપારકાળમાં વર્તતા જીવના ઉપયોગસ્વરૂપ છે. આ ઉપયોગ મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગના વ્યાપારસ્વરૂપ છે, જે પાંચ બંધના હેતુઓ છે. તેથી જીવના ઉપયોગમાં વર્તતા મિથ્યાદર્શનાદિ પાંચ પરિણામોરૂપ પાંચ આશ્રવો કર્મબંધના હેતુઓ છે.

(૧) મિથ્યાદર્શન :-

મિથ્યાદર્શન એ સમ્યગ્દર્શનથી વિપરીત એવો જીવનો પરિણામ છે. તેથી એ પ્રાપ્ત થાય કે (૧) જે જીવોને સંસારનું વાસ્તવિક સ્વરૂપ જે પ્રકારે જીવની કદર્થનારૂપ છે તે પ્રકારે યથાર્થ દેખાતું ન હોય, (૨) જીવની કર્મરહિત અવસ્થા જે પ્રકારે જીવ માટે સુખકારી છે તે સ્વરૂપે યથાર્થ દેખાતી ન હોય અને (૩) જીવની કદર્થનારૂપ સંસારના ઉચ્છેદનો ઉપાય જિનવચન અનુસાર યથાર્થબોધ તથા તે બોધથી નિયંત્રિત ઉચિત પ્રવૃત્તિ છે તેનું સ્વરૂપ જેઓને યથાર્થ દેખાતું ન હોય, તેઓમાં સમ્યગ્દર્શનથી વિપરીત એવું મિથ્યાદર્શન છે. આથી જ સુખનો અર્થી જીવ સુખ માટે યત્ન કરીને દુઃખની જ પરંપરાની પ્રાપ્તિ કરે છે; કેમ કે પદાર્થનું સમ્યગ્ દર્શન હોય તો જીવ જેમાં પોતાનું આલોકનું અને પરલોકનું હિત દેખાય ત્યાં જ પ્રવૃત્તિ કરીને અવશ્ય હિત સાધે છે; પરંતુ યથાર્થ દર્શનના અભાવના કારણે પોતાના હિતનો અર્થી જીવ આલોકમાં અને પરલોકમાં પોતાનું અહિત સાધે છે, તે મિથ્યાદર્શન છે.

વળી તે મિથ્યાદર્શન બે પ્રકારનું છે : (૧) અભિગૃહીતમિથ્યાદર્શન અને (૨) અનભિગૃહીતમિથ્યાદર્શન.

(i) અભિગૃહીતમિથ્યાદર્શન :-

જેઓ મૂઢતાથી તત્ત્વાતત્ત્વનો વિભાગ કર્યા વગર તે તે દર્શનમાં રહેલા અસદ્ભૂત અંશમાં રુચિ કરીને અસમ્યગ્દર્શનનો સ્વીકાર કરે છે અર્થાત્ મોક્ષના પ્રયોજનથી મોક્ષના ઉપાયોને કહેનારા તે તે દર્શનના કેટલાક અંશો સુંદર હોવા છતાં કેટલાક અંશો મોક્ષના અનુપાયભૂત કથનો કરીને મોક્ષના ઉપાયનો ભ્રમ પેદા કરાવે છે એવા અસમ્યગ્દર્શનમાં જેઓને રુચિ છે તેઓ અભિગૃહીત અસમ્યગ્દર્શનવાળા છે. આવા અસમ્યગ્દર્શન સ્વીકાર કરનારના ભેદો ૩૬૩ પાખંડીરૂપે પ્રાપ્ત થાય છે. તેઓના મતનો સ્વીકાર તે અભિગૃહીતમિથ્યાદર્શન છે. તે સર્વ પાખંડીઓમાં મોક્ષના પ્રયોજનથી ધર્મની પ્રવૃત્તિ કરનારા જેઓ હોય તેઓ અવશ્ય મોક્ષમાં જવાના, છતાં પણ સ્વ સ્વ દર્શન પ્રત્યે મૂઢતાથી અત્યંત રાગ હોય તો ધર્મની પ્રવૃત્તિ કરીને પણ સંસારના પરિભ્રમણને જ પ્રાપ્ત કરશે અને સંસારની અનેક કદર્થનાઓને પ્રાપ્ત કરશે. જ્યારે તેઓનો અતત્ત્વનો રાગ કંઈક મંદ થશે ત્યારે માર્ગને પામીને મોક્ષમાર્ગના આરાધક થશે. જેઓને મોક્ષમાર્ગ પ્રત્યે લેશ પણ રુચિ નથી અને સ્વ સ્વ દર્શન પ્રત્યેના બદ્ધ રાગવાળા છે તેઓમાં અભિગૃહીતમિથ્યાદર્શન છે અને તેઓ મોક્ષમાં જશે તેવો કોઈ નિયમ તેમના માટે નથી; કેમ કે મોક્ષને અભિમુખ લેશ પણ ભાવ તેઓમાં નથી.

ભાવાર્થ :-

સંસારી જીવો પોતાના અધ્યવસાયથી કર્મબંધ પ્રાપ્ત કરે છે. તે અધ્યવસાય મનોવ્યાપારકાળમાં વર્તતા જીવના ઉપયોગસ્વરૂપ છે. આ ઉપયોગ મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગના વ્યાપારસ્વરૂપ છે, જે પાંચ બંધના હેતુઓ છે. તેથી જીવના ઉપયોગમાં વર્તતા મિથ્યાદર્શનાદિ પાંચ પરિણામોરૂપ પાંચ આશ્રવો કર્મબંધના હેતુઓ છે.

(૧) મિથ્યાદર્શન :-

મિથ્યાદર્શન એ સમ્યગ્દર્શનથી વિપરીત એવો જીવનો પરિણામ છે. તેથી એ પ્રાપ્ત થાય કે (૧) જે જીવોને સંસારનું વાસ્તવિક સ્વરૂપ જે પ્રકારે જીવની કદર્થનારૂપ છે તે પ્રકારે યથાર્થ દેખાતું ન હોય, (૨) જીવની કર્મરહિત અવસ્થા જે પ્રકારે જીવ માટે સુખકારી છે તે સ્વરૂપે યથાર્થ દેખાતી ન હોય અને (૩) જીવની કદર્થનારૂપ સંસારના ઉચ્છેદનો ઉપાય જિનવચન અનુસાર યથાર્થબોધ તથા તે બોધથી નિયંત્રિત ઉચિત પ્રવૃત્તિ છે તેનું સ્વરૂપ જેઓને યથાર્થ દેખાતું ન હોય, તેઓમાં સમ્યગ્દર્શનથી વિપરીત એવું મિથ્યાદર્શન છે. આથી જ સુખનો અર્થી જીવ સુખ માટે યત્ન કરીને દુઃખની જ પરંપરાની પ્રાપ્તિ કરે છે; કેમ કે પદાર્થનું સમ્યગ્ દર્શન હોય તો જીવ જેમાં પોતાનું આલોકનું અને પરલોકનું હિત દેખાય ત્યાં જ પ્રવૃત્તિ કરીને અવશ્ય હિત સાધે છે; પરંતુ યથાર્થ દર્શનના અભાવના કારણે પોતાના હિતનો અર્થી જીવ આલોકમાં અને પરલોકમાં પોતાનું અહિત સાધે છે, તે મિથ્યાદર્શન છે.

વળી તે મિથ્યાદર્શન બે પ્રકારનું છે : (૧) અભિગૃહીતમિથ્યાદર્શન અને (૨) અનભિગૃહીતમિથ્યાદર્શન.

(i) અભિગૃહીતમિથ્યાદર્શન :-

જેઓ મૂઢતાથી તત્ત્વાતત્ત્વનો વિભાગ કર્યા વગર તે તે દર્શનમાં રહેલા અસદ્ભૂત અંશમાં રુચિ કરીને અસમ્યગ્દર્શનનો સ્વીકાર કરે છે અર્થાત્ મોક્ષના પ્રયોજનથી મોક્ષના ઉપાયોને કહેનારા તે તે દર્શનના કેટલાક અંશો સુંદર હોવા છતાં કેટલાક અંશો મોક્ષના અનુપાયભૂત કથનો કરીને મોક્ષના ઉપાયનો ભ્રમ પેદા કરાવે છે એવા અસમ્યગ્દર્શનમાં જેઓને રુચિ છે તેઓ અભિગૃહીત અસમ્યગ્દર્શનવાળા છે. આવા અસમ્યગ્દર્શન સ્વીકાર કરનારના ભેદો ૩૬૩ પાખંડીરૂપે પ્રાપ્ત થાય છે. તેઓના મતનો સ્વીકાર તે અભિગૃહીતમિથ્યાદર્શન છે. તે સર્વ પાખંડીઓમાં મોક્ષના પ્રયોજનથી ધર્મની પ્રવૃત્તિ કરનારા જેઓ હોય તેઓ અવશ્ય મોક્ષમાં જવાના, છતાં પણ સ્વ સ્વ દર્શન પ્રત્યે મૂઢતાથી અત્યંત રાગ હોય તો ધર્મની પ્રવૃત્તિ કરીને પણ સંસારના પરિભ્રમણને જ પ્રાપ્ત કરશે અને સંસારની અનેક કદર્થનાઓને પ્રાપ્ત કરશે. જ્યારે તેઓનો અતત્ત્વનો રાગ કંઈક મંદ થશે ત્યારે માર્ગને પામીને મોક્ષમાર્ગના આરાધક થશે. જેઓને મોક્ષમાર્ગ પ્રત્યે લેશ પણ રુચિ નથી અને સ્વ સ્વ દર્શન પ્રત્યેના બદ્ધ રાગવાળા છે તેઓમાં અભિગૃહીતમિથ્યાદર્શન છે અને તેઓ મોક્ષમાં જશે તેવો કોઈ નિયમ તેમના માટે નથી; કેમ કે મોક્ષને અભિમુખ લેશ પણ ભાવ તેઓમાં નથી.

(ii) અનભિગૃહીતમિથ્યાદર્શન :-

વળી અન્યદર્શનમાં પણ જેઓ મોક્ષના અર્થી થયા છે અને અતત્ત્વનો રાગ નષ્ટપ્રાયઃ છે, તેથી તે તે દર્શનમાં પણ સમપરિણામને અનુકૂળ જે જે ઉચિત પ્રવૃત્તિ છે તેના પ્રત્યે જ બદ્ધરાગવાળા છે તેઓમાં અભિગૃહીતમિથ્યાદર્શન હોવા છતાં તત્ત્વની પ્રાપ્તિને અનુકૂળ ઉચિત ચિત્તની ભૂમિકાવાળા હોવાથી મંદ-મિથ્યાદૃષ્ટિ છે. જેઓએ કોઈ દર્શનનો સ્વીકાર કર્યો નથી અને વિપર્યાસબુદ્ધિવાળા છે તેથી ભોગવિલાસ સાર જણાય છે તેઓમાં અનભિગૃહીતમિથ્યાદર્શન છે. અથવા જેઓએ કોઈ ચોક્કસ દર્શન સ્વીકાર્યું નથી અને બધાં દર્શન સારાં છે તેવી સામાન્ય બુદ્ધિને ધારણ કરે છે તેઓ પણ અનભિગૃહીતમિથ્યાદર્શનવાળા છે. તેવા જીવોમાં કેટલાકનું મિથ્યાદર્શન અતિવિપર્યાસથી યુક્ત હોય તો તેઓનું મિથ્યાદર્શન ગાઢ છે. વળી જેઓનું અનભિગૃહીતમિથ્યાદર્શન પણ નિમિત્ત પામીને નિવર્તન પામે તેવું છે તેઓમાં ગાઢ મિથ્યાદર્શન નથી, તેથી તેઓ સામગ્રી પામીને યોગમાર્ગને પણ પ્રાપ્ત કરે છે. જેમ, મેઘકુમારના જીવને હાથીના ભવમાં દુઃખી એવા સસલા પ્રત્યે અત્યંત દયા થાય છે, તે વખતે પણ મિથ્યાદર્શન વિદ્યમાન હતું; કોઈ વિપરીત દર્શનનો સ્વીકાર ન હતો, તેથી અનભિગૃહીતમિથ્યાદર્શન હતું. સામગ્રીને પામીને તે નિવર્તન પામે તેવું શિથિલ હોવાથી મેઘકુમારના ભવમાં વીર ભગવાનને પ્રાપ્ત કરીને એમનું મિથ્યાદર્શન નિવર્તન પામે છે.

(૨) અવિરતિ :-

સાતમા અધ્યાયમાં હિંસાદિ પાંચથી વિરતિ એ વ્રત છે, એમ કહ્યા બાદ તેના દેશ અને સર્વથી ભેદો બતાવ્યા; તે વિરતિથી વિપરીત અવિરતિ છે. તેથી એ પ્રાપ્ત થાય કે કોઈ યોગ્ય જીવને મિથ્યાદર્શનની નિવૃત્તિ થઈ હોય તો કર્મબંધના પાંચ હેતુમાંથી મિથ્યાદર્શનરૂપ એક બંધહેતુના અભાવની પ્રાપ્તિ થાય. તેથી એવા જીવમાં અવિરતિ આદિ ચાર કર્મબંધનાં કારણો વિદ્યમાન રહી શકે છે, જે જીવમાં મિથ્યાદર્શનની નિવૃત્તિ થઈ છે એ જીવને નિર્મળ દૃષ્ટિરૂપ સમ્યગ્દર્શન પ્રગટેલ છે. આ સમ્યગ્દર્શન કર્મબંધના શેષ ચાર હેતુઓ પ્રત્યે દ્વેષ ઉત્પન્ન કરે છે, તેથી સમ્યગ્દૃષ્ટિ આત્મા શક્તિ અનુસાર કર્મબંધના તે ચારે હેતુઓને સતત દૂર કરવા યત્ન કરે છે. આમ છતાં જ્યાં સુધી દેશથી વિરતિ કે સર્વથી વિરતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અવિરતિરૂપ કર્મબંધનો હેતુ વિદ્યમાન છે. હિંસાદિ પાપસ્થાનકોની સંપૂર્ણ વિરતિ ભાવસાધુને હોય છે અને શ્રાવકોને આંશિક વિરતિ હોય છે. ભાવસાધુ પોતાના આત્મામાં વર્તતા મોહના પરિણામને નાશ કરવા માટે સતત પ્રયત્ન કરે છે અને હિંસાદિની નિવૃત્તિ હોવાથી ષટ્કાયના પાલનમાં સતત ઉદ્યમ કરે છે.

(૩) પ્રમાદ :-

જે મહાત્મા તે પ્રકારનો યત્ન કરીને અવિરતિરૂપ બંધના હેતુને દૂર કરે છે તેવા મહાત્મામાં પ્રમાદ, કષાય અને યોગરૂપ બંધના હેતુઓ પ્રાપ્ત થઈ શકે છે; આમ છતાં સમ્યગ્દર્શન વિદ્યમાન હોવાને કારણે તે મહાત્મા પ્રમાદ, કષાય અને યોગરૂપ બંધના હેતુઓને નાશ કરવા માટે સતત ઉદ્યમ કરે છે. પ્રમાદનું સ્વરૂપ બતાવવા માટે ભાષ્યકારશ્રી કહે છે – (૧) સ્મૃતિનું અનવસ્થાન, (૨) કુશળમાં અનાદર અને (૩) યોગનું દુષ્પ્રણિધાન એ પ્રમાદ છે.

(i) સ્મૃતિઅનવસ્થાન આત્મક પ્રમાદ :-

આશય એ છે કે જેઓ તત્ત્વાતત્ત્વનો વિચાર કરતા નથી, એવા મિથ્યાદૃષ્ટિ જીવોમાં તો પ્રમાદ છે જ; કેમ કે કુશલમાં આદર નથી; પરંતુ જેઓએ મિથ્યાદર્શનનો ત્યાગ કર્યો છે, અવિરતિનો ત્યાગ કર્યો છે અને શક્તિ અનુસાર સર્વવિરતિમાં ઉદ્યમ કરી રહ્યા છે તેવા મુનિઓએ પણ સદા સ્મૃતિમાં ઉપસ્થાપન કરવું જોઈએ કે મારે સર્વ વિકલ્પોથી અસંગ પરિણતિરૂપ નિર્વિકલ્પ દશામાં જ યત્ન કરવો જોઈએ. જ્યાં સુધી તેવી શક્તિનો સંચય ન થાય ત્યાં સુધી તેવી નિર્વિકલ્પદશાની પ્રાપ્તિને અનુકૂળ એવાં કુશલ કૃત્યોમાં આદર ધારણ કરવો જોઈએ તથા અપ્રમાદભાવથી મન-વચન-કાયાના યોગોને તે રીતે પ્રવર્તતાવા જોઈએ જેથી અસંગભાવને અનુકૂળ શક્તિનો સંચય થાય. કોઈક સાધુ ભાવથી વિરતિના પરિણામવાળા હોય અને સર્વવિરતિની સર્વ ઉચિત ક્રિયાઓ કરતા હોય છતાં તે ક્રિયાઓ દ્વારા પોતાને અસંગ ભાવને અનુકૂળ શક્તિનો સંચય કરવો છે તેવી સ્મૃતિ સતત ન રહે તો પોતાની સંયમની ક્રિયા દ્વારા પણ અસંગભાવને અનુકૂળ બળનો સંચય થાય નહીં, જેથી સ્મૃતિના અનવસ્થાનરૂપ પ્રમાદદોષની પ્રાપ્તિ થાય, જે કર્મબંધનો હેતુ છે.

(ii) કુશલમાં અનાદર આત્મક પ્રમાદ :-

વળી કોઈ સાધુને સતત સ્મૃતિમાં રહે કે મારે વિરતિની ક્રિયા દ્વારા અસંગભાવમાં જવા માટે યત્ન કરવો જરૂરી છે, આમ છતાં તે પ્રકારનો અંતરંગ ઉદ્યમ કરવામાં કષ્ટસાધ્યતા જણાવાથી શક્તિ અનુસાર તે પ્રકારનાં ઉચિત કૃત્યોમાં અનાદર થાય અર્થાત્ શક્તિ અનુસાર પ્રયત્ન કરવાનો ઉત્સાહ ન થાય તે વખતે કુશલમાં અનાદર નામનો પ્રમાદ દોષ પ્રાપ્ત થાય છે. કુશલમાં આદર ઉત્પન્ન કરવાર્થે જ શાસ્ત્રમાં કહેલ છે કે સાધુએ જ્યારે જ્યારે અવકાશ મળે, ત્યારે ત્યારે પરમ ઉપેક્ષામાં જવા ઉદ્યમ કરવો જોઈએ, જેથી સાધુનું ચિત્ત સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ અને સર્વ ભાવો પ્રત્યે અપ્રતિબદ્ધ ભાવવાળું બને. કુશલ અનુષ્ઠાનના પ્રવર્તન માટે જરૂરી શક્તિ હોવા છતાં તેમાં યત્ન કરવાનો ઉત્સાહ ન થાય તે કુશલમાં અનાદરરૂપ પ્રમાદ નામનો દોષ છે.

(iii) યોગદુષ્પ્રણિધાન આત્મક પ્રમાદ :-

વળી કોઈ સાધુને સતત સ્મૃતિમાં હોય કે મારે સંયમની ક્રિયા દ્વારા અસંગભાવમાં જવા માટે યત્ન કરવો જોઈએ. તે સ્મૃતિને કારણે અસંગભાવને અનુકૂળ શક્તિનો સંચય થાય તેવાં કુશલ કૃત્યોમાં આદરપૂર્વક યત્ન કરે છે. આથી જ તે સાધુ જ્યારે જ્યારે અવકાશ મળે ત્યારે પરમ ઉપેક્ષા તરફ યત્ન થાય તે રીતે અપ્રમાદથી યત્ન કરે છે; આમ છતાં અનાદિના ભવ અભ્યાસને કારણે કોઈક નિમિત્તને પામીને મન-વચન-કાયાના યોગ દુષ્પ્રણિધાનવાળા બને ત્યારે પ્રમાદ દોષની પ્રાપ્તિ થાય છે. જેમ સાધુ યતનાપૂર્વક ઈર્યાસમિતિના પાલન અર્થે દયાળુ ચિત્ત નિષ્પન્ન થાય, અને અતિશય વૃદ્ધિ પામે તે પ્રકારના ઉપયોગપૂર્વક ગમનાદિ ક્રિયા કરતા હોય અને સહસા કોઈ નિમિત્તને પામીને ચિત્ત તે પ્રકારના દયાળુ ચિત્તમાં વૃદ્ધિને અનુકૂળ યતનાપૂર્વક ગમનની ચેષ્ટામાં સ્ખલના પામે ત્યારે મનોયોગના દુષ્પ્રણિધાનની પ્રાપ્તિ થાય છે.

વળી સંયમના પ્રયોજન અર્થે વચનગુપ્તિપૂર્વક ભાષાસમિતિની મર્યાદાનુસાર કોઈ સાધુ કોઈક પ્રકારના વચનપ્રયોગને કરતા હોય અને સહસા નિમિત્તને પામીને ભાષાસમિતિમાં સ્ખલના થાય તો ભગવાનના વચનના પ્રણિધાનથી અનિયંત્રિત વાગ્ પ્રયોગ થાય; જે વચનયોગનું દુષ્પ્રણિધાન છે.

વળી કોઈ સાધુ કાયાને અત્યંત સ્થિર રાખીને ધ્યાનાદિમાં ઉદ્યમ કરતા હોય તે વખતે સહસા કાયાને મચ્છરાદિના સ્પર્શને કારણે તેની સાથે ચિત્તનું યોજન થાય અને પોતાના લક્ષ્યને અનુરૂપ ચિત્તના ગમનમાં સ્ખલના થાય ત્યારે કાયદુષ્પ્રણિધાનની પ્રાપ્તિ થાય છે, જે કાયયોગના દુષ્પ્રણિધાનરૂપ પ્રમાદ છે.

જે જીવો સંસારની પ્રવૃત્તિમાં રહેલા છે તેઓને તો પોતાના અસંગભાવની પ્રાપ્તિરૂપ મુખ્ય પ્રયોજનની સ્મૃતિ જ નથી, તેથી સ્મૃતિ અનવસ્થાનરૂપ પ્રમાદ દોષવાળા છે; વળી અસંગભાવને અનુકૂળ કોઈ પ્રકારના કુશલમાં યત્ન કરનારા નથી, તેથી કુશલમાં અનાદરવાળા છે અને મન-વચન-કાયાના યોગો બાહ્ય પદાર્થને આશ્રયીને જ પ્રવર્તે છે, તેથી તેઓ યોગદુષ્પ્રણિધાનવાળા પણ છે.

વળી જે જીવો મિથ્યાત્વમાં છે, છતાં તત્ત્વને જાણવા અભિમુખ થયા છે અને જેઓને આત્માનું હિત શું છે ? તે જાણવાની અત્યંત ઇચ્છા વર્તે છે તેઓને સ્વભૂમિકાનુસાર સ્મૃતિના અનવસ્થાનરૂપ પ્રમાદ દોષ નથી.

વળી જે જીવો આત્માના હિતને જાણવા માટે અને જાણીને તેને સ્થિર કરવા માટે નિર્મળ બુદ્ધિથી યત્ન કરે છે એવા જીવોને કુશલમાં અનાદરરૂપ પ્રમાદદોષ નથી. આવા જીવો જ્યારે મન-વચન અને કાયાના યોગો તત્ત્વને જાણવા માટે સ્થિરતાપૂર્વક પ્રવર્તાવતા હોય અને જાણીને તે તત્ત્વથી આત્માને ભાવિત કરતા હોય ત્યારે તેઓના મન-વચન-કાયાના યોગો આત્માના હિતને અનુકૂળ પ્રવર્તતા હોવાથી યોગદુષ્પ્રણિધાનરૂપ પ્રમાદ નથી.

(૪) કષાય :-

કષાયો મોહનીયકર્મના અધિકારમાં ગ્રંથકારશ્રી કહેવાના છે. ૧૬ કષાયોમાંથી કોઈપણ કષાયનો ઉદય સંસારના ભાવોમાં પ્રવર્તતો હોય ત્યારે કર્મબંધનો હેતુ બને છે, જ્યારે કોઈ મહાત્મા તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ ઉચિત યત્ન કરતા હોય અને તત્ત્વ તરફના વલણપૂર્વક તત્ત્વથી આત્માને ભાવિત કરતા હોય ત્યારે તેમના આત્મામાં ઉદયમાનકષાય ક્ષયોપશમભાવરૂપે પ્રવર્તતો હોવાથી કર્મબંધનું કારણ બનતો નથી, પરંતુ કષાયોના ઉન્મૂલનનું જ કારણ બને છે. ફક્ત જ્યાં સુધી સર્વથા કષાયોનો ઉચ્છેદ થયો નથી ત્યાં સુધી તે તે ગુણસ્થાનકના કષાયો કૃત બંધ પણ છે, છતાં તે બંધ ક્ષયોપશમભાવના કષાયને કારણે ક્ષીણ-ક્ષીણતર થાય છે.

જેમ અનંતાનુબંધીકષાયના ઉદયવાળા જીવો જ્યારે તત્ત્વને અભિમુખ પરિણામવાળા હોય અને તત્ત્વનું સમ્યગ્ આલોચન કરતા હોય ત્યારે તેમનો અનંતાનુબંધીકષાય મિથ્યાત્વની મંદતાને કરવામાં વ્યાપાર-વાળો છે અને અનંતાનુબંધીકષાયને પણ ક્ષીણ કરવાના વ્યાપારવાળો છે. તેથી જે જે અંશથી તે ઉપયોગ દ્વારા અનંતાનુબંધીકષાય મંદ-મંદતર થાય છે તે તે અંશથી કર્મબંધ અલ્પ-અલ્પતર થાય છે.

(૫) યોગ :-

કર્મબંધનું પાંચમું કારણ મન-વચન-કાયાના યોગો છે, જેનું વર્ણન પૂર્વમાં છઠ્ઠા અધ્યાયમાં ગ્રંથકારશ્રીએ કરેલ છે. જ્યાં સુધી મન-વચન-કાયાનો વ્યાપાર છે ત્યાં સુધી યોગકૃત કર્મબંધ થાય છે. આથી જ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાયથી રહિત એવા કેવલીને પણ યોગકૃત બંધ રહે છે. સંસારી જીવો પોતાના મન-વચન-કાયાના યોગોને જિનવચનથી નિયંત્રિત કરીને પ્રવર્તાવે છે ત્યારે તેમના યોગો જ સ્થૈર્યભાવને અભિમુખ કંઈક કંઈક અંશથી જાય છે અને યોગનિરોધ કાળમાં તે યોગનો સંપૂર્ણ અભાવ થાય છે. તેથી યોગકૃત બંધનો સંપૂર્ણ અભાવ ૧૪મા ગુણસ્થાનકે અને પૂર્વનાં ગુણસ્થાનકોમાં જેટલો જેટલો યોગનો સ્થિરભાવ થાય છે તેટલો તેટલો યોગકૃત કર્મબંધ અલ્પ-અલ્પતર થાય છે. જ્યારે મન-વચન-કાયાના યોગો જિનવચનથી નિયંત્રિત પ્રવર્તતા નથી ત્યારે યોગના અત્યંત અસ્થૈર્યને કારણે યોગકૃત કર્મબંધ અધિક થાય છે.

વળી આ મિથ્યાત્વાદિ પાંચ બંધના હેતુઓમાં પૂર્વ-પૂર્વનો બંધનો હેતુ હોતે છતે ઉત્તર-ઉત્તરનો બંધનો હેતુ અવશ્ય હોય છે અને ઉત્તર ઉત્તરના ભાવમાં પૂર્વનો અનિયમ છે. જે જીવમાં મિથ્યાદર્શન વિદ્યમાન હોય તેનામાં અવિરતિ, પ્રમાદ આદિ બંધના હેતુઓ અવશ્ય હોય છે, પરંતુ તે જીવ જેવો મિથ્યાદર્શનની મંદતા કરવાનો પ્રયત્ન પ્રારંભ કરે ત્યારથી આરંભીને મિથ્યાદર્શન આદિ પાંચે બંધના હેતુઓ મંદ થવા માંડે છે; આમ છતાં મિથ્યાદર્શનનો અભાવ થાય ત્યારે અવિરતિ આદિ બંધ હેતુઓનો અભાવ પ્રાપ્ત થતો નથી, મિથ્યાદર્શનની નિવૃત્તિ પછી અવિરતિના નિવર્તન માટે વિશેષ યત્ન થાય છે ત્યારે દેશથી અવિરતિની અને સર્વથી અવિરતિની ક્રમશઃ નિવૃત્તિ થાય છે. અવિરતિના નિવર્તન માટે કરાતો યત્ન પ્રમાદને કાંઈક નિવર્તન કરે છે, તોપણ અવિરતિની નિવૃત્તિ થવા છતાં અને સર્વવિરતિની પ્રાપ્તિ થવા છતાં પ્રમાદનું નિવર્તન સર્વથા થતું નથી; પરંતુ જ્યારે નિર્વિકલ્પદશાની પ્રાપ્તિ થાય છે, ત્યારે પ્રમાદનું સર્વથા નિવર્તન થાય છે. મહાત્મા પ્રમાદના નિવર્તન માટે યત્ન કરે છે ત્યારે કષાયોનું નિવર્તન પણ કંઈક કંઈક અંશથી થાય છે તોપણ નિર્વિકલ્પદશાવાળા પ્રમાદ રહિત સાધુમાં કષાયોનો સર્વથા અભાવ નથી. તેથી અપ્રમત્ત સાધુ પણ કષાયના નિવર્તન માટે યત્ન કરીને જ્યારે સર્વથા કષાય વગરના થાય છે ત્યારે પણ યોગનો સર્વથા અભાવ નથી; પરંતુ કષાયના નિવર્તનકાળમાં બંધના હેતુ એવા યોગનો કાંઈક સ્થિરભાવ સતત વધે છે. અકષાયવાળા એવા કેવલી યોગનિરોધ કરે છે ત્યારે બંધના સર્વ હેતુઓનો અભાવ પ્રાપ્ત થાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જેઓમાં મિથ્યાદર્શન છે તેઓમાં ઉત્તરના સર્વ બંધના હેતુઓ વિદ્યમાન છે અને જેઓમાં ઉત્તરના બંધના હેતુ વિદ્યમાન છે, તેઓમાં પૂર્વના બંધહેતુ હોઈ પણ શકે. જેઓએ બંધના હેતુના નિવારણ માટે યત્ન કરીને પૂર્વના બંધના હેતુનું નિવારણ કર્યું છે અને ઉત્તરનો બંધનો હેતુ નિવર્તન પામ્યો નથી એવા જીવોમાં ઉત્તરના બંધના હેતુની પ્રાપ્તિમાં પૂર્વના બંધના હેતુનો અભાવ છે. જેઓએ કોઈ બંધના હેતુનું નિવારણ કર્યું નથી તેવા ઉત્તરના બંધના હેતુવાળા જીવમાં પૂર્વના બંધના હેતુ પણ વિદ્યમાન છે. **॥૮/૧॥**

અવતરણિકા :-

બંધને કહેવાની પ્રતિજ્ઞા કર્યા પછી બંધની પ્રસિદ્ધિ માટે અર્થાત્ બંધ શેનાથી થાય છે ? તે બતાવવા દ્વારા બંધની પ્રસિદ્ધિ અર્થે, બંધના હેતુઓ પ્રથમ સૂત્રમાં બતાવ્યા. પાંચે બંધહેતુઓમાંથી સંસારી જીવ મુખ્યરૂપે કષાયથી જ કર્મ બાંધે છે. વળી, મિથ્યાદર્શન આદિ પરમાર્થથી કષાયમાં જ અંતર્ભાવ પામી જાય છે. કેવલીને જે યોગકૃત બંધ છે તે બંધની પરંપરા ચલાવે તેવો નથી તેથી અગણ્ય છે. માટે કષાયને જ બંધના કારણરૂપે સ્વીકારીને કર્મબંધ કઈ રીતે થાય છે ? તે સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

સૂત્ર :-

सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्ते ।।८/२।।

સૂત્રાર્થ :-

સકષાયપણું હોવાથી જીવ કર્મયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે. ।।૮/૨।।

ભાષ્ય :-

सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्ते, कर्मयोग्यानिति अष्टविधे पुद्गलग्रहणे कर्मशरीरग्रहणयोग्यानित्यर्थः । नामप्रत्ययाः सर्वतो योगविशेषादिति वक्ष्यते (अ० ८, सू० २५) ।।८/२।।

ભાષ્યાર્થ :-

सकषायत्वाज्जीवः ..... वक्ष्यते ।। સકષાયપણું હોવાથી જીવ કર્મયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે. કર્મયોગ્ય એટલે આઠ પ્રકારના પુદ્ગલગ્રહણમાં=ઔદારિક આદિ આઠ પ્રકારની વર્ગણા જીવથી ગ્રહણ થાય છે તે ગ્રહણયોગ્ય પુદ્ગલમાં, કર્મશરીર ગ્રહણયોગ્ય પુદ્ગલો=કાર્મણવર્ગણાના પુદ્ગલો, ગ્રહણ કરે છે, એમ અન્વય છે. તે કાર્મણવર્ગણાના પુદ્ગલો કઈ રીતે ગ્રહણ કરે છે ? ઇત્યાદિ વિશેષ સ્વરૂપ વિષયક ૮ પ્રશ્નો છે, તેને સામે રાખીને આગળમાં નામપ્રત્યય સર્વથી યોગવિશેષને કારણે ગ્રહણ કરે છે, એ સૂત્ર-૨૫માં ગ્રંથકારશ્રી સ્વયં બતાવશે. કાર્મણશરીરનામકર્મ છે પ્રત્યય જેને=હેતુ છે જેને, એવા નામપ્રત્યયવાળા સર્વ આત્મપ્રદેશથી યોગવિશેષને કારણે ગ્રહણ કરે છે એ પ્રમાણે સૂત્ર-૨૫માં કહેવાશે. ।।૮/૨।।

ભાવાર્થ :-

જીવનો સ્વભાવ કષાયના અભાવ સ્વરૂપ છે. સર્વથા કષાય વગરનો જીવ કર્મયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરતો નથી; પરંતુ સંસારી અવસ્થામાં જીવ કષાયવાળો છે અને તેના કારણે જ કર્મયોગ્ય પુદ્ગલોને ગ્રહણ

કરે છે. જીવથી ગ્રહણ થાય તેવી વર્ગણાઓ ઔદારિકવર્ગણા આદિ આઠ છે. તેમાંથી કાર્મણવર્ગણારૂપ એક વર્ગણા છે, જે કાર્મણશરીર ગ્રહણયોગ્ય પુદ્ગલો છે. કાર્મણશરીરના પુદ્ગલો જીવ કેવી રીતે ગ્રહણ કરે છે ? તેની વિસ્તારથી ચર્ચા સૂત્ર-૨૫માં ગ્રંથકારશ્રી કહેશે. તેનો અર્થ આ પ્રમાણે છે –

જ્ઞાનાવરણીય આદિ ૮ કર્મોનાં નામ છે, તે નામપ્રત્યયવાળા પુદ્ગલો જીવ સર્વથી=જે આકાશપ્રદેશમાં પોતે રહેલો છે તે આકાશપ્રદેશમાં રહેલા પોતાના સર્વ આત્મપ્રદેશોથી, યોગવિશેષને કારણે ગ્રહણ કરે છે=પોતાના મન-વચન-કાયાના વ્યાપારને આશ્રયીને ગ્રહણ કરે છે. તેથી જેટલો મન-વચન-કાયાને અવલંબીને જીવનો અધિક વ્યાપાર તેટલી અધિક કાર્મણવર્ગણાને ગ્રહણ કરે છે અને જેટલો મન-વચન-કાયાને અવલંબીને જીવનો મંદ વ્યાપાર તેમ કાર્મણવર્ગણાના અલ્પ પુદ્ગલોને ગ્રહણ કરે છે તથા ગ્રહણ કરાયેલા તે પુદ્ગલોને જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મરૂપે પરિણમન પમાડે છે. તે પરિણમન પ્રત્યે જીવનો કષાયનો પરિણામ કારણ છે. જેમ જેમ કષાયનો પરિણામ અધિક, તેમ તેમ બંધાયેલા કર્મમાં સંશ્લેષનો પરિણામ અધિક; જેમ જેમ યોગ અધિક તેમ તેમ પ્રાપ્ત થતો કર્મપુદ્ગલનો જથ્થો અધિક.

અહીં વિશેષ એ છે કે જીવમાં કષાયનો પરિણામ અને અકષાયનો પરિણામ એમ બે પરિણામો છે. કષાયનો પરિણામ જ્યારે અત્યંત ઉત્કૃષ્ટ વર્તે છે ત્યારે તે કષાયને અનંતાનુબંધીકષાય કહેવામાં આવે છે. આ કષાયને કારણે જ જીવને વિપર્યાસની બુદ્ધિ થાય છે. તેથી મિથ્યાદર્શન અનંતાનુબંધીકષાય ઉપર જીવનાર બંધહેતુ છે. અવિરતિ અપ્રત્યાખ્યાનીયકષાયના અને પ્રત્યાખ્યાનીયકષાયના ઉદયથી થનારો જીવનો પરિણામ છે, તેથી તે પણ કષાયમાં જ અંતર્ભાવ પામે છે. વળી અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય કષાયનો ક્ષયોપશમભાવ વર્તતો હોય ત્યારે અવિરતિ નહીં હોવા છતાં વિદ્યમાન એવા સંજ્વલનકષાયને કારણે જ પ્રમાદ નામના બંધહેતુની પ્રાપ્તિ છે. પ્રમાદ ગયા પછી પણ સૂક્ષ્મ એવા સંજ્વલનકષાયો હોય છે. તેથી મિથ્યાદર્શનાદિ ચાર બંધના હેતુઓ કષાયમાં જ અંતર્ભાવ પામે છે.

કર્મના આગમન પ્રત્યે જીવનો વ્યાપાર કારણ છે, તેથી મન-વચન અને કાયાના યોગો કર્મબંધ પ્રત્યે કારણ છે. આથી જ ભાષ્યકારશ્રીએ કહ્યું કે જ્ઞાનાવરણીય આદિ નામપ્રત્યયવાળા કર્મયોગ્ય પુદ્ગલો સર્વથી યોગવિશેષને કારણે જીવ ગ્રહણ કરે છે. **॥૮/૨॥**

સૂત્ર :-

स बन्धः ।।८/३।।

સૂત્રાર્થ :-

તે બંધ છે=કષાયવાળો જીવ જે કર્મયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે તે બંધ છે. ॥૮/૩॥

ભાષ્ય :-

स एष कर्मशरीरपुद्गलग्रहणकृतो बन्धो भवति ।।८/३।।

ભાષ્યાર્થ :-

स ..... भवति ।। તે આ=જીવ દ્વારા જે કર્મયોગ્ય પુદ્ગલો ગ્રહણ થયા તે આ, કર્મશરીરના પુદ્ગલોના ગ્રહણ કૃત બંધ થાય છે. ॥૮/૩॥

ભાવાર્થ :-

પૂર્વસૂત્રમાં કહ્યું કે કષાયવાળો જીવ આઠ વર્ગણામાંથી કાર્મણવર્ગણારૂપ કર્મપુદ્ગલોને ગ્રહણ કરે છે. ગ્રહણ કરાયેલા તે પુદ્ગલો કષાયના પરિણામના કારણે જીવ સાથે એકમેક ભાવરૂપે સંશ્લેષવાળા બને છે. જીવ સાથે એકમેકભાવરૂપે સંશ્લેષ પરિણામને પામેલા તે કર્મપુદ્ગલો જીવ સાથે બદ્ધ કહેવાય છે અને તે બંધાયેલા પુદ્ગલોનો જીવ સાથે બંધ છે તેમ કહેવાય છે.

તેથી એ પ્રાપ્ત થાય કે બંધ પૂર્વે તે પુદ્ગલો કાર્મણવર્ગણારૂપે હતા. જીવ સાથે કથંચિત્ એકત્વભાવરૂપ બંધપરિણામને પામેલા ન હતા. જીવના વ્યાપારને કારણે આત્મપ્રદેશો સાથે કષાયના પરિણામને અનુરૂપ જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મરૂપે પરિણામ પામીને તે કાર્મણવર્ગણાના પુદ્ગલો કથંચિત્ જીવપ્રદેશ સાથે એકત્વભાવને પામેલા બને છે તે બંધ છે. **॥૮/૩॥**

ભાષ્ય :-

स पुनश्चतुर्विधः –

ભાષ્યાર્થ :-

વળી તે બંધ ચાર પ્રકારનો છે=કષાયના કારણે જીવ સાથે બંધાયેલાં તે કર્મો ચાર પ્રકારની અવસ્થાવાળાં છે તેથી બંધ ચાર પ્રકારનો છે.

સૂત્ર :-

प्रकृतिस्थित्यनुभावप्रदेशास्तद्विधयः ।।८/४।।

સૂત્રાર્થ :-

પ્રકૃતિ, સ્થિતિ, અનુભાવ, પ્રદેશ તેના પ્રકારો છે=બંધના ભેદો છે. ॥૮/૪॥

ભાષ્ય :-

प्रकृतिबन्धः, स्थितिबन्धः, अनुभावबन्धः, प्रदेशबन्ध इति ।।८/४।।

ભાષ્યાર્થ :-

प्रकृतिबन्धः ..... इति ।। પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાવબંધ અને પ્રદેશબંધ.

'इति' શબ્દ બંધના ભેદની સમાપ્તિ માટે છે. ॥૮/૪॥

ભાવાર્થ :-

જીવ પોતાના કષાયના પરિણામરૂપ અધ્યવસાયથી કર્મના પુદ્ગલોને આત્મપ્રદેશો સાથે કથંચિત્ એકત્વભાવને કરે છે, તે બંધાયેલા પુદ્ગલોના ચાર પ્રકાર છે – (૧) પ્રકૃતિબંધ, (૨) સ્થિતિબંધ, (૩) અનુભાવબંધ અને (૪) પ્રદેશબંધ.

પ્રકૃતિબંધ :- જ્ઞાનાવરણીયાદિ પ્રકૃતિરૂપે બંધ અર્થાત્ જ્ઞાનને આવરે તે પ્રકારની બંધાયેલા કર્મની જે પ્રકૃતિ તે જ્ઞાનાવરણીય ઇત્યાદિરૂપ પ્રકૃતિબંધ.

સ્થિતિબંધ :- વળી બંધાયેલું તે કર્મ જેટલા કાળ સુધી આત્મા સાથે અવસ્થિત રહેવાની શક્તિવાળું હોય તે રૂપ સ્થિતિબંધ.

અનુભાવબંધ :- તે કર્મબંધનો જે અનુભાવ=વિપાક=ફલ, તેને અનુરૂપ જે બંધ તે અનુભાવબંધ છે= રસબંધ છે.

પ્રદેશબંધ :- બંધાયેલા કર્મદલિકોનો જથ્થો તે પ્રદેશબંધ છે.

બંધાયેલાં કર્મો કોઈક પ્રકૃતિરૂપે હોય છે અર્થાત્ જે કાર્ય કરવાના સ્વભાવવાળાં હોય તે પ્રકૃતિબંધ છે. બંધાયેલાં એવાં તે કર્મો આત્મા સાથે જે કાળની મર્યાદાથી રહેવાના સ્વભાવવાળાં હોય છે તે સ્થિતિબંધ છે. બંધાયેલાં એવાં તે કર્મોમાં ફળ આપવાની શક્તિની જે તરતમતા હોય છે, તે અનુભાવબંધ છે. આથી જ સમાન પણ જથ્થાવાળા જ્ઞાનાવરણીયકર્મના પુદ્ગલોમાં જેનો અનુભાવ તીવ્ર હોય તેના ઉદયથી જીવમાં વધુ જડતા આવે છે અને બંધાયેલા જે જ્ઞાનાવરણીયકર્મનો અનુભાવ અલ્પ હોય તેના ઉદયથી જીવમાં અલ્પ જડતા આવે છે. બંધાયેલાં તે કર્મો એક બે પ્રદેશાત્મક નથી, પરંતુ ઘણી કાર્મણવર્ગણાના જથ્થા સ્વરૂપ છે; આ જથ્થાની મર્યાદાને બતાવનાર પ્રદેશબંધ છે. **॥૮/૪॥**

ભાષ્ય :-

तत्र –

ભાષ્યાર્થ :-

ત્યાં=ચાર પ્રકારના બંધમાં –

સૂત્ર :-

आद्यो ज्ञानदर्शनावरणवेदनीयमोहनीयायुष्कनामगोत्रान्तरायाः ।।८/५।।

સૂત્રાર્થ :-

આદ્ય=પ્રકૃતિબંધ, જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય છે. ।।૮/૫।।

ભાષ્ય :-

आद्य इति सूत्रक्रमप्रामाण्यात् प्रकृतिबन्धमाह । सोऽष्टविधः, तद्यथा – ज्ञानावरणं, दर्शनावरणं, वेदनीयं, मोहनीयं, आयुष्कं, नाम, गोत्रम्, अन्तरायमिति ।।८/५।।

ભાષ્યાર્થ :-

आद्य ..... अन्तरायमिति ।। આદ્ય, એ સૂત્રક્રમના પ્રામાણ્યથી સૂત્ર-૪ના ક્રમના પ્રામાણ્યથી પ્રકૃતિબંધને કહે છે=આદ્ય શબ્દ પ્રકૃતિબંધને બતાવે છે. તે=પ્રકૃતિબંધ, ૮ પ્રકારનો છે. તે આ પ્રમાણે – જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુષ્ક, નામ, ગોત્ર અને અંતરાય.

'इति' શબ્દ આઠ કર્મના ભેદની સમાપ્તિ માટે છે. ।।૮/૫।।

ભાવાર્થ :-

દરેક કર્મો જીવને વેદન થાય છે, તેથી વેદનીય છે છતાં શાતા-અશાતારૂપે જેનું વેદન થાય તેનાથી અન્યરૂપે જેનું વેદન થાય છે, તેને અન્ય નામથી બતાવેલ છે. જેથી તે કર્મના નામથી તે કર્મનું કાર્ય શું છે ? તેનો બોધ થાય.

(૧) જ્ઞાનાવરણીયકર્મ :-

જ્ઞાનને આવરણ કરનાર કર્મ તે જ્ઞાનાવરણ છે. તે કર્મ જ્યારે વિપાકમાં આવે છે ત્યારે તેની શક્તિ અનુસાર જીવના જ્ઞાનનું આવરણ કરવામાં તે કર્મ નિમિત્તકારણ બને છે. જીવ સ્વપરાક્રમ કરે તો તે જ્ઞાનના આવરણ કરનાર કર્મની શક્તિનું વિષ્કંભણ કરીને પોતાના પ્રયત્નને અનુરૂપ ક્ષયોપશમભાવને પ્રાપ્ત કરે છે.

(૨) દર્શનાવરણીયકર્મ :-

પ્રાથમિક ભૂમિકાના બોધને આવરણ કરનાર કર્મ દર્શનાવરણીયકર્મ છે.

(૩) વેદનીયકર્મ :-

જીવને શરીરજન્ય શાતા કે અશાતારૂપે વેદન કરનાર કર્મ વેદનીયકર્મ છે.

(૪) મોહનીયકર્મ :-

વળી જીવને મોહ ઉત્પન્ન કરનાર કર્મ મોહનીય કર્મ છે. તેમાંથી દર્શનમોહનીયકર્મ પદાર્થના દર્શનમાં મોહ ઉત્પન્ન કરે છે, તેથી પદાર્થનો વિપરીત બોધ થાય છે. જ્યારે ચારિત્રમોહનીયકર્મ જીવને પોતાના સ્વભાવમાં ચરણની ક્રિયામાં વિપરીતતા પેદા કરાવે છે અર્થાત્ ચારિત્રમોહનીય કર્મ આચરણામાં મોહ પેદા કરાવે છે. આથી જ અનંતાનુબંધી આદિ ૧૬ કષાયો આત્માને પોતાના સમભાવથી વિપરીત અસમભાવમાં જ પ્રવર્તાવીને આત્માની આચરણાની વિકૃતિ કરે છે. માટે મોહને કરાવનાર મોહનીય કર્મ છે.

(૫) આયુષ્યકર્મ :-

પ્રાપ્ત થયેલા દેહ સાથે નિયતકાળ સુધી સંબંધ ધારણ કરવામાં કારણભૂત કર્મ આયુષ્યકર્મ છે.

(૬) નામકર્મ :-

ચિત્રકારની જેમ જીવના તે તે શરીરના અવયવોની રચના આદિનું કામ નામકર્મ કરે છે.

(૭) ગોત્રકર્મ :-

વળી જીવને ઉચ્ચકુલ-નીચકુલ આદિની પ્રાપ્તિનું કારણ બને તેવું કર્મ ગોત્રકર્મ છે. આઠ પ્રકારના મદથી આઠ પ્રકારની હીનતાની પ્રાપ્તિવાળું કર્મ નીચગોત્રકર્મ છે. આઠ પ્રકારના મદસ્થાનોના ત્યાગથી આઠ પ્રકારની ઉચ્ચતાની પ્રાપ્તિ કરાવનાર કર્મ ઉચ્ચગોત્રકર્મ છે. અત્યંત ઉચ્ચગોત્રના ઉદયવાળા જીવો સુખપૂર્વક યોગમાર્ગ સેવીને સંસારનો અંત કરવા સમર્થ બને છે. આથી જ ઋષભદેવ પ્રભુની વંશપરંપરામાં ભરત મહારાજાની પાટે રાજા તરીકે જે જે મહાત્માઓ થયા તે તે મહાત્માઓ સુખપૂર્વક સંસારનો અંત કરી શકે તેવા ઉત્તમ પુરુષ થતા હતા.

(૮) અંતરાયકર્મ :-

વળી પાંચ પ્રકારનાં અંતરાય કર્મો છે. તેથી તે તે અંતરાયકર્મ જીવને તે તે પ્રવૃત્તિમાં અંતરાય કરે છે. **॥૮/૫॥**

ભાષ્ય :-

किञ्चान्यत् —

ભાષ્યાર્થ :-

વળી બીજું શું છે ?=તે પ્રકૃતિબંધ આઠ ભેદવાળો છે એનાથી અન્ય પ્રકૃતિબંધમાં શું વિશેષ છે ? તે બતાવે છે —

સૂત્ર :-

पञ्चनवद्व्यष्टाविंशतिचतुर्द्विचत्वारिंशद्द्विपञ्चभेदा यथाक्रमम् ।।८/६।।

સૂત્રાર્થ :-

પાંચ, નવ, બે, અઠ્ઠાવીસ, ચાર, બેતાલીસ, બે અને પાંચ ભેદો યથાક્રમ છે=આઠ મૂળપ્રકૃતિના યથાક્રમ ઉત્તર ભેદો છે. ॥૮/૬॥

ભાષ્ય :-

स एष प्रकृतिबन्धोऽष्टविधोऽपि पुनरेकशः पञ्चभेदः नवभेदः द्विभेदः अष्टाविंशतिभेदः चतुर्भेदः द्विचत्वारिंशद्भेदः द्विभेदः पञ्चभेद इति यथाक्रमं प्रत्येतव्यम् । इत उत्तरं यद् वक्ष्यामः ।।८/६।।

ભાષ્યાર્થ :-

स ..... वक्ष्यामः ।। તે આ આઠ પ્રકારનો પણ પ્રકૃતિબંધ ફરી એક એક પાંચ ભેદ, નવ ભેદ, બે ભેદ, અઠ્ઠાવીસ ભેદ, ચાર ભેદ, બેતાલીસ ભેદ, બે ભેદ અને પાંચ ભેદ એ પ્રમાણે યથાક્રમ જાણવો, આના પછી ઉત્તરમાં જેને અમે કહીશું. ।।૮/૬।।

ભાવાર્થ :-

આઠ કર્મોની ઉત્તરપ્રકૃતિઓની સંખ્યા :-

કર્મની મૂળ પ્રકૃતિઓ આઠ છે, તે આઠમાંથી દરેકની અવાંતર પ્રકૃતિઓ અસંખ્યાત છે, તોપણ સંક્ષેપથી તેના વિભાગો પ્રસ્તુત સૂત્રમાં આપેલ છે.

દા. ત. જ્ઞાનના પાંચ ભેદો કહેવામાં આવ્યા છે. વસ્તુતઃ સૂક્ષ્મદૃષ્ટિથી વિચારીએ તો મતિજ્ઞાન, અવધિ અને કેવલજ્ઞાન એ ત્રણ જ જ્ઞાનો છે, તેના અવાંતર ભેદો અનેક છે; તોપણ વ્યવહારમાં ઉપયોગી હોવાથી શાસ્ત્રમાં મતિજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાનને પૃથગ્ ગ્રહણ કરેલ છે અને અવધિજ્ઞાન કરતાં મનઃપર્યવજ્ઞાનને અલગ ગ્રહણ કરેલ છે.

વળી પદાર્થનો બોધ દ્રવ્ય અને પર્યાય બે રૂપે થાય છે; તેમાંથી દ્રવ્યનો બોધ સામાન્યાત્મક હોય છે જેને આવરનારું કર્મ દર્શનાવરણ છે; જ્યારે પર્યાયનો બોધ વિશેષાત્મક છે, જેને આવરનારું કર્મ જ્ઞાનાવરણ છે. જ્ઞાનાવરણીય કર્મના સ્થૂલથી પાંચ ભેદો છે અને દર્શનાવરણીયકર્મના સ્થૂલથી નવ ભેદો છે.

વેદનીયકર્મ પણ અનેક પ્રકારનું છે. આથી જ જીવને અનેક પ્રકારનાં વેદનો=અનુભવો, સ્વસંવેદિત છે તોપણ સ્થૂલથી તેના બે ભેદો છે.

જીવમાં મોહના વિકારો જેટલા પ્રકારે થાય છે તે સર્વ વિકારોને અનુરૂપ મોહનીયની પ્રકૃતિઓ સંખ્યાતીત છે, તોપણ સ્થૂલથી મોહનીયનો બોધ કરાવવા અર્થે તે સર્વનો વિભાગ ૨૮ પ્રકૃતિમાં કરેલ છે.

આયુષ્યકર્મના ચાર ભેદો છે.

નામકર્મ અનેક ભેદવાળું છે, તોપણ સ્થૂલથી ભાષ્યકારશ્રીએ ૪૨ ભેદોને ગ્રહણ કરેલ છે. આથી જ ૧૪ પિંડ પ્રકૃતિઓના અવાંતર ભેદોને ગ્રહણ કર્યા વગર ૪૨ ભેદો કહેલ છે. વસ્તુતઃ ચાર ગતિમાંથી દરેક ગતિના પણ અવાંતર ભેદો અનેક પડે છે. દરેકની શરીરરચનાનો જે કાંઈ ભેદ છે તે તેના ગતિનામકર્મના ભેદકૃત જ છે. ફક્ત મનુષ્યરૂપે સમાનતાને આશ્રયીને મનુષ્ય આદિ ૪ ગતિઓના ભેદોને સ્થૂલથી ગ્રહણ કરવામાં આવે છે.

ગોત્રકર્મના પણ અવાંતર ભેદો અનેક હોવા છતાં સ્થૂલથી તેના બે ભેદો ગ્રહણ કરાય છે.

વળી અંતરાયકર્મના પણ અવાંતર ભેદો અનેક હોવા છતાં સ્થૂલથી તેના પાંચ ભેદો ગ્રહણ કરાય છે. આ સર્વના ઉત્તર ભેદોને જ ગ્રંથકારશ્રી આગળમાં કહે છે. **॥૮/૬॥**

ભાષ્ય :-

तद्यथा –

ભાષ્યાર્થ :-

તે આ પ્રમાણે=આઠ કર્મોના ઉત્તરભેદો સંખ્યાથી પૂર્વમાં જે બતાવ્યા તે આ પ્રમાણે છે –

સૂત્ર :-

मत्यादीनाम् ।।८/७।।

સૂત્રાર્થ :-

મત્યાદિ પાંચ જ્ઞાનોનાં આવરણોને આશ્રયીને જ્ઞાનાવરણીયકર્મ પાંચ પ્રકારનું છે. ।।८/७।।

ભાષ્ય :-

मत्यादीनां ज्ञानानामावरणं पञ्चविधम्—मतिज्ञानावरणं, श्रुतज्ञानावरणं, अवधिज्ञानावरणं, मनःपर्यवज्ञानावरणं, केवलज्ञानावरणं । मत्यादीनां ज्ञानानामावरणानि पञ्च भवन्ति ।।८/७।।

ભાષ્યાર્થ :-

ज्ञानावरणं ..... इति ।। જ્ઞાનાવરણ પાંચ પ્રકારનું છે.

કેમ જ્ઞાનાવરણ પાંચ પ્રકારનું છે ? તેથી કહે છે –

મતિ આદિ જ્ઞાનોનું આવરણ પાંચ પ્રકારનું છે=મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ, કેવલજ્ઞાનાવરણરૂપે મતિ આદિના જ્ઞાનોનું આવરણ પાંચ પ્રકારનું છે. ।।८/७।।

ભાવાર્થ :-

જ્ઞાનાવરણીયકર્મની ઉત્તરકર્મપ્રકૃતિઓ :-

આત્માનો જ્ઞાનગુણ છે, તે જ્ઞાનગુણને આવરનારાં કર્મોના અનેક ભેદ હોવા છતાં સ્થૂલ સંગ્રહથી તેના આવરણનો પાંચમાં સંગ્રહ કરેલ છે. ભાષ્યકારશ્રી કહે છે કે જ્ઞાનનું આવરણ પાંચ પ્રકારનું છે.

કેમ પાંચ પ્રકારનું છે ? તેમાં યુક્તિ બતાવે છે –

સંસારી જીવોમાં મતિ આદિ પાંચ જ્ઞાનોની પ્રાપ્તિ છે, તેનાં આવરણો પાંચ છે; માટે જ્ઞાનાવરણીય પાંચ પ્રકારનું છે.

વળી તે મતિ આદિ પાંચે જ્ઞાનોના આવરણના એક એકને આશ્રયીને વિકલ્પો છે. તેથી મતિજ્ઞાનના

અવાંતરભેદો અનેક પડે છે. તે રીતે સર્વ જ્ઞાનોમાં યથાસંભવ અવાંતરભેદો છે. ફક્ત કેવલજ્ઞાનનો કોઈ અવાંતરભેદ નથી; કેમ કે કેવળજ્ઞાન પૂર્ણજ્ઞાન સ્વરૂપ છે. **॥૮/૭॥**

અવતરણિકા :-

સૂત્ર-૫માં આઠ કર્મો બતાવ્યાં, તેમાંથી જ્ઞાનાવરણના પાંચ ભેદોનું સ્વરૂપ બતાવ્યું. હવે દર્શનાવરણના નવ ભેદો બતાવે છે –

સૂત્ર :-

चक्षुरचक्षुरवधिकेवलानां निद्रानिद्रानिद्राप्रचलाप्रचलाप्रचलास्त्यानगृद्धि-वेदनीयानि च ।।૮/૮।।

સૂત્રાર્થ :-

ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવલનું આવરણ અને નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, સ્ત્યાનગૃદ્ધિથી વેદનીય એવાં કર્મો દર્શનાવરણ છે. ॥૮/૮॥

ભાષ્ય :-

चक्षुर्दर्शनावरणं, अचक्षुर्दर्शनावरणं, अवधिदर्शनावरणं, केवलदर्शनावरणं, निद्रावेदनीयं निद्रानिद्रा-वेदनीयं, प्रचलावेदनीयं, प्रचलाप्रचलावेदनीयं, स्त्यानर्द्धिवेदनीयमिति दर्शनावरणं नवभेदं भवति ।।૮/૮।।

ભાષ્યાર્થ :-

चक्षुर्दर्शनावरणं ..... भवति ।। ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવલદર્શના-વરણ, નિદ્રાવેદનીય, નિદ્રાનિદ્રાવેદનીય, પ્રચલાવેદનીય, પ્રચલાપ્રચલાવેદનીય, સ્ત્યાનર્દ્ધિવેદનીય એ પ્રકારે દર્શનાવરણના નવ ભેદો છે. ॥૮/૮॥

ભાવાર્થ :-

દર્શનાવરણીયકર્મની ઉત્તરકર્મપ્રકૃતિઓ :-

જીવને પાંચ ઇન્દ્રિયો અને મનથી મતિજ્ઞાન થાય છે. તે મતિજ્ઞાનના વિષયભૂત પદાર્થ દ્રવ્યસ્વરૂપ અને પર્યાયસ્વરૂપ છે. ઇન્દ્રિયનો વિષય સાથે સંબંધ થાય ત્યારે દ્રવ્યનો સામાન્યથી બોધ થાય છે, જે દર્શન સ્વરૂપ છે; ત્યારબાદ તે દ્રવ્યમાં રહેલા પર્યાયોનો બોધ થાય છે જે જ્ઞાન સ્વરૂપ છે. દર્શનના બોધને આવરણ કરનાર દર્શનાવરણકર્મ છે.

છદ્મસ્થ જીવ ચક્ષુઇન્દ્રિયથી કોઈક પદાર્થને જોઈને જે મતિજ્ઞાન પ્રાપ્ત કરે છે તેના પૂર્વે ચક્ષુથી પદાર્થનો સામાન્ય બોધ કરે છે તે ચક્ષુદર્શન છે. તે ચક્ષુદર્શનને આવરણ કરનારું કર્મ ચક્ષુદર્શનાવરણ છે.

ચક્ષુ સિવાયની અન્ય ઇન્દ્રિયોથી જીવ જે પદાર્થનો સામાન્ય બોધ કરે છે તે અચક્ષુદર્શન છે. આ અચક્ષુદર્શનને આવરણ કરનારું કર્મ અચક્ષુદર્શનાવરણ છે.

વળી જેઓને અવધિજ્ઞાન પ્રગટે છે, તેઓ અવધિજ્ઞાનના વિષયભૂત જ્ઞેયને જાણવા માટે ઉપયોગવાળા થાય છે ત્યારે તે જ્ઞેયનો પ્રથમ સામાન્યથી બોધ થાય છે તે અવધિદર્શન છે, ત્યારપછી વિશેષ બોધ થાય છે તે અવધિજ્ઞાન છે. અવધિજ્ઞાનના વિષયભૂત જ્ઞેયના સામાન્ય બોધને આવારક જે કર્મ તે અવધિદર્શનાવરણ છે.

કેવલજ્ઞાન સર્વ જ્ઞેય પદાર્થોને એક કાળમાં જાણે છે તેમાં તેના વિષયભૂત દ્રવ્ય અને પર્યાય ઉભયને જાણે છે. તે દ્રવ્ય-પર્યાયમાંથી દ્રવ્યનો જે બોધ છે તે સામાન્યરૂપ છે તે કેવલદર્શન છે અને પર્યાયોનો જે બોધ છે તે કેવલજ્ઞાન છે. કેવલદર્શનને આવરનારું કર્મ તે કેવલદર્શનાવરણ છે.

મતિજ્ઞાનના સામાન્ય બોધને આવરનાર ચક્ષુદર્શનાવરણ અને અચક્ષુદર્શનાવરણ છે, જેના ક્ષયોપશમથી જીવને ચક્ષુદર્શન અને અચક્ષુદર્શનની પ્રાપ્તિ છે.

પ્રાપ્ત થયેલા ચક્ષુદર્શનનો અને અચક્ષુદર્શનનો નાશ કરવામાં કારણ નિદ્રા આદિ પાંચ દર્શનાવરણકર્મ છે. તેથી નિદ્રાથી વેદનીય એવું દર્શનાવરણ કર્મ પ્રગટ થયેલા ચક્ષુદર્શન, અચક્ષુદર્શનનો નાશ કરે છે. ચક્ષુવાળા જીવોને જાગૃત અવસ્થામાં ચક્ષુદર્શન અને અચક્ષુદર્શનનો ક્ષયોપશમભાવ વર્તે છે; નિદ્રા-દર્શનાવરણીયકર્મનો ઉદય થતાં પ્રાપ્ત થયેલ નિદ્રાના કારણે તે ક્ષયોપશમભાવ હણાય છે, તેથી ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન અવરોધ પામે છે. વળી એકેન્દ્રિય જીવોને બોધ કરવાના સાધનભૂત ચક્ષુ નથી, તેથી ચક્ષુદર્શનનું આવરણ વિદ્યમાન છે. ચક્ષુદર્શનના આવરણનો ક્ષયોપશમભાવ નથી, તેથી ચક્ષુદર્શન ક્ષયોપશમભાવરૂપે નથી તોપણ અચક્ષુદર્શનનું આવરણ કંઈક ક્ષયોપશમભાવરૂપે વર્તે છે; છતાં એકેન્દ્રિય જીવોનું પણ અચક્ષુદર્શન નિદ્રાના ઉદયથી હણાય છે.

તે નિદ્રાનો ઉદય પાંચ પ્રકારે છે. તેમાંથી નિદ્રારૂપે જે વેદનીય તે નિદ્રાવેદનીયકર્મ છે અર્થાત્ સામાન્ય જે નિદ્રા તે સ્વરૂપે જે વેદનીયકર્મ તે નિદ્રાવેદનીય છે.

નિદ્રાનિદ્રાથી વેદનીય જે કર્મ તે નિદ્રાનિદ્રાવેદનીય છે અર્થાત્ નિદ્રાથી અતિશાયી એવી જે નિદ્રા તે નિદ્રાનિદ્રા છે. આવી ગાઢ નિદ્રાસ્વરૂપે વેદનીય એવું કર્મ તે નિદ્રાનિદ્રાવેદનીયકર્મ છે, જે દર્શનનું આવરણ કરે છે. તેથી એ પ્રાપ્ત થાય કે નિદ્રામાં અલ્પ નિદ્રા હોય છે તે સ્વરૂપે તે કર્મ વેદાય છે અને નિદ્રાનિદ્રામાં ગાઢ નિદ્રા હોય છે. તે સ્વરૂપે નિદ્રાનિદ્રાવેદનીયકર્મ વેદન થાય છે.

પ્રચલાવેદનીયકર્મ બેઠાં બેઠાં નિદ્રાસ્વરૂપે વેદન થાય છે, જે નિદ્રા કરતાં કાંઈક વિલક્ષણ છે અને નિદ્રા કરતાં કાંઈક અધિક છે; કેમ કે સૂવાની ક્રિયાથી નિદ્રાની પ્રાપ્તિ સુખપૂર્વક થાય છે, જ્યારે બેસવાની ક્રિયા નિદ્રામાં બાધક છે, છતાં તે પ્રકારના વિશિષ્ટકર્મના ઉદયથી બેઠાં બેઠાં પણ જેઓને અતિશય નિદ્રા છે તે પ્રચલારૂપે વેદનીયકર્મ છે=પ્રચલન અવસ્થાસ્વરૂપે દર્શનનું આવરણ થાય તે સ્વરૂપે વેદનીયકર્મ છે.

ચાલતાં ચાલતાં નિદ્રારૂપે વેદનીય એવું જે કર્મ તે પ્રચલાપ્રચલારૂપે વેદનીય એવું દર્શનનું આવરણ છે, જે પ્રચલા કરતાં અતિશાયી નિદ્રા છે; કેમ કે બેસીને જે નિદ્રા આવે તે નિદ્રા ચાલવાથી દૂર થાય છે; છતાં તેવી અતિશાયી નિદ્રાનો ઉદય થાય છે ત્યારે ચાલવાની ક્રિયાથી પણ નિદ્રા દૂર થતી નથી.

સ્ત્યાન જેવી ગૃદ્ધિરૂપે વેદનીય એવું જે કર્મ તે સ્ત્યાનગૃદ્ધિવેદનીય એવું દર્શનાવરણ છે. આ કર્મોદય હોતે છતે ઊંઘમાં ઊઠીને પોતે કાર્ય કરી આવે તે સંબંધી પોતાને તેવું સ્વપ્ન આવ્યું છે તેવો ભ્રમ થાય છે. આ નિદ્રામાં ગૃદ્ધિ અત્યંત પિંડીભૂત થયેલી હોય છે, જેથી જીવ ગૃદ્ધિને વશ અકાર્ય કરે છે. અહીં સ્ત્યાન શબ્દનો અર્થ સ્તિમિત ચિત્ત છે. ઊંઘમાં અધિક વિકસ્વર ચેતના નથી તે સ્ત્યાન છે, તેના કારણે જે ગૃદ્ધિ પ્રગટ થાય છે, તે સ્ત્યાનગૃદ્ધિ કહેવાય. તે રૂપે વેદનીય એવું કર્મ તે સ્ત્યાનગૃદ્ધિવેદનીયકર્મ છે. સ્ત્યાનગૃદ્ધિદર્શનાવરણીયકર્મના ઉદયવાળા જીવમાંથી કેટલાક જીવોમાં વાસુદેવથી અર્ધ શક્તિ હોય છે. **॥૮/૮॥**

અવતરણિકા :-

હવે ક્રમપ્રાપ્ત વેદનીયકર્મના ભેદો બતાવે છે –

સૂત્ર :-

सदसद्वेद्ये ।।૮/૯।।

સૂત્રાર્થ :-

સદ્ અસદ્ વેદ્ય એવું કર્મ વેદનીયકર્મ છે. ॥૮/૯॥

ભાષ્ય :-

सद्वेद्यमसद्वेद्यं च वेदनीयं द्विभेदं भवति ।।૮/૯।।

ભાષ્યાર્થ :-

सद्वेद्यं ..... भवति ।। સદ્ વેદ્ય અને અસદ્ વેદ્ય એવું વેદનીય બે ભેદવાળું છે. ॥૮/૯॥

ભાવાર્થ :-

વેદનીયકર્મની ઉત્તરકર્મપ્રકૃતિઓ :-

જીવને અનુકૂળરૂપે વેદન થઈને શાતાનું વેદન કરાવે તે સદ્વેદ્ય=શાતાવેદનીયકર્મ, છે. જ્યાં સુધી ઘાતિકર્મો વિદ્યમાન છે ત્યાં સુધી શાતાવેદનીયનો ઉદય જીવને રતિના ઉદયનું કારણ બને છે. આથી શાતાવેદનીયકાળમાં રતિના પરિણામને કારણે અસમભાવનો પરિણામ વર્તે છે.

અશાતાવેદનીય એટલે જીવને પ્રતિકૂળરૂપે વેદનીય એવું કર્મ. મોહવાળા જીવોને અશાતાના ઉદયથી અરતિની ઉત્પત્તિ થાય છે. સંસારી જીવો શારીરિક પીડાદિમાં જે અશાતાનું વેદન કરે છે તે માત્ર અશાતારૂપ નથી પરંતુ અશાતા અને અરતિ ઉભય પરિણામથી યુક્ત એવું તે વેદન છે. આથી જ અશાતાકાળમાં અરતિથી જીવ અંતરંગ રીતે પણ અસ્વસ્થ હોય છે.

જે મહાત્માઓ શાતાકાળમાં કે અશાતાકાળમાં સમભાવના પરિણામવાળા છે તેઓને શાતા પ્રત્યે રાગ નથી અને અશાતા પ્રત્યે દ્વેષ નથી; પરંતુ અંતરંગ સ્વસ્થતારૂપ સમભાવ પ્રત્યે રાગ છે, તેથી અશાતાવેદનીયનો

ઉદય અરતિથી મિશ્ર થયા વગર માત્ર શારીરિક પીડાનું જ વેદન કરાવે છે અને અંતરંગ રીતે સમભાવના પરિણામરૂપ સ્વસ્થતાનું વેદન છે.

વળી શાતાવેદનીયનો ઉદય પ્રવર્તતો હોય તે વખતે જીવને રતિ વર્તે છે, તે વખતે પ્રાયઃ અંતરંગ એવું સમભાવનું સુખ હોતું નથી, આમ છતાં જેઓ શાતાવેદનીયના ઉદયકાળમાં પણ જિનવચન અનુસાર ચિત્તને પ્રવર્તાવીને સમભાવમાં ઉદ્યમ કરે છે, તેઓને શાતાકાળમાં સમભાવનું સુખ છે. આવા જીવોને સમભાવમાં જ રતિ વર્તે છે; પરંતુ શાતામાં રતિ વર્તતી નથી. તેથી બહિરંગ રીતે શાતાનું સુખ છે અને અંતરંગ રીતે સમભાવનું સુખ છે. પ્રાયઃ કરીને જીવોને શાતાકાળમાં શાતાનો જ ઉપયોગ વર્તતો હોવાથી શાતામાં રતિ થવાની જ સંભાવના રહે છે. અર્થાત્ અંતરંગ રીતે આવા જીવો અસમભાવના પરિણામથી વિહ્વળ= અસ્વસ્થ હોય છે અને બહિરંગ રીતે શાતાના વેદનને કારણે અશાતાકૃત વિહ્વળતા નથી તેથી સ્વસ્થ દેખાય છે; પરંતુ શાતામાં વર્તતા રાગકૃત વિહ્વળ હોય છે અને જેઓનું સમભાવવાળું ચિત્ત છે તેઓને સમભાવનું સુખ છે અને શાતાના સુખથી તે સુખ અતિશયતાને પામે છે. **॥૮/૯॥**

અવતરણિકા :-

ક્રમપ્રાપ્ત મોહનીયકર્મની પ્રકૃતિ બતાવે છે –

સૂત્ર :-

दर्शनचारित्रमोहनीयकषायनोकषायवेदनीयाख्यास्त्रिद्विषोडशनवभेदाः सम्यक्त्वमिथ्यात्वतदुभयानि कषायनोकषायावनन्तानुबन्ध्यप्रत्याख्यानप्रत्याख्यानावरण-संज्वलनविकल्पाश्चैकशः क्रोधमानमायालोभाः हास्यरत्यरतिशोकभयजुगुप्सास्त्रीपुं-नपुंसकवेदाः ।।८/१०।।

સૂત્રાર્થ :-

દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય, તેમાં ચારિત્રમોહનીય કષાય અને નોકષાય નામના છે. ત્રણ ભેદ દર્શનમોહનીયના છે. બે ભેદ ચારિત્રમોહનીયના છે. તેમાંથી જે કષાયરૂપ ચારિત્રમોહનીયના ભેદ છે તે સોળ છે. નોકષાયરૂપ ચારિત્રમોહનીયના નવ ભેદ છે. અને દર્શનમોહનીયના સમ્યક્ત્વ, મિથ્યાત્વ, અને તદુભયરૂપ ત્રણ ભેદ છે. કષાય અને નોકષાયરૂપ ચારિત્રમોહનીયના બે ભેદ છે તેમાં કષાયરૂપ ચારિત્રમોહનીયના ભેદો અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલનના વિકલ્પો એક એકના ક્રોધ, માન, માયા, લોભરૂપ છે, આથી ૧૬ ભેદો છે. હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ એમ નોકષાયના નવ ભેદો છે. ॥૮/૧૦॥

भाष्य :-

त्रिद्विषोडशनवभेदा यथाक्रमम् । मोहनीयबन्धो द्विविधः – दर्शनमोहनीयाख्यश्चारित्रमोहनीयाख्यश्च । तत्र दर्शनमोहनीयाख्यस्त्रिभेदः । तद्यथा – मिथ्यात्ववेदनीयं, सम्यक्त्ववेदनीयं, सम्यग्मिथ्यात्ववेदनीयमिति । चारित्रमोहनीयाख्यो द्विविधः – कषायवेदनीयं, नोकषायवेदनीयं चेति । तत्र कषायवेदनीयाख्यः षोडशभेदः । तद्यथा – अनन्तानुबन्धी क्रोधो मानो माया लोभः, एवमप्रत्याख्यानकषायः प्रत्याख्यानकषायः संज्वलनकषाय इत्येकशः क्रोधमानमायालोभाः षोडश भेदाः । नोकषायवेदनीयं नवभेदम् । तद्यथा – हास्यं, रतिः, अरतिः, शोकः, भयं, जुगुप्सा, पुरुषवेदः, स्त्रीवेदः, नपुंसकवेद इति नोकषायवेदनीयं नवप्रकारम् । तत्र पुरुषवेदादीनां तृणकाष्ठकरीषाग्नयो निदर्शनानि भवन्तीति । एवं मोहनीयमष्टाविंशतिभेदं भवति ।

अनन्तानुबन्धी सम्यग्दर्शनोपघाती, तस्योदयाद्धि सम्यग्दर्शनं नोत्पद्यते, पूर्वोत्पन्नमपि च प्रतिपतति । अप्रत्याख्यानकषायोदयाद् विरतिर्न भवति । प्रत्याख्यानावरणकषायोदयाद् विरताविरतिर्भवति, उत्तमचारित्रलाभस्तु न भवति । संज्वलनकषायोदयाद् यथाख्यातचारित्रलाभो न भवति ।

क्रोधः कोपो रोषो द्वेषो भण्डनं भाम इत्यनर्थान्तरम् । तस्य क्रोधस्य तीव्रमध्यविमध्यमन्दभावाश्रितानि निदर्शनानि भवन्ति । तद्यथा – पर्वतराजिसदृशो भूमिराजिसदृशो वालुकाराजिसदृश उदकराजिसदृश इति ।

तत्र पर्वतराजिसदृशो नाम यथा प्रयोगविस्रसामिश्रकाणामन्यतमेन हेतुना पर्वते राजिरुत्पन्ना नैव कदाचिदपि संरोहति, एवमिष्टवियोजनानिष्टयोजनाभिलषितालाभादीनामन्यतमेन हेतुना यस्योत्पन्नः क्रोधः आ मरणान्न व्यपगच्छति जात्यन्तरानुबन्धी निरनुनयस्तीव्रानुशयोऽप्रत्यवमर्शश्च भवति स पर्वतराजिसदृशः, तादृशं क्रोधमनुमृता नरकेषूपपत्तिं प्राप्नुवन्ति ।

भूमिराजिसदृशो नाम यथा भूमेर्भास्कररश्मिजालादात्तस्नेहाया वाय्वभिहताया राजिरुत्पन्ना वर्षापेक्षसंरोहा परमप्रकृष्टाऽष्टमासस्थितिर्भवति, एवं यथोक्तनिमित्तो यस्य क्रोधोऽनेकवर्षस्थानीयो दुरनुनयो भवति, स भूमिराजिसदृशः, तादृशं क्रोधमनुमृताः तिर्यग्योनावुपपत्तिं प्राप्नुवन्ति ।

वालुकाराजिसदृशो नाम यथा वालुकायां काष्ठशलाकाशर्करादीनामन्यतमेन हेतुना राजिरुत्पन्ना वाय्वीरणाद्यपेक्षसंरोहा अर्वाग् मासस्य संरोहति, एवं यथोक्तनिमित्तोत्पन्नो यस्य क्रोधोऽहोरात्रं पक्षं मासं चातुर्मास्यं संवत्सरं वाऽवतिष्ठते स वालुकाराजिसदृशो नाम तादृशं क्रोधमनुसृता मनुष्येषूपपत्तिं प्राप्नुवन्ति ।

उदकराजिसदृशो नाम यथोदके दण्डशलाकाऽङ्गुल्यादीनामन्यतमेन हेतुना राजिरुत्पन्ना द्रवत्वादपामुत्पत्त्यनन्तरमेव संरोहति, एवं यथोक्तनिमित्तोत्पन्नो यस्य क्रोधो विदुषोऽप्रमत्तस्य प्रत्यवमर्शनोत्पत्त्यनन्तरमेव व्यपगच्छति स उदकराजिसदृशः, तादृशं क्रोधमनुसृता देवेषूपपत्तिं प्राप्नुवन्ति । येषां त्वेष चतुर्विधोऽपि न भवति ते निर्वाणं प्राप्नुवन्तीति ।

मानः, स्तम्भः, गर्वः, उत्सेकः, अहङ्कारः, दर्पः, मदः, स्मय इत्यनर्थान्तरम् । तस्यास्य मानस्य तीव्रादिभावाश्रितानि निदर्शनानि भवन्ति । तद्यथा — शैलस्तम्भसदृशः, अस्थिस्तम्भसदृशः, दारुस्तम्भसदृशः, तृणस्तम्भसदृश इति । एषामुपसंहारो निगमनं च क्रोधनिदर्शनैर्व्याख्यातम् ।

माया, प्रणिधिः, उपधिः, निकृतिः, आवरणं, वञ्चना, दम्भः, कूटम्, अतिसन्धानम्, अनार्जवम् इत्यनर्थान्तरम् । तस्या मायायास्तीव्रादिभावाश्रितानि निदर्शनानि भवन्ति । तद्यथा — वंशकुडङ्गसदृशी, मेषविषाणसदृशी, गोमूत्रिकासदृशी, निर्लेखनसदृशीति । अत्राप्युपसंहारनिगमने क्रोधनिदर्शनैर्व्याख्याते ।

लोभो, रागो, गार्ध्यं, इच्छा, मूर्च्छा, स्नेहः, काङ्क्षा, अभिष्वङ्ग इत्यनर्थान्तरम्, तस्यास्य लोभस्य तीव्रादिभावाश्रितानि निदर्शनानि भवन्ति । तद्यथा — लाक्षारागसदृशः, कर्दमरागसदृशः, खञ्जन(कुसुम्भ?)रागसदृशः, हरिद्रारागसदृश इति । अत्राप्युपसंहारनिगमने क्रोधनिदर्शनैर्व्याख्याते ।

एषां क्रोधादीनां चतुर्णां कषायाणां प्रत्यनीकभूताः प्रतिघातहेतवो भवन्ति । तद्यथा — क्षमा क्रोधस्य, मार्दवं मानस्य, आर्जवं मायायाः, सन्तोषो लोभस्येति ।।८/१०।।

भाष्यार्थ :-

त्रिद्विषोडशनवभेदा ..... लोभस्येति ।। त्रण, बे, सोळ अने नवभेदो यथाक्रम छे.

ते क्रम ज स्पष्ट करे छे —

मोहनीयनो बंध बे प्रकारनो छे. दर्शनमोहनीय नामनो अने चारित्रमोहनीय नामनो. त्यां=दर्शनमोहनीय अने चारित्रमोहनीयमां, दर्शनमोहनीय नामनो मोह त्रण भेदवाळो छे. ते आ प्रमाणे — मिथ्यात्वरूपे वेदन करवा योग्य कर्म मिथ्यात्ववेदनीय, सम्यक्त्वरूपे वेदन करवा योग्य कर्म सम्यक्त्ववेदनीय (अने) सम्यक्त्वमिथ्यात्वरूपे वेदन करवा योग्य कर्म सम्यग्मिथ्यात्ववेदनीयकर्म.

'इति' शब्द दर्शनमोहनीयना ३ भेदनी समाप्ति माटे छे.

चारित्रमोहनीय नामनो मोह बे भेदवाळो छे — कषायरूपे वेदनीय अने नोकषायरूपे वेदनीय.

'इति' शब्द चारित्र मोहनीयना बे भेदनी समाप्ति माटे छे.

ત્યાં=ચારિત્રમોહનીયના બે ભેદમાં, કષાયરૂપે વેદનીયકર્મ ૧૬ ભેદવાળું છે. તે આ પ્રમાણે – અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ, એ રીતે અપ્રત્યાખ્યાનકષાય, પ્રત્યાખ્યાનાવરણકષાય, સંજ્વલનકષાય એક એક ક્રોધ-માન-માયા-લોભવાળા છે. એથી ૧૬ ભેદો છે.

નોકષાયવેદનીય નવ ભેદવાળું છે તે આ પ્રમાણે – હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ, એ પ્રમાણે નોકષાયરૂપે વેદનીયકર્મ નવ પ્રકારનું છે. ત્યાં=નવ નોકષાયમાં, પુરુષવેદાદિમાં તૃણનો અગ્નિ, કાષ્ઠનો અગ્નિ અને કરીષનો અગ્નિ=બકરીની લીંડીનો અગ્નિ, દૃષ્ટાંત છે=તૃણઅગ્નિ જેવો પુરુષવેદનો ઉદય છે, કાષ્ઠઅગ્નિ જેવો સ્ત્રીવેદનો ઉદય છે અને બકરીની લીંડીના અગ્નિ જેવો નપુંસકવેદનો ઉદય છે. એ રીતે મોહનીયના ૨૮ ભેદો થાય છે.

અનંતાનુબંધી સમ્યગ્દર્શનનો ઉપઘાતી છે. હિ=જે કારણે, તેના ઉદયથી=અનંતાનુબંધીકષાયના ઉદયથી, સમ્યગ્દર્શન ઉત્પન્ન થતું નથી અને પૂર્વમાં ઉત્પન્ન થયેલું પણ નાશ પામે છે. અપ્રત્યાખ્યાનકષાયના ઉદયથી વિરતિ થતી નથી. પ્રત્યાખ્યાનકષાયના ઉદયથી વિરતાવિરતિ થાય છે=દેશવિરતિ થાય છે, પરંતુ ઉત્તમ એવા ચારિત્રનો લાભ થતો નથી. સંજ્વલનકષાયના ઉદયથી યથાખ્યાતચારિત્રનો લાભ થતો નથી.

ક્રોધકષાયના પર્યાયવાચી બતાવે છે –

ક્રોધ, કોપ, રોષ, દ્વેષ, ભાંડન=ભાંડવું, અને ભામ=ઈર્ષ્યા, એ અનર્થાન્તર છે=એકાર્થવાચી શબ્દો છે. તે આ ક્રોધના તીવ્ર, મધ્યમ, વિમધ્યમ અને મંદભાવને આશ્રિત દૃષ્ટાંતો છે. તે આ પ્રમાણે – પર્વતની રાજિ સદૃશ=પર્વતની રેખા જેવો, તીવ્ર પરિણામ છે. ભૂમિની રાજી જેવો=ભૂમિની રેખા જેવો, મધ્યમ પરિણામ છે, વાલુકાની રાજી જેવો=રેતીની રેખા જેવો, વિમધ્યમ પરિણામ છે. અને પાણીની રાજી જેવો=પાણીની રેખા જેવો, મંદ પરિણામ છે.

'ઇતિ' શબ્દ ક્રોધના ચાર ભેદોના સ્વરૂપની સમાપ્તિ માટે છે.

ત્યાં=ક્રોધના ચાર ભેદમાં, (અનંતાનુબંધી ક્રોધકષાય :-) પર્વતની રેખા જેવો એટલે જે પ્રમાણે પ્રયોગ, વિસ્રસા, અને મિશ્રના અન્યતમ હેતુ વડે ઉત્પન્ન થયેલી એવી પર્વતની રેખા ક્યારેય પણ સંરોહ પામતી નથી એ રીતે ઇષ્ટના વિયોજન, અનિષ્ટના યોજન, અભિલષિતનો અલાભ આદિના અન્યતમરૂપ હેતુથી જેને ઉત્પન્ન થયેલો ક્રોધ આમરણ સુધી વ્યય પામતો નથી, જાત્યંતરમાં અનુસરણ કરે છે=બીજા ભવમાં અનુવૃત્તિરૂપે આવે છે, નિરનુનય છે=નમ્રતાના પરિણામ વગરનો છે, તીવ્ર અનુશય છે=તીવ્ર દ્વેષવાળો છે, અપ્રત્યવમર્શવાળો છે=પરમાર્થને જોવામાં વિચાર ન કરે તેવો છે, તે પર્વતરાજી સમાન છે; તેવા પ્રકારના ક્રોધમાં મરનારા જીવો નરકમાં ઉત્પન્ન થાય છે.

અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધકષાય :- ભૂમિરાજી સદૃશ ક્રોધ એટલે જે પ્રમાણે સૂર્યનાં કિરણોના જાળાને કારણે શોષાયેલા સ્નેહવાળી વાયુથી હણાયેલી એવી ભૂમિની ઉત્પન્ન થયેલી રાજી વર્ષાની

અપેક્ષાએ સંરોહણ પામનારી પરમ પ્રકૃષ્ટ આઠ માસની સ્થિતિવાળી હોય છે. એ રીતે યથોક્ત નિમિત્તવાળો જેનો ક્રોધ અનેકવિધસ્થાયી દુરનુનયવાળો છે, તે ભૂમિરાજી સદૃશ છે; તેવા ક્રોધથી મરેલા જીવો તિર્યંચ યોનિમાં ઉત્પત્તિને પ્રાપ્ત કરે છે.

પ્રત્યાખ્યાનાવરણ ક્રોધકષાય :- રેતીમાં પડેલી રેખા સદૃશ ક્રોધ એટલે જે પ્રમાણે રેતીમાં કાષ્ઠથી, શલાકાથી કે કાંકરા આદિમાંથી કોઈક હેતુથી ઉત્પન્ન કરાયેલી રેખા વાયુના વાવા આદિની અપેક્ષાએ એક મહિનાની અંદર સંરોહ પામે છે અર્થાત્ તે રેખા નષ્ટ થાય છે. એ રીતે પૂર્વમાં કહેલા નિમિત્તથી ઉત્પન્ન થયેલો જેનો ક્રોધ અહોરાત્ર, પક્ષ, માસ, ચાતુર્માસ કે વર્ષ સુધી રહે છે, તે વાલુકારાજી સદૃશ ક્રોધ છે; તેવા પ્રકારના ક્રોધમાં મરનારો જીવ મનુષ્યમાં ઉત્પત્તિને પ્રાપ્ત કરે છે.

સંજ્વલન ક્રોધકષાય :- ઉદકરાજી સદૃશ ક્રોધ એટલે જે પ્રમાણે પાણીમાં દંડ, શલાકા, અંગુલી આદિના અન્યતમ હેતુથી ઉત્પન્ન કરાયેલી રેખા પાણીનું દ્રવપણું હોવાથી ઉત્પત્તિ અનંતર જ સંરોહ પામે છે=તે રેખા દૂર થાય છે, એ રીતે પૂર્વમાં કહેલાં નિમિત્તોથી થયેલો જેનો ક્રોધ અપ્રમત્ત એવા વિદ્વાનને પ્રત્યવમર્શની ઉત્પત્તિ અનંતર જ=ક્રોધના વાસ્તવિક સ્વરૂપના અવલોકનની ઉત્પત્તિ અનંતર જ, દૂર થાય છે, તે ઉદકરાજી સદૃશ છે; તેવા ક્રોધમાં મરનારો દેવભવમાં ઉત્પત્તિને પ્રાપ્ત કરે છે.

જેઓને વળી આ ચારે પણ પ્રકારનો ક્રોધ નથી તેઓ નિર્વાણને પ્રાપ્ત કરે છે.

માનકષાયના પર્યાયવાચી બતાવે છે –

માન, સ્તંભ, ગર્વ, ઉત્સેક, અહંકાર, દર્પ, મદ, સ્મય એ બધા એકાર્થવાચી શબ્દો છે. તે આ માનના તીવ્રાદિ ભાવો આશ્રિત દૃષ્ટાંતો છે. તે આ પ્રમાણે – પર્વતના સ્તંભ જેવો, હાડકાના સ્તંભ જેવો, લાકડાના સ્તંભ જેવો અને લતાના સ્તંભ જેવો માનકષાય છે. આમનો ઉપસંહાર=માનકષાયનો ઉપસંહાર અને નિગમન ક્રોધનાં દૃષ્ટાંતોથી વ્યાખ્યાત છે.

માયાકષાયના પર્યાયવાચી બતાવે છે –

માયા, પ્રણિધાન, ઉપધિ, નિકૃતિ, આવરણ, વંચના, દંભ, કૂટમતિ, સંધાન, અનાર્જવ એ એકાર્થવાચી શબ્દો છે. તે માયાના તીવ્રાદિ ભાવ આશ્રિત દૃષ્ટાંતો છે. તે આ પ્રમાણે – વંશના કુડુંગ જેવી=વાંસના મૂળ જેવી, મેષના શિંગડા જેવી, ગોમૂત્રિકા જેવી, નિર્લેખન જેવી ચાર પ્રકારની માયા છે. અહીં પણ ઉપસંહાર અને નિગમન ક્રોધના દૃષ્ટાંતથી વ્યાખ્યાન કરાયા.

લોભકષાયના પર્યાયવાચી બતાવે છે –

લોભ, રાગ, ગૃદ્ધિ, ઇચ્છા, મૂર્છા, સ્નેહ, કાંક્ષા, અભિષ્વંગ, એ એકાર્થવાચી શબ્દો છે. તે આ લોભના તીવ્રાદિ ભાવો આશ્રિત દૃષ્ટાંતો છે. તે આ પ્રમાણે – લાક્ષારાગ સદૃશ, કર્દમરાગ સદૃશ, કુસુમ્ભરાગ સદૃશ, હરિદ્રારાગ સદૃશ ચાર પ્રકારના લોભ છે. અહીં પણ=લોભમાં પણ, ઉપસંહાર અને નિગમન ક્રોધના દૃષ્ટાંતથી વ્યાખ્યાન કરાયા.

આ ક્રોધાદિ ચાર કષાયોના પ્રત્યનીકભૂત, પ્રતિઘાતના હેતુ હોય છે. તે આ પ્રમાણે – ક્રોધના પ્રત્યનીકભૂત અને પ્રતિઘાતનો હેતુ ક્ષમા છે. માનનો પ્રત્યનીકભૂત અને પ્રતિઘાતનો હેતુ માર્દવ છે. માયાનો પ્રત્યનીકભૂત અને પ્રતિઘાતનો હેતુ આર્જવ છે. લોભનો પ્રત્યનીકભૂત અને પ્રતિઘાતનો હેતુ સંતોષ છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ માટે છે. ॥૮/૧૦॥

ભાવાર્થ :-

મોહનીયકર્મની ઉત્તરકર્મપ્રકૃતિઓ :-

મોહનીય કર્મના સ્થૂલથી બે ભેદો છે. દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય.

દર્શનમોહનીયકર્મ :-

આત્માના પારમાર્થિક સ્વરૂપના દર્શનમાં આવારક કર્મ તે દર્શનમોહનીય છે. દર્શનમોહનીયના ઉદયવાળા જીવને આત્માનું પારમાર્થિક સ્વરૂપ દેખાતું નથી, તેથી સર્વ કર્મ રહિત મોહથી અનાકુળ એવું સિદ્ધ સદૃશ પોતાનું સ્વરૂપ જ જીવ માટે હિતકારી છે, તેવો બોધ થતો નથી. મિથ્યાત્વના ઉદયને કારણે દેહ સાથે પોતાનો અભેદ પ્રત્યક્ષથી દેખાય છે, તેથી તેને 'દેહ સ્વરૂપ જ હું છું અને દેહને અનુકૂળ એવી બાહ્ય સામગ્રી જ મારા સુખનું સાધન છે' તેવું જણાય છે. જેઓને દર્શનમોહનીયનો ક્ષયોપશમ થયેલો છે તેઓને સિદ્ધઅવસ્થા સારભૂત જણાય છે અને તેની પ્રાપ્તિનો ઉપાય જિનવચન અનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિ જણાય છે. તેથી જિનવચન પ્રત્યેનો ઉત્કટ રાગ હોય છે અને શક્તિના પ્રકર્ષથી જિનવચનને જાણવા અને જાણીને શક્તિ અનુસાર જીવનમાં સેવન કરવાની ઉત્કટ ઇચ્છા થાય છે. જિનવચનથી વિપરીત કોઈક સ્થાનમાં અનાભોગથી રુચિ થઈ હોય તોપણ તરત જ નિમિત્તને પામીને નિવર્તન પામે છે; પરંતુ જિનવચનથી અનિવર્તનીય રુચિ થવી તે દર્શનમોહનીયના ઉદયનું કાર્ય છે.

જે જીવોએ દર્શનમોહનીયનો ક્ષયોપશમ કર્યો છે તેવા જીવોમાં મિથ્યાત્વરૂપે વેદનીય, સમ્યક્ત્વરૂપે વેદનીય અને સમ્યક્ મિથ્યાત્વરૂપે વેદનીય ત્રણ દર્શનમોહનીયની પ્રકૃતિઓ વિદ્યમાન છે. જે જીવો સતત જિનવચનથી આત્માને ભાવિત રાખીને દર્શનશુદ્ધિના ઉપાયો સેવે છે, તેઓને સમ્યક્ત્વરૂપે વેદનીયકર્મ ઉદયમાં આવે છે; તેથી ક્ષયોપશમભાવનું સમ્યક્ત્વ વર્તે છે. તેઓ પણ પ્રમાદમાં હોય ત્યારે જો મિથ્યાત્વરૂપે વેદનીયકર્મ કે સમ્યક્ત્વમિથ્યાત્વરૂપે વેદનીયકર્મ વિપાકમાં આવે, તો તેમનો સમ્યક્ત્વથી પાત થાય છે.

જે જીવોએ દર્શનમોહનીયનો ક્ષયોપશમ કર્યો નથી તેઓને મિથ્યાત્વરૂપે વેદનીયકર્મ જ સદા વિપાકમાં આવે છે. આવા પણ જીવો કોઈક રીતે સંસારના વાસ્તવિક સ્વરૂપને જોનારા થાય, જેથી તેના કારણે તેમને સંસારના પરિભ્રમણથી પોતાનું રક્ષણ કરવાની ઇચ્છા થાય તેથી તેના ઉપાયરૂપે તત્ત્વ જાણવા યત્ન કરે, ત્યારે ઉદયમાન મિથ્યાત્વ પણ મંદ-મંદતર થાય છે અને તત્ત્વ જાણવાના યત્નથી જ્યારે કર્મ રહિત શુદ્ધ આત્માનું પારમાર્થિક સ્વરૂપ યથાર્થ દેખાય છે, ત્યારે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.

ચારિત્રમોહનીયકર્મ :-

વળી ચારિત્રમોહનીયકર્મ બે ભેદવાળું છે. કષાયરૂપે વેદનીય અને નોકષાયરૂપે વેદનીય. કષાય એટલે જેનાથી કષરૂપ સંસારનો આય=લાભ, થાય તે કષાય. તે સ્વરૂપે વેદનીયકર્મ તે કષાયવેદનીયકર્મ. તેથી એ પ્રાપ્ત થાય કે ૧૬ પ્રકારના કષાયોમાંથી કોઈપણ કષાયનો ઉદય સંસારની પ્રાપ્તિનું કારણ છે. તેથી કષાયરૂપે વેદનીયકર્મથી સંસારના લાભની પ્રાપ્તિ છે.

વળી નોકષાય એ સ્વયં કષાય નથી, પરંતુ કષાયમાંથી ઉદ્ભવ થયેલા કંઈક કષાયના અંશના પરિણામવાળા અને કષાયની વૃદ્ધિના કારણ એવા પરિણામો છે. તે સ્વરૂપે વેદનીયકર્મ તે નોકષાયરૂપે વેદનીયકર્મ છે.

કષાયરૂપે વેદનીયકર્મ સોળ ભેદવાળું છે. અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ એ રીતે અપ્રત્યાખ્યાનીય ક્રોધ-માન-માયા-લોભ, પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ-માન-માયા-લોભ અને સંજ્વલન ક્રોધ-માન-માયા-લોભ એમ કષાયના સોળ ભેદો છે.

અનંતાનુબંધીકષાય :-

જે કષાય ઉત્તરોત્તર વૃદ્ધિના પ્રવાહને ચલાવે તેવા અનંત અનુબંધવાળો છે, તે અનંતાનુબંધીકષાય છે. આ અનંતાનુબંધી કષાય કાંઈક મંદ થાય છે, ત્યારે સ્થૂલથી કંઈક તત્ત્વનો બોધ થાય છે, તે અંશથી તેનો અનુબંધ તૂટે છે. જે અંશથી તત્ત્વનો સૂક્ષ્મ બોધ નથી, તે અંશથી અતત્ત્વમાં તત્ત્વની બુદ્ધિ છે, તે અંશથી અનંત અનુબંધ છે. સર્વ કર્મ રહિત શુદ્ધ આત્માની અવસ્થા જેટલા અંશથી જીવને સુંદર જણાય અને તેની પ્રાપ્તિના ઉપાયભૂત ભાવસાધુપણા પ્રત્યેનો રાગ જેટલા અંશથી થાય અને આત્માની શુદ્ધ અવસ્થા પ્રત્યેનો રાગ તથા તેની પ્રાપ્તિના ઉપાયભૂત જિનવચન પ્રત્યેનો રાગ જેટલા અંશથી તે જીવમાં વર્તે છે તેટલા અંશથી આત્મા પોતાના મૂળ સ્વભાવ તરફ ગતિમાન થાય છે, તેથી સંસારના કારણીભૂત અનંતાનુબંધીકષાયનો ક્રમશઃ ઉચ્છેદ થાય છે.

અપ્રત્યાખ્યાનીયકષાય :-

વળી જીવને આત્માના શુદ્ધ સ્વરૂપ પ્રત્યે અત્યંત રાગ થવા છતાં દેશથી પણ પાપની વિરતિ કરવાને અનુકૂળ પ્રયત્ન કરવામાં બાધ કરે તેવા કષાયનો ઉદય અપ્રત્યાખ્યાનકષાય છે=સંપૂર્ણ પ્રત્યાખ્યાનનો અવરોધ કરે તેવો કષાય છે. તેથી અનંતાનુબંધી કષાયનો વિગમન થવા છતાં મોક્ષને અનુકૂળ વિરતિમાં પ્રવૃત્તિ કરવામાં બાધક જે કષાયનો ઉદય તે અપ્રત્યાખ્યાનકષાય છે.

પ્રત્યાખ્યાનાવરણીયકષાય :-

વળી સંપૂર્ણ પાપના વિરામરૂપ જે પ્રત્યાખ્યાન તેને આવરણ કરનારો એવો જે કષાયનો ઉદય તે પ્રત્યાખ્યાનાવરણકષાય છે. તેથી અપ્રત્યાખ્યાનકષાયના ક્ષયોપશમવાળા શ્રાવકને દેશવિરતિની પ્રાપ્તિ હોવા છતાં પ્રત્યાખ્યાનાવરણકષાયના ઉદયથી સર્વવિરતિનો પરિણામ થતો નથી. આથી જ સાધુવેષમાં હોય, સાધ્વાચારનું પાલન થતું હોય, આમ છતાં પ્રત્યાખ્યાનના આવારક કષાયો ક્ષયોપશમભાવને પામે નહીં તો

ભાવથી સંપૂર્ણ પાપના વિરામની પ્રાપ્તિ થતી નથી. તેથી તે તે નિમિત્તોને પામીને બાહ્ય પદાર્થો સાથે સંશ્લેષવાળું ચિત્ત હોવાથી અવિરતિના પરિણામની જ પ્રાપ્તિ થાય છે.

સંજ્વલનકષાય :-

વળી પ્રત્યાખ્યાનાવરણકષાયના ઉદયથી અપ્રત્યાખ્યાનકષાયના ક્ષયોપશમવાળા જીવોને દેશવિરતિની પ્રાપ્તિ થવા છતાં ઉત્તમચારિત્રનો લાભ થતો નથી અર્થાત્ સંસારના સર્વ ભાવોથી ચિત્તનો વિરામ કરીને ત્રણ ગુપ્તિઓના સામ્રાજ્યપૂર્વક મોહના ઉન્મૂલન માટે યત્ન થાય તેવા ઉત્તમ ચારિત્રનો લાભ થતો નથી. જેઓને પ્રત્યાખ્યાનાવરણકષાયનો ક્ષયોપશમ છે તેઓને ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ ઉત્તમ ચારિત્રનો લાભ થાય છે; તોપણ સંજ્વલનકષાયના ઉદયથી યથાખ્યાતચારિત્રનો લાભ થતો નથી જે યથાખ્યાતચારિત્ર શુદ્ધ આત્મામાં સ્થિર થવારૂપ પૂર્ણચારિત્રનો પરિણામ છે તેવા ચારિત્રનો લાભ થતો નથી અર્થાત્ વીતરાગભાવરૂપ ચારિત્રનો લાભ થતો નથી.

વળી અનંતાનુબંધી આદિ ચારે કષાયો ક્રોધ-માન-માયા અને લોભ સ્વરૂપ છે. તેમાંથી પ્રથમ ક્રોધકષાયનું સ્વરૂપ બતાવે છે –

ક્રોધકષાય :-

સૌ પ્રથમ ક્રોધકષાયના પર્યાયવાચી શબ્દો કહે છે –

ક્રોધ, કોપ, રોષ, દ્વેષ, ભંડન અને ભામ એ ક્રોધના પર્યાયવાચી શબ્દો છે.

કોઈપણ પ્રતિકૂળ ભાવોને જોઈને ચિત્તમાં અલ્પ પણ અરુચિ, અણગમો આદિ કોઈપણ ભાવો થાય તે ક્રોધ સ્વરૂપ છે. તે ક્રોધ તીવ્ર, મધ્યમ, વિમધ્યમ, અને મંદ ભાવને આશ્રયીને ચાર ભેદવાળો છે. તેમાં જે તીવ્ર ક્રોધ છે તે અનંતાનુબંધીકષાયરૂપ છે, મધ્યમ ક્રોધ છે તે અપ્રત્યાખ્યાનકષાયરૂપ છે, વિમધ્યમ ક્રોધ પ્રત્યાખ્યાનાવરણકષાયરૂપ છે અને મંદભાવવાળો ક્રોધ સંજ્વલનના ઉદય સ્વરૂપ છે.

આ ચાર પ્રકારના ક્રોધને દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

જે પર્વતની રાજી=રેખા, જેવો ક્રોધ છે તે તીવ્ર ક્રોધ છે=અનંતાનુબંધી ક્રોધ છે. જેમ પ્રયોગ દ્વારા કે વિસ્રસા પરિણામ દ્વારા કે ઉભય દ્વારા પર્વતમાં ઉત્પન્ન થયેલી તિરાડ ક્યારેય પણ સંરોહ પામતી નથી એ રીતે પોતાના ઇષ્ટનો વિયોગ કોઈનાથી થયેલ હોય તેના કારણે કોઈને કોઈના પ્રત્યે દ્વેષ થયો હોય કે અનિષ્ટનો સંયોગ કોઈનાથી થયેલ હોય તેના કારણે કોઈના પ્રત્યે દ્વેષ થયો હોય કે ઇચ્છિત વસ્તુની અપ્રાપ્તિ કોઈનાથી થયેલ હોય તેના કારણે કોઈના પ્રત્યે દ્વેષ થયો હોય તે દ્વેષ આમરણ સુધી જતો નથી, તે અનંતાનુબંધીકષાયરૂપ દ્વેષ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે પોતાની ઇષ્ટ વસ્તુનો વિયોગ કોઈ કરાવે તેના પ્રત્યે દ્વેષ થાય છે, અથવા અનિષ્ટ વસ્તુનું કોઈ યોજન કરાવે તેના પ્રત્યે દ્વેષ થાય છે, અથવા અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિ પ્રત્યે દ્વેષ થાય છે અને પોતાને ઇચ્છિત પ્રાપ્તિમાં કોઈ વિઘ્ન કરાવે તેના પ્રત્યે દ્વેષ થાય છે. જેમ પર્વતમાં પડેલી મોટી તિરાડ

ક્યારેય દૂર થતી નથી તેમ જે જીવોને કોઈના પ્રત્યે ઉત્પન્ન થયેલો દ્વેષ એટલો તીવ્ર હોય કે પોતે ઉચિત જ કર્યું છે તેવા દૃઢ વિપર્યાસથી યુક્ત હોવાને કારણે નિવર્તન પામે તેવો નથી, તે તીવ્ર ક્રોધ છે માટે અનંતાનુબંધીકષાય છે. આમ છતાં તેવા અનંતાનુબંધીકષાયવાળા જીવોમાંથી જે જીવો ઉપદેશ આદિ પામીને વિવેકયુક્ત થાય તેમનો દ્વેષ પૂર્વમાં ભલે નિવર્તન ન પામે તેવો હતો, પરંતુ વિવેકપ્રાપ્તિને કારણે પ્રગટેલ સમ્યક્ત્વાદિની પ્રાપ્તિથી નિવર્તન પામે છે.

અહીં તીવ્ર શબ્દથી ગુસ્સાની માત્રાનું ગ્રહણ નથી, પરંતુ પોતાને જે દ્વેષ થયો છે તે અનુચિત હોવા છતાં તેમાં ઉચિતતાની બુદ્ધિ છે અને અનુચિતતાની બુદ્ધિ નથી તે રૂપ તીવ્રતા છે.

તેથી તે જીવમાં વર્તતા ક્રોધને વશ તે જીવને જે બાહ્ય કૃત્ય કોઈકનાથી થયું છે તે અનુચિત છે તેવી બુદ્ધિ વર્તતી હોય છે; પરંતુ પોતે કષાય કરે છે, તે પોતાને માટે અનુચિત છે તેવી બુદ્ધિ નથી. આવો અલ્પમાત્રાવાળો કષાય પણ પરમાર્થથી તીવ્ર છે. આથી સૂક્ષ્મ પણ દ્વેષ, ક્રોધ આદિ ભાવો જીવમાં થાય છે તે જીવની વિલ્વળતા સ્વરૂપ છે; છતાં જીવને તે અનુચિત જણાતા નથી તે વિપર્યાસ છે, તેથી અનંતાનુબંધી છે. જે દ્વેષમાં 'આ દ્વેષ આત્માને વિલ્વળતા કરાવનાર છે, તેથી મારે કરવો ઉચિત નથી' એવી બુદ્ધિ છે તે દ્વેષ તીવ્ર નથી. આથી જ મિથ્યાત્વની મંદ અવસ્થામાં પણ જે કષાય પોતાના માટે અનુચિત છે તેવી બુદ્ધિ વર્તે છે તેટલા અંશમાં તે કષાય તીવ્ર નથી; આમ છતાં તે કષાય વિરતિના પરિણામ સાથે જોડાયેલો ન હોય તો અપ્રત્યાખ્યાનીયકષાયના ઉદય તુલ્ય મધ્યમ પણ હોઈ શકે. વળી મિથ્યાત્વ અવસ્થામાં પણ જે કષાય તીવ્ર નથી અને વિરતિની પ્રવૃત્તિમાં પ્રયત્નશીલ હોવાને કારણે વિરતિના કંઈક પરિણામને સ્પર્શનારો છે, જેથી તપ પ્રત્યે રાગ, ત્યાગ પ્રત્યે રાગ વર્તતો હોય, અથવા પોતાનામાં વર્તતા પ્રમાદ પ્રત્યે દ્વેષ વર્તતો હોય, તો તે અંશથી તે કષાય વિમધ્યમ ભાવવાળો પણ હોઈ શકે. વળી મિથ્યાત્વ અવસ્થામાં જ સંપૂર્ણ નિરવદ્ય જીવન જીવવા પ્રત્યેના પ્રયત્નવાળા સાધુમાં જે પ્રશસ્ત દ્વેષનો પરિણામ વર્તતો હોય, જેના કારણે પોતાની સ્થૂલ બુદ્ધિ અનુસાર સર્વ સાવદ્ય પ્રત્યે દ્વેષ કરે છે તે મંદભાવવાળો ક્રોધનો કષાય છે, એમ કહી શકાય.

આનાથી એ ફલિત થાય કે મિથ્યાત્વ અવસ્થામાં પણ જીવના ઉપયોગ અનુસાર તીવ્ર, મધ્યમ, વિમધ્યમ અને મંદભાવવાળો ક્રોધકષાય વર્તતો હોય છે. તેથી જે મિથ્યાદૃષ્ટિ જીવમાં ક્રોધકષાય પ્રત્યે અરુચિ નથી; પરંતુ તે કષાય તેને હિતનું સાધન દેખાય છે, તેવી તીવ્ર માત્રાથી મંદ કક્ષાનો પણ ગુસ્સો અનિવર્તનીય હોવાથી તીવ્ર છે. વળી જે જીવને ભોગાદિ પ્રત્યે વૃત્તિ છે, વિરતિનો પરિણામ લેશ પણ નથી છતાં પોતાનો કષાય એ જીવની સુંદર અવસ્થા નથી તેવો બોધ છે તે વખતે વર્તતો કષાયનો ઉપયોગ માત્રાથી તીવ્ર હોય કે મંદ હોય તોપણ તે મધ્યમ કષાય કહી શકાય. વળી મિથ્યાત્વ અવસ્થામાં જ કોઈ જીવનો દુષ્કૃતની ગર્હા કરતી વખતે દુષ્કૃત પ્રત્યેનો દ્વેષ છે, જે દેશવિરતિની વિરાધનારૂપ અનુચિત આચારો પ્રત્યે છે તો તે દ્વેષ વિમધ્યમ કહી શકાય. વળી કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ જ અપુનર્બંધક અવસ્થામાં હોય, સાધુપણું ગ્રહણ કરેલ હોય અને સાધ્વાચાર પ્રત્યે અત્યંત રાગ હોવાથી સાધ્વાચાર પ્રત્યેની પોતાની સ્ખલના પ્રત્યે દ્વેષ વર્તતો હોય તો તે દ્વેષ મંદભાવવાળો છે; કેમ કે તે દ્વેષ કષાયોના ઉન્મૂલનનું કારણ છે.

આ પ્રકારનો અર્થ કરવાનું કારણ એ છે કે જે મિથ્યાદૃષ્ટિ જીવો યોગમાર્ગની ભૂમિકામાં આવે છે ત્યારે તત્ત્વની સન્મુખ બને છે. તે વખતે સમ્યક્ત્વ નહીં હોવા છતાં કંઈક સમ્યક્ત્વના અંશો વર્તે છે. આથી જ સાચી શ્રદ્ધાથી યુક્ત એવો બોધ તેઓમાં વર્તે છે અને પોતાના બોધ અનુસાર યમ-નિયમાદિની આચરણા પણ તેઓ કરે છે, તેથી જે અંશમાં તેમનો યથાર્થ બોધ છે તે અંશમાં વિપર્યાસ નથી. વળી તે બોધ દેશવિરતિની આચરણાને અભિમુખ છે કે સર્વવિરતિની આચરણાને અભિમુખ છે તેને આશ્રયીને તેના કષાયનો ઉપયોગ વર્તે છે. એ વખતનો કષાયનો ઉપયોગ ઉત્તર ઉત્તરના ગુણસ્થાનકમાં જવાનું કારણ બને છે, માટે તે કષાયનો ઉપયોગ સાનુબંધ નથી.

વળી તીવ્ર ક્રોધકષાય આ ભવ સુધી નાશ પામતો નથી, અન્ય ભવમાં સાથે આવે છે, નિરનુનય હોય છે=નમ્રતા વગરનો હોય છે, તીવ્ર અનુશયવાળો હોય છે=તીવ્ર દ્વેષવાળો હોય છે, અને પ્રત્યવમર્શવાળો હોય છે અર્થાત્ તેના વાસ્તવિક સ્વરૂપનો વિચાર ન કરે તેવા પ્રકારનો હોય છે, તે પર્વતમાં પડેલ રાજી= રેખા અર્થાત્ તિરાડ જેવો છે.

આ પ્રકારના કથનથી એ પ્રાપ્ત થાય કે જે કષાય માત્રાથી તીવ્ર હોય કે મંદ હોય, પરંતુ કષાય કષાયરૂપે કે વિલ્વળતારૂપે જણાતો નથી, પરંતુ પોતાના ઇષ્ટનો ઉપાય દેખાય છે; તેનાથી પડેલા કષાયના સંસ્કારો ઘણા ભવો સુધી અનુવૃત્તિરૂપે ચાલે તેવા હોવાથી અન્ય ભવમાં સાથે આવનાર છે. વળી તે કષાય પોતાના ઇષ્ટનું સાધન જણાતું હોવાથી અનુનયવાળો નથી. વળી તે કષાય ઉચિત જણાતો હોવાથી તીવ્ર દ્વેષવાળો છે અને તેના વાસ્તવિક સ્વરૂપને વિચારવા માટે ઉપયોગ ન પ્રવર્તે તેવા પ્રકારના પરિણામવાળો છે. તે પર્વતરાજી જેવો છે.

આવા ક્રોધવાળા જીવો મરીને નરકમાં ઉત્પન્ન થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે જ્યારે જ્યારે અનિવર્તનીય કષાયનો ઉદય હોય અને તેમાં વિપર્યાસબુદ્ધિ સ્થિર હોય, તે વખતે જે ક્રોધનો અંશ છે તે અવશ્ય નરકનું જ કારણ બને છે.

સૂર્યનાં કિરણોના જાળાથી સુકાયેલી સ્નિગ્ધતાવાળી ભૂમિમાં વાયુના કારણે વિશેષ ભેજ સુકાવાથી તિરાડો પડે છે, જે વરસાદ પડવાથી પુરાય છે. આવી તિરાડો પ્રકૃષ્ટ આઠ માસની સ્થિતિવાળી હોય છે. તે રીતે જેઓને પોતાનો ક્રોધકષાય જીવની ઉચિત પરિણતિ નથી તેવો બોધ છે, છતાં ઇષ્ટ વિયોગાદિ નિમિત્તને પામીને કોઈકના પ્રત્યે ક્રોધ થયો હોય તો તે ક્રોધ દુરનુનય હોય છે અને અનેક વર્ષ સ્થાયી હોઈ શકે છે, જે ભૂમિરાજી સદૃશ છે અર્થાત્ મધ્યમ છે.

આશય એ છે કે જેઓમાં કાંઈક વિવેક પ્રગટેલો છે, જેથી પોતાની ક્રોધની પ્રકૃતિ જીવ માટે અહિતરૂપ લાગે છે, છતાં ભોગાદિના તેવા પ્રકારના રાગના કારણે કોઈ ઇષ્ટ વસ્તુનો વિયોગ આદિ થતાં હોય ત્યારે તેમાં જે નિમિત્તકારણ હોય તેના પ્રત્યે દ્વેષ થાય છે; તે ક્રોધમાં નમ્રતા વગરનો પરિણામ હોય છે, તે મધ્યમ પ્રકારનો ક્રોધ છે. આવા ક્રોધવાળો જીવ મૃત્યુ પામે તો તિર્યંચયોનિમાં ઉત્પન્ન થાય છે.

વળી જેમ ભૂમિની રાજી વર્ષાની અપેક્ષાએ સંરોહણ પામે છે અને પ્રકૃષ્ટ આઠ માસની સ્થિતિવાળી હોય છે તેમ પ્રસ્તુત ક્રોધ કોઈક સામગ્રી પામીને નિવર્તન પામે તેવો હોય છે, છતાં કોઈક નિમિત્ત પામીને તે ક્રોધ અનેક વર્ષો સુધી પણ રહી શકે છે. તેથી જેના પ્રત્યે દ્વેષ થયો હોય તે દ્વેષની અભિવ્યક્તિ ઘણાં વર્ષો પછી પણ નિમિત્તને પામીને થાય છે. આમ છતાં અનુબંધવાળો ક્રોધ નહીં હોવાથી કંઈક કંઈક ક્ષીણ થાય છે. તેથી મૃત્યુ સુધી અનુસરનારો બનતો નથી અને જન્માંતરમાં પણ અનુસરનારો બનતો નથી.

રેતીમાં કાષ્ઠ-શલાકાદિથી રેખા કરવામાં આવે અને વાયુ આદિ વાય તો તે રેખા દૂર થાય છે અથવા મહિના પૂર્વે તે રેખા દૂર થાય છે. આ રીતે જેઓને કોઈક નિમિત્તે કોઈકના પ્રત્યે ગુસ્સો થયો છે તે ક્રોધ અહોરાત્ર-પક્ષ-માસ-ચાર મહિના કે વર્ષ સુધી રહે છે તે વાલુકારાજી સદૃશ છે, જે વિમધ્યમ ક્રોધ છે, તેમાં મરનારા જીવો મનુષ્યગતિમાં જાય છે.

મધ્યમકષાયમાં દુરનુનયનો પરિણામ છે અને વિમધ્યમમાં દુરનુનયનો પરિણામ નથી. તેથી પ્રસંગે નમ્રતા તરફ જવાનો સ્વભાવ છે. તેથી ક્રોધમાં શિથિલતા હોવાને કારણે મનુષ્યગતિનું કારણ બને છે.

જેમ પાણીમાં દંડ-શલાકા આદિથી રેખા કરવામાં આવે તો ઉત્પત્તિની સાથે જ તે રેખા દૂર થાય છે એ રીતે પૂર્વમાં કહેલાં નિમિત્તોથી કોઈ મહાત્માને ક્રોધ થાય અને વિદ્વાન એવા તે અપ્રમત્ત મહાત્માને અતિ ક્રોધના સ્વરૂપની વિચારણામાત્રથી ઉત્પત્તિ પછી તરત જ ક્રોધ દૂર થાય છે, તે ઉદકરાજી જેવો મંદભાવવાળો ક્રોધ છે. આવા ક્રોધમાં કોઈ મૃત્યુ પામે તો દેવભવમાં ઉત્પન્ન થાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે બાહ્ય પદાર્થના નિમિત્તને પામીને કોઈ મહાત્માને ક્રોધ ઉત્પન્ન થયો હોય તોપણ ક્રોધના વાસ્તવિક સ્વરૂપને તે મહાત્મા જાણે છે અને ક્રોધના નિવર્તનપૂર્વક ક્ષમામાં યત્ન કરવાના અભિલાષવાળા છે. આમ છતાં અનાભોગાદિથી નિમિત્તને પામીને ક્રોધ થયેલો હોય ત્યારે તત્કાલ કે કાંઈક વિલંબનથી તે ક્રોધનું વાસ્તવિક સ્વરૂપ વિચારવાથી તે ક્રોધ નિવર્તન પામે તેવો છે, તે ક્રોધ મંદ પરિણામવાળો છે.

વળી કોઈ જીવને તે ક્રોધનો ઉદય જ દુષ્કૃતગર્હાદિમાં પ્રવર્તતો હોય ત્યારે તે ક્રોધનો ઉદય ક્ષમાદિ ભાવોને અનુકૂળ ઉચિત પરિણામવાળો હોવાથી દેવગતિનું જ કારણ છે. આથી જ મિથ્યાદૃષ્ટિ જીવ પણ મિથ્યાત્વની મંદ અવસ્થામાં દુષ્કૃતો પ્રત્યે ગર્હા, નિંદા કરે છે ત્યારે તેનો કષાય પ્રશસ્ત પરિણામવાળો હોવાથી દેવગતિની પ્રાપ્તિનું કારણ બને છે. તે કષાય જ્યારે બાહ્ય વિષયમાં પ્રવર્તતો હોય ત્યારે પણ જલની રાશિ જેવો મંદભાવવાળો હોય તો દેવગતિની પ્રાપ્તિનું કારણ બને છે.

અહીં સંક્ષેપથી એ પ્રાપ્ત થાય કે પર્વત મજબૂત પત્થરનો છે, એમાં તિરાડ પુરાવી અતિ દુષ્કર છે. તેના કરતાં માટીની ભૂમિ સૂર્યના તાપથી સુકાયેલી હોય, અને વાયુના વાવાના કારણે અત્યંત ભેજ સુકાવાથી તેમાં જે તિરાડ પડે છે તે પર્વત જેવી મજબૂત નથી; પરંતુ કાંઈક શિથિલમૂળવાળી છે. તેના કરતાં પણ રેતીમાં શલાકાદિથી કરાયેલી તિરાડ અત્યંત શિથિલમૂળવાળી હોય છે, જેને પૂરવી અતિ સુકર છે, અને તેના કરતાં પણ પાણીમાં કરાયેલી રેખા તરત જ નિવર્તન પામે તેવી હોય છે. તે જ પ્રમાણે બાહ્ય પદાર્થોને આશ્રયીને થયેલા ક્રોધમાં પણ તીવ્ર-મધ્યમ-વિમધ્યમ અને મંદ એ ચાર ભાવોની પ્રાપ્તિ છે. વળી વિવેકસંપન્ન

જીવ તત્ત્વાતત્ત્વની વિચારણા કરે છે, તે વખતે દુષ્કૃત પ્રત્યે જે દ્વેષ થાય છે તે ક્ષયોપશમભાવના ઉપયોગ આત્મક હોવાથી ક્ષમાદિને અનુકૂળ જીવના પરિણામ સ્વરૂપ છે, તેથી તે વખતે સાક્ષાત્ કષાયનો ઉદય નથી, પરંતુ કષાયનો ક્ષયોપશમભાવ વર્તે છે. તેથી તે ઉપયોગમાં પ્રાયઃ દેવગતિની જ પ્રાપ્તિ થવી જોઈએ, આ પ્રકારનો અર્થ અમને જણાય છે. વિશેષ બહુશ્રુતો વિચારે.

વળી જેઓને આ ચારે પ્રકારનો ક્રોધ નથી, તેઓ નિર્વાણને પામે છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જે મહાત્મા પોતાની જે ભૂમિકા અનુસાર જિનવચનનું દૃઢ અવલંબન લઈને દુષ્કૃત પ્રત્યે દ્વેષ કરે છે ત્યારે ચારે પ્રકારના કષાયોમાંથી કોઈ કષાયનો ઉપયોગ નથી; પરંતુ વિદ્યમાન તે ચારે કષાયો ક્ષયોપશમભાવને અભિમુખ જાય છે. તેથી જ દુષ્કૃત પ્રત્યેના દ્વેષનો પરિણામ, સુકૃતના અનુમોદનનો પરિણામ કે સુકૃતના સેવનનો પરિણામ દૃઢ પ્રણિધાનપૂર્વકનો વર્તતો હોય તો ક્ષયોપશમભાવને પામતા તે ચારે કષાયો અંતે ક્ષાયિકભાવમાં જાય છે ત્યારે આ ચારે કષાયો તેઓને નથી, તેથી તેઓ નિર્વાણને પામે છે. તેથી જેઓ ક્ષયોપશમભાવના ઉપયોગવાળા છે તેઓ નિર્વાણને પામતા નથી તોપણ નિર્વાણને અભિમુખ જાય છે.

માનકષાય :-

માનકષાયના પર્યાયવાચી બતાવે છે –

માન, સ્તંભ, ગર્વ, ઉત્સેક, અહંકાર, દર્પ, મદ, સ્મય એ બધા માનકષાયના અનર્થાન્તર છે.

કોઈ સત્કાર કરે ત્યારે જીવને પ્રીતિ થાય તે માન છે. કોઈ સત્કાર ન કરે ત્યારે તેને દર્પ થાય છે અર્થાત્ અહંકાર થાય છે કે આ મારો સત્કાર કરતા નથી તે પણ માન છે.

પોતાની ભૂમિકાનુસાર બધા આદર સત્કાર કરે, એવા ઉપયોગનું પ્રવર્તન, તે માનનો પરિણામ છે. જ્યારે ગુણવાન પ્રત્યેના નમ્રભાવનો ઉપયોગ વર્તતો હોય ત્યારે માનકષાયનો ક્ષયોપશમભાવ વર્તે છે. અન્યથા સ્વભૂમિકા અનુસાર ચાર કષાયોમાંથી નિમિત્તાનુસાર માનકષાયનો ઉપયોગ જીવને વર્તે છે.

તે માનના તીવ્ર આદિ ભાવોને આશ્રયીને દૃષ્ટાંતો આ પ્રમાણે છે : (૧) શૈલસ્તંભ, (૨) અસ્થિસ્તંભ, (૩) દારુસ્તંભ અને (૪) લતાસ્તંભ.

પર્વતના સ્તંભ જેવો તીવ્ર અર્થાત્ અનંતાનુબંધી માન છે. જેમ પર્વત સહેજ પણ નમે નહીં તેમ અનંતાનુબંધીમાનકષાયવાળો સહેજ પણ નમે નહીં. આવા પ્રકારનો માનકષાય નરકગતિનું કારણ છે.

હાડકાના સ્તંભ સદૃશ મધ્યમ અર્થાત્ અપ્રત્યાખ્યાનીય માનકષાય છે. જેમ હાડકાને તાપણાદિથી તપાવીને કંઈક યત્નથી વાળી શકાય છે, તોપણ તેને નમ્ર કરવું કંઈક કઠણ છે, તેમ જેનો માનકષાય મુશ્કેલીથી કાંઈક નમ્ર થાય તેવો છે; કેમ કે માનકષાય ઉચિત નથી તેવો કાંઈક બોધ છે, તેથી નિવર્તન પામે તેવો કંઈક અંશથી શિથિલ છે તેમનો માનકષાય અપ્રત્યાખ્યાનીય છે. આવા પ્રકારના માનકષાયનો ઉદય તિર્યંચગતિનું કારણ છે.

વળી દારુ=લાકડાના સ્તંભ, જેવો વિમધ્યમ અર્થાત્ પ્રત્યાખ્યાનાવરણીય માનકષાય છે. જેમ લાકડું પાણીમાં પલાળવા વગેરેની પ્રવૃત્તિ દ્વારા વાળવું શકય છે, તેમ જેનો માનકષાય અસ્થિના સ્તંભ કરતાં પણ કંઈક શીઘ્ર નમે તેવો છે તેમનો માનકષાય પ્રત્યાખ્યાનાવરણીય છે. આવા પ્રકારના માનકષાયનો ઉદય મનુષ્યગતિનું કારણ છે.

વળી લતાના સ્તંભ જેવો મંદ અર્થાત્ સંજ્વલન માનકષાય શીઘ્ર નિવર્તન પામે તેવો છે. જેમ વૃક્ષની લતાને સરળતાથી વાળી શકાય છે, તેમ સંજ્વલન માનકષાયવાળા જીવોને કોઈક નિમિત્તે માનકષાયના સ્વરૂપની ઉપસ્થિતિ થાય તો તરત નિવર્તન પામે છે. જેઓને ગુણો જ સાર લાગે છે અને ગુણવાન પ્રત્યે નમ્રભાવ જ જીવનો સુંદરભાવ છે તેવી બુદ્ધિ સ્થિર છે, છતાં પ્રમાદને વશ કોઈકથી અપાતા માનની અસર થાય કે તરત જ તે માનના કુત્સિત પરિણામનું સ્મરણ થાય, તેમનો માનકષાય સંજ્વલન છે. ગુણવાનના ગુણોને સ્મરણ કરીને નિરંહકારી મહાત્માઓ પ્રત્યે નમ્રભાવવાળા થાય છે, તેઓનો માનકષાય લતા જેવો હોય છે. આવા પ્રકારના માનકષાયનો ઉદય દેવગતિનું કારણ છે.

જે મહાત્માઓ ગુણવાનના ગુણોથી ભાવિત છે અને તેના કારણે લોકોથી આદર-સત્કાર થતો હોય તોપણ તેઓનું ચિત્ત ઉત્તમ ગુણવાન પુરુષોના ગુણોથી વાસિત હોવાને કારણે તેઓની જેમ ગુણો તરફ નમેલું જ છે, તેથી લોકોથી અપાતા માનની અસર પણ તેઓને થતી નથી, તેઓ માર્દવ સ્વભાવવાળા છે. માર્દવ સ્વભાવમાં આયુષ્યનો બંધ થાય તો અવશ્ય દેવભવની પ્રાપ્તિ થાય.

માયાકષાય :-

માયાકષાયના પર્યાયવાચી બતાવે છે –

માયા, પ્રણિધિ, ઉપધિ, નિકૃતિ, આચરણ, વંચના, દંભ, કૂટ, અતિસંધાન, અનાર્જવ એકાર્થવાચી છે.

કોઈને ઠગવાની વૃત્તિ છે તે માયા છે. કોઈ સાધુને સંયમના પરિણામમાં પ્રણિધાન ન હોય પરંતુ અસંયમની પ્રવૃત્તિમાં ચિત્ત પ્રવર્તતું હોય, ત્યારે અસંયમના પ્રણિધાનના કારણે પ્રણિધિરૂપ માયાની પ્રાપ્તિ થાય છે; કેમ કે પોતે ભાવથી સંયમી નથી, છતાં સંયમી દેખાડે છે. કોઈક ધર્મની ઉપાધિથી પદાર્થને અયથાર્થ રીતે બતાવવો તે ઉપધિરૂપ માયા છે. દા. ત. કોઈકમાં કોઈક ધર્મ ન હોય, પરંતુ સ્વકલ્પનાથી તે ધર્મનું આરોપણ કરીને તેવા સ્વરૂપવાળો તે છે એમ કહેવું તે ઉપધિરૂપ માયા છે.

નિકૃતિ આત્મવંચના છે. વિપરીત આચરણ=અંતરંગ પરિણામ કાંઈક હોય અને બાહ્ય કંઈક દેખાડવામાં આવે તે, માયા છે. કોઈને ઠગવામાં આવે તે વંચનારૂપ માયા છે. પોતે જેવો ન હોય તેવો દેખાડવા માટે દંભ કરે તે દંભરૂપ માયા છે. કોઈને ખોટું સાચું કહે તે કૂટરૂપ માયા છે.

કોઈને ઠગવામાં આવે તે અતિસંધાનરૂપ માયા છે. આર્જવસ્વભાવનો અભાવ તે અનાર્જવરૂપ માયા છે. તેથી માયાના પરિહારના અર્થીએ સદા આર્જવ સ્વભાવ પ્રાપ્ત થાય તેવો યત્ન કરવો જોઈએ.

આ માયાના તીવ્ર આદિ ભાવોને આશ્રયીને દૃષ્ટાંતો આ પ્રમાણે છે. (૧) વંશકુડંગસદૃશ, (૨) મેષવિષાણ સદૃશ, (૩) ગોમૂત્રિકા સદૃશ અને (૪) નિર્લેખન સદૃશ.

વંશકુડંગ અર્થાત્ વાંસનાં મૂળ અતિ વક્ર હોય છે, જેની વક્રતા કોઈ રીતે નિવારણ થઈ શકે તેવી નથી. આ વંશકુડંગ જેવી માયા તીવ્ર અર્થાત્ અનંતાનુબંધી માયા છે. જે જીવોને પોતાનામાં રહેલ માયાનો સ્વભાવ પોતાની ઇષ્ટ પ્રાપ્તિનો ઉપાય જણાય છે અને તેનાથી જ પોતે કુશળતાપૂર્વક સર્વ કાર્યો સાધી શકે તેવો બોધ છે તેવા જીવોમાં વર્તતી માયાની તીવ્રતા નિવર્તન પામે તેવી નથી. તે માયામાં ઉચિતતાનો બોધ હોવાના કારણે અનંત પ્રવાહ ચલાવે તેવા સામર્થ્યવાળી તે માયા છે, માટે તે માયાને તીવ્ર અર્થાત્ અનંતાનુબંધી માયા કહેવામાં આવે છે. આવા પ્રકારની માયા નરકગતિનું કારણ છે.

મેષવિષાણ=બકરીના શિંગડા, જેવી મધ્યમ અર્થાત્ અપ્રત્યાખ્યાનીય માયા છે. જે જીવો પોતે ક્યારેક માયા કરતા હોય, ત્યારે પણ આ માયા ઉચિત નથી તેવો કાંઈક બોધ હોય છે, આમ છતાં તે માયાના નિવર્તનને અભિમુખ કોઈ યત્ન કરતા નથી; પરંતુ અવિરતિના પરિણામને કારણે તે માયાથી થતા લાભને જ જોઈને તે માયામાં સદા પ્રયત્નવાળા રહે છે તે માયા મધ્યમકક્ષાની માયા છે. આવા પ્રકારની માયા તિર્યંચગતિનું કારણ છે.

ગોમૂત્રિકા=ગાયના મૂત્ર, સદૃશ વિમધ્યમ અર્થાત્ પ્રત્યાખ્યાનાવરણીય માયા છે. જેમ ગાયનું માત્રું જમીન ઉપર પડે, ત્યારે વાંકુંચૂકું હોય છે. તે ધૂળમાં પડેલ માત્રુની રેખા સુકાયા પછી પવનાદિના કારણે સીધી થાય છે; તેમ જેને પોતે માયા કરે છે તે ઉચિત નથી એવો બોધ છે; એટલું જ નહીં પણ, પ્રસંગે-પ્રસંગે કંઈક માયાને અલ્પ કરવા પ્રયત્ન પણ કરે છે તેવા જીવોની માયા ગોમૂત્રિકા સદૃશ હોય છે, તેથી સંવેગ-પૂર્વકના ઉપદેશ આદિને પામીને સુખપૂર્વક નિવર્તન પામે છે. આવા પ્રકારની માયા મનુષ્યગતિનું કારણ છે. તેથી તેવી માયા જ્યારે વર્તતી હોય તે વખતે જીવ મૃત્યુ પામે તો મનુષ્યગતિમાં જાય છે.

નિર્લેખન સદૃશ મંદભાવવાળી અર્થાત્ સંજ્વલન માયા છે. જેમ લેખનની ક્રિયાથી કોઈક વક્ર લીટી થયેલી હોય તેને અલ્પ આયાસથી સીધી કરી શકાય છે; તેમ જેઓ કષાય રહિત અવસ્થાના અત્યંત અર્થી છે અને સતત કષાયોના પ્રતિપક્ષના ભાવન દ્વારા આત્માને ભાવિત કરે છે, તેવા પણ જીવોને કોઈક નિમિત્તે માયાનો પરિણામ થાય અને તરત વિમર્શ થાય તો નિવર્તન પામે છે. જેમ ગોચરીમાં ગયેલ મહાત્માએ કોઈક વિશિષ્ટ દ્રવ્યને જોઈને પૃચ્છા કરી કે આજે કેમ આ બનાવેલ છે ? ત્યારે ભક્તિવાળા શ્રાવકે કહ્યું કે આજે મહેમાન આવવાના હતા તેથી બનાવ્યું છે. ત્યારે ભિક્ષા લેવા તરફનું કંઈક વલણ હોવાને કારણે શ્રાવકના તે વચનપ્રયોગમાં કાંઈક સકંપતા અને પાસે ઊભેલા અન્યના મુખ ઉપર હાસ્યને કારણે આ દોષિત છે, તેવો નિર્ણય હોવાની સંભાવના હોવા છતાં લેવાની વૃત્તિથી ભિક્ષા ગ્રહણ કરે છે, ત્યારે આત્મવંચનારૂપ ઈષદ્ માયા તે સાધુને પ્રાપ્ત થાય છે, છતાં ભિક્ષા ગ્રહણ કર્યા પછી શ્રાવકના વચનની સકંપતા અને અન્યના મુખના હાસ્યના બળથી આ ભિક્ષા દોષિત છે એવો નિર્ણય થાય છે. તેથી ગુરુ આગળ યથાર્થ પ્રકાશન કરે છે. તે વખતે થયેલી માયા ઉચિત વિચારણા દ્વારા નિવર્તન પામે તેવી હોવાથી મંદ ભાવવાળી હતી; તેમ જે જીવો કોઈપણ પ્રસંગે કોઈપણ માયાનો પરિણામ કરે ત્યારપછી વિમર્શ દ્વારા તે નિવર્તન પામે તેવો શિથિલ હોય તો તે નિર્લેખન સદશી મંદભાવવાળી

માયા છે. આવા પ્રકારની માયા દેવગતિનું કારણ છે, તેથી તેવી માયા જ્યારે વર્તતી હોય તે વખતે જીવ મૃત્યુ પામે તો દેવગતિમાં જાય છે.

વળી માયાના પ્રતિપક્ષનું ભાવન કરીને આર્જવભાવને પ્રગટ કરવા અર્થે ઉદ્યમ કરતા હોય તેમને માયાનો ક્ષયોપશમભાવનો પરિણામ હોવાથી તે ક્ષયોપશમભાવ ઉત્તર ઉત્તર વૃદ્ધિ પામીને મોક્ષનું કારણ છે. જીવ ક્ષયોપશમભાવના આર્જવભાવમાં મૃત્યુ પામે તો પ્રાયઃ દેવગતિમાં ઉત્પન્ન થાય છે.

લોભકષાય :-

લોભના પર્યાયવાચી બતાવે છે –

લોભ, રાગ, ગૃદ્ધિ, ઇચ્છા, મૂર્ચ્છા, સ્નેહ, કાંક્ષા, અભિષ્વંગ આ બધા એકાર્થવાચી શબ્દો છે.

વસ્તુની પ્રાપ્તિનો અભિલાષ એ લોભ છે. વસ્તુ પ્રત્યેનો રાગ એ લોભનો પર્યાય છે. ઇષ્ટવસ્તુમાં ગૃદ્ધિ એ પણ લોભનો જ પર્યાય છે. કોઈ વસ્તુની પ્રાપ્તિની ઇચ્છા તે પણ લોભનો જ પર્યાય છે. કોઈ વસ્તુની પ્રાપ્તિ થઈ હોય કે ન પણ થઈ હોય તોપણ વસ્તુ પ્રત્યેની મૂર્ચ્છા એ પણ લોભનો જ પર્યાય છે. વળી વસ્તુને જોઈને સ્નેહ થાય એ પણ લોભનો જ પરિણામ છે. વળી કોઈક વસ્તુને પ્રાપ્ત કરવાની કાંક્ષા છે તે પણ લોભનો પરિણામ છે. વળી કોઈક વસ્તુ પ્રત્યે અભિષ્વંગ=સ્નિગ્ધભાવ તે પણ લોભનો પરિણામ છે.

લોભના તીવ્ર આદિ ચાર ભેદો છે. લાક્ષાના રંગ જેવો તીવ્ર અર્થાત્ અનંતાનુબંધી લોભ છે. તેથી એ પ્રાપ્ત થાય કે લાક્ષાનો રંગ વસ્ત્ર ઉપર લાગેલો હોય તે અત્યંત સ્થિર હોય છે. વસ્ત્ર જીર્ણ થાય તોપણ તે રંગ જાય નહીં તેમ જે જીવોને લોભમાં સુખની બુદ્ધિ છે, તેથી તે લોભ તેને ત્યાગ કરવા યોગ્ય ભાસતો નથી, પરંતુ સુખનું જ અંગ છે તેવી બુદ્ધિ છે, તેથી ક્યારેય નિવર્તન પામે તેવો નથી; ફળરૂપે અનંત અનુબંધવાળો છે અર્થાત્ તે લોભના સંસ્કારો ઉત્તર ઉત્તરના લોભને અસ્ખલિત ઉત્પન્ન કરવા સમર્થ છે. આવા પણ લોભ કષાયવાળો જીવ કોઈક નિમિત્તને પામીને સમ્યક્ત્વ પામે તો ઉત્તરમાં તે લોભ તેને અસાર જણાય છે; છતાં પૂર્વમાં તે લોભનો પરિણામ એવો તીવ્ર હતો કે જે અનંત અનુબંધને ચલાવે તેવું સામર્થ્ય ધરાવતો હતો. આવા પ્રકારના કષાયમાં મૃત્યુ પામનાર જીવ નરકગતિમાં જાય છે. આથી જ મમ્મણ શેઠ લોભકષાયને વશ સાતમી નરકમાં ગયા છે.

વળી કર્દમરાગ જેવો મધ્યમ અર્થાત્ અપ્રત્યાખ્યાનીય લોભ છે. જેમ કાદવ વસ્ત્ર ઉપર લાગે તે પ્રયત્નથી દૂર થઈ શકે છે, તોપણ સુખપૂર્વક તે કાદવનો ડાઘ જતો નથી. આ રીતે જેઓને લોભકષાય સાર જણાતો નથી, તોપણ લોભકષાયને કારણે ધનાદિ પ્રાપ્ત થતા હોય, ત્યારે તેને ત્યાગ કરવાનો પરિણામ થતો નથી. આવો લોભનો કષાય કર્દમ રાગ જેવો છે. આથી જ જેઓને કાંઈક ધર્મબુદ્ધિ છે, તપ-ત્યાગ પ્રત્યે બહુમાન છે તોપણ લોભને વશ ધનાદિ મળતા હોય ત્યારે તેને સંકોચ કરવાર્થે કોઈ પરિણામ થતો નથી, પરંતુ તેના પ્રત્યે મૂર્ચ્છા જ વર્તે છે. આવા પ્રકારના કષાયમાં મૃત્યુ પામનાર જીવ તિર્યંચગતિમાં જાય છે.

વળી કુસુંભરાગ જેવો વિમધ્યમ અર્થાત્ પ્રત્યાખ્યાનીય લોભ છે, જે કર્દમરાગ કરતાં કંઈક સુખપૂર્વક

નિવર્તન પામે તેવો છે. કેસુડાના ફૂલનો રંગ વસ્તુ ઉપર લાગેલો હોય તો મહેનતથી જ દૂર થાય છે તેમ જેઓને લોભકષાય સારો નથી તેવી બુદ્ધિ છે અને પોતાને લોભકષાય થાય છે ત્યારે તેના નિવર્તન માટે કાંઈક યત્ન પણ કરે છે, છતાં તે લોભ મીઠો લાગે છે, તેથી શીઘ્ર નિવર્તન પામે તેવો નથી. આવા પ્રકારના કષાયમાં મૃત્યુ પામનાર જીવ મનુષ્યગતિમાં જાય છે.

વળી હળદરના રંગ જેવો મંદભાવવાળો અર્થાત્ સંજ્વલન લોભ છે. જેમ હળદરનો રંગ વસ્ત્રને અડે અને તેને સાફ કરીને તાપમાં રાખવામાં આવે તો તરત નિવર્તન પામે છે તેમ જેઓને કોઈક નિમિત્તે કોઈક વસ્તુ પ્રત્યે રાગ થયો હોય તોપણ રાગના વાસ્તવિક સ્વરૂપનું વિમર્શ કરે તો તે રાગ તરત નિવર્તન પામે છે, તે રાગ હળદરના રંગ જેવો છે. આવા પ્રકારના કષાયમાં મૃત્યુ પામનાર જીવ દેવગતિમાં જાય છે.

વળી જેઓને ગુણો પ્રત્યેનો રાગ વર્તે છે તેઓ સ્વભૂમિકાનુસાર ગુણની વિચારણા કરતા હોય, ગુણ પ્રાપ્તિના ઉપાયોની વિચારણા કરતા હોય, ગુણવાન પ્રત્યે બહુમાનવાળા હોય તે વખતે તેઓનો રાગ લોભના ક્ષયોપશમભાવના પરિણામ સ્વરૂપ છે, તેથી પ્રશસ્ત એવો તે રાગ અવશ્ય દેવગતિનું કારણ બને છે. જે જીવોમાં સમ્યક્ત્વ વિદ્યમાન છે તેઓને સર્વવિરતિ પ્રત્યેનો ઉત્કટ રાગ હોવાને કારણે ભોગાદિ કરતા હોય ત્યારે પણ તેના નિવર્તન માટેનો કંઈક સૂક્ષ્મ યત્ન ચાલતો હોય છે, તેથી તેઓની સંવેગસારા પાપપ્રવૃત્તિ હોય છે. તેના કારણે તેઓ કોઈપણ કષાયના ઉપયોગમાં મરે તોપણ દેવગતિમાં જાય છે. પરંતુ પ્રમાદયુક્ત જીવોને અપ્રત્યાખ્યાનીય આદિ કષાયો ગુણસ્થાનકથી પાત કરાવીને તિર્યંચ આદિ ગતિની પ્રાપ્તિ કરાવે છે.

વળી આ ક્રોધ, માન, માયા, લોભ ચાર કષાયોના વિરોધના પરિણામરૂપ અને ક્રોધાદિના સંસ્કારોના નાશના હેતુભૂત ક્ષમા, માર્દવ, આર્જવ અને સંતોષ આત્મક ચાર પરિણામો છે. જે મહાત્મા પોતાની ભૂમિકા અનુસાર ક્ષમાદિ ભાવોના સ્વરૂપનો યથાર્થ બોધ કરીને તે ભાવોના સંસ્કારો આધાન થાય તેવો યત્ન કરે છે ત્યારે મિથ્યાત્વ અવસ્થા હોય તોપણ ક્ષમા આદિ ભાવોને અનુકૂળ રાગનો ઉપયોગ પ્રવર્તતો હોય તો ક્રોધાદિ ચારે કષાયોમાંથી ઔદયિકભાવનો કોઈનો ઉપયોગ નથી, પરંતુ ક્ષયોપશમભાવનો ઉપયોગ છે. તેથી તે વખતે તે જીવો અકષાયવાળા છે. આ ક્ષમાદિ ચાર ઉપયોગો ક્રોધાદિ ચાર કષાયના પ્રત્યનીકભૂત છે=વિરુદ્ધ પરિણામ સ્વરૂપ છે, અને આત્મામાં વર્તતી ક્રોધાદિની પરિણતિના પ્રતિઘાતના હેતુ છે. તેથી ઉદયમાન એવા તે તે કષાયો ક્ષમાદિના ઉપયોગથી ક્ષયોપશમભાવને પામતા હોય છે અને ક્ષયોપશમભાવની વૃદ્ધિ દ્વારા ક્ષાયિકભાવ તરફ જતા હોય છે. **॥૮/૧૦॥**

અવતરણિકા :-

હવે ક્રમપ્રાપ્ત ચાર આયુષ્ય કહે છે –

સૂત્ર :-

नारकतैर्यग्योनमानुषदैवानि ।।८/११।।

सूत्रार्थ :-

नारक=नरकगति संबंधी, तैर्यग्योन=तिर्यंचगति संबंधी, मानुष=मनुष्यगति संबंधी, अने दैव=देवगति संबंधी, (એમ ચાર પ્રકારનાં આયુષ્ય છે એમ અન્વય છે.) ॥८/११॥

भाष्य :-

आयुष्कं चतुर्भेदम् — नारकं, तैर्यग्योनं, मानुषं, दैवमिति ॥८/११॥

भाष्यार्थ :-

आयुष्कं ..... दैवमिति ॥ आयुष्क चार भेदवाळुं छे : नारक=नरकगति संबंधी आयुष्य, तैर्यग्योन= तिर्यंचगति संबंधी आयुष्य, मानुष=मनुष्यगति संबंधी आयुष्य, अने दैव=देवगति संबंधी आयुष्य.

'इति' शब्द चार प्रकारना आयुष्यना भेदोनी समाप्ति अर्थे छे. ॥८/११॥

भावार्थ :-

આયુષ્યકર્મબંધને અનુકૂળ અધ્યવસાયથી આયુષ્યબંધ થાય છે. તે અધ્યવસાય પ્રમાદદશાનો પરિણામ છે. જે પરિણામમાં ચડ-ઊતર થતી હોય તેવા ઘોલના પરિણામથી આયુષ્ય બંધાય છે. શુભ અધ્યવસાયથી થતો આયુષ્યકર્મનો બંધ સદ્ગતિનો હોય છે જ્યારે અશુભ અધ્યવસાયથી થતો આયુષ્યકર્મનો બંધ દુર્ગતિનો હોય છે. સામાન્યથી મનુષ્ય તથા તિર્યંચોને પોતાના જીવનના ત્રીજા-ત્રીજા ભાગે જો તે પ્રકારનો અધ્યવસાય થાય તો ત્યારે આયુષ્ય બંધાય છે; અન્યથા જીવનના અંત સમયે તે બંધાય જ છે. દેવોને તથા પ્રાયઃ નારકોને જીવનના અંતિમ છ મહિનામાં આયુષ્ય બંધાય છે. તે આયુષ્યબંધાનુસાર તે તે ભવની પ્રાપ્તિ થાય છે. તે ભવ નવા કર્મબંધ, કર્મનો ઉદય, કર્મનો ક્ષયોપશમ, કર્મનો ઉપશમ આદિ પ્રત્યે દ્રવ્યાદિ પાંચ કારણો અંતર્ગત એક કારણ બને છે. તેથી અપેક્ષાએ ભવની પ્રાપ્તિ પણ ભાવિના હિત સાથે કે ભાવિના અહિત સાથે પ્રબળ કારણરૂપે જોડાયેલ છે. માટે ભાવિના અહિતના રક્ષણાર્થે ઉત્તરનો ભવ સુંદર પ્રાપ્ત થાય તે માટે સતત યત્ન કરવો જોઈએ. **॥८/११॥**

अवतरणिका :-

हवे क्रमप्राप्त नामकर्मना भेदो कहे छे —

सूत्र :-

गतिजातिशरीराङ्गोपाङ्गनिर्माणबन्धनसङ्घातसंस्थानसंहननस्पर्शरसगन्ध-वर्णानुपूर्व्यगुरुलघूपघातपराघातातपोद्योतोच्छ्वासविहायोगतयः प्रत्येकशरीरत्रससुभग-सुस्वरशुभसूक्ष्मपर्याप्तस्थिरादेययशांसि सेतराणि तीर्थकृत्त्वं च ॥८/१२॥

સૂત્રાર્થ :-

ગતિ, જાતિ, શરીર, અંગોપાંગ, નિર્માણ, બંધન, સંઘાતન, સંસ્થાન, સંહનન, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, આનુપૂર્વી, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, આતપ, ઉદ્યોત, ઉચ્છ્વાસ, વિહાયોગતિ, પ્રત્યેક, શરીર, ત્રસ, સુભગ, સુસ્વર, શુભ, સૂક્ષ્મ, પર્યાપ્ત, સ્થિર, આદેય, યશ ઈતરપૂર્વક=પ્રત્યેકાદિ દશ પ્રકૃતિઓથી ઈતરપૂર્વક, એવી દશ પ્રકૃતિઓ અને તીર્થંકર. ॥૮/૧૨॥

ભાષ્ય :-

गतिनाम जातिनाम शरीरनाम अङ्गोपाङ्गनाम निर्माणनाम बन्धननाम सङ्घातनाम संस्थाननाम संहनननाम स्पर्शनाम रसनाम गन्धनाम वर्णनाम आनुपूर्वीनाम अगुरुलघुनाम उपघातनाम पराघातनाम आतपनाम उद्योतनाम उच्छ्वासनाम विहायोगतिनाम । प्रत्येकशरीरादीनां सेतराणां नामानि । तद्यथा — प्रत्येकशरीरनाम साधारणशरीरनाम त्रसनाम स्थावरनाम सुभगनाम दुर्भगनाम सुस्वरनाम दुःस्वरनाम शुभनाम अशुभनाम सूक्ष्मनाम बादरनाम पर्याप्तनाम अपर्याप्तनाम स्थिरनाम अस्थिरनाम आदेयनाम अनादेयनाम यशोनाम अयशोनाम तीर्थकरनाम इत्येतद् द्विचत्वारिंशद्विधं मूलभेदतो नामकर्म भवति ।

उत्तरनामानेकविधम् । तद्यथा — गतिनाम चतुर्विधम् — नरकगतिनाम, तिर्यग्योनिगतिनाम, मनुष्यगतिनाम, देवगतिनाम ।

जातिनाम्नो मूलभेदाः पञ्च । तद्यथा — एकेन्द्रियजातिनाम, द्वीन्द्रियजातिनाम, त्रीन्द्रियजातिनाम, चतुरिन्द्रियजातिनाम, पञ्चेन्द्रियजातिनामेति ।

एकेन्द्रियजातिनामानेकविधम् । तद्यथा — पृथिवीकायिकजातिनाम, अप्कायिकजातिनाम, तेजःकायिकजातिनाम, वायुकायिकजातिनाम, वनस्पतिकायिकजातिनामेति ।

तत्र पृथिवीकायिकजातिनामानेकविधम् । तद्यथा — शुद्धपृथिवीशर्करावालुकोपलशिलालवणाय-स्त्रपुताम्रसीसकरूप्यसुवर्णवज्रहरितालहिङ्गुलकमनःशिलासस्यकाञ्जनप्रवालकाभ्रपटाभ्रवालिका-जातिनामादि गोमेदकरुचकाङ्कस्फटिकलोहिताक्षजलावभासवैडूर्यचन्द्रप्रभचन्द्रकान्तसूर्यकान्त-जलकान्तमसारगल्वाश्मगर्भसौगन्धिकपुलकारिष्टकाञ्जनमणिजातिनामादि च ।

अप्कायिकजातिनामानेकविधम् । तद्यथा — उपक्लेदावश्यायनीहारहिमघनोदकशुद्धोदकजाति-नामादि ।

तेजःकायिकजातिनामानेकविधम् । तद्यथा — अङ्गारज्वालाऽलातार्चिर्मुर्मुरशुद्धाग्निजातिनामादि ।

वायुकायिकजातिनामानेकविधम् । तद्यथा — उत्कलिकामण्डलिकाझञ्झकाघनसंवर्तकजाति-नामादि ।

वनस्पतिकायिकजातिनामानेकविधम् । तद्यथा — कन्द-मूल-स्कन्ध-त्वक्-काष्ठ-पत्र-प्रवाल-पुष्प-फल-गुल्म-गुच्छ-लता-वल्ली-तृण-पर्व-काय-शेवाल-पनक-वलक-कुहनजातिनामादि ।

एवं द्वीन्द्रियजातिनामानेकविधम्, एवं त्रीन्द्रियचतुरिन्द्रियपञ्चेन्द्रियजातिनामादीन्यपि ।

शरीरनाम पञ्चविधम्, तद्यथा — औदारिकशरीरनाम, वैक्रियशरीरनाम, आहारकशरीरनाम, तैजसशरीरनाम, कार्मणशरीरनामेति ।

अङ्गोपाङ्गनाम त्रिविधम् । तद्यथा — औदारिकाङ्गोपाङ्गनाम, वैक्रियशरीराङ्गोपाङ्गनाम, आहारकशरीराङ्गोपाङ्गनाम । पुनरेकैकमनेकविधम् । तद्यथा-अङ्गनाम तावत् शिरोनाम, उरोनाम, पृष्ठनाम, बाहुनाम, उदरनाम, पादनाम । उपाङ्गनामानेकविधम् । तद्यथा — स्पर्शनाम, रसनाम, घ्राणनाम, चक्षुर्नाम, श्रोत्रनाम ।

तथा मस्तिष्ककपालकृकाटिकाशङ्खललाटतालुकपोलहनुचिबुकदशनौष्ठभ्रूनयनकर्णनासाद्यु-पाङ्गनामानि शिरसः । एवं सर्वेषामङ्गानामुपाङ्गानां नामानि ।

जातिलिङ्गाकृतिव्यवस्थानियामकं निर्माणनाम ।

सत्यां प्राप्तौ निर्मितानामपि शरीराणां बन्धकं बन्धननाम । अन्यथा हि वालुकापुरुषवदनद्धानि शरीराणि स्युरिति ।

बद्धानामपि च सङ्घातविशेषजनकं प्रचयविशेषात् सङ्घातनाम दारुमृत्पिण्डायःसङ्घातवत् ।

संस्थाननाम षड्विधम् । तद्यथा — समचतुरस्रनाम, न्यग्रोधपरिमण्डलनाम, सादिनाम, कुब्जनाम, वामननाम, हुण्डनामेति ।

संहनननाम षड्विधम् । तद्यथा — वज्रर्षभनाराचनाम, अर्धवज्रर्षभनाराचनाम, नाराचनाम, अर्धनाराचनाम, कीलिकानाम, सृपाटिकानामेति ।

स्पर्शनामाष्टविधं कठिननामादि । रसनामानेकविधं तिक्तनामादि । गन्धनामानेकविधं सुरभि-गन्धनामादि । वर्णनामानेकविधं कालनामादि ।

गतावुत्पत्तुकामस्यान्तर्गतौ वर्तमानस्य तदभिमुखमानुपूर्व्या तत्प्रापणसमर्थमानुपूर्वीनामेति । निर्माण-निर्मितानां शरीराङ्गोपाङ्गानां विनिवेशक्रमनियामकमानुपूर्वीनामेत्यपरे ।

अगुरुलघुपरिणामनियामकमगुरुलघुनाम । शरीराङ्गोपाङ्गोपघातकमुपघातनाम, स्वपराक्रमविजयाद्युपघातजनकं वा । परत्रासप्रतिघातादिजनकं पराघातनाम । आतपसामर्थ्यजनकमातपनाम । प्रकाशसामर्थ्यजनकमुद्योतनाम । प्राणापानपुद्गलग्रहणसामर्थ्यजनकमुच्छ्वासनाम । लब्धिशिक्षर्द्धिप्रत्ययस्याकाशगमनस्य जनकं विहायोगतिनाम । पृथक्शरीरनिर्वर्तकं प्रत्येकशरीरनाम, अनेकजीवसाधारणशरीरनिर्वर्तकं साधारणशरीरनाम । त्रसभावनिर्वर्तकं त्रसनाम । स्थावरभावनिर्वर्तकं स्थावरनाम । सौभाग्यनिर्वर्तकं सुभगनाम । दौर्भाग्यनिर्वर्तकं दुर्भगनाम । सौस्वर्यनिर्वर्तकं सुस्वरनाम, दौःस्वर्यनिर्वर्तकं दुःस्वरनाम । शुभभावशोभामाङ्गल्यनिर्वर्तकं शुभनाम । तद्विपरीतनिर्वर्तकं अशुभनाम । सूक्ष्मशरीरनिर्वर्तकं सूक्ष्मनाम । बादरशरीरनिर्वर्तकं बादरनाम ।

पर्याप्तिः पञ्चविधा । तद्यथा – आहारपर्याप्तिः, शरीरपर्याप्तिः, इन्द्रियपर्याप्तिः, प्राणापानपर्याप्तिः, भाषापर्याप्तिरिति । पर्याप्तिः क्रियापरिसमाप्तिरात्मनः । शरीरेन्द्रियवाङ्मनःप्राणापानयोग्यदलिकद्रव्याहरणक्रियापरिसमाप्तिराहारपर्याप्तिः । गृहीतस्य शरीरतया संस्थापनक्रियापरिसमाप्तिः शरीरपर्याप्तिः । संस्थापनं रचना घटनमित्यर्थः । त्वगादीन्द्रियनिर्वर्तनक्रियापरिसमाप्तिरिन्द्रियपर्याप्तिः । प्राणापानक्रियायोग्यद्रव्यग्रहणनिसर्गशक्तिनिर्वर्तनक्रियापरिसमाप्तिः प्राणापानपर्याप्तिः । भाषायोग्यद्रव्यग्रहणनिसर्गशक्तिनिर्वर्तनक्रियापरिसमाप्तिर्भाषापर्याप्तिः । मनस्त्वयोग्यद्रव्यग्रहणनिसर्गशक्तिनिर्वर्तनक्रियापरिसमाप्तिर्मनःपर्याप्तिरित्येके । आसां युगपदारब्धानामपि क्रमेण समाप्तिरुत्तरोत्तरसूक्ष्मतरत्वात् सूत्रदार्वादिकर्तनघटनवत् । यथासङ्ख्यं च निदर्शनानि – गृहदलिकग्रहणस्तम्भस्थूणाद्वारप्रवेशनिर्गमस्थानशयनादिक्रियानिर्वर्तनानीति । पर्याप्तिनिर्वर्तकं पर्याप्तिनाम, अपर्याप्तिनिर्वर्तकमपर्याप्तिनाम, (अपर्याप्तिनाम) तत्परिणामयोग्यदलिकद्रव्यमात्म(ना)नोपात्तमित्यर्थः । स्थिरत्वनिर्वर्तकं स्थिरनाम । विपरीतमस्थिरनाम । आदेयभावनिर्वर्तकमादेयनाम, विपरीतमनादेयनाम । यशोनिर्वर्तकं यशोनाम, तद्विपरीतमयशोनाम । तीर्थकरत्वनिर्वर्तकं तीर्थकरनाम । तांस्तान् भावान् नामयतीति नाम । एवं सोत्तरभेदो नामकर्मभेदोऽनेकविधः प्रत्येतव्यः ।।८/१२।।

ભાષ્યાર્થ :–

गतिनाम ..... प्रत्येतव्यः ।। ગતિનામકર્મ, જાતિનામકર્મ, શરીરનામકર્મ, અંગોપાંગનામકર્મ, નિર્માણનામકર્મ, બંધનનામકર્મ, સંઘાતનામકર્મ, સંસ્થાનનામકર્મ, સંહનનનામકર્મ, સ્પર્શનામકર્મ, રસનામકર્મ, ગંધનામકર્મ, વર્ણનામકર્મ, આનુપૂર્વીનામકર્મ, અગુરુલઘુનામકર્મ, ઉપઘાતનામકર્મ, પરાઘાતનામકર્મ, આતપનામકર્મ, ઉદ્યોતનામકર્મ, ઉચ્છ્વાસનામકર્મ, વિહાયોગતિનામકર્મ; પ્રત્યેકશરીર આદિ નામકર્મ ઈતરપૂર્વક. તે આ પ્રમાણે – પ્રત્યેકશરીરનામકર્મ-સાધારણશરીરનામકર્મ, ત્રસનામકર્મ-સ્થાવરનામકર્મ, સુભગનામકર્મ-દુર્ભગનામકર્મ, સુસ્વરનામકર્મ-દુઃસ્વરનામકર્મ, શુભનામકર્મ-અશુભનામકર્મ, સૂક્ષ્મનામકર્મ-

બાદરનામકર્મ, પર્યાપ્તનામકર્મ-અપર્યાપ્તનામકર્મ, સ્થિરનામકર્મ-અસ્થિરનામકર્મ, આદેયનામકર્મ-અનાદેયનામકર્મ, યશનામકર્મ-અયશનામકર્મ, (તથા) તીર્થંકરનામકર્મ. એ પ્રમાણે આ ૪૨ પ્રકારે મૂળભેદથી નામકર્મ છે.

અને ઉત્તરનામપ્રકૃતિ અનેક પ્રકારે છે. તે આ પ્રમાણે — ગતિનામકર્મ ચાર પ્રકારે — નરકગતિનામકર્મ, તિર્યંચયોનિગતિનામકર્મ, મનુષ્યગતિનામકર્મ, દેવગતિનામકર્મ.

જાતિનામકર્મના મૂળભેદો પાંચ છે. તે આ પ્રમાણે — એકેન્દ્રિયજાતિનામકર્મ, બેઇન્દ્રિયજાતિનામકર્મ, તેઇન્દ્રિયજાતિનામકર્મ, ચઉરિન્દ્રિયજાતિનામકર્મ, પંચેન્દ્રિયજાતિનામકર્મ.

'इति' શબ્દ જાતિનામકર્મના પાંચ પ્રકારોની સમાપ્તિ અર્થે છે.

એકેન્દ્રિય જાતિનામકર્મ અનેક પ્રકારનું છે. તે આ પ્રમાણે —

પૃથ્વીકાયજાતિનામકર્મ, અપ્કાયજાતિનામકર્મ, તેઉકાયજાતિનામકર્મ, વાઉકાયજાતિનામકર્મ, વનસ્પતિકાયજાતિનામકર્મ.

'इति' શબ્દ એકેન્દ્રિયજાતિનામકર્મના પાંચ પ્રકારોની સમાપ્તિ અર્થે છે.

ત્યાં પૃથ્વીકાયજાતિનામકર્મ અનેક પ્રકારનું છે. તે આ પ્રમાણે — શુદ્ધપૃથ્વી, શર્કરા, વાલુકા, ઉપલ, શિલા, લવણ, અયઃ=લોઢું, ત્રપુ, તામ્ર, સીસક, રૂપ્ય, સુવર્ણ, વજ્ર, હરિતાલ, હિંગલુક, મનઃશિલા, સસ્ય, કાંચન, પ્રવાલક, અભ્રપટલ, અભ્રવાલિકા જાતિનામકર્મ આદિ અને ગોમેદક, રુચક, અંક, સ્ફટિક, લોહિતાક્ષ, જલાવભાસ, વૈડૂર્ય, ચંદ્રપ્રભ, ચંદ્રકાંત, સૂર્યકાંત, જલકાંત, મસારગલ્લ, અશ્મગર્ભ, સૌગન્ધિક, પુલક, અરિષ્ટ, કાંચનમણિજાતિનામકર્માદિ.

અપ્કાયજાતિનામકર્મ પણ અનેક પ્રકારનું છે. તે આ પ્રમાણે — ઉપક્લેદ, અવશ્યાય=ઝાકળ, નીહાર, હિમ, ઘનોદક શુદ્ધોદકજાતિનામકર્માદિ.

તેઉકાયજાતિનામકર્મ અનેક પ્રકારનું છે. તે આ પ્રમાણે — અંગાર, જ્વાલા, અલાત, અર્ચિ, મુર્મુર, શુદ્ધઅગ્નિ જાતિનામકર્માદિ.

વાઉકાયજાતિનામકર્મ અનેક પ્રકારનું છે. તે આ પ્રમાણે — ઉત્કલિકા, મંડલિકા, ઝંઝકા, ઘનસંવર્તક-જાતિનામકર્માદિ.

વનસ્પતિકાયજાતિનામકર્મ અનેક પ્રકારનું છે. તે આ પ્રમાણે — કંદ, મૂળ, સ્કંધ, ત્વચ્, કાષ્ઠ, પત્ર, પ્રવાલ, પુષ્પ, ફલ, ગુલ્મ, ગુચ્છ, લતા, વલ્લી, તૃણ, પર્વ, કાય, શેવાલ, પનક, વલક, કુહનજાતિનામકર્માદિ.

એ પ્રમાણે બેઇન્દ્રિયજાતિનામકર્મ અનેક પ્રકારનું છે. એ પ્રમાણે તેઇન્દ્રિય, ચઉરિંદ્રિય, પંચેન્દ્રિય જાતિનામકર્માદિ પણ અનેક પ્રકારનું છે.

શરીરનામકર્મ પાંચ પ્રકારનું છે. તે આ પ્રમાણે — ઔદારિકશરીરનામકર્મ, વૈક્રિયશરીરનામકર્મ, આહારકશરીરનામકર્મ, તૈજસશરીરનામકર્મ, કાર્મણશરીરનામકર્મ.

'इति' શબ્દ શરીરનામકર્મના પાંચ પ્રકારોની સમાપ્તિ અર્થે છે.

અંગોપાંગનામકર્મ ત્રણ પ્રકારનું છે. તે આ પ્રમાણે – ઔદારિકશરીરઅંગોપાંગનામકર્મ, વૈક્રિય-શરીરઅંગોપાંગનામકર્મ, આહારકશરીરઅંગોપાંગનામકર્મ,

વળી એકેક=ઔદારિકશરીરઅંગોપાંગનામકર્મ આદિ એકેક, અનેક પ્રકારનું છે. તે આ પ્રમાણે – તેમાં અંગનામકર્મ (આ પ્રમાણે છે –) શિરનામકર્મ, ઉરનામકર્મ, પૃષ્ઠનામકર્મ, બાહુનામકર્મ, ઉદરનામ-કર્મ, પાદનામકર્મ. ઉપાંગનામકર્મ અનેક પ્રકારનું છે. તે આ પ્રમાણે – સ્પર્શનામકર્મ, રસનામકર્મ, ઘ્રાણનામકર્મ, ચક્ષુનામકર્મ, શ્રોત્રનામકર્મ. તથા મસ્તિક, કપાલ, કૃકાટિકા, શંખલ, લાટ, તાળવું, કપાળ, દાઢી, ચિબુક, દશન, ઓષ્ઠ, ભ્રમર, નયન, કર્ણ, નાસિકાદિ ઉપાંગ મસ્તકના છે. એ પ્રમાણે સર્વ અંગ-ઉપાંગોનાં નામકર્મો છે.

જાતિમાં લિંગ અને આકૃતિની વ્યવસ્થાનું નિયામક નિર્માણનામકર્મ છે. નિર્મિત એવા શરીરની પ્રાપ્તિ થયે છતે બંધક=શરીરનો જીવપ્રદેશ સાથે બંધક, બંધનનામકર્મ છે. અન્યથા વાલુકાના=રેતીના, પુરુષની જેમ અબદ્ધ શરીરો થાય.

બદ્ધ થયેલા શરીરનું પ્રચયવિશેષથી સંઘાતવિશેષ જનક સંઘાતનામકર્મ છે, કાષ્ઠ, માટીના પિંડ અને લોખંડના પિંડના સંઘાતની જેમ.

સંસ્થાનનામકર્મ છ પ્રકારનું છે. તે આ પ્રમાણે – સમચતુરસ્રસંસ્થાનનામકર્મ, ન્યગ્રોધપરિમંડલસંસ્થાન-નામકર્મ, આદિસંસ્થાનનામકર્મ, કુબ્જસંસ્થાનનામકર્મ, વામનસંસ્થાનનામકર્મ, હુંડકસંસ્થાનનામકર્મ.

'इति' શબ્દ સંસ્થાનનામકર્મના છ પ્રકારોની સમાપ્તિ અર્થે છે.

સંઘયણનામકર્મ છ પ્રકારનું છે. તે આ પ્રમાણે – વજ્રઋષભનારાચસંઘયણનામકર્મ, અર્ધવજ્રઋષભ-નારાચસંઘયણનામકર્મ, નારાચસંઘયણનામકર્મ, અર્ધનારાચસંઘયણનામકર્મ, કીલિકાસંઘયણનામકર્મ, સૃપાટિકાસંઘયણનામકર્મ.

'इति' શબ્દ સંઘયણનામકર્મના છ પ્રકારોની સમાપ્તિ અર્થે છે.

સ્પર્શનામકર્મ આઠ પ્રકારનું કઠિનનામકર્માદિ. રસનામકર્મ અનેક પ્રકારનું તિક્તનામકર્માદિ. ગંધનામકર્મ અનેક પ્રકારનું સુરભિગંધનામકર્માદિ. વર્ણનામકર્મ અનેક પ્રકારનું કાલનામકર્માદિ.

બીજી ગતિમાં ઉત્પત્તિની કામનાવાળા જીવને અંતરંગ ગતિમાં=અંતરાલમાં, વર્તતા જીવને તેના અભિમુખ=નવી ગતિને અભિમુખ, આનુપૂર્વીથી તેના પ્રાપણમાં સમર્થ=પ્રાપ્ત કરવા યોગ્ય ગતિના પ્રાપણમાં સમર્થ, આનુપૂર્વીનામકર્મ છે. નિર્માણનામકર્મથી નિર્મિત શરીર અને અંગોપાંગના વિનિવેશનો જે ક્રમ=સ્થાપનાનો જે ક્રમ, તેનું નિયામક આનુપૂર્વી છે તેમ બીજા કહે છે.

અગુરુલઘુના પરિણામનું નિયામક અગુરુલઘુનામકર્મ છે. શરીર, અંગ અને ઉપાંગનું ઉપઘાતક ઉપઘાતનામકર્મ છે. અથવા સ્વપરાક્રમ અને વિજય આદિના ઉપઘાતનું જનક ઉપઘાતનામકર્મ છે.

પરને ત્રાસ, પરની પ્રતિભાનો પ્રતિઘાત, પરને સંક્ષોભાદિ જનક પરાઘાતનામકર્મ છે. આતપના સામર્થ્યનું જનક આતપનામકર્મ છે. પ્રકાશના સામર્થ્યનું જનક ઉદ્યોતનામકર્મ છે. શ્વાસોચ્છ્વાસના પુદ્ગલના ગ્રહણના સામર્થ્યનું જનક ઉચ્છ્વાસનામકર્મ છે. લબ્ધિપ્રત્યયને કારણે=લબ્ધિહેતુને કારણે અને શિક્ષાની ઋદ્ધિ પ્રત્યયને કારણે=શિક્ષણ લેવાને કારણે, આકાશગમનનું જનક વિહાયોગતિનામકર્મ છે.

સ્વતંત્ર શરીરનું નિર્વર્તક કર્મ પ્રત્યેકશરીરનામકર્મ છે. અનેક જીવોનું એક શરીર તે સાધારણ શરીર તેનું નિર્વર્તક કર્મ સાધારણશરીરનામકર્મ છે. ત્રસભાવનું નિર્વર્તક કર્મ ત્રસનામકર્મ છે. સ્થાવરભાવનું નિર્વર્તક કર્મ સ્થાવરનામકર્મ છે. સૌભાગ્યનું નિર્વર્તક કર્મ સુભગનામકર્મ છે. દોર્ભાગ્યનું નિર્વર્તક કર્મ દુર્ભગનામકર્મ છે. સુસ્વરનું નિર્વર્તક કર્મ સુસ્વરનામકર્મ છે. દુઃસ્વરનું નિર્વર્તક કર્મ દુઃસ્વરનામકર્મ છે. શુભભાવનું=શરીરના શુભભાવનું, શોભાનું=શરીરની શોભાનું, અને માંગલ્યનું=શરીરના માંગલ્યનું, નિર્વર્તક શુભનામકર્મ છે, તેનાથી વિપરીત અશુભનામકર્મ છે. સૂક્ષ્મશરીરનું નિર્વર્તક સૂક્ષ્મનામકર્મ છે, બાદરશરીરનું નિર્વર્તક બાદરનામકર્મ છે.

પર્યાપ્તિ પાંચ પ્રકારની છે. તે આ પ્રમાણે – આહારપર્યાપ્તિ, શરીરપર્યાપ્તિ, ઇંદ્રિયપર્યાપ્તિ, શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ, ભાષાપર્યાપ્તિ.

'इति' શબ્દ પર્યાપ્તિના પાંચ પ્રકારોની સમાપ્તિ અર્થે છે.

પર્યાપ્તિની વ્યાખ્યા કરે છે -

આત્માની ક્રિયાની પરિસમાપ્તિ પર્યાપ્તિ છે.

શરીર, ઇંદ્રિય, વાણી, મન, પ્રાણાપાન યોગ્ય દલિકરૂપ દ્રવ્યના ગ્રહણની ક્રિયા એની પરિસમાપ્તિ આહારપર્યાપ્તિ છે.

ગૃહીત એવા દલિકને શરીરપણારૂપે સંસ્થાપનની ક્રિયાની પરિસમાપ્તિ શરીરપર્યાપ્તિ છે.

સંસ્થાપનના પર્યાયવાચી બતાવે છે –

સંસ્થાપન, રચના, ઘટન એ સંસ્થાપન શબ્દનો અર્થ છે.

ત્વચાદિ=ચામડી આદિ, ઇંદ્રિય નિર્વર્તનની ક્રિયાની પરિસમાપ્તિ ઇંદ્રિયપર્યાપ્તિ છે. પ્રાણાપાન-ક્રિયાયોગ્ય દ્રવ્યના ગ્રહણ-નિસર્ગની શક્તિ, તેના નિર્વર્તનની ક્રિયા તેની પરિસમાપ્તિ પ્રાણાપાન-પર્યાપ્તિ છે. ભાષાયોગ્ય દ્રવ્યના ગ્રહણ-નિસર્ગની શક્તિ તેના નિર્વર્તનની ક્રિયાની પરિસમાપ્તિ તે ભાષાપર્યાપ્તિ છે. મનપણાયોગ્ય દ્રવ્યના ગ્રહણ-નિસર્ગની શક્તિ તેના નિર્વર્તનની ક્રિયાની પરિસમાપ્તિ મનઃપર્યાપ્તિ છે, તે પ્રમાણે એક આચાર્ય કહે છે.

યુગપદ્ આરબ્ધ પણ આ પર્યાપ્તિઓની ક્રમથી સમાપ્તિ થાય છે; કેમ કે ઉત્તર-ઉત્તરનું સૂક્ષ્મતર-પણું છે. સૂત્રકર્તન=સૂતરનું કાંતણ, અને દારુઘટન=લાકડાના ઘડવા, આદિની જેમ ઉત્તર ઉત્તરની

પર્યાપ્તિઓનું સૂક્ષ્મપણું હોવાથી ક્રમથી સમાપ્તિ છે, એમ અન્વય છે. અને યથાસંખ્ય=યથાક્રમ, છ પર્યાપ્તિનાં દૃષ્ટાંતો છે. જેમ પ્રથમ ઘરની સામગ્રીનું ગ્રહણ થાય છે એમ પ્રથમ આહારપર્યાપ્તિ દ્વારા અન્ય પર્યાપ્તિની સામગ્રીનું ગ્રહણ થાય છે. ત્યારપછી સ્તંભ નિર્માણ કરાય છે તેમ શરીરપર્યાપ્તિરૂપ સ્તંભનું નિર્માણ કરાય છે. ત્યારપછી સ્થૂણા=ઉચિત ખીલાઓ, આદિ ગોઠવાય છે તેમ ઇન્દ્રિય-પર્યાપ્તિ ઉચિત સ્થાને ઉચિત ઇન્દ્રિયોનું નિર્માણ કરે છે. ત્યારપછી ગૃહનું દ્વાર કરાય છે એમ શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરવા માટે શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ કરાય છે. અને દ્વાર કર્યા પછી ગૃહના પ્રવેશ-નિર્ગમ સ્થાનો કરાય છે=એક ઘરમાંથી બીજા ઘરમાં જવાના અને પ્રવેશ કરવાના ભૂમિના સ્થાનોનું નિર્માણ કરાય છે, તેમ ભાષાપર્યાપ્તિનું નિર્માણ કરાય છે. અને ત્યારપછી શયનાદિ ક્રિયાનાં સ્થાનો બનાવાય છે તેમ મનપર્યાપ્તિનું નિર્માણ થાય છે. પર્યાપ્તિનું નિર્વર્તક પર્યાપ્તિનામકર્મ, અપર્યાપ્તિનું નિર્વર્તક અપર્યાપ્તિનામકર્મ. અપર્યાપ્તિનામકર્મ એટલે તત્ પરિણામયોગ્ય દલિકદ્રવ્યનું આત્મા વડે અગ્રહણ.

સ્થિરત્વનું નિર્વર્તક સ્થિરનામકર્મ, તેનાથી વિપરીત અસ્થિરનામકર્મ, આદેયભાવનું નિર્વર્તક આદેય-નામકર્મ, તેનાથી વિપરીત અનાદેયનામકર્મ. યશનું નિર્વર્તક યશનામકર્મ, તેનાથી વિપરીત અયશ-નામકર્મ, તીર્થંકરપણાનું નિર્વર્તક તીર્થંકરનામકર્મ.

તે તે ભાવોને કરે છે તે નામકર્મ. આ રીતે ઉત્તરભેદ સહિત નામકર્મના ભેદો અનેક પ્રકારના સ્વીકારવા જોઈએ. ॥૮/૧૨॥

ભાવાર્થ :-

નામકર્મ :-

નામકર્મ આત્માને તે તે ભાવોરૂપે કરે છે. નામકર્મ આત્માના અસંખ્ય ભાવો કરે છે, તેથી તેના અસંખ્યાતા ભેદોની પ્રાપ્તિ થાય તોપણ સ્થૂલ સંગ્રહથી ગતિનામકર્મ આદિ ૪૨ મૂળપ્રકૃતિઓ ગ્રંથકારશ્રીએ બતાવી છે અને તેના ઉત્તરભેદો અનેક છે, તે બતાવ્યા છે. તેનાથી બોધ થાય છે કે સંસારવર્તી જીવો તે તે ગતિઓમાં તે તે નામકર્મના ઉદયથી જાય છે, તે ગતિમાં પણ કેટલાક એકેન્દ્રિયજાતિવાળા, તો કેટલાક બેઇન્દ્રિયજાતિવાળા થાય છે. આ સર્વ ભેદો તે તે જાતિનામકર્મના ઉદયથી થાય છે, તેમાં પણ અવાંતર અનેક ભેદો પડે છે. આથી જ પૃથ્વીકાયના પણ અવાંતર ભેદો જાતિનામકર્મના અવાંતર ભેદરૂપે ભાષ્યકારશ્રીએ બતાવ્યા છે, તે રીતે પશુમાં પણ અવાંતર જાતિ સિંહ, હાથી આદિ પડે છે. તે જાતિના જ અવાંતર ભેદો છે.

વળી તે ગતિ અને તે જાતિમાં ઉત્પન્ન થયેલા જીવો શરીર અને અંગોપાંગાદિની રચના કરે છે તે સર્વમાં જુદાં જુદાં નામકર્મો કારણભૂત છે, તે પ્રમાણે શરીરની રચના થાય છે.

શરીરનામકર્મમાં પણ દરેક મનુષ્યોની પોતપોતાની અન્ય કરતાં વિલક્ષણ આકૃતિ થાય છે, તે વિલક્ષણ આકૃતિ પ્રત્યે નિર્માણનામકર્મ કારણ છે. નિર્માણનામકર્મને કારણે જ કોઈ જીવનું શરીર સ્ત્રીરૂપે બને છે.

સ્ત્રીનું પણ શરીર ભિન્ન ભિન્ન આકારવાળું પરસ્પર દેખાય છે તેનું નિયામક નિર્માણનામકર્મ છે. તેથી નિર્માણનામકર્મના અનુસાર સ્ત્રી-પુરુષ-નપુંસક શરીરની પ્રાપ્તિ અને તે તે વિલક્ષણ આકારની પ્રાપ્તિ થાય છે.

વળી સંસારી જીવોનું જે શરીર બને છે તેમાં શરીરનો શુભ ભાવ, શરીરની સુંદર શોભા અને શરીરમાં અનેક મંગલકારી લક્ષણો શુભનામકર્મના ઉદયથી થાય છે. આથી જ તીર્થંકરોના પ્રકૃષ્ટ શુભનામકર્મના કારણે ૧૦૦૮ લક્ષણથી યુક્ત શરીર બને છે.

વળી સંસારી જીવો શરીરની રચના કરે છે ત્યારે પાંચ પર્યાપ્તિઓની પ્રાપ્તિ છે. ભાષ્યકારશ્રીએ મનનો ઇન્દ્રિયપર્યાપ્તિમાં અંતર્ભાવ કરેલ છે, તેથી પાંચ પર્યાપ્તિ ગ્રહણ કરેલ છે. અન્ય મતાનુસાર મનપર્યાપ્તિને પૃથગ્ પણ ભાષ્યકારશ્રીએ ગ્રહણ કરેલ છે. તેથી ૬ પર્યાપ્તિ છે.

વળી જીવ ઉત્પન્ન થાય છે ત્યારે જે આહારના પુદ્ગલો ગ્રહણ કરે છે, તે પુદ્ગલોને શરીર આદિ બનાવવા માટે પાંચ વિભાગથી ગ્રહણ કરે છે તે આહારપર્યાપ્તિ છે. તેથી એ પ્રાપ્ત થાય કે ગ્રહણ કરાયેલા આહાર પુદ્ગલોને અન્ય પાંચ પર્યાપ્તિરૂપે વિભાજન કરવું તે આહારપર્યાપ્તિ છે. જેમ ગૃહનિર્માણ માટે ઘરની સામગ્રીના દલિકો એકઠા કરાય છે તેમ પાંચ પર્યાપ્તિને અનુકૂળ દલિકનું ગ્રહણ આહારપર્યાપ્તિથી થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે આહારપર્યાપ્તિથી જે દલિક ગ્રહણ થાય છે તે દલિકોમાં પણ પરસ્પર કોઈક વિશેષતા છે. તેમાંના કેટલાક દલિકો શરીરપર્યાપ્તિ માટે ઉપયોગી થાય તેવા છે, કેટલાક દલિકો ઇન્દ્રિયપર્યાપ્તિ માટે ઉપયોગી થાય તેવા છે, કેટલાક દલિકો શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ માટે ઉપયોગી થાય તેવા છે, કેટલાક દલિકો મનપર્યાપ્તિ માટે ઉપયોગી થાય તેવા છે અને કેટલાક દલિકો ભાષાપર્યાપ્તિ માટે ઉપયોગી થાય તેવા છે. આ પુદ્ગલોમાંથી શરીરયોગ્ય પુદ્ગલોને શરીરરૂપે સંસ્થાનની ક્રિયાની સમાપ્તિ થાય અર્થાત્ શરીરરૂપે રચનાની સમાપ્તિ થાય તે શરીરપર્યાપ્તિ છે. વળી ઇન્દ્રિયયોગ્ય પુદ્ગલોમાંથી પાંચેય ઇન્દ્રિયોનું અને મનયોગ્ય પુદ્ગલોમાંથી મનનું નિર્માણ ઇન્દ્રિયપર્યાપ્તિ કરે છે. ઇન્દ્રિયપર્યાપ્તિ પૂરી થાય ત્યારે ઇન્દ્રિયની અને મનની રચનાની સમાપ્તિ થાય છે.

વળી કેટલાક મનપર્યાપ્તિને પૃથગ્ ગ્રહણ કરે છે. તેમના મત પ્રમાણે મનપર્યાપ્તિ સર્વ પર્યાપ્તિના ઉત્તરમાં થાય છે. વળી આ ત્રણ પર્યાપ્તિઓ તે તે પુદ્ગલોથી તે તે શરીરાદિની રચનારૂપ હોવાથી તેમાં શક્તિ શબ્દનો પ્રયોગ ભાષ્યકારશ્રીએ કર્યો નથી. જેમ આહારપર્યાપ્તિ પૂરી થયા પછી તે પર્યાપ્તિ દ્વારા જ ઉત્તરના શરીરના નિર્માણના પુદ્ગલો શરીરપર્યાપ્તિથી જ થાય છે અને ઇન્દ્રિય નિર્માણના પુદ્ગલો ઇન્દ્રિયપર્યાપ્તિથી જ થાય છે. વળી ઇન્દ્રિયપર્યાપ્તિ થયા પછી શ્વાસોચ્છ્વાસવર્ગણાને ગ્રહણ કરી શકે તેવા ઔદારિક પુદ્ગલોથી નિર્માણ થયેલી શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ છે. શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિમાં તેવી શક્તિ છે કે તેના દ્વારા જીવ શ્વાસોચ્છ્વાસવર્ગણાનું ગ્રહણ અને નિસર્ગ કરે છે. તે રીતે ઔદારિક વર્ગણાથી ભિન્ન એવા ભાષાયોગ્ય દ્રવ્યને ગ્રહણ અને નિસર્ગ કરવાની શક્તિરૂપ ભાષાપર્યાપ્તિ પ્રગટ થાય છે. આ ભાષાપર્યાપ્તિ મનુષ્ય-તિર્યંચોને ઔદારિક પુદ્ગલોની બનેલી છે, જ્યારે દેવ-નારકોને વૈક્રિય પુદ્ગલોની બનેલી છે.

વળી ભાષાપર્યાપ્તિની પ્રાપ્તિ થયા બાદ મનોવર્ગણાના પુદ્ગલોના ગ્રહણ અને નિસર્ગને અનુકૂળ શક્તિરૂપ મનપર્યાપ્તિ પ્રગટ થાય છે, જેનાથી જીવ મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને મનરૂપે પરિણમન પમાડે છે અને નિસર્ગ કરે છે. આ મનપર્યાપ્તિ મનુષ્ય અને તિર્યંચને ઔદારિક પુદ્ગલોની બનેલી છે અને દેવો તથા નારકીઓને વૈક્રિય પુદ્ગલોની બનેલી છે. આ રીતે જીવને અનેક પ્રકારના સ્વરૂપની પ્રાપ્તિ કરાવનાર નામકર્મના અનેક ભેદો છે. તેથી જીવની અંદર શરીરને આશ્રયીને જેટલાં જેટલાં જુદાં જુદાં કાર્યો છે તેટલાં તેટલાં કાર્યને અનુરૂપ નામકર્મના ભેદોની પણ પ્રાપ્તિ છે. **॥૮/૧૨॥**

અવતરણિકા :-

હવે ક્રમપ્રાપ્ત ગોત્રકર્મના ભેદો બતાવે છે –

સૂત્ર :-

उच्चैर्नीचैश्च ।।૮/૧૩।।

સૂત્રાર્થ :-

ઉચ્ચ અને નીચ બે ગોત્ર છે. ॥૮/૧૩॥

ભાષ્ય :-

उच्चैर्गोत्रं नीचैर्गोत्रं च (द्विभेदं गोत्रम्) । तत्रोच्चैर्गोत्रं देशजातिकुलस्थानमानसत्कारैश्वर्याद्युत्कर्ष-निर्वर्तकम् । विपरीतं नीचैर्गोत्रं चण्डालमुष्टिकव्याधमत्स्यबन्धदास्यादिनिर्वर्तकम् ।।૮/૧૩।।

ભાષ્યાર્થ :-

उच्चैर्गोत्रं ..... निर्वर्तकम् ।। ઉચ્ચગોત્ર અને નીચગોત્ર, ત્યાં ઉચ્ચગોત્ર દેશ, જાતિ, કુળ સ્થાન, માન, સત્કાર, ઐશ્વર્યાદિ ઉત્કર્ષનું નિર્વર્તક છે. તેનાથી વિપરીત નીચગોત્ર છે. ચંડાલ, મુષ્ટિક=કસાઈ, વ્યાધ=શિકારી, મત્સ્યબંધ=માછીમાર, દાસ્યાદિનું નિર્વર્તક છે. ॥૮/૧૩॥

ભાવાર્થ :-

ગોત્રકર્મ :-

ગુણવાનના ગુણો પ્રત્યેના નમ્રભાવથી ઉચ્ચગોત્ર બંધાય છે. વળી પોતાને પ્રાપ્ત થયેલા ઐશ્વર્ય, જાતિ આદિ પ્રત્યે જેઓને અહંકાર નથી અને પોતાની તે પ્રકારની અતિશયતાને કારણે બીજાને તુચ્છરૂપે જોવાની વૃત્તિ નથી તેઓને પણ ઉચ્ચગોત્રનો બંધ થાય છે, છતાં જીવ સ્વભાવે નિમિત્તાનુસાર ભાવોનું પરિવર્તન થતું હોય છે. તેથી ઉત્તમ પ્રકૃતિવાળા જીવોને પણ જ્યારે નિમિત્તને પામીને માન આદિ કષાય થાય છે ત્યારે નીચગોત્રના બંધની પ્રાપ્તિ થાય છે. જેઓ ઉચ્ચગોત્ર બાંધે છે તેઓ ઉચ્ચગોત્રના અવાંતર ભેદો અનુસાર ઉચ્ચ દેશ, ઉચ્ચજાતિ, ઉચ્ચકુલ આદિને પ્રાપ્ત કરે છે અને તેમાં પણ ઉચ્ચતાની તરતમતાની પ્રાપ્તિ તેના

અધ્યવસાયથી બંધાયેલા ઉચ્ચગોત્રની તરતમતાને આધીન છે. તેથી મદસ્થાન આદિનો ત્યાગ કરીને સતત ગુણવાનના ગુણોના સ્મરણપૂર્વક તેમના પ્રત્યે નમ્રતા કેળવીને માર્દવભાવમાં ઉદ્યમ કરવો જોઈએ. જેથી ઉચ્ચગોત્રની પ્રાપ્તિ દ્વારા સર્વકલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય.

વળી નીચગોત્રને અનુકૂળ એવા માન આદિ કષાયો જીવનમાં થયા હોય તેની નિંદા આદિ કરીને તેનાથી બંધાયેલા નીચગોત્રના નાશ માટે સતત ઉદ્યમ કરવો જોઈએ, અન્યથા નીચગોત્રના બંધને કારણે ચંડાલાદિ કે હિંસકાદિ ફળોની પ્રાપ્તિ દ્વારા અનર્થની પરંપરાની પ્રાપ્તિ થાય. તેથી અનાભોગાદિથી પણ મદાદિ થયેલા હોય કે ઉત્તમપુરુષોની આશાતના થયેલી હોય તો તેની નિંદા-ગર્હા કરીને શુદ્ધિ કરવી જોઈએ, જેથી નીચગોત્રની પ્રાપ્તિ દ્વારા અનર્થની પરંપરાની પ્રાપ્તિ ન થાય. **॥૮/૧૩॥**

અવતરણિકા :-

હવે ક્રમપ્રાપ્ત અંતરાયકર્મનું સ્વરૂપ બતાવે છે —

સૂત્ર :-

दानादीनाम् ।।८/१४।।

સૂત્રાર્થ :-

દાનાદિનો અંતરાય છે. ॥૮/૧૪॥

ભાષ્ય :-

अन्तरायः पञ्चविधः । तद्यथा — दानस्यान्तरायः, लाभस्यान्तरायः, भोगस्यान्तरायः, उपभोगस्यान्तरायः, वीर्यस्यान्तराय इति ।।८/१४।।

ભાષ્યાર્થ :-

अन्तरायः ..... इति ।। અંતરાય પાંચ પ્રકારના છે. તે આ પ્રમાણે — દાનનો અંતરાય, લાભનો અંતરાય, ભોગનો અંતરાય, ઉપભોગનો અંતરાય, વીર્યનો અંતરાય.

'इति' શબ્દ અંતરાયના પાંચ પ્રકારોની પરિસમાપ્તિ અર્થે છે. ॥૮/૧૪॥

ભાવાર્થ :-

અંતરાય એટલે તે વસ્તુની પ્રાપ્તિમાં વિઘ્ન કે તે કૃત્ય કરવામાં વિઘ્ન.

(૧) દાનાંતરાયકર્મ :-

દાનાંતરાયકર્મ દાન આપવાની ક્રિયામાં જીવને વિઘ્ન કરે છે. કોઈ વ્યક્તિ પાસે પોતાની આજીવિકાથી અધિક ધનની પ્રાપ્તિ હોય અને દર્શનમોહનીયકર્મનો ક્ષયોપશમ થયેલ હોવાથી બોધ હોય કે ઉત્તમપાત્રની ભક્તિમાં જ મારા ધનનું સાફલ્ય છે. તેથી ગુણવાનને જોઈને ભક્તિ કરવાનો અધ્યવસાય થવા છતાં પૂર્વમાં

બાંધેલ દાનાંતરાયકર્મના ઉદયને કારણે દાન આપવાના ઉત્સાહમાં તે કર્મ વિઘ્ન કરે છે. તેથી દાન આપવાનો પરિણામ હોવા છતાં જીવને દાન આપવાનો ઉત્સાહ થતો નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે કોઈ જીવ પાસે ધન ન હોય તો દાન ન પણ આપે, છતાં જેનું ચિત્ત તત્ત્વથી ભાવિત છે અર્થાત્ ગુણવાનના ગુણોને જોઈને તેમને દાન આપીને આત્મહિત સાધવાની ઇચ્છા છે, પરંતુ સામગ્રીના અભાવને કારણે દાનની ક્રિયા થતી નથી તોપણ અંતરંગ પરિણામ દાન આપવાને અનુકૂળ અસ્ખલિત પ્રવર્તતો હોય તો દાનાંતરાયકર્મનો ઉદય નથી. આથી જ જીર્ણ શેઠ ભગવાનને દાન આપવા માટે અત્યંત સન્મુખ પરિણામવાળા છે, તેથી દાન લેનાર પાત્રના અભાવને કારણે દાનની ક્રિયા નહીં હોવા છતાં ભગવાનને દાન આપવાના અધ્યવસાયથી વિશુદ્ધ કોટિના દાનધર્મને સેવીને ગુણસ્થાનકની વૃદ્ધિને પ્રાપ્ત કરે છે.

વળી કેટલાક જીવોને અન્ય પ્રકારનો દાનાંતરાયનો ઉદય હોય છે, જેથી ગુણવાનને જોઈને દાન આપવાનો પરિણામ થયો હોય, પોતાની પાસે સામગ્રી વિદ્યમાન હોય તેમ છતાં ઘરની અન્ય વ્યક્તિઓની તેવા પ્રકારની વિપરીત પ્રકૃતિને કારણે દાન કરવાના ઉત્સાહનો ભંગ થાય છે, તે દાનાંતરાયકર્મ છે.

દાનાંતરાયનો ક્ષયોપશમ વિવેકપૂર્વકનો હોય તો ગુણવૃદ્ધિનું કારણ બને છે અને મોહથી યુક્ત હોય તો અવિવેકપૂર્વક દાન કરીને મોહધારાની વૃદ્ધિ પણ કરે છે. કોઈ એક કર્મનો ક્ષયોપશમ અન્ય કર્મના ઉદયથી આક્રાન્ત બને ત્યારે વિપરીત ફળવાળો પણ બને છે. આથી જ દાનાંતરાયના ક્ષયોપશમવાળા ઉદાર પ્રકૃતિવાળા જીવો પણ અવિવેકવાળી અવસ્થામાં યથા-તથા દાન કરીને મોહધારાની વૃદ્ધિ કરે છે. વળી જે જીવો અજ્ઞાનને કારણે દાન સંબંધી વિપરીત પ્રવૃત્તિ કરવા છતાં તેના પ્રત્યે બદ્ધ રાગવાળા ન હોય તો ઉચિત વિવેકની સામગ્રી પ્રાપ્ત થાય તો નિર્વર્તન પામે તેવા હોય છે. આવા જીવો ભદ્રક પ્રકૃતિથી જે કાંઈ દાનની ક્રિયા કરે છે તેમાં દયાનો પરિણામ હોય તો તે પરિણામને અનુરૂપ દાનના ઉત્તમફળને મેળવે છે.

(૨) લાભાંતરાયકર્મ :-

ધનાદિ બાહ્ય પદાર્થોની પ્રાપ્તિનો અર્થી જીવ તેની પ્રાપ્તિ માટેના ઉચિત ઉપાયને જાણીને ધનાદિ પ્રાપ્ત થાય તે રીતે જ યત્ન કરતો હોય તે છતાં દ્રવ્ય-ક્ષેત્ર આદિની વિષમતાને કારણે તેનો પ્રયત્ન નિષ્ફળ જાય ત્યારે લાભાંતરાયના ઉદયને કારણે તેને તે પ્રયત્નનું ફળ પ્રાપ્ત થતું નથી. વળી કોઈ અવિવેકવાળો જીવ યથાતથા પ્રયત્ન કરે અને ફળ પ્રાપ્ત ન થાય ત્યારે લાભાંતરાયનો ઉદય વિદ્યમાન છે, છતાં સમ્યગ્ પ્રયત્નથી ક્ષયોપશમભાવને પામે તેવો લાભાંતરાયનો ઉદય હતો અને સમ્યગ્ પ્રયત્નના અભાવને કારણે લાભાંતરાયનો ઉદય લાભની પ્રાપ્તિ થવામાં વિઘ્નભૂત બને છે.

વળી કેટલાક જીવો સમ્યગ્ પ્રયત્ન કરતા હોવા છતાં ઉત્કટ લાભાંતરાયનો ઉદય હોય તો નિષ્ફળતાને પ્રાપ્ત કરે છે. જેમ ઢંઢણ ઋષિ સંયમના કંડકોમાં વર્તતા હતા; આ સંયમનો પરિણામ જ ભૂતકાળના લાભાંતરાયના ક્ષયોપશમનું પ્રબળ કારણ છે. પરંતુ ભાવચારિત્રના પરિણામને સ્પર્શનારા ઢંઢણઋષિને

ઉત્કટ લાભાંતરાયનો ઉદય હોવાને કારણે ભિક્ષા માટે પ્રતિદિન ઉચિત રીતે અટન કરવા છતાં ભિક્ષાની પ્રાપ્તિ થતી ન હતી અને તેમના ચારિત્રના પરિણામથી પણ તેમનો લાભાંતરાયનો ઉદય ક્ષયોપશમભાવને પામતો ન હતો. પ્રસ્તુતમાં વિવેકપૂર્વકની ભિક્ષાટનની ક્રિયાથી પણ ઢંઢણઋષિને જે લાભાંતરાયનો ક્ષયોપશમ ન થયો તે બળવાન લાભાંતરાયના ઉદયનું કાર્ય છે.

વળી કોઈ મહાત્મા સૂત્રોના ગંભીર અર્થોને યથાર્થ જાણનારા હોય અને તે સૂત્રોના અર્થમાં યથાર્થ ઉપયોગ રાખીને સ્વાધ્યાયાદિ કરતા હોય કે સંયમની સર્વ ઉચિત ક્રિયાઓ વિધિના દૃઢ પ્રણિધાનપૂર્વક કરતા હોય તો પૂર્વનું બંધાયેલું લાભાંતરાય પણ તેમના ઉપયોગના પરિણામને અનુસરનાર ક્ષયોપશમભાવને પામે છે. આથી જ લાભાંતરાયના ઉદયવાળા મુનિ પણ સંયમના અધ્યવસાયથી લાભાંતરાયનો ક્ષયોપશમ પ્રાપ્ત કરીને દુર્લભ એવી પણ નિર્દોષ ભિક્ષા સુખપૂર્વક પ્રાપ્ત કરી શકે છે.

(૩-૪) ભોગાંતરાયકર્મ અને ઉપભોગાંતરાયકર્મ :-

બાહ્ય પદાર્થો ભોગની સામગ્રી છે. તેમાંથી જે એક વખત વપરાશનો વિષય બને તેને ભોગ કહેવાય છે, જ્યારે જે અનેક વખત વપરાશનો વિષય બને તેને ઉપભોગ કહેવાય છે. જેમ આહાર એક વખત વાપર્યા પછી ફરી ફરી તેનો તે જ આહાર ઉપભોગનો વિષય બનતો નથી. જ્યારે વસ્ત્રાદિ એક વખત વાપર્યા પછી ફરી ફરી ઉપભોગનો વિષય બને છે. તેથી ભોગની સામગ્રીને આશ્રયીને ભોગ અને ઉપભોગરૂપે વિભાગ પાડેલ છે. ભોગ તથા ઉપભોગમાં અંતરાય કરે તેવું કર્મ તે ભોગાંતરાય અને ઉપભોગાંતરાય છે.

જેમ કોઈ પાસે ધનાદિ હોય, ભોગ સામગ્રી વિદ્યમાન હોય છતાં પોતાના તેવા પ્રકારના શરીરના સંયોગના કારણે તેને ભોગવી ન શકે તે ભોગમાં અંતરાય કરનાર ભોગાંતરાયકર્મનું કાર્ય છે. વળી પુનઃ પુનઃ ભોગનો વિષય થાય તેવી સ્ત્રી આદિ વસ્તુ ઉપલબ્ધ હોય, ભોગવવાની ઇચ્છા હોય, તે છતાં તેવા પ્રકારના શરીર આદિના સંયોગને કારણે ઉપભોગ ન કરી શકે તે ઉપભોગમાં અંતરાય કરનાર ઉપભોગાંતરાય-કર્મનું કાર્ય છે. જેઓને ભોગાંતરાયકર્મ અને ઉપભોગાંતરાય કર્મનો ક્ષયોપશમ પ્રચુર છે તેવા વાસુદેવાદિ તે પ્રકારના શરીરના બળની પ્રાપ્તિને કારણે અનેક પ્રકારના ભોગ-ઉપભોગાદિ કરી શકે છે.

(૫) વીર્યાંતરાયકર્મ :-

કોઈપણ ક્ષેત્રમાં ઇચ્છાનુસાર વીર્ય પ્રવર્તાવવામાં બાધક કર્મ વીર્યાંતરાય છે. આથી જ કોઈ સાધુ મોક્ષના અર્થી હોય, દર્શનમોહનીયનો ક્ષયોપશમ હોય તેથી તત્ત્વ યથાર્થ દેખાતું હોય અને તેના કારણે જિનવચન અનુસાર ઉચિત યત્ન કરવાથી ગુણસ્થાનકની વૃદ્ધિ થાય છે એવો સ્થિર નિર્ણય હોય, છતાં તે તે ધર્માનુષ્ઠાનમાં સમ્યગ્ વીર્ય પ્રવર્તાવવામાં બાધક એવા વીર્યાંતરાયનો ઉદય હોય તો બળવાન ઇચ્છા હોવા છતાં ઉચિત અનુષ્ઠાનમાં સમ્યગ્ યત્ન કરી શકતા નથી. તેથી તે ઉચિત અનુષ્ઠાન દ્વારા બાધ પામે તેવું ચારિત્રમોહનીય કર્મ હોય તોપણ ઉચિત પ્રયત્નના અભાવને કારણે તે ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ થતો નથી. તે રીતે સંસારના ક્ષેત્રમાં પણ જે જે ક્ષેત્રમાં જે જે કાર્યને અનુકૂળ જે જે પ્રકારના વીર્યના પ્રવર્તનની અપેક્ષા હોય તે પ્રકારે વીર્ય પ્રવર્તાવી ન શકે તે વીર્યાંતરાયકર્મના ઉદયનું કાર્ય છે. **॥૮/૧૪॥**

ભાષ્ય :-

उक्तः प्रकृतिबन्धः । स्थितिबन्धं वक्ष्यामः –

ભાષ્યાર્થ :-

પ્રકૃતિ બંધ કહેવાયો, સ્થિતિબંધને અમે કહીએ છીએ –

સૂત્ર :-

आदितस्तिसृणामन्तरायस्य च त्रिंशत् सागरोपमकोटीकोट्यः परा स्थितिः ।।૮/૧૫।।

સૂત્રાર્થ :-

આદિથી ત્રણ પ્રકૃતિઓની અને અંતરાયની ૩૦ કોટાકોટી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ।।૮/૧૫।।

ભાષ્ય :-

आदितस्तिसृणां कर्मप्रकृतीनां=ज्ञानावरणदर्शनावरणवेद्यानां, अन्तरायप्रकृतेश्च त्रिंशत् सागरोपम-कोटीकोट्यः परा स्थितिः ।।૮/૧૫।।

ભાષ્યાર્થ :-

आदितस्तिसृणां ..... स्थितिः ।। આદિથી ત્રણ કર્મપ્રકૃતિઓની=જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીયની, અને અંતરાય કર્મપ્રકૃતિની ત્રીસ કોટાકોટિ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ।।૮/૧૫।।

ભાવાર્થ :-

જે જીવોને પંચેન્દ્રિયપણું મળ્યું હોય તેમને નિમિત્તને પામીને ઉત્કૃષ્ટ સંક્લેશ થાય છે ત્યારે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાય એ ચાર કર્મપ્રકૃતિઓ ઉત્કૃષ્ટથી ત્રીસ કોટાકોટિ સાગરોપમની સ્થિતિ બંધાય છે. જેટલી કર્મની સ્થિતિ વધારે એટલી જીવમાં મલિનતાની અધિક પ્રાપ્તિ થાય છે. આથી જ જે જીવો ઉત્કૃષ્ટ સંક્લેશ કરે તેવા છે તે જીવોમાં ઉત્કૃષ્ટ સંક્લેશ અકાળમાં ઉત્કૃષ્ટ સંક્લેશ નહીં હોવા છતાં ઉત્કૃષ્ટ સંક્લેશ કરવાની યોગ્યતા વિદ્યમાન છે. એવા જીવો નિમિત્તને પામીને ઉત્કૃષ્ટ સંક્લેશ કરે છે, જે ક્યારેક ક્રોધકષાયરૂપ હોય, ક્યારેક માનકષાયરૂપ હોય, ક્યારેક માયાકષાયરૂપ હોય, તો ક્યારેક લોભકષાય-રૂપ પણ હોય; આથી જ ઉત્કૃષ્ટ લોભના સંક્લેશને કારણે મમ્મણ શેઠને સાતમી નરકની પ્રાપ્તિ થઈ.

જેઓને વર્તમાનમાં ઉત્કૃષ્ટ સંક્લેશ વર્તતો નથી અને સામગ્રીને પામીને સંક્લેશ વગરની એવી સિદ્ધ-અવસ્થાને કાંઈક સન્મુખ થયા છે તેવા જીવોને ઉત્કૃષ્ટ સંક્લેશ પ્રાપ્ત થતો નથી. આવા જીવો ગુણો પ્રત્યેના

અદ્વેષવાળા હોય છે. તેથી ગુણોને કાંઈક અભિમુખ ભાવ હોવાથી તેઓમાં ઉત્કૃષ્ટ સંક્લેશ કરવાની શક્તિનો અભાવ પ્રાપ્ત થાય છે.

વળી એકેન્દ્રિયાદિ કેટલાક જીવો રસનેન્દ્રિય આદિ ઇન્દ્રિયના અભાવને કારણે અને મનની શક્તિ અત્યંત અલ્પ હોવાને કારણે અત્યંત સંક્લેશ કરતા નથી, તેથી તેમને ઉત્કૃષ્ટ કર્મસ્થિતિનો બંધ થતો નથી. તેમાં પણ એકેન્દ્રિયના જીવો તો એક સાગરોપમ સ્થિતિથી અધિક કર્મસ્થિતિ પણ બાંધતા નથી.

તત્ત્વને સન્મુખ જેઓની ચેતના લેશ પણ થઈ નથી તેવા જીવોમાં ઉત્કૃષ્ટ સંક્લેશની યોગ્યતા પડી છે. આવા જીવો નિમિત્તને પામીને ઉત્કૃષ્ટ સંક્લેશ કરે છે ત્યારે જ્ઞાનાવરણીય આદિ ચાર પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે. **॥૮/૧૫॥**

સૂત્ર :-

सप्ततिर्मोहनीयस्य ।।८/१६।।

સૂત્રાર્થ :-

મોહનીયની ૭૦ કોટોકોટી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ॥૮/૧૬॥

ભાષ્ય :-

मोहनीयस्य कर्मप्रकृतेः सप्ततिसागरोपमकोटीकोट्यः परा स्थितिः ।।८/१६।।

ભાષ્યાર્થ :-

मोहनीयस्य ..... स्थितिः ।। મોહનીય કર્મપ્રકૃતિની ૭૦ કોટાકોટી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ॥૮/૧૬॥

ભાવાર્થ :-

જીવમાં જેટલો સંક્લેશનો પરિણામ અધિક તેટલો મોહનો પરિણામ અધિક. સંસારી જીવોને ચરમાવર્તની પ્રાપ્તિ પૂર્વે સંક્લેશનો પરિણામ અત્યંત હોય છે. તેથી તે વખતે કોઈક નિમિત્તને પામીને તે સંક્લેશનો પરિણામ ઉપયોગરૂપે અત્યંત થાય છે ત્યારે ૭૦ કોટાકોટી સાગરોપમની સ્થિતિ બંધાય છે. આથી તીવ્ર સંક્લેશવાળા જીવો ક્યારેક અતિક્રોધને વશ હોય ત્યારે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે તો વળી ક્યારેક લોભને વશ હોય ત્યારે પણ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે. તેથી કોઈપણ કષાયમાં તીવ્ર ઉપયોગ વર્તતો હોય તો તે ઉપયોગના બળથી સંક્લેશનો પરિણામ અતિશયિત થાય છે. જેના કારણે મોહનીયકર્મપ્રકૃતિની ૭૦ કોટાકોટી સાગરોપમ સ્થિતિ બંધાય છે. જેઓએ કંઈક અંશથી સંસાર નિર્ગુણ જાણ્યો છે તેવા જીવોને કોઈક નિમિત્તને પામીને કષાયનો ઉદ્રેક થાય તોપણ ઉત્કૃષ્ટ સ્થિતિબંધને અનુકૂળ સંક્લેશ થતો નથી. જેમ જેમ મોહનીયકર્મની સ્થિતિ અધિક-અધિક થાય છે તેમ તેમ જીવ ગુણને વિમુખ થાય છે. જેમ જેમ મોહનીયકર્મની સ્થિતિ

અલ્પ-અલ્પતર થાય છે તેમ તેમ જીવ ગુણને અભિમુખ થાય છે અને સંસારના વાસ્તવિક સ્વરૂપના ભાવનથી મોહનીયકર્મપ્રકૃતિની સ્થિતિ અલ્પ-અલ્પતર થાય છે. **॥૮/૧૬॥**

સૂત્ર :-

नामगोत्रयोर्विंशतिः ।।८/१७।।

સૂત્રાર્થ :-

નામગોત્રની ૨૦ કોટાકોટી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ॥૮/૧૭॥

ભાષ્ય :-

नामगोत्रप्रकृत्योर्विंशतिः सागरोपमकोटीकोट्यः परा स्थितिः ।।८/१७।।

ભાષ્યાર્થ :-

नामगोत्रप्रकृत्योर्विंशतिः ..... स्थितिः ।। નામકર્મ અને ગોત્રકર્મરૂપ પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦ કોટાકોટી સાગરોપમ છે. ॥૮/૧૭॥

ભાવાર્થ :-

જીવ જ્યારે અતિ સંક્લિષ્ટ પરિણામમાં વર્તે છે ત્યારે નામકર્મ અને ગોત્રકર્મની પણ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે. આ વખતે તેને અવશ્ય અશુભનામકર્મ અને નીચગોત્ર જ બંધાય છે, જેથી અત્યંત કદર્થના કરનારા ભવોની પ્રાપ્તિ થાય છે. જેમ જેમ અધ્યવસાયમાં સંક્લેશનો અતિશય ભાવ તેમ તેમ નામકર્મ અને ગોત્રકર્મની અધિક સ્થિતિ બંધાય છે. ઉત્કૃષ્ટ ૨૦ કોટાકોટિ સાગરોપમની સ્થિતિના બંધકાળમાં ઉત્કૃષ્ટ સંક્લેશ વર્તે છે, તેથી નામકર્મ અને ગોત્રકર્મ અશુભ જ બંધાય છે. શુભગોત્રકર્મ ઉત્કૃષ્ટથી ૧૦ કોટાકોટી સાગરોપમ સ્થિતિનું બંધાતું હોય છે.

જેમ જેમ શુભનામકર્મની અને શુભગોત્રકર્મની સ્થિતિ અલ્પ તેમ તેમ તેમની શુભતાની પ્રકર્ષતા અને જેમ જેમ શુભનામકર્મની અને શુભગોત્રકર્મની સ્થિતિ અધિક તેમ તેમ તેમની શુભતાની અલ્પતા. **॥૮/૧૭॥**

સૂત્ર :-

त्रयस्त्रिंशत् सागरोपमाण्यायुष्कस्य ।।८/१८।।

સૂત્રાર્થ :-

વળી આયુષ્યની ૩૩ સાગરોપમની સ્થિતિ છે. ॥૮/૧૮॥

ભાષ્ય :-

आयुष्कप्रकृतेस्त्रयस्त्रिंशत् सागरोपमाणि परा स्थितिः ।।८/१८।।

ભાષ્યાર્થ :-

आयुष्कप्रकृतेः ..... स्थितिः ।। આયુષ્યપ્રકૃતિની ૩૩ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ॥૮/૧૮॥

ભાવાર્થ :-

જીવ અશુભ આયુ બાંધતો હોય ત્યારે જો ઉત્કૃષ્ટ સંક્લેશ વર્તતો હોય ત્યારે સાતમી નરકનું ૩૩ સાગરોપમનું નરકાયુષ્ય બાંધે છે અને જીવમાં પ્રવર્તમાન સંક્લેશ અત્યંત ક્ષીણ અવસ્થામાં હોય ત્યારે અનુત્તરવિમાન અંતર્ગત સર્વાર્થસિદ્ધ અનુત્તરવિમાનનું ૩૩ સાગરોપમનું દેવઆયુષ્ય બાંધે છે. તેથી ઉત્કૃષ્ટ સંક્લેશ અને ઉત્કૃષ્ટ વિશુદ્ધિ ઉત્કૃષ્ટ આયુષ્ય પ્રત્યે કારણ છે. **॥૮/૧૮॥**

સૂત્ર :-

अपरा द्वादश मुहूर्ता वेदनीयस्य ।।८/१९।।

સૂત્રાર્થ :-

વેદનીયકર્મની બાર મુહૂર્તની જઘન્ય સ્થિતિ છે. ॥૮/૧૯॥

ભાષ્ય :-

वेदनीयप्रकृतेरपरा द्वादशमुहूर्ता स्थितिरिति ।।८/१९।।

ભાષ્યાર્થ :-

वेदनीयप्रकृतेः ..... स्थितिरिति ।। વેદનીય પ્રકૃતિની અપર=જઘન્ય, સ્થિતિ બાર મુહૂર્તની છે. 'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ॥૮/૧૯॥

ભાવાર્થ :-

ઉપશમશ્રેણિમાં ચડેલા જીવને વીતરાગદશાની પ્રાપ્તિ પૂર્વે પણ અત્યંત સંક્લેશ નષ્ટપ્રાયઃ થયો હોય છે. તે વખતે ઉત્કૃષ્ટ રસબંધયુક્ત શાતાવેદનીયકર્મ બંધાય છે, જેની જઘન્ય સ્થિતિ બાર મુહૂર્તની હોય છે. જેમ જેમ તેની સ્થિતિ અધિક તેમ તેમ શાતાવેદનીયના રસના માત્રાની અલ્પતા થાય છે. **॥૮/૧૯॥**

સૂત્ર :-

नामगोत्रयोरष्टौ ।।८/२०।।

સૂત્રાર્થ :-

નામગોત્રની આઠ મુહૂર્તની જઘન્ય સ્થિતિ છે. ॥૮/૨૦॥

ભાષ્ય :-

नामगोत्रप्रकृत्योरष्टौ मुहूर्ता अपरा स्थितिर्भवति ।।८/२०।।

ભાષ્યાર્થ :-

नामगोत्रप्रकृत्योरष्टौ ..... स्थितिर्भवति ।। નામ અને ગોત્ર પ્રકૃતિની જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત છે. ॥૮/૨૦॥

ભાવાર્થ :-

ક્ષપકશ્રેણિમાં કે ઉપશમશ્રેણિમાં પ્રવર્તમાન જીવ વીતરાગ-થવાની તૈયારીમાં હોય, ત્યારે તેમનામાં સ્થિતિબંધને અનુકૂળ રાગનો અંશ અલ્પમાત્રામાં હોય છે અને ચિત્તની વિશુદ્ધિ અત્યંત વિપુલ માત્રામાં હોય છે. તેથી તે જીવ જે નામકર્મ અને ગોત્રકર્મ બાંધે છે તે અત્યંત ઉચ્ચકોટીનાં હોય છે, જેનો જઘન્ય સ્થિતિબંધ આઠ મુહૂર્તનો હોય છે. **॥૮/૨૦॥**

સૂત્ર :-

शेषाणामन्तर्मुहूर्तम् ।।૮/૨૧।।

સૂત્રાર્થ :-

શેષનો=વેદનીય, નામ, ગોત્ર પ્રકૃતિથી શેષનો, અંતર્મુહૂર્ત જઘન્ય સ્થિતિબંધ છે. ॥૮/૨૧॥

ભાષ્ય :-

वेदनीयनामगोत्रप्रकृतिभ्यः शेषाणां ज्ञानावरणदर्शनावरणमोहनीयायुष्कान्तरायप्रकृतीनामपरा स्थितिरन्तर्मुहूर्तं भवति ।।૮/૨૧।।

ભાષ્યાર્થ :-

वेदनीय ..... भवति ।। વેદનીય, નામ, (અને) ગોત્ર પ્રકૃતિથી શેષ એવા જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, આયુષ્ય, અંતરાય પ્રકૃતિઓની અપરાસ્થિતિ=જઘન્યસ્થિતિ, અંતર્મુહૂર્ત છે. ॥૮/૨૧॥

ભાવાર્થ :-

પૂર્વમાં વેદનીયકર્મ, નામકર્મ અને ગોત્રકર્મની જઘન્ય સ્થિતિ બતાવી. તેના કરતાં અન્ય એવા જ્ઞાનાવરણીયકર્મ અને દર્શનાવરણીયકર્મની જઘન્યસ્થિતિ દશમા ગુણસ્થાનકના અંત સમયે અંતર્મુહૂર્તની બંધાય છે. ત્યારપછી મોહનો અભાવ હોવાને કારણે મોહથી અનાકુળ એવા મતિજ્ઞાનાદિના અંશમાં રહેલા શેષ અજ્ઞાનના પરિણામથી જ્ઞાનાવરણીયકર્મનો બંધ થતો નથી. આથી જ બારમા ગુણસ્થાનકમાં રહેલા વીતરાગ કેવળજ્ઞાનવાળા નથી તેથી અજ્ઞાન અંશ છે, તોપણ મોહનો વિકાર નહીં હોવાથી જ્ઞાનની વિકૃતિ નથી તેથી જ્ઞાનાવરણીયકર્મનો બંધ નથી.

વળી મોહનીયકર્મ દશમા ગુણસ્થાનક સુધી ઉદયમાં હોય છે તેમાં નવમા ગુણસ્થાનક સુધી બાદર લોભનો ઉદય છે ત્યારે નવમા ગુણસ્થાનકના અંતે સંજ્વલન લોભની અંતર્મુહૂર્ત સ્થિતિ બંધાય છે. દશમા

ગુણસ્થાનકમાં સૂક્ષ્મ મોહનો ઉદય હોવા છતાં મોહનો બંધ નથી માટે નવમા ગુણસ્થાનકના અંતે જઘન્ય મોહની સ્થિતિનો બંધ છે.

ક્ષુલ્લક આયુષ્ય બાંધનારા જઘન્ય અંતર્મુહૂર્ત આયુષ્ય બાંધે છે.

વળી અંતરાયકર્મ દશમા ગુણસ્થાનક સુધી બંધાય છે. દશમા ગુણસ્થાનકના અંતકાળમાં અંતર્મુહૂર્ત સ્થિતિવાળું અંતરાયકર્મ બાંધે છે. **॥८/२१॥**

अवतरणिका :-

उक्तः स्थितिबन्धः । अनुभावबन्धं वक्ष्यामः —

अवतरणिकार्थ :-

સ્થિતિબંધ કહેવાયો, હવે અનુભાવબંધ કહેવાય છે=કર્મનો વિપાક એ રૂપ અનુભાવ તેને અનુકૂળ એવો બંધ અમે કહીએ છીએ —

भावार्थ :-

પૂર્વમાં કર્મની સ્થિતિનો બંધ શું છે ? તે બતાવ્યું. હવે અનુભાવબંધ બતાવે છે. તેમાં અનુભાવ એટલે કાર્ય અર્થાત્ બંધાયેલી પ્રકૃતિનું વિપાક દ્વારા પ્રાપ્ત થતું કાર્ય. તે કાર્યને પ્રગટ કરે તેવી શક્તિ તે તે કર્મોમાં વિદ્યમાન છે. તે શક્તિરૂપ જે બંધ છે તે અનુભાવબંધ છે. તે અનુભાવબંધને કહે છે —

सूत्र :-

विपाकोऽनुभावः ।।८/२२।।

सूत्रार्थ :-

વિપાક અનુભાવ છે. ॥८/२२॥

भाष्य :-

सर्वासां प्रकृतीनां फलं विपाकोदयोऽनुभावो भवतीति । विविधः पाको विपाकः, स तथा चान्यथा चेत्यर्थः । जीवः कर्मविपाकमनुभवन् कर्मप्रत्ययमेवानाभोगवीर्यपूर्वकं कर्मसंक्रमं करोति । उत्तरप्रकृतिषु सर्वासु मूलप्रकृत्यभिन्नासु, न तु मूलप्रकृतिषु सङ्क्रमो विद्यते, बन्धविपाकनिमित्तान्यजातीयकत्वात् । उत्तरप्रकृतिषु च दर्शनचारित्रमोहनीययोः सम्यग्मिथ्यात्ववेदनीयस्यायुष्कस्य च जात्यन्तरानुबन्धविपाकनिमित्तान्यजातीयकत्वादेव सङ्क्रमो न विद्यते । अपवर्तनं तु सर्वासां प्रकृतीनां विद्यते । तदायुष्केण व्याख्यातम् (अ० २, सू. ५२) ।।८/२२।।

भाष्यार्थ :-

सर्वासां ..... व्याख्यातम् ।। સર્વ પ્રકૃતિઓનું ફળ એવો વિપાકોદય એ અનુભાવ છે.

વિપાક શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે –

વિવિધ પાક વિપાક છે=અનેક પ્રકારનું ફળ તે વિપાક છે. અને તે=વિપાક, તથા છે=જે પ્રકારે બંધ વખતે કર્મમાં શક્તિ પ્રગટ થયેલી તે શક્તિ અનુરૂપ જ ફળ છે તેથી તે વિપાક તથા છે, અને અન્યથા છે=બાંધતી વખતે જે કર્મમાં જે પ્રકારની શક્તિ ઉત્પન્ન થયેલી તેનાથી અન્ય પ્રકારે વિપાક છે.

કઈ રીતે અન્ય પ્રકારનો વિપાક છે ? તેને સ્પષ્ટ કરવા અર્થે-કહે છે –

જીવ કર્મવિપાકને અનુભવતો=કોઈ ચોક્કસ કર્મના ફળને અનુભવતો, કર્મપ્રત્યય જ=ઉદયમાન એવા કર્મપ્રત્યય જ, અનાભોગ વીર્યપૂર્વક કર્મનું સંક્રમણ કરે છે. તે સંક્રમણ અન્યથા વિપાક છે, એમ અન્વય છે.

તે સંક્રમણ શેમાં થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

મૂળપ્રકૃતિથી અભિન્ન એવી સર્વ ઉત્તરપ્રકૃતિમાં થાય છે; પરંતુ મૂળપ્રકૃતિમાં સંક્રમણ થતું નથી; કેમ કે બંધનિમિત્તથી અને વિપાકનિમિત્તથી અન્યજાતિપણું છે=મૂળ પ્રકૃતિઓનું અન્યજાતિપણું છે. વળી ઉત્તરપ્રકૃતિઓમાં દર્શનચારિત્ર-મોહનીયનું=દર્શનમોહનીયનું અને ચારિત્રમોહનીયનું, (તથા) સમ્યગ્મિથ્યાત્વવેદનીયનું અને આયુષ્કનું સંક્રમણ થતું નથી; કેમ કે જાત્યંતરના અનુબંધના વિપાકનું નિમિત્તપણું હોવાથી અન્યજાતીયપણું જ છે. વળી સર્વ પ્રકૃતિઓમાં અપવર્તન થાય છે. અને તે આયુષ્કથી=અધ્યાય-૨, સૂત્ર-૫૨માં બતાવેલ આયુષ્યના અપવર્તનના પ્રસંગથી, વ્યાખ્યાત છે. ॥૮/૨૨॥

ભાવાર્થ :-

જીવ જ્યારે કર્મ બાંધે છે ત્યારે જીવના અધ્યવસાયના નિમિત્તને પામીને બંધાતાં કર્મોમાં જ્ઞાનને આવરવાની શક્તિ ઉત્પન્ન થાય છે, દર્શનને આવરવાની શક્તિ ઉત્પન્ન થાય છે કે અન્ય કોઈ પ્રકારની આવરણશક્તિ ઉત્પન્ન થાય છે અથવા અન્ય કોઈ પ્રકારનાં કાર્ય કરવાની શક્તિ ઉત્પન્ન થાય છે, તે વિપાકને અનુકૂળ બંધ છે. બંધાયેલું એવું તે કર્મ વિપાકમાં આવે છે તે અનુભાવ છે.

પ્રસ્તુત સૂત્રમાં સર્વ પ્રકૃતિઓનું જે ફળ છે તે વિપાકોદય છે, તે અનુભાવ છે એમ કહેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે જ્ઞાનાવરણ આદિ પ્રકૃતિઓ જે જે પ્રકારનાં ફળ આપે છે તે વિપાક છે; આ વિપાક જ અનુભાવ છે. બંધાયેલી કર્મની પ્રકૃતિઓનો વિવિધ પાક=જુદા જુદા પ્રકારનું ફળ, તે વિપાક, છે. તે વિપાક જે રીતે પ્રકૃતિ બંધાયેલ હોય તે પ્રકારે જ ફળ આપે ત્યારે તે પ્રકારે તેનો વિપાક છે તેમ કહેવાય. કેટલીક વખત કર્મપ્રકૃતિ જે પ્રકારે બંધાયેલી હોય તેના કરતાં અન્ય પ્રકારે ફળ આપે છે. તેથી તે પ્રકૃતિનો વિપાક અન્ય પ્રકારે છે, તેમ કહેવાય છે.

કઈ રીતે બંધાયેલી પ્રકૃતિ અન્ય પ્રકારે વિપાક આપે છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

જીવ કોઈક ઉદયમાન કર્મના વિપાકને અનુભવતો, તે કર્મના પ્રત્યયને કારણે જ=તે ઉદયમાન કર્મના

પરિણામને કારણે જ, અનાભોગવીર્યપૂર્વક કર્મનું સંક્રમણ કરે છે. જેમ કોઈ જીવને અશાતાને અનુકૂળ દ્રવ્ય-ક્ષેત્ર આદિની પ્રાપ્તિ થાય ત્યારે તે કર્મના વિપાકને તે અનુભવે છે. તે વખતે અશાતાવેદનીયકર્મના વિપાકના અનુભવને કારણે જ તેનું અનાભોગવીર્ય તે વખતે સત્તામાં રહેલ શાતાવેદનીયકર્મ જેનો અબાધા-કાળ પૂરો થયો છે અને ઉદયને પામેલ છે; પરંતુ ફળ આપવા સમર્થ નથી તેવી શાતાવેદનીયકર્મની પ્રકૃતિને સ્તિબુકસંક્રમણ દ્વારા અશાતારૂપે સંક્રમણ કરે છે. તે વખતે તે જીવનું અનાભોગવીર્ય જ તે કર્મપ્રકૃતિનું સંક્રમણ કરે છે. તેના કારણે તે પ્રકૃતિ જે પ્રકારે બંધાયેલી તેનાથી અન્યથા પ્રકારે વિપાકને પ્રાપ્ત કરે છે.

આ સંક્રમણ મૂળપ્રકૃતિથી અભિન્ન એવી સર્વ ઉત્તરપ્રકૃતિમાં થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે જ્ઞાનાવરણીય જે મૂળપ્રકૃતિ છે તેનાથી અભિન્ન એવી મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મનઃપર્યવ-જ્ઞાનાવરણીય અને કેવલજ્ઞાનાવરણીય સર્વમાં અનાભોગવીર્યથી પરસ્પર સંક્રમણ થયા કરે છે. તેથી કેટલીક પ્રકૃતિ ઉદયમાં આવે છે ત્યારે જે રીતે બંધાયેલી તે રીતે જ ઉદયમાં આવે છે અને કેટલીક પ્રકૃતિઓ જે પ્રકારે બંધાયેલી તેનાથી અન્યથારૂપે થઈને વિપાકમાં આવે છે.

દા. ત. વર્તમાનમાં જે મતિજ્ઞાનાવરણીયકર્મનો ઉદય વર્તી રહ્યો છે, એમાં મતિજ્ઞાનનું આવારક કર્મ ઉદયમાં છે. તેમાંથી કેટલાક દળિયા જે બંધ વખતે મતિજ્ઞાનાવરણરૂપે બંધાયેલા તે જ પ્રકારે મતિજ્ઞાનના આવરણરૂપે અત્યારે વિપાકમાં આવેલા છે, જ્યારે કેટલાક દળિયા પૂર્વમાં શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ આદિરૂપે બંધાયેલા અને અનાભોગવીર્યથી મતિજ્ઞાનાવરણરૂપે સંક્રમણ પામીને વર્તમાનમાં મતિજ્ઞાનાવરણરૂપે ઉદયમાં આવે છે. તેથી એ પ્રાપ્ત થાય કે વર્તમાનમાં મતિજ્ઞાનાવરણરૂપે ઉદયમાં આવતા કર્મમાંથી અમુક અંશ મતિજ્ઞાનનું આવરણ કરે છે અને અમુક અંશના ક્ષયોપશમથી મતિજ્ઞાનનો ક્ષયોપશમ થાય છે. તેમાંથી પણ કેટલાક દળિયા મતિજ્ઞાનાવરણરૂપે જ બંધાયેલા અને કેટલાક દળિયા બંધ વખતે શ્રુતજ્ઞાનાવરણ આદિરૂપે બંધાયેલા છતાં સંક્રમણ દ્વારા અન્યથારૂપે અર્થાત્ મતિજ્ઞાનાવરણરૂપે થઈને વિપાકમાં આવે છે.

મૂળપ્રકૃતિથી અભિન્ન સર્વ ઉત્તરપ્રકૃતિઓમાં કર્મનું સંક્રમણ થાય છે, જે સંક્રમણ થયા પછી અન્યથારૂપે વિપાકમાં આવે છે. અન્ય મૂળપ્રકૃતિમાં કર્મનું સંક્રમણ થતું નથી.

તેથી એ પ્રાપ્ત થાય કે જ્ઞાનાવરણીયની અવાંતર મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય આદિ ઉત્તર-પ્રકૃતિઓ બંધનિમિત્ત અન્યજાતીય નથી, પરંતુ જ્ઞાનાવરણીયરૂપ એકજાતીય છે અને વિપાકનિમિત્ત પણ જ્ઞાનાવરણીયરૂપ એકજાતીય છે, તેથી પરસ્પર તેઓનું સંક્રમણ થાય છે. જ્યારે જ્ઞાનાવરણીય આદિ મૂળ આઠ પ્રકૃતિઓ તે પ્રકારથી અન્યજાતીય છે, જેથી બંધ નિમિત્તક પણ ભિન્ન પ્રકારનાં કાર્ય કરવાના સ્વભાવવાળી છે, માટે તેઓમાં પરસ્પર સંક્રમણ થતું નથી. આથી જ મૂળપ્રકૃતિઓનો ભેદ ઉત્તરપ્રકૃતિ કરતાં જુદો પાડેલ છે.

વળી દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય પ્રકૃતિઓનું પરસ્પર સંક્રમણ થતું નથી. જોકે દર્શનમોહનીય

અને ચારિત્રમોહનીય મોહનીયની ઉત્તરપ્રકૃતિ હોવાથી પરસ્પર સંક્રમણ થવું જોઈએ, છતાં પણ જાત્યંતરના અનુસરણ કરે એવા વિપાકના નિમિત્ત દર્શનમોહનીય, ચારિત્રમોહનીય છે, તેથી તે બન્ને અન્યજાતીય જ છે, માટે તે બન્નેમાં સંક્રમણ થતું નથી. જેમ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય અન્યજાતીય પ્રકૃતિ હોવાથી તે બેમાં સંક્રમણ થતું નથી, તેમ દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયની પ્રકૃતિઓ પણ જાત્યંતર પ્રકૃતિ સદૃશ જ વિપાકનું કારણ હોવાને કારણે અન્યજાતીય શાસ્ત્રકારો સ્વીકારે છે, માટે સંક્રમણ થતું નથી.

વળી ચાર આયુષ્યનું પણ પરસ્પર સંક્રમણ થતું નથી; કેમ કે જાત્યંતર અનુબંધ દ્વારા વિપાકનું નિમિત્ત ચારે આયુષ્ય છે. તેથી તે ચારે આયુષ્યમાં અન્યજાતીયપણું છે, માટે તેમાં સંક્રમણ થતું નથી.

વળી દર્શનમોહનીયની પ્રકૃતિઓ ત્રણ છે : સમ્યક્ત્વમોહનીય, મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીય. આ ત્રણે પ્રકૃતિઓ જોકે સંક્રમણ પામે છે અર્થાત્ જીવ મિથ્યાત્વ અવસ્થામાં હોય ત્યારે સત્તામાં રહેલ મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય મિથ્યાત્વરૂપે સંક્રમણ પામે છે અને સમ્યક્ત્વ અવસ્થામાં હોય ત્યારે સત્તામાં રહેલ મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય સમ્યક્ત્વરૂપે સંક્રમણ પામે છે; પરંતુ સમ્યગ્મિથ્યાત્વવેદનીય ત્રીજા ગુણસ્થાનકમાં ઉદયરૂપે વર્તે છે ત્યારે સમ્યગ્મિથ્યાત્વવેદનીયનો મિથ્યાત્વમાં કે સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમ થતો નથી; કેમ કે સમ્યગ્મિથ્યાત્વવેદનીય જ્યારે વેદન થતું હોય ત્યારે જાત્યંતર અનુબંધના વિપાકનું નિમિત્ત હોવાથી અન્યજાતીય છે અર્થાત્ સમ્યક્ત્વમોહનીય અને મિથ્યાત્વમોહનીય કરતાં જાત્યંતરના અનુબંધના વિપાકનું નિમિત્ત સમ્યગ્મિથ્યાત્વવેદનીયરૂપ મિશ્રમોહનીય છે. ત્રીજા ગુણસ્થાનકમાં વર્તતું મિશ્રમોહનીય અન્યજાતીય છે અર્થાત્ મિથ્યાત્વમોહનીય અને સમ્યક્ત્વમોહનીય કરતાં અન્યજાતીય છે. તેથી સમ્યગ્મિથ્યાત્વવેદનીયનો સંક્રમ થતો નથી.

જેમ મતિજ્ઞાનના ઉદયનું વેદન વર્તતું હોય ત્યારે પણ મતિજ્ઞાનાવરણીયકર્મ શ્રુતજ્ઞાનાવરણીયકર્મ આદિમાં સંક્રમણ પામે છે; કેમ કે અન્યજાતીય નથી. જ્યારે મિશ્રગુણસ્થાનકમાં વેદન થતું સમ્યગ્મિથ્યાત્વ, મતિજ્ઞાનની જેમ સજાતીય એવી સમ્યક્ત્વમોહનીય અને મિથ્યાત્વમોહનીયમાં સંક્રમણ પામતું નથી; કેમ કે તે વખતે મિશ્રમોહનીય અન્યજાતીય છે.

આ રીતે બંધાયેલી કેટલીક પ્રકૃતિ જે પ્રકારે બંધાયેલી હોય તે પ્રકારે વિપાક ફલ આપે છે અને કેટલીક પ્રકૃતિ સંક્રમણ પામીને બંધાયેલ કરતાં અન્ય પ્રકારે વિપાક બતાવે છે, તે અત્યાર સુધી બતાવ્યું. વળી કર્મપ્રકૃતિઓમાં રસ અને સ્થિતિનું અપવર્તન થાય છે જેના કારણે પણ તે પ્રકૃતિ જે પ્રકારે બંધાયેલી હોય તેનાથી અન્ય પ્રકારે વિપાકમાં આવે છે. જેમ કોઈ પ્રકૃતિ ઘણા રસવાળી બંધાયેલી હોય અને તે પ્રકારે વિપાકમાં આવે તો તેનું ફળ અતિ તીવ્ર પ્રાપ્ત થાય, પરંતુ તેના ઉદયકાળની પ્રાપ્તિ પૂર્વે જ કોઈક અધ્યવસાયના નિમિત્તે તેના રસનું અપવર્તન થાય તો તે કર્મ મંદ અનુભાવપૂર્વક વિપાકમાં આવે છે. તેથી અપવર્તનાથી પણ તે પ્રકૃતિનો અન્યથા વિપાક પ્રાપ્ત થાય છે. આ અપવર્તન સર્વ પ્રકૃતિઓમાં થાય છે. તેથી જે પ્રકૃતિઓ જે રસથી બંધાયેલી હોય તેના કરતાં મંદ રસ થઈને આવે અને જે સ્થિતિવાળી બંધાયેલી હોય તે સ્થિતિ અલ્પ થઈને આવે ત્યારે તેનો અન્યથા વિપાક પ્રાપ્ત થાય છે. આથી જ યોગમાર્ગમાં પ્રવૃત્ત

મહાત્મા બંધાયેલી દીર્ઘ સ્થિતિવાળી કર્મરૂપી લતાને તત્ત્વ તરફના સન્મુખ થયેલા ભાવને કારણે અલ્પ સ્થિતિવાળી અને અલ્પરસવાળી કરે છે ત્યારે સત્તામાં રહેલ સર્વ પ્રકૃતિઓ અપવર્તના પામીને અન્યથા પ્રકારે ઉદયમાં આવે છે. **॥૮/૨૨॥**

સૂત્ર :-

સ યથા નામ ।।૮/૨૩।।

સૂત્રાર્થ :-

તે=વિપાક, નામ અનુસાર છે=જે પ્રકૃતિનું જે નામ છે તે અનુસાર તેનો વિપાક છે. ।।૮/૨૩।।

ભાષ્ય :-

સોઽનુભાવો ગતિનામાદીનાં યથા નામ તથા વિપચ્યતે ।।૮/૨૩।।

ભાષ્યાર્થ :-

સોઽનુભાવો ..... વિપચ્યતે ।। તે=અનુભાવ=પ્રકૃતિનું કાર્ય, ગતિનામકર્મ આદિનું જે પ્રમાણે નામ છે, તે પ્રમાણે વિપાકને પામે છે. ॥૮/૨૩॥

ભાવાર્થ :-

શાસ્ત્રમાં જે જે કર્મપ્રકૃતિઓ છે તે તે પ્રકૃતિઓનાં જે જે નામો આપ્યાં છે તે સર્વ નામો તે પ્રકૃતિઓના કાર્યને સામે રાખીને જ અપાયાં છે. આથી જ જ્ઞાનને આવરણ કરે તેવી જે પ્રકૃતિ તેને જ્ઞાનાવરણ કહેવાય છે. જ્ઞાનાવરણીયકર્મની ઉત્તરપ્રકૃતિમાં પણ આત્માનું જે મતિજ્ઞાન છે તેનું જે આવરણ કરે તેને મતિજ્ઞાનાવરણ કહેવાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે પ્રકૃતિનું જે નામ છે તે નામને અનુરૂપ જ તે પ્રકૃતિ વિપાકમાં આવે છે અર્થાત્ તે પ્રકારના કાર્યને કરે છે.

સૂત્રાનુસાર જ્ઞાનાવરણાદિ જે પ્રકૃતિનાં જે નામો છે તે નામાનુસાર તે પ્રકૃતિનો વિપાક છે, તે બતાવવા માટે ભાષ્યકારશ્રીએ જ્ઞાનાવરણાદિનું યથાનામ વિપાક છે તેમ કહેવું જોઈએ; તેને બદલે ગતિનામાદિનો જે યથાનામ વિપાક છે તે અનુભાવ છે તેમ કહ્યું, તેથી એ પ્રાપ્ત થાય કે જીવ ગતિનામકર્મને કારણે શરીરધારી થાય છે, તેવા જીવોમાં જ અન્ય સર્વકર્મોનો વિપાક થાય છે; પરંતુ શરીર વગરના આત્મામાં કોઈ કર્મનો વિપાક થતો નથી, તે બતાવવા અર્થે નામકર્મને પ્રધાન કરીને અહીં કહેલ છે કે ગતિનામ આદિનું જે પ્રમાણે નામ છે, તે પ્રકારે જ વિપાક છે. તેથી અર્થથી સર્વ પ્રકૃતિઓમાં જે નામ છે તે પ્રકારે વિપાક છે તેમ પ્રાપ્ત થાય છે. **॥૮/૨૩॥**

સૂત્ર :-

ततश्च निर्जरा ।।૮/૨૪।।

સૂત્રાર્થ :-

અને તેનાથી=કર્મના વિપાકથી, નિર્જરા છે. ॥૮/૨૪॥

ભાષ્ય :-

ततश्च=अनुभावात्, कर्मनिर्जरा भवति । निर्जरा क्षयो वेदनेत्यनर्थान्तरम् । अत्र चशब्दो हेत्वन्तरमपेक्षते । 'तपसा निर्जरा च' **(अ. ९, सू. ३) इति वक्ष्यते ॥८/२४॥**

ભાષ્યાર્થ :-

ततश्च ..... वक्ष्यते ॥ અને તેથી=કર્મના અનુભાવથી, કર્મની નિર્જરા થાય છે.

નિર્જરાના પર્યાયવાચી બતાવે છે –

નિર્જરા, ક્ષય, વેદના અનર્થાંતર છે=એકાર્થવાચી શબ્દો છે.

અહીં=પ્રસ્તુત સૂત્રમાં, 'च' શબ્દ હેતુઅંતરની=અન્ય હેતુની, અપેક્ષાવાળો છે.

તે હેતુઅંતર જ સ્પષ્ટ કરે છે –

'અને તપથી નિર્જરા થાય છે' **(અધ્યાય-૯, સૂત્ર-૩) તે પ્રમાણે કહેવાશે. ॥૮/૨૪॥**

ભાવાર્થ :-

જે જે કર્મ વિપાકમાં આવે છે તે પોતાનું કાર્ય કરીને આત્મપ્રદેશોથી પૃથક્ થાય છે. તેથી વિપાકથી નિર્જરાની પ્રાપ્તિ થાય છે. આ નિર્જરા બે પ્રકારની છે : (૧) સકામનિર્જરા અને (૨) અકામનિર્જરા. આ બન્ને પ્રકારની નિર્જરામાં કર્મની સત્તાની સ્થિતિના ઉપરનાં સ્થાનોમાંથી કર્મદલિકોના રસનું અપવર્તન કરીને કર્મદલિકોનો ઉદય આવલિકામાં પ્રક્ષેપ કરાય છે. તેથી રસના અપવર્તનને કારણે ક્ષીણ શક્તિવાળા થયેલા તે દળિયા પોતાનું કંઈક કાર્ય કરીને નિર્જરાને પામે છે.

સામાન્ય રીતે દુઃખો વેઠીને જીવ અકામનિર્જરા કરે છે ત્યારે ખરાબરૂપે વેદન કરવા યોગ્ય તે કર્મ ક્ષીણ થવાથી જીવમાં ક્યારેક ગુણની પણ પ્રાપ્તિ થાય છે તો ક્યારેક તે કષ્ટના વેદનકાળમાં તીવ્ર આર્તધ્યાનાદિ થાય તો તે જીવ અધિક ક્લિષ્ટ કર્મો બાંધે છે. તોપણ ઉદયમાન કર્મો પ્રતિકૂળરૂપે હોય કે અનુકૂળરૂપે હોય તે સર્વનું વેદન થઈને આત્માથી છૂટાં પડે છે તે નિર્જરા છે. જે મહાત્માઓ ઉચિત પ્રવૃત્તિ કરીને અભ્યંતરતપ અને બાહ્યતપ દ્વારા ઘણાં કર્મોને ઉદય આવલિકામાં પ્રક્ષેપ કરે છે ત્યારે, વિપુલ પ્રમાણમાં કર્મની નિર્જરા થાય છે, જે સકામનિર્જરા છે. તે પણ કર્મના વિપાકથી જ થાય છે; ફક્ત તે કર્મનો વિપાક સકામનિર્જરામાં પ્રદેશોદયરૂપે હોય છે તો વળી અકામનિર્જરામાં ફલ આપે તેવો વિપાકોદયરૂપે હોય છે, પરંતુ કર્મનો ઉદય થયા વગર નિર્જરા થતી નથી. **॥૮/૨૪॥**

ભાષ્ય :-

उक्तोऽनुभावबन्धः, प्रदेशबन्धं वक्ष्यामः –

ભાવાર્થ :-

અનુભાવબંધ કહેવાયો. હવે પ્રદેશબંધને અમે કહીએ છીએ –

સૂત્ર :-

नामप्रत्ययाः सर्वतो योगविशेषात् सूक्ष्मैकक्षेत्रावगाढस्थिताः सर्वात्म-प्रदेशेषु अनन्तानन्तप्रदेशाः ।।८/२५।।

સૂત્રાર્થ :-

નામપ્રત્યયવાળા=કાર્મણશરીરનામકર્મ કારણવાળા, (પુદ્ગલો બંધાય છે,) સર્વથી બંધાય છે=છએ દિશામાંથી બંધાય છે, યોગવિશેષથી બંધાય છે=મન-વચન-કાયાના યોગોથી બંધાય છે, સૂક્ષ્મ, એક ક્ષેત્ર અવગાઢ અને સ્થિત પુદ્ગલો બંધાય છે, સર્વ આત્મપ્રદેશોમાં બંધાય છે, અનંતાનંત પ્રદેશવાળા કાર્મણપુદ્ગલો બંધાય છે, તે પ્રદેશબંધ છે. ।।૮/૨૫।।

ભાષ્ય :-

नामप्रत्ययाः पुद्गलाः बध्यन्ते । नाम प्रत्यय एषां ते इमे नामप्रत्ययाः । नामनिमित्ता नामहेतुका नामकारणा इत्यर्थः । सर्वतस्तिर्यगूर्ध्वमधश्च बध्यन्ते । योगविशेषात् कायवाङ्मनःकर्मयोगविशे-षाच्च बध्यन्ते । सूक्ष्मा बध्यन्ते, न बादराः । एकक्षेत्रावगाढा बध्यन्ते, न क्षेत्रान्तरावगाढाः । स्थिताश्च बध्यन्ते, न गतिसमापन्नाः । सर्वात्मप्रदेशेषु सर्वप्रकृतिपुद्गलाः सर्वात्मप्रदेशेषु बध्यन्ते । एकैको ह्यात्मप्रदेशोऽनन्तैः कर्मप्रदेशैर्बद्धः । अनन्तानन्तप्रदेशाः कर्मग्रहणयोग्याः पुद्गला बध्यन्ते । न तु (?) सङ्ख्येयासङ्ख्येयानन्तप्रदेशाः । कुतः ? अग्रहणयोग्यत्वात् प्रदेशानामिति । एष प्रदेशबन्धो भवति ।।८/२५।।

ભાષ્યાર્થ :-

नामप्रत्ययाः ..... भवति ।। નામપ્રત્યયવાળા પુદ્ગલો બંધાય છે. નામપ્રત્યય છે જેઓને, તે આ નામપ્રત્યયવાળા છે=નામનિમિત્તવાળા છે=નામહેતુવાળા છે=નામકારણવાળા છે=કાર્મણશરીરનામ-કર્મના કારણવાળા બધ્યમાન પુદ્ગલો છે, એ પ્રમાણે અર્થ છે. વળી તે સર્વથી=તિર્યગ્, ઊર્ધ્વ અને અધો સર્વ દિશાથી બંધાય છે=તિર્યગ્ ચાર દિશા, ચાર વિદિશા, ઊર્ધ્વ અને અધો એમ દશ દિશાથી કર્મો બંધાય છે.

શેના કારણે બંધાય છે ? તેથી કહે છે –

યોગવિશેષથી બંધાય છે=કાયકર્મયોગ, વાગ્કર્મયોગ અને મનકર્મયોગ વિશેષથી બંધાય છે. અહીં 'ચ'કાર સર્વથી અને યોગવિશેષથી બંધાય છે એના સમુચ્ચય માટે છે. વળી જે કર્મો બંધાય છે તે

સૂક્ષ્મ બંધાય છે, બાદર નહીં. એક ક્ષેત્ર અવગાઢ બંધાય છે=જે આકાશપ્રદેશ ઉપર જીવપ્રદેશ છે તે આકાશપ્રદેશ ઉપર રહેલા કાર્મણપુદ્ગલો બંધાય છે, પરંતુ ક્ષેત્રાંતરમાં અવગાઢ કાર્મણપુદ્ગલો બંધાતા નથી. વળી જે આકાશપ્રદેશ ઉપર આત્મા રહેલો છે, તે આકાશપ્રદેશ ઉપર સ્થિર રહેલ કાર્મણવર્ગણાના પુદ્ગલો બંધાય છે, પરંતુ ગતિને પામેલા પુદ્ગલો બંધાતા નથી=અન્ય આકાશપ્રદેશ ઉપર આવેલી કાર્મણવર્ગણા બંધાતી નથી, પરંતુ પોતે જે આકાશપ્રદેશ ઉપર રહેલ છે, એ આકાશપ્રદેશ ઉપર સ્થિર રહેલી કાર્મણવર્ગણા જીવથી બંધાય છે. સર્વ આત્મપ્રદેશોમાં બંધાય છે=જીવના બધા આત્મપ્રદેશોમાં સર્વ પ્રકૃતિના પુદ્ગલો બંધાય છે=વર્તમાન સમયમાં જે જે કર્મો બાંધે છે તે સર્વ પ્રકૃતિઓનાં કર્મો સર્વ આત્મપ્રદેશમાં બંધાય છે. વળી એક એક આત્મપ્રદેશ અનંતા કર્મપ્રદેશોથી બંધાયેલો થાય છે=જીવના દરેક પ્રદેશો ઉપર આઠે કર્મો બંધાય છે અને તે એક એક આત્મપ્રદેશ અનંતા કર્મપ્રદેશોથી બદ્ધ થાય છે. વળી અનંતાનંત પ્રદેશવાળા ગ્રહણયોગ્ય કર્મપુદ્ગલો બંધાય છે; પરંતુ સંખ્યેય, અસંખ્યેય કે અનંત પ્રદેશવાળા પુદ્ગલો બંધાતા નથી; કેમ કે તેટલા પ્રદેશોનું અગ્રહણયોગ્યપણું છે, આ પ્રદેશબંધ છે. ॥૮/૨૫॥

ભાવાર્થ :-

પ્રદેશબંધ એટલે આત્મા સાથે બંધાયેલા કાર્મણપુદ્ગલોનો જથ્થો. આ કાર્મણપુદ્ગલો કાર્મણશરીર-નામકર્મના ઉદયથી જીવની સાથે બંધાય છે, તે બતાવવા માટે સૂત્રમાં કહ્યું કે નામપ્રત્યયવાળા પુદ્ગલો બંધાય છે. અહીં કોઈને ભ્રમ થાય કે જ્ઞાનાવરણીય આદિ નામપ્રત્યયવાળા પુદ્ગલો બંધાય છે, તેનું નિરાકરણ કરવા અર્થે ભાષ્યકારશ્રીએ સ્પષ્ટતા કરી કે નામનિમિત્ત અર્થાત્ નામહેતુ અર્થાત્ નામકારણવાળા પુદ્ગલો બંધાય છે.

તેથી એ પ્રાપ્ત થયું કે કાર્મણશરીરનામકર્મરૂપ નામકારણવાળો પ્રદેશબંધ છે; કેમ કે જો કાર્મણશરીર-નામકર્મનો ઉદય ન હોય તો તે પુદ્ગલો બંધાય નહીં. આથી જ કાર્મણશરીરનામકર્મના ઉદયવાળા કેવલીને પણ પ્રદેશબંધની પ્રાપ્તિ છે.

વળી તે પુદ્ગલો જીવ કયાંથી ગ્રહણ કરે છે ? તે સ્પષ્ટ કરવાર્થે ગ્રંથકારશ્રી કહે છે –

સર્વથી ગ્રહણ કરે છે અર્થાત્ તિર્છી ચાર દિશા અને ચાર વિદિશા, તથા ઊર્ધ્વ અને અધો એમ દશે દિશાથી ગ્રહણ કરે છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે આકાશપ્રદેશ ઉપર જીવ રહેલ છે તે આકાશપ્રદેશ ઉપર રહેલ કાર્મણવર્ગણાઓ કાર્મણશરીરનામકર્મના ઉદયથી જીવ દશે દિશાઓમાંથી ગ્રહણ કરે છે.

શેનાથી ગ્રહણ કરે છે ? તે સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

યોગવિશેષથી બંધાય છે=જીવની કાયાનું કર્મ, વાણીનું કર્મ અને મનનું કર્મ એ રૂપ યોગવિશેષથી અનંતાનંત પ્રદેશરૂપ પ્રદેશબંધ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેટલા અંશમાં યોગવ્યાપાર અધિક, તેટલા અંશમાં પ્રદેશબંધ અધિક અને જેટલા અંશમાં યોગવ્યાપાર અલ્પ. તેટલા અંશમાં પ્રદેશબંધ અલ્પ થાય છે. વળી, પ્રદેશબંધના પુદ્ગલો સૂક્ષ્મ બંધાય છે, બાદર બંધાતા નથી; કેમ કે કાર્મણવર્ગણા સૂક્ષ્મ પરિણામવાળી

છે. કાર્મણવર્ગણાના પુદ્ગલો જ કર્મરૂપે બંધાય છે. વળી, જીવપ્રદેશની સાથે એક ક્ષેત્રમાં અવગાઢ રહેલા પુદ્ગલો બંધાય છે, પરંતુ અન્ય આકાશપ્રદેશ ઉપર રહેલા કાર્મણપુદ્ગલો બંધાતા નથી અર્થાત્ જે આકાશપ્રદેશ ઉપર જીવના પ્રદેશ છે તે આકાશપ્રદેશથી અન્ય નજીકના કે દૂરના આકાશપ્રદેશ ઉપર રહેલા કાર્મણપુદ્ગલો બંધાતા નથી. વળી જે કાર્મણવર્ગણાઓ પોતાના અવગાઢ આકાશપ્રદેશ ઉપર રહેલી છે, તે જ યોગને આશ્રયીને બંધાય છે. જે કાર્મણવર્ગણા ગતિપરિણામવાળી છે તે કાર્મણવર્ગણા ગતિપરિણામને કારણે ગમન કરતા તે આકાશપ્રદેશ ઉપર આવેલ હોય તોપણ તે કાર્મણવર્ગણા બંધાતી નથી. પરંતુ જે કાર્મણવર્ગણા તે આકાશપ્રદેશ ઉપર સ્થિર રહેલ છે તે જ બંધાય છે.

વળી જીવના આત્મપ્રદેશોને સ્પર્શનારા, સર્વ આકાશપ્રદેશમાં રહેલા સર્વ પ્રકૃતિના પુદ્ગલો=જ્ઞાનાવરણીય આદિ અને તેની ઉત્તરપ્રકૃતિરૂપ સર્વ પ્રકૃતિના પુદ્ગલો, સર્વ આત્મપ્રદેશમાં બંધાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે જીવ જેટલા આકાશપ્રદેશને અવગાહીને રહેલો છે ત્યાંના સર્વ આકાશપ્રદેશમાં રહેલા કાર્મણપુદ્ગલો જીવના યોગથી ગ્રહણ થાય છે. જીવ પોતાના અધ્યવસાય અનુસાર જે જે મૂળપ્રકૃતિઓ અને તેની ઉત્તરપ્રકૃતિઓ વર્તમાન સમયમાં બાંધે છે તે સર્વ પ્રકૃતિઓ "કોઈ એક આત્મપ્રદેશમાં કોઈ એક પ્રકૃતિ બંધાય છે, તો અન્ય કોઈ આત્મપ્રદેશોમાં અન્ય પ્રકૃતિઓ બંધાય છે." તેવો નિયમ નથી; પરંતુ જે કોઈ પ્રકૃતિઓ બંધાય છે તે સર્વ પ્રકૃતિઓના દળિયા સર્વ આત્મપ્રદેશોમાં પ્રાપ્ત થાય છે.

વળી જીવના જેટલા આત્મપ્રદેશો છે તેમાંથી એક એક આત્મપ્રદેશ અનંતા કર્મપ્રદેશોથી બદ્ધ છે. તેથી એ પ્રાપ્ત થાય કે આત્માના અસંખ્યાત પ્રદેશો છે, જે ચૌદ રાજલોકના આકાશપ્રદેશો તુલ્ય છે. તેવા પણ આત્માએ વર્તમાનના દેહ પ્રમાણ આકાશમાં અવગાહન કરેલ હોવાથી તેના ઘણા આત્મપ્રદેશો એક એક આકાશપ્રદેશ ઉપર અવગાહન કરી રહેલા છે. તેથી દેહ પ્રમાણ આકાશપ્રદેશોમાંથી દરેક આકાશપ્રદેશ ઉપર જીવના અસંખ્યાત આત્મપ્રદેશો રહેલા છે. તેમાંથી દરેક આત્મપ્રદેશો ઉપર અનંત કર્મપ્રદેશો બંધાયેલા છે. આઠ રુચકપ્રદેશને છોડીને સર્વ આત્મપ્રદેશો કર્મથી અત્યંત વ્યાપ્ત છે. વળી જીવ પોતાના વ્યાપારથી જે કાર્મણપુદ્ગલો ગ્રહણ કરે છે તે અનંતાનંત પ્રદેશવાળા ગ્રહણયોગ્ય કર્મપુદ્ગલોને ગ્રહણ કરે છે, પરંતુ સંખ્યાત, અસંખ્યાત કે અનંત પ્રદેશવાળા પુદ્ગલોને ગ્રહણ કરતો નથી; કેમ કે તે પ્રદેશોનું કર્મરૂપે અગ્રહણયોગ્યપણું છે. અર્થાત્ જે સ્કંધો સંખ્યાત, અસંખ્યાત કે અનંત પરમાણુના બનેલા છે તે જીવથી ગ્રહણયોગ્ય નથી. આ પ્રકારનો જે અનંત પ્રદેશોના સમૂહરૂપ કર્મબંધ થાય છે તે પ્રદેશબંધ છે. **॥८/२५॥**

अवतरणिका :-

सर्वं चैतदष्टविधं कर्म पुण्यं पापं च, तत्र –

अवतरणिकार्थ :-

અને સર્વ આ આઠ પ્રકારનું કર્મ પુણ્ય અને પાપ છે. ત્યાં=પુણ્ય અને પાપમાં, પુણ્ય બતાવે છે –

ભાવાર્થ :-

પૂર્વમાં પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાવબંધ અને પ્રદેશબંધ કહ્યો, તે સર્વ બંધ આઠ પ્રકારના કર્મરૂપ છે અર્થાત્ કર્મ બંધાતી વખતે આઠ કર્મ બંધાતાં હોય તો આઠ કર્મના બંધ સ્વરૂપ છે અને સાત કર્મ બંધાતાં હોય તો સાત કર્મના બંધ સ્વરૂપ છે; પરંતુ સત્તામાં આઠ પ્રકારના કર્મ સ્વરૂપ છે. જે કર્મ અનુકૂળ વિપાકવાળું હોય તે પુણ્યરૂપ છે અને જે પ્રતિકૂળ વિપાકવાળું હોય તે પાપરૂપ છે. તેમાં પુણ્યકર્મ કયું છે ? તે બતાવે છે –

સૂત્ર :-

सद्वेद्यसम्यक्त्वहास्यरतिपुरुषवेदशुभायुर्नामगोत्राणि पुण्यम् ।।८/२६।।

સૂત્રાર્થ :-

સદ્વેદ્ય=શાતાવેદનીય, સમ્યક્ત્વ=સમ્યક્ત્વમોહનીય, હાસ્યમોહનીય, રતિમોહનીય, પુરુષવેદ, શુભાયુષ્ય, શુભનામ (અને) શુભગોત્ર પુણ્ય છે. ।।૮/૨૬।।

ભાષ્ય :-

सद्वेद्यं भूतव्रत्यनुकम्पादिहेतुकं, सम्यक्त्ववेदनीयं केवलिश्रुतादीनां वर्णवादादिहेतुकं, हास्यवेदनीयं, रतिवेदनीयं, पुरुषवेदनीयं, शुभमायुष्कं मानुषं दैवं च, शुभनाम गतिनामादीनां, शुभं गोत्रं=उच्चैर्गोत्रमित्यर्थः । इत्येतदष्टविधं कर्म पुण्यम्, अतोऽन्यत् पापमिति ।।८/२६।।

इति तत्त्वार्थाधिगमेऽर्हत्प्रवचनसंग्रहे अष्टमोऽध्यायः समाप्तः ।।

ભાષ્યાર્થ :-

सद्वेद्यं ..... पापम् ।। ભૂત-વ્રતીની અનુકંપા આદિ હેતુવાળું સદ્વેદ્ય પુણ્ય છે=જીવોની અનુકંપા, વ્રતી એવા શ્રાવક અને સાધુની અનુકંપા આદિ હેતુવાળું શાતાવેદનીયકર્મ પુણ્યરૂપ છે. કેવલી, શ્રુત આદિના વર્ણવાદ આદિ હેતુક એવું સમ્યક્ત્વવેદનીયકર્મ પુણ્યકર્મ છે. હાસ્યવેદનીય, રતિવેદનીય અને પુરુષવેદનીય આ ત્રણ નોકષાયની પ્રકૃતિ પણ પુણ્યપ્રકૃતિ છે. મનુષ્ય અને દેવ સંબંધી શુભ આયુષ્ય પુણ્ય છે. ગતિનામ આદિનાં શુભ નામો પુણ્ય છે. શુભગોત્ર=ઉચ્ચગોત્ર પુણ્યપ્રકૃતિ છે. આ પ્રકારે આઠ પ્રકારનું કર્મ પુણ્ય છે, આનાથી અન્ય પાપ છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૮/૨૬।।

આ પ્રમાણે તત્ત્વાર્થાધિગમ નામના અર્હત્ પ્રવચનસંગ્રહમાં આઠમો અધ્યાય સમાપ્ત થયો. ।।

ભાવાર્થ :-

જીવને જે અનુકૂળરૂપે વેદન થાય તે પુણ્ય કહેવાય, તે દૃષ્ટિથી વિચારીએ તો શાતાવેદનીયકર્મ જીવને

અનુકૂળરૂપે વેદન થાય છે, માટે પુણ્યકર્મ છે. વળી, જીવો પ્રત્યેની દયાદિને કારણે અને વ્રતી પ્રત્યેની દયાદિને કારણે તેવી પુણ્યપ્રકૃતિ બંધાય છે.

વળી જે જીવો સમ્યક્ત્વ પામ્યા હોય તેઓ પણ કેવલી, શ્રુત આદિના વર્ણવાદ આદિ કરે ત્યારે તેઓનો ગુણપક્ષપાતનો ઉપયોગ તીવ્ર હોવાથી સમ્યક્ત્વમોહનીયકર્મ વિશેષથી પ્રાપ્ત થાય છે. સમ્યક્ત્વમોહનીયકર્મનો બંધ થતો નથી, તેથી તેના હેતુઓનું સેવન કરવાથી સત્તામાં રહેલા મિથ્યાત્વમોહનીયકર્મના દળિયા સમ્યક્ત્વમોહનીયકર્મરૂપે સંક્રમણ=પરિણમન, પામે છે. સમ્યક્ત્વવેદનીયકર્મના ઉદયને કારણે જીવને તત્ત્વ યથાવત્ ભાસે છે, જેથી સુખનું વેદન થાય છે, માટે સમ્યક્ત્વવેદનીય પુણ્યપ્રકૃતિ છે.

હાસ્યમોહનીય, રતિમોહનીય અને પુરુષવેદ ત્રણે નોકષાય હોવા છતાં જીવને અનુકૂળરૂપે વેદન થાય છે. તેથી અહીં તેમને પુણ્યપ્રકૃતિરૂપે બતાવ્યાં છે, જ્યારે કર્મગ્રંથમાં મોહની પ્રકૃતિ મોહનીયરૂપે આત્માની વિકૃતિ કરનાર હોવાથી તેને પાપપ્રકૃતિરૂપે કહેલ છે. તેથી પદાર્થને જોનારી નયદૃષ્ટિ અનુસાર કર્મગ્રંથની દૃષ્ટિ અને તત્ત્વાર્થકારની દૃષ્ટિ ભિન્ન હોવાથી કોઈ વિરોધ નથી.

વળી જીવને મનુષ્યભવ અને દેવભવને અનુકૂળ શુભાયુષ્ય ઉદયમાં વર્તતું હોય તે સુખરૂપે વેદન થાય છે, માટે પુણ્ય પ્રકૃતિ છે. જીવ માટે આયુષ્ય બેડીરૂપ છે એ વિવક્ષા કરીએ તો તેને પુણ્ય કહી શકાય નહીં, છતાં અનુકૂળ વેદનની અપેક્ષાએ તેને પુણ્ય કહેવામાં વિરોધ નથી. આનાથી એ પ્રાપ્ત થાય કે જેઓને ખરાબ મનુષ્યાયુષ્ય મળ્યું છે અને કિલ્બીષિક આદિ ખરાબ દેવભવ મળ્યો છે, એ પુણ્યપ્રકૃતિ નથી; પરંતુ પ્રતિકૂળરૂપે વેદનીય હોવાથી પાપપ્રકૃતિરૂપ છે. તિર્યંચ-નરકાયુષ્ય પણ જીવને પ્રતિકૂળરૂપે વેદનીય હોવાથી પાપપ્રકૃતિરૂપ છે.

વળી ગતિનામકર્મ આદિમાં જે શુભ નામકર્મો છે અને ઉચ્ચગોત્રકર્મ છે તે જીવને અનુકૂળરૂપે વેદન થાય છે, માટે પુણ્યપ્રકૃતિ છે.

આ સૂત્રમાં બતાવેલ આઠ પ્રકૃતિઓ છોડીને સર્વ કર્મપ્રકૃતિઓ પાપપ્રકૃતિરૂપ છે; કેમ કે જીવને પ્રતિકૂળરૂપે વેદનીય છે. **॥૮/૨૬॥**

આઠમો અધ્યાય સમાપ્ત



।। नवमोऽध्यायः ।।

ભાષ્ય :-

उक्तो बन्धः । संवरं वक्ष्यामः –

ભાષ્યાર્થ :-

બંધ કહેવાયો, સંવરને અમે કહીશું –

સૂત્ર :-

आस्रवनिरोधः संवरः ।।९/१।।

સૂત્રાર્થ :-

આશ્રવનો નિરોધ સંવર છે. ।।૯/૧।।

ભાષ્ય :-

यथोक्तस्य काययोगादेर्द्विचत्वारिंशद्विधस्यास्रवस्य निरोधः संवरः ।।९/१।।

ભાષ્યાર્થ :-

यथोक्तस्य ..... संवरः ।। યથોક્ત કાયયોગાદિના ૪૨ પ્રકારના આશ્રવનો નિરોધ સંવર છે. ।।૯/૧।।

ભાવાર્થ :-

છઠ્ઠા અધ્યાયના પહેલા સૂત્રમાં મન-વચન-કાયાના ત્રણ યોગો બતાવ્યા તથા સૂત્ર-૬માં સાંપરાયિક આશ્રવ બતાવતાં પાંચ અવ્રતો, ચાર કષાય, પાંચ ઇન્દ્રિય અને ૨૫ ક્રિયા બતાવેલ, જે ૪૨ ભેદવાળા આશ્રવો છે. આ કાયયોગાદિ ૪૨ પ્રકારના આશ્રવોનો નિરોધ એ સંવર છે.

આશય એ છે કે સંસારી જીવો સાંપરાયિક આશ્રવવાળા હોય છે, ત્યારે યથાયોગ્ય ૩૯ ભેદોવાળા આશ્રવની પ્રાપ્તિ થાય છે અને મન-વચન-કાયાના યોગની પ્રાપ્તિ થાય છે. તેથી ૪૨ ભેદોવાળા આશ્રવની પ્રાપ્તિ થાય છે. જીવમાં જ્યારે વિવેક પ્રગટે છે ત્યારે તે આશ્રવના અવાંતર ભેદો સહિત તે ૪૨ ભેદોનું સૂક્ષ્મ સ્વરૂપ જાણીને તે આશ્રવના નિરોધ માટે જે કોઈ યત્ન કરે છે ત્યારે કંઈક કંઈક અંશથી આશ્રવનો નિરોધ થાય છે, તેટલા અંશમાં તેને સંવરની પ્રાપ્તિ થાય છે. જે કાળે જીવનો મનોયોગ આશ્રવ નિરોધ માટે વ્યાપારવાળો નથી હોતો ત્યારે તેને તે તે આશ્રવની પ્રાપ્તિ થાય છે અને જે જે આશ્રવોનો પૂર્વમાં નિરોધ થયેલો છે તે પણ વર્તમાનના આશ્રવના ઉપયોગથી ફરી પ્રગટ થાય છે. માટે સ્વભૂમિકા અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને ઉત્તર-ઉત્તરના આશ્રવના નિરોધ માટે યત્ન કરવો જોઈએ. **॥૯/૧॥**

સૂત્ર :-

स गुप्तिसमितिधर्मानुप्रेक्षापरीषहजयचारित्रैः ।।९/२।।

સૂત્રાર્થ :-

તે અર્થાત્ સંવર ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય અને ચારિત્રથી પ્રાપ્ત થાય છે. ।।૯/૨।।

ભાષ્ય :-

स एष संवर एभिर्गुप्त्यादिभिरभ्युपायैर्भवति ।।९/२।।

ભાષ્યાર્થ :-

स ..... भवति ।। તે=સંવર, આ ગુપ્તિ આદિ ઉપાયો વડે=સૂત્રમાં બતાવ્યા તે ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય અને ચારિત્ર વડે, થાય છે. ।।૯/૨।।

ભાવાર્થ :-

જે જીવો સંસારનું વાસ્તવિક સ્વરૂપ સમ્યગ્ અવલોકન કરવા યત્ન કરે છે ત્યારે તે તે અંશમાં તેમનું ચિત્ત સાંસારિક ભાવોથી ગુપ્ત થાય છે અને આત્માના હિતને અનુકૂળ ઉપયોગવાળું બને છે. વળી, જીવને જ્યારે છઠ્ઠા ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે ત્યારે જીવમાં ત્રણ ગુપ્તિનું સામ્રાજ્ય પ્રાપ્ત થાય છે, ફલતઃ વિશેષ પ્રકારના સંવરની પ્રાપ્તિ થાય છે. તેને સામે રાખીને અહીં ગુપ્તિ આદિની આચરણાથી સંવર થાય છે, તેમ કહેલ છે. **।।૯/૨।।**

ભાષ્ય :-

किञ्चान्यत् —

ભાષ્યાર્થ :-

વળી અન્ય શું છે ?=સંવરનો અન્ય ઉપાય શું છે ? તે બતાવતાં સંવરજન્ય નિર્જરાનો ઉપાય પણ બતાવે છે —

સૂત્ર :-

तपसा निर्जरा च ।।९/३।।

સૂત્રાર્થ :-

તપથી નિર્જરા છે. અને 'च' શબ્દથી સંવરનું ગ્રહણ છે. ।।૯/૩।।

ભાષ્ય :-

तपो द्वादशविधं वक्ष्यते (अ० ९, सू० १९-२०), तेन संवरो भवति निर्जरा च ।।९/३।।

ભાષ્યાર્થ :-

तपो ..... च ।। અધ્યાય-૯, સૂત્ર-૧૯-૨૦માં બાર પ્રકારનો તપ કહેવાશે. તેનાથી=તપથી, સંવર થાય છે અને નિર્જરા થાય છે. ।।૯/૩।।

ભાવાર્થ :-

આત્મામાં કર્મના આગમનના રોધને અનુકૂળ જીવનો પરિણામ સંવર કહેવાય છે. આત્મામાં બંધાયેલાં કર્મોનું આત્માથી પરિશાટન નિર્જરા કહેવાય છે. તે નિર્જરા બાર પ્રકારના તપથી થાય છે, એમ આગળમાં કહેશે, તે બાર પ્રકારના તપથી આત્મામાં આશ્રવના રોધરૂપ સંવર પણ થાય છે. તેથી બાર પ્રકારના તપનાં બે કાર્ય છે : આશ્રવનો નિરોધરૂપ સંવર અને પૂર્વના બંધાયેલા કર્મના નાશરૂપ નિર્જરા. **॥૯/૩॥**

અવતરણિકા :-

अत्राह – उक्तं भवता (अ० ९, सू० २) – गुप्त्यादिभिरभ्युपायैः संवरो भवतीति । तत्र के गुप्त्यादय इति ?, अत्रोच्यते –

અવતરણિકાર્થ :-

અહીં=તપથી નિર્જરા થાય છે અને સંવર થાય છે એમ કહ્યું ત્યાં, પ્રશ્ન કરે છે – તમારાથી ગુપ્તિ આદિ ઉપાયો વડે સંવર થાય છે એ પ્રમાણે કહેવાયું ત્યાં ગુપ્તિ આદિ શું છે ? એ પ્રકારના પ્રશ્નમાં ઉત્તર આપે છે –

સૂત્ર :-

सम्यग्योगनिग्रहो गुप्तिः ।।९/४।।

સૂત્રાર્થ :-

સમ્યગ્ યોગનો નિગ્રહ ગુપ્તિ છે. ।।૯/૪।।

ભાષ્ય :-

सम्यगिति विधानतो ज्ञात्वाऽभ्युपेत्य सम्यग्दर्शनपूर्वकं, त्रिविधस्य योगस्य निग्रहो गुप्तिः । काय-गुप्तिः, वाग्गुप्तिः, मनोगुप्तिरिति । तत्र शयनासनादाननिक्षेपस्थानचङ्क्रमणेषु कायचेष्टानियमः कायगुप्तिः। याचनपृच्छनप्रश्नव्याकरणेषु वाङ्नियमो मौनमेव वा वाग्गुप्तिः । सावद्यसङ्कल्प-निरोधः कुशलसङ्कल्पः कुशलाकुशलसङ्कल्पनिरोध एव वा मनोगुप्तिरिति ।।९/४।।

ભાષ્યાર્થ :-

સમ્યગિતિ ..... મનોગુપ્તિરિતિ ।। સમ્યગ્ એ પ્રમાણે. વિધાનથી=ભેદથી, જાણીને સમ્યગ્દર્શનપૂર્વક સ્વીકાર કરીને ત્રિવિધ યોગનો નિગ્રહ ગુપ્તિ છે. તે ગુપ્તિ ૩ પ્રકારની છે : કાયગુપ્તિ, વચનગુપ્તિ અને મનોગુપ્તિ.

'इति' શબ્દ ત્રણ પ્રકારની ગુપ્તિની સમાપ્તિમાં છે.

ત્યાં=ત્રણ ગુપ્તિમાં, શયનના, આસનના ગ્રહણમાં અને નિક્ષેપમાં, સ્થાનની અને ચંક્રમણની ક્રિયામાં કાયચેષ્ટાનો નિયમ=જિનવચનથી નિયંત્રિત કાયચેષ્ટાનું પાલન, કાયગુપ્તિ છે. યાચન, પૃચ્છન અને પ્રશ્નના જવાબમાં વાણીનો નિયમ=જિનવચનથી નિયંત્રિત વાક્‌ચેષ્ટાનું પાલન, અથવા મૌન એ વચનગુપ્તિ છે. સાવદ્યના સંકલ્પનો નિરોધ, કુશલનો સંકલ્પ અથવા કુશલ-અકુશલ સંકલ્પનો નિરોધ જ મનોગુપ્તિ છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ।।૯/૪।।

ભાવાર્થ :-

સૂત્ર-૨માં કહેલ કે ગુપ્તિ આદિથી આશ્રવના નિરોધરૂપ સંવરની પ્રાપ્તિ થાય છે. તેથી સૌ પ્રથમ ગુપ્તિનું સ્વરૂપ બતાવતાં કહે છે –

કોઈ મહાત્મા મન-વચન-કાયાના અગુપ્તિના કારણભૂત ભેદોને યથાર્થ જાણે અને જાણ્યા પછી તે જ પ્રકારે રુચિ કરે કે આ સર્વ ભેદો મારા માટે કર્મબંધનાં કારણ છે, માટે અનિષ્ટભૂત છે, તેથી મારે તેનો નિરોધ કરવો જોઈએ. આ પ્રકારે રુચિ કરીને સમ્યગ્દર્શનપૂર્વક અર્થાત્ આત્માનું નિસ્તરંગ સમુદ્ર જેવું મોહથી અનાકુળ એવું પારમાર્થિક સ્વરૂપ છે, તેના યથાર્થ દર્શનપૂર્વક, તેની પ્રાપ્તિનું કારણ બને એ રીતે ત્રિવિધ યોગનો નિગ્રહ કરે તે ગુપ્તિ છે. તે ગુપ્તિ કાયગુપ્તિ, વચનગુપ્તિ, અને મનોગુપ્તિ એમ ત્રણ ભેદવાળી છે.

(૧) કાયગુપ્તિ :-

જે મહાત્માનું ચિત્ત પોતાના ભાવપ્રાણના રક્ષણ માટે તત્પર થયેલું છે, તેમને ષટ્કાયના પાલનનો અધ્યવસાય વર્તે છે. તેથી સંયમના પ્રયોજન અર્થે શયન કરે, આસન આદિ ગ્રહણ કરે કે એક સ્થાનમાંથી અન્ય સ્થાનમાં જાય તે સર્વ કૃત્યોમાં કોઈ જીવોની હિંસા ન થાય, કોઈના કષાયોનો ઉદ્રેક ન થાય તે પ્રકારની ઉચિત યતનાપૂર્વક તે તે કાર્યો કરે છે, જે કાયગુપ્તિ છે.

(૨) વચનગુપ્તિ :-

વળી સાધુને ગુણસ્થાનકની વૃદ્ધિનું પ્રયોજન હોય અને તેના માટે કોઈ વસ્તુની યાચના આવશ્યક હોય તે વખતે સંયમવૃદ્ધિનું કારણ ન બને તેવી વસ્તુ મારાથી ગ્રહણ થાય નહીં એ પ્રકારના જિનવચનના

નિયંત્રણ=અંકુશ, હેઠળ વસ્તુની યાચના કરે કે કોઈ વસ્તુની પૃચ્છા કરે કે તત્ત્વને જાણવાના પ્રયોજનથી ગુરુ આદિને કોઈ પ્રશ્ન કરે તે વખતે વચનગુપ્તિનો લેશ પણ ભંગ ન થાય એવો વાણી ઉપરનો નિયમ અથવા કોઈકને કોઈ પ્રશ્નનો ઉત્તર આપતી વખતે ગુપ્તિનો લેશ પણ ભંગ ન થાય તે પ્રકારના સંયમપૂર્વક બોલે તે વચનગુપ્તિ છે. અથવા મન-વચન-કાયા સંવૃત કરીને બોલવાના અભાવરૂપ મૌન જ્યાં વર્તતું હોય અને ચિત્ત સંયમની પ્રવૃત્તિમાં તે પ્રકારના સંવરભાવવાળું વર્તતું હોય, જેનાથી કર્મબંધને અનુકૂળ અંતરંગ કોઈ ઉપયોગ ન ઊઠે તે પ્રકારે વાણીનો સંવર તે મૌનરૂપ વચનગુપ્તિ છે.

(૩) મનોગુપ્તિ :-

વળી સાવદ્ય પ્રવૃત્તિના સંકલ્પના નિરોધરૂપ મનોગુપ્તિ છે. તેથી એ પ્રાપ્ત થાય કે કોઈ પદાર્થ પ્રત્યેના ઈષદ્ રાગથી તેની વિચારણા કરવામાં આવે ત્યારે મનોગુપ્તિ નથી, પરંતુ મનની અગુપ્તિ જ વર્તે છે. કોઈ મહાત્મા સર્વ પ્રકારના સાવદ્યના સંકલ્પના નિરોધ માટે યત્ન કરતા હોય ત્યારે તેમને મનોગુપ્તિ છે. આથી જ દુષ્કૃતોના ઉચિત સ્મરણપૂર્વક તેની નિંદાને અનુકૂળ દૃઢ રીતે મન પ્રવર્તે છે ત્યારે મનોગુપ્તિની પ્રાપ્તિ થાય છે. વળી ક્યારેક જીવ કુશલનો સંકલ્પ કરીને ગુણસ્થાનકની વૃદ્ધિ કરવા યત્ન કરે છે ત્યારે કુશલના સંકલ્પરૂપ મનોગુપ્તિ વર્તે છે. આ બે મનોગુપ્તિઓ દેશથી અને સર્વથી હોય છે. દેશથી દેશવિરતિધર શ્રાવકને હોય છે અને સર્વથી સર્વવિરતિધર મુનિઓને હોય છે.

દેશવિરતિધર શ્રાવક પણ જ્યારે સાવદ્યના સંકલ્પના નિરોધમાં યત્ન કરતા હોય કે કુશલનો સંકલ્પ કરતા હોય ત્યારે દેશથી તે બે મનોગુપ્તિની પ્રાપ્તિ છે. જે જીવો સમ્યક્ત્વ પામ્યા નથી પરંતુ સમ્યક્ત્વ પ્રતિ અભિમુખ ભાવવાળા છે અથવા સમ્યક્ત્વને પામેલા છે પરંતુ દેશવિરતિને પામેલા નથી તેઓ પણ જ્યારે જ્યારે ઉપયોગપૂર્વક સાવદ્યના સંકલ્પનો નિરોધ કરવા યત્ન કરે છે અથવા કુશલનો સંકલ્પ કરે છે ત્યારે ત્યારે કંઈક અંશથી મનોગુપ્તિના પરિણામની પ્રાપ્તિ થાય છે. આથી જ શ્રાવક પણ ઉપયોગપૂર્વક સાધુધર્મની શક્તિના સંચયાર્થે તે તે પ્રકારના મુનિના ભાવોને સ્પષ્ટ કરનારા શ્લોકોથી આત્માને ભાવિત કરવા યત્ન કરે છે ત્યારે કુશલના સંકલ્પરૂપ મનોગુપ્તિ વર્તે છે.

વળી, કેટલાક મુનિઓ નિર્વિકલ્પદશારૂપ સામાયિકમાં વર્તે છે ત્યારે કુશલાકુશલ બન્ને પ્રકારના સંકલ્પનો નિરોધ વર્તે છે, જે વીતરાગ થવાને અનુકૂળ સમતાના પરિણામ સ્વરૂપ ત્રીજી મનોગુપ્તિ છે.

જે સાધુઓ નિર્વિકલ્પદશાને પ્રાપ્ત કરી શકતા નથી; છતાં ધર્મના ઉપકરણરૂપે જ દેહમાત્રને ધારણ કરે છે, પરંતુ દેહ પ્રત્યેની મમતાવાળા નથી, શાતાના અર્થી નથી, અશાતાના દ્વેષી નથી; માત્ર સમભાવની વૃદ્ધિના જ અર્થી છે તેઓ જ્યારે જ્યારે સાવદ્યના સંકલ્પોનો નિરોધ કરવા માટે દૃઢ ઉદ્યમ કરે છે ત્યારે પહેલા પ્રકારની મનોગુપ્તિ વર્તે છે. શ્રાવકોને દેહ આદિ પ્રત્યે મમત્વ હોવાથી સાવદ્યના સંકલ્પનો નિરોધ કરવા યત્ન કરે છે ત્યારે પણ દેશથી જ મનોગુપ્તિ હોય છે.

વળી સાધુઓ જ્યારે અસંગભાવની પ્રાપ્તિ અર્થે કુશલાનુષ્ઠાનના સંકલ્પો કરે છે ત્યારે કુશલના સંકલ્પરૂપ

સર્વથી મનોગુપ્તિ વર્તે છે; કેમ કે તેઓ દેહ આદિ પ્રત્યે મમત્વ વગરના છે. શ્રાવકો પણ સ્વભૂમિકા અનુસાર સર્વવિરતિ આદિની શક્તિના સંચય અર્થે કુશલાનુષ્ઠાનના સંકલ્પો કરે છે ત્યારે પણ દેહ આદિ પ્રત્યે ચિત્તમાં મમત્વ હોવાથી દેશથી જ મનોગુપ્તિની પ્રાપ્તિ થાય છે. **॥૯/૪॥**

અવતરણિકા :-

સૂત્ર-૨માં કહેલ કે ગુપ્તિ, સમિતિ આદિથી સંવરની પ્રાપ્તિ થાય છે. તેથી ગુપ્તિનું સ્વરૂપ બતાવ્યા પછી ક્રમપ્રાપ્ત સમિતિનું સ્વરૂપ બતાવે છે –

સૂત્ર :-

ईर्याभाषैषणाऽऽदाननिक्षेपोत्सर्गाः समितयः ।।९/५।।

સૂત્રાર્થ :-

ઈર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપ અને ઉત્સર્ગ સમિતિઓ છે. ॥૯/૫॥

ભાષ્ય :-

सम्यगीर्या सम्यग्भाषा सम्यगेषणा सम्यगादाननिक्षेपौ सम्यगुत्सर्ग इति पञ्च समितयः । तत्रावश्यकायैव संयमार्थं सर्वतो युगमात्रनिरीक्षणायुक्तस्य शनैर्न्यस्तपदा गतिरीर्यासमितिः । हितमितासन्दिग्धानवद्यार्थनियतभाषणं भाषासमितिः । अन्नपानरजोहरणपात्रचीवरादीनां धर्मसाधनानामाश्रयस्य चोद्गमोत्पादनैषणादोषवर्जनमेषणासमितिः । रजोहरणपात्रचीवरादीनां पीठफलकादीनां चावश्यकार्थं निरीक्ष्य प्रमृज्य चाददाननिक्षेपौ आदाननिक्षेपणासमितिः । स्थण्डिले स्थावरजङ्गमजन्तुवर्जिते निरीक्ष्य प्रमृज्य च मूत्रपुरीषादीनामुत्सर्ग उत्सर्गसमितिरिति ।।९/५।।

ભાષ્યાર્થ :-

सम्यगीर्या ..... उत्सर्गसमितिरिति ।। સમ્યગ્ ઈર્યા, સમ્યગ્ ભાષા, સમ્યગ્ એષણા, સમ્યગ્ આદાન-નિક્ષેપ, સમ્યગ્ ઉત્સર્ગ એ પાંચ સમિતિ છે. ત્યાં=પાંચ સમિતિઓમાં, આવશ્યક માટે જ=અવશ્ય કરવા યોગ્ય કાર્ય માટે જ, સંયમની વૃદ્ધિના પ્રયોજનથી ગમનની ક્રિયા સર્વ દિશાથી=તિર્છી બે દિશા અને સન્મુખ એમ સર્વ દિશાથી, યુગમાત્ર નિરીક્ષણથી આયુક્ત એવા સાધુની=સાડા ત્રણ હાથ ભૂમિના નિરીક્ષણમાં ઉપયુક્ત એવા સાધુની, ધીરે-ધીરે ન્યસ્ત પદ વડે જે ગતિ તે ઈર્યાસમિતિ છે. હિત=હિતકારી, મિત=પરિમિત, અસંદિગ્ધ, અનવદ્ય એવા પ્રયોજનથી નિયત બોલવું તે ભાષાસમિતિ છે. અન્ન, પાન, રજોહરણ, પાત્ર, વસ્ત્ર આદિરૂપ ધર્મસાધનો અને આશ્રયના=વસતિના, ઉદ્ગમદોષોનું, ઉત્પાદનદોષોનું અને એષણાદોષોનું વર્જન એષણાસમિતિ છે. રજોહરણ, પાત્ર, વસ્ત્ર આદિનું અને પીઠ-ફલક આદિ આવશ્યક કાર્ય માટે નિરીક્ષણ કરીને અને પ્રમાર્જન કરીને

આદાનનિક્ષેપ=ગ્રહણ અને નિક્ષેપ, આદાનનિક્ષેપણાસમિતિ છે. સ્થાવર અને જંગમ જંતુથી વર્જિત એવા સ્થંડિલમાં=નિર્દોષભૂમિમાં, જોઈને અને પ્રમાર્જીને મૂત્ર-મળ આદિનો ઉત્સર્ગ=ત્યાગ, તે ઉત્સર્ગ-સમિતિ છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ॥૯/૫॥

ભાવાર્થ :-

(૧) ઈર્યાસમિતિ :-

સાધુ સર્વ પ્રયોજનથી મન-વચન-કાયાને ગુપ્ત કરીને વીતરાગના વચનથી ભાવિત થવા અને વીતરાગ તુલ્ય થવા યત્ન કરે છે, તેથી હંમેશાં ત્રણ ગુપ્તિઓમાં જ વર્તતા હોય છે. ત્રણ ગુપ્તિવાળા મુનિ સંયમવૃદ્ધિનું આવશ્યક કાર્ય હોય ત્યારે જ સંયમ માટે કોઈક સ્થાનથી અન્ય સ્થાને જાય છે અને ઉપાશ્રયમાં પણ સંયમની વૃદ્ધિના પ્રયોજનથી જ ગમનાદિ ચેષ્ટા કરે છે. જો સંયમનું પ્રયોજન ન હોય તો ઉપાશ્રયમાં પણ પોતાના મૂળ સ્થાનને છોડીને અન્ય સ્થાનમાં જતા નથી; પરંતુ ગુપ્તિમાં અતિશય યત્ન દ્વારા સુખની વૃદ્ધિ અને નિર્લેપતાની વૃદ્ધિ કરે છે. વળી, સંયમના પ્રયોજન અર્થે ગમન કરતા હોય ત્યારે સંમુખ ત્રણ દિશાનું અવલોકન હોય છે. સાડા ત્રણ હાથ પ્રમાણ ભૂમિમાં સન્મુખની એક દિશામાં કોઈ જંતુ છે કે નહીં અને આજુબાજુની બે દિશામાંથી કોઈ જંતુનું આગમન છે કે નહીં તેનું નિરીક્ષણ અત્યંત ઉપયુક્ત થઈને કરે છે ત્યારે સર્વ જીવો પ્રત્યે દયાળુ ચિત્તવાળા સાધુ પોતાનો દયાનો ભાવ પુષ્ટ-પુષ્ટતર થાય તે પ્રકારે જીવરક્ષા માટે અત્યંત ઉપયુક્ત થઈને ધીમી ગતિથી જવાની જે પ્રવૃત્તિ કરે છે તે ઈર્યાસમિતિ છે. ઈર્યાસમિતિ કાળમાં સાધુ અવશ્ય ગુપ્તિવાળા હોય છે, તેથી ચિત્ત બાહ્ય સર્વ પદાર્થો પ્રત્યેના સંશ્લેષ વગરનું હોય છે. સંયમની વૃદ્ધિના પ્રયોજન અર્થે દયાળુ ચિત્તનો લેશ પણ નાશ ન થાય તે પ્રકારે ઉપયુક્ત થઈને સાધુ ગમન કરે છે તે ઈર્યાસમિતિ છે. તેથી એ પ્રાપ્ત થાય કે સંવરના પરિણામરૂપ ગુપ્તિ ન હોય અને જીવરક્ષા માટે યતનાપૂર્વક સાધુ જતા હોય તોપણ ઈર્યાસમિતિ નથી અને યતનાપૂર્વક સાધુ જતા હોય છતાં સંયમવૃદ્ધિનું અવશ્ય પ્રયોજન ન હોય તોપણ ઈર્યાસમિતિ નથી.

(૨) ભાષાસમિતિ :-

સાધુ ત્રણ ગુપ્તિથી ગુપ્ત હોવાને કારણે વચનપ્રયોગ દ્વારા ગમે તેવા અધ્યવસાય ન થાય તેવા સંવરના પરિણામયુક્ત જ હોય છે. તેથી માત્ર બોલવાની વૃત્તિથી તેઓ બોલતા નથી; પરંતુ ભાષાના પ્રયોગથી થોડુંક પણ હિત થાય તેવું જણાય ત્યારે જ તેઓ બોલે છે, તે પણ પરિમિત શબ્દો દ્વારા જ બોલે છે. વળી, જે વચનો બોલે છે તે અસંદિગ્ધ હોય છે અર્થાત્ સાંભળનારને તેમના પ્રયોજનનો નિર્ણય ન થાય અને સંદેહ ઉત્પન્ન કરાવે તેવા શબ્દો બોલતા નથી. વળી, અનવદ્ય એવા પ્રયોજનની સાથે નિયત એવા વચનોને બોલે છે, તે ભાષાસમિતિ છે. જેના બળથી સાધુ સંયમના કંડકોની વૃદ્ધિ કરે છે અને સ્વ-પરનું હિત સાધે છે.

આશય એ છે કે સાધુ તે જ ભાષા બોલે કે જેમાં સાવદ્યની પ્રવૃત્તિની અનુમતિ ન હોય અને સાવદ્યના પરિણામમાંથી ઊઠેલી તે ભાષા ન હોય; પરંતુ કેવલ સંયમવૃદ્ધિનું કારણ હોય અને યોગ્ય જીવોને માર્ગ-પ્રાપ્તિનું કારણ હોય એવા અર્થને કહેનારી ભાષા સાધુ બોલે છે તે ભાષાસમિતિ છે.

(૩) એષણાસમિતિ :-

સંયમની વૃદ્ધિના પ્રયોજનથી સાધુ દેહનું પાલન કરે છે, એથી સંયમની વૃદ્ધિનું પ્રયોજન ન હોય ત્યારે આહાર આદિ કોઈ વસ્તુ ગ્રહણ કરતા નથી; અને આહાર આદિ જે કાંઈ ગ્રહણ કરે છે તે અવશ્ય સંયમની વૃદ્ધિનું કારણ હોય તેવા જ ગ્રહણ કરે છે. સંયમની વૃદ્ધિ એ નિર્લેપ પરિણતિની વૃદ્ધિ સ્વરૂપ છે. તેથી સંયમના પ્રયોજન અર્થે અન્ન-પાન-રજોહરણ-પાત્ર-વસ્ત્ર વગેરે ધર્મસાધનો અને ઉપાશ્રય આદિરૂપ વસતિ ગ્રહણ કરે ત્યારે ઉદ્ગમદોષ, ઉત્પાદનાદોષ અને એષણાદોષના વર્જનપૂર્વક ગ્રહણ કરે તે એષણાસમિતિ છે. ઉદ્ગમદોષો શ્રાવકથી થાય છે, ઉત્પાદનાદોષો ઉભયથી થાય છે અને એષણા દોષો સાધુથી થાય છે. આ સર્વ દોષોનો યથાર્થ બોધ કરીને તેના વર્જન માટે સાધુ સમ્યગ્ યત્ન કરે તો તે વસ્ત્ર-પાત્ર આદિ જિનવચન અનુસાર ગ્રહણ કરેલાં હોવાથી સંયમવૃદ્ધિનું કારણ બને છે. તેથી એષણાસમિતિ ગુપ્તિની સહવર્તી જ હોય છે અને ગુપ્તિની વૃદ્ધિનું જ કારણ છે. ગુપ્તિની વૃદ્ધિથી સંવરભાવની વૃદ્ધિ થાય છે, જેનાથી નિર્લેપતાની પરિણતિરૂપ સંયમના કંડકો વધે છે.

(૪) આદાનનિક્ષેપસમિતિ :-

વળી, સાધુ સદા ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઈ શાસ્ત્રોથી આત્માને ભાવિત કરે છે, જેથી પ્રયોજન ન હોય તો કોઈ વસ્તુના ગ્રહણ-નિક્ષેપ કરે નહીં; પરંતુ સંયમવૃદ્ધિના પ્રયોજન માટે અવશ્ય ઉપયોગી જણાય ત્યારે રજોહરણ, પાત્ર, વસ્ત્ર આદિનું અને પીઠ-ફલક આદિનું ગ્રહણ કરે અને મૂકે તે વખતે જીવરક્ષા માટે પ્રથમ ચક્ષુથી અત્યંત ઉપયોગપૂર્વક નિરીક્ષણ કરે, ત્યારપછી સમ્યગ્ વિધિપૂર્વક પ્રમાર્જન કરે અને ત્યારપછી વસ્તુને ગ્રહણ કરે અને તે રીતે જ ચક્ષુથી નિરીક્ષણ કરીને અને પ્રમાર્જન કરીને વસ્તુને સ્થાપન કરે.

દા. ત. પ્રયોજન ન હોય ત્યારે સાધુ સ્થિરાસનમાં બેસીને સ્વાધ્યાય કરતા હોય ત્યારે પણ કોઈ કારણથી કાયાની ચેષ્ટા કરવાનું પ્રયોજન થાય ત્યારે રજોહરણ ગ્રહણ કરે તેમાં ચક્ષુથી જોયા વગર સહસા રજોહરણ ગ્રહણ કરે તો કોઈ જીવના વિનાશની સંભાવના રહે, તેથી દયાળુ ચિત્તવાળા સાધુ પ્રથમ ચક્ષુથી જ્યાંથી રજોહરણને ગ્રહણ કરવું છે તે સ્થાનને અવલોકન કરે. ત્યાં કોઈ જીવને જુએ તો યોગ્ય રીતે તેને દૂર કરે અને કોઈ જીવ જણાય નહીં, તોપણ મુહપત્તિથી રજોહરણનું પ્રમાર્જન કરે ત્યારબાદ જ રજોહરણ ગ્રહણ કરે. આ જ રીતે સંયમનાં દરેક ઉપકરણો સંયમવૃદ્ધિના પ્રયોજનથી ગ્રહણ કરવાનાં હોય કે મૂકવાનાં હોય ત્યારે સૂક્ષ્મ અવલોકન અને પ્રમાર્જન વગર ગ્રહણ કરવાં કે મૂકવાં નહીં, તે આદાન-નિક્ષેપસમિતિ છે.

(૫) ઉત્સર્ગસમિતિ :-

વળી સાધુને પોતાના દેહના મળાદિનું વિસર્જન કરવાનું હોય ત્યારે ઉત્સર્ગસમિતિના પાલનપૂર્વક

વિસર્જન કરે. સ્થાવર અને ત્રસ જંતુથી રહિત એવી નિર્દોષ ભૂમિમાં ચક્ષુથી જીવો નથી તેનું નિરીક્ષણ કર્યા બાદ તેવી જીવ રહિત ભૂમિને પણ પ્રમાર્જના કર્યા પછી તે મળાદિને પરઠવે, જેથી સૂક્ષ્મજીવોની હિંસા થવાનો સંભવ ન રહે, તે ઉત્સર્ગસમિતિ છે.

આ રીતે દયાળુ ચિત્તવાળા સાધુ સતત યતનાપૂર્વક સંયમને ઉપકારક પરિમિત ઉચિત પ્રવૃત્તિઓ કરે તે સમિતિરૂપ છે. સમિતિકાળમાં સાધુ હંમેશાં ત્રણ ગુપ્તિઓવાળા હોય છે. તેથી સાધુનાં પાંચ ઇન્દ્રિયો અને મન વિષયોથી અત્યંત પરાઙ્મુખ રહે છે. જીવરક્ષાની ઉચિત પરિણતિના કારણે સાધુ સમિતિઓની સર્વ ઉચિત યતના કરે છે. **॥૯/૫॥**

અવતરણિકા :-

સૂત્ર-૨માં કહ્યું કે ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષાદિથી આશ્રવના નિરોધરૂપ સંવર પ્રાપ્ત થાય છે. તેથી ત્યારપછી ગુપ્તિ અને સમિતિનું સ્વરૂપ બતાવ્યું. હવે ક્રમપ્રાપ્ત સંવરની પ્રાપ્તિના કારણીભૂત ધર્મનું=યતિધર્મનું, સ્વરૂપ બતાવે છે –

સૂત્ર :-

उत्तमः क्षमामार्दवार्जवशौचसत्यसंयमतपस्त्यागाकिञ्चन्यब्रह्मचर्याणि धर्मः ।।९/६।।

સૂત્રાર્થ :-

ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્યરૂપ દશવિધ ઉત્તમ ધર્મ=યતિધર્મ, છે. ॥૯/૬॥

ભાષ્ય :-

इत्येष दशविधोऽनगारधर्म उत्तमगुणप्रकर्षयुक्तो भवति । तत्र क्षमा तितिक्षा सहिष्णुत्वं क्रोधनिग्रह इत्यनर्थान्तरम् । तत् कथं क्षमितव्यमिति चेदुच्यते – क्रोधनिमित्तस्यात्मनि भावाभावचिन्तनात् । परैः प्रयुक्तस्य क्रोधनिमित्तस्यात्मनि भावचिन्तनादभावचिन्तनाच्च क्षमितव्यम् । भावचिन्तनात् तावद् विद्यन्ते मयि एते दोषाः, किमत्रासौ मिथ्या ब्रवीतिति क्षमितव्यम् । अभावचिन्तनादपि क्षमितव्यम्, नैते विद्यन्ते मयि दोषा यानज्ञानादसौ ब्रवीतीति क्षमितव्यम् । किञ्चान्यत् – क्रोधदोषचिन्तनाच्च क्षमितव्यम् क्रुद्धस्य हि विद्वेषासादनस्मृतिभ्रंशव्रतलोपादयो दोषा भवन्तीति । किञ्चान्यत् – बालस्वभावचिन्तनाच्च परोक्षप्रत्यक्षाक्रोशताडनमारणधर्मभ्रंशानामुत्तरोत्तररक्षार्थम् । बाल इति मूढमाह, परोक्षमाक्रोशति बाले क्षमितव्यमेव एवंस्वभावा हि बाला भवन्ति दिष्ट्या च मां परोक्षमाक्रोशति न प्रत्यक्षमिति लाभ एव मन्तव्यः । प्रत्यक्षमप्याक्रोशति बाले क्षमितव्यम्, विद्यत

एवैतद् बालेषु दिष्ट्या च मां प्रत्यक्षमाक्रोशति, न ताडयति, एतदप्यस्ति बालेष्विति लाभ एव मन्तव्यः । ताडयत्यपि बाले क्षमितव्यम् एवंस्वभावा हि बाला भवन्ति, दिष्ट्या च मां ताडयति, न प्राणैर्वियोजयतीति । एतदपि विद्यते बालेष्विति, प्राणैर्वियोजयत्यपि बाले क्षमितव्यम् । दिष्ट्या च मां प्राणैर्वियोजयति, न धर्माद् भ्रंशयतीति क्षमितव्यम्, एतदपि विद्यते बालेष्विति लाभ एव मन्तव्यः । किञ्चान्यत् – स्वकृतकर्मफलाभ्यागमाच्च, स्वकृतकर्मफलाभ्यागमोऽयं मम, निमित्तमात्रं पर इति क्षमितव्यम् । किञ्चान्यत् – क्षमागुणांश्चानायासादीननुस्मृत्य क्षमितव्यमेवेति क्षमाधर्मः १।।

भाष्यार्थ :-

इत्येषः ..... क्षमाधर्मः ।। ઉપરમાં વર્ણન કર્યું એ દશ પ્રકારનો અણગાર ધર્મ ઉત્તમ એવા ગુણના પ્રકર્ષથી યુક્ત છે.

ક્ષમાના પર્યાયવાચી બતાવે છે –

ત્યાં ક્ષમા, તિતિક્ષા, સહિષ્ણુપણું, ક્રોધનો નિગ્રહ એ અનર્થાન્તર છે=એકાર્થવાચી શબ્દો છે.

તે કારણથી=ક્ષમા એ ઉત્તમધર્મ છે તે કારણથી, કેવી રીતે ક્ષમા કરવી જોઈએ ? એ પ્રમાણે જો કોઈ પ્રશ્ન કરે તો ઉત્તર આપે છે –

ક્રોધનિમિત્ત એવા કથનના આત્મામાં ભાવાભાવના ચિંતવનથી ક્ષમા કરવી જોઈએ.

કેવી રીતે ભાવાભાવનું ચિંતવન કરવું જોઈએ ? તે બતાવે છે –

બીજા વડે પ્રયોગ કરાયેલા ક્રોધનિમિત્તના આત્મામાં ભાવના ચિંતવનથી કે અભાવના ચિંતવનથી ક્ષમા કરવી જોઈએ. ભાવના ચિંતવનથી મારામાં આ દોષો વિદ્યમાન છે, તેથી અહીં આ શું મિથ્યા બોલે છે ? અર્થાત્ મિથ્યા બોલતો નથી; એથી ક્ષમા કરવી જોઈએ. અભાવના ચિંતવનથી પણ ક્ષમા કરવી જોઈએ.

કઈ રીતે ક્ષમા કરવી જોઈએ ? એથી કહે છે –

મારામાં એ દોષો વિદ્યમાન નથી જેને, અજ્ઞાનથી આ બોલે છે એથી ક્ષમા કરવી જોઈએ.

વળી બીજું શું ? એથી કહે છે –

ક્રોધદોષના ચિંતનથી ક્ષમા કરવી જોઈએ. હિ=જે કારણથી, ક્રોધવાળા પુરુષને વિદ્વેષ, આસાદન, સ્મૃતિભ્રંશ, વ્રતલોપાદિ દોષો થાય છે=ક્રોધ ઉત્પન્ન થાય છે ત્યારે ચિત્તમાં વિદ્વેષ ઉત્પન્ન થાય છે. વળી કોઈના ઉપર ગુસ્સો થાય ત્યારે મારવા માટે આક્રમણ કરવારૂપ આસાદન થાય છે. વળી પોતાની મર્યાદાની સ્મૃતિનો ભ્રંશ થાય છે. અને પોતે જે વ્રતો સ્વીકાર્યાં હોય તે વ્રતોના લોપ પ્રત્યે પણ ક્રોધને વશ ઉપેક્ષા થાય છે. (અર્થાત્ ક્રોધના આવા દોષોથી પ્રાપ્ત અનર્થોનું ચિંતવન કરીને ક્ષમા કરવી જોઈએ.)

વળી બીજું શું છે ? એથી કહે છે –

બાલસ્વભાવના ચિંતવનથી=પોતાના માટે અનુચિત બોલનારનો બાલસ્વભાવ છે એ પ્રમાણે ચિંતવનથી, પરોક્ષ કે પ્રત્યક્ષ, આક્રોશ, તાડન, મારણ, ધર્મભ્રંશના ઉત્તરોત્તર રક્ષણ માટે ક્રોધનો ત્યાગ કરીને ક્ષમા કરવી જોઈએ.

કઈ રીતે બાલસ્વભાવ આદિના ચિંતવનથી ક્ષમા કરવી જોઈએ ? તે સ્પષ્ટ કરે છે –

બાલ એટલે મૂઢ છે. પરોક્ષ આક્રોશવાળો બાળ હોતે છતે ક્ષમા જ કરવી જોઈએ. હિ=જે કારણથી, આવા સ્વભાવવાળા બાળ હોય છે. અને દૃષ્ટિથી=ભાગ્યયોગે, મને પરોક્ષ આક્રોશ કરે છે પ્રત્યક્ષ નહીં, એ પ્રકારે લાભ જ માનવો જોઈએ.

પ્રત્યક્ષ પણ આક્રોશ કરતા બાળમાં ક્ષમા કરવી જોઈએ. (કારણ) આ=આક્રોશ કરવું એ, બાળમાં હોય જ માટે ક્ષમા કરવી જોઈએ. અને ભાગ્યયોગે મને પ્રત્યક્ષ આક્રોશ કરે છે, મારતો નથી. એ પણ=તાડન પણ, બાલમાં છે. એથી લાભ જ જાણવો.

તાડન કરતાં પણ બાલમાં ક્ષમા કરવી જોઈએ. હિ=જે કારણથી, આવા સ્વભાવવાળા બાલ હોય છે=બીજાને તાડન કરવાના સ્વભાવવાળા બાલ હોય છે. અને ભાગ્યયોગે મને તાડન કરે છે. પ્રાણથી વિયોજન કરતો નથી=મૃત્યુને પ્રાપ્ત કરાવતો નથી. આ પણ બાલમાં વિદ્યમાન છે=બીજાના પ્રાણનો નાશ કરવો એ પણ બાલોમાં વિદ્યમાન છે. એથી, પ્રાણથી નાશ કરતાં પણ બાલમાં ક્ષમા કરવી જોઈએ. અને ભાગ્યયોગે મને પ્રાણથી વિયોજન કરે છે, ધર્મથી નાશ કરતો નથી, એથી ક્ષમા કરવી જોઈએ. આ પણ=ધર્મથી નાશ કરાવવું એ પણ, બાલોમાં વિદ્યમાન છે, એથી લાભ જ જાણવો.

વળી બીજું શું ? એ બતાવે છે=ક્ષમાની પ્રાપ્તિ માટે બીજું શું કરવું જોઈએ ? તે બતાવે છે –

પોતાના કરાયેલા કર્મના ફળના સ્વીકારથી ક્ષમા કરવી જોઈએ.

કઈ રીતે પોતાના કરાયેલા કર્મના ફળના સ્વીકારથી ક્ષમા કરવી જોઈએ ? તે સ્પષ્ટ કરે છે –

પોતાના કરાયેલા ફળનું આગમન આ મને છે. પર (તો) નિમિત્તમાત્ર છે, એથી ક્ષમા કરવી જોઈએ.

વળી અન્ય શું ? તેથી કહે છે –

અનાયાસ આદિ ક્ષમાગુણોનું અનુસ્મરણ કરીને=ક્રોધ આદિ ભાવો આયાસરૂપ હોવાથી ક્લેશરૂપ છે અને ક્ષમા કોઈ પ્રકારના પ્રયત્નરૂપ નહીં હોવાથી સ્વસ્થતારૂપ છે એ પ્રકારે ક્ષમાગુણને અનુસ્મરણ કરીને, ક્ષમા જ કરવી જોઈએ. એ ક્ષમાધર્મ છે. ૧॥

ભાવાર્થ :-

(૧) ક્ષમાયતિધર્મ :-

ક્ષમા એ જીવનો સહજ ધર્મ છે. ક્ષાયિકભાવનો ક્ષમાનો ધર્મ વીતરાગને જ હોય છે, જ્યારે છદ્મસ્થને

ક્ષયોપશમભાવનો ક્ષમાધર્મ હોય છે. ક્ષાયિકક્ષમાધર્મના અર્થી સાધુ જગતના કોઈ પદાર્થ સાથે સ્નેહ ધારણ કરતા નથી અને દેહ પ્રત્યે પણ મમત્વ ધારણ કરતા નથી. જે વસ્તુ પ્રત્યે મમત્વ હોય તેની વ્યાઘાતક સામગ્રી પ્રત્યે દ્વેષનો પરિણામ હોય છે, આવો દ્વેષનો પરિણામ સાધુને ક્યાંય નથી. સાધુ પોતાનામાં પ્રગટ થયેલ ક્ષમાના પરિણામને જ અતિશયિત કરવા અર્થે સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે, છતાં ક્ષમાનો પરિણામ ક્ષાયિકભાવરૂપ નહીં હોવાથી નિમિત્તને પામીને ક્ષમાનો વિરોધી એવો ક્રોધનો પરિણામ સાધુને પણ પ્રગટ થઈ શકે છે. તે પરિણામના રોધ અર્થે સાધુ કઈ રીતે ચિંતવન કરે તે પ્રસ્તુતમાં ભાષ્યકારશ્રીએ બતાવેલ છે. તેથી જે સાધુ જિનવચન અનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરતા હોય તેઓને કોઈ નિમિત્તને પામીને અક્ષમાનો પરિણામ ઉલ્લસિત થાય નહીં, છતાં તેવા નિમિત્તને પામીને અક્ષમાનો પરિણામ થાય ત્યારે ભાષ્યકારશ્રીએ જે ક્રમથી ચિંતવન કરવાનું બતાવ્યું છે તે પ્રકારે ચિંતવન કરીને મહાત્મા પોતાના ક્ષમાપરિણામને સુસ્થિર કરે છે.

વળી ક્ષમાધર્મનો અર્થી એવો કોઈ શ્રાવક ક્રોધ થવાનાં નિમિત્તો પ્રાપ્ત થાય ત્યારે પ્રસ્તુતમાં ભાષ્યકારશ્રીએ બતાવેલ તે રીતે ભાવન કરીને ક્રોધનો નિરોધ કરે ત્યારે તેને પણ ક્ષમાધર્મની પ્રાપ્તિ થાય છે. શ્રાવક સાધુધર્મનું પરિભાવન કરે ત્યારે ક્ષમાગુણના ભાવનને કારણે ક્ષમાધર્મની પ્રાપ્તિ થાય, તોપણ જેવી ઉત્તમ ક્ષમા સાધુને હોય, તેવી શ્રાવકને સંભવે નહીં; કેમ કે શ્રાવકને દેશથી અવિરતિને કારણે જે જે ધન આદિ પ્રત્યે રાગનો પરિણામ છે, તેના નાશ પ્રત્યે દ્વેષનો પરિણામ છે. તે પરિણામ સાક્ષાત્ તેના ઉપયોગમાં પ્રવિષ્ટ પરિણામ છે. તેથી વર્તમાનમાં ક્ષમાગુણનું ભાવન કરે અને અક્ષમાના નિમિત્તમાં તેના નિરોધ માટે ભાષ્યકારશ્રીના વચનાનુસાર ભાવન કરે, ત્યારે પણ પોતાના ધન આદિ પ્રત્યેની જેટલા અંશમાં મૂર્છા છે, તેના નાશ પ્રત્યે તેટલો જ અરુચિનો અંશ પડેલો છે. સર્વ ભાવો પ્રત્યે નિર્લેપતાના બીજભૂત એવી ઉત્તમ ક્ષમા સાધુને જ પ્રગટે છે, શ્રાવકને તેનાથી હીન કક્ષાની જ ક્ષમા પ્રગટે છે; કેમ કે પ્રત્યાખ્યાનાવરણકષાયની મંદતાજન્ય ક્ષમા શ્રાવકને હોવા છતાં પ્રત્યાખ્યાનાવરણકષાયના ક્ષયોપશમજન્ય અને સંજ્વલનકષાયની મંદતાજન્ય જેટલી ક્ષમા સાધુને જ છે, તેટલી શ્રાવકને હોય નહીં. વળી, સંજ્વલનકષાયના ક્ષયજન્ય ક્ષાયિક ક્ષમા વીતરાગને જ છે, અન્યને નહીં.

વળી અવિરતસમ્યગ્દૃષ્ટિ પણ સાધુધર્મનું પરિભાવન કરે કે ક્રોધના નિમિત્તકાળમાં પ્રસ્તુતમાં ભાષ્યકારશ્રીએ બતાવ્યું તેમ પરિભાવન કરે, ત્યારે તે અવિરત સમ્યગ્દૃષ્ટિમાં જોકે ક્ષમાનો પરિણામ વર્તે છે, તોપણ સાધુ જેવો કે શ્રાવક જેવો ક્ષમાનો પરિણામ નથી; કેમ કે અવિરતિના ઉદયને કારણે સાધુ કરતાં કે દેશવિરતિધર શ્રાવક કરતાં પણ વિષયો પ્રત્યેનો અધિક રાગ છે. તેથી તેના પ્રતિપક્ષ પ્રત્યે દ્વેષનો પરિણામ છે અને ક્ષમાના ભાવનકાળમાં પણ ચિત્તમાં પ્રવિષ્ટ એવો દ્વેષનો પરિણામ છે. આથી અપ્રત્યાખ્યાનાવરણકષાયની મંદતાજન્ય ક્ષમાનો પરિણામ સમ્યગ્દૃષ્ટિને છે; પરંતુ અપ્રત્યાખ્યાનાવરણકષાયના ક્ષયોપશમજન્ય ક્ષમાનો પરિણામ જેવો શ્રાવકમાં છે તેવો ક્ષમાનો પરિણામ અવિરત સમ્યગ્દૃષ્ટિમાં નથી.

વળી મંદ મિથ્યાદૃષ્ટિ જીવ પણ સાધુધર્મનો અર્થી હોય તો વારંવાર સાધુધર્મનું પરિભાવન કરે છે અને ક્રોધના નિમિત્તની ઉપસ્થિતિ થાય ત્યારે પ્રસ્તુતમાં ભાષ્યકારશ્રીએ જે પ્રકારે ભાવનની વિધિ બતાવી

તે પ્રકારે ભાવન કરીને ક્ષમાગુણને ધારણ કરે તો અનંતાનુબંધીકષાયની મંદતાજન્ય ક્ષમાનો પરિણામ તેને હોય છે; પરંતુ અનંતાનુબંધીકષાયના ક્ષયોપશમજન્ય ક્ષમાનો પરિણામ જેવો અવિરત સમ્યગ્દૃષ્ટિમાં છે તેવો ક્ષમાનો પરિણામ મંદ મિથ્યાદૃષ્ટિ એવા અપુનર્બંધક જીવને નથી. વળી તે અપુનર્બંધક જીવ જો શાસ્ત્રવચનાનુસાર દશ પ્રકારના યતિધર્મનું ભાવન કરે કે પ્રસ્તુતમાં ભાષ્યકારશ્રીએ કહ્યું તે પ્રકારે ક્રોધના નિમિત્તકાળમાં ક્ષમા માટે યત્ન કરે ત્યારે વિશુદ્ધિનો પ્રકર્ષ થાય તો અવિરતસમ્યગ્દૃષ્ટિગુણસ્થાનક આદિની પ્રાપ્તિ પણ તે કરી શકે છે અને ભાવનો પ્રકર્ષ થાય તો સર્વવિરતિના પરિણામને પણ સ્પર્શી શકે છે.

વળી કોઈ મુનિ ભાવથી છઠ્ઠા ગુણસ્થાનકમાં હોય અને ક્રોધના નિમિત્તમાં ભાષ્યકારશ્રીએ કહ્યું તે પ્રકારે ભાવન કરીને ક્ષમામાં ઉદ્યમ ન કરે તો સર્વવિરતિમાં અતિચારની પ્રાપ્તિ થાય. જો પ્રમાદનો અતિશય થાય તો મિથ્યાત્વની પણ પ્રાપ્તિ થાય, યાવત્ અનંત સંસારની પણ પ્રાપ્તિ થાય.

વળી અહીં ભાષ્યમાં કહ્યું કે ક્રોધના નિમિત્તની પ્રાપ્તિ થાય ત્યારે ભાવ-અભાવનું ચિંતવન કરવું જોઈએ અર્થાત્ કોઈ પોતાના માટે ક્રોધનું ઉદ્ભાવન કરે છે તે દોષો પોતાનામાં વિદ્યમાન છે કે નહીં તેનું સમ્યગ્ અવલોકન કરવું જોઈએ. જો તે દોષો વિદ્યમાન દેખાય તો પરના તે વચનથી પોતાને પોતાના દોષનું સમ્યગ્જ્ઞાન થયું, તેથી પોતાના માટે તે ઉપકારી છે. તે કારણથી તેના વચનથી ક્રોધ ન કરતાં પોતાને હિતની પ્રાપ્તિ થઈ છે તેનો હર્ષ જ થાય. વળી પોતાનામાં તેવા દોષો નથી તેવો બોધ થાય તો પોતાને તે શબ્દો સાથે કોઈ પ્રયોજન નથી તે પ્રકારે વિચારીને ક્ષમા ધારણ કરવી જોઈએ.

આનાથી એ ફલિત થાય કે જેનામાં વિવેકચક્ષુ પ્રગટેલ છે તેવો જીવ દરેક નિમિત્તોને તે રીતે જ ગ્રહણ કરે છે જેનાથી પોતાનામાં ગુણની વૃદ્ધિ થાય અને પોતાની તુચ્છ પ્રકૃતિનો રોધ થાય. આ રીતે વિચાર કરવાથી દરેક નિમિત્તો એકાંતે કલ્યાણનું કારણ બને છે.

વળી અહીં કહ્યું કે બાલ એવો પર સાક્ષાત્ તાડનાદિ કરે તોપણ ક્ષમા કરવી જોઈએ. જેઓ આ પ્રકારે ભાવના કરીને ક્ષમા કરવા સમર્થ છે તેવા મહાત્માઓએ ક્ષમામાં જ ઉદ્યમ કરવો જોઈએ. જેમનામાં તેવી શક્તિ નથી અથવા જે મહાત્માએ ક્ષમાભાવનો તે પ્રકારે પ્રકર્ષ કર્યો નથી તેવા મહાત્માએ તેવા પ્રકારનાં નિમિત્તોથી દૂર રહીને જ ક્રોધના પરિહાર માટે યત્ન કરવો જોઈએ. આથી જ સાધુને રાજાદિનો ભય હોય ત્યારે મહાનદીને ઓળંગીને પણ પોતાના સંયમનું રક્ષણ કરવાનું વિધાન છે. જ્યારે જે મહાત્માઓ પોતાના દેહના નાશમાં પણ પોતાના ધર્મરૂપી પ્રાણનું રક્ષણ કરી શકે છે એવા મહાત્માઓને હિંસક પ્રાણીના ભયમાં પણ વૃક્ષાદિ ઉપર ચડવાની અનુજ્ઞા નથી. પરંતુ પાદોપગમન આદિ અણસણ કરીને ધર્મના રક્ષણ માટે પ્રયત્ન કરવાની વિધિ છે.

વળી નિર્લેપ મુનિ પોતાની પર અન્ય દ્વારા કરાતા કોઈપણ પ્રકારના આક્રોશ આદિના પ્રસંગમાં ક્ષમાભાવના રક્ષણ અર્થે ભાવન કરે છે કે મેં પૂર્વભવમાં એવું કર્મ કર્યું છે, જેનું આ ફળ છે, પર તો નિમિત્તમાત્ર છે. જેમ વીર ભગવાને પૂર્વભવમાં શય્યાપાલકના કાનમાં ધગધગતું સીસુ રેડાવ્યું તેના ફળરૂપે

જ કાનમાં ખીલા ઠોકાવાનો પ્રસંગ પ્રાપ્ત થયો, ખીલા ઠોકનાર પર તો નિમિત્તમાત્ર છે. આ પ્રકારે ભાવન કરવાથી પરના નિમિત્તને પામીને ઈષદ્ પણ અરુચિ-દ્વેષ-ક્રોધ આદિ ભાવો થતા નથી, પરંતુ પીડાકાળમાં પણ પીડા પ્રત્યે ઉપેક્ષા રાખીને સમભાવને અનુકૂળ યત્ન થાય છે. વળી સમભાવના અર્થી સાધુએ સદા વિચારવું જોઈએ કે ક્ષમાગુણ સદા આયાસના અભાવરૂપ છે, જીવની પ્રકૃતિરૂપ છે, જીવની સ્વસ્થતારૂપ છે, માટે મારે તેમાં જ યત્ન કરવો જોઈએ. ક્રોધ, દ્વેષ, અરુચિ આદિ ભાવો જીવના કર્મજન્ય આયાસરૂપ છે, માટે દુઃખાત્મક છે, તેથી અવશ્ય મારે તેનો પરિહાર કરવો જોઈએ. **૧॥**

ભાષ્ય :-

नीचैर्वृत्त्यनुत्सेकौ मार्दवलक्षणम् । मृदुभावो मृदुकर्म वा मार्दवं, मदनिग्रहो मानविघातश्चेत्यर्थः । तत्र मानस्येमान्यष्टौ स्थानानि भवन्ति । तद्यथा — जातिः १, कुलम् २, रूपम् ३, ऐश्वर्यम् ४, विज्ञानम् ५, श्रुतम् ६, लाभो ७, वीर्यम् ८ इति । एभिर्जात्यादिभिरष्टाभिर्मदस्थानैर्मत्तः परात्मनिन्दा-प्रशंसाभिरतः तीव्राहङ्कारोपहतमतिरिहामुत्र च अशुभफलमकुशलं कर्मोपचिनोति, उपदिश्यमान-मपि च श्रेयो न प्रतिपद्यते, तस्मादेषां मदस्थानानां निग्रहो मार्दवं धर्म इति २।।

ભાષ્યાર્થ :-

नीचैर्वृत्ति ..... इति ।। नीचैर्वृत्ति=નમ્રતાની વૃત્તિ, અને અનુત્સેક માર્દવનું લક્ષણ છે.

માર્દવના પર્યાયવાચી બતાવે છે –

મૃદુભાવ, મૃદુકર્મ, માર્દવ, મદનો નિગ્રહ, માનનો વિઘાત એ એકાર્થવાચી શબ્દો છે.

ત્યાં=માર્દવભાવમાં, બાધક એવા માનનાં આ આઠ સ્થાનો છે. તે આ પ્રમાણે — જાતિ, કુલ, રૂપ, ઐશ્વર્ય, વિજ્ઞાન, શ્રુત, લાભ અને વીર્ય.

'इति' શબ્દ આઠ મદસ્થાનની સમાપ્તિ અર્થે છે.

આ જાતિ આદિ આઠ મદસ્થાનો વડે, મત્ત એવો પુરુષ પરની નિંદામાં અને આત્માની પ્રશંસામાં અભિરત, તીવ્ર અહંકારથી ઉપહત મતિવાળો, આ લોકમાં અને પરલોકમાં અશુભફલવાળા અકુશલકર્મને ઉપચય કરે છે અને ઉપદેશ અપાતો પણ શ્રેયને પ્રાપ્ત કરતો નથી. તે કારણથી આ મદસ્થાનનો નિગ્રહ માર્દવધર્મ છે.

'इति' શબ્દ માર્દવધર્મની સમાપ્તિ માટે છે. ૨॥

ભાવાર્થ :-

(૨) માર્દવયતિધર્મ :-

સાધુમાં ઉત્તમ ક્ષમાધર્મની જેમ ઉત્તમ માર્દવભાવરૂપ ધર્મ વર્તે છે. તેથી તે મહાત્મા ગુણસંપન્ન પુરુષો પ્રત્યે સદા નમ્રભાવથી વર્તે છે અને તેમની સામે પોતે સાવ સામાન્ય છે એ પ્રકારની નમ્રભાવની વૃત્તિથી

માર્દવભાવને ધારણ કરે છે. અન્ય જીવો કરતાં પોતે કંઈક અધિક છે તે પ્રકારની બુદ્ધિથી ઉત્સેકને ધારણ કરવો નહીં તે માર્દવભાવ છે. આવા અનુત્સેકવાળા સાધુને લોકો તેમની ગુણવત્તાને અનુરૂપ આદર ન આપે તોપણ ખેદ થતો નથી. જેના ચિત્તમાં પોતે ત્યાગી છે, લોકોને આદર પાત્ર છે ઇત્યાદિ ઉત્સેક વર્તે છે તેઓને તે પ્રકારે આદર-સત્કારની પ્રાપ્તિ ન થાય તો ખેદ ઉત્પન્ન થાય છે. તેથી માર્દવભાવનો અભાવ પ્રાપ્ત થાય છે.

જે મહાત્માને ગુણવાન પ્રત્યે નમ્રતાની વૃત્તિ હોય તથા પોતાને પ્રાપ્ત થયેલી શક્તિનો અનુત્સેક હોય તે મહાત્મામાં જ માર્દવગુણ છે. બાહુબલીને કેવલી એવા નાનાભાઈઓને વંદન કરવાનો પરિણામ ન થયો તેથી નીચૈર્વૃત્તિના અભાવના કારણે એમનામાં પોતાના ત્યાગ પ્રત્યે અનુત્સેક હોવા છતાં માર્દવભાવના અભાવની પ્રાપ્તિ થઈ.

વળી માર્દવનું સ્વરૂપ વિશિષ્ટ બોધ કરાવવા અર્થે તેના પર્યાયવાચી શબ્દો કહે છે –

મૃદુભાવ એ માર્દવ છે. અર્થાત્ ગુણવાન પુરુષો પ્રત્યે જે મૃદુભાવ=બહુમાનનો ભાવ, તે માર્દવ છે. મૃદુકર્મ એ માર્દવ છે=ગુણવાનને નમન આદિ કરીને તે પ્રકારે મૃદુભાવને ઉલ્લસિત કરવાની ક્રિયા તે મૃદુકર્મ છે. વળી પોતાનામાં કુલ આદિ વગેરેનો મદ વર્તતો હોય તેનું પ્રતિપક્ષ ભાવન કરીને તેનો નિગ્રહ તે માર્દવભાવ છે. માનનો વિઘાત=પોતાના આત્મામાં વર્તતા માનના પરિણામનો વિવેકપૂર્વકના તત્ત્વના પર્યાલોચનથી કરાતો વિઘાત, તે માર્દવ છે.

માર્દવભાવના પ્રતિપક્ષ એવા માનનાં આઠ સ્થાનો છે. જે જીવને જે પ્રકારનો ઉપયોગ વર્તે તેને અનુરૂપ મદ થાય છે. જેમ પોતે ઉત્તમ જાતિવાળો હોય તો હીનજાતિવાળી વ્યક્તિને જોઈને હું મહાન જાતિવાળો છું એ પ્રકારની બુદ્ધિ થાય છે, તે જાતિમદ છે. નિમિત્તને પામીને ક્યારેક વ્યક્ત મનમાં તેવો પરિણામ થાય છે તો ક્યારેક તેને શબ્દ દ્વારા અભિવ્યક્ત કરીને અતિશય કરવાનો પરિણામ થાય છે. આ રીતે માનકષાયને વશ થઈને ઉત્તમ જાતિવાળો હીનજાતિના કારણભૂત એવા કર્મને બાંધે છે. જેમ મરીચિએ પોતાના કુલનો મદ કર્યો તો ઘણા ભવો સુધી હીનકુલની પ્રાપ્તિ થઈ. કોઈકને પોતાના કુલનો મદ થાય છે, કોઈકને પોતાના રૂપનો મદ થાય છે તો કોઈને પોતાના ઐશ્વર્યનો મદ થાય છે. વળી કોઈકને પોતાની વિશિષ્ટ બુદ્ધિ આત્મક વિજ્ઞાનનો મદ થાય છે તો કોઈકને શ્રુતઅધ્યયન કરીને પ્રાપ્ત થયેલા શ્રુતનો મદ થાય છે. જેમ સ્થૂલિભદ્રજીને પોતાની બહેનોને પોતાના શ્રુતનું માહાત્મ્ય બતાવવાનો પરિણામ થયો તે વખતે ઘણા ગુણોથી યુક્ત અને ઘણા નમ્રભાવથી ગુણવાન પ્રત્યે ભક્તિ કરનારા પણ સ્થૂલિભદ્રજીને શ્રુતમદ થયો.

વળી કોઈકને ધનાદિ વસ્તુનો લાભ થતો હોય તેના કારણે તેને મદ થાય તે લાભમદ છે, જેના કારણે ભવાંતરમાં તેની અપ્રાપ્તિ થાય તેવું કર્મ બંધાય. વળી ઘણા મહાત્માઓમાં વિશિષ્ટ પ્રકારનું વીર્ય હોય, જેથી પોતે જે અનુષ્ઠાન જે પ્રકારે વિધિ હોય તે પ્રકારે કરવા સમર્થ હોય તેવા પોતાના વીર્યને કારણે અને બીજાને તે પ્રકારે તે ક્રિયા કરવા અસમર્થ જોઈને મદ થાય કે હું વિધિશુદ્ધ ક્રિયા કરવા સમર્થ છું. આ વખતે

પોતાના વીર્યનો મદ થાય તો માર્દવભાવ નાશ પામે છે, જેથી જન્માંતરમાં હીનવીર્યવાળા બને છે.

આ આઠ મદોનું ફળ સ્પષ્ટ કરતાં કહે છે –

આ આઠ મદનાં સ્થાનોથી મત્ત પુરુષ પરની નિંદા અને પોતાની પ્રશંસા કરે છે. તીવ્ર અહંકારથી ઉપહત મતિવાળો આલોકમાં અને પરલોકમાં અશુભ ફલ થાય એવા અકુશલકર્મને પ્રાપ્ત કરે છે. આથી જ અતિ માનકષાયવાળા જીવોને આલોકમાં જ કોઈક બલવાન પુરુષથી તેના માનનો ઘાત થાય છે. વળી તે માનકાળમાં થયેલા અશુભકર્મને કારણે જન્માંતરમાં અશુભ ફળ મળે છે. વળી જેઓને વિશેષ પ્રકારનો માનકષાય થાય તેને યોગ્ય ઉપદેશક ઉચિત વિધિથી બોધ કરાવવા યત્ન કરે તોપણ માનના ત્યાગ સ્વરૂપ શ્રેયને સ્વીકારતો નથી.

આ મદસ્થાનોનો નિગ્રહ કરવો એ સાધુનો માર્દવધર્મ છે. જે સાધુ જગતના સર્વ ભાવો પ્રત્યે નિર્મમ છે, તેઓ જ ઉત્તમ એવા માર્દવધર્મને ધારણ કરવા સમર્થ છે. વળી જે ગૃહસ્થો ઉત્તમ પુરુષો પાસે હંમેશાં નમ્રભાવથી રહેનારા છે, પોતાની સંપત્તિ આદિનો અનુત્સેકભાવ ધારણ કરે છે, તોપણ જેમ કંઈક પરિગ્રહનું પરિમાણ છે, તેથી શાતાદિના અર્થે પરિગ્રહને ધારણ કરે છે તેમ પોતાની સંપત્તિ આદિના કંઈક મંદ અંશથી સંવલિત તેઓનો માર્દવભાવ છે. આથી જ તીર્થંકર આદિની ભક્તિ કરવાના કાળમાં પણ શ્રાવકોને સુસાધુ જેવો ઉત્તમ માર્દવભાવ નથી; પરંતુ કંઈક પોતાની સંપત્તિ આદિ પ્રત્યે ઉત્સેકથી યુક્ત તીર્થંકરો પ્રત્યે ભક્તિના પરિણામરૂપ માર્દવભાવ છે. આથી જ શ્રાવકોને સંજ્વલનકષાયના ક્ષયોપશમભાવ-રૂપ માર્દવભાવ નથી, પરંતુ પ્રત્યાખ્યાનીયકષાયની મંદતાકૃત માર્દવભાવ છે, જ્યારે સુસાધુને પ્રત્યાખ્યાનીય-કષાયના અને સંજ્વલનકષાયના ક્ષયોપશમરૂપ માર્દવભાવ છે. **૨॥**

ભાષ્ય :-

भावविशुद्धिरविसंवादनं चार्जवलक्षणम् । ऋजुभावः ऋजुकर्म वाऽऽर्जवम्, भावदोषवर्जन-मित्यर्थः । भावदोषयुक्तो हि उपधिनिकृतिसंप्रयुक्त इहामुत्र चाशुभफलमकुशलं कर्मोपचिनोति उपदिश्यमानमपि च श्रेयो न प्रतिपद्यते । तस्मादार्जवं धर्म इति ३।।

ભાષ્યાર્થ :-

भावविशुद्धिरविसंवादनं ..... इति ।। ભાવવિશુદ્ધિ અર્થાત્ કોઈને પોતાની અવાસ્તવિક અવસ્થાને બતાવવાના અપરિણામરૂપ ભાવની વિશુદ્ધિ અને અવિસંવાદન=તે ભાવને અનુરૂપ મન-વચન-કાયાના યોગનું પ્રવર્તન, તે આર્જવનું લક્ષણ છે.

આર્જવના પર્યાયવાચી બતાવે છે –

ઋજુભાવ, ઋજુકર્મ અથવા આર્જવ, અને ભાવદોષનું વર્જન એ આર્જવના એકાર્થવાચી શબ્દો છે.

ભાવદોષથી યુક્ત=વક્રતારૂપ ભાવદોષથી યુક્ત, ઉપધિ-નિકૃતિ સંયુક્ત=પોતાના ભાવોના છાદન

અને પોતાના જેવા ભાવો નથી તેવા ભાવોને બતાવીને બીજાને ઠગવાની પરિણતિથી સંયુક્ત, એવો જીવ આલોકમાં અને પરલોકમાં અશુભફળવાળા અકુશલ કર્મનો ઉપચય કરે છે. ઉપદેશ અપાતો પણ=યોગ્ય ઉપદેશક દ્વારા યોગ્ય માર્ગદર્શન અપાતો પણ, શ્રેયને સ્વીકારતો નથી. તે કારણથી= માયાદોષ અનર્થકારી હોવાથી, આર્જવધર્મ છે.

'इति' શબ્દ આર્જવધર્મની સમાપ્તિ માટે છે. ૩॥

ભાવાર્થ :-

(૩) આર્જવયતિધર્મ :-

ભાવવિશુદ્ધિ અને અવિસંવાદન આર્જવનું લક્ષણ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જે મહાત્માઓના ચિત્તમાં જે અનુષ્ઠાન કરવું હોય તે અનુષ્ઠાનને અનુકૂળ ભાવવિશુદ્ધિ વર્તતી હોય, તેને અનુરૂપ મન-વચન-કાયાની પ્રવૃત્તિ વર્તતી હોય તો આર્જવભાવ છે. જો આત્મવંચના હોય, અર્થાત્ પોતાના આત્મામાં તેવો ભાવ ન હોય છતાં બહુલોકની વચમાં ક્રિયા કરતી વખતે પોતાના આત્મભાવને ગોપવીને માયાથી ઋજુભાવ બતાવે તે વખતે આર્જવનો પરિણામ નથી. વળી, અંતરંગ ભાવો જેવા હોય તેના કરતાં અધિક દેખાડવા માટે મન-વચન-કાયાની કોઈ પ્રવૃત્તિ કરે તો પોતાની ભાવવિશુદ્ધિને અનુરૂપ મન-વચન-કાયાના યોગો નહીં હોવાથી વિસંવાદન ભાવ છે. તેથી આર્જવભાવ નથી, પરંતુ માયા છે. સાધુએ પોતાના અંતરંગ ભાવોને અનુરૂપ જ મન-વચન-કાયાના યોગોને સદા પ્રવર્તાવવા જોઈએ અને ભાવવિશુદ્ધિની વૃદ્ધિ અર્થે સતત યત્ન કરવો જોઈએ, જેથી અનાભોગથી પણ માયાનો પરિણામ થાય નહીં.

વળી આર્જવભાવને જ સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

ઋજુભાવ=અંતરંગ ઋજુ પરિણતિ, તે આર્જવ પરિણામ છે અથવા ઋજુકર્મ=ઋજુક્રિયા, તે આર્જવ ભાવ છે અર્થાત્ જે ક્રિયામાં અંતરંગ ભાવોની સાથે વિસંવાદન ન હોય તેવી ક્રિયા તે ઋજુકર્મ કહેવાય, તે આર્જવનું લક્ષણ છે. વળી જીવનો માયાસ્વભાવરૂપ જે ભાવદોષ છે તેના વર્જન માટેનો ઉચિત યત્ન તે પણ આર્જવનું લક્ષણ છે. આથી જ પોતાના કુટિલ સ્વભાવનું વારંવાર ભાવન કરીને તેના વર્જન માટે જે મહાત્મા યત્ન કરે છે તેઓ આર્જવના પરિણામવાળા છે. જેઓ માયારૂપ ભાવદોષથી યુક્ત છે તેઓ પોતાના માયા પરિણામનું છાદન કરે છે અને પોતાનો જેવો ભાવ નથી તેવો ભાવ દેખાડવા પ્રયત્ન કરે છે. તેઓ આલોકમાં અને પરલોકમાં અશુભફળવાળા અકુશલકર્મને પ્રાપ્ત કરે છે અર્થાત્ આલોકમાં પણ તેઓની માયા પ્રગટ થાય ત્યારે લોકો તરફથી તેમને તિરસ્કાર આદિ પ્રાપ્ત થાય છે અને પરલોકમાં પણ અનેક પ્રકારના અનર્થો પ્રાપ્ત થાય છે. જેઓનો માયા સ્વભાવ છે તેવા જીવોને કોઈ યોગ્ય ઉપદેશક ઉપદેશ આપે તોપણ તેઓ કલ્યાણના માર્ગને પ્રાપ્ત કરતા નથી. આર્જવ એ આત્માનો ધર્મ છે. તેથી સાધુ હંમેશાં આર્જવ સ્વભાવની વૃદ્ધિ અર્થે યત્ન કરે છે, તે તેઓનો ઉત્તમ ધર્મ છે. **૩॥**

ભાષ્ય :-

अलोभः शौचलक्षणम् । शुचिभावः शुचिकर्म वा शौचम् । भावविशुद्धिर्निष्कल्मषता, धर्मसाधनमात्रास्वपि अनभिष्वङ्ग इत्यर्थः । अशुचिर्हि भावकल्मषसंयुक्त इहामुत्र चाशुभफलमकुशलं कर्मोपचिनोति, उपदिश्यमानमपि च श्रेयो न प्रतिपद्यते तस्माच्छौचं धर्म इति ४।।

ભાષ્યાર્થ :-

अलोभः .... इति ।। અલોભ શૌચનું લક્ષણ છે. શુચિભાવ અથવા શુચિકર્મ શૌચ છે. ભાવવિશુદ્ધિ, નિષ્કલ્મષતા, ધર્મસાધનમાત્રમાં પણ અનભિષ્વંગ શૌચ છે. हि=જે કારણથી, અશુચિ એવો જીવ ભાવકલ્મષથી સંયુક્ત આલોકમાં અને પરલોકમાં અશુભ ફળવાળા અકુશલકર્મનો ઉપચય કરે છે. ઉપદેશ અપાતો પણ શ્રેયને સ્વીકારતો નથી, તે કારણથી શૌચધર્મ છે.

'इति' શબ્દ શૌચધર્મની સમાપ્તિ માટે છે. ૪।।

ભાવાર્થ :-

(૪) શૌચયતિધર્મ :-

આત્મા બાહ્ય પદાર્થ પ્રત્યે સંશ્લેષને કારણે મલિન થાય છે. બાહ્ય પદાર્થના સંશ્લેષના અભાવરૂપ અલોભનો પરિણામ એ શૌચનું લક્ષણ છે.

શૌચને સ્પષ્ટ કરવા અર્થે ભાષ્યકારશ્રી કહે છે –

શુચિભાવ એ શૌચ છે અર્થાત્ કોઈ પદાર્થ પ્રત્યે સર્વથા સંશ્લેષના અભાવરૂપ શુચિભાવ એ શૌચ છે. શુચિકર્મ એ શૌચ છે અર્થાત્ કોઈ પદાર્થમાં ક્યાંય સંશ્લેષ ન થાય તે રીતે મન-વચન-કાયાની ક્રિયા કરવામાં આવે તે શુચિકર્મરૂપ શૌચ છે.

શૌચનો જ અર્થ સ્પષ્ટ કરતાં કહે છે –

ભાવની વિશુદ્ધિરૂપ નિષ્કલ્મષતા એ શૌચ છે.

તેનાથી શું ફલિત થાય ? તે સ્પષ્ટ કરે છે –

ધર્મના સાધન માત્રમાં પણ અનભિષ્વંગ શૌચ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે ધર્મના સાધનરૂપ દેહ, વસ્ત્ર, પાત્ર કે વસતિ આદિને સાધુ ગ્રહણ કરે છે અને તે સર્વમાં લેશ પણ મમત્વ ધારણ કરતા નથી; પરંતુ સર્વ ભાવો પ્રત્યે સમભાવના પરિણામવાળા હોવાથી સર્વ બાહ્ય પદાર્થો પ્રત્યે ઉપેક્ષાનો પરિણામ ધારણ કરે છે. ધર્મની વૃદ્ધિ અર્થે જ સાધુને ધર્મનાં સાધનોને ધારણ કરવાનો પરિણામ છે. આથી જ ધર્મના સાધનરૂપ દેહનું પણ ધર્મમાં ઉપષ્ટંભક થાય તેટલું જ પાલન કરે છે, પરંતુ શાતા અર્થે દેહનું પાલન કરતા નથી. આવા મુનિઓને કોઈ પદાર્થ પ્રત્યે મમત્વ નથી તે જ શૌચપરિણામ છે. જે સાધુ અશુચિ છે=શૌચ પરિણામવાળા નથી, તેઓ ભાવકલ્મષથી સંયુક્ત છે

અર્થાત્ વસ્ત્ર-પાત્ર કે અન્ય સામગ્રીમાં ચિત્તના સંશ્લેષયુક્ત પરિણામવાળા છે. જેઓ શાતાના અર્થે વસ્ત્રાદિનો ઉપયોગ કરે છે તેઓ આલોકમાં અને પરલોકમાં અશુભ ફળવાળા અકુશલ કર્મને પ્રાપ્ત કરે છે. સાધુવેશમાં અનુકૂળ સામગ્રીના સંશ્લેષવાળા જીવો શિષ્ટપુરુષોથી નિંદાને યોગ્ય એવા અશુભફળને આલોકમાં પ્રાપ્ત કરે છે અને પરલોકમાં અશુભ ફળવાળા અકુશલકર્મને પ્રાપ્ત કરે છે. જેઓને લોભનો અત્યંત પરિણામ છે=વસ્ત્ર-પાત્ર આદિમાં અત્યંત મૂર્ચ્છાનો પરિણામ છે, તેઓ યોગ્ય ઉપદેશક દ્વારા ઉપદેશ આપવા છતાં પણ શ્રેયને પ્રાપ્ત કરતા નથી અર્થાત્ પોતાના વસ્ત્રાદિમાં સંશ્લેષના પરિણામનો ત્યાગ કરવા પ્રયત્ન કરતા નથી, તેથી શૌચ ધર્મ છે અને અશૌચ અધર્મ છે. **૪॥**

ભાષ્ય :-

सत्यर्थे भवं वचः सत्यं, सद्भ्यो वा हितं सत्यम्, तदननृतम्, अपरुषमपिशुनमनसभ्यमचपलमनाविलमविरलमसम्भ्रान्तं मधुरमभिजातमसन्दिग्धं स्फुटमौदार्ययुक्तमग्राम्यपदार्थाभिव्याहारमसीभरमरागद्वेषयुक्तम्, सूत्रमार्गानुसारप्रवृत्तार्थमर्थ्यमर्थिजनभावग्रहणसमर्थमात्मपरार्थानुग्राहकं निरुपधं देशकालोपपन्नमनवद्यमर्हच्छासनप्रशस्तं यतं मितं याचनं प्रच्छनं प्रश्नव्याकरणमिति सत्यधर्मः ५।।

ભાષ્યાર્થ :-

सत्यर्थे ..... धर्मः ।। સત્યનું લક્ષણ કહે છે –

વિદ્યમાન અર્થમાં થનારું વચન સત્ય છે. અથવા ઉત્તમ પુરુષો માટે હિતવચન સત્ય છે. તે કારણથી અનનૃત, અપરુષ, અપિશુન, અનસભ્ય, અચપળ, અનાવિલ, અવિરલ, અસંભ્રાન્ત, મધુર, અભિજાત, અસંદિગ્ધ, સ્પષ્ટ, ઔદાર્યથી યુક્ત, અસીભર=જરૂર કરતાં વધારે નહીં બોલનાર, અને અરાગદ્વેષ યુક્ત, સૂત્રમાર્ગાનુસાર પ્રવૃત્ત અર્થવાળું, અર્થ્ય, અર્થીજનના ભાવને ગ્રહણ કરવામાં સમર્થ, આત્મા અને પરનું અનુગ્રાહક. નિરુપધિ=માયા વગરનું, દેશ-કાલથી ઉપપન્ન, અનવદ્ય, અર્હદ્શાસનથી પ્રશસ્ત, યત=યતનાવાળું, મિત, યાચન, પ્રચ્છન અને પ્રશ્નવ્યાકરણવાળું વચન એ સત્યધર્મ છે. ૫।।

ભાવાર્થ :-

(૫) સત્યયતિધર્મ :-

સાધુ સદા વચનગુપ્તિમાં હોય છે. તેથી પ્રયોજન ન હોય તો કોઈ વચનપ્રયોગ કરવાને અભિમુખ પરિણામ પણ કરતા નથી અને કોઈ વચનપ્રયોગ પણ કરતા નથી. જ્યારે કોઈ વસ્તુની યાચના કરવાનું પ્રયોજન હોય, કોઈ વસ્તુની પૃચ્છા કરવાનું પ્રયોજન હોય અથવા કોઈએ પ્રશ્ન કર્યો હોય તેનો ઉત્તર આપવાનું પ્રયોજન હોય ત્યારે બોલે છે.

આવો વચનપ્રયોગ કેવા સ્વરૂપવાળો હોય તો સત્યવચન છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

સાધુ યાચનાદિના પ્રયોજનથી વચનપ્રયોગ કરે તે વચનપ્રયોગ અનૃત ન હોય=વસ્તુના વાસ્તવિક

સ્વરૂપથી વિપરીત ન હોય. જેમ વસ્ત્રાદિની યાચના સંયમના પ્રયોજન અર્થે જિનવચન અનુસાર કરે તો તે યાચન અનૃત નથી, અન્યથા તે યાચન અનૃતભાષણ છે; કેમ કે ભગવાનની આજ્ઞાવિરુદ્ધ યાચના કરે છે. વળી અપરુષ હોય=વચનમાં કઠોરતાનો પરિહાર હોય. વળી અપિશુન હોય=કોઈકની કોઈક ક્ષતિ જોયેલી હોય તેને કોઈક આગળ પ્રગટ કરવાના પરિણામના અભાવરૂપ અપિશુનભાવવાળું હોય. વળી તે વચનપ્રયોગ અસભ્ય ન હોય=સભ્ય પુરુષને સ્વીકૃત થાય તેવો હોય; પરંતુ અસભ્ય બોલનારના જેવો વચનપ્રયોગ ન હોય. વળી તે વચનપ્રયોગ અચપળ હોય અર્થાત્ બોલવામાં ચપળતા રહિત હોય. વળી તે વચનપ્રયોગ અનાવિલ હોય=કોઈ કષાયના પરિણામથી મલિન થયેલો ન હોય. વળી તે વચનપ્રયોગ અવિરલ હોય=વચવચમાં સ્ખલના પામીને બોલાતું હોય તેવું વચન વિરલ છે, સત્ય વચન તેવું હોતું નથી. વળી તે વચનપ્રયોગ અસંભ્રાન્ત હોય અર્થાત્ કોઈને સંભ્રમ ન કરાવે તેવો હોય. વળી તે વચન મધુર હોય અર્થાત્ સાંભળનારને પ્રીતિ ઉત્પન્ન કરે તેવું હોય. વળી તે વચન અભિજાત હોય=પ્રસ્તાવને યોગ્ય હોય. વળી તે વચનપ્રયોગ અસંદિગ્ધ હોય અર્થાત્ સાંભળનારને સંદેહ ઉત્પન્ન ન થાય તેવો હોય. વળી સ્પષ્ટ હોય. ઔદાર્યથી યુક્ત હોય, પરંતુ તુચ્છ બોલવાના કારણે બોલાયેલું ન હોય. વળી અગ્રામ્ય હોવાના કારણે પદાર્થના યથાર્થ કથન સ્વરૂપ હોય=વિદ્વાન લોકોને ગ્રાહ્ય હોવાથી પદાર્થના વાસ્તવિક સ્વરૂપને કહેનારું હોય. વળી પોતે વિદ્વાન છે તેવું બતાવવા અર્થે કથનીય પદાર્થને બિનજરૂરી વિસ્તારથી કહે નહીં; પરંતુ શ્રોતાને ઉચિત બોધ થાય તે પ્રકારે જ જે વચનપ્રયોગ કરે તે અસીભર વચનપ્રયોગ છે.

પૂર્વના કહેલા સર્વ દોષોથી રહિત વચનપ્રયોગ કરે છતાં જો તે પ્રરૂપણા રાગ-દ્વેષથી યુક્ત હોય તો અસત્ય વચન બને છે. તેથી સંયમવૃદ્ધિના પ્રયોજનપૂર્વક અન્ય કોઈ રાગ-દ્વેષનો પરિણામ ન થાય તે પ્રકારે વચનપ્રયોગ કરવામાં આવે તે સત્યવચનપ્રયોગ છે.

વળી તે સાધુનો વચનપ્રયોગ સૂત્રના માર્ગને અનુસાર પ્રવૃત્તિરૂપ અર્થવાળો છે અર્થાત્ જિનવચનના સ્મરણ અનુસાર કરાયેલો વચનપ્રયોગ સત્યવચન છે. વળી અર્થ્ય=ઉચિત પ્રયોજનવાળો અર્થાત્ સંયમવૃદ્ધિના પ્રયોજનવાળો વચનપ્રયોગ સત્યવચન રૂપ છે.

વળી તે વચન અર્થીજનના ભાવને ગ્રહણ કરવામાં સમર્થ હોય અર્થાત્ શ્રોતાને કેવા ભાવ વર્તે છે ? તેનો નિર્ણય કરીને તેને ઉપકાર થાય તે પ્રકારનો જ વચનપ્રયોગ સુસાધુ કરે, જે સત્યવચન છે.

વળી જે વચન બોલનાર સુસાધુના સંવેગની વૃદ્ધિને કરનાર હોવાથી આત્માનું ગ્રાહક હોય અને યોગ્ય શ્રોતાને જે વચનના શ્રવણથી સંવેગની વૃદ્ધિ થાય, તેથી પરનું ગ્રાહક હોય તેવું વચન સત્યવચન છે.

વળી સત્યવચન માયારહિત હોય અર્થાત્ જેવો અંતરંગ પરિણામ હોય તેને અનુરૂપ જ તે વચનપ્રયોગ હોય, પરંતુ અંતરંગ પરિણામ અન્ય ભાવો હોય અને બાહ્ય અભિવ્યક્તિરૂપે અન્ય ભાવોને વ્યક્ત કરે તેવો વચનપ્રયોગ ન હોય, તેવો વચનપ્રયોગ નિરુપધ વચનપ્રયોગ છે જે સત્યવચન છે.

વળી પોતે જે દેશ અને કાળમાં વર્તતા હોય તે દેશ-કાળ સાથે ઉપપન્ન થાય=સંગત હોય, તેવું વચન સત્યવચન છે. વળી સત્યવચન અનવદ્ય છે અર્થાત્ ગુણવૃદ્ધિનું કારણ બને તેવા પ્રકારનું, સાવદ્યભાષાના

પરિહારવાળું છે. તેથી સંયમવૃદ્ધિનું પ્રયોજન ન હોય તેવી નિરર્થક ચેષ્ટારૂપ કોઈપણ વચન સત્યવચન નથી. જેમ ઘટને ઘટ કહેવામાં આવે તે સ્થૂલથી સત્યવચન હોવા છતાં નિરર્થક વચન હોય તો સત્ય વચન નથી. આથી જ ઉત્તમ એવું સત્યવચન સુસાધુ જ બોલી શકે છે.

વળી તે સત્યવચન અરિહંતશાસનની મર્યાદા અનુસાર પ્રશસ્ત છે; કેમ કે સ્વ-પરના હિત માટે જ ભગવાને સાધુને વચનપ્રયોગ કરવાની અનુજ્ઞા આપી છે. તેથી ભગવાનના શાસનમાં જે પ્રશંસાપાત્ર છે તેવો જ વચનપ્રયોગ સત્યવચન છે. વળી સત્ય બોલનાર સાધુ યતમાન હોય છે, અર્થાત્ સંયમના પરિણામમાં યતમાન હોય છે. તેથી તેને અનુરૂપ જ વચનપ્રયોગ કરે છે. વળી તે વચન મિત જ હોય છે=શ્રોતાને બોધ કરાવવા માટે ઉપયોગી હોય એટલા પરિમિત શબ્દમાં જ બોલાતું હોય છે. આવા વચનપ્રયોગ સાધુ વસ્ત્ર-પાત્ર આદિના યાચનરૂપે કરે છે, વસતિ આદિની પૃચ્છારૂપે કરે છે કે શાસ્ત્રમાં કોઈ સ્થાને સંશય થયો હોય તો તેની પૃચ્છારૂપે કરે છે અને કોઈ જિજ્ઞાસુના તત્ત્વબોધ અર્થે ઉચિત ઉપદેશરૂપે વચનપ્રયોગ કરે છે, જે સત્યધર્મ છે. **૫॥**

ભાષ્ય :-

योगनिग्रहः संयमः, स सप्तदशविधः । तद्यथा – पृथिवीकायिकसंयमः, अप्कायिकसंयमः, तेजस्कायिकसंयमः, वायुकायिकसंयमः, वनस्पतिकायिकसंयमः, द्वीन्द्रियसंयमः, त्रीन्द्रियसंयमः, चतुरिन्द्रियसंयमः, पञ्चेन्द्रियसंयमः, प्रेक्ष्यसंयमः, उपेक्ष्यसंयमः, अपहृत्यसंयमः, प्रमृज्यसंयमः, कायसंयमः, वाक्संयमः, मनःसंयमः, उपकरणसंयम इति संयमो धर्मः ६।।

ભાષ્યાર્થ :-

योगनिग्रहः ..... धर्मः ।। યોગનિગ્રહ સંયમ છે. તે=સંયમ, ૧૭ ભેદવાળું છે. તે આ પ્રમાણે – પૃથિવીકાયિકસંયમ, અપ્કાયિકસંયમ, તેજસ્કાયિકસંયમ, વાયુકાયિકસંયમ, વનસ્પતિકાયિકસંયમ, બેઇન્દ્રિયસંયમ, તેઇન્દ્રિયસંયમ, ચઉરિન્દ્રિયસંયમ, પંચેન્દ્રિયસંયમ, પ્રેક્ષ્યસંયમ, ઉપેક્ષ્યસંયમ, અપહૃત્યસંયમ, પ્રમૃજ્યસંયમ, કાયસંયમ, વાક્સંયમ, મનસંયમ, ઉપકરણસંયમ. એ પ્રકારનો સંયમ ધર્મ છે. ૬॥

ભાવાર્થ :-

(૬) સંયમયતિધર્મ :-

જે સાધુ સંયમના કંડકની વૃદ્ધિ અર્થે અંતરંગ રીતે ઉપયુક્ત છે અને સંયમના પ્રયોજનથી ગમનાદિ ચેષ્ટા કરે ત્યારે પૃથ્વીકાય આદિ નવ પ્રકારના જીવોમાંથી યથાયોગ્ય તે તે જીવોની રક્ષા માટે ઉચિત યત્ન કરે છે ત્યારે તે તે પ્રકારનું સંયમ પ્રાપ્ત થાય છે. જેમ નદી ઊતરતી વખતે સંયમના પ્રયોજન સિવાય નદી ઊતરે તો મુખ્યતયા અપ્કાયિક જીવો અને સહવર્તી અન્ય અનેક પ્રકારના જીવોની વિરાધનાની પ્રાપ્તિ થાય, પરંતુ જ્ઞાનાદિની વૃદ્ધિનો ઉપાય નદી ઊતરીને તે સ્થાનમાં ગમનની પ્રવૃત્તિ છે તેવા સ્થિર નિર્ણયવાળા મુનિ શાસ્ત્રવચન અનુસાર ઉપયુક્ત થઈને નદી ઊતરતા હોય ત્યારે સાક્ષાત્ શક્ય અપ્કાયના રક્ષણ અર્થે

યતનારૂપ અપ્કાયનું સંયમ વર્તે છે અને સહવર્તી પૃથ્વીકાય આદિ અન્ય જીવો વિષયક પણ સંયમ વર્તે છે. સાધુ જ્યારે ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થઈને વીતરાગના વચન અનુસાર આત્માને ભાવિત કરે છે ત્યારે સર્વ જીવો પ્રત્યે દયાભાવ સતત વૃદ્ધિ પામતો હોય છે, તેથી નવે પ્રકારના જીવો વિષયક સંયમ વર્તે છે. સાધુ જે વખતે ઉચિત સંવરભાવપૂર્વક પ્રવૃત્તિ કરતા નથી તે વખતે સાક્ષાત્ પૃથ્વીકાય આદિ જીવોની હિંસા ન હોય તોપણ સર્વ જીવોના રક્ષણ અર્થે ઉચિત અધ્યવસાય નહીં હોવાથી પૃથ્વીકાય આદિના રક્ષણરૂપ સંયમનો પરિણામ નથી.

વળી સાધુ જેમ પૃથ્વીકાય આદિ નવ પ્રકારના જીવો માટે રક્ષણને અનુકૂળ યોગો પ્રવર્તાવે છે તેમ કોઈપણ પ્રવૃત્તિ કરે ત્યારે પ્રથમ ભૂમિ આદિનું પ્રેક્ષણ કરીને ઉચિત યતનાપૂર્વક ગમન આદિ પ્રવૃત્તિ કરે છે ત્યારે તેમનામાં પ્રેક્ષ્યસંયમ વર્તે છે અર્થાત્ જીવરક્ષાને અનુકૂળ ઉચિત પ્રેક્ષણનો પરિણામ વર્તે છે, જે પ્રેક્ષ્યસંયમ છે.

સાધુ જ્યાં ઉપેક્ષા કરવા યોગ્ય છે ત્યાં ઉપેક્ષા કરે તે ઉપેક્ષ્યસંયમ છે અને જ્યાં ઉપેક્ષા કરવા યોગ્ય નથી ત્યાં ઉપેક્ષા ન કરે તે પણ ઉપેક્ષ્યસંયમ છે. જેમ કોઈ સાધુ અજ્ઞાનને વશ સંયમયોગમાં પ્રમાદ કરતા હોય ત્યારે તેની ઉપેક્ષા કરવાથી તે સાધુનું અહિત થશે, તેમ જણાય છતાં ઉપેક્ષા કરે તો કોઈના અહિત પ્રત્યે ઉપેક્ષા કરવાથી કઠોર હૈયું થાય. તેથી દયાળુ સાધુ તેવા યોગ્ય જીવના પ્રમાદનિવારણ અર્થે સારણા-વારણા આદિ ઉચિત કૃત્ય કરે તે ઉપેક્ષ્યસંયમ છે અર્થાત્ ઉપેક્ષા કરવા યોગ્ય નથી એ રૂપ ઉપેક્ષ્યસંયમનું પાલન છે. વળી કોઈ ગૃહસ્થ આરંભ-સમારંભની પ્રવૃત્તિમાં પ્રમાદી હોય, તેને તેના કૃત્યનું સ્મરણ કરાવીને આરંભ-સમારંભમાં વ્યાપારવાળો ન કરે, પરંતુ તે ગૃહસ્થના પ્રમાદની ઉપેક્ષા કરે તે ઉપેક્ષ્યસંયમ છે. આ રીતે યોગ્ય સાધુના પ્રમાદની ઉપેક્ષા ન કરવી તે ઉપેક્ષ્યસંયમ છે અને સંસારી જીવોના આરંભ-સમારંભમાં ક્યાંય પ્રેરણા ન થાય એ પ્રકારે સંવરભાવપૂર્વક મૌન ધારણ કરવું તે ઉપેક્ષ્યસંયમ છે.

વળી સાધુ સંયમના ઉપકારક હોય તેવાં જ વસ્ત્ર-પાત્ર આદિ ઉપકરણોને ધારણ કરે છે અને કોઈક રીતે સંયમને અનુપકારક વસ્ત્ર આદિની પ્રાપ્તિ થઈ હોય તો ઉચિત વિધિપૂર્વક એને પરઠવે છે, તે અપહૃત્યસંયમ છે. જેમ અનાભોગ આદિથી આધાકર્મદોષ આદિ દોષથી દૂષિત ભિક્ષા ગ્રહણ થઈ હોય અને પાછળથી ખ્યાલ આવે કે આ ભિક્ષા શુદ્ધ નથી તો એને ઉચિત રીતે પરઠવીને તે ભિક્ષાનો ત્યાગ કરે, જે અપહૃત્ય સંયમ છે=તે ભિક્ષાનો અપહાર કરીને પોતાના સંવરભાવનું રક્ષણ તે મહાત્માએ કર્યું તે રૂપ સંયમ છે.

પ્રમાર્જના કરીને જીવરક્ષા માટે ઉચિત યત્ન કરે તે પ્રમૃજ્યસંયમ છે. જેમ વિહારમાં અચિત્તભૂમિથી સચિત્ત ભૂમિમાં જવાનો પ્રસંગ હોય તે વખતે અચિત્ત ભૂમિવાળા રજકણો પોતાના પગમાં લાગેલા હોય અને સચિત્ત ભૂમિ પર તે રજકણો પોતાના પગમાંથી પડતા હોય તો તે અચિત્ત રજકણોથી ત્યાંના સચિત્ત જીવોને અત્યંત ઉપઘાત થાય છે, તે પ્રકારના ઉપઘાતનું સૂક્ષ્મબુદ્ધિથી સમ્યગ્ સમાલોચન કરીને દયાળુ સાધુ તે ઉપઘાતના પરિહાર અર્થે પગનું પ્રમાર્જન કરીને સચિત્ત ભૂમિમાં જાય તો અશક્યપરિહારરૂપ જ તે સચિત્ત જીવોની વિરાધના થાય છે; પરંતુ પોતાના પગ સાથે આવેલ સૂક્ષ્મ અચિત્તરજ, જે ત્યાંના પૃથ્વીકાયના

જીવોની વિરાધનાનું કારણ બને તેમ હતી તેનું પ્રમાર્જનાથી નિવારણ થાય છે, જે પ્રમૃજ્ય સંયમ છે. તે રીતે અન્યત્ર પણ ઉચિતવિધિથી પરઠવતી વખતે પ્રમાર્જનાપૂર્વક અંતરંગ જીવરક્ષાને અનુકૂળ જે સંવરભાવ છે, તે પ્રમૃજ્યસંયમ છે.

વળી સંયમવૃદ્ધિના પ્રયોજન અર્થે કોઈક કાયિકપ્રવૃત્તિ કરવાની આવશ્યકતા ન હોય તો કૂર્મની જેમ કાયાને સંવૃત કરીને સાધુ શ્રુતથી આત્માને ભાવિત કરે છે અને તેના દ્વારા જ સંયમના કંડકોની વૃદ્ધિ કરે છે. કાયાની કોઈ ચેષ્ટા કરવાનું પ્રયોજન હોય તો કંટક આકીર્ણ ભૂમિમાં ગમનની જેમ જીવરક્ષામાં અત્યંત ઉપયુક્ત થઈને ગમન કરે, ત્યારે કાયસંયમ વર્તે છે. જેથી કાયકૃત સાંપરાયિક કર્મબંધ થતો નથી.

સંયમ અર્થે બોલવાનું પ્રયોજન ન હોય તો સાધુ સદા વચનગુપ્તિમાં રહે છે અર્થાત્ માત્ર બોલવાનો નિષેધ કરતા નથી, પરંતુ વચનપ્રયોગ કરીને કાંઈક કહેવાને અભિમુખ ભાવમાત્ર પણ કરતા નથી. આત્માને સંવૃત વચનવાળો રાખીને આત્મિકભાવોની વૃદ્ધિમાં જ યત્ન કરે છે. આવા વચનગુપ્તિવાળા મુનિ સંયમના પ્રયોજનથી કે યોગ્ય જીવોના ઉપકારના પ્રયોજનથી વચનમર્યાદાના સ્મરણપૂર્વક ઉચિત વચનથી કથન કરે તે વાક્સંયમ છે.

સાધુ મનને જિનવચનથી ભાવિત રાખીને ઉત્તર-ઉત્તરના સંયમસ્થાનની વૃદ્ધિને અનુકૂળ વ્યાપારવાળા હોય ત્યારે મનસંયમ વર્તે છે અને પ્રયોજન વગર કોઈપણ વસ્તુ વિષયક મનનો વ્યાપાર થાય તો મનના સંયમના અભાવની પ્રાપ્તિ થાય છે.

સાધુ ધર્મવૃદ્ધિના કારણભૂત દેહ-વસ્ત્ર-પાત્ર આદિ ઉપકરણ રાખે છે. ધર્મના સાધનરૂપ આ વસ્ત્ર આદિ ઉપકરણો ધર્મની નિષ્પત્તિનું કારણ થાય, તે રીતે જ તેમનું ગ્રહણ કરે, તે રીતે જ તેમનો ઉપયોગ કરે તથા સંયમવૃદ્ધિમાં ઉપકારક ન હોય તેવા કોઈ વસ્ત્ર-પાત્ર આદિને ગ્રહણ ન કરે અને કોઈ રીતે સંયમને અનુપકારક ઉપકરણની પ્રાપ્તિ થઈ હોય તો વિધિપૂર્વક તેને પરઠવે તે ઉપકરણસંયમ છે.

આ પ્રકારે સત્તર પ્રકારનો સંયમધર્મ છે, જે યોગનિગ્રહરૂપ સંયમ છે. **૬॥**

ભાષ્ય :-

तपो द्विविधम् । तत् परस्ताद् (अ० ९, सू० १९-२०) वक्ष्यते । प्रकीर्णकं चेदमनेकविधम् । तद्यथा — यववज्रमध्ये चन्द्रप्रतिमे द्वे । कनकरत्नमुक्तावल्यस्तिस्रः । सिंहविक्रीडिते द्वे । सप्तसप्तमिकाद्याः प्रतिमाश्चतस्रः । भद्रोत्तरमाचाम्लवर्धमानं सर्वतोभद्रमित्येवमादि । तथा द्वादश भिक्षुप्रतिमाः-मासिक्याद्याः, आ सप्तमासिक्यः सप्त, सप्तचतुर्दशैकविंशतिरात्रिक्यस्तिस्रः, अहोरात्रिकी, एकरात्रिकी चेति ७।।

ભાષ્યાર્થ :-

तपो ..... चेति ।। તપ બે પ્રકારનો છે તેને આગળમાં કહેવાશે. અને પ્રકીર્ણક એવો આ=તપ,

અનેક પ્રકારનો છે. તે આ પ્રમાણે – યવમધ્યચંદ્રપ્રતિમા અને વજ્રમધ્યચંદ્રપ્રતિમા બે તપ છે. કનકાવલી, રત્નાવલી અને મુક્તાવલી એમ ત્રણ તપ છે. સિંહવિક્રીડિત બે તપ છે=ક્ષુલ્લકસિંહ-વિક્રીડિત અને મહાસિંહવિક્રીડિત બે તપ છે. સાત સપ્તમિકાદિ ચાર પ્રતિમાઓ તપ છે=સાત દિવસની સપ્ત-સપ્તમિકાપ્રતિમા, આઠ દિવસની અષ્ટઅષ્ટમિકાપ્રતિમા, નવ દિવસની નવનવમિકા-પ્રતિમા અને દશ દિવસની દશદશમિકાપ્રતિમા તપ છે. ભદ્રોત્તરતપ=પાંચ ઉપવાસથી નવ ઉપવાસ સુધીના ક્રમથી થતું તપ. આચામ્લવર્ધમાન તપ=વર્ધમાનતપની આયંબિલની ઓળી, સર્વતોભદ્રતપ એ વગેરે તપો છે અને બાર પ્રકારની ભિક્ષુ પ્રતિમા છે. તેમાં એક માસથી માંડીને સાત માસ સુધી પ્રથમથી સાત ભિક્ષુ-પ્રતિમા છે. તેથી પ્રથમ પ્રતિમા એક માસની, બીજી બે માસની યાવત્ સાતમી પ્રતિમા સાત માસની છે. અને સપ્તરાત્રિકી ૮-૯-૧૦ ત્રણ પ્રતિમા=પ્રથમ સાત રાત્રિની, બીજી ૧૪ રાત્રીની અને ત્રીજી ૨૧ રાત્રીની પ્રતિમા છે. અને અગિયારમી પ્રતિમા અહોરાત્રિકી છે. અને બારમી પ્રતિમા એકરાત્રિકી છે.

'इति' શબ્દ આર્જવ ધર્મની સમાપ્તિ માટે છે. ૭॥

ભાવાર્થ :-

(૭) તપયતિધર્મ :-

પ્રસ્તુત સૂત્રમાં દશ પ્રકારના ઉત્તમ એવા યતિધર્મનું વર્ણન કરવાનો પ્રારંભ કરેલ છે. તેમાં ક્રમપ્રાપ્ત તપધર્મનું વર્ણન કરે છે –

તે તપ બે પ્રકારનો છે : (૧) બાહ્યતપ અને (૨) અભ્યંતરતપ. બાહ્યતપ કરીને મહાત્માઓ દેહને તે રીતે શિથિલ રાખે છે, જેથી ઇન્દ્રિયના વિકારો થાય નહીં. વળી બાહ્યતપ તે રીતે કરે છે કે જેથી સ્વાધ્યાયાદિ અન્ય બલવાન યોગ નાશ પામે નહીં; પરંતુ શિથિલ થયેલ ઇન્દ્રિયો અને શિથિલ થયેલ શરીર સુખપૂર્વક બાહ્ય વિકારોના ત્યાગ સહિત અંતરંગ ભાવોમાં ઉદ્યમ કરવા સમર્થ બને. સ્વાધ્યાય આદિ દ્વારા જે નિર્લેપદશા સાધુને પ્રાપ્ત કરવી છે તેમાં છ પ્રકારનો બાહ્યતપ ઉપષ્ટંભક બને છે, જ્યારે છ પ્રકારનો અભ્યંતરતપ સાક્ષાત્ નિર્લેપદશા પ્રત્યે યત્ન સ્વરૂપ છે. તેથી માત્ર બાહ્ય વૈયાવચ્ચ કે માત્ર કોઈ અન્ય અનુષ્ઠાન અભ્યંતરતપ નથી; પરંતુ ગુણવાનના ગુણોને અવલંબીને ગુણ તરફ પ્રવર્ધમાન ચિત્તનો ઉપયોગ અભ્યંતરતપ છે, તે તપથી જ નિર્જરાની પ્રાપ્તિ થાય છે, તે અભ્યંતરતપ જ સાધુનો ઉત્તમ ધર્મ છે; કેમ કે એના દ્વારા જ ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અભ્યંતરતપના પોષક અંગરૂપ હોવાથી બાહ્યતપને પણ ઉત્તમ ધર્મ તરીકે ગ્રહણ કરેલ છે. આ બન્ને તપને સ્વયં ગ્રંથકારશ્રી જ આગળમાં કહેશે.

આ બે સિવાય પ્રકીર્ણક તપ અનેક પ્રકારના છે. તેથી એ પ્રાપ્ત થાય કે સાધુએ સંયમના કંડકની વૃદ્ધિ માટે સતત અભ્યંતરતપમાં ઉદ્યમ કરવો જોઈએ. અભ્યંતરતપમાં વ્યાઘાત થાય તેવો કોઈ બાહ્યતપ સાધુને કર્તવ્ય નથી. બાહ્યતપની શક્તિ હોય અને તેના બળથી અભ્યંતરતપની વૃદ્ધિ થતી હોય છતાં સાધુ બાહ્યતપ

ન કરે તો દેહ પ્રત્યેના મમત્વનું પોષણ થાય. ફલસ્વરૂપે અભ્યંતરતપનો ઉપઘાત થાય છે; કેમ કે સ્વાધ્યાય આદિની ક્રિયા દ્વારા પણ અભ્યંતરતપની વૃદ્ધિ શાતાની લાલસાવાળા સાધુને થતી નથી. તેથી શરીરની શક્તિનું સમાલોચન કરીને અભ્યંતરતપની વૃદ્ધિનું કારણ બને તેવું સર્વ બાહ્યતપ સાધુએ અવશ્ય આવરવું જોઈએ. તેથી જે મહાત્માઓમાં વિશેષ પ્રકારની શક્તિ છે તેઓ સ્વભૂમિકાનુસાર વિશેષ પ્રકારના પણ તપો કરે છે. આ સર્વ તપ અવશ્ય અભ્યંતરતપની વૃદ્ધિનું કારણ હોય તો જ પ્રમાણભૂત છે. આવા વિશેષ તપો પ્રકીર્ણક તપો છે અને તે અનેક પ્રકારના છે.

અહીં યવમધ્યચંદ્રપ્રતિમા આદિ જે તપો બતાવ્યા ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે આ પ્રકારે યવના દૃષ્ટાંતથી અને વજ્રના દૃષ્ટાંતથી તપને કરવાનું પ્રયોજન શું ? ત્યાં એ પ્રકારે અર્થ ભાસે છે કે જીવનાં અધ્યવસાયસ્થાનો અનેક પ્રકારનાં છે. તેથી અતિશયજ્ઞાનીએ તે પ્રકારે જ જોયેલું છે કે તે તે પ્રકારના આલંબનથી કરાતા તપો જ ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ છે. આથી પ્રથમ સાત પ્રતિમાઓમાં પ્રથમ પ્રતિમા એક મહિનાની, બીજી પ્રતિમા બે મહિનાની એમ વૃદ્ધિના ક્રમથી અનુક્રમે સાતમી પ્રતિમા સાત મહિનાની છે. ત્યાં કોઈ વિચારે કે એક મહિનાની પ્રતિમા બે મહિના સેવીએ તો શું વાંધો આવે ? એ પ્રકારે સ્વમતિ અનુસાર કુવિકલ્પો કરવા ઉચિત નથી. પરંતુ અતિશય જ્ઞાનીએ તે તે ભાવોની વૃદ્ધિ માટે તે તે પ્રતિમાની જે જે કાલાવધિ નક્કી કરી હોય તે જ જીવ માટે વિશેષ નિર્જરાનું કારણ છે. માટે વિવેકી પુરુષો ભાવવૃદ્ધિ થાય અને તેવી શક્તિનો સંચય થયો હોય તો પોતાના ભાવના અતિશયાર્થે પ્રકીર્ણક તપો કરે છે. જઘન્યથી નવમા પ્રત્યાખ્યાનપ્રવાદપૂર્વની ત્રીજી આચારવસ્તુનું અને ઉત્કૃષ્ટથી કિંચિત્ ન્યૂન દશપૂર્વ સુધીનું શ્રુતજ્ઞાન ધરાવતા મહાસત્ત્વશાળી મહાત્માઓ ગુણસ્થાનકની વૃદ્ધિના પ્રયોજનથી માસિકીપ્રતિમા આદિ ભિક્ષુપ્રતિમાઓને વહન કરે છે.

આ પ્રતિમાઓને વહન કરવા માટે જરૂરી શ્રુતજ્ઞાન અને સત્ત્વ જેઓની પાસે હજુ સંચિત થયાં નથી તેવા જીવોએ આ બધા પ્રકીર્ણક તપોનું સ્વરૂપ જાણીને, તે તે પ્રકીર્ણક તપ કરનારા મહાત્માઓ કઈ રીતે સત્ત્વના પ્રકર્ષથી તે તપ કરતા હતા અને પ્રતિમાઓને વહન કરતા હતા ? તેનો બોધ કરીને તેમના પ્રત્યે અત્યંત બહુમાનભાવ ધારણ કરવો જોઈએ. આ બહુમાનનો અતિશયિત થાય તો તે તપનું ફળ પણ વર્તમાનમાં શક્તિ અનુસાર તપ કરનાર મહાત્માને મળે છે. ૭॥

ભાષ્ય :-

बाह्याभ्यन्तरोपधिशरीरान्नपानाद्याश्रयो भावदोषपरित्यागस्त्यागः ८॥

ભાષ્યાર્થ :-

बाह्य ..... त्यागः ॥ બાહ્ય-અભ્યંતર ઉપધિ, શરીર, અન્નપાનાદિ આશ્રયવાળો ભાવદોષનો પરિત્યાગ ત્યાગ છે=બાહ્ય ઉપધિરૂપ અન્નપાનના આશ્રયવાળો અને અભ્યંતર ઉપધિરૂપ શરીરના આશ્રયવાળો ભાવદોષનો પરિત્યાગ=મમત્વનો પરિત્યાગ, ત્યાગ છે. ૮॥

ભાવાર્થ :-

(૮) ત્યાગયતિધર્મ :-

સાધુના સંયમના ઉપકરણરૂપ શરીર અભ્યંતર ઉપધિ છે અને અન્ન-પાન, વસ્ત્ર વગેરે બાહ્ય ઉપધિ છે. અનાદિકાળથી જીવ સ્વભાવને વશ પ્રમાદદોષ ઉત્પન્ન થાય ત્યારે શરીરને આશ્રયીને સુખશીલતાનો સ્વભાવ પ્રગટ થાય છે. તેથી કલ્યાણના અર્થી સાધુ પણ શરીર પ્રત્યે કાંઈક મમત્વવાળા બને છે. કોઈક રીતે તેવો પ્રમાદદોષ પ્રાપ્ત થયો હોય, તેના કારણે સુખશીલતા આદિરૂપ ભાવદોષની પ્રાપ્તિ થાય, છતાં પાછળથી વિવેકસંપન્ન થઈને તે મહાત્મા ઉચિત પ્રાયશ્ચિત્ત આદિથી એ ભાવદોષનો પરિહાર કરે તો તે ત્યાગરૂપ યતિધર્મ છે.

વળી ભિક્ષા ગ્રહણ કરતી વખતે શાસ્ત્રમર્યાદા અનુસાર ઉચિત ભિક્ષા ગ્રહણ કરવા માટે યત્ન કરનારા પણ સાધુ ક્યારેક શ્રુતના ઉપયોગમાં પ્રમાદવાળા થાય તેથી કોઈક અશુદ્ધ ભિક્ષા પ્રાપ્ત થઈ હોય તે વખતે તે ભિક્ષાને વિધિપૂર્વક પરઠવી દે, પરંતુ વાપરે નહીં ત્યારે ભાવદોષનો પરિત્યાગ થાય છે.

વળી ક્વચિત્ વિધિપૂર્વક ભિક્ષા ગ્રહણ કરવા માટે યત્નશીલ હોવા છતાં ભિક્ષા લાવ્યા પછી કોઈક નિમિત્તથી જ્ઞાન થાય કે આ અશુદ્ધ ભિક્ષા છે તો વિધિપૂર્વક તેને પરઠવી દે, ત્યારે ભાવદોષનો પરિત્યાગ થાય છે. આ વખતે જો સાધુ તેવી દોષયુક્ત ભિક્ષાને વાપરે તો ભાવદોષનો પરિત્યાગ થાય નહીં.

વળી જે સાધુ અંતરંગ રીતે શરીર પ્રત્યે લેશ પણ મમત્વ ન થાય, તે પ્રકારે સદા ઉપયુક્ત છે તેઓ અભ્યંતર ઉપધિરૂપ શરીરને આશ્રયીને ભાવદોષના પરિત્યાગવાળા છે.

વળી જે સાધુ અન્ન-પાન, વસ્ત્ર, વસતિ આદિ સંયમના સર્વ ઉપકરણો શાસ્ત્રવિધિના સ્મરણપૂર્વક જ ગ્રહણ કરે છે અને શાસ્ત્રવિધિના સ્મરણપૂર્વક જ તેનો ઉપયોગ કરે છે તે સાધુ તેના ઉપયોગ દ્વારા સંયમના કંડકોની વૃદ્ધિમાં જ યત્ન કરે છે. તેથી તેઓ ભાવદોષના પરિત્યાગવાળા છે, જે ત્યાગરૂપ ઉત્તમ ધર્મ છે. આ ત્યાગ અદત્તાદાનના પરિહાર સ્વરૂપ ગ્રહણ કરેલ છે, તેમ ભાસે છે. **૮॥**

ભાષ્ય :-

शरीरधर्मोपकरणादिषु निर्ममत्वमाकिञ्चन्यम् ९।।

ભાષ્યાર્થ :-

शरीर ..... आकिञ्चन्यम् ।। શરીર અને ધર્મોપકરણ આદિમાં નિર્મમપણું આકિંચન્ય છે. ૯॥

ભાવાર્થ :-

(૯) આકિંચન્યયતિધર્મ :-

શરીર-ધર્મોપકરણાદિમાં રહેલા આદિ પદથી શરીર અને ધર્મોપકરણ સિવાય અન્ય સર્વ બાહ્ય પદાર્થોનું ગ્રહણ છે. વળી, ધર્મોપકરણ અંતર્ગત જ શરીર પણ ધર્મનું ઉપકરણ છે, તોપણ તેને પ્રધાન બતાવવા માટે

સ્વતંત્ર ગ્રહણ કરેલ છે. તેથી સાધુએ શરીર પ્રત્યે નિર્મમભાવ ધારણ કરીને અપરિગ્રહ મહાવ્રત સ્થિર કરવું જોઈએ. સાધુએ પ્રામાણિક રીતે ધર્મવૃદ્ધિના કારણ હોય તેવા વસ્ત્ર-પાત્ર આદિ ગ્રહણ કર્યા પછી પણ તેમાં નિર્મમપણું ધારણ કરવું જોઈએ અર્થાત્ સતત તે પ્રકારની ભાવનાથી આત્માને ભાવિત કરવો જોઈએ, જેથી ધર્મોપકરણમાં સૂક્ષ્મ પણ મમત્વ ન થાય.

વળી, સાધુએ પરિચયમાં આવતા શ્રાવકોમાં, સ્વજનોમાં કે બાહ્ય પદાર્થોમાં ક્યાંય મમત્વ ન થાય તેવો ભાવ ધારણ કરવો જોઈએ. આથી જ બાળક કાલું-ઘેલું બોલતું હોય તેને જોવાનું પણ સાધુને મન થાય તોપણ આકિંચન્યધર્મમાં અતિચાર પ્રાપ્ત થાય છે.

આ આકિંચન્યધર્મ પાંચમા મહાવ્રત સ્વરૂપ છે. ૯॥

ભાષ્ય :-

व्रतपरिपालनाय ज्ञानाभिवृद्धये कषायपरिपाकाय च गुरुकुलवासो ब्रह्मचर्यम् । अस्वातन्त्र्यं गुर्वधीनत्वं गुरुनिर्देशस्थायित्वमित्यर्थः । पञ्चाचार्याः प्रोक्ताः — प्रव्राजकः, दिगाचार्यः, श्रुतोद्देष्टाः, श्रुतसमुद्देष्टाः, आम्नायार्थवाचक इति । तस्य ब्रह्मचर्यस्येमे विशेषगुणा भवन्ति — अब्रह्मविरतेर्व्रतस्य भावना यथोक्ता, इष्टस्पर्शरसरूपगन्धशब्दविभूषानभिनन्दित्वं चेति १० ।।९/६।।

ભાષ્યાર્થ :-

व्रतपरिपालनाय ..... चेति ।। વ્રતોના પરિપાલન માટે=પાંચ મહાવ્રતોના પરિપાલન માટે, જ્ઞાનની અભિવૃદ્ધિ માટે=નવા નવા શ્રુતના અધ્યયન દ્વારા સૂક્ષ્મ તત્ત્વના અવબોધ માટે, અને કષાયના પરિપાક માટે=આત્મામાં અનાદિના સંસ્કારરૂપે વર્તતા કષાયોને પરિપક્વ કરીને નાશ કરવા માટે= કષાયોને ક્ષીણશક્તિવાળા કરવા માટે, ગુરુકુલનો વાસ તે જ બ્રહ્મચર્ય છે.

ગુરુકુલવાસ તે માત્ર ગુરુ સાથે સહવાસરૂપ નથી. તેથી તે કેવા સ્વરૂપવાળો છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

અસ્વાતંત્ર્ય=ગુણવાન ગુરુથી અસ્વાતંત્ર્ય, ગુરુઆધીનપણું=ગુણવાન ગુરુનું આધીનપણું, ગુરુ-નિર્દેશસ્થાયિપણું=ગુરુના નિર્દેશાનુસાર કૃત્યકારીપણું, એ પ્રકારનો અર્થ છે=ગુરુકુલવાસનો અર્થ છે.

અહીં પ્રશ્ન થાય કે કેવા ગુણવાન ગુરુને પરતંત્ર થવાથી વ્રતપાલનાદિ થઈ શકે ? તેથી ગુરુકુલવાસ માટે જરૂરી પાંચ આચાર્યનાં નામો બતાવે છે –

પાંચ આચાર્ય કહેવાયા છે — પ્રવ્રાજકાચાર્ય, દિગાચાર્ય, શ્રુતોદ્દેષ્ટાચાર્ય, શ્રુતસમુદ્દેષ્ટાચાર્ય, આમ્નાયાર્થવાચકાચાર્ય.

'इति' શબ્દ પાંચ આચાર્યની સમાપ્તિ માટે છે.

તે બ્રહ્મચર્યના આ વિશેષ ગુણો થાય છે.

તે વિશેષ ગુણો જ બતાવે છે –

અબ્રહ્મની વિરતિ, યથોક્ત એવી વ્રતની ભાવના, ઈષ્ટ એવા સ્પર્શ, રૂપ, રસ, ગંધ, શબ્દ આદિ અને વિભૂષામાં અનભિનંદિપણું બ્રહ્મચર્યથી પ્રાપ્ત થાય છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ માટે છે. ૧૦॥ ॥૯/૬॥

ભાવાર્થ :-

(૧૦) બ્રહ્મચર્યયતિધર્મ :-

સાધુના દશ પ્રકારના ઉત્તમધર્મમાંથી અંતિમ બ્રહ્મચર્યરૂપ ઉત્તમ ધર્મ ગુરુકુલવાસ છે.

ગુરુકુલવાસને બ્રહ્મચર્યધર્મ આત્મક શા માટે કહેલું છે ? તેથી કહે છે –

પાંચ મહાવ્રતોરૂપ વ્રતના પરિપાલન માટે ગુરુકુલવાસ છે, નવા નવા શ્રુતની અભિવૃદ્ધિ માટે ગુરુકુલવાસ છે અને ક્રોધ આદિ ચાર કષાયોને ક્ષીણ-ક્ષીણતર કરવા અર્થે ગુરુકુલવાસ છે. તેથી એ પ્રાપ્ત થાય કે આત્માનું સ્વરૂપ બ્રહ્મમય છે, તેમાં ચરણની ક્રિયા તે બ્રહ્મચર્ય છે. તે બ્રહ્મચર્ય ગુરુકુલવાસથી જ પ્રગટ થાય છે. માટે બ્રહ્મચર્યના કારણીભૂત ગુરુકુલવાસને બ્રહ્મચર્ય કહેલ છે.

અહીં પ્રશ્ન થાય કે ગુરુની સાથે વસવારૂપ ગુરુકુલવાસથી કઈ રીતે બ્રહ્મમાં ચરવાની ક્રિયાની પ્રાપ્તિ થઈ શકે ? તેથી કહે છે –

ગુરુકુલવાસનાં ત્રણ પ્રયોજન છે : (૧) વ્રતપરિપાલન, (૨) જ્ઞાનની અભિવૃદ્ધિ, (૩) કષાયનો પરિપાક.

તેથી જે ગુરુકુલવાસથી આ ત્રણ કાર્યો થાય તે ગુરુકુલવાસ આત્માને બ્રહ્મમાં ચરવાની ક્રિયાનું કારણ બને છે; કેમ કે ગુણવાન ગુરુ શિષ્યનાં પાંચ મહાવ્રતો કઈ રીતે સ્થિર થાય ? તેની ઉચિત ચિંતા કરીને સતત વ્રતપાલન માટે ઉચિત અનુજ્ઞા આપે છે. જેથી તે પ્રમાણે ઉચિત આચારોને સેવીને શિષ્યમાં વ્રતના પરિણામો સતત સ્થિર-સ્થિરતર થાય છે.

વળી વ્રતના પરિણામોને સ્થિર કર્યા પછી નવું નવું જ્ઞાન વૃદ્ધિ પામે તે માટે ગુરુકુલવાસ ઇષ્ટ છે; કેમ કે સમ્યગ્જ્ઞાન સમ્યગ્ પ્રવૃત્તિ કરાવીને હિતમાં જ પ્રવૃત્તિ કરાવે છે. ગુરુકુલવાસમાં સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થાય તો હિતને અનુકૂળ પ્રવૃત્તિ સદા વૃદ્ધિ પામે, જેથી ગુરુકુલવાસ બ્રહ્મચર્યનું કારણ બને છે.

વળી અનાદિકાલથી જીવમાં કષાયોની પરિણતિ વિદ્યમાન છે. ગુરુકુલવાસમાં રહેલા શિષ્યની કષાયની પરિણતિને ઉચિત ઉપદેશ આપવા દ્વારા ગુરુ ક્ષીણ-ક્ષીણતર કરે છે. માટે ગુરુકુલવાસ બ્રહ્મચર્યનું કારણ બને છે. તેથી ગુરુકુલવાસને જ બ્રહ્મચર્ય કહેલ છે. આ વચનથી ગુરુકુલવાસમાં વર્તતા પાંચ આચાર્યરૂપ ગુરુઓ શિષ્યોમાં ત્રણ કાર્યો કરનારા છે, એમ ફલિત થાય છે; કેમ કે તેઓના બળથી જ વ્રતપરિપાલન, જ્ઞાનની અભિવૃદ્ધિ અને કષાયના પરિપાકરૂપ કાર્ય થાય છે.

વળી ગુરુકુલવાસમાં રહેલ શિષ્ય કઈ રીતે વસે તો વ્રતપરિપાલનાદિ ફળની પ્રાપ્તિ થાય, જેથી બ્રહ્મચર્યરૂપ ઉત્તમધર્મની પ્રાપ્તિ થાય ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

શિષ્ય પણ અસ્વતંત્રપણું ધારણ કરે, અર્થાત્ ગુરુને આધીન રહે અને ગુરુ જે પ્રમાણે નિર્દેશ કરે એ પ્રમાણે સર્વ કૃત્યો કરે તો પાંચ આચાર્યરૂપ ગુરુના બળથી વ્રત પરિપાલન આદિની પ્રાપ્તિ થાય, જેથી ગુરુકુલવાસ બ્રહ્મચર્યરૂપ બને. જે શિષ્ય ગુરુ સાથે રહેલા હોય પરંતુ સ્વમતિ અનુસાર કૃત્ય કરતા હોય તેઓનો ગુરુકુલવાસ નામ માત્રથી ગુરુકુલવાસ છે; પરંતુ વ્રતપરિપાલન આદિની પ્રાપ્તિ કરાવનાર ગુરુકુલ-વાસ નથી.

વળી ગુરુકુલવાસમાં વ્રતપરિપાલન, જ્ઞાનની અભિવૃદ્ધિ અને કષાયના પરિત્યાગ માટે નિમિત્તકારણ-રૂપ પાંચ આચાર્યો કહેવાયા છે તેમાં પ્રવ્રાજકાચાર્ય અને દિગાચાર્ય વ્રતના પરિપાલન માટે ઉપયોગી છે, શ્રુતોદ્દેષ્ટાચાર્ય અને શ્રુતસમુદ્દેષ્ટાચાર્ય જ્ઞાનની વૃદ્ધિ માટે ઉપયોગી છે જ્યારે આમ્નાયાર્થવાચક આચાર્ય કષાયના પરિત્યાગ માટે ઉપયોગી છે. તે આ પ્રમાણે –

સાધુ બનવા માટે યોગ્ય જીવને પ્રવ્રજ્યા આપતા પૂર્વે પ્રવ્રાજકાચાર્ય પ્રવ્રજ્યાના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન કરાવે છે. વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન થવાથી તે શ્રોતાને તેવી પ્રવ્રજ્યા પોતે પાળી શકશે, તેવો નિર્ણય થાય ત્યારે તે ગુરુને કહે છે કે, હું આ પ્રકારે પ્રવ્રજ્યાને સ્વીકાર કરીને આત્મહિત સાધવા ઇચ્છું છું. તે પ્રવ્રાજક ગુરુને પ્રવ્રજ્યાના સ્વરૂપના શ્રવણકાલમાં તે શ્રોતાને થતા ભાવોના બળથી જ્યારે એવો નિર્ણય થાય કે આ શ્રોતા સંસારથી વિરક્ત થયેલ હોવાથી અસિધારા જેવા પ્રવ્રજ્યાના પાલન માટે તત્પર થયેલ છે અને પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી અવશ્ય તે રીતે ઉચિત પ્રવૃત્તિ કરીને હિત સાધી શકશે ત્યારે તે પ્રવ્રાજક ગુરુ પણ તેને પ્રવ્રજ્યાની અનુજ્ઞા આપે. ત્યારબાદ ઉચિત મંગલના સૂચનપૂર્વક તે શ્રોતા પ્રવ્રજ્યા ગ્રહણ કરે ત્યારે પ્રવ્રાજકાચાર્યની દીક્ષાપ્રદાનની વિધિથી તેને વ્રત સમ્યગ્ પરિણમન પામે છે.

વળી વ્રતગ્રહણ પછી દિગાચાર્ય નવદીક્ષિત સાધુને સચિત્ત-અચિત્ત-મિશ્ર આદિ વસ્તુનું જ્ઞાન કરાવે છે, જેથી સંયમજીવનમાં છ કાયના પાલનને અનુકૂળ વ્રતપાલન માટે ઉદ્યમ થાય છે. તેથી પ્રવ્રાજકાચાર્ય અને દિગાચાર્ય મુખ્યરૂપે વ્રતપરિપાલન માટે ઉપયોગી છે. જોકે જ્ઞાનઅભિવૃદ્ધિ કરાવનારા પણ વ્રતપરિપાલન માટે ઉપયોગી છે, છતાં જ્ઞાનઅભિવૃદ્ધિ પ્રત્યે શ્રુતનો ઉદ્દેશ કરાવનાર શ્રુતોદ્દેષ્ટાચાર્ય અને શ્રુતનો સમુદ્દેશ કરાવનાર શ્રુતસમુદ્દેષ્ટાચાર્ય પ્રધાન કારણ છે; કેમ કે જ્ઞાનવૃદ્ધિથી જેમ વ્રતનું પરિપાલન થાય છે તેમ વ્રતમાં અતિશયતા પણ થાય છે. આ વ્રતની અતિશયતા પ્રત્યે શ્રુતોદ્દેષ્ટાચાર્ય અને શ્રુતસમુદ્દેષ્ટાચાર્ય કારણ છે; કેમ કે શ્રુતોદ્દેષ્ટાચાર્ય નવું નવું શ્રુત ભણાવીને શિષ્યને જ્ઞાનથી સમુદ્ધ કરે છે. અને શ્રુતસમુદ્દેષ્ટાચાર્ય તે જ્ઞાનના વિશિષ્ટ અર્થોનો બોધ કરાવીને શિષ્યને અર્થથી સમૃદ્ધ કરે છે. તેથી શ્રુતોદ્દેષ્ટાચાર્ય અને શ્રુતસમુદ્દેષ્ટાચાર્ય જ્ઞાનવૃદ્ધિ કરાવવાનું પ્રબળ કારણ છે, જેનાથી વ્રતનું પરિપાલન પણ થાય છે અને કષાયોનો નિરોધ પણ થાય છે, તોપણ પ્રધાન અંગરૂપે શ્રુતોદ્દેષ્ટાચાર્ય અને શ્રુતસમુદ્દેષ્ટાચાર્ય જ્ઞાનઅભિવૃદ્ધિ માટે છે.

વળી આમ્નાય અર્થના વાચક=પરંપરાથી પ્રાપ્ત થયેલા ઉત્સર્ગ-અપવાદના અર્થના વાચક, એવા આમ્નાયાર્થવાચકાચાર્ય ઉચિત સ્થાને ઉત્સર્ગ-અપવાદનું યોજન કરાવીને જીવમાં રહેલી કાષાયિક પ્રકૃતિનો પરિપાક કરે છે અર્થાત્ કષાયશક્તિને ક્ષીણ-ક્ષીણતર કરે છે. ઉત્સર્ગના સ્થાને ઉત્સર્ગ અને અપવાદના

સ્થાને અપવાદનું યોજન કરવાથી સર્વત્ર મોક્ષને અનુકૂળ પરિણતિની વૃદ્ધિ થાય તે રીતે જ સાધુ દ્વારા આચરણા થાય છે, જેથી કષાયનો ઉચ્છેદ થાય છે. આ આચરણાને સમ્યગ્ બતાવનારા આમ્નાયાર્થવાચકાચાર્ય છે, તેથી કષાયની પરિણતિના નાશમાં પ્રધાન કારણ તે આચાર્ય છે.

આ પ્રકારે પાંચ આચાર્યો ગુરુકુલવાસમાં પ્રાપ્ત થતા હોવાથી બ્રહ્મચર્યનું સમ્યગ્ પાલન થાય છે, એ પ્રકારનો અર્થ જણાય છે. વિશેષ પ્રકારનો અર્થ બહુશ્રુતો વિચારે.

બ્રહ્મચર્યધર્મથી આ વિશેષ ગુણો થાય છે, જે ભાષ્યકારશ્રી બતાવે છે –

સાતમા અધ્યાયના ત્રીજા સૂત્રમાં બતાવેલા ચોથા અબ્રહ્મવિરતિવ્રતની ભાવના થાય છે. અને ઇષ્ટ સ્પર્શ, ઇષ્ટ રસ, ઇષ્ટ રૂપ, ઇષ્ટ ગંધ, ઇષ્ટ શબ્દ, ઇષ્ટ વિભૂષામાં અનભિનંદીપણું થાય છે.

આશય એ છે કે ગુરુકુલવાસમાં રહીને મહાત્મા નવું નવું અધ્યયન કરીને આત્માને તે રીતે ભાવિત કરે છે જેથી વેદનો ઉદય વિદ્યમાન હોવા છતાં અબ્રહ્મવિરતિવ્રતની ભાવનાથી સંપન્ન થયેલા તે મહાત્માને કામના વિકારો થતા નથી, જે ગુરુકુલવાસનું ફળ છે. વળી જીવસ્વભાવે ઇષ્ટ સ્પર્શ આદિ પ્રત્યે અને દેહની વિભૂષા પ્રત્યે અભિનંદીપણું પ્રગટ થાય છે, છતાં ગુરુકુલવાસમાં રહેવાથી વીતરાગતાને અનુકૂળ ભાવોથી ભાવિત થયેલું ચિત્ત હોવાને કારણે ઇષ્ટ સ્પર્શ આદિ ભાવોમાં આનંદ લેવાની વૃત્તિ ક્ષીણ-ક્ષીણતર થાય છે. ચક્ષુઇન્દ્રિય સદા વ્યાપારવાળી છે. તેથી જો વિવેકસંપન્ન એવો ગુરુકુલવાસ પ્રાપ્ત થયો ન હોય તો બાહ્ય સુંદર પદાર્થો જોઈને આનંદ લીધા વગર જીવ રહી શકે નહીં, આહાર વાપરતી વખતે રસનેંદ્રિય રસના સ્વાદથી આનંદ લીધા વગર રહી શકે નહીં અને શ્રવણેન્દ્રિયના માધ્યમે કોઈના મધુર કે કટુ શબ્દો સાંભળીને તે તે પ્રકારના ભાવો કર્યા વગર જીવ રહી શકે નહીં. તેથી ગુણસંપન્ન એવો ગુરુકુલવાસ જ યોગ્ય જીવોને બ્રહ્મચર્યધર્મની પ્રાપ્તિ પ્રત્યે=પાંચે ઇન્દ્રિયોના સંવરભાવ પ્રત્યે, પ્રબળ કારણ છે. **૧૦॥ ॥૯/૬॥**

अवतरणिका :-

સૂત્ર-૨માં કહેલ કે ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય અને ચારિત્રથી સંવરભાવની પ્રાપ્તિ થાય છે. તેથી અત્યાર સુધી ગુપ્તિ, સમિતિ અને ધર્મનું સ્વરૂપ બતાવ્યું. હવે ક્રમપ્રાપ્ત અનુપ્રેક્ષાનું સ્વરૂપ બતાવે છે અર્થાત્ અનુપ્રેક્ષાના ભેદોને બતાવે છે –

सूत्र :-

अनित्याशरणसंसारैकत्वान्यत्वाशुचित्वास्रवसंवरनिर्जरालोकबोधिदुर्लभ-धर्मस्वाख्यातत्वानुचिन्तनमनुप्रेक्षाः ।।९/७।।

सूत्रार्थ :-

અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આશ્રવ, સંવર, નિર્જરા, લોક= લોકસ્થિતિ, બોધિદુર્લભ, ધર્મસુઆખ્યાતત્વનું અનુચિંતન અનુપ્રેક્ષા છે. ॥૯/૭॥

ભાષ્ય :-

एता द्वादशानुप्रेक्षाः । तत्र बाह्याभ्यन्तराणि शरीरशय्याऽऽसनवस्त्रादीनि द्रव्याणि सर्वसंयोगाश्चानित्या इत्यनुचिन्तयेत् एवं ह्यस्य चिन्तयतस्तेष्वभिष्वङ्गो न भवति, मा भून्मे तद्वियोगजं दुःखमित्यनित्यानुप्रेक्षा १।।

ભાષ્યાર્થ :-

एता ..... दुःखमित्यनित्यानुप्रेक्षा ।। આ બાર અનુપ્રેક્ષા છે=પદાર્થના વાસ્તવિક સ્વરૂપના અનુપ્રેક્ષણની ક્રિયા છે ત્યાં=બાર પ્રકારની અનુપ્રેક્ષામાં, બાહ્ય અને અભ્યંતર શરીર, શય્યા, આસન, વસ્ત્રાદિ દ્રવ્યો અને સર્વ સંયોગો અનિત્ય છે, એ પ્રમાણે અનુચિંતવન કરે. આ રીતે ચિંતવન કરતા એવા આને=પૂર્વમાં બતાવ્યું એ રીતે ચિંતવન કરતા સાધુને, તેઓમાં=બાહ્ય અને આભ્યંતર દ્રવ્યોમાં, અભિષ્વંગ થતો નથી.

કેમ અભિષ્વંગ થતો નથી ? એથી કહે છે –

"મને તેના વિયોગથી દુઃખ ન થાઓ" એ પ્રકારના અનુચિંતવનથી અભિષ્વંગ થતો નથી, આ પ્રકારની અનિત્યઅનુપ્રેક્ષા છે. ૧।।

ભાવાર્થ :-

(૧) અનિત્યઅનુપ્રેક્ષા :-

સાધુએ આત્માને અત્યંત સંવૃત કરવા માટે બાર પ્રકારની અનુપ્રેક્ષા કરવી જોઈએ. જે અનુપ્રેક્ષાથી જગતનું વાસ્તવિક અનુપ્રેક્ષણ થાય છે. જગતના વાસ્તવિક અનુપ્રેક્ષણથી ભાવિત થયેલ ચિત્ત સુખપૂર્વક મોહનું ઉન્મૂલન કરવા સમર્થ બને છે; કેમ કે અભાવિત ચિત્ત જ મોહની અસરથી પોતાના આત્માનું અહિત થાય તે પ્રકારની પ્રવૃત્તિ કરાવે છે.

હવે સૌ પ્રથમ અનિત્યઅનુપ્રેક્ષાનું સાધુએ ચિંતવન કઈ રીતે કરવું જોઈએ ? તે ભાષ્યકારશ્રી બતાવે છે –

આત્માનું અભ્યંતરદ્રવ્ય શરીર છે અને બાહ્યદ્રવ્ય શય્યા=વસતિ, આસન, વસ્ત્ર આદિ દ્રવ્યો છે. સર્વ દ્રવ્યો તથા સર્વ સંયોગો અનિત્ય છે અર્થાત્ શરીરનો સંયોગ, શય્યા, આસન, વસ્ત્ર આદિનો સંયોગ પણ અનિત્ય જ છે, એ પ્રમાણે ચિંતવન કરવું જોઈએ. તેથી સાધુનું ચિત્ત સ્થિર દૃષ્ટિવાળું બને કે મારું શરીર પણ અનિત્ય છે, માટે મારે શરીરમાં મમત્વ ધારણ કરવું જોઈએ નહીં, પરંતુ આત્માના સ્થાયી એવા ઉત્તમગુણો જે સિદ્ધઅવસ્થામાં પણ સદા રહેનારા છે તેમાં જ મમત્વ ધારણ કરવું જોઈએ.

વળી વસતિ, આસન, વસ્ત્ર આદિ વસ્તુ પણ અનિત્ય છે અને શરીર આદિના સંયોગો પણ અનિત્ય છે, માટે તે સર્વ અનિત્ય પદાર્થોમાં કે અનિત્ય પદાર્થોના સંયોગોમાં મમત્વ ધારણ કરવું જોઈએ નહીં; પરંતુ આત્માના સ્થાયી એવા ગુણોમાં જ મમત્વ ધારણ કરવું જોઈએ. જેથી તે ગુણોને પ્રગટ કરવા માટે અપ્રમાદ

ભાવથી યત્ન થાય. વળી સાધુ વિચારે કે આ પ્રમાણે ચિંતવન કરવાથી શરીર આદિ પદાર્થોમાં કે તેના સંયોગોમાં અભિષ્વંગ અર્થાત્ રાગ થાય નહીં, જેના કારણે તેના વિયોગથી પોતાને દુઃખ થાય નહીં. આથી જ મૃત્યુકાળમાં પણ દેહ પ્રત્યે મમત્વ નહીં હોવાને કારણે તેના વિયોગથી સાધુને દુઃખ થાય નહીં; પરંતુ પ્રાપ્ત થયેલ દેહ આદિ સામગ્રીથી જે અંશથી સાધના કરીને મનુષ્યભવ સફળ કર્યો છે તેની સ્મૃતિથી મૃત્યુકાળમાં પણ અપ્રમાદને અનુકૂળ ઉત્સાહની જ વૃદ્ધિ થાય છે. આ પ્રકારે અનિત્યતાની અનુપ્રેક્ષા કરીને સાધુ પોતાના સંવરભાવને સ્થિર કરે છે. **૧॥**

ભાષ્ય :-

यथा निराश्रये जनविरहिते वनस्थलीपृष्ठे बलवता क्षुत्परिगतेनामिषैषिणा सिंहेनाभ्याहतस्य मृगशिशोः शरणं न विद्यते, एवं जन्मजरामरणव्याधिप्रियविप्रयोगाप्रियसंप्रयोगेप्सितालाभदारिद्र्यदौर्भाग्यदौर्मनस्यमरणादिसमुत्थेन दुःखेनाभ्याहतस्य जन्तोः संसारे शरणं न विद्यत इति चिन्तयेत् । एवं ह्यस्य चिन्तयतो नित्यमशरणोऽस्मीति नित्योद्विग्नस्य सांसारिकेषु भावेष्वनभिष्वङ्गो भवति । अर्हच्छासनोक्त एव विधौ घटते, तद्धि परं शरणमित्यशरणानुप्रेक्षा २।।

ભાષ્યાર્થ :-

यथा निराश्रये ..... शरणमित्यशरणानुप्रेक्षा ।। જે પ્રમાણે નિરાશ્રય=કોઈ આશ્રય નથી એવા, જન વિરહિત વનસ્થલીના પૃષ્ઠમાં બલવાન ક્ષુધાથી પરિગત, માંસ ખાવાની ઇચ્છાવાળા એવા સિંહ વડે અભ્યાહત એવા મૃગશિશુનું=સિંહને જોવાથી ક્ષુભિત થયેલા એવા હરણના બચ્ચાનું, શરણ કોઈ વિદ્યમાન નથી એ રીતે જન્મ, જરા, મરણ, વ્યાધિ, પ્રિયનો વિયોગ, અપ્રિયનો સંયોગ, ઇચ્છિતનો અલાભ, દારિદ્ર્ય, દૌર્ભાગ્ય, દૌર્મનસ્ય, મરણ આદિથી સમુત્થિત થયેલા દુઃખથી અભ્યાહત જંતુને=વ્યાકુળ થયેલા જંતુને, સંસારમાં શરણ કોઈ નથી, એ પ્રમાણે ચિંતવન કરવું જોઈએ.

આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, ચિંતવન કરતા આને=ચિંતવન કરતા સાધુને, 'હું નિત્ય અશરણ છું' એથી=એ પ્રકારના ચિંતવનથી, સંસાર પ્રત્યે નિત્ય ઉદ્વિગ્નને=ઉદ્વિગ્ન એવા તે સાધુને, સાંસારિક ભાવોમાં અભિષ્વંગ થતો નથી; (કેમ કે સાંસારિક ભાવો સંસારનાં જ કારણ છે. તેથી સંસાર પ્રત્યે ઉદ્વિગ્ન એવા તે સાધુને સાંસારિક ભાવો પ્રત્યે રાગ થતો નથી; પરંતુ) અરિહંત શાસનમાં કહેલી જ વિધિમાં અભિષ્વંગ ઘટે છે=ભગવાનના શાસનમાં કહેવાયેલી સંસારના ઉચ્છેદની વિધિમાં જ અભિષ્વંગ ઘટે છે. તે જ=ભગવાનના શાસનમાં કહેલી વિધિ જ, પરમ શરણ છે, એ પ્રકારે અશરણઅનુપ્રેક્ષા સાધુ કરે. ૨॥

ભાવાર્થ :-

(૨) અશરણઅનુપ્રેક્ષા :-

સાધુ સંસારના ઉચ્છેદના અત્યંત અર્થી છે. આથી જ ગુપ્તિ, સમિતિ તથા દશવિધ યતિધર્મમાં ઉદ્યમ કરે

છે. અનાદિથી જીવમાં પ્રમાદનો સ્વભાવ સુસ્થિર થયેલો છે, તેથી સમિતિ-ગુપ્તિના પાલક એવા પણ ચૌદ પૂર્વધરો પ્રમાદને વશ થઈ સમિતિ-ગુપ્તિના પાલન રહિત થવાને કારણે નિગોદમાં પહોંચી જાય છે. સાધુ પોતાના અપ્રમાદભાવને સ્થિર કરવા અર્થે અશરણઅનુપ્રેક્ષા કરે છે. તેના માટે તે મૃગબાળનું દૃષ્ટાંત વિચારે છે. કોઈ પ્રકારના આશ્રય વગરના અને લોકોની અવરજવર વગરના વનસ્થલીના ભાગમાં કોઈ મૃગલાનું બચ્ચું રમતું હોય ત્યારે બલવાન ક્ષુધાથી યુક્ત માંસ ખાવાની ઇચ્છાવાળો કોઈ સિંહ સન્મુખ આવી જાય ત્યારે તેને જોઈને ભયભીત મતિવાળા મૃગલાના બચ્ચાને કોઈ શરણ વિદ્યમાન નથી; કેમ કે આજુબાજુમાં કોઈ એવું સ્થાન નથી જ્યાં એ બાળ સંતાઈ શકે, કોઈ એવો મનુષ્ય નથી જે તેનું રક્ષણ કરવા સમર્થ બને અને વનસ્થલી પણ જાળી વગરની છે, જેથી ક્યાંય છુપાવાનો અવકાશ મળે નહીં. વળી મૃગ હોય તો કંઈક બચવા માટે યત્ન કરે, પરંતુ મૃગલાના બચ્ચામાં તેવી કોઈ પ્રજ્ઞા નથી, જેથી પોતાનું રક્ષણ કરી શકે. તેથી તદ્દન અશરણ રીતે તેનું મૃત્યુ થવાનું છે.

આ રીતે સંસારમાં જન્મ-જરા-મરણ આદિ સર્વ દુઃખોથી અભ્યાહત મતિવાળા જીવને=આ સર્વ દુઃખો જેને વ્યાકુળ કરે તેવી મતિ છે તેવા જીવોને, સંસારમાં કોઈ શરણ વિદ્યમાન નથી. આ પ્રમાણે ચિંતવન કરતા સાધુને ઉપસ્થિત થાય કે જન્મ-જરા-મરણ આદિ ભાવોને આશ્રયીને હું નિત્ય અશરણ છું. તેથી સંસાર પ્રત્યે નિત્ય ઉદ્વિગ્ન થયેલા તે સાધુને સંસારના કારણીભૂત ભાવોમાં ક્યાંય અભિષ્વંગ થતો નથી. પરંતુ સંસારના ઉચ્છેદના ઉપાયભૂત એવી ભગવાને કહેલ ઉચિત આચરણામાં જ અભિષ્વંગ થાય છે. જેથી તેલપાત્રધરના દૃષ્ટાંતથી સતત અપ્રમાદ દ્વારા જન્મ-જરા-મરણ આદિના કારણભૂત એવા સંસારના ઉચ્છેદ માટે તે મહાત્મા ઉદ્યમ કરી શકે છે. આ પ્રકારે અપ્રમાદભાવથી જિનવચન અનુસાર વિધિમાં કરાતો ઉદ્યમ જ જીવ માટે કેવલ શરણ છે તેથી તેવા શરણનું દૃઢ અવલંબન લેવા માટે સાધુ અશરણ-અનુપ્રેક્ષા કરે છે. **૨॥**

ભાષ્ય :-

अनादौ संसारे नरकतिर्यग्योनिमनुष्यामरभवग्रहणेषु चक्रवत् परिवर्तमानस्य जन्तोः सर्व एव जन्तवः स्वजनाः परजना वा न हि स्वजनपरजनयोर्व्यवस्था विद्यते । माता हि भूत्वा भगिनी भार्या दुहिता च भवति । भगिनी भूत्वा माता भार्या दुहिता च भवति । भार्या भूत्वा भगिनी दुहिता माता च भवति । दुहिता भूत्वा माता भगिनी भार्या च भवति । तथा पिता भूत्वा भ्राता पुत्रः पौत्रश्च भवति । भ्राता भूत्वा पिता पुत्रः पौत्रश्च भवति । पुत्रो भूत्वा पिता भ्राता पौत्रश्च भवति । पौत्रो भूत्वा पिता (भ्राता) पुत्रश्च भवति । भर्ता भूत्वा दासो भवति । दासो भूत्वा भर्ता भवति । मित्रं भूत्वा शत्रुर्भवति । शत्रुर्भूत्वा मित्रं भवति । पुमान् भूत्वा स्त्री भवति नपुंसकं च, स्त्री भूत्वा पुमान् नपुंसकं च भवति । नपुंसकं भूत्वा स्त्री पुमांश्च भवति । एवं चतुरशीतियोनिप्रमुखशत-सहस्रेषु रागद्वेषमोहाभिभूतैर्जन्तुभिरभिनिवृत्तविषयतृष्णैरन्योऽन्यभक्षणाभिघातवधबन्धाभियोगा-क्रोशादिजनितानि

तीव्राणि दुःखानि प्राप्यन्ते, अहो द्वन्द्वारामः कष्टस्वभावः संसार इति चिन्तयेत् । एवं ह्यस्य चिन्तयतः संसारभयोद्विग्नस्य निर्वेदो भवति । निर्विण्णश्च संसारप्रहाणाय घटत इति संसारानुप्रेक्षा ३।।

ભાષ્યાર્થ :-

अनादौ ..... संसारानुप्रेक्षा ।। અનાદિ સંસારમાં નારક-તિર્યંચ યોનિમાં અને મનુષ્ય-દેવયોનિના ગ્રહણમાં ચક્રની જેમ પરાવર્તન પામતા જીવને સર્વ જીવો સ્વજન અથવા પરજન છે. હિ=જે કારણથી, સ્વજન-પરજનની વ્યવસ્થા સંસારમાં વિદ્યમાન નથી જ. હિ=જે કારણથી, માતા થઈને બહેન, ભાર્યા, અથવા પુત્રી થાય છે. ભગિની થઈને માતા, ભાર્યા કે પુત્રી થાય છે. ભાર્યા થઈને ભગિની, પુત્રી અથવા માતા થાય છે. દુહિતા થઈને માતા, ભગિની અથવા ભાર્યા થાય છે. અને પિતા થઈને ભાઈ, પુત્ર કે પૌત્ર થાય છે. ભાઈ થઈને પિતા, પુત્ર કે પૌત્ર થાય છે. પુત્ર થઈને પિતા, ભ્રાતા અને પૌત્ર થાય છે. પૌત્ર થઈને પિતા, ભાઈ કે પુત્ર થાય છે. ભર્તા થઈને દાસ થાય છે. દાસ થઈને ભર્તા થાય છે. મિત્ર થઈને શત્રુ થાય છે. શત્રુ થઈને મિત્ર થાય છે. પુરુષ થઈને સ્ત્રી થાય છે અથવા નપુંસક થાય છે. સ્ત્રી થઈને પુરુષ થાય છે અથવા નપુંસક થાય છે. નપુંસક થઈને સ્ત્રી થાય છે અથવા પુરુષ થાય છે. આ રીતે ૮૪ લાખ યોનિઓમાં રાગ, દ્વેષ, મોહથી અભિભૂત, અનિવૃત્ત વિષયતૃષ્ણાવાળા જીવો વડે અન્યોન્ય ભક્ષણ, અભિઘાત, વધ, બંધન, અભિયોગ=બીજાને પરવશપણું, આક્રોશ આદિ જનિત તીવ્ર દુઃખો પ્રાપ્ત કરાય છે. અહો ! ખેદની વાત છે કે દ્વંદ્વનું સ્થાન કષ્ટ સ્વભાવવાળો સંસાર છે, એ પ્રમાણે ચિંતવન કરવું જોઈએ. આ રીતે ચિંતવન કરતા સંસારના ભયથી ઉદ્વિગ્ન એવા આને=સાધુને, નિર્વેદ થાય છે અને નિર્વેદ પામેલા સાધુ સંસારના નાશ માટે યત્ન કરે છે. આ પ્રકારે સંસારની અનુપ્રેક્ષા કરવી જોઈએ. ૩।।

ભાવાર્થ :-

(૩) સંસારઅનુપ્રેક્ષા :-

મુનિઓ સંસારના વાસ્તવિક સ્વરૂપને જોનારા હોય છે. આથી જ સમિતિ, ગુપ્તિ તથા દશ પ્રકારના યતિધર્મને સેવીને અત્યંત સંવરના પરિણામવાળા હોય છે. પોતાના સંવર પરિણામને અતિશય કરવાર્થે સાધુ સંસારની અનુપ્રેક્ષા કરે છે તે વખતે ચિત્તને સંસારની વાસ્તવિકતાનું સ્વરૂપ સ્પર્શે તે રીતે વિચારે છે કે મારો આત્મા અનાદિકાળના આ સંસારમાં ચક્રની જેમ ચારગતિમાં પરિભ્રમણ કરી રહ્યો છે. આ પરિભ્રમણ અનાદિનું એ રીતે ચાલી રહ્યું છે કે જેમાં સર્વ જીવો સાથે સર્વ પ્રકારના સંબંધો થયા છે. આ પ્રકારે સૂક્ષ્મબુદ્ધિથી પર્યાલોચન કરવાથી કોઈ જીવો પ્રત્યે કોઈ પ્રકારની સંબંધની બુદ્ધિકૃત લાગણી થતી નથી, પરંતુ સર્વ જીવો પોતાના તુલ્ય છે, તેથી મૈત્રીભાવ ઉલ્લસિત થાય છે. સ્વજન, પરજનની બુદ્ધિ દૂર થવાથી કોઈ વ્યક્તિ પ્રત્યે કોઈ પ્રકારનો રાગનો પરિણામ પરિચય આદિને કારણે પણ થતો નથી.

વળી તે વિચારે છે કે ચારગતિમાં ચક્રની જેમ પરિભ્રમણ કરતા ૮૪ લાખ યોનિઓમાં જીવો રાગ, દ્વેષ, મોહથી અભિભૂત થયેલા, વિષયની તૃષ્ણાથી વ્યાપ્ત થયેલા, અન્યોન્ય ભક્ષણ, અભિઘાત, વધ, બંધન આદિ વડે તીવ્ર દુઃખોને પ્રાપ્ત કરે છે. તેથી સંસાર અનેક પ્રકારના દ્વંદ્વના સ્થાનભૂત અને કષ્ટ સ્વભાવવાળો છે. આ પ્રકારે ચિત્તને સ્પર્શે તે પ્રકારે ભાવન કરવાથી સંસારથી અત્યંત ભય ઉત્પન્ન થાય છે. તેથી તે મહાત્મા તેલપાત્રધરની જેમ અત્યંત અપ્રમાદથી મોહના ઉચ્છેદ માટે ઉદ્યમ કરી શકે છે. જેઓ આ પ્રકારે સંસાર-ભાવનાથી આત્માને અત્યંત વાસિત કરી શકતા નથી તેઓ નિઃશંક રીતે જ સંસારમાં મનુષ્યભવ નિષ્ફળ કરે છે. જેમ સુસાધુ સંસારની અનુપ્રેક્ષા કરીને તૈલપાત્રધારકની જેમ પ્રતિક્ષણ અપ્રમાદથી મોહનું ઉન્મૂલન કરવા યત્ન કરે છે તે રીતે અવિરત સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિધર શ્રાવકો પણ સંસારની અનુપ્રેક્ષા કરીને સ્વશક્તિ અનુસાર સંસારના ઉચ્છેદ માટે સતત યત્ન કરે છે. જેઓ સંસારની અનુપ્રેક્ષાથી અત્યંત ભાવિત છે એવા અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો પણ ભોગ આદિની પ્રવૃત્તિ પણ અત્યંત સંવેગપૂર્વક જ કરે છે અર્થાત્ અશક્ય પરિહાર જણાય એટલી જ ભોગાદિની પ્રવૃત્તિ કરે છે અને શક્તિના પ્રકર્ષથી ભોગમાનસના નાશ માટે યત્ન કરે છે. ૩॥

भाष्य :-

एक एवाहं, न मे कश्चित् स्वः परो वा विद्यते । एक एवाहं जाये । एक एव म्रिये । न मे कश्चित् स्वजनसंज्ञः परजनसंज्ञो वा व्याधिजरामरणादीनि दुःखान्यपहरति प्रत्यंशहारी वा भवति । एक एवाहं स्वकृतकर्मफलमनुभवामीति चिन्तयेत् । एवं ह्यस्य चिन्तयतः स्वजनसंज्ञकेषु स्नेहानुराग-प्रतिबन्धो न भवति, परसंज्ञकेषु च द्वेषानुबन्धः ततो निःसङ्गतामभ्युपगतो मोक्षायैव घटत इत्येकत्वा-नुप्रेक्षा ४।।

भाष्यार्थ :-

एक ..... इत्येकत्वानुप्रेक्षा ।। એક જ હું છું=દેહથી ભિન્ન એવો એક મારો આત્મા છે. મારા કોઈ સ્વ અથવા પર વિદ્યમાન નથી અર્થાત્ સર્વ જીવોમાં અમુક જીવો મારા છે અને અમુક જીવો પારકા છે તેવો કોઈ ભેદ વિદ્યમાન નથી. એક જ હું જન્મ્યો છું, એક જ હું મરુ છું. મારા કોઈ સ્વજન સંજ્ઞા-વાળા કે પરજન સંજ્ઞાવાળા વ્યાધિ, જરા, મરણ આદિ દુઃખોનો અપહાર કરતા નથી કે પ્રતિઅંશહારી થતા નથી=ભાગ પડાવી શકતા નથી. એક જ હું સ્વકર્મના ફળને અનુભવું છું. એ પ્રમાણે ચિંતવન કરે. આ રીતે ચિંતવન કરતા આને=મુનિને, સ્વજનસંજ્ઞાવાળામાં=પોતાના પરિચિત સાધુઓમાં કે ભક્તિવાળા શ્રાવકોમાં, સ્નેહ-અનુરાગનો પ્રતિબંધ થતો નથી અને પરસંજ્ઞાવાળામાં=પોતાના પરિચિત સાધુઓથી અન્ય સાધુઓમાં કે પોતાના પ્રત્યે અભક્તિવાળા એવા શ્રાવકોમાં, દ્વેષનો અનુબંધ થતો નથી. તેથી પોતાનાથી ભિન્ન એવા સર્વ જીવોમાં નિઃસંગતાને પામેલો સાધુ મોક્ષ માટે જ યત્ન કરે છે. આ રીતે એકત્વની અનુપ્રેક્ષા છે. ૪॥

ભાવાર્થ :-

(૪) એકત્વઅનુપ્રેક્ષા :-

સમિતિ-ગુપ્તિથી યુક્ત, પૂર્વોક્ત ભાવનાઓથી ભાવિત સાધુ અપ્રમાદથી સંસારના નાશને માટે ઉદ્યમ કરનારા હોય છે, તોપણ પોતાની સાથે સહવર્તી સાધુઓનો કે પોતાના પ્રત્યે ભક્તિ કરનારા શ્રાવકોનો નજીકનો સંબંધ થવાથી કાંઈક સ્નેહના અનુબંધની પ્રાપ્તિ થાય તો સંયમમાં અપ્રમાદ સ્ખલના પામે છે. તેથી સંયમની સ્ખલનાના નિવારણ માટે અને અસંગભાવની વૃદ્ધિ માટે સાધુ એકત્વની અનુપ્રેક્ષા તે રીતે કરે છે કે જેથી ચિત્ત સતત સ્વ-પરના ભેદના વિભાગથી પર થાય. તે વિચારે છે કે "હું એકલો જ જન્મ્યો છું અને એકલો જ હું મરનારો છું, જે સ્વજન-પરજનની સંજ્ઞાવાળા છે તેઓ મારા વ્યાધિ, જન્મ, જરા, મરણ આદિ દુઃખો દૂર કરી શકે તેમ નથી કે તેમાં ભાગ પણ પડાવી શકે તેમ નથી. હું એકલો જ મારા દ્વારા કરાયેલા ફળને અનુભવનાર છું. સર્વત્ર નિઃસંગ ચિત્ત કરીને હું આત્માને સ્થિર કરીશ તો સંસારના સર્વ ઉપદ્રવોથી સુરક્ષિત બનીશ, અન્યથા સ્વજન-પરજનની બુદ્ધિ કરીને સ્વજન પ્રત્યે સ્નેહના અનુરાગનો પ્રતિબંધ કરીને અને પરજન પ્રત્યે દ્વેષનો અનુબંધ કરીને હું અનર્થની પરંપરાને જ પ્રાપ્ત કરીશ."

આ પ્રકારે સૂક્ષ્મ રીતે ભાવન કરવાથી સહવર્તી સાધુઓ પ્રત્યે કે પરિચિત શ્રાવકો પ્રત્યે સ્નેહના અનુરાગનો પ્રતિબંધ થતો નથી અને પર સંજ્ઞાવાળા સાધુઓ કે શ્રાવકો પ્રત્યે દ્વેષનો અનુભવ થતો નથી. તેથી ઉલ્લસિત થયેલા નિઃસંગ ભાવને કારણે તે મહાત્મા સતત મોક્ષ માટે યત્ન કરવા સમર્થ બને છે. વળી અવિરત સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિધર શ્રાવક પણ આ રીતે એકત્વભાવના કરીને આત્માને સદા ભાવિત રાખવા યત્ન કરે છે, જેથી અવિરતિને કારણે કાંઈક સ્વજનબુદ્ધિ છે એવા સ્વજનો પ્રત્યે સ્નેહના અનુરાગનો પ્રતિબંધ ક્ષીણ-ક્ષીણતર થાય છે અને જેઓ પરજન છે તેઓ પ્રત્યે દ્વેષનો અનુબંધ પણ ક્ષીણ-ક્ષીણતર થાય છે, જેથી સ્વભૂમિકાનુસાર ધર્મને સેવીને તે મહાત્મા પણ સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે. તેથી અવિરત સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિધર શ્રાવક પણ સાધુધર્મને અભિમુખ યત્ન કરીને મોક્ષ માટે જ યત્ન કરે છે, એ પ્રકારની એકત્વની અનુપ્રેક્ષા છે. **૪॥**

ભાષ્ય :-

शरीरव्यतिरेकेणात्मानमनुचिन्तयेत् — अन्यच्छरीरम्, अन्योऽहम्; ऐन्द्रियकं शरीरम्, अतीन्द्रियोऽहम्; अनित्यं शरीरम्, नित्योऽहम्; अज्ञं शरीरं ज्ञोऽहम्; आद्यन्तवच्छरीरम्, अनाद्यन्तोऽहम्; बहूनि च मे शरीरशतसहस्राण्यतीतानि संसारे परिभ्रमतः स एवायमहमन्यस्तेभ्य इत्यनुचिन्तयेत्, एवं ह्यस्य चिन्तयतः शरीरप्रतिबन्धो न भवतीति । अन्यच्च शरीरान्नित्योऽहमिति निःश्रेयसे सङ्घटत इत्यन्यत्वानुप्रेक्षा ५।।

ભાષ્યાર્થ :-

शरीरव्यतिरेकेण ..... इत्यन्यत्वानुप्रेक्षा ।। શરીરના વ્યતિરેકથી આત્માનું અનુચિંતવન કરે=શરીરથી

પૃથક્ મોહથી અનાકુળ એવા જ્ઞાન સ્વરૂપ મારો આત્મા છે એ પ્રકારે સાધુ ચિંતવન કરે : શરીર અન્ય છે, હું અન્ય છું; શરીર ઇન્દ્રિયવાળું છે, હું અતીન્દ્રિય છું; શરીર અનિત્ય છે, હું નિત્ય છું; શરીર અજ્ઞ છે, હું જ્ઞાનવાળો છું; શરીર આદિ અને અંતવાળું છે, હું અનાદિ અનંત છું; અને સંસારમાં પરિભ્રમણ કરતાં ઘણા સેંકડો-હજારો શરીરો અતીત થયા, તે જ આ હું તેઓથી અન્ય છું=શરીરોથી અન્ય છું; એ પ્રમાણે સાધુ ચિંતવન કરે. આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, ચિંતવન કરતા એવા સાધુને શરીરમાં પ્રતિબંધ થતો નથી. અને શરીરથી અન્ય નિત્ય એવો હું છું. એથી મોક્ષ માટે સંઘટન કરે છે=સાધુ સમ્યગ્ યત્ન કરે છે, એ પ્રકારે અન્યત્વઅનુપ્રેક્ષા સાધુ કરે. ૫॥

ભાવાર્થ :-

(૫) અન્યત્વઅનુપ્રેક્ષા :-

સાધુ સંસારના ઉચ્છેદના અત્યંત અર્થી છે. આથી જ સમિતિ, ગુપ્તિ તથા દશવિધ યતિધર્મમાં યત્ન કરીને સંવરભાવવાળા થાય છે. આ જ સંવરભાવને અતિશય કરવા અર્થે શરીરથી પોતે અન્ય છે તે પ્રકારે અનુભવ અનુસાર સૂક્ષ્મ અવલોકન કરવા યત્ન કરે છે, જેથી શરીર પ્રત્યેનો પ્રતિબંધ થવાનો સંભવ ક્ષીણ-ક્ષીણતર થાય.

સર્વ સંગના ત્યાગી એવા મુનિ ભગવંતોને અને પૂર્વધરોને પણ શરીર સાથેનો સંબંધ અતિઘનિષ્ઠ હોવાને કારણે શરીર પ્રત્યે કે શરીરની શાતા પ્રત્યે મમત્વ થવાનો સંભવ રહે છે. તેથી ધર્મના ઉપકરણરૂપ શરીર જ સાધુ માટે અધિકરણરૂપ બને છે, જેથી સંસારની વૃદ્ધિની પ્રાપ્તિ થાય. તેના નિવારણ માટે સાધુ સૂક્ષ્મ ઉપયોગપૂર્વક વિચારે છે કે મારો આત્મા શરીરથી પૃથગ્ છે.

આત્મા શરીરથી પૃથગ્ કેમ છે ? તેને સ્પષ્ટપણે ઉપસ્થિત કરવા સાધુ વિચારે કે શરીર અન્ય છે અને હું અન્ય છું.

કેમ શરીર અન્ય છે અને હું અન્ય છું ? તેથી કહે છે –

ઇન્દ્રિયથી શરીરનું ગ્રહણ થાય છે અને હું અતીન્દ્રિય હું છું. અર્થાત્ ચક્ષુ આદિ ઇન્દ્રિયોથી શરીરનું પ્રત્યક્ષ થાય છે, જ્યારે આત્મા કોઈ ઇન્દ્રિયોથી ગ્રહણ થતો નથી; પરંતુ પોતાના મતિજ્ઞાનના ઉપયોગ સ્વરૂપે કે મતિજ્ઞાનના ઉપયોગથી સંવલિત કષાય સ્વરૂપે આત્માનું વેદન થાય છે. તેથી આત્મા અતીન્દ્રિય છે.

આ રીતે શરીરથી પોતાનો ભેદ સ્પષ્ટ કર્યા પછી વિશેષ રીતે શરીર કરતાં પોતાનો ભેદ સ્થિર કરવાર્થે મહાત્મા વિચારે છે કે શરીર અનિત્ય છે; કેમ કે મૃત્યુ વખતે શરીર નાશ થાય છે અર્થાત્ આત્માથી પૃથક્ થાય છે અને હું નિત્ય છું અર્થાત્ ક્યારેય નાશ પામનાર નથી, ફક્ત આ શરીરથી પૃથક્ થઈને જન્માંતરમાં જનાર છું. વળી શરીર અજ્ઞ છે અને હું જ્ઞાનવાળો છું. તેથી શરીરથી હું પૃથક્ છું. વળી શરીર આદિ-અંતવાળું છે અર્થાત્ જન્મ વખતે શરીરનો પ્રાદુર્ભાવ થાય છે અને મૃત્યુ વખતે શરીરનો નાશ થાય છે, જ્યારે

હું અનાદિ-અનંત છું, માટે પણ શરીર અને મારા વચ્ચે ભેદ છે. વળી સંસારમાં પરિભ્રમણ કરતા એવા મારા વડે સેંકડો હજારો શરીર પૂર્વમાં ગ્રહણ કરાયેલાં અને ત્યાગ કરાયાં છે તે જ શરીર આ છે. અર્થાત્ જેમ કાલે ખાધેલું હોય તેવું જ ભોજન આજે મળે, ત્યારે કહેવાય છે કે તે જ આ ભોજન છે તેમ અતીતમાં જે શરીરો મેં છોડ્યાં તે જ આ શરીર છે, એ પ્રકારનો ઉપચરિત વ્યવહાર થાય છે. તેથી અહીં ભાષ્યકારશ્રી કહે છે કે પૂર્વમાં જે હજારો શરીરોને મેં છોડ્યાં છે, તે જ આ શરીર છે અને હું તેનાથી અન્ય છું; કેમ કે પૂર્વના શરીરથી જેમ હું અન્ય હતો તેમ આ શરીરથી પણ હું અન્ય છું. આ પ્રમાણે સાધુ અનુચિંતવન કરે. આ રીતે=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, ચિંતવન કરતા એવા આને=સાધુને, શરીરમાં પ્રતિબંધ થતો નથી=શરીર પ્રત્યે લેશ પણ રાગ થતો નથી. શરીરથી અન્ય નિત્ય એવો હું છું; એથી મોક્ષ માટે સમ્યગ્ યત્ન કરે છે, એ પ્રમાણે અન્યત્વઅનુપ્રેક્ષા છે.

આનાથી એ ફલિત થાય કે જે સાધુ અત્યંત સૂક્ષ્મ ઉપયોગપૂર્વક પોતાને શરીર અને આત્માનો ભેદ સ્પષ્ટ ઉપસ્થિત થાય તથા હૈયાને સ્પર્શેલો રહે તે પ્રકારે ભાવન કરે છે, તે મહાત્માને પોતાના આત્માનું નિરાકુળ સ્વરૂપ જ પોતાના માટે સુખાકારી છે તેવું સ્પષ્ટ સંવેદન ઉત્પન્ન થાય છે અને પ્રાપ્ત થયેલું શરીર આત્માને ઉપદ્રવ કરનાર હોવાથી વિઘ્નનું જ કારણ જણાય છે. પોતાનાથી શરીરના ભેદનું જ્ઞાન સ્પષ્ટ થયેલ હોવાથી ઉપદ્રવકારી એવા પણ શરીરને મહાત્મા સ્વપરાક્રમના બળથી પોતાના ગુણની વૃદ્ધિમાં વ્યાપારવાળું કરીને ધર્મનું સાધન કરવા યત્ન કરે છે. કોઈક નિમિત્તને પામીને દેહ પ્રત્યેની અન્યત્વબુદ્ધિ મ્લાન થાય ત્યારે ધર્મનું ઉપકરણ થવાને બદલે કર્મબંધનું કારણ એવું શરીર અધિકરણ બને છે, જેના નિવારણ માટે શરીર સાથેનો પોતાનો ભેદ અત્યંત સ્થિર કરવાર્થે અને પોતાના નિરાકુળ સ્વભાવ સાથે અભેદ સ્થિર કરવાર્થે મહાત્મા અન્યત્વ અનુપ્રેક્ષા કરે છે.

વળી જેમ સાધુ અન્યત્વ ભાવનાથી શરીર પ્રત્યેના પ્રતિબંધનું વર્જન કરે છે તેમ અવિરત સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિધર શ્રાવક પણ શરીર પ્રત્યેના મમત્વના ત્યાગાર્થે અન્યત્વ અનુપ્રેક્ષા કરે છે અને સાધુની જેમ જ શરીર અને આત્માના ભેદનું ચિંતવન કરે છે. આમ છતાં સાધુના જેવા બળનો સંચય થયેલો નહીં હોવાથી શરીર પ્રત્યે સંપૂર્ણ નિર્મમભાવ અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ કરવા સમર્થ નથી તોપણ સાધુપણું સ્મરણમાં રાખીને તેના તુલ્ય થવા અર્થે જ્યારે જ્યારે અન્યત્વ ભાવના કરે છે ત્યારે ત્યારે તેઓનું મહાસત્ત્વ ઉલ્લસિત થાય છે. આથી જ અન્યત્વ ભાવનાના બળથી અવિરત સમ્યગ્દૃષ્ટિ પણ ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા ચારિત્રનો પરિણામ ઉલ્લસિત કરી શકે છે. **પ૫**

ભાષ્ય :-

अशुचि खल्विदं शरीरमिति चिन्तयेत्, तत् कथमशुचीति चेद् ? आद्युत्तरकारणाशुचित्वात्, अशुचिभाजनत्वात्, अशुच्युद्भवत्वात्, अशुभपरिणामपाकानुबन्धात्, अशक्यप्रतीकारत्वाच्चेति । तत्राद्युत्तरकारणाशुचित्वात् तावच्छरीरस्याद्यं कारणं शुक्रं शोणितं च तदुभयमत्यन्ताशुचीति । उत्तरमाहारपरिणामादि । तद्यथा — कवलाहारो हि ग्रस्तमात्र एव श्लेष्माशयं प्राप्य श्लेष्मणा द्रवी-

कृतोऽत्यन्ताशुचिर्भवतीति । ततः पित्ताशयं प्राप्य पच्यमानोऽम्लीकृतोऽशुचिरेव (पच्यमानः खली-भूतोऽशुचिरेव) भवति, पक्वो वाय्वाशयं प्राप्य वायुना विभिद्यते-पृथक् खलः पृथग् रसः, खलात् मूत्रपुरीषादयो मलाः प्रादुर्भवन्ति, रसाच्छोणितं परिणमति, शोणितान्मांसं, मांसान्मेदः, मेदसोऽस्थीनि, अस्थिभ्यो मज्जाः, मज्जाभ्यः शुक्रमिति सर्वं चैतत् श्लेष्मादिशुक्रान्तमशुचि भवति, तस्मादाद्यु-त्तरकारणाशुचित्वादशुचि शरीरमिति । किञ्चान्यत् — अशुचिभाजनत्वात् अशुचीनां खल्वपि भाजनं शरीरं । कर्णनासाक्षिदन्तमलस्वेदश्लेष्मपित्तमूत्रपुरीषादीनामवस्करभूतं तस्मादशुचीति । किञ्चान्यत् — अशुच्युद्भवत्वात् एषामेव कर्णमलादीनामुद्भवः शरीरं तत उद्भवन्तीति । अशुचौ च गर्भे सम्भवतीत्यशुचि शरीरम् । किञ्चान्यत् — अशुभपरिणामपाकानुबन्धादार्तवे बिन्दोरा-धानात् प्रभृति खल्वपि शरीरं कललाऽर्बुदपेशीघनव्यूहसम्पूर्णगर्भकौमारयौवनस्थविरभावजनकेना-शुभपरिणामपाकेनानुबद्धं दुर्गन्धि पूतिस्वभावं दुरन्तं तस्मादशुचि । किञ्चान्यत् — अशक्यप्रतीकार-त्वात् । अशक्यप्रतीकारं खल्वपि शरीरस्याशुचित्वम्, उद्वर्तनरूक्षणस्नानानुलेपनधूपप्रघर्षवासयुक्ति-माल्यादिभिरप्यस्य न शक्यमशुचित्वमपनेतुम्, अशुच्यात्मकत्वात् शुच्युपघातकत्वाच्चेति, तस्माद-शुचि शरीरमिति, एवं ह्यस्य चिन्तयतः शरीरे निर्वेदो भवतीति, निर्विण्णश्च शरीरप्रहाणाय घटत इत्यशुचित्वानुप्रेक्षा ६।।

ભાષ્યાર્થ :-

अशुचि ..... अशुचित्वानुप्रेक्षा ।। આ શરીર અશુચિ છે એ પ્રમાણે ચિંતવન કરે. તે=શરીર, કેવી રીતે અશુચિ છે ? એ પ્રમાણે જો કોઈ કહે તો ગ્રંથકારશ્રી કહે છે — આદિ અને ઉત્તરકારણનું અશુચિપણું હોવાથી, અશુચિનું ભાજનપણું હોવાથી, અશુચિથી ઉદ્ભવપણું હોવાથી, અશુભ પરિણામના પાકનો અનુબંધ હોવાથી અને અશક્યપ્રતિકારપણું હોવાથી શરીર અશુચિ છે, એમ અન્વય છે.

'इति' શબ્દ શરીરના અશુચિત્વના હેતુની સમાપ્તિ માટે છે.

ત્યાં=શરીરની અશુચિને બતાવનારા પાંચ હેતુઓમાં, આદ્ય અને ઉત્તરકારણનું અશુચિપણું હોવાથી શરીર અશુચિ છે.

તે આદ્ય કારણ અને ઉત્તરકારણ સ્પષ્ટ કરે છે —

શરીરનું આદ્ય કારણ શુક્ર અને શોણિત=વીર્ય અને લોહી, તે ઉભય પણ અત્યંત અશુચિ છે અને ઉત્તર=ઉત્તરકારણ, આહાર પરિણમન આદિ છે. તે આ પ્રમાણે — કવલાહારગ્રસ્ત માત્ર જ શ્લેષ્માશયને પ્રાપ્ત કરીને શ્લેષ્મ સાથે દ્રવી કરાયેલ અત્યંત અશુચિ થાય છે. ત્યારપછી પિત્તાશયને પ્રાપ્ત કરીને પચ્યમાન એવો કવલાહાર અમ્લી કરાયેલ અશુચિ જ થાય છે. પક્વ વાયુઆશયને પ્રાપ્ત કરીને વાયુ દ્વારા વિભાગ કરાય છે=પૃથક્ મલ અને પૃથક્ રસ કરાય છે. ખલમાંથી મૂત્ર અને પુરીષાદિ મલો

પ્રાદુર્ભાવ થાય છે અને રસથી લોહી પરિણમન પામે છે, લોહીથી માંસ થાય છે, માંસથી મેદ થાય છે, મેદથી હાડકાં થાય છે, હાડકાંથી મજ્જા થાય છે અને મજ્જાથી શુક્ર થાય છે. અને સર્વ આ શ્લેષ્માદિથી માંડીને શુક્ર સુધી અશુચિ છે તે કારણથી આદ્યકારણ અને ઉત્તરકારણ અશુચિ હોવાથી અશુચિ શરીર છે.

વળી બીજું શું છે ? એથી કહે છે –

અશુચિનું ભાજનપણું હોવાથી શરીર અશુચિ છે, એમ અન્વય છે.

કઈ રીતે અશુચિનું ભાજન છે ? તે સ્પષ્ટ કરે છે –

ખરેખર પણ અશુચિનું ભાજન શરીર છે. કર્ણ, નાસા, ચક્ષુ, દાંત, મળ, પરસેવો, શ્લેષ્મ, પિત્ત, મૂત્ર, વિષ્ટા આદિનું અવસ્કારભૂત=નિવાસસ્થાન, શરીર છે. તે કારણથી અશુચિ છે.

વળી અન્ય શું છે ? એથી કહે છે –

અશુચિથી ઉદ્ભવપણું હોવાથી શરીર અશુચિ છે, એમ અન્વય છે.

કઈ રીતે શરીરમાંથી અશુચિનો ઉદ્ભવ છે ? તે સ્પષ્ટ કરે છે –

આ જ કર્ણમલાદિનું ઉદ્ભવ શરીર છે; કેમ કે તેનાથી ઉદ્ભવ પામે છે. અને અશુચિવાળા ગર્ભમાં ઉત્પન્ન થાય છે=અશુચિવાળા માતાના ગર્ભમાં શરીર ઉત્પન્ન થાય છે, તેથી અશુચિ શરીર છે.

વળી બીજું શું છે ? તેથી કહે છે –

અશુભ પરિણામના પાકનો અનુબંધ હોવાથી શરીર અશુચિ છે.

કેમ અશુભ પરિણામના પાકનો અનુબંધ છે ? તે સ્પષ્ટ કરે છે –

આર્તમાં=સ્ત્રીના આર્તમાં, બિંદુના આધાનથી માંડીને=વીર્યના આધાનથી માંડીને. ખરેખર પણ શરીર કલલ, અર્બુદ, પેશી, ઘનવ્યૂહ, સંપૂર્ણગર્ભ, કૌમાર, યૌવન, સ્થવિરભાવના જનક એવા અશુભ પરિણામના પાકથી અનુબદ્ધ, દુર્ગંધી, પૂતિસ્વભાવવાળું, દુરન્ત છે=ખરાબ અંતવાળું છે. તે કારણથી અશુચિ છે.

વળી અન્ય શું છે ? તેથી કહે છે –

અશક્યપ્રતિકારપણું હોવાથી=શરીરમાંથી નીકળતા અશુચિનું પ્રતિકાર દ્વારા રોધ કરવાનું અશક્યપણું હોવાથી શરીર અશુચિ છે.

કેમ અશક્યપ્રતિકારપણું છે ? તે સ્પષ્ટ કરે છે –

અશક્ય પ્રતિકારવાળું ખરેખર પણ શરીરનું અશુચિપણું છે, (કેમ કે) ઉદ્વર્તન, રૂક્ષણ, સ્નાન, અનુલેપન, ધૂપ, પ્રઘર્ષ, વાસયુક્તિ=વસ્ત્ર, માલ્ય આદિ વડે પણ આનું=શરીરનું, અશુચિત્વ દૂર કરવું શક્ય નથી; કેમ કે અશુચિ આત્મકપણું છે=શરીરનું અશુચિ સ્વરૂપપણું છે. અને શુચિનું ઉપઘાતકપણું

છે=શરીર ઉપર રહેલા શુચિ પદાર્થોનું ઉપઘાતકપણું છે. તે કારણથી=પૂર્વમાં બતાવેલા પાંચ કારણથી, શરીર અશુચિ છે. આ રીતે ચિંતવન કરતા એવા સાધુને શરીરમાં નિર્વેદ થાય છે અને નિર્વેદ પામેલો શરીરના નાશ માટે=અશરીરી થવા માટે, યત્ન કરે છે, એ પ્રમાણે અશુચિત્વ અનુપ્રેક્ષા છે. ૬॥

ભાવાર્થ :-

(૬) અશુચિત્વઅનુપ્રેક્ષા :-

સાધુ શરીરના અશુચિભાવનું સૂક્ષ્મ અનુપ્રેક્ષણ કરે છે અર્થાત્ સ્વસંવેદન પ્રત્યક્ષથી શરીરનું જે વાસ્તવિક સ્વરૂપ છે તેને તે રીતે નિર્મળ દૃષ્ટિથી જુએ છે, જેથી શરીર પ્રત્યેનો મમત્વભાવ દૂર થાય, તે અશુચિત્વની અનુપ્રેક્ષા છે.

કઈ રીતે અનુભવ અનુસાર શરીરના અશુચિપણાનો વિચાર સાધુ કરે છે ? તે કહે છે –

શરીરનું આદ્ય કારણ માતાનું લોહી અને પિતાનું શુક્ર છે, જે સ્વયં અશુચિ છે, તેવી અશુચિમાંથી જીવ પોતાના શરીરનું નિર્માણ કરે છે. તેથી શરીરનું આદ્ય કારણ અત્યંત અશુચિરૂપ છે. આ પ્રકારે ભાવન કરવાથી શરીર પ્રત્યેનું મમત્વ ક્ષીણ-ક્ષીણતર થાય છે. વળી સાધુ વિચારે છે કે શરીરનું ઉત્તર કારણ આહાર છે. અને તે આહાર પણ ગ્રહણ કર્યા પછી અશુચિરૂપે જ પરિણમન પામતાં પામતાં લોહી માંસાદિરૂપ થાય છે, જે સર્વ અશુચિમય પદાર્થો છે. માટે અશુચિના પિંડભૂત વસ્તુમાંથી બનેલા શરીર પ્રત્યે વિચારકે મમત્વ કરવું જોઈએ નહીં, પરંતુ આત્માની શુચિભૂત પરિણતિમાં જ મમત્વ કરવું જોઈએ.

વળી શરીર અશુચિનું ભાજન છે અર્થાત્ શરીરનું આદ્ય તથા ઉત્તરકારણ તો અશુચિ છે; પરંતુ શરીર સ્વયં અશુચિનું ભાજન છે. કર્ણ, નાસિકા આદિના મલના સ્થાનભૂત શરીર છે. તેથી શરીર મલાદિનું ભાજન છે, માટે પણ જુગુપ્સનીય છે. જે જુગુપ્સનીય હોય તેના પ્રત્યે વિચારકને ક્યારેય મમત્વ થાય નહીં.

વળી શરીર અશુચિનું ઉદ્ભવસ્થાન છે અર્થાત્ જેમ કર્ણ-નાસિકાદિના મલનું આશ્રયસ્થાન છે તેમ તેઓના ઉદ્ભવનું સ્થાન પણ શરીર છે, માટે પણ શરીર અશુચિ છે. અથવા અન્ય રીતે પણ અશુચિ એવા માતાના ગર્ભમાં શરીર ઉત્પન્ન થાય છે, માટે શરીર અશુચિ છે.

વળી શરીર અશુભ પરિણામના પાકના પ્રવાહવાળું હોવાથી અશુચિ છે; કેમ કે પ્રથમ ઉદ્ભવ વખતે લોહી અને વીર્યથી બનેલું છે, ત્યારબાદ શરીરની જે જે અવસ્થાઓ થાય છે તે સર્વ અવસ્થાઓમાં દુર્ગંધી અશુચિવાળા પદાર્થોથી યુક્ત જ શરીર છે, માટે અશુચિ છે. આ રીતે પણ ભાવન કરીને દેહ પ્રત્યેના મમત્વનો પરિહાર કરવા સાધુ યત્ન કરે છે.

વળી ઉત્તમ દ્રવ્યોથી શરીરની અશુચિનો પ્રતિકાર કરવો પણ અશક્ય છે; કેમ કે પોતે અશુચિ આત્મક હોવાથી શુચિ એવા પુદ્ગલનો પણ ઉપઘાત કરીને અશુચિ બનાવે છે. આવી રીતે શરીરના અશુચિ સ્વરૂપનું અત્યંત ભાવન કરીને મહાત્મા શરીર પ્રત્યે નિર્લેપવાળા થાય છે, જેથી શરીરની પ્રાપ્તિ ન થાય તેવી અશરીરી અવસ્થાના ઉપાયમાં દૃઢ યત્ન કરવા સમર્થ બને છે અર્થાત્ પ્રાપ્ત થયેલા શરીરનો દ્રવ્યથી સંગ

હોવા છતાં ભાવથી અસંગના પરિણામવાળા થાય છે, જેથી સર્વત્ર સંગ વગરની જીવની પરિણતિને તે રીતે સ્થિર-સ્થિરતર કરવા યત્ન કરે છે કે શરીરની જ પ્રાપ્તિ ન થાય.

વળી સાધુની જેમ અવિરત સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિધર શ્રાવક પણ ઉચિતકાળે અશુચિની ભાવના કરીને પોતાના શરીર કે અન્યના શરીર પ્રત્યે રાગનો પ્રતિબંધ નાશ થાય અને આત્માની સ્વસ્થ અવસ્થા પ્રત્યે રાગ સ્થિર થાય તે રીતે અશુચિ ભાવના કરે છે, જેથી સંયમની પ્રાપ્તિ સુલભ બને છે. આ પ્રકારનું ચિંતવન એ અશુચિઅનુપ્રેક્ષા છે. **૬॥**

ભાષ્ય :-

आस्रवान् इहामुत्रापाययुक्तान् महानदीस्रोतोवेगतीक्ष्णान् अकुशलागमकुशलनिर्गमद्वारभूतान् इन्द्रियादीन् अवद्यतश्चिन्तयेत् । तद्यथा — स्पर्शनेन्द्रियप्रसक्तचित्तः सिद्धोऽनेकविद्याबलसम्पन्नोऽप्याकाशगोऽष्टाङ्गमहानिमित्तपारगो गार्ग्यः सत्यकिर्निधनमाजगाम । तथा प्रभूतयवसोदकप्रमाथावगाहादिगुणसम्पन्नवनविचारिणश्च मदोत्कटा बलवन्तोऽपि हस्तिनो हस्तिबन्धकीषु स्पर्शनेन्द्रियसक्तचित्ता ग्रहणमुपगच्छन्ति, ततो बन्धवधदमनवाहननिहननाङ्कुशपार्ष्णिप्रतोदाभिघातादिजनितानि तीव्राणि दुःखान्यनुभवन्ति नित्यमेव स्वयूथस्य स्वच्छन्दप्रचारसुखस्य वनवासस्यानुस्मरन्ति । तथा मैथुनसुखप्रसङ्गाद् आहितगर्भाऽश्वतरी प्रसवकाले प्रसवितुमशक्नुवती तीव्रदुःखाभिहताऽवशा मरणमभ्युपैति । एवं सर्व एव स्पर्शनेन्द्रियप्रसक्ता इहामुत्र च विनिपातमृच्छन्तीति । तथा जिह्वेन्द्रियप्रसक्ता मृतहस्तिशरीरस्थस्रोतोवेगोढवायसवत् हेमन्तघृतकुम्भप्रविष्टमूषिकवत् गोष्ठप्रसक्तह्रदवासिकूर्मवत् मांसपेशीलुब्धश्येनवत् बडिशगतमांसगृद्धमत्स्यवच्चेति । तथा घ्राणेन्द्रियप्रसक्ता ओषधिगन्धलुब्धपन्नगवत् पललगन्धानुसारिमूषकवच्चेति । तथा चक्षुरिन्द्रियप्रसक्ताः स्त्रीदर्शनप्रसङ्गाद् अर्जुनकचौरवत् दीपालोकनलोलपतङ्गवद् विनिपातमृच्छन्तीति चिन्तयेत् । तथा श्रोत्रेन्द्रियप्रसक्तास्तित्तिरकपोतकपिञ्जलवत् गीतसङ्गीतध्वनिलोलमृगवद् विनिपातमृच्छन्तीति चिन्तयेत् । एवं हि चिन्तयन्नास्रवनिरोधाय घटत इत्यास्रवानुपेक्षा ७।।

ભાષ્યાર્થ :-

आस्रवान् ..... आस्रवानुप्रेक्षा ।। આલોક અને પરલોકના અપાયથી યુક્ત મહાનદીના સ્રોતના વેગ જેવા તીક્ષ્ણ અકુશલના આગમના અને કુશલના નિર્ગમના દ્વારભૂત ઇન્દ્રિયાદિરૂપ આશ્રવોને અવદ્યથી ચિંતવન કરવું જોઈએ અર્થાત્ સાવદ્યરૂપે ચિંતવન કરવું જોઈએ. તે આ પ્રમાણે — સ્પર્શનેંદ્રિયપ્રસક્ત ચિત્તવાળા, સિદ્ધ, અનેક વિદ્યાબલસંપન્ન, આકાશમાં જનાર, અષ્ટાંગ મહાનિમિત્તના પારગ, ગાર્ગ્ય એવા સત્યકીવિદ્યાધર મૃત્યુને પામ્યા. અને ઘણી વનસ્પતિ અને પાણીના પ્રમાથમાં અવગાહાદિ ગુણસંપન્ન, વનમાં વિચરનાર, મદથી ઉત્કટ, બલવાન પણ હાથીઓ હસ્તિબંધકોમાં સ્પર્શનેંદ્રિયસક્ત

ચિત્તવાળા ગ્રહણને પ્રાપ્ત કરે છે અર્થાત્ બંધનને પ્રાપ્ત કરે છે. તેથી બંધ, વધ, દમન, વાહન, નિહનન, અંકુશ, પાર્ષ્ણિપ્રતોદ, અભિઘાતાદિ જનિત તીવ્ર દુઃખોને અનુભવે છે. વનવાસવાળા સ્વયૂથના સ્વચ્છંદ પ્રચારવાળા સુખનું નિત્ય જ અનુસ્મરણ કરે છે. અને મૈથુન સુખના પ્રસંગથી આહિત ગર્ભવાળી અશ્વતરી=ઘોડી, પ્રસવકાલમાં પ્રસવ કરવા માટે અસમર્થ તીવ્ર દુઃખથી અભિહત અવશ મરણને પામે છે. આ રીતે સર્વ જ જીવો સ્પર્શનેંદ્રિયપ્રસક્ત આલોકમાં અને પરલોકમાં વિનિપાતને પ્રાપ્ત કરે છે અર્થાત્ અનર્થોને પ્રાપ્ત કરે છે.

'इति' શબ્દ સ્પર્શનેંદ્રિયના અનર્થની સમાપ્તિ માટે છે.

અને મરેલા હાથીના શરીરમાં રહેલા, નદીના પાણીના પ્રવાહના વેગથી તણાયેલ કાગડાની જેમ, હેમંત ઋતુમાં ઘીના ઘડામાં પ્રવિષ્ટ મૂષકની જેમ, ગોષ્ઠમાં પ્રસક્ત=ગાયના વાડામાં છાણ વગેરે ખાવામાં પ્રસક્ત, એવા સરોવરવાસી કૂર્મની જેમ=ગાયના વાડામાં છાણાદિ ખાવામાં પ્રસક્ત હોય અને ગાયના પગ નીચે કચડાઈ જાય તેવા કાચબાની જેમ, માંસપેશીમાં લુબ્ધ શ્યેનની જેમ=મડદામાં ઘૂસીને તેની માંસપેશી ખાવામાં લુબ્ધ કાગડો મડદું તાપમાં સપકાવાથી ફસાઈને મૃત્યુ પામે છે તે કાગડાની જેમ, બડિશ આમિષમાં ગૃદ્ધ મત્સ્યની જેમ=માછલાં પકડવાની કાંટાવાળી જાળમાં રહેલ માંસને ખાવામાં ગૃદ્ધ મત્સ્યની જેમ, જિહ્વેંદ્રિયપ્રસક્ત જીવો વિનાશ પામે છે.

અને ઔષધિની ગંધમાં લુબ્ધ સર્પની જેમ અથવા માંસની ગંધને અનુસરનાર મૂષકની જેમ ઘ્રાણેંદ્રિયપ્રસક્ત જીવો વિનાશ પામે છે.

અને સ્ત્રીદર્શનનાં પ્રસંગથી અર્જુન ચોરની જેમ અથવા દીવાના પ્રકાશમાં લોલુપ્ત પતંગિયાની જેમ ચક્ષુરિંદ્રિયપ્રસક્ત જીવો વિનિપાતને પામે છે, એ પ્રમાણે ચિંતવન કરવું જોઈએ.

અને શ્રોત્રેંદ્રિયપ્રસક્ત જીવો તેતરની જેમ, કપોતની જેમ=કબૂતરની જેમ, કપિંજલની જેમ=ચાતક પક્ષીની જેમ, અને ગીત-સંગીતના ધ્વનિમાં લોલુપ એવા મૃગની જેમ વિનિપાતને પામે છે, એ પ્રમાણે ચિંતવન કરવું જોઈએ. આ પ્રમાણે ચિંતવન કરતાં આશ્રવ નિરોધ માટે ઘટે છે, એ પ્રકારે આશ્રવની અનુપ્રેક્ષા છે. ૭॥

ભાવાર્થ :-

(૭) આશ્રવઅનુપ્રેક્ષા :-

જે મહાત્માઓ આશ્રવના પારમાર્થિક સ્વરૂપને જાણનારા છે તેઓ વિચારે છે કે નદીના પ્રવાહના વેગની જેમ તીક્ષ્ણ, અકુશલને લાવનારના અને કુશલનો નાશ કરનારના દ્વારભૂત એવી આ ઇન્દ્રિયો છે, જે આલોક અને પરલોકમાં અનર્થોની પ્રાપ્તિ કરાવે છે. જો પાંચ ઇન્દ્રિયોનો સંવર કરવામાં નહીં આવે તો આ ભવમાં અને પરભવમાં અનર્થોની પરંપરા પ્રાપ્ત થશે. જેઓ ઇન્દ્રિયોને વશ થયા છે તેઓ આ લોકમાં કઈ રીતે અનર્થો પ્રાપ્ત કરે છે ? તેનું સૂક્ષ્મ ચિંતવન મહાત્માઓ કરે છે, જેથી પાંચે ઇન્દ્રિયો અત્યંત સંવૃત રહે અને આશ્રવના રોધપૂર્વક સાધુપણાનો પરિણામ સ્થિર-સ્થિરતર થાય.

જે મહાત્માઓ આશ્રવનો રોધ કરી શકતા નથી તેઓ સંયમની ક્રિયા કરવા છતાં પાંચે ઇન્દ્રિયોની તે તે પ્રકારની ચંચળતા હોવાને કારણે પાંચે ઇન્દ્રિયોની અવિરતિના જ પરિણામવાળા રહે છે; એટલું જ નહીં પણ, પાંચે ઇન્દ્રિયોની અવિરતિ વિદ્યમાન હોવા છતાં જો તે અવિરતિરૂપ ન જણાય તો મિથ્યાત્વની પણ પ્રાપ્તિ થાય છે. માટે મહાત્માઓ પાંચે ઇન્દ્રિયોના આશ્રવકૃત અનર્થોથી આત્માનું રક્ષણ કરવા અર્થે તે તે ઇન્દ્રિયોના આશ્રવકૃત અનર્થોને બતાવનારા દૃષ્ટાંતનું ભાવન કરીને તે તે ઇન્દ્રિયોના આશ્રવનો રોધ કરવા માટે યત્ન કરે છે. જેમ સ્પર્શનેંદ્રિયમાં પ્રસક્ત સત્યકી વિદ્યાધર મૃત્યુને પામ્યો, જે સ્પર્શનેંદ્રિયની આસક્તિનું તત્કાલ થયેલ ફળ છે. આ રીતે ચિંતવન કરવાથી સ્પર્શનેંદ્રિયની વૃત્તિ અવરુદ્ધ થાય છે. તેથી હૈયાને સ્પર્શે તે રીતે દૃષ્ટાંતનું ભાવન કરવું જોઈએ. વળી વનમાં સ્વછંદ વિહાર કરનારા, સ્પર્શનેંદ્રિયમાં પ્રસક્ત જીવો જેમ વધ-બંધનાદિનાં તીવ્ર દુઃખો પ્રાપ્ત કરે છે તેમ સ્પર્શનેંદ્રિયમાં પ્રસક્ત જીવો આલોક અને પરલોકમાં અનર્થો પ્રાપ્ત કરે છે. વળી મૈથુન સુખમાં પ્રસક્ત ઘોડી પ્રસવકાળમાં પરવશ મૃત્યુ પામે છે, એમ વિચારીને પણ મહાત્મા સ્પર્શનેંદ્રિયને શાંત કરવા સતત યત્ન કરે છે.

વળી જિલ્વેંદ્રિયપ્રસક્ત જીવો કઈ કઈ રીતે અનર્થ પામે છે ? તેને પણ દૃષ્ટાંતથી મહાત્મા ભાવન કરે છે. જેમ મરેલા હાથીના શરીરમાં રહેલ કાગડો માંસ ખાવામાં લુબ્ધ હોય અને કોઈક રીતે પાણીનો પ્રવાહ જોરથી આવે, તો તેના વેગથી પાણીમાં તણાઈને જેમ કાગડો મરે છે તેમ જિલ્વેંદ્રિયના વેગમાં આસક્ત જીવો વિષયો સાથે સંશ્લેષ પામીને પોતાનો નાશ કરે છે.

વળી હેમંતઋતુમાં ઘીના ઘડામાં ઘી કાંઈક થીજેલું અને કાંઈક પ્રવાહી જેવું હોય છે, જેને ખાવામાં આસક્ત ઉંદર તેમાં પ્રવેશ પામી તેમાં જ મૃત્યુ પામે છે તેમ ઇન્દ્રિયના સ્વાદમાં આસક્ત સાધુ ચારિત્રરૂપ પ્રાણથી નાશ પામે છે. વળી ગાયના છાણમાં આસક્ત એવો સરોવરવાસી કાચબો ગાયનું છાણ ખાવામાં આસક્ત હોય તો ગાયની ખુરી નીચે કચડાઈને મરે છે તેમ સાધુ આહાર વાપરતી વખતે સ્વાદની આસક્તિથી ચારિત્રના પ્રાણનો નાશ કરે છે. વળી મડદામાં રહેલી માંસપેશીમાં લુબ્ધ માંસ ખાવામાં આસક્ત કાગડો, તે મડદું સુકાવાથી સંકોચાય ત્યારે તેમાં દબાઈને મરે છે તેમ આહાર ગ્રહણ કરવામાં આસક્ત થયેલ સાધુ ચારિત્રના પરિણામનો નાશ કરે છે. વળી માછલાને પકડવા માટે મૂકેલા માંસના ટુકડામાં ગૃદ્ધ મત્સ્ય જેમ વિંધાઈને મૃત્યુ પામે છે તેમ જિલ્વેંદ્રિયમાં પ્રસક્ત સાધુ આહારમાં આસક્ત થઈને ચારિત્ર રૂપી પરિણામનો નાશ કરે છે.

વળી ઘ્રાણેંદ્રિયપ્રસક્ત જીવો કઈ રીતે વિનાશ પામે છે ? તે દૃષ્ટાંતથી બતાવે છે –

ઔષધિની ગંધથી લુબ્ધ થયેલ સર્પને ખેંચીને જેમ તેના ટુકડા કરવામાં આવે છે તેમ ઘ્રાણેંદ્રિયપ્રસક્ત સાધુ પોતાના ભાવપ્રાણનો નાશ કરે છે અથવા માંસની ગંધને અનુસરી પાંજરામાં પુરાઈ વિનાશ પામતા ઉંદરની જેમ ઘ્રાણેંદ્રિયપ્રસક્ત સાધુ સંયમનો નાશ કરે છે.

વળી સ્ત્રીદર્શનના પ્રસંગથી અર્જુન ચોરનો જેમ નાશ થયો તેમ ચક્ષુરિંદ્રિયપ્રસક્ત જીવો પોતાના ભાવપ્રાણનો નાશ કરે છે. દીવાના પ્રકાશમાં લુબ્ધ થયેલા પતંગિયાની જેમ ચક્ષુરિંદ્રિયમાં પ્રસક્ત જીવો

નાશને પામે છે. આ રીતે ચિંતવન કરીને સાધુ પોતાની ચક્ષુરિંદ્રિયની આસક્તિ દૂર કરવા યત્ન કરે છે.

વળી તેતર, કબૂતર અને ચાતક જેવા શ્રોત્રેંદ્રિયપ્રસક્ત જીવો વિનાશ પામે છે. જેમ માદા તેતરને પાંજરામાં પૂરી હોય તો તેના અવાજથી ખેંચાઈને આવેલ અન્ય તેતરો પણ પાંજરામાં પુરાઈને નાશ પામે છે તેમ શ્રોત્રેંદ્રિયપ્રસક્ત સાધુ પણ સંયમનો વિનાશ કરે છે. વળી તેતરની જેમ જ કબૂતર અને ચાતક પણ પાંજરામાં રહેલા કબૂતર-ચાતકના અવાજથી આકર્ષાઈને પાંજરામાં રહેલ કબૂતર-ચાતક સાથે યુદ્ધ કરવા આવે છે તે વખતે સ્વયં પાંજરામાં પુરાઈને વિનાશ પામે છે તેમ સુસાધુ પણ જો શ્રોત્રેંદ્રિયને વશ થાય તો ભાવચારિત્રનો વિનાશ કરે છે, આ પ્રકારે સાધુએ ભાવન કરવું જોઈએ.

વળી, ગીત-સંગીતના ધ્વનિમાં લોલુપ મૃગલાની જેમ શ્રોત્રેંદ્રિયને વશ જીવ વિનાશને પામે છે, એમ ચિંતવન કરવું જોઈએ. આશય એ છે કે મૃગલાઓ સંગીતપ્રિય હોય છે, તેથી ગીત અને સંગીતના ધ્વનિથી તેઓ આકર્ષાય છે અને તેમને વધ કરવાના અર્થી જીવો સંગીત દ્વારા જ્યારે તેઓ આકર્ષાઈને લીનપણાથી ગીત સાંભળવામાં મગ્ન હોય ત્યારે બાણ આદિથી તેમનો નાશ કરે છે, જે શ્રોત્રેંદ્રિયના વિષયની આસક્તિનું પ્રત્યક્ષ ફળ છે. આ પ્રકારે શ્રોત્રેંદ્રિયજન્ય અનર્થનું ભાવન કરવાથી શ્રોત્રેંદ્રિયની આસક્તિ ક્ષીણ થાય છે.

આ રીતે પાંચે ઇન્દ્રિયોના અનર્થને બતાવનારાં દૃષ્ટાંતોને ભાવન કરીને સાધુ પાંચે ઇન્દ્રિયોના સંવરને માટે યત્નશીલ બને છે. જેથી સમિતિ-ગુપ્તિપૂર્વક અને દશ પ્રકારના ઉત્તમધર્મના સેવનના બળથી જે સંવરભાવ હતો તે અતિશયિત થાય છે, માટે સાધુ આશ્રવની અનુપ્રેક્ષા કરે છે.

વળી દેશવિરતિધર શ્રાવક કે અવિરત સમ્યગ્દૃષ્ટિ પણ સંસારના ઉચ્છેદના અર્થી હોવાથી તેમને આશ્રવોને કારણે સંસારનું પરિભ્રમણ ચાલે છે તેવો સ્પષ્ટ બોધ હોવાને કારણે આશ્રવના નિરોધ માટે પ્રસ્તુત અનુપ્રેક્ષા કરે છે. તેઓ જેમ જેમ સૂક્ષ્મ ઉપયોગપૂર્વક પાંચે ઇન્દ્રિયોના આશ્રવના અનર્થોની ઉપસ્થિતિ કરે છે તેમ તેમ આશ્રવ નિરોધને અનુકૂળ સદ્વીર્ય ઉલ્લસિત થાય છે. આ રીતે જ અવિરત સમ્યગ્દૃષ્ટિ પોતાના સમ્યક્ત્વને નિર્મળ-નિર્મળતર કરીને ગુણસ્થાનકની વૃદ્ધિ કરે છે. **૭॥**

ભાષ્ય :-

संवरांश्च महाव्रतादीन् गुप्त्यादिपरिपालनाद् गुणतश्चिन्तयेत् । सर्वे ह्येते यथोक्तास्रवदोषाः संवृतात्मनो न भवन्तीति चिन्तयेत् । एवं ह्यस्य चिन्तयतो मतिः संवरायैव घटत इति संवरानुप्रेक्षा ८॥

ભાષ્યાર્થ :-

संवरांश्च ..... संवरानुप्रेक्षा ॥ મહાવ્રત આદિને અને સંવરોને ગુપ્તિ આદિ પરિપાલન આત્મક ગુણથી ચિંતવન કરે=સાધુ ચિંતવન કરે.

કઈ રીતે ચિંતવન કરે ? તેથી કહે છે –

સર્વ પણ આ પૂર્વમાં કહેલા આશ્રવના દોષો સંવૃત આત્માને થતા નથી, એ પ્રમાણે ચિંતવન કરે. આ રીતે ચિંતવન કરતા એવા આની મતિ=સાધુની મતિ, સંવર માટે જ યત્નશીલ થાય છે, એ પ્રકારે સંવરની અનુપ્રેક્ષા છે. ૮॥

ભાવાર્થ :-

(૮) સંવરઅનુપ્રેક્ષા :-

જે મહાત્માઓ ત્રણ ગુપ્તિથી ગુપ્ત અને પાંચ સમિતિઓથી સમિત થઈને વિચરે છે તેઓના ગુપ્તિ આદિના પરિપાલનને કારણે પાંચ મહાવ્રતો સૂક્ષ્મ-સૂક્ષ્મતર બને છે. જેમ જેમ મહાવ્રતો સૂક્ષ્મભાવોથી સંવલિત થાય છે તેમ તેમ સંવરભાવ પ્રાપ્ત થાય છે. તે સંવરભાવના શું ગુણો છે ? તેનું મહાત્માએ ચિંતન કરવું જોઈએ.

કઈ રીતે સંવરભાવના ગુણોનું ચિંતન મહાત્મા કરે છે ? તેથી કહે છે –

સર્વ પણ પૂર્વમાં કહેલા પાંચે ઇન્દ્રિયોના આશ્રવના દોષો સંવૃત આત્માવાળાને થતા નથી, એ પ્રમાણે ચિંતવન કરવું જોઈએ. તેથી એ પ્રાપ્ત થાય કે જે મહાત્માઓ ત્રણ ગુપ્તિથી અત્યંત ગુપ્ત છે તેઓ સંયમના પ્રયોજનથી ચેષ્ટા કરવી જણાય ત્યારે કંટક આકીર્ણ ભૂમિમાં ગમનની જેમ અત્યંત ઉપયુક્ત થઈને પ્રવૃત્તિ કરે છે. આવા મહાત્મા પાંચ મહાવ્રતરૂપી પોતાના ભાવપ્રાણના રક્ષણ માટે અત્યંત વ્યાપારવાળા હોય છે. તેથી તે મહાત્માની પાંચે ઇન્દ્રિયો અને છઠ્ઠું મન જિનવચનના દૃઢ અવલંબનથી સંવરભાવમાં અતિશય-અતિશયતર વર્તે છે, જેના કારણે પાંચે ઇન્દ્રિયોના આશ્રવ દ્વારા જે આલોકના અને પરલોકના અનર્થો થાય છે તે સર્વ દોષોનો નિરોધ થાય છે. તેથી ઘણા અનર્થોની પરંપરાનો ઉચ્છેદ સંવરથી થાય છે, એ પ્રમાણે ચિંતવન કરીને મહાત્મા ત્રણ ગુપ્તિઓને અતિશય કરવાર્થે દૃઢ ઉદ્યમવાળા થાય છે. તે સંવર અનુપ્રેક્ષા છે અર્થાત્ આત્માના સંવરભાવનું પારમાર્થિક સ્વરૂપ જોવાને અનુકૂળ અનુપ્રેક્ષણ છે. જેના બળથી મહાત્મા સર્વસંવરને અનુકૂળ શક્તિનો સંચય કરે છે.

વળી અવિરત સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિધર શ્રાવક પણ મોક્ષના અત્યંત અર્થી છે. તેથી મોક્ષના પરમ ઉપાયરૂપ યોગનિરોધના અત્યંત અર્થી છે. યોગનિરોધ સર્વ સંવરરૂપ છે. તેથી તેને અનુકૂળ પોતાનામાં વર્તતો સંવરભાવ અતિશય કરવાર્થે અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ જીવો પણ સંવરની અનુપ્રેક્ષા કરે છે. તે વખતે ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત અને સમિતિપૂર્વક પ્રવૃત્તિ કરનારા મહાત્માઓ કઈ રીતે સંવર ભાવની વૃદ્ધિ દ્વારા આશ્રવનો નિરોધ કરે છે ? જેથી આશ્રવના અનર્થોથી પોતાના આત્માનું રક્ષણ કરે છે, તેનું સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક આલોચન કરીને પોતાના આત્મામાં સંવરભાવનો અતિશય કરે છે. જેથી પોતાની ભૂમિકાનુસાર અવશ્ય ગુણસ્થાનકની વૃદ્ધિ થાય છે. **૮॥**

ભાષ્ય :-

निर्जरा वेदना विपाक इत्यनर्थान्तरम्, स द्विविधः — अबुद्धिपूर्वः कुशलमूलश्च तत्र नरकादिषु

कर्मफलविपाको योऽबुद्धिपूर्वकः, तमवद्यतोऽनुचिन्तयेदकुशलानुबन्ध इति । तपःपरीषहजयकृतः कुशलमूलः, तं गुणतोऽनुचिन्तयेत्, शुभानुबन्धो निरनुबन्धो वेति एवमनुचिन्तयन् कर्मनिर्जरणायैव घटत इति निर्जराऽनुप्रेक्षा ९।।

ભાષ્યાર્થ :-

निर्जरा ..... निर्जराऽनुप्रेक्षा ।। નિર્જરાના પર્યાયવાચી બતાવે છે –

નિર્જરા, વેદના, વિપાક એ અનર્થાન્તર છે=આત્માથી કર્મની પૃથગ્ભૂત અવસ્થારૂપ નિર્જરા, ઉદયમાન કર્મનું વેદન એ રૂપ વેદના અને સત્તામાં રહેલાં કર્મોમાં વિપાકને અભિમુખ પરિણામ એ ત્રણેય કાંઈક ભિન્ન અર્થવાચી હોવા છતાં કથંચિત્ એકાર્થવાચી છે. તે વિપાક બે પ્રકારનો છે: અબુદ્ધિપૂર્વક અને કુશલમૂલવાળો. ત્યાં=બે પ્રકારના વિપાકમાં, નરકાદિમાં કર્મના ફલનો વિપાક જે અબુદ્ધિપૂર્વક છે તેને અવદ્યથી અનુચિંતન કરે અર્થાત્ અકુશળ અનુબંધવાળો છે એ પ્રકારે સાધુ ચિંતવન કરે. તપ, પરિષહજય કૃત કુશલમૂલવાળો વિપાક છે, તેને ગુણથી અનુચિંતવન કરે=કુશલ-મૂલવાળો વિપાક ગુણનું કારણ છે એ પ્રકારે સાધુ અનુચિંતવન કરે.

કેવા પ્રકારના ગુણવાળો છે ? તેથી કહે છે –

શુભાનુબંધવાળો અથવા નિરનુબંધવાળો છે. આ રીતે=નિર્જરા બે પ્રકારે થાય છે એ રીતે, અનુ-ચિંતવન કરતા મુનિ કર્મનિર્જરા માટે જ ઘટે છે=યત્નશીલ થાય છે. એ નિર્જરાની અનુપ્રેક્ષા છે= નિર્જરાના પારમાર્થિક સ્વરૂપનું સૂક્ષ્મ અવલોકન છે. ૯।।

ભાવાર્થ :-

(૯) નિર્જરાઅનુપ્રેક્ષા :-

આત્મા પર લાગેલા કર્મો ઉદયમાં આવી આત્માથી પૃથગ્ થાય છે, કર્મની આ પૃથગ્ અવસ્થા નિર્જરા શબ્દથી વાચ્ય છે.

કર્મ ઉદયમાં આવે છે તે પોતાના ફળનું જીવને વેદન કરાવે છે. તે વેદના કર્મનિર્જરા પ્રત્યે કારણ છે, તેથી વેદનાને પણ નિર્જરા કહેવાય છે.

બંધાયેલું કર્મ ઉદયપર્યાયને પામે ત્યારે તે કર્મના ઉદયપર્યાયને વિપાક કહેવાય છે. તેથી ઉદયપર્યાયને પામેલ કર્મની અવસ્થા વેદના કરાવીને આત્માથી પૃથગ્ થાય છે, તેથી ઉદયને પામેલા વિપાકરૂપ કર્મને પણ નિર્જરા કહેવાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે આત્મા સાથે સંબંધવાળાં કર્મો ઉદયપર્યાયને પામે તે વિપાક છે અને તે ઉદયપર્યાયના બળથી જે કર્મનું વેદન થાય તે વેદના જીવના અનુભવરૂપ છે. તે વેદન પછી આત્મા સાથે સંલગ્ન કર્મ આત્માથી પૃથક્ અવસ્થાને પામે છે, જે નિર્જરા છે. તેથી નિર્જરા, વેદના અને વિપાકને અનર્થાન્તર કહેલ છે.

કર્મનો વિપાક બે પ્રકારનો છે : (૧) અબુદ્ધિપૂર્વક અને (૨) કુશલમૂલવાળો. તેમાં જે અબુદ્ધિપૂર્વક કર્મનો વિપાક છે તે નરકાદિ ચારે ગતિઓમાં દરેક જીવોને વેદન થાય છે અને તે કર્મનો વિપાક પોતાની કર્મશક્તિ અનુસાર જીવને ફળ આપીને જીવને મલિન કરે છે, તેથી તે કર્મો અવદ્ય છે તેમ ચિંતવન કરવું જોઈએ અર્થાત્ જીવને અકુશલભાવો કરાવીને અકુશલ ફળને આપનારા છે તેવું ચિંતવન કરવું જોઈએ.

આશય એ છે કે નરકગતિમાં જીવોને જે જે કર્મો વિપાકમાં આવે છે તે કર્મોને નાશ કરવાને અનુકૂળ જીવનો સમભાવમાં કોઈ યત્ન નથી, તેથી તે કર્મ વિપાકમાં આવીને જીવમાં તે તે પ્રકારના ભાવો કરે છે જેના ફળરૂપે નવાં કર્મો બંધાય છે. નરકમાં જે અશાતાનો અનુભવ થાય છે તે અનુભવથી તે પીડાદિને અનુરૂપ મોહનો પરિણામ થાય છે અને તેને અનુરૂપ નવાં કર્મો બંધાય છે. આથી જ ઘાતિકર્મના ઉદયકાળમાં અઘાતી એવી અશાતા પણ જીવને વિહ્વળ કરી મોહ જ ઉત્પન્ન કરે છે. તેથી અઘાતી પ્રકૃતિ પણ ગુણના ઘાતનું જ કાર્ય કરે છે, જેથી આત્માના નિરાકુળતાગુણનો ઘાત થવાથી નવાં અકુશલ કર્મો બંધાય છે. વળી નરકની જેમ અન્ય ગતિઓમાં પણ જે જે કર્મો વિપાકમાં આવે છે તે કર્મો પોતાનું ફળ બતાવે છે, તેથી દેવગતિમાં પણ વિપાકમાં આવેલાં અબુદ્ધિપૂર્વકનાં કર્મો જીવને શાતા ઉત્પન્ન કરે છે. તે શાતાકાળમાં જીવને મોહનો પરિણામ થાય છે તેથી તે શાતાવેદનીય આદિ કર્મો દ્વારા પણ જીવનો નિરાકુળ સ્વભાવ હણાય છે. તેથી જીવને સંક્લેશ કરાવીને નવા કર્મબંધની જ પ્રાપ્તિ દ્વારા અકુશલનો પ્રવાહ ચાલે છે. તેથી અબુદ્ધિપૂર્વકનો વિપાક અકુશલના પ્રવાહવાળો છે. આથી જ અનંતકાળથી સંસારી જીવ અબુદ્ધિપૂર્વક કર્મોનું વેદન કરીને નવાં-નવાં કર્મોને બાંધીને સંસારચક્રમાં પરિભ્રમણ પામે છે. માટે અબુદ્ધિપૂર્વકનો કર્મનો વિપાક જીવના અકુશલના ફળવાળો છે.

વળી તપથી અને પરિષહના જયથી કરાયેલો કર્મનો વિપાક કુશલ મૂલવાળો છે, તે વિપાક જીવના ગુણને કરનાર છે.

કેવા ગુણને કરનાર છે ? તેથી કહે છે –

શુભાનુબંધવાળા ગુણને કરનાર છે અથવા અનુબંધ વગરના ગુણને કરનાર છે. આશય એ છે કે મુનિઓ અભ્યંતરતપ કરીને જ્યારે આત્માના સમભાવના પરિણામને વધારે છે અથવા પરિષહના જયને કરીને સમભાવના કંડકો વધારે છે, ત્યારે કર્મબંધના કારણીભૂત જીવના પરિણામથી વિપરીત એવો સમભાવનો પરિણામ જીવમાં ઉલ્લસિત થાય છે. જે ભાવોથી જે કર્મો બંધાય છે તેના વિપરીત ભાવોથી તે કર્મોમાં જે ફળ આપવાની શક્તિ હતી તે ક્ષીણ થાય છે. તેથી ક્ષીણ શક્તિવાળાં એવાં તે કર્મો શીઘ્ર વિપાકમાં આવીને નિર્જરાને પ્રાપ્ત કરે છે, જેનાથી ઘણાં કર્મોનો અભાવ થાય છે. કર્મના અભાવના કારણે જીવને નિર્મળતા પ્રગટે છે, તે જીવના માટે ગુણસ્વરૂપ છે.

વળી તપમાં અને પરિષહજયમાં મુનિ જે કાંઈ યત્ન કરે છે તે બુદ્ધિપૂર્વક કર્મનાશને અનુકૂળ ઉચિત યત્નરૂપ છે. તેથી મુનિ તપ કરવા દ્વારા અને પરિષહજય કરવા દ્વારા આત્માના નિરાકુળભાવને પ્રગટ

કરીને ઘણાં કર્મોનો નાશ કરે છે. તે વખતે તેમનામાં સમભાવને અનુકૂળ રાગનો પરિણામ અને અસમભાવ પ્રત્યે દ્વેષનો પરિણામ વર્તતો હોય છે. જેથી તે મહાત્મા પુણ્યાનુબંધીપુણ્યના ઉદયથી સદ્ગતિમાં જાય છે, જે શુભાનુબંધ સ્વરૂપ છે. ક્ષપકશ્રેણિ આદિ કાળમાં જે બુદ્ધિપૂર્વક કર્મોનો નાશ કરે છે, તે નિરનુબંધ વિપાક છે અર્થાત્ સર્વથા કર્મના અભાવની પ્રાપ્તિનું કારણ હોવાથી શુભ અનુબંધવાળો વિપાક નથી પરંતુ કર્મના વિપાકના અભાવનું કારણ છે. આ રીતે બુદ્ધિપૂર્વકનો કર્મનો વિપાક શુભાનુબંધ અથવા નિરનુબંધ થઈને મુક્ત અવસ્થાનું કારણ હોવાથી ગુણરૂપ છે, તેમ ચિંતવન કરવું જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે અબુદ્ધિપૂર્વક જે કર્મનો વિપાક છે, તે અકામનિર્જરારૂપ છે અને અકામનિર્જરાથી પણ જીવો સમ્યક્ત્વ પામે છે, તેમ શાસ્ત્રવચન છે. તેથી અબુદ્ધિપૂર્વકનો વિપાક અકુશલાનુબંધવાળો છે, તેમ કેમ કહી શકાય ? તેનું તાત્પર્ય આ પ્રમાણે છે –

જીવોનું જે કર્મ ઉદયમાં આવે છે, તેમાંથી ઘાતિકર્મ ગુણનો નાશ કરનારાં છે અને અઘાતી કર્મો સુખ-દુઃખાદિ ભાવોને કરનારાં હોવા છતાં, મોહના ઉદય પ્રત્યે કારણ પણ બને છે. તેથી અબુદ્ધિપૂર્વકના કર્મના વિપાકકાળમાં જીવને મોહનો પરિણામ જ થાય છે, મોક્ષને અનુકૂળ કોઈ પરિણામ થતો નથી; છતાં અબુદ્ધિપૂર્વક કર્મના વેદનકાળમાં જીવો પોતાની પ્રકૃતિ અનુસાર ત્રણ પ્રકારે અકુશલ કર્મો બાંધે છે : (૧) કેટલાક જીવો જે કર્મ વિપાકમાં આવે છે તેના કરતાં પણ અધિક કર્મો બાંધે છે. જેથી અશુભ કર્મોનો ભાર અધિક વધે છે. (૨) કેટલાક જીવોને અકામનિર્જરા દ્વારા જે કર્મની નિર્જરા થાય છે તેટલાં જ નવાં કર્મ બંધાય છે, તેથી કર્મનો ભાર પૂર્વના સમાન જ રહે છે. (૩) કેટલાક જીવો અકામનિર્જરાથી જે અશુભ ભાવ કરે છે તે અશુભ ભાવો અલ્પમાત્રામાં હોવાથી અલ્પકર્મ બંધાય છે અને વિપાકમાં આવેલાં ઘણાં કર્મો નાશ પામે છે. આવા જીવો કર્મના ભારથી કાંઈક હળવા બને છે ત્યારે તે કર્મોની અલ્પતા થવાને કારણે તત્ત્વ તરફનો ઊહ પ્રગટે તેવી નિર્મળતા પ્રાપ્ત થાય છે. તેથી અકામનિર્જરાથી તો તે વખતે જેવો અશુભભાવ થયેલો તેને અનુરૂપ અશુભ કર્મ જ બંધાયેલું, આમ છતાં અકામનિર્જરાથી ઘણાં અશુભ કર્મોનો નાશ અને અલ્પ અશુભ કર્મોનું આગમન થવાથી જીવને સ્વભાવથી તત્ત્વને અભિમુખ ભાવ થાય છે.

કેટલાક જીવોને અકામનિર્જરાથી થયેલી કર્મની અલ્પતાને કારણે મેઘકુમારના હાથીના જીવની જેમ દુઃખિતોમાં અત્યંત દયાનો પરિણામ થાય છે, જે મોક્ષને અનુકૂળ કાંઈક સમભાવના પરિણામ સ્વરૂપ હોવાથી કુશલમૂલવાળો વિપાક છે. કેટલાક જીવોને અકામનિર્જરાથી અલ્પ અશુભ કર્મ બંધાય છે અને ઘણાં કર્મોનો ભાર ઓછો થાય છે. તેથી સમ્યગ્દર્શનનું કારણ બને તેવો નિર્મળ ઊહ પ્રગટે છે. માટે અકામનિર્જરાને પણ સમ્યગ્દર્શનનું કારણ કહેલ છે. વસ્તુતઃ અબુદ્ધિપૂર્વક જે કર્મનો વિપાક ઉદયમાં આવે છે તે જીવને તે પ્રકારના મોહના પરિણામ કરાવીને અકુશલનું જ કારણ બને છે. માટે અબુદ્ધિપૂર્વકના વિપાકવાળી અકામનિર્જરા અકુશલ અનુબંધવાળી જ છે.

વળી મુનિઓ મારે આત્માના મૂળભૂત સ્વભાવને પ્રગટ કરવો છે તે પ્રકારની બુદ્ધિપૂર્વક બાહ્યતપમાં કે અભ્યંતરતપમાં યત્ન કરે છે અને પરિષહોનો જય કરવા યત્ન કરે છે ત્યારે તે સર્વ પ્રવૃત્તિકાળમાં

સમભાવના જેટલા જેટલા અંશો ઉલ્લસિત થાય છે, તેટલા તેટલા અંશથી ઘણાં કર્મોની નિર્જરા થાય છે અને તપ તથા પરિષહજય દ્વારા જે સમભાવનો પરિણામ કરેલો તેનાથી કર્મોની ઘણી લતા નાશ થવાને કારણે ઉત્તર-ઉત્તરના ગુણોની પ્રાપ્તિ પ્રત્યે તે કર્મનો વિપાક કારણ છે. આથી બુદ્ધિપૂર્વકના કર્મના વિપાક-કાળમાં સમભાવના પરિણામની તરતમતાને અનુરૂપ શુભાનુબંધ પ્રાપ્ત થાય છે.

વળી વિવેકી શ્રાવકો કે સમ્યગ્દૃષ્ટિ જીવો પણ સ્વભૂમિકાનુસાર યોગમાર્ગની પ્રવૃત્તિ કરે છે ત્યારે કે ભોગાદિ પ્રવૃત્તિ કરે છે ત્યારે પણ વિવેકચક્ષુ અનુસાર સંવેગનો પરિણામ થવાના કારણે બુદ્ધિપૂર્વકનો વિપાક પ્રાપ્ત થાય છે. આથી જ સમ્યગ્દૃષ્ટિ જીવો ભોગકાળમાં પણ શુભાનુબંધવાળા વિપાક સ્વરૂપ નિર્જરાને પ્રાપ્ત કરે છે. તેથી એમના ઉપયોગાનુસાર ગુણની જ પ્રાપ્તિ થાય છે. વળી મેઘકુમારના હાથીના જીવને તેવો સાક્ષાત્ કોઈ બુદ્ધિપૂર્વકનો કર્મનાશને અનુકૂળ વિચાર ન હતો તોપણ જીવની વિશુદ્ધિને કારણે મોક્ષને અનુકૂળ એવા શુભભાવનું કારણ બને તેવો ક્ષયોપશમભાવનો કર્મનો વિપાક હતો. તેથી અર્થથી બુદ્ધિપૂર્વકનો જ તે વિપાક હતો, આથી જ શુભાનુબંધનું કારણ બન્યો.

આ પ્રમાણે નિર્જરાનું પારમાર્થિક સ્વરૂપ વિચારવાથી મુનિ કર્મનિર્જરાનું કારણ બને તે પ્રકારે બુદ્ધિ-પૂર્વકના યત્નવાળા થઈને સંસારના ઉચ્છેદમાં યત્નવાળા થાય એ પ્રકારે નિર્જરાની અનુપ્રેક્ષા કરે છે= નિર્જરાના પારમાર્થિક સ્વરૂપનું સૂક્ષ્મ અનુપ્રેક્ષણ કરે છે, જેથી ગુણનું કારણ એવી નિર્જરામાં ઉદ્યમ થાય છે. ૯॥

ભાષ્ય :-

पञ्चास्तिकायात्मकं विविधपरिणाममुत्पत्तिस्थित्यन्यताऽनुग्रहप्रलययुक्तं लोकं चित्रस्वभावमनुचिन्त-येत्, एवं ह्यस्य चिन्तयतस्तत्त्वज्ञानविशुद्धिर्भवतीति लोकानुप्रेक्षा १०।।

ભાષ્યાર્થ :-

पञ्चास्तिकायात्मकं ..... लोकानुप्रेक्षा ।। પંચાસ્તિકાયાત્મક વિવિધ પરિણામવાળા, ઉત્પત્તિ, સ્થિતિ, અન્યતા, અનુગ્રહ અને પ્રલયયુક્ત ચિત્ર સ્વભાવવાળા લોકનું અનુચિંતવન કરે=સાધુ અનુચિંતવન કરે. આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, ચિંતવન કરતા એવા સાધુને તત્ત્વજ્ઞાનથી વિશુદ્ધિ થાય છે. એ પ્રકારે લોકઅનુપ્રેક્ષા છે. ૧૦॥

ભાવાર્થ :-

(૧૦) લોકઅનુપ્રેક્ષા :-

સાધુ સમિતિ, ગુપ્તિ અને દશવિધ યતિધર્મનું પાલન કરીને સંવૃત પરિણામવાળા હોય છે, જેના બળથી આત્માના નિરાકુળ સ્વભાવમાં સ્થિર થવા માટે સદા ઉદ્યમ કરનારા હોય છે. આત્મામાં સ્થિર થવા માટે તત્ત્વજ્ઞાનની વિશુદ્ધિ આવશ્યક છે. તેથી તત્ત્વના યથાર્થ અવલોકનરૂપ પંચાસ્તિકાયાત્મક લોકને સ્મૃતિમાં ઉપસ્થિત કરે છે અને કઈ રીતે આ પંચાસ્તિકાયાત્મક લોક અનાદિ કાળથી સુસ્થિત છે ? તેની ઉપસ્થિતિ

કરે છે. પંચાસ્તિકાયમય લોકવર્તી સર્વ પદાર્થો કઈ રીતે વિવિધ પ્રકારના પરિણામને પામે છે ? તેનું સૂક્ષ્મ આલોચન કરે છે, જેથી જીવ દેહાદિ સાથે સંબંધિત થઈને કઈ રીતે વિવિધ પરિણામો કરે છે ? પુદ્ગલો જીવ સાથે સંબંધિત થઈને કઈ રીતે વિવિધ પરિણામો પામે છે ? તેનું ચિંતવન કરે છે. વળી પુદ્ગલો પરમાણુરૂપે પણ બને છે અને સ્કંધોરૂપે પણ બને છે ત્યારે કઈ રીતે વિવિધ પરિણામ પામે છે ? જીવ અને પુદ્ગલ સાથે સંબંધિત થઈને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય કઈ રીતે વિવિધ પરિણામ પામે છે ? તે સર્વનું જિનવચન અનુસાર સુસાધુ ચિંતવન કરે છે.

વળી જેમ પદાર્થો વિવિધ પરિણામ પામે છે તેમ સતત નવા નવા પર્યાયરૂપે પદાર્થોની ઉપસ્થિતિ થાય છે, તેનું ચિંતવન સાધુ કરે છે. જીવ તે તે નિમિત્તે તે તે ભાવોરૂપે ઉત્પન્ન થાય છે જેના કારણે તે તે કર્મો સાથે બંધાઈને કે તે તે કર્મોને પરિણામાંતરરૂપે પરિણામ પમાડીને કે તે તે કર્મોની નિર્જરા કરીને કઈ રીતે જીવમાં તે તે ભાવોની ઉત્પત્તિ થાય છે ? તેનું સાધુ ચિંતવન કરે છે. વળી પરમાણુમાં અને સ્કંધોમાં પણ તે તે ભાવોની કઈ રીતે ઉત્પત્તિ થાય છે ? તેનું ચિંતવન કરે છે.

વળી જેમ તે તે ભાવસ્વરૂપે પદાર્થની ઉત્પત્તિ છે તેમ દરેક પદાર્થો દ્રવ્યસ્વરૂપે સ્થિતિવાળા છે. તેથી દરેક દ્રવ્યોની કયા સ્વરૂપે સ્થિતિ છે ? તેનું પણ સૂક્ષ્મ અવલોકન થાય તે પ્રકારે પંચાસ્તિકાયાત્મક લોકનું ચિંતવન સાધુ કરે છે.

વળી દરેક દ્રવ્યોમાં પરસ્પર અન્યતા છે અર્થાત્ કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યરૂપે થતું નથી, પરંતુ સદા અન્ય દ્રવ્યથી અન્ય સ્વરૂપે જ રહે છે. તેમ જ દરેક દ્રવ્યમાં વર્તતા પૂર્વ પૂર્વના ભાવો અન્યરૂપે થાય છે ત્યારે તે ભાવમાં પૂર્વ ભાવ કરતાં અન્યતાસ્વરૂપ જે ભાવ છે તે પદાર્થના વિનાશ સ્વરૂપ છે. આ પ્રકારે સૂક્ષ્મ વિચારવાથી શરીરના પુદ્ગલદ્રવ્યથી કે સ્વજનાદિથી પોતાનામાં વર્તતા અન્યતાભાવનો સ્પષ્ટ બોધ થાય છે. જેથી મૂઢદૃષ્ટિને કારણે જે બાહ્ય પદાર્થો સાથે અભેદબુદ્ધિ થાય છે તેને ક્ષીણ કરે તેવું સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન થાય છે. વળી પોતાના પ્રતિક્ષણ થતા અન્યતાભાવના નિરીક્ષણથી નવા નવા સૂક્ષ્મ પર્યાયોનો સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધ થાય છે. તે રીતે પુદ્ગલમાં કે ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોમાં પણ પ્રતિક્ષણ વર્તતા અન્ય અન્યરૂપે થતા ભાવોનું અવલોકન કરવામાં આવે તો સર્વ દ્રવ્યોને કઈ રીતે અન્ય-અન્યરૂપે ભાવો થાય છે ? તેનો સૂક્ષ્મ બોધ થાય છે. આવો સૂક્ષ્મ બોધ થવાથી જીવ સમ્યગ્જ્ઞાન કરીને પોતાના હિતાનુકૂળ ઉચિત પ્રવૃત્તિ કરવા સમર્થ બને છે.

વળી પંચાસ્તિકાયાત્મક લોકમાં રહેલા પદાર્થો કઈ રીતે પરસ્પર અનુગ્રહ કરે છે ? અને કઈ રીતે પ્રલય કરે છે ? તેનું પણ સૂક્ષ્મ ચિંતવન સાધુએ કરવું જોઈએ. પોતાનો આત્મા જ સમ્યગ્જ્ઞાનનું દૃઢ અવલંબન લઈને જેમ જેમ સૂક્ષ્મ-સૂક્ષ્મતર સમ્યગ્જ્ઞાનને પ્રાપ્ત કરે છે તેમ તેમ પોતાના આત્માને અનુગ્રહ કરે છે. તે જ આત્મા મોહને વશ થઈને મૂઢની જેમ યથાતથા વિપરીત જ્ઞાન કરે છે ત્યારે પોતાનો વિનાશ કરે છે, જે પ્રલય સ્વરૂપ છે.

વળી ઉપદેશક પણ યોગ્ય જીવોને સમ્યગ્જ્ઞાન કરાવીને અનુગ્રહ કરે છે અને મિથ્યાજ્ઞાન કરાવીને યોગ્ય

જીવોનો વિનાશ કરે છે. તે રીતે પુદ્ગલો પણ પરસ્પર કઈ રીતે અનુગ્રહ કરે છે ? અને કઈ રીતે પરસ્પર પ્રલય કરે છે ? અર્થાત્ વિનાશ કરે છે, તેનું સમ્યગ્ ચિંતવન સાધુ કરે છે.

વળી ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો પણ કઈ રીતે પુદ્ગલ આદિને કે જીવ આદિને ગતિ આદિમાં અનુગ્રહ કરનારા બને છે ? તેનું સૂક્ષ્મ ચિંતવન સાધુ કરે છે, જેથી પંચાસ્તિકાયમય લોક શ્રુતરૂપી ચક્ષુથી જે પ્રકારે ચિત્રસ્વભાવવાળો છે, તે પ્રકારે ચિત્રસ્વભાવનું ભાવન કરવાથી પદાર્થનો સમ્યગ્ બોધ થાય છે. જેનાથી મહાત્માને તત્ત્વજ્ઞાનની વિશુદ્ધિ થાય છે અર્થાત્ પૂર્વમાં જે શ્રુત દ્વારા તત્ત્વનું જ્ઞાન સૂક્ષ્મ થયેલું તે જ જીવાદિ તત્ત્વનું જ્ઞાન સૂક્ષ્મ મર્મસ્પર્શી થવાથી તત્ત્વજ્ઞાનની વિશુદ્ધિ થાય છે. જેનાથી તે મહાત્માનો સંવરભાવ અતિશયિત થાય છે.

વળી સંવરભાવના અત્યંત અર્થી એવા અવિરત સમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિધર શ્રાવકો સ્વ ઉચિત ભૂમિકા અનુસાર ઉચિતકાળે લોકસ્વરૂપનું અનુપ્રેક્ષણ કરે છે, જેનાથી પંચાસ્તિકાયમય લોકના વિવિધ ભાવોને સમ્યગ્ રીતે જોઈને પૂર્વના કરતાં સૂક્ષ્મ તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત કરે છે. જેથી પોતાની ભૂમિકા અનુસાર ઉત્તર ઉત્તરના સંવરને પ્રાપ્ત કરે છે. માટે સંવરભાવના અર્થીએ માર્ગાનુસારી બુદ્ધિપૂર્વક લોકસ્વરૂપનું તે રીતે ચિંતવન કરવું જોઈએ, જેથી સંસારના વાસ્તવિક નિરીક્ષણને અનુકૂળ સૂક્ષ્મ પ્રજ્ઞા અતિશયિત થાય અને મોહથી આકુળ થઈને જગતના પદાર્થોને જોવાની મૂઢદૃષ્ટિ ક્ષીણ-ક્ષીણતર થાય, જે લોકના સૂક્ષ્મ અનુપ્રેક્ષણનું ફળ છે. **૧૦॥**

ભાષ્ય :-

अनादौ संसारे नरकादिषु तेषु तेषु भवग्रहणेष्वनन्तकृत्वः परिवर्तमानस्य जन्तोर्विविधदुःखाभिहतस्य मिथ्यादर्शनाद्युपहतमतेर्ज्ञानदर्शनावरणमोहान्तरायोदयाभिभूतस्य सम्यग्दर्शनादिविशुद्धो बोधिर्दुर्लभो भवतीत्यनुचिन्तयेत्, एवं ह्यस्य बोधिदुर्लभत्वमनुचिन्तयतो बोधिं प्राप्य प्रमादो न भवतीति बोधिदुर्लभत्वानुप्रेक्षा ११।।

ભાષ્યાર્થ :-

अनादौ ..... बोधिदुर्लभत्वानुप्रेक्षा ।। અનાદિ સંસારમાં નરકાદિરૂપ તે ભવગ્રહણોમાં અનંતી વખત વિવિધ દુઃખથી હણાયેલા પરિવર્તમાન મિથ્યાદર્શનાદિથી ઉપહત મતિ હોવાને કારણે, જ્ઞાન-દર્શનના આવરણ અને મોહ-અંતરાયના ઉદયથી અભિભૂત એવા જીવને સમ્યગ્દર્શનાદિથી વિશુદ્ધ એવી બોધિ દુર્લભ છે, એ પ્રમાણે સાધુ અનુચિંતવન કરે. આ પ્રમાણે બોધિદુર્લભનું અનુચિંતવન કરતા સાધુને બોધિને પ્રાપ્ત કરીને પ્રમાદ થતો નથી, એ પ્રકારે બોધિદુર્લભત્વનું અનુપ્રેક્ષણ છે. ૧૧।।

ભાવાર્થ :-

(૧૧) બોધિદુર્લભઅનુપ્રેક્ષા :-

બોધિ એ જિનધર્મની પ્રાપ્તિ છે. તે જિનધર્મની પ્રાપ્તિ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રના

પરિણામથી વિશુદ્ધ બને, ત્યારે સર્વ કલ્યાણોની પ્રાપ્તિ થાય છે. ચાર ગતિઓમાં ભટકી અનંતી વખત ગતિઓનું પરાવર્તન કરતાં અનેક પ્રકારનાં દુઃખોથી હણાયેલા જીવને મિથ્યાદર્શન આદિથી હણાયેલી મતિ હોય છે, જેના કારણે પોતાનું હિત શું છે ? અને પોતાનું અહિત શું છે ? તેના પારમાર્થિક સ્વરૂપને જોવાને અનુકૂળ એવા જ્ઞાનનું અને દર્શનનું આવરક કર્મ ઉદયમાં વર્તે છે. તેથી અજ્ઞાનથી ઉપહત મતિવાળો જીવ તત્ત્વને જોઈ શકતો નથી. તેની પાસે જે કાંઈ જ્ઞાન વિદ્યમાન છે તે મોહના ઉદયને કારણે વિકૃત થયેલું છે અને અંતરાયના ઉદયને કારણે આત્મહિતની પ્રવૃત્તિ અભિભૂત થયેલી છે. તેથી રત્નત્રયીથી વિશુદ્ધ એવી બોધિ=સમ્યગ્દર્શન આદિથી વિશુદ્ધ જિનધર્મની પ્રાપ્તિ, સંસારી જીવો ક્યારેય પ્રાપ્ત કરી શકતા નથી અને કોઈક રીતે પ્રાપ્ત થયેલી બોધિ હોય તોપણ તે જીવ પ્રમાદવશ હારી જાય છે. આ પ્રકારે સૂક્ષ્મ બુદ્ધિથી જે મહાત્માઓ ભાવન કરે છે તેઓ પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિથી ગુપ્ત હોવા છતાં અને દશ પ્રકારના યતિધર્મમાં ઉદ્યમ કરનારા હોવા છતાં પ્રાપ્ત થયેલ બોધિના દુર્લભપણાના ચિંતવનને કારણે જિનધર્મને પામીને પ્રમાદ વગર સતત સૂક્ષ્મ બોધથી નિયંત્રિત ઉચિત કૃત્ય કરવા માટે ઉત્સાહિત થાય છે. જેથી રત્નત્રયીની વૃદ્ધિ દ્વારા સંવરના અતિશયને પ્રાપ્ત કરે છે.

જેઓ હૈયાને અત્યંત સ્પર્શે તે રીતે બોધિદુર્લભભાવના કરે છે તેઓ અવશ્ય સર્વ અતિચારના પરિહાર-પૂર્વક નિરતિચાર ચારિત્રના પાલનને અનુકૂળ ઉલ્લાસ પામતા વીર્યવાળા થાય છે. જેથી વર્તમાનમાં તે પ્રકારના દૃઢ ઉપયોગનું સામર્થ્ય ન હોવાને કારણે વારંવાર આચરણામાં સ્ખલના થતી હોવા છતાં બોધિદુર્લભ ભાવનાના બળથી ઉલ્લસિત થયેલા વીર્યવાળા તે મહાત્મા સદા સ્વશક્તિ અનુસાર તે તે અનુષ્ઠાનમાં થતી સ્ખલનાઓને દૂર કરીને અસ્ખલિત રત્નત્રયીના ઉદ્યમવાળા થાય છે. આ રીતે બોધિદુર્લભઅનુપ્રેક્ષા કરીને સુસાધુ સંવરના અતિશય દ્વારા સંયમના કંડકોની વૃદ્ધિમાં સમર્થ બને છે.

વળી અવિરત સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિધર શ્રાવકો પણ જિનધર્મની પ્રાપ્તિવાળા છે. તેથી પ્રાપ્ત થયેલા જિનધર્મને અત્યંત સફળ કરવાર્થે વિચારે છે કે તત્ત્વના સૂક્ષ્મ અવલોકનરૂપ સમ્યગ્દર્શન, તત્ત્વના મર્મને પ્રાપ્ત કરાવે એવું, સૂક્ષ્મ તત્ત્વને સ્પર્શનાર સમ્યગ્જ્ઞાન અને તત્ત્વના ભાવોને સ્પર્શે એવું સમ્યક્ચારિત્ર; તેનાથી વિશુદ્ધ એવા જિનધર્મની પ્રાપ્તિરૂપ બોધિ અત્યંત દુર્લભ છે. તેથી તે પ્રકારે ભાવન કરીને પ્રાપ્ત થયેલા જિનધર્મને સ્વશક્તિ અનુસાર સફળ કરવાર્થે અપ્રમાદવાળા થાય છે. જેથી સતત સર્વવિરતિને અનુકૂળ બળનો સંચય થાય તે પ્રકારે સ્વભૂમિકાનુસાર અપ્રમાદથી ઉચિત કર્તવ્યો કરનારા બને છે. આ રીતે બોધિની દુર્લભતાનું સૂક્ષ્મ અનુપ્રેક્ષણ કરીને મહાત્માઓ યોગમાર્ગમાં વિઘ્નકારી કર્મોની શક્તિને સતત ક્ષીણ કરે છે. **૧૧॥**

ભાષ્ય :-

'सम्यग्दर्शनद्वारः पञ्चमहाव्रतसाधनो द्वादशाङ्गोपदिष्टतत्त्वो गुप्त्यादिविशुद्धव्यवस्थानः संसार-निर्वाहको निःश्रेयसप्रापको भगवता परमर्षिणा अर्हता अहो स्वाख्यातो धर्म !' इत्येवमनुचिन्तयेत्,

एवं ह्यस्य धर्मस्वाख्यातत्वमनुचिन्तयतो मार्गाच्यवने तदनुष्ठाने च व्यवस्थानं भवतीति धर्मस्वाख्यातत्वानुचिन्तनानुप्रेक्षा १२।। ।।९/७।।

ભાષ્યાર્થ :-

सम्यग्दर्शनद्वारः ..... अनुप्रेक्षा ।। 'સમ્યગ્દર્શનરૂપ દ્વારવાળો, પાંચ મહાવ્રતરૂપ સાધનવાળો, દ્વાદશાંગથી ઉપદિષ્ટ તત્ત્વવાળો, ગુપ્તિ આદિથી વિશુદ્ધરૂપે વિશેષથી અવસ્થાનવાળો, સંસારનો નિર્વાહક=સંસારથી નિસ્તારને કરનારો, નિઃશ્રેયસનો પ્રાપક=મોક્ષનો પ્રાપક, ભગવાન પરમર્ષિ એવા અરિહંત વડે અહો=આશ્ચર્ય છે કે સુંદર આખ્યાત ધર્મ છે !' એ પ્રમાણે સાધુ અનુચિંતવન કરે. આ રીતે ધર્મના સુઆખ્યાતત્વનું ચિંતવન કરતા સાધુને માર્ગના અચ્યવનમાં અને તેના અનુષ્ઠાનમાં=સુઆખ્યાત એવા ધર્મના અનુષ્ઠાનભૂત પાંચ મહાવ્રતરૂપ સાધનમાં, વ્યવસ્થાન થાય છે. એ રૂપે ધર્મ સુઆખ્યાતત્વના અનુચિંતવનરૂપ અનુપ્રેક્ષા છે. ૧૨।। ।।૯/૭।।

ભાવાર્થ :-

(૧૨) ધર્મસુઆખ્યાતભાવના :-

ભગવાને સુંદર ધર્મ કહ્યો છે, તેનું અનુચિંતવન સાધુ કરે છે જેના બળથી સંવરનો અતિશય થાય છે.

કઈ રીતે ભગવાન વડે કહેવાયેલો ધર્મ સુંદર છે ? તે સ્પષ્ટ કરતાં ભાષ્યકારશ્રી કહે છે –

સમ્યગ્દર્શન આત્મક દ્વારવાળો ધર્મ છે. જેણે દેહાદિથી ભિન્ન આત્માની પારમાર્થિક મુક્ત અવસ્થાનું સ્વરૂપ જાણ્યું છે અને તેની પ્રાપ્તિનો ઉપાય ગુપ્તિ આદિ સ્વરૂપ ધર્મ છે તેવો સ્પષ્ટ બોધ કર્યો છે તે સમ્યગ્દર્શન છે અને તે ધર્મમાં પ્રવેશનું દ્વાર છે; કેમ કે પદાર્થનું યથાર્થ દર્શન થવાથી જીવ આત્માની શુદ્ધ અવસ્થાનો અને તેના ઉપાયની પ્રાપ્તિનો અત્યંત અર્થી થાય છે. તે અર્થિતારૂપ જ સમ્યગ્દર્શન છે. માટે સમ્યગ્દર્શન આત્મક દ્વારવાળો ધર્મ છે.

વળી ભગવાને બતાવેલો તે ધર્મ પાંચ મહાવ્રતોની આચરણાથી પ્રગટ થાય છે. તેથી જેઓ પાંચ મહાવ્રતોના યથાર્થ સ્વરૂપને જાણીને અત્યંત રુચિપૂર્વક તેની આચરણાઓને સેવે છે, તે આચરણાના બળથી તે આત્માઓમાં ભગવાને કહેલો ધર્મ આવિર્ભાવ પામે છે.

વળી તે ધર્મ દ્વાદશાંગીથી ઉપદિષ્ટ તત્ત્વવાળો છે; કેમ કે દ્વાદશાંગીના ઉપદેશનો સાર પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ છે. તેથી દ્વાદશાંગીથી બતાવાયેલ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સ્વરૂપ તે ધર્મ છે. વળી મુનિ ત્રણ ગુપ્તિથી ગુપ્ત છે અને પાંચ સમિતિથી સમિત છે. દ્વાદશાંગીના અવલંબનથી સતત સમિતિ-ગુપ્તિને જ અતિશયિત કરે છે અને આ સમિતિ-ગુપ્તિની વિશુદ્ધિને કારણે મુનિના આત્મામાં વિશેષરૂપે અવસ્થાન થયેલ ધર્મ છે=મોહની અનાકુળતા સ્વરૂપ અવસ્થાન પામેલ ધર્મ છે.

વળી તે ધર્મ સંસારથી નિસ્તારને કરનારો છે; કેમ કે સંસારના કારણીભૂત કર્મો જે અધ્યવસાયથી બંધાય છે તેના વિરુદ્ધ અધ્યવસાયરૂપ હોવાથી ધર્મ સંસારના ઉચ્છેદને કરનારો છે. વળી આત્મામાં પ્રગટ થયેલો

ધર્મ નિઃશ્રેયસનો પ્રાપક છે=સર્વ કર્મ રહિત અવસ્થાનો પ્રાપક છે; કેમ કે સર્વકર્મરહિત અવસ્થા જેમ અંતરંગ અને બહિરંગ સર્વ સંગ રહિત છે તેમ ભગવાને કહેલો ધર્મ અસંગ પરિણતિને ઉલ્લસિત કરાવીને સંગ વગરની અવસ્થાની પ્રાપ્તિનું કારણ બને છે.

આશ્ચર્ય એ છે કે આવો સુંદર ધર્મ ભગવાન પરમર્ષિ વડે કહેવાયો છે. આ પ્રકારે મહાત્મા અનુચિંતવન કરીને સમિતિ-ગુપ્તિના પરિણામરૂપ ધર્મમાં અત્યંત સ્થિર થવા યત્ન કરે છે.

આ પ્રકારે ધર્મના સૂક્ષ્મ સ્વરૂપના ચિંતવનથી મહાત્માઓને ગુણસ્થાનકરૂપ મોક્ષમાર્ગમાંથી પાત કરાવનારાં વિઘ્નકારી કર્મો દૂર થાય છે. તેથી પ્રાપ્ત થયેલા માર્ગમાંથી અચ્યવનની પ્રાપ્તિ થાય છે અને સમિતિ-ગુપ્તિ આદિરૂપ જીવની પરિણતિરૂપ ધર્મની પ્રાપ્તિ પ્રત્યે બલવાન કારણરૂપ પાંચ મહાવ્રતોના પાલનમાં દૃઢ ઉદ્યમ થાય છે. તેથી સાધુએ ધર્મ સુઆખ્યાતત્વનું પારમાર્થિક સ્વરૂપ જે પ્રમાણે ભાષ્યકારશ્રીએ બતાવ્યું છે તે પ્રકારે તે સ્વરૂપનું વારંવાર અનુચિંતવન કરીને તેના પારમાર્થિક સ્વરૂપનું સૂક્ષ્મ અનુપ્રેક્ષણ કરવું જોઈએ, જેથી સુખપૂર્વક સમિતિ-ગુપ્તિનો પ્રકર્ષ સદા પ્રાપ્ત થાય અને પ્રાપ્ત થયેલો સંવરભાવ અતિશય-અતિશયતર થયા કરે.

વળી અવિરત સમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિધર શ્રાવકો પણ ભગવાને કહેલા સુઆખ્યાત ધર્મના અત્યંત અર્થી છે, તેથી પોતાના ચિત્તની ભૂમિકાનુસાર ઉચિતકાળે પ્રસ્તુતમાં ભાષ્યકારશ્રીએ બતાવ્યું તે પ્રકારના સ્વરૂપને સૂક્ષ્મ બુદ્ધિથી વિચારે તો તેઓને પણ સમિતિ-ગુપ્તિરૂપ ભાવસાધુપણાની પ્રાપ્તિના પ્રતિબંધક કર્મોના નાશ દ્વારા ચારિત્રની પ્રાપ્તિ સુલભ બને છે. ફળસ્વરૂપે પોતે જે ગુણસ્થાનકના ધર્મનું સેવન કરે છે તે માર્ગથી અચ્યવનની પ્રાપ્તિ થાય છે અને પાંચ મહાવ્રતને અનુકૂળ ઉત્તરોત્તરના ગુણસ્થાનકની પ્રવૃત્તિના અનુષ્ઠાનમાં દૃઢ ઉદ્યમ થાય છે; કેમ કે જેમ જેમ ભગવાને કહેલા સુંદર ધર્મના સ્વરૂપથી ચિત્ત વાસિત બને છે તેમ તેમ તેની પ્રાપ્તિનો ઉત્સાહ ચિત્તમાં વધે છે. ઉત્સાહિત થયેલું ચિત્ત તેની પ્રાપ્તિના ઉચિત ઉપાયોમાં દૃઢ ઉદ્યમ કરાવીને શીઘ્ર ભાવસાધુપણાની પ્રાપ્તિનું કારણ બને છે. આથી જ અવિરત સમ્યગ્દૃષ્ટિ પણ અત્યંત ઉપયોગપૂર્વક ધર્મસુઆખ્યાતત્વનું અનુચિંતવન કરે તો, ઉલ્લસિત થયેલું વીર્ય તત્કાલ ચારિત્રની પરિણતિનું કારણ બને છે. આ વીર્ય અતિશય ઉલ્લસિત થાય તો ક્ષપકશ્રેણિનું પણ કારણ બને છે. માટે અપ્રમાદપૂર્વક ધર્મસુઆખ્યાતત્વનું અનુચિંતવન ઉચિતકાળે સદા કરવું જોઈએ. **૧૨॥ ॥૯/૭॥**

ભાષ્ય :-

उक्ता अनुप्रेक्षाः, परीषहान् वक्ष्यामः –

ભાષ્યાર્થ :-

અનુપ્રેક્ષા કહેવાઈ. હવે પરિષહોને અમે કહીશું –

ભાવાર્થ :-

સૂત્ર-૨માં કહ્યું કે ગુપ્તિ-સમિતિ-અનુપ્રેક્ષા-પરિષહજય અને ચારિત્રથી સંવરની પ્રાપ્તિ થાય છે. તેથી

ગુપ્તિ આદિના ક્રમથી અનુપ્રેક્ષા સુધીના સંવરના ઉપાયોને અત્યાર સુધી બતાવ્યા. હવે પરિષહજયરૂપ ઉપાયો બતાવે છે –

सूत्र :-

मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्याः परीषहाः ।।९/८।।

सूत्रार्थ :-

માર્ગના અચ્યવન અને નિર્જરા માટે પરિષહો સહન કરવા જોઈએ. ।।૯/૮।।

भाष्य :-

सम्यग्दर्शनादेर्मोक्षमार्गादच्यवनार्थं कर्मनिर्जरार्थं च परिषोढव्याः परीषहा इति ।।९/८।।

भाष्यार्थ :-

सम्यग्दर्शनादेः ..... इति ।। સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગથી અચ્યવન માટે=અપાત માટે, અને કર્મ-નિર્જરા માટે પરિષહો સહન કરવા જોઈએ.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ માટે છે. ।।૯/૮।।

भावार्थ :-

સાધુ સ્વભૂમિકાનુસાર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની વૃદ્ધિ થાય એ રીતે સૂત્રપોરિસી આદિ સર્વ સંયમનાં ઉચિત અનુષ્ઠાનો સેવે છે, જેનાથી રત્નત્રયીની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે; પરંતુ કોઈક નિમિત્તથી કોઈક પરિષહો પ્રાપ્ત થાય ત્યારે તે પ્રતિકૂળ સંયોગોમાં ચિત્ત રત્નત્રયીની વૃદ્ધિના ઉપાયોને છોડીને તે પ્રતિકૂળ ભાવોમાં વ્યગ્ર થાય છે, જેથી રત્નત્રયીની વૃદ્ધિરૂપ મોક્ષમાર્ગથી સાધુનો પાત થાય છે. તે પાતથી રક્ષણ માટે ઉપસ્થિત થયેલા પરિષહોની ઉપેક્ષા કરીને દૃઢ પ્રણિધાનપૂર્વક રત્નત્રયીની વૃદ્ધિના ઉચિત વ્યાપારમાં યત્ન કરવો જોઈએ, જે માર્ગના અચ્યવન માટે પરિષહના જય સ્વરૂપ છે.

વળી સાધુ સમભાવના કંડકોની વૃદ્ધિના અર્થી છે. સમભાવના કંડકોની વૃદ્ધિના પ્રતિકૂળ ભાવોમાં પણ અપ્રમાદભાવથી યત્ન કરવામાં આવે તો વિશેષ પ્રકારના સમભાવની વૃદ્ધિ થાય છે; કેમ કે પ્રતિકૂળ સંયોગમાં પણ સંયમના કંડકનો પ્રયત્ન થઈ શકે તેવો બળસંચય જેઓને થયો નથી તેઓ પ્રતિકૂળ ભાવોથી દૂર રહીને સંયમમાં ઉદ્યમ કરી શકે છે; પરંતુ જેઓને સંયમમાં કરાયેલા ઉદ્યમના બળથી વિશેષ શક્તિનો સંચય થયો છે તેવા મહાત્માઓ સામેથી ક્ષુધાદિ પરિષહોને વેઠીને પણ રત્નત્રયીની વૃદ્ધિમાં યત્ન કરવા સમર્થ બને છે. તે વખતે પ્રતિકૂળ સંયોગમાં પણ દૃઢ ઉદ્યમ કરીને સમભાવમાં જે મહાત્મા રહી શકે છે તે મહાત્માને વિશેષ પ્રકારના સમભાવના પ્રતિબંધક કર્મોની નિર્જરા થાય છે, જેનાથી ગુણસ્થાનકની અત્યંત વૃદ્ધિ થાય છે. તેથી નિર્જરાના અર્થી સાધુએ સ્વભૂમિકાનું અને પોતાનામાં

સંચિત થયેલા બળનું સમાલોચન કરીને નિર્જરાની પ્રાપ્તિનું કારણ જણાય તેવા પરિષહોને સહન કરવા ઉદ્યમ કરવો જોઈએ. ॥૯/૮॥

ભાષ્ય :-

तद्यथा –

ભાષ્યાર્થ :-

તે આ પ્રમાણે છે=પૂર્વસૂત્રમાં કહ્યું કે પરિષહ સહન કરવા જોઈએ તે પરિષહો આ પ્રમાણે છે –

સૂત્ર :-

क्षुत्पिपासाशीतोष्णदंशमशकनाग्न्यारतिस्त्रीचर्यानिषद्याशय्याऽऽक्रोशवध-याचनाऽलाभरोगतृणस्पर्शमलसत्कारपुरस्कारप्रज्ञाऽज्ञानादर्शनानि ।।९/९।।

સૂત્રાર્થ :-

क्षुत्=क्षुधा, पिपासा=तृषा, शीत, उष्ण, दंशमशक=दंश देनारा मच्छरो, नाग्न्य, अरति, स्त्री=स्त्रीपरिषह, चर्या=चर्यापरिषह, निषधा, शय्या, आक्रोश, वध, याचना, अलाभ, रोग, तृणस्पर्श, मल, सत्कारपुरस्कार, प्रज्ञा, अज्ञान, अदर्शन. ॥९/९॥

ભાષ્ય :-

क्षुत्परीषहः १, पिपासा २, शीतं ३, उष्णं ४, दंशमशकं ५, नाग्न्यं ६, अरतिः ७, स्त्रीपरीषहः ८, चर्यापरीषहः ९, निषद्या १०, शय्या ११, आक्रोशः १२, वधः १३, याचनं १४, अलाभः १५, रोगः १६, तृणस्पर्शः १७, मलं १८, सत्कारपुरस्कारः १९, प्रज्ञाऽज्ञाने २०-२१, अदर्शनपरीषहः २२ इति । एते द्वाविंशतिर्धर्मविघ्नहेतवो यथोक्तं प्रयोजनमभिसन्धाय रागद्वेषौ निहत्य परीषहाः परीषोढव्या भवन्ति, पञ्चानामेव कर्मप्रकृतीनामुदयादेते परीषहाः प्रादुर्भवन्ति, तद्यथा—ज्ञानावरण-वेदनीयदर्शनचारित्रमोहनीयान्तरायाणामिति ।।९/९।।

ભાષ્યાર્થ :-

क्षुत्परीषहः ..... अन्तरायाणामिति ।। ક્ષુધાપરિષહ ૧, પિપાસાપરિષહ ૨, શીતપરિષહ ૩, ઉષ્ણ-પરિષહ ૪, દંશમશકપરિષહ ૫, નાગ્ન્યપરિષહ ૬, અરતિપરિષહ ૭, સ્ત્રીપરિષહ ૮, ચર્યાપરિષહ ૯, નિષદ્યાપરિષહ ૧૦, શય્યાપરિષહ ૧૧, આક્રોશપરિષહ ૧૨, વધપરિષહ ૧૩, યાચનાપરિષહ ૧૪, અલાભપરિષહ ૧૫, રોગપરિષહ ૧૬, તૃણસ્પર્શપરિષહ ૧૭, મલપરિષહ ૧૮, સત્કારપુરસ્કાર-પરિષહ ૧૯, પ્રજ્ઞાપરિષહ ૨૦, અજ્ઞાનપરિષહ ૨૧, અદર્શનપરિષહ ૨૨. આ બાવીશ=આ બાવીશ ધર્મના વિઘ્ન એવા પરિષહો, યથોક્ત પ્રયોજનનું અભિસંધાન કરીને=સૂત્ર-૮માં કહેલ માર્ગનું અચ્યવન

અને નિર્જરારૂપ પ્રયોજનનું અભિસંધાન કરીને, રાગદ્વેષનું નિહનન કરીને=તે તે પરિષહોમાં સંભવિત એવા રાગ-દ્વેષનું નિહનન કરીને, સહન કરવા જોઈએ.

પાંચ જ કર્મપ્રકૃતિના ઉદયથી આ પરિષહો પ્રાદુર્ભાવ પામે છે. તે આ પ્રમાણે – જ્ઞાનાવરણીય, વેદનીય, દર્શનમોહનીય, ચારિત્રમોહનીય અને અંતરાય; એ પ્રકારની પાંચ જ કર્મપ્રકૃતિના ઉદયથી આ પરિષહો થાય છે, એમ અન્વય છે. ॥૯/૯॥

ભાવાર્થ :-

(૧) ક્ષુધાપરિષહ :-

સાધુએ સંયમના કંડકોની અસ્ખલિત વૃદ્ધિના પ્રયોજનથી સંયમમાં ઉદ્યમ કરવો જોઈએ. તે ઉદ્યમમાં બાધક કર્મો પ્રયત્નનો અવરોધ કરે છે અને પ્રયત્નનો નાશ પણ કરે છે. તેથી જે સાધુ સ્વશક્તિ અનુસાર સંયમમાં ઉદ્યમ કરતા હોય તેમને ક્ષુધા-પિપાસાદિ પરિષહો પ્રાપ્ત થાય તો સંયમના કંડકોની વૃદ્ધિનો વ્યાઘાત થાય છે અને ક્યારેક સંયમથી પાત પણ થાય છે. આથી જ સાધુને છ કારણે ભિક્ષા ગ્રહણ કરવાની વિધિ છે. તેથી ક્ષુધાપરિષહ સંયમમાં વ્યાઘાતક જણાય ત્યારે, સાધુ ઉચિત વિધિપૂર્વક ભિક્ષા ગ્રહણ કરીને ક્ષુધાપરિષહને દૂર કરે છે તોપણ વિશેષ પ્રકારના ગુણસ્થાનકની શક્તિના સંચય અર્થે સાધુએ સ્વભૂમિકા અનુસાર ક્ષુધાનો જય કરવો જોઈએ. જેથી અમુક મર્યાદા સુધીના ક્ષુધાકાળમાં પણ સંયમના યત્નની સ્ખલના થાય નહીં. જેઓએ અત્યંત ક્ષુધાપરિષહનો જય કર્યો છે એવા મહાત્માઓ નિર્દોષ ભિક્ષા ન મળે તો પ્રાણના નાશ સુધીની ક્ષુધામાં પણ ક્ષોભ પામ્યા વગર ગુણસ્થાનકની વૃદ્ધિ કરી શકે છે. આથી જ અણસણ વખતે ક્ષુધાપરિષહની ઉપેક્ષા કરીને સંયમના કંડકોમાં શ્રુતના બળથી યત્ન કરી શકે તેવા મહાત્માઓ અંત સમયે સર્વ આહારનો ત્યાગ કરીને વિશેષ પ્રકારે ક્ષુધાપરિષહના જય દ્વારા વિશિષ્ટ નિર્જરાની પ્રાપ્તિ કરે છે.

(૨) પિપાસાપરિષહ :-

વળી પિપાસાથી આર્ત થયેલ જીવ પણ સંયમમાં યત્ન કરવા અસમર્થ બને છે. જેઓ પોતાની શક્તિ અનુસાર ક્ષુધા-પિપાસાદિ સહન કરવા તત્પર નથી પરંતુ ક્ષુધા લાગે ત્યારે તેના નિવારણમાં યત્નવાળા છે અને તૃષા લાગે ત્યારે તેના નિવારણમાં યત્નવાળા છે તેઓનું ચિત્ત હંમેશાં ક્ષુધા-તૃષાના નિવારણપૂર્વક શાતાનું અર્થી છે. જેનું ચિત્ત આ રીતે શાતામાં પ્રતિબંધવાળું હોય, તે સંયમની અન્ય ક્રિયાઓ દ્વારા પણ વીતરાગભાવથી આત્માને વાસિત કરવા સમર્થ બનતા નથી. તેથી વીતરાગતાના અર્થી સાધુએ સ્વશક્તિ અનુસાર ક્ષુધા-તૃષાની ઉપેક્ષા કરીને ક્ષુધા-તૃષા પ્રત્યે દ્વેષનો ત્યાગ કરવો જોઈએ અને ક્ષુધા-તૃષા રહિત શરીરની શાતારૂપ અવસ્થા પ્રત્યે રાગનો ત્યાગ કરીને સ્વભૂમિકા અનુસાર ક્ષુધા-તૃષા પરિષહનો જય કરવો જોઈએ. વળી, જે ક્ષુધા તથા તૃષા ગુણસ્થાનકની વૃદ્ધિમાં વ્યાઘાતક હોય, તેવી ક્ષુધા-તૃષાને પ્રાસુક તથા એષણીય આહાર-પાનાદિ દ્વારા વારણ કરવી જોઈએ.

(૩-૪) શીતપરિષહ-ઉષ્ણપરિષહ :-

જીવ સ્વભાવે શાતાનો અર્થી છે. તેથી અતિશીત અવસ્થામાં શીત પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થાય છે અને તાપ પ્રત્યે રાગ ઉત્પન્ન થાય છે; જ્યારે અતિ ગરમીમાં ગરમી પ્રત્યે દ્વેષ થાય છે અને શીત વાતાવરણની અર્થિતા થાય છે. તેનું નિવારણ કરીને સાધુએ શીતપરિષહ અને ઉષ્ણપરિષહ સ્વશક્તિ અનુસાર સહન કરીને તે બંને પરિષહોનો જય કરવો જોઈએ અર્થાત્ તે શીત-ઉષ્ણતાદિની ઉપેક્ષા કરીને સંયમના કંડકમાં થતા યત્નનો નાશ ન થાય તેવો યત્ન કરવો જોઈએ. વળી, સંયમની વૃદ્ધિનો ઉપાય જણાય તો સામેથી શીત-ઉષ્ણ પરિષહ સ્વીકારવા જોઈએ. જેમ વીરપ્રભુ ગ્રીષ્મઋતુમાં સૂર્યના તાપમાં ધ્યાન કરતા હતા અને શીતકાળમાં જ્યાં સૂર્યનાં કિરણોનો સ્પર્શ ન થાય તેવા સ્થાનમાં ધ્યાન કરતા હતા.

વળી જેઓ શીતપરિષહ અને ઉષ્ણપરિષહ શક્તિ અનુસાર સેવવા પ્રયત્ન કરતા નથી તથા શીતપરિષહ અને ઉષ્ણપરિષહ સહન કરીને રાગ-દ્વેષનું હનન કરવા યત્ન કરતા નથી તેઓને શાતાની અર્થિતા હોવાને કારણે સંયમની અન્ય ઉચિત પ્રવૃત્તિઓથી પણ સંયમની વૃદ્ધિ થતી નથી; પરંતુ શાતાનો પ્રતિબંધ ગુણસ્થાનકની વૃદ્ધિમાં બાધક બને છે. જેઓ શીતપરિષહ અને ઉષ્ણપરિષહ સહન કરે છે, છતાં તે પરિષહકાળમાં પરિષહ પ્રત્યે દ્વેષ ન થાય અને પરિષહના અવલંબનથી જ મધ્યસ્થભાવની વૃદ્ધિ થાય તેવો યત્ન કરતા નથી તેઓને પરિષહ સહન કરવાથી પણ સંવરની વૃદ્ધિ પ્રાપ્ત થતી નથી.

(૫) દંશમશકપરિષહ :-

વળી સાધુ જેમ ક્ષુધાદિ પરિષહોને શક્તિ અનુસાર સેવીને સંવરભાવની વૃદ્ધિ કરે છે તેમ દંશમશકપરિષહને સહન કરીને પણ સંવરભાવની વૃદ્ધિ કરે છે. પોતે સ્વાધ્યાય આદિ ઉચિત કૃત્ય કરતા હોય અને મચ્છરાદિના ઉપદ્રવને કારણે દંશ પ્રાપ્ત થતા હોય, ત્યારે વારંવાર તે દંશના ઉપયોગમાં ચિત્ત પ્રવર્તતું હોય તેના નિવારણ માટે જ સાધુ યત્ન કરે તો શાતાની અર્થિતાની પ્રાપ્તિ થાય. તેથી સાધુ શક્તિ અનુસાર દંશાદિની ઉપેક્ષા કરીને સ્વાધ્યાય આદિમાં લીન થવા યત્ન કરે છે, જેથી સમભાવની વૃદ્ધિ થાય છે.

(૬) નાગ્ન્યપરિષહ :-

વળી સાધુ નાગ્ન્યપરિષહને જીતીને પણ સમભાવની વૃદ્ધિ કરે છે. જીવને સ્વભાવથી પોતે વસ્ત્ર ધારણ કરી સુશોભિત દેખાય તેવી વૃત્તિ હોય છે. તે વૃત્તિના ઉચ્છેદ અર્થે સાધુ ફક્ત લોકમાં નગ્નતા ન દેખાય તે અર્થે જીર્ણ વસ્ત્રોનું પરિધાન કરે છે અને તે પણ શાસ્ત્રમર્યાદા અનુસાર પ્રમાણોપેત વસ્ત્ર ધારણ કરે છે. જેથી સાધુ વસ્ત્રરહિત છે તેવી જ પ્રતીતિ થાય છે. આવી પ્રતીતિ જે સાધુને લજ્જાસ્પદ લાગે તેઓ તેના પરિહાર અર્થે પોતે શોભાયમાન થાય તેવાં વસ્ત્રો ધારણ કરે છે, જેથી તેવી શોભાવાળી અવસ્થા પ્રત્યે મમત્વ થાય છે. સુસાધુ આ મમત્વના પરિહારાર્થે તેવા શોભાયુક્ત વસ્ત્રનો ત્યાગ કરે છે અને લોકમાં ધર્મનું લાઘવ ન થાય તે અર્થે પરિમિત જીર્ણ વસ્ત્રો ધારણ કરે છે, જેનાથી નાગ્ન્યપરિષહજય કરીને સમભાવની વૃદ્ધિ કરે છે.

(७) अरतिपरिषह :-

વળી સાધુ અરતિપરિષહનો જય કરીને સમભાવની વૃદ્ધિ કરે છે. અર્થાત્ અરતિના બાહ્ય નિમિત્તો પ્રાપ્ત થવા છતાં અરતિ મારો સ્વભાવ નથી એ પ્રકારે ભાવન કરીને તે તે પ્રતિકૂળ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં કે સાધ્વાચારની કષ્ટમય આચરણામાં અરતિ ન થાય તે પ્રકારે આત્માને ભાવિત કરે છે.

(૮) સ્ત્રીપરિષહ :-

વળી સાધુ સ્ત્રીપરિષહનો જય કરીને સમભાવની વૃદ્ધિ કરે છે. અર્થાત્ સ્ત્રી આદિના દર્શનમાં, તેના શબ્દશ્રવણમાં કે તેના હાવભાવની ઉપસ્થિતિમાં ચિત્ત સંશ્લિષ્ટ ન થાય તે પ્રકારે આત્માને અત્યંત વાસિત કરે છે, તેથી ક્યારેય સ્ત્રી આદિનું દર્શન થાય તોપણ કોઈ પ્રકારની ઉત્સુકતાથી જોવાને અભિમુખ પરિણામ થાય નહીં કે સ્ત્રીના મધુર આલાપો ચિત્તને આવર્જિત કરે તેવો પરિણામ થાય નહીં.

(૯) ચર્યાપરિષહ :-

વળી સાધુ ચર્યાપરિષહના જય અર્થે આત્માને ભાવિત કરે. ક્ષેત્રના પ્રતિબંધના વર્જન અર્થે સાધુ નવકલ્પી વિહાર કરે છે તે પ્રકારે માસે-માસે સ્થાનાંતર જવાને કારણે કોઈક સાધુને અરતિ થાય તો સાધુની ચર્યા તેના માટે પરિષહરૂપ બને છે, જેથી સંયમ મલિન બને છે. તે પ્રકારની મલિનતાના પરિહારાર્થે નવકલ્પી વિહારમાં ક્યાંય અરતિ કે દીનતા ન થાય તે રીતે અદીનભાવથી સાધુ સંયમની ચર્યા કરે છે, જેથી ચર્યાપરિષહનો જય થાય.

(૧૦) નિષધાપરિષહ :-

સાધુ નિષદ્યાપરિષહના જય અર્થે સ્ત્રી-પશુ આદિના સંસર્ગવાળી વસતિનો ત્યાગ કરે છે, જેથી સ્ત્રી-પશુ આદિની તે પ્રકારની કામ આદિની ચેષ્ટા જોઈને કામવિકાર થાય નહીં. આ પ્રકારે સમ્યગ્ યત્ન કરવાથી નિષદ્યાપરિષહનો જય થાય છે અર્થાત્ નિષદ્યા સંયમમાં અતિચારનું કારણ બનતી નથી. નિષદ્યાપરિષહ માત્ર વસતિસ્વરૂપ નથી, પરંતુ સ્ત્રી આદિ સંસક્ત વસતિને કારણે ચિત્તમાં સાધુને સંક્ષોભ થાય તે નિષદ્યાપરિષહ છે. સાધુ વીતરાગ નથી તેથી તે સંક્ષોભના પરિહારાર્થે તેવી વસતિનું અગ્રહણ કરે તે નિષદ્યાપરિષહનો જય છે.

(૧૧) શય્યાપરિષહ :-

વળી શય્યાપરિષહનો સાધુ જય કરે છે. સાધુને બેસવાનું આસન કે સૂવાનો સંથારો 'આ અનુકૂળ છે, આ પ્રતિકૂળ છે', એ પ્રકારની બુદ્ધિ થાય તો અનુકૂળના ગ્રહણમાં અને પ્રતિકૂળના વર્જનમાં યત્ન થાય, જે શય્યાપરિષહરૂપ છે. આ શય્યાપરિષહ સંયમને મલિન કરીને સંયમના નાશનું કારણ બને છે. તેથી દેહને અનુકૂળ અને પ્રતિકૂળનો વિચાર કરીને સંથારા આદિને ગ્રહણ કરવા સાધુ યત્ન કરે નહીં; પરંતુ સંથારાદિના નિમિત્તે કોઈ અશુભ ભાવ ન સ્પર્શે તે રીતે આત્માને ભાવિત કરે છે.

શય્યા એટલે વસતિ, સાધુના દેહને અનુકૂળ વસતિ હોય તો પ્રીતિ થાય, પ્રતિકૂળ હોય તો અપ્રીતિ થાય, એ રીતે વસતિ પ્રત્યેના પરિણામથી શય્યાપરિષહની પ્રાપ્તિ થાય. તે શય્યાપરિષહ સાધુના સંયમના નાશનું કારણ બને છે. તેથી વસતિને ગ્રહણ કરતી વખતે આ વસતિ શરીરને અનુકૂળ છે, આ વસતિ પ્રતિકૂળ છે ઇત્યાદિ વિભાગ કર્યા વગર સંયમને ઉપષ્ટંભક વસતિને જ સાધુ નિર્મમ ભાવથી ગ્રહણ કરે છે અને તે વસતિ દ્વારા અપ્રતિબદ્ધભાવથી સંયમમાં ઉદ્યમ કરે તો શય્યાપરિષહનો જય થાય, જેનાથી સંવરભાવનો અતિશય થાય છે.

શય્યાપરિષહ વેદનીયકર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે. પ્રતિકૂળ આસનાદિની પ્રાપ્તિ કે પ્રતિકૂળ વસતિની પ્રાપ્તિ એ શય્યાપરિષહરૂપ છે. આથી દશમા, અગિયારમા અને બારમા ગુણસ્થાનકમાં પણ પ્રતિકૂળ આસન કે પ્રતિકૂળ વસતિની પ્રાપ્તિ હોય તો શય્યાપરિષહની પ્રાપ્તિ છે.

(૧૨) આક્રોશપરિષહ :-

વળી સાધુને કોઈ આક્રોશ કરે ત્યારે તે આક્રોશના નિમિત્તે કોઈ અરતિ ન થાય તે પ્રકારે ચિત્તને ભાવિત કરે છે. જેથી કોઈક પ્રસંગે કોઈકનો આક્રોશ પ્રાપ્ત થાય તોપણ તે મહાત્માને વિચાર આવે છે કે હું શું કરું ? જેથી આક્રોશ કરનારનું પણ હિત થાય; પરંતુ તેના આક્રોશથી પોતાનું ચિત્ત દુભાય નહીં. આવા વખતે સાધુ વિચારે કે 'આક્રોશ કરનાર પુરુષ જે શબ્દો મને કહે છે તેવા દોષ મારામાં હોય તો મારે તેને દૂર કરવા ઉદ્યમ કરવો જોઈએ અને ન હોય તો મારે તેના આક્રોશથી શું ?' આ રીતે શાસ્ત્ર અનુસારે ભાવન કરીને સાધુ આક્રોશપરિષહનો જય કરે છે.

(૧૩) વધપરિષહ :-

વળી સાધુનો કોઈ વધ કરે ત્યારે, પણ પોતાને તે નિમિત્તે કોઈ અશુભ ભાવ ન થાય તે રીતે દેહથી ભિન્ન નિષ્કષાય પરિણામવાળા આત્માના સ્વરૂપથી સાધુ પોતાને ભાવિત કરે છે, જેથી વધ કરનારને જોઈને પણ આના દ્વારા મારો વધ થાય છે તેવી બુદ્ધિ લેશમાત્ર પણ થાય નહીં. જો આવો પરિણામ સ્થિર હોય તો સાધુ વધ માટે ઉપસ્થિત થયેલાને જોઈને વિચારે કે 'આ મારા દેહનો વધ કરશે, પરંતુ મારા ધર્મનો વધ કરતો નથી. માટે સુંદર છે' એમ ભાવન કરીને સાધુ વધપરિષહનો જય કરે છે. જે સાધુમાં તેવું બળ સંચય થયું નથી, તેવા સાધુ વધના નિમિત્તથી દૂર રહેવા માટે શક્ય ઉદ્યમ કરે છે, જેથી અસમાધિપૂર્વક મૃત્યુ થાય નહીં.

(૧૪) યાચનાપરિષહ :-

શ્રીમંત કુલમાંથી કે રાજકુલમાંથી કોઈ વ્યક્તિ સંયમ લે, તેમણે ગૃહસ્થ અવસ્થામાં ક્યારેય કોઈની પાસે યાચના કરી હોતી નથી, તેથી સંયમ ગ્રહણ કર્યા પછી ભિક્ષાદિ નિમિત્તક યાચના કરવાનો પ્રસંગ આવે ત્યારે તેમને જો ક્ષોભ થાય, તો તે યાચનાપરિષહરૂપે સંયમની મલિનતાનું કારણ બને છે. સંયમના પાલન અર્થે ઉચિત યતનાપૂર્વક સંયમને ઉપષ્ટંભક તે તે એષણીય દ્રવ્યોની યાચના સંયમનું ઉપકારક

અંગ છે તેમ વિચારીને સંયમના ઉપાયને સેવનાર મહાત્માએ ઉચિત વિધિથી યાચનામાં ક્ષોભ ધારણ કરવો જોઈએ નહીં. વળી જેઓને યાચનામાં કોઈ ક્ષોભ નથી, તેઓ યાચના કરવાનું દ્રવ્ય સંયમને ઉપકારી છે કે અનુપકારી છે, તેનો કોઈ વિચાર કર્યા વગર 'અમે યાચના કરવાના અધિકારી છીએ' એ રીતે અધિકારપૂર્વક જે કાંઈ ઇચ્છા થાય તે ગૃહસ્થો પાસે યાચના કરે છે, જે સાધુના યાચના ગુણના ઘાતને કરનારી છે. માટે સાધુએ નિત્ય સ્મરણ કરવું જોઈએ કે સંયમને ઉપકારક વસતિ આદિની યાચના માટે જ ભગવાને અનુજ્ઞા આપી છે. સંયમના પ્રયોજનથી અદીનભાવપૂર્વક ઉચિત વિધિપૂર્વક યતનાથી યાચના કરવાથી તે યાચના પોતાના સંયમની શુદ્ધિનું કારણ બને છે અને પરના પણ ઉપકારનું કારણ બને છે. આ રીતે વિધિપૂર્વક અદીનભાવથી યાચના કરીને સાધુએ યાચનાપરિષહનો જય કરવો જોઈએ.

(૧૫) અલાભપરિષહ :-

સાધુ સંયમની વૃદ્ધિ અર્થે ભિક્ષાદિ વસ્તુની આવશ્યકતા જણાય ત્યારે જિનવચનની વિધિનું સ્મરણ કરીને નિર્દોષની ગવેષણા કરે છે. કોઈક રીતે તેની પ્રાપ્તિ ન થાય તોપણ ચિત્તમાં દીનતા વગર અલાભપરિષહનો જય કરે તો સંવરભાવની વૃદ્ધિ થાય છે. પોતાની આવશ્યકતા અનુસાર વસ્તુની અપ્રાપ્તિમાં ઈષદ્ પણ ખેદ થાય તો અલાભપરિષહથી સંયમ મલિન બને છે. આથી જ કોઈક સાધુનું વસ્ત્ર અત્યંત જીર્ણ હોય, વસ્ત્ર વગર ચાલે તેમ ન હોય અને અદીનભાવથી નવા વસ્ત્રની ગવેષણા કરતા હોય છતાં જિનવચનગત વિધિ અનુસાર વસ્ત્ર પ્રાપ્ત ન થાય તોપણ અદીનભાવથી ઉચિત ગવેષણા ચાલુ રાખે છે. તેઓ અલાભપરિષહનો જય કરે છે અને જે સાધુઓને તેની અપ્રાપ્તિમાં ચિત્તમાં ઉદ્વેગ થાય છે તેઓ અલાભપરિષહને જીતી શકતા નથી.

(૧૬) રોગપરિષહ :-

સાધુને પૂર્વના કર્મના ઉદયથી રોગ થાય તે વખતે જો તે રોગની ઉપેક્ષા કરીને સમભાવમાં યત્ન કરી શકે તો પૂર્વના કર્મથી પ્રાપ્ત થયેલો રોગ જ સંયમની વૃદ્ધિનું કારણ બને છે. તેથી સાધુ રોગમાં ચિત્તના ખેદને ધારણ કર્યા વગર નિર્જરાની પ્રાપ્તિનો ઉપાય પ્રાપ્ત થયો છે એ પ્રકારે વિચારીને રોગપરિષહનો જય કરે છે. જેઓને રોગઅવસ્થામાં ચિત્તમાં ખેદ થાય છે તેઓ માટે તે રોગપરિષહરૂપે સંયમની મલિનતાનું કારણ બને છે. માટે સંયમવૃદ્ધિના અર્થી સાધુએ રોગપરિષહનો જય કરવો જોઈએ.

(૧૭) તૃણપરિષહ :-

સાધુને તૃણની શય્યા કરવાનો પ્રસંગ આવે ત્યારે તૃણ દેહને પ્રતિકૂળ લાગે છે. કોઈક જીવાકુલ આદિ ભૂમિ હોય ત્યારે જીવરક્ષાર્થે કે તેવા પ્રકારના ભેજ આદિથી રક્ષણ કરવાર્થે સાધુ તૃણ યાચના કરીને લાવે અને તેના ઉપર સંથારો પાથરીને સૂએ છે તે વખતે તૃણ સતત દેહને વ્યાઘાત કરે છે, જે જીવ માટે પ્રતિકૂળ હોવાથી પરિષહ સ્વરૂપ છે. જે સાધુને તે તૃણના સ્પર્શના કારણે નિદ્રા આવતી નથી અને સતત તે તૃણના

સ્પર્શનું વિઘ્ન સ્મરણમાં રહે છે તેઓને તૃણપરિષહ ચારિત્રની મલિનતાનું કારણ બને છે. જેઓ તૃણની શય્યા વખતે પણ ભાવન કરે છે કે આ તૃણ દેહને બાધા કરે છે, મારા આત્માના સમભાવને બાધા કરતો નથી અને સમભાવની સ્વસ્થતા જ મારું પારમાર્થિક સુખ છે. તે પ્રકારના ભાવનના બળથી તૃણપરિષહનો જેઓ જય કરે છે, તેઓમાં સંવરભાવનો અતિશય થાય છે.

(૧૮) મલપરિષહ :-

શરીરમાંથી સતત મલ નીકળે છે, છતાં જીવને શરીર પ્રત્યે જુગુપ્સા થતી નથી; પરંતુ મલ પ્રત્યે જુગુપ્સા છે, તેથી તે મલને દૂર કરવા યત્ન કરે છે. જે સાધુને મલ પ્રત્યે જુગુપ્સા થાય છે, તેઓ પોતાના દેહ ઉપર અસ્નાન આદિને કારણે જે મલ થાય છે, તેના પ્રત્યે જુગુપ્સા કરીને તેને દૂર કરે છે. તેઓનો મલપરિષહ તેમના સંયમની મલિનતાનું કારણ બને છે. જ્યારે મલપરિષહજય કરનારા સાધુઓ ગરમી આદિને કારણે શરીર ઉપર રહેલા મલને જોઈને વિચારે છે કે આ મલ દેહ ઉપર છે, આત્મા ઉપર નથી, આત્માનો મલ તો કષાયકૃત મલિનતારૂપ છે. આ રીતે ભાવન કરીને જે મહાત્માઓ મલપરિષહનો જય કરે છે તેઓને મલ પ્રત્યે જુગુપ્સા થતી નથી, પરંતુ મલપરિષહજયના કારણે સંવરનો અતિશય થાય છે.

(૧૯) સત્કારપુરસ્કારપરિષહ :-

સાધુને ત્યાગી તરીકે લોકોથી સત્કાર મળે છે, લોકો સર્વત્ર સાધુને જ મહાત્મા તરીકે પુરસ્કાર કરે છે અર્થાત્ ઊંચા છે એ પ્રકારે ખ્યાપન કરે છે. તે સત્કાર-પુરસ્કાર જેઓને મધુર લાગે છે અથવા જે સ્થાને તે પ્રકારે સત્કાર-પુરસ્કારની પ્રાપ્તિ નથી ત્યાં ખેદ થાય છે તેવા મહાત્માઓને સત્કારની પ્રાપ્તિ પણ પરિષહરૂપ છે અને સત્કારની અપ્રાપ્તિ પણ પરિષહરૂપ છે. તેથી સત્કારની પ્રાપ્તિ કે અપ્રાપ્તિમાં તેઓનો સંવરભાવ મ્લાન થાય છે કે નાશ પામે છે. તેના બદલે જેઓ વિચારે છે કે 'લોકો જે સત્કાર આપે છે તે મારો સત્કાર નથી, પરંતુ સંયમનો સત્કાર છે અને સંયમનો સત્કાર કરીને જે શ્રાવકો પોતાનું હિત સાધે છે તે ઉચિત છે'; તે મહાત્માઓ સત્કારની પ્રાપ્તિમાં હર્ષ કરતા નથી અને અસત્કારની પ્રાપ્તિમાં ખેદ કરતા નથી. તેઓ સત્કાર-અસત્કારના નિમિત્તને પામીને અસમભાવમાં જનારા નહીં હોવાથી સમિતિ-ગુપ્તિથી પ્રાપ્ત થયેલું તેઓનું સંયમ, સત્કાર-પુરસ્કારના પરિષહજયથી અતિશયિત થાય છે.

(૨૦) પ્રજ્ઞાપરિષહ :-

વળી કેટલાક સાધુઓ પ્રજ્ઞાધન હોય છે તેમની તે પ્રજ્ઞા અત્યંત સૂક્ષ્મ માર્ગાનુસારી ન થઈ હોય તો શાસ્ત્ર વિષયક સૂક્ષ્મ પ્રજ્ઞાનો પણ કાંઈક ઉત્સેક વ્યક્ત-અવ્યક્તરૂપે થાય છે. તેઓની પ્રજ્ઞા પરિષહરૂપ હોવાથી સંયમની મલિનતાનું કારણ બને છે. વળી, જેઓ પ્રજ્ઞાને પામીને પણ વિચારે છે કે કેવલીની પ્રજ્ઞા કે ચૌદપૂર્વધરોની પ્રજ્ઞા આગળ મારી પ્રજ્ઞા ઘણી અલ્પ છે, માટે મૂર્ખ લોકોને જોઈને હું પ્રજ્ઞાવાળો છું એવી બુદ્ધિ ધારણ કરવી એ અજ્ઞાનનો જ વિલાસ છે. માટે મારી પ્રજ્ઞા મોહના ઉન્મૂલનને અનુકૂળ સમ્યક્ પ્રવર્તે તો જ સફળ છે, અન્યથા નિષ્ફળ છે, તેમ વિચારીને પોતાની પ્રજ્ઞાના પણ મદને ધારણ કર્યા વગર

અદીનભાવથી સમભાવમાં યત્ન કરે છે તેઓ પ્રજ્ઞાપરિષહનો જય કરીને માર્ગથી પાત થતા પોતાના આત્માનું રક્ષણ કરે છે. પ્રજ્ઞાના કાળમાં પ્રજ્ઞાનો લેશ પણ મદ ન થાય પરંતુ પોતાની પ્રજ્ઞા પોતાના હિતાનુકૂળ સમભાવમાં જ પ્રવર્તે તેવા સ્થિર પરિણામવાળા મહાત્માઓ પ્રજ્ઞાના પરિષહને જીતીને ઘણી નિર્જરા પ્રાપ્ત કરે છે.

(૨૧) અજ્ઞાનપરિષહ :-

વળી ભૂતકાળના કર્મના ઉદયથી માષતુષ આદિ જેવા કેટલાક મહાત્માઓને ગાઢ જ્ઞાનાવરણીયનો ઉદય હોય છે. પોતાની તે પ્રકારની અજ્ઞાનતાને કારણે તેઓને સતત ખેદ વર્તે તો તેઓનો અજ્ઞાનપરિષહ તેઓના સંવરભાવને મલિન કરે છે અથવા નાશ કરે છે. જે મહાત્મા માર્ગાનુસારી બુદ્ધિવાળા છે તેઓ ભગવાનના વચનના પરમાર્થને જાણનારા હોવાથી વિચારે છે કે ભગવાને અપ્રમાદસાર ઉપદેશ આપ્યો છે. મારા ભૂતકાળમાં બંધાયેલા તેવા પ્રકારના જ્ઞાનાવરણીયના ઉદયને કારણે મારામાં અજ્ઞાન વર્તે છે, તોપણ તેમાં દીનતા કર્યા વગર તે અજ્ઞાનપરિષહને વેઠીને અપ્રમાદથી શક્તિ અનુસાર જિનવચનનું અવલંબન લઈને જ્ઞાનના સંપાદનમાં ઉચિત યત્ન કરવો જોઈએ. આવા મહાત્મા અદીનભાવથી અજ્ઞાનપરિષહને વેઠીને સંવરભાવની વૃદ્ધિ કરે છે અને અજ્ઞાનપરિષહકૃત ખેદ કર્યા વગર સ્વપરાક્રમના બળથી તે પરિષહની ઉપેક્ષા કરીને સમભાવમાં જવા ઉદ્યમ કરે છે, જે પ્રબળ નિર્જરાનું કારણ છે.

(૨૨) અદર્શનપરિષહ :-

કોઈ મહાત્મા સંયમમાં અત્યંત ઉદ્યમ કરતા હોય તોપણ અતીન્દ્રિય પદાર્થો સાક્ષાત્ દેખાય નહીં. દા.ત. દેવલોક, નરકાદિ ભાવો સાક્ષાત્ દેખાય નહીં, ત્યારે તેમને વિચાર આવે કે મારી સાધનાના ફળરૂપે મને અતીન્દ્રિય ભાવો દેખાતા નથી, માટે તે હશે અથવા નહીં હોય. આ પ્રકારનો પરિણામ થાય તે અદર્શનપરિષહ છે અર્થાત્ તેવા અતીન્દ્રિય પદાર્થના અદર્શનને કારણે સાધુને વિપરીત બુદ્ધિ થઈ અથવા સંશય થયો. આવો અદર્શનપરિષહ સમ્યક્ત્વ અને ચારિત્રને મલિન કરે છે. તેથી બુદ્ધિમાન સાધુ અદર્શનપરિષહનો જય કરે=નિપુણ પ્રજ્ઞાપૂર્વક વિચારે કે જ્યાં સુધી તેવા પ્રકારના જ્ઞાનાવરણીયકર્મોનો ક્ષય નહીં થાય ત્યાં સુધી તે અતીન્દ્રિય પદાર્થો સાક્ષાત્ દેખાય નહીં. માટે સર્વજ્ઞનું વચન જે કહે છે, તે પ્રમાણભૂત છે. આમ વિચારીને પોતાની સંયમની આચરણાથી અતીન્દ્રિય ભાવોના અદર્શનમાં થતા બુદ્ધિના વ્યામોહનો પરિહાર કરે તે અદર્શન પરિષહનો જય છે.

આ પ્રકારે ધર્મના વિઘ્નના હેતુ એવા બાવીશ પરિષહોને પૂર્વમાં કહેલા પ્રયોજનનું અભિસંધાન કરીને= પોતે માર્ગમાંથી ચ્યવન ન પામે અને નિર્જરાને પ્રાપ્ત કરે એ પ્રકારનું અભિસંધાન કરીને, પરિષહથી થનારા રાગ-દ્વેષના ભાવોને દૂર કરીને=સમભાવની વૃત્તિને ધારણ કરીને=પરિષહની પ્રાપ્તિ વખતે કોઈ જાતના ભાવોમાં પરાવર્તન ન થાય, પરંતુ આત્માની મૂળપ્રકૃતિરૂપ સમભાવને ધારણ કરીને, પરિષહોને સહન કરવા જોઈએ. જેથી સાધુને સંવરનો અતિશય થાય છે.

અહીં જિજ્ઞાસા થાય કે આ બાવીશ પરિષહો કયા કર્મના ઉદયથી થાય છે ? તેથી ભાષ્યકારશ્રી કહે છે –

પાંચ જ કર્મપ્રકૃતિના ઉદયથી આ બાવીશ પરિષહો થાય છે.

તે પાંચ કર્મપ્રકૃતિઓ બતાવે છે –

જ્ઞાનાવરણીય, વેદનીય, દર્શનમોહનીય, ચારિત્રમોહનીય અને અંતરાય. તે પાંચ કર્મમાંથી કોઈક કોઈક કર્મથી કોઈક કોઈક પરિષહ થાય છે. કયા કર્મથી કયા પરિષહ થાય છે ? તે સ્વયં ગ્રંથકારશ્રી આગળ સ્પષ્ટ કરશે. **॥૯/૯॥**

અવતરણિકા :-

સૂત્ર-૯માં બાવીશ પરિષહો બતાવ્યા, હવે તે બાવીશ પરિષહમાંથી કયા મહાત્માને કેટલા પરિષહ હોય છે ? તે ત્રણ સૂત્રથી સ્પષ્ટ કરે છે –

સૂત્ર :-

सूक्ष्मसम्परायछद्मस्थवीतरागयोश्चतुर्दश ।।९/१०।।

સૂત્રાર્થ :-

સૂક્ષ્મસંપરાય અને છદ્મસ્થવીતરાગને ચૌદ પરિષહ હોય છે. ॥૯/૧૦॥

ભાષ્ય :-

सूक्ष्मसम्परायसंयते छद्मस्थवीतरागसंयते च चतुर्दश परीषहाः सम्भवन्ति, क्षुत्पिपासाशीतोष्ण-दंशमशकचर्याप्रज्ञाज्ञानालाभशय्यावधरोगतृणस्पर्शमलानि ।।९/१०।।

ભાષ્યાર્થ :-

सूक्ष्मसंपरायसंयते ..... तृणस्पर्शमलानि ।। સૂક્ષ્મસંપરાયસંયતમાં=૧૦મા ગુણસ્થાનકમાં અને છદ્મસ્થ-વીતરાગ સંયતમાં=૧૧મા અને ૧૨મા ગુણસ્થાનકમાં, ચૌદ પરિષહ હોય છે.

કયા ચૌદ પરિષહ હોય છે ? તે સ્પષ્ટ કરે છે –

ક્ષુધાપરિષહ, તૃષાપરિષહ, શીતપરિષહ, ઉષ્ણપરિષહ, દંશમશકપરિષહ, ચર્યાપરિષહ, પ્રજ્ઞાપરિષહ, અજ્ઞાનપરિષહ, અલાભપરિષહ, શય્યાપરિષહ, વધપરિષહ, રોગપરિષહ, તૃણસ્પર્શપરિષહ, મલપરિષહ. ॥૯/૧૦॥

ભાવાર્થ :-

સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકમાં અને છદ્મસ્થવીતરાગ એવા અગિયારમા-બારમા ગુણસ્થાનકમાં ચારિત્ર-મોહનીયકર્મના ઉદયથી સંભવિત નાગ્ન્યપરિષહ, અરતિપરિષહ, સ્ત્રીપરિષહ, નિષદ્યાપરિષહ, આક્રોશપરિષહ,

યાચનાપરિષહ, સત્કારપુરસ્કારપરિષહ તથા મિથ્યાત્વના ઉદયથી થતો અદર્શનપરિષહ : આ આઠ પરિષહ સંભવતા નથી; કેમ કે સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકમાં સૂક્ષ્મલોભ સિવાય ચારિત્રમોહનીય અને દર્શનમોહનીયનો ઉદય નથી.

અગિયારમા-બારમા ગુણસ્થાનકમાં છદ્મસ્થવીતરાગને ચારિત્રમોહનીય અને દર્શનમોહનીયનો ઉદય નથી. તેથી ચારિત્રમોહનીયના ઉદયને કારણે નગ્નતાદિ ભાવો ચિત્તને સ્પર્શીને પરિષહરૂપ થતા હતા=તેનો જય કરવા માટે સૂક્ષ્મસંપરાયથી પૂર્વની ભૂમિકાવાળા મહાત્માઓને યત્ન કરવો આવશ્યક રહે છે, જ્યારે સૂક્ષ્મસંપરાય આદિ ગુણસ્થાનકવાળા મહાત્માઓને તે પ્રકારનો સંક્ષોભ કરે તેવો ચારિત્રમોહનીયનો ઉદય નથી. તેથી તેને જીતવા માટે યત્ન આવશ્યક નથી.

વળી મિથ્યાત્વનો ઉદય નહીં હોવાથી અદર્શનપરિષહની પણ તેઓને પ્રાપ્તિ નથી. તેથી તેને જીતવા માટે યત્ન આવશ્યક નથી. શેષ પરિષહો વેદનીયકૃત છે. તેથી વેદનીયના ઉદયને કારણે ક્ષુધા-તૃષાદિનું વેદન તેઓને સંભવ છે તોપણ તે વેદનીયજન્ય પરિષહો તેઓના ચિત્તને સંક્ષોભ કરતા નથી, તેથી તે પરિષહોનો તેઓને સહજ જય વર્તે છે.

વળી પ્રજ્ઞાપરિષહ જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી છે અને અજ્ઞાનપરિષહ જ્ઞાનાવરણીયના ઉદયકૃત છે. સૂક્ષ્મસંપરાય આદિ ત્રણ ગુણસ્થાનકમાં જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ પણ ઘણો વર્તે છે અને કેવલજ્ઞાન નહીં હોવાથી કાંઈક અજ્ઞાન પણ વર્તે છે, છતાં વીતરાગને કે વીતરાગતુલ્ય એવા સૂક્ષ્મસંપરાયવાળા જીવોને પ્રજ્ઞાનો મદ કે અજ્ઞાનમાં ખેદ થતો નથી. તેથી તે પરિષહનો જય પણ તેઓને સહજ વર્તે છે તોપણ પરિષહના કારણીભૂત જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ કે જ્ઞાનાવરણીયનો ઉદય વિદ્યમાન છે, માટે પરિષહ છે. જ્યારે સ્ત્રી આદિ પરિષહોમાં સ્ત્રીની સન્મુખ વિદ્યમાનતા તે પરિષહ નથી, પરંતુ સ્ત્રીને અવલંબીને ઉદયમાં વિદ્યમાન વેદનો ઉદય સંક્ષોભ કરવાનું કારણ છે. તે પરિષહનો જય સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકથી પૂર્વના મુનિઓ સ્વપરાક્રમથી કરે છે. જ્યારે સૂક્ષ્મસંપરાયવાળા કે છદ્મસ્થવીતરાગને વેદનો ઉદય જ નથી તેથી સ્ત્રીને અવલંબીને વેદકૃત સંક્ષોભનો અભાવ છે, તેથી સ્ત્રીપરિષહની જ અપ્રાપ્તિ છે.

વળી વધ પરિષહમાં અશાતાવેદનીયનો ઉદય કારણ છે. તેથી ઘાણીમાં પિલાતા મુનિઓને વધપરિષહની પ્રાપ્તિ છે. કોઈ આક્રોશ કરનાર વિદ્યમાન હોય અને તેના આક્રોશના નિમિત્તે ચિત્તનો સંક્ષોભ થાય તે આક્રોશપરિષહ છે. તેવો આક્રોશપરિષહ સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકવાળા જીવોને નથી. માટે આક્રોશપરિષહની ગણના ચારિત્રમોહનીયના ઉદયમાં કરેલ છે. વળી નિષદ્યાપરિષહ વસતિ સ્વરૂપ નથી, પરંતુ સ્ત્રી આદિથી યુક્ત વસતિના નિમિત્તે ચારિત્રમાં સંક્ષોભ થાય તેવી અવસ્થારૂપ નિષદ્યાપરિષહ છે. સૂક્ષ્મસંપરાય આદિ ગુણસ્થાનકવાળા મહાત્માઓને સ્ત્રી આદિ યુક્ત વસતિ હોય કે સાક્ષાત્ સ્ત્રી આદિનો સ્પર્શ થતો હોય તોપણ તે પ્રકારના સંક્ષોભનો અભાવ હોવાથી તેઓને માટે નિષદ્યાપરિષહ નથી; કેમ કે નિષદ્યાથી વસતિનું ગ્રહણ નથી; પરંતુ વસતિકૃત સંક્ષોભનું ગ્રહણ છે. શય્યા શબ્દથી દેહને પ્રતિકૂળ શય્યાનું ગ્રહણ છે. તે શય્યા સૂક્ષ્મસંપરાય આદિ ગુણસ્થાનકવાળા મહાત્માઓને વેદનીયકર્મના ઉદયથી સંભવે છે, માટે શય્યાપરિષહ તેઓને સ્વીકારેલ છે. **॥૯/૧૦॥**

सूत्र :-

एकादश जिने ।।९/११।।

सूत्रार्थ :-

જિનમાં અગિયાર પરિષહ હોય છે. ।।૯/૧૧।।

भाष्य :-

एकादश परीषहाः सम्भवन्ति जिने वेदनीयाश्रयाः, तद्यथा—क्षुत्पिपासाशीतोष्णदंशमशकचर्या-शय्यावधरोगतृणस्पर्शमलपरीषहाः ।।९/११।।

भाष्यार्थ :-

एकादश ..... परीषहाः ।। જિનમાં વેદનીયના આશ્રયવાળા અગિયાર પરિષહ હોય છે, તે આ પ્રમાણે — ક્ષુધાપરિષહ, પિપાસાપરિષહ, શીતપરિષહ, ઉષ્ણપરિષહ, દંશમશકપરિષહ, ચર્યાપરિષહ, શય્યાપરિષહ, વધપરિષહ, રોગપરિષહ, તૃણસ્પર્શપરિષહ, મલપરિષહ. ।।૯/૧૧।।

भावार्थ :-

સૂક્ષ્મસંપરાય અને છદ્મસ્થવીતરાગને જે ચૌદ પરિષહો હતા તેમાંથી પ્રજ્ઞાપરિષહ, અજ્ઞાનપરિષહ અને અલાભપરિષહ કેવલીને પ્રાપ્ત થતા નથી; કેમ કે કેવળજ્ઞાન થયા પછી પોતાના જ્ઞાન નિમિત્તે કે અજ્ઞાન નિમિત્તે મદ થવાની સંભાવના નથી. જોકે સૂક્ષ્મસંપરાય અને છદ્મસ્થવીતરાગને પણ પ્રજ્ઞામદ અને અજ્ઞાનકૃત ખેદ થવાની સંભાવના નથી તોપણ જ્ઞાનાવરણીયકર્મનો ઉદય અને જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ વિદ્યમાન છે, તેથી પરિષહનું કારણ વિદ્યમાન હોવાથી સૂક્ષ્મસંપરાય અને છદ્મસ્થવીતરાગને પ્રજ્ઞાપરિષહ તથા અજ્ઞાનપરિષહની પ્રાપ્તિ છે. કેવલીને જ્ઞાનાવરણીયકર્મનો અભાવ છે, માટે પ્રજ્ઞાપરિષહ અને અજ્ઞાનપરિષહ નથી.

વળી સૂક્ષ્મસંપરાય અને છદ્મસ્થવીતરાગને અંતરાયકર્મ વિદ્યમાન છે, તેથી અલાભપરિષહ છે. કેવલીને અલાભપરિષહ નથી, તેથી વેદનીયકર્મના ઉદયથી સંભવિત અગિયાર પરિષહો જિનને છે. **॥૯/૧૧॥**

सूत्र :-

बादरसम्पराये सर्वे ।।९/१२।।

सूत्रार्थ :-

બાદરસંપરાયગુણસ્થાનકમાં=નવમા ગુણસ્થાનક સુધી, સર્વ પરિષહો છે. ।।૯/૧૨।।

भाष्य :-

बादरसम्परायसंयते सर्वे द्वाविंशतिरपि परीषहाः सम्भवन्ति ।।९/१२।।

ભાષ્યાર્થ :-

બાદરસંપરાયસંયતે ..... સમ્ભવન્તિ ।। બાદરસંપરાયસંયતમાં=છઠ્ઠા ગુણસ્થાનકથી માંડીને નવમા ગુણસ્થાનક સુધી રહેલા સંયતમાં, સર્વે બાવીશે પણ પરિષહો સંભવે છે. ॥૯/૧૨॥

ભાવાર્થ :-

સાધુ ત્રણ ગુપ્તિ, પાંચ સમિતિ અને દશ પ્રકારના યતિધર્મથી સંવરભાવવાળા હોય છે અને બાર પ્રકારની અનુપ્રેક્ષા દ્વારા સંવરભાવને અતિશયિત કરે છે. પોતાની શક્તિના પ્રકર્ષાર્થે પાંચ પ્રકારનાં કર્મોના ઉદયથી બાવીશ પરિષહોમાંથી જે પરિષહો પોતે સહન કરી શકે તેમ હોય તે પરિષહોને સમ્યક્ સહન કરીને પોતાના સંવરભાવને અતિશયિત કરે છે. છદ્મસ્થઅવસ્થામાં પરિષહની પ્રાપ્તિના કારણીભૂત પાંચે પ્રકારનાં કર્મો વિદ્યમાન છે, તેથી નવમા ગુણસ્થાનક સુધીના મુનિને બાવીશમાંથી ગમે તે પરિષહની પ્રાપ્તિ થઈ શકે છે. પ્રાપ્ત થયેલ તે તે પરિષહનો જય આદ્ય ગુણસ્થાનકોમાં રહેલા સાધુ જો ન કરી શકે તો તેમના સંવરભાવની ન્યૂનતા થાય છે વળી પરિષહજયથી તે મહાત્માના સંવરભાવની વૃદ્ધિ થાય છે. **॥૯/૧૨॥**

અવતરણિકા :-

બાવીશ પરિષહમાંથી કોને કેટલા પરિષહ હોય છે ? તે ત્રણ સૂત્રથી બતાવ્યા પછી જ્ઞાનાવરણીય-કર્મ આદિ પાંચ કર્મોથી થનારા બાવીશ પરિષહોમાંથી કયા કર્મના ઉદયમાં કેટલા પરિષહ હોય છે ? તે આગળના ચાર સૂત્રથી સ્પષ્ટ કરે છે –

સૂત્ર :-

ज्ञानावरणे प्रज्ञाऽज्ञाने ।।૯/૧૩।।

સૂત્રાર્થ :-

જ્ઞાનાવરણના ઉદયમાં પ્રજ્ઞા અને અજ્ઞાન બે પરિષહો હોય છે. ॥૯/૧૩॥

ભાષ્ય :-

ज्ञानावरणीयोदये प्रज्ञाऽज्ञानपरीषहौ भवतः ।।૯/૧૩।।

ભાષ્યાર્થ :-

જ્ઞાનાવરણીયોદયે ..... ભવતઃ ।। જ્ઞાનાવરણીયના ઉદયમાં પ્રજ્ઞાપરિષહ અને અજ્ઞાનપરિષહ એમ બે પરિષહો હોય છે. ॥૯/૧૩॥

ભાવાર્થ :-

જ્ઞાનાવરણીયનો ઉદય બારમા ગુણસ્થાનક સુધી છે. જ્ઞાનાવરણના ઉદયને કારણે મુનિને પ્રજ્ઞાપરિષહ અને અજ્ઞાનપરિષહ પ્રાપ્ત થાય છે, જે ચારિત્રની મલિનતાનું કારણ બને છે. જે મહાત્મા જિનવચનથી

ભાવિત થઈને પ્રજ્ઞાપરિષહ અને અજ્ઞાનપરિષહનો જય કરે છે તેઓને વિશેષ પ્રકારના સંવરની પ્રાપ્તિ થાય છે.

વળી સૂક્ષ્મસંપરાય અને છદ્મસ્થવીતરાગને પ્રજ્ઞાપરિષહ ક્યારેય ચારિત્રને મલિન કરનાર બને તેમ નથી તોપણ જ્ઞાનાવરણના ક્ષયોપશમના કારણે જે પ્રજ્ઞા પ્રાપ્ત થઈ છે અને જ્ઞાનાવરણીયના ઉદયના કારણે જે અજ્ઞાન વર્તે છે, તેથી કર્મજન્ય ક્ષયોપશમ હોવાથી અને કર્મજન્ય અજ્ઞાન હોવાથી તેઓને પ્રજ્ઞાપરિષહની અને અજ્ઞાનપરિષહની પ્રાપ્તિ છે, જ્યારે કેવલીને જ્ઞાનાવરણીયકર્મનો અભાવ હોવાથી જીવની પ્રકૃતિરૂપ કેવલજ્ઞાન છે, જે પરિષહરૂપ બનતું ન હોવાથી કેવલીને પ્રજ્ઞાપરિષહ કે અજ્ઞાનપરિષહ નથી. **॥૯/૧૩॥**

સૂત્ર :-

दर्शनमोहान्तराययोरदर्शनालाभौ ।।९/१४।।

સૂત્રાર્થ :-

દર્શનમોહ અને અંતરાયમાં અદર્શનપરિષહ અને અલાભપરિષહ છે. ॥૯/૧૪॥

ભાષ્ય :-

दर्शनमोहान्तराययोरदर्शनालाभौ यथासङ्ख्यं, दर्शनमोहोदयेऽदर्शनपरीषहः, लाभान्तरायोदयेऽलाभपरीषहः ।।९/१४।।

ભાષ્યાર્થ :-

दर्शनमोहान्तराय ..... अलाभपरिषहः ।। દર્શનમોહ અને અંતરાયમાં યથાસંખ્ય અદર્શનપરિષહ અને અલાભપરિષહ છે.

તે જ ક્રમ સ્પષ્ટ કરે છે –

દર્શનમોહમાં અદર્શનપરિષહ છે. અને લાભાંતરાયના ઉદયમાં અલાભપરિષહ છે. ॥૯/૧૪॥

ભાવાર્થ :-

સંસારી જીવોમાં કર્મકૃત અનેક વિચિત્રતાઓ છે. આરાધક સાધુને પણ ક્યારેક અતીન્દ્રિય પદાર્થના અદર્શનને કારણે ભગવાનના વચનમાં સંદેહરૂપ મોહનો ઉદય થાય છે ત્યારે અદર્શન પરિષહની પ્રાપ્તિ થાય છે. વળી, જે સાધુ જિનવચનના સૂક્ષ્મ પરમાર્થને જાણવા યત્ન કરતા નથી તેઓને તત્ત્વની જિજ્ઞાસાનો અભાવ હોવાથી દર્શનપરિષહ છે અને જે સાધુ અતીન્દ્રિય પદાર્થના અદર્શનને જોઈને માર્ગાનુસારી ઊહ કરીને ભગવાનના વચનમાં સંદેહ ઉત્પન્ન થવા દેતા નથી તેઓને દર્શનમોહકર્મ વિદ્યમાન હોવા છતાં અદર્શનપરિષહની પ્રાપ્તિ થતી નથી; પરંતુ અદર્શનપરિષહના જયથી સંવરની વૃદ્ધિ થાય છે.

વળી કેટલાક સાધુઓને અતીન્દ્રિય પદાર્થના અદર્શનને કારણે જિનવચનમાં સંદેહરૂપ દર્શનમોહનીયનો ઉદય થાય છે. તેથી અદર્શનપરિષહને કારણે આકર્ષ દ્વારા તેઓ મિથ્યાત્વને પામે છે. છતાં જો તે સાધુ શાસ્ત્રાનુસારી ઉચિત વિચારણા દ્વારા તેનો જય કરે તો માર્ગમાંથી થયેલું ચ્યવન દૂર થાય છે અને ફરી માર્ગની પ્રાપ્તિ થાય છે.

ઢંઢણ ઋષિ જેવા કેટલાક મહાત્માને લાભાંતરાયનો ઉદય હોય છે, જેથી તેઓને અલાભપરિષહની પ્રાપ્તિ થાય છે, ત્યારે અદીનભાવથી અલાભપરિષહને જીતીને તે મહાત્મા સંવરનો અતિશય કરે છે, જેમ ઢંઢણ ઋષિએ અલાભપરિષહનો જય કરીને કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરી. જેઓને લાભાંતરાયના ઉદયને કારણે સંયમને ઉપષ્ટંભક ઉચિત સામગ્રીનો અલાભ થાય છે અને તે અલાભપરિષહને જેઓ જીતી શકતા નથી તેઓને તે તે નિમિત્તે અતિચારની પ્રાપ્તિ થાય છે. તેમાં પણ જો ઉચિત યત્નપૂર્વક અતિચારનો પરિહાર કરવામાં ન આવે તો ગુણસ્થાનકથી પાત થવાનો સંભવ પણ રહે છે. **॥૯/૧૪॥**

સૂત્ર :-

चारित्रमोहे नाग्न्यारतिस्त्रीनिषद्याऽऽक्रोशयाचनासत्कारपुरस्काराः ।।૯/૧૫।।

સૂત્રાર્થ :-

ચારિત્રમોહના ઉદયમાં નાગ્ન્ય, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના અને સત્કારપુરસ્કાર પરિષહો છે. ॥૯/૧૫॥

ભાષ્ય :-

चारित्रमोहोदये एते नाग्न्यादयः सप्त परीषहा भवन्ति ।।૯/૧૫।।

ભાષ્યાર્થ :-

चारित्रमोहोदये ..... भवन्ति ।। ચારિત્રમોહનો ઉદય હોતે છતે આ નાગ્ન્યાદિ=સૂત્રમાં કહેલ નાગ્ન્યાદિ, સાત પરિષહો હોય છે. ॥૯/૧૫॥

ભાવાર્થ :-

નગ્નતા, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ કે સત્કારપુરસ્કારરૂપ ક્રિયા સ્વયં પરિષહરૂપ નથી, પરંતુ નગ્નતા આદિને કારણે જે સંક્ષોભ થાય તેવી જીવની જે પ્રકૃતિ છે, તે ચારિત્રમોહના ઉદયને કારણે છે. તેથી નાગ્ન્યપરિષહજય કરેલો હોય તેવા જીર્ણ વસ્ત્રવાળા નગ્ન મુનિને નગ્નતાકૃત સંક્ષોભ થતો નથી. જો તે પ્રકારના ઉપયોગપૂર્વક નગ્નતાનો જય કરવા માટે સાધુ અંતરંગ ઉદ્યમવાળા ન હોય તો નગ્નતાના નિમિત્તને પામીને ચિત્તમાં ચારિત્રમોહના ઉદયકૃત સંક્ષોભ થાય છે, જે નગ્નતાપરિષહ છે અને તેનાથી મુનિને અતિચારની પ્રાપ્તિ થાય છે. જે મુનિ નગ્નતાપરિષહના સ્વરૂપનું સમ્યગ્ સમાલોચન કરીને

નગ્નતાપરિષહ અતિચાર આપાદક ન બને તે પ્રકારે અંતરંગ રીતે ઉપયુક્ત છે તેઓને નાગ્ન્યપરિષહજયને કારણે વિશેષ પ્રકારના સંવરભાવની પ્રાપ્તિ થાય છે.

સંયમજીવનમાં સાધુ સમભાવના પરિણામની ધુરાને સમ્યગ્ વહન ન કરી શકે તો સંયમનાં કષ્ટોમાં અરતિપરિષહની પ્રાપ્તિ થાય છે. જે સાધુ અરતિપરિષહનો જય ન કરી શકે તેને સંયમના કષ્ટકારી જીવનમાં અરતિને કારણે સંયમજીવન મલિન બને છે અને યત્નપૂર્વક અરતિપરિષહનો જય ન કરવામાં આવે તો સંયમનો નાશ પણ થાય છે. અરતિથી વ્યાકુળ થયેલા મુનિ રતિના ઉપાયોને સેવીને ચારિત્ર વિરુદ્ધ પ્રવૃત્તિ કરનારા પણ થાય છે, માટે અરતિપરિષહના સ્વરૂપનું સમ્યગ્ ભાવન કરીને સમિતિ-ગુપ્તિવાળા મુનિએ અરતિપરિષહનો જય કરીને સંવરનો અતિશય કરવા યત્ન કરવો જોઈએ.

વળી મુનિ બ્રહ્મચર્ય વ્રતવાળા હોવા છતાં વેદના ઉદયવાળા પણ છે. તેથી સ્ત્રીના દર્શનથી, સ્મરણથી, તેના શબ્દશ્રવણથી કે કોઈ અન્ય રીતે પણ સ્ત્રી પ્રત્યે કાંઈક રાગનો પરિણામ થાય તો ચારિત્રને મલિન કરનાર સ્ત્રીપરિષહની પ્રાપ્તિ થાય છે. તેથી સાધુએ સ્ત્રીના દેહની અશુચિતા આદિનું ભાવન કરીને આત્માને તે રીતે ભાવિત કરવો જોઈએ કે જેથી સ્ત્રીદર્શનની ઉત્સુકતામાત્ર પણ થાય નહીં અને સ્ત્રીપરિષહના જયને કારણે સંવરભાવનો અતિશય થાય. જો તે પ્રમાણે યત્ન ન કરવામાં આવે તો નિમિત્તને પામીને સ્ત્રીના દર્શનમાં, શબ્દશ્રવણમાં કે તેના સ્મરણમાં વારંવાર ઉપયોગ જવાથી સ્ત્રીપરિષહની પ્રાપ્તિના કારણે સાધુનું ચારિત્ર મલિન થાય છે કે નાશ પણ પામે છે. માટે ચારિત્રની શુદ્ધિના અર્થીએ સ્ત્રીપરિષહનો જય કરવો જોઈએ.

નિષદ્યા એ વસતિ છે. વસતિને આશ્રયીને વિકારો થાય તેવું ચારિત્રમોહનીયકર્મ જેઓમાં વિદ્યમાન છે તે નિષદ્યાપરિષહ છે. સાધુ તે વસતિના સ્થાનને આશ્રયીને વિકાર ન થાય તદર્થે સ્ત્રી, નપુંસક કે પશુ વર્જિત વસતિનો સ્વીકાર કરે છે, જેથી પશુ આદિના કામવિકારોને જોઈને, નપુંસકની તે પ્રકારની ચેષ્ટા જોઈને કે સ્ત્રીને જોઈને પણ વિકાર થાય નહીં. આ પ્રકારની વસતિને ગ્રહણ કરીને તે વિકારોથી આત્માનું રક્ષણ કરવા જે સાધુ યત્ન કરે તે સાધુ નિષદ્યાપરિષહના જય દ્વારા સંવરભાવના અતિશયને પ્રાપ્ત કરે છે. જેઓ સ્ત્રી-પશુ આદિથી રહિત વસતિ ગ્રહણ કરતા નથી, પરંતુ પોતાને અનુકૂળ જણાય તેવી જ વસતિ સ્વીકારે છે તેઓને તે વસતિના નિમિત્તે સૂક્ષ્મ પણ વિકારો થાય તો ચારિત્ર મલિન થાય છે અને તે સંબંધી સમ્યગ્ યતના કરવામાં ન આવે તો ચારિત્રનો નાશ પણ થાય છે. માટે સંવરના અતિશયના અર્થી સાધુએ નિષદ્યાપરિષહનો જય કરવો જોઈએ.

કોઈ વ્યક્તિ સાધુ ઉપર આક્રોશ કરે તે વખતે જો સાધુનું ચિત્ત તે આક્રોશથી સંક્ષોભ પામે તો આક્રોશ-પરિષહની પ્રાપ્તિ થાય, જેનાથી ચારિત્રની મલિનતાની પ્રાપ્તિ થાય. માટે ચારિત્રની શુદ્ધિના અર્થી સાધુએ કોઈ આક્રોશ કરે ત્યારે વિચારવું જોઈએ કે આક્રોશ કરનાર વ્યક્તિ જે કહે છે તેવી જ પોતાની વિપરીત આચરણા હોય તો પોતે અનુચિત પ્રવૃત્તિનો ત્યાગ કરવો જોઈએ અને જો આક્રોશ કરનાર જે કહે છે તે પોતાના માટે મિથ્યા હોય, તો પોતાને કોપ કરવાથી શું ? આ રીતે ભાવન કરીને આક્રોશપરિષહનો જય

કરવો જોઈએ, જેથી સંવરનો અતિશય થાય.

સાધુએ સંયમના પ્રયોજનથી અદીનભાવથી વસતિ-ભિક્ષા-વસ્ત્ર આદિની ઉચિત યાચના કરીને યાચનાપરિષહનો જય કરવો જોઈએ, જેથી સંવરનો અતિશય થાય. જો તેમ ન કરવામાં આવે તો સંયમના પ્રયોજનથી પણ વસતિ આદિની યાચના કરતી વખતે ચિત્તમાં હંમેશાં સંક્ષોભ થાય છે, પરિણામે ચારિત્રનો ભાવ મલિન થાય છે.

વળી ત્યાગી મહાત્મા તરીકે લોકો સત્કાર-પુરસ્કાર કરે છે, તેના નિમિત્તે ચિત્તમાં કાંઈક પ્રીતિરૂપ સંક્ષોભ થાય તે સત્કાર-પુરસ્કારપરિષહ છે, જે ચારિત્રને મલિન કરે છે. સાધુએ સદા ભાવન કરવું જોઈએ કે લોકો જે સત્કાર કરે છે તે ચારિત્રનો સત્કાર છે, મારો સત્કાર નથી. આ પ્રકારે ભાવન કરીને સત્કાર-પુરસ્કાર પરિષહનો જય કરવાથી સત્કાર-પુરસ્કારાદિમાં પણ ચિત્ત સંક્ષોભ ન પામે તેવો વિશિષ્ટ સમભાવ થાય છે. **॥૯/૧૫॥**

સૂત્ર :-

वेदनीये शेषाः ।।९/१६।।

સૂત્રાર્થ :-

વેદનીયના ઉદયમાં શેષ પરિષહો હોય છે. ॥૯/૧૬॥

ભાષ્ય :-

वेदनीयोदये शेषा एकादश परीषहा भवन्ति ये जिने सम्भवन्तीत्युक्तम् (अ० ९, सू० ११) । कुतः शेषाः ? एभ्यः प्रज्ञाऽज्ञानादर्शनालाभनाग्न्यारतिस्त्रीनिषद्याऽऽक्रोशयाचनासत्कारपुरस्कारेभ्य इति ।।९/१६।।

ભાષ્યાર્થ :-

वेदनीयोदये ..... इति ।। વેદનીયના ઉદયમાં શેષ અગિયાર પરિષહો થાય છે, જે જિન કેવલીમાં સંભવે છે, તે પ્રમાણે કહેવાયું=સૂત્ર-૧૧માં કહેવાયું. કોનાથી શેષ=વેદનીયમાં જે શેષ છે એ કોનાથી શેષ, છે ? તે બતાવે છે — આ પ્રજ્ઞાપરિષહ, અજ્ઞાનપરિષહ, અદર્શનપરિષહ, અલાભપરિષહ, નાગ્ન્યપરિષહ, અરતિપરિષહ, સ્ત્રીપરિષહ, નિષદ્યાપરિષહ, આક્રોશપરિષહ, યાચનાપરિષહ (અને) સત્કારપુરસ્કારપરિષહ, આ બધાથી શેષ વેદનીયના ઉદયથી થાય છે, એમ અન્વય છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ॥૯/૧૬॥

ભાવાર્થ :-

અશાતાવેદનીયકર્મના ઉદયથી આ અગિયાર પરિષહો થાય છે. જે મુનિ વીતરાગ નથી તેઓને વેદનીયકર્મના ઉદયથી થનાર પણ અગિયાર પરિષહોમાંથી કોઈ પરિષહની પ્રાપ્તિ થાય ત્યારે મોહ ઉત્પન્ન કરીને

ચારિત્રની મલિનતા કરે છે; કેમ કે ઘાતિકર્મના ઉદયના સદ્‌ભાવમાં અઘાતી એવા વેદનીયકર્મનો ઉદય પણ ઘાતીનું જ કાર્ય કરે છે. તેથી વેદનીયકર્મથી ઉત્પન્ન થયેલા પણ પરિષહો ચારિત્ર ગુણનો ઘાત કરે છે. જો સાધુ પ્રતિપક્ષ ભાવન દ્વારા વેદનીયકર્મના ઉદયથી થનારા પરિષહોનો જય ન કરે તો ચારિત્રની અશુદ્ધિ થાય છે જ્યારે પરિષહના જયથી સંવરનો અતિશય થાય છે.

વળી વેદનીયકર્મના ઉદયથી સાધુને ક્ષુધાપરિષહ, પિપાસાપરિષહ આદિ પરિષહ ઉત્પન્ન થાય ત્યારે તે ભાવન કરે કે ક્ષુધાપરિષહ, પિપાસાપરિષહ આદિ પરિષહો દેહજન્ય પરિણામ છે, જ્યારે આત્માનો મોહથી અનાકુળ જ સ્વભાવ છે, તે સ્વભાવને ક્ષુધા કે પિપાસા કોઈ બાધ કરતી નથી; પરંતુ દેહ સ્વરૂપ હું છું તેવી બુદ્ધિ થાય છે ત્યારે જ મને ક્ષુધા-પિપાસા પીડા કરે છે, તેવો ભ્રમ થાય છે. માટે દેહજન્ય ભાવો અન્ય છે અને આત્માના ભાવો અન્ય છે, તેમ ભાવન કરીને સાધુ ક્ષુધા-પિપાસા આદિનો જય કરે, જેથી સંવરભાવની વૃદ્ધિ થાય છે. **॥૯/૧૬॥**

અવતરણિકા :-

બાવીશ પરિષહોમાંથી એક કાળમાં એક જીવને જઘન્યથી, મધ્યમથી અને ઉત્કૃષ્ટથી કેટલા પરિષહો સંભવે ? તે બતાવવા અર્થે કહે છે –

સૂત્ર :-

एकादयो भाज्या युगपदेकोनविंशतेः ।।९/१७।।

સૂત્રાર્થ :-

એકાદિ ભાજ્ય છે=કોઈકને એક, કોઈકને બે ઇત્યાદિ પરિષહો વિકલ્પનીય છે. એક સાથે ૧૯ સુધી હોય છે=પરિષહો હોય છે. ॥૯/૧૭॥

ભાષ્ય :-

एषां द्वाविंशतेः परीषहाणामेकादयो भजनीया युगपदेकस्मिन् जीवे आ एकोनविंशतेः । अत्र शीतोष्णपरीषहौ युगपन्न भवतः, अत्यन्तविरोधित्वात् । तथा चर्याशय्यानिषद्यापरीषहाणामेकस्य सम्भवे द्वयोरभावः ।।९/१७।।

ભાષ્યાર્થ :-

एषां ..... द्वयोरभावः ।। પરિષહોના આ બાવીશ એકાદિ ભજનીય છે. એક સાથે એક જીવમાં ૧૯ સુધી હોય છે.

કેમ ૧૯થી વધારે પ્રાપ્ત થતા નથી ? તે સ્પષ્ટ કરે છે –

અહીં=બાવીશ પરિષહોમાં, શીતપરિષહ અને ઉષ્ણપરિષહ એક સાથે સંભવતા નથી; કેમ કે

અત્યંત વિરોધીપણું છે. અને ચર્યાપરિષહ, શય્યાપરિષહ અને નિષદ્યાપરિષહના એકના સંભવમાં બેનો અભાવ છે. ।।૯/૧૭।।

ભાવાર્થ :-

છદ્મસ્થનો ઉપયોગ અંતર્મુહૂર્તકાલીન હોય છે. છદ્મસ્થને બાવીશ પરિષહમાંથી ક્યારેક કોઈક પરિષહની પ્રાપ્તિ ન હોય તેવું પણ બને અને ક્યારેક બાવીશે પરિષહમાંથી કોઈક સાધુને એક પરિષહની પ્રાપ્તિ થાય, બેની પ્રાપ્તિ થાય અને ઉત્કૃષ્ટથી ૧૯ પરિષહની પ્રાપ્તિ થાય.

અહીં પ્રશ્ન થાય કે બાવીશમાંથી ત્રણ પરિષહો ઉત્કૃષ્ટથી ઓછા કેમ પ્રાપ્ત થાય છે ? તેથી કહે છે –

શીતપરિષહ અને ઉષ્ણપરિષહ એક સાથે થઈ શકતા નથી; કેમ કે શીત અને ઉષ્ણ બન્નેનો અત્યંત વિરોધ છે. તેથી બાવીશમાંથી શીતપરિષહ અને ઉષ્ણ એક પરિષહ રહેવાથી એકવીસ પરિષહની પ્રાપ્તિ થાય છે.

વળી ચર્યાપરિષહ અને શય્યાપરિષહ એ વેદનીયકર્મના ઉદયથી થાય છે. સાધુ જ્યારે વિહાર કરતા હોય ત્યારે ચર્યાપરિષહની પ્રાપ્તિ થાય; કેમ કે ચાલવાના કારણે થયેલા શરીરના શ્રમને કારણે જે અશાતા થાય તે ચર્યાપરિષહ છે. જ્યારે દેહને પ્રતિકૂળ એવી ભૂમિને કારણે કે પ્રતિકૂળ એવા સંથારાને કારણે સાધુને જે અશાતા થાય છે તે શય્યાપરિષહ છે. આ ચર્યાપરિષહ અને શય્યાપરિષહથી જે અશાતા થાય તે રૂપ પરિષહનો સાધુ જય ન કરે તો અરતિપરિષહની પ્રાપ્તિ થાય છે. ચર્યાપરિષહ અને શય્યાપરિષહનો સાધુ જય કરે, તો તેવી અશાતામાં અગ્લાનિને કારણે સંયમની વૃદ્ધિ થાય છે. વળી, આ ચર્યા ગમનરૂપ છે. અને શય્યા સૂવાની ક્રિયારૂપ છે, ગમનની ક્રિયા અને સૂવાની ક્રિયા એક કાળમાં સંભવે નહીં, તેથી ચર્યાપરિષહ હોય ત્યારે શય્યાપરિષહની પ્રાપ્તિ થાય નહીં.

વળી નિષદ્યા એ નિષીદનની ક્રિયા છે અર્થાત્ બેસવાની ક્રિયા છે. બેસવાની ક્રિયા મોહ આપાદક વસતિમાં કરવાથી ચારિત્રમાં અતિચાર થવાનો સંભવ રહે છે. તેથી તેવા સ્થાનમાં વસવાનો પ્રસંગ આવે ત્યારે નિષદ્યાપરિષહની પ્રાપ્તિ થાય છે. સાધુને રહેવાનું સ્થાન મોહ આપાદક છે, જેથી સાધુ માટે પરિષહરૂપ બને છે. સાધુ જ્યારે ચર્યા કરતા હોય ત્યારે સૂવાની ક્રિયારૂપ શય્યા સંભવે નહીં અને ચર્યા કે શય્યાની પ્રવૃત્તિ હોય ત્યારે સ્ત્રી, પશુ આદિવાળી વસતિમાં બેસવાની ક્રિયા સંભવે નહીં. તેથી સાધુ સૂતા હોય, દેહને પ્રતિકૂળ એવા સંથારા ઉપર બેઠા હોય કે દેહને પ્રતિકૂળ એવા સ્થાનમાં બેઠા હોય તે સર્વ શય્યાપરિષહમાં અંતર્ભાવ પામે છે, જે અશાતાનું કારણ છે. સ્ત્રી-પશુ આદિવાળી વસતિમાં સાધુ ઊતર્યા હોય ત્યારે તે વસતિ અશાતાનું કારણ નથી, પરંતુ મોહના વિકારનું કારણ છે. માટે નિષદ્યાપરિષહને ચારિત્રમોહના ઉદયરૂપે ગ્રહણ કરે છે. પ્રતિકૂળ શય્યા હોય ત્યારે પ્રાયઃ નિષદ્યાપરિષહ પ્રાપ્ત થાય નહીં; કેમ કે નિષદ્યાપરિષહ એ સ્ત્રી-પશુવાળી જગ્યામાં બેસવા અર્થે છે અને શય્યાપરિષહ સાધુને સૂવા માટે પ્રધાનરૂપે છે. તેથી ચર્યા, શય્યા અને નિષદ્યામાંથી કોઈ એકનો જ સંભવ હોય છે. માટે એકવીસમાંથી બે પરિષહ ઓછા થવાથી ઉત્કૃષ્ટથી ૧૯ પરિષહ પ્રાપ્ત થાય છે.

છદ્મસ્થનો ઉપયોગ અસંખ્યાતસમયનો હોવાથી છદ્મસ્થ સાધુને એક સાથે શીત અને ઉષ્ણ બંનેનો ઉપયોગ થઈ શકે છે; કેમ કે એક સાથે સૂર્યનો તાપ આવતો હોય અને શીતલ પવન આવતો હોય તો છદ્મસ્થના ઉપયોગમાં બન્નેની પ્રાપ્તિ થાય છે. પરંતુ પરિષહરૂપે શીતપરિષહ અને ઉષ્ણપરિષહ બન્નેનો સાથે સંભવ નથી; કેમ કે દેહને પ્રતિકૂળ થાય તેવું શીત વાતાવરણ હોય ત્યારે શીતપરિષહની પ્રાપ્તિ છે અને દેહને પ્રતિકૂળ થાય તેવું ઉષ્ણ વાતાવરણ હોય ત્યારે ઉષ્ણપરિષહની પ્રાપ્તિ છે. સામાન્યથી એક સાથે ક્ષુધા, પિપાસા, શીત, દંશમશક આદિ સર્વમાં ઉપયોગ રહેતો નથી અર્થાત્ સાધુને અતિ ક્ષુધા લાગેલી હોય, પિપાસા પણ લાગી હોય, શીતપરિષહની પ્રાપ્તિ હોય અને દંશમશકપરિષહની પ્રાપ્તિ હોય ત્યારે પણ તે સર્વમાં ક્રમસર જ ઉપયોગ જાય છે; છતાં તે સર્વ પરિષહોની સાધુને એક કાલમાં પ્રાપ્તિ છે, તેમ સામાન્યથી ગ્રહણ કરેલ છે. તે રીતે પણ શીતપરિષહ અને ઉષ્ણપરિષહ એક કાલમાં પ્રાપ્ત થતા નથી; કેમ કે પ્રતિકૂળ એવું શીત વાતાવરણ હોય ત્યારે પ્રતિકૂળ એવું ઉષ્ણ વાતાવરણ સંભવે નહીં. **॥૯/૧૭॥**

અવતરણિકા :-

આશ્રવના નિરોધરૂપ સંવર છે, એમ સૂત્ર ૧માં કહ્યું અને સૂત્ર=૨માં કહ્યું કે તે સંવર ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય અને ચારિત્રથી થાય છે. તેથી ગુપ્તિથી લઈને પરિષહજય સુધીના સંવરના ઉપાયો બતાવ્યા પછી હવે સંવરના ઉપાયરૂપ ચારિત્ર બતાવે છે –

સૂત્ર :-

सामायिकच्छेदोपस्थाप्यपरिहारविशुद्धिसूक्ष्मसम्परायथाख्यातानि चारित्रम् ।।९/१८।।

સૂત્રાર્થ :-

સામાયિક, છેદોપસ્થાપ્ય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાતચારિત્ર છે. ॥૯/૧૮॥

ભાષ્ય :-

सामायिकसंयमः १, छेदोपस्थाप्यसंयमः २, परिहारविशुद्धिसंयमः ३, सूक्ष्मसम्परायसंयमः ४, यथाख्यातसंयम ५ इति पञ्चविधं चारित्रम् । तत् पुलाकादिषु (अ० ९, सू० ४८) विस्तरेण वक्ष्यामः ।।९/१८।।

ભાષ્યાર્થ :-

सामायिकसंयमः ..... वक्ष्यामः ।। સામાયિકસંયમ, છેદોપસ્થાપ્યસંયમ, પરિહારવિશુદ્ધિસંયમ, સૂક્ષ્મસંપરાયસંયમ, યથાખ્યાતસંયમ એ પાંચ પ્રકારનું ચારિત્ર છે. તે=પાંચ પ્રકારનું ચારિત્ર, પુલાક આદિમાં=અધ્યાય-૯, સૂત્ર-૪૮માં કહેવાનારા પુલાકનિર્ગ્રંથ આદિના વર્ણનમાં, વિસ્તારથી કહીશું. ॥૯/૧૮॥

ભાવાર્થ :-

સાધુ સર્વ સાવદ્યયોગનો ત્યાગ કરે ત્યારે સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ પ્રત્યે સમાન વલણરૂપ સમભાવના પરિણામ પ્રત્યે રાગ, તેની વૃદ્ધિના ઉપાય પ્રત્યે રાગ અને અસમભાવ પ્રત્યે દ્વેષ, અસમભાવના ઉપાયો પ્રત્યે દ્વેષ અને જગતના સર્વ પદાર્થો પ્રત્યે ઉપેક્ષા થાય તે પ્રકારનો અધ્યવસાય સ્થિર કરે છે. તેથી બાહ્ય પદાર્થોને આશ્રયીને તેમનામાં રાગ, દ્વેષ કે ઉપેક્ષા પ્રવર્તતાં નથી; પરંતુ સામાયિક પ્રત્યે રાગ, અસામાયિક પ્રત્યે દ્વેષ અને જગત પ્રત્યે ઉપેક્ષા આ ત્રણમાંથી કોઈ એક પરિણામનો ઉપયોગ વર્તે છે, તે વખતે તેમને સામાયિકસંયમની પ્રાપ્તિ થાય છે. સામાયિકના પરિણામને પ્રગટ કરવા અર્થે અને સ્થિર કરવા અર્થે સાધુ જિનવચન અનુસાર સર્વ ક્રિયાઓ અત્યંત ઉપયુક્ત થઈને કરે છે. જેઓ તે પ્રકારે યત્ન કરતા નથી તેઓમાં સામાયિકનો પરિણામ પ્રગટ થતો નથી.

સામાયિકસંયમની પ્રાપ્તિ પછી વડીદીક્ષા વખતે પૂર્વ પર્યાયનો છેદ કરીને મહાવ્રતોમાં સાધુને સ્થાપન કરવામાં આવે છે ત્યારે પાંચ મહાવ્રતોના સૂક્ષ્મ બોધપૂર્વક પાંચ મહાવ્રતોની યતના પ્રગટે છે. જે છેદોપસ્થાપનીય-સંયમ છે.

વળી વિશુદ્ધ પ્રકારના સંયમની પ્રાપ્તિ અર્થે મહાત્માઓ પરિહારવિશુદ્ધિ નામના સંયમમાં યત્ન કરે છે, જેનું વર્ણન ગ્રંથકારશ્રી સ્વયં આગળ કરશે.

વળી ઉપશમશ્રેણિવાળા જીવો કે ક્ષપકશ્રેણિવાળા જીવો દશમા ગુણસ્થાનકમાં આવે છે ત્યારે નષ્ટપ્રાયઃ સૂક્ષ્મ કષાય હોય છે, તેઓને સૂક્ષ્મસંપરાયસંયમ છે.

વળી જેઓ યથાખ્યાત છે=જે પ્રમાણે સંયમનું સ્વરૂપ કહ્યું છે તેવા સંયમના પરિણામવાળા છે, તેઓ ૧૧-૧૨-૧૩-૧૪મા ગુણસ્થાનકમાં છે, તેઓને યથાખ્યાતચારિત્ર છે.

આ પ્રકારે પાંચ પ્રકારનું ચારિત્ર છે. પોતાની ભૂમિકા અનુસાર તે તે પ્રકારના ચારિત્રમાં યત્ન કરવાથી તે તે ચારિત્રથી સાધ્ય એવા સંવરના પરિણામની પ્રાપ્તિ થાય છે. **॥૯/૧૮॥**

અવતરણિકા :-

સૂત્ર-૧માં સંવરનું સ્વરૂપ બતાવ્યું અને તે સંવર ગુપ્તિ આદિથી થાય છે તેમ સૂત્ર-૨માં કહ્યું તથા સંવરના ઉપાયભૂત ગુપ્તિ આદિનું સ્વરૂપ અત્યાર સુધી બતાવ્યું. વળી સૂત્ર-૩માં કહેલ કે તપથી નિર્જરા થાય છે અને સંવર થાય છે. તેથી હવે તપનું સ્વરૂપ બતાવે છે –

સૂત્ર :-

अनशनावमौदर्यवृत्तिपरिसङ्ख्यानरसपरित्यागविविक्तशय्याऽऽसनकाय-क्लेशा बाह्यं तपः ।।९/१९।।

સૂત્રાર્થ :-

અણસણ, અવમૌદર્ય=ઊણોદરી, વૃત્તિનું પરિસંખ્યાન=વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, વિવિક્ત શય્યાસનતા=સંલીનતા, કાયક્લેશ બાહ્યતપ છે. ।।૯/૧૯।।

ભાષ્ય :-

अनशनं १ अवमौदर्यं २ वृत्तिपरिसङ्ख्यानं ३ रसपरित्यागः ४ विविक्तशय्यासनता ५ कायक्लेशः ६ इत्येतत् षड्विधं बाह्यं तपः, "सम्यग्योगनिग्रहो गुप्तिः" (अ० ९, सू० ४) इत्यतः प्रभृति सम्यगित्यनुवर्तते, संयमरक्षणार्थं कर्मनिर्जरार्थं च चतुर्थषष्ठाष्टमादि सम्यगनशनं तपः ।

अवमौदर्यम्, अवममित्यूननाम, अवममुदरमस्य (इति) अवमोदरः, अवमोदरस्य भावः अवमौदर्यम् । उत्कृष्टावकृष्टौ च वर्जयित्वा मध्यमेन कवलेन त्रिविधमवमौदर्यं भवति । तद्यथा – अल्पाहारावमौदर्यम्, उपार्धावमौदर्यं, प्रमाणप्राप्तात् किञ्चिदूनावमौदर्यमिति । कवलपरिसङ्ख्यानं च प्राग् द्वात्रिंशद्भ्यः कवलेभ्यः ।

वृत्तिपरिसङ्ख्यानमनेकविधम् । तद्यथा – उत्क्षिप्तनिक्षिप्तान्तप्रान्तचर्यादीनां सक्तुकुल्माषौदनादीनां चान्यतममभिगृह्यावशेषस्य प्रत्याख्यानम् ।

रसपरित्यागोऽनेकविधः । तद्यथा – मद्यमांसमधुनवनीतादीनां रसविकृतीनां प्रत्याख्यानं विरसरूक्षाद्यभिग्रहश्च ।

विविक्तशय्यासनता नाम एकान्तेऽनाबाधेऽसंसक्ते स्त्रीपशुपण्डकवर्जिते शून्यागारदेवकुलसभापर्वतगुहादीनामन्यतमस्मिन् समाध्यर्थं संलीनता ।

कायक्लेशोऽनेकविधः । तद्यथा – स्थानवीरासनोत्कटुकासनैकपार्श्वदण्डायतशयनातापनाप्रावृतादीनि सम्यक् प्रयुक्तानि बाह्यं तपः, अस्मात् षड्विधादपि बाह्यात् तपसः सङ्गत्यागशरीरलाघवेन्द्रियविजयसंयमरक्षणकर्मनिर्जरा भवन्ति ।।९/१९।।

ભાષ્યાર્થ :-

અનશનં ..... ભવન્તિ ।। અણસણ, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાસનતા, કાયક્લેશ એ પ્રમાણે આ છ પ્રકારનો બાહ્યતપ છે. "સમ્યગ્ યોગનિગ્રહ ગુપ્તિ છે." (અધ્યાય-૯, સૂત્ર-૪) એ પ્રકારના ચોથા સૂત્રથી વગેરેમાં=સૂત્ર-૫ આદિ સર્વ સૂત્રમાં, સમ્યગ્ એ અનુવર્તન પામે છે. સંયમ રક્ષણ માટે અને કર્મનિર્જરા માટે ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમાદિ સમ્યગ્ અણસણ તપ છે.

અવમૌદર્ય. અવમ એ ઊન અર્થમાં છે=ન્યૂન અર્થમાં છે. અવમ ઉદર છે આને તે અવમ ઉદર. અવમ ઉદરનો ભાવ અવમૌદર્ય. ઉત્કૃષ્ટ અને અપકૃષ્ટ કોળિયાને વર્જન કરીને મધ્યમ કોળિયાથી

ત્રિવિધ અવમૌદર્ય થાય છે. તે આ પ્રમાણે – (૧) અલ્પાહાર અવમૌદર્ય, (૨) ઉપાર્ધ=અડધાથી ન્યૂન, અવમૌદર્ય અને (૩) પ્રમાણપ્રાપ્તથી કાંઈક ઓછું અવમૌદર્ય. અને કવલનું પરિસંખ્યાન ૩૨ કવલથી પ્રાગ્ છે=ન્યૂન છે.

વૃત્તિનું પરિસંખ્યાન અનેક પ્રકારનું છે, તે આ પ્રમાણે – ઉત્ક્ષિપ્ત, નિક્ષિપ્ત, અન્તપ્રાન્ત, ચર્યા આદિનું અને સક્તુ, કુલ્માષ, ઓદન આદિનું=ચણાના લોટનું બનેલું સક્તુ, અડદ અને ભાત આદિનું, અન્યતમ અભિગ્રહ ગ્રહણ કરીને અવશેષનું પ્રત્યાખ્યાન.

રસપરિત્યાગ અનેક પ્રકારનો છે, તે આ પ્રમાણે – મદ્ય, માંસ, મધુ, નવનીત આદિ અને રસની વિકૃતિઓનું પ્રત્યાખ્યાન અને વિરસ રૂક્ષાદિનો અભિગ્રહ.

વિવિક્તશય્યાસનતા એટલે એકાંતમાં, અનાબાધમાં, અસંસક્ત=જીવોથી અસંસક્તમાં, સ્ત્રી-પશુ, નપુંસકથી વર્જિત શૂન્યાગાર, દેવકુળ, સભા, પર્વત, ગુફાદિમાંથી અન્યતમમાં સમાધિ અર્થે સંલીનતા.

કાયક્લેશ અનેક પ્રકારનો છે, તે આ પ્રમાણે – સ્થાન, વીરાસન, ઉત્કટુકાસન, એકપાર્શ્વદંડાયત-શયન, આતાપન, અપ્રાવૃતાદિ સમ્યક્ પ્રયુક્ત બાહ્યતપ છે.

આ છ પ્રકારના પણ બાહ્યતપથી સંગત્યાગ, શરીરલાઘવ, ઇન્દ્રિયવિજય, સંયમરક્ષણ અને કર્મનિર્જરા થાય છે. ॥૯/૧૯॥

ભાવાર્થ :-

(૧) અનશનબાહ્યતપ :-

સાધુ છ પ્રકારના બાહ્યતપ દ્વારા નિર્જરાની પ્રાપ્તિ કરે છે તેમાં પ્રથમ અણસણ નામનો બાહ્યતપ છે. તેમાં સૂત્ર-૪થી સમ્યગ્ શબ્દની અનુવૃત્તિ છે. તેથી સમ્યગ્ અણસણ એ બાહ્યતપ છે, એ પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય. જે અણસણ કરવાથી સંવરભાવની વૃદ્ધિ થાય અને કર્મની નિર્જરા થાય તેવા ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમાદિ અણસણ તપ છે. જે ઉપવાસ આદિ તપ દ્વારા અંગનું શૈથિલ્ય થાય કે ન થાય પરંતુ સ્વાધ્યાયમાં દૃઢ યત્ન દ્વારા સંયમનું રક્ષણ કરવાનું કારણ બને તથા નિર્લેપ પરિણતિની પ્રાપ્તિ દ્વારા કર્મનિર્જરાનું કારણ બને તે જ સમ્યગ્ અણસણ તપ છે. જે ઉપવાસાદિ તપ દ્વારા અંગનું શૈથિલ્ય થાય જેના કારણે ચિત્ત સમભાવના પરિણામરૂપ સંયમમાં યત્ન કરવા સમર્થ ન બને તેવો તપ અણસણ તપ નથી. વળી જે ઉપવાસાદિ તપ દ્વારા આત્મા નિર્લેપ પરિણતિવાળો ન થાય જેથી કર્મનિર્જરા પ્રાપ્ત ન થાય તે સમ્યગ્ અણસણ કહેવાય નહીં.

(૨) ઊણોદરીબાહ્યતપ :-

સાધુ પોતાની ઉદરની પૂર્તિ કરતા અલ્પ આહાર ગ્રહણ કરે તે અવમૌદર્ય છે. સામાન્યથી સાધુ સંયમના પ્રયોજનાર્થે જ આહાર ગ્રહણ કરે છે; પરંતુ માત્ર ક્ષુધાના શમન દ્વારા શાતાની પ્રાપ્તિ અર્થે આહાર ગ્રહણ કરતા નથી. તેથી સંયમવૃદ્ધિમાં ઉપષ્ટંભક બને તેટલો જ આહાર સાધુએ ગ્રહણ કરવો જોઈએ અને એકાસણાદિમાં પણ શક્તિ અનુસાર ઊણોદરી કરીને સંયમની વૃદ્ધિમાં યત્ન કરવો જોઈએ.

ઊણોદરી ત્રણ પ્રકારની છે : (૧) અલ્પઆહાર, (૨) મધ્યમઅવમૌદર્ય અને (૩) અપકૃષ્ટ અવમૌદર્ય.

(૧) અલ્પઆહાર :- પોતાની ક્ષુધાની અપેક્ષાએ ચોથા ભાગનો આહાર ગ્રહણ કરે તે અલ્પ આહાર છે. તે પ્રકારના આહાર દ્વારા ઇન્દ્રિયો સંવૃત રહેતી હોય, ચિત્ત યોગમાર્ગમાં દૃઢ રીતે પ્રવર્તી શકતું હોય, શરીર અલ્પ આહારને કારણે સ્ફૂર્તિવાળું રહેતુ હોય અને માત્ર સંયમના ઉપષ્ટંભક અંગ તરીકે આહાર ગ્રહણ કરેલ હોય તો આ અવમૌદર્ય આહારસંજ્ઞાના ત્યાગરૂપ સંગત્યાગની પ્રાપ્તિ થાય તેવું, સંયમ રક્ષણનું કારણ અને નિર્જરાનું કારણ એવું સમ્યક્ અવમૌદર્ય છે.

(૨) વળી જે સાધુ અલ્પાહાર દ્વારા સંયમનું રક્ષણ કરવા અસમર્થ હોય તેઓ પોતાના દેહની અપેક્ષાએ અડધાથી ન્યૂન આહાર વાપરે તે મધ્યમઅવમૌદર્ય છે.

(૩) જે સાધુને ઉપાર્ધ અવમૌદર્ય અર્થાત્ અડધાથી ન્યૂન આહાર ગ્રહણ કરવાથી અંગ શૈથિલ્યાદિ થવાને કારણે સંયમયોગમાં સ્ખલના થતી હોય તેઓ પ્રમાણપ્રાપ્ત ભોજનથી કાંઈક ન્યૂન આહાર વાપરે તે અપકૃષ્ટ અવમૌદર્ય છે.

જે સાધુ વિવેકપૂર્વક સંયમવૃદ્ધિ અને નિર્જરાનું કારણ બને તે રીતે મધ્યમૌદર્ય કરે કે અપકૃષ્ટ અવમૌદર્ય કરે તે સમ્યક્ અવમૌદર્ય છે. પરંતુ જેઓ માત્ર આહારની ન્યૂનતા કરે છે પરંતુ સમભાવના પરિણામની વૃદ્ધિ કરી શકતા નથી તેઓનું અવમૌદર્ય માત્ર કાયક્લેશરૂપ જ હોય છે.

(૩) વૃત્તિસંક્ષેપબાહ્યતપ :-

સમભાવના પરિણામવાળા પણ સુસાધુ ભિક્ષા આદિમાં અનેક પ્રકારના અભિગ્રહ ગ્રહણ કરીને સામાયિકના પરિણામમાં ક્ષોભ ન થાય તે પ્રકારે વૃત્તિઓનો સંક્ષેપ કરે છે જેનાથી વિશેષ પ્રકારે સંવરની પ્રાપ્તિ થાય છે.

(૪) રસત્યાગબાહ્યતપ :-

રસપરિત્યાગ અનેક પ્રકારનો છે. સાધુ પોતાની ઇન્દ્રિયોની લોલુપતાના સંવર માટે રસનો પરિત્યાગ કરે છે તેમાં મદ્ય, માંસ, મધ અને નવનીતાદિના રસની વિકૃતિઓનું પચ્ચક્ખાણ કરે છે અર્થાત્ તેને ક્યારેય પણ ગ્રહણ કરતા નથી, જે રસત્યાગરૂપ છે. વળી સાધુ જે વિગઈઓના ત્યાગપૂર્વક આહાર ગ્રહણ કરે છે, તેમાં પણ વિરસ અને રૂક્ષ આદિ આહારગ્રહણનો અભિગ્રહ કરે છે, જેથી રસનેંદ્રિયનો સંવરભાવ અતિશયિત થાય છે જેના દ્વારા સમિતિ-ગુપ્તિથી થયેલા સંવરમાં પણ અતિશયિતાની પ્રાપ્તિ થાય છે. સાધુ સમિતિ-ગુપ્તિથી ગુપ્ત હોવા છતાં ઇન્દ્રિયોને પ્રતિકૂળ એવા વિરસ અને રૂક્ષાદિ આહારનો અભિગ્રહ કરીને તેવા આહારને ગ્રહણ કરે ત્યારે પ્રતિકૂળ ભાવોમાં પણ સમભાવને અભિમુખ અંતરંગ પ્રયત્ન વિદ્યમાન હોવાથી સંવરનો અતિશય થાય છે. વિરસ અને રૂક્ષાદિ આહાર વાપરતી વખતે તેવા આહાર પ્રત્યે લેશ પણ દ્વેષ ન થાય તે પ્રકારે ઉપયોગપૂર્વક તેવા આહારના ગ્રહણથી સમભાવના પરિણામનો પ્રકર્ષ થાય છે, જેથી મહાનિર્જરાની પ્રાપ્તિ થાય છે.

અહીં નવનીત આદિમાં ચાર મહાવિગઈઓથી અન્ય જે છ વિગઈઓ છે, તેનું પણ સાધુ પ્રત્યાખ્યાન કરે, જેથી વિગઈઓ કૃત લેશ પણ સંશ્લેષનો પરિણામ થાય નહીં અને વિગઈના ત્યાગને કારણે સંવરના અતિશયનો પરિણામ થાય. ફક્ત કોઈને તેવા પ્રકારનું શરીર હોય જેનાથી વિગઈઓના સંપૂર્ણ ત્યાગને કારણે સ્વાધ્યાયાદિ બલવાન સંયમયોગોનો નાશ થતો હોય તો અપવાદથી બલવાન એવા સંયમયોગોના રક્ષણાર્થે પરિમિત વિગઈઓને સાધુ ગ્રહણ કરે છે.

(૫) विविक्तशय्यासनताबाह्यतप :-

વળી સાધુ એકાન્ત સ્થાનમાં શય્યા કરીને સંલીનતા ધારણ કરે, જેનાથી સંવરનો અતિશય થાય છે. તેના માટે વસતિ વગરના સ્થાનમાં, સ્વાધ્યાય કે ધ્યાનને બાધા ન કરે તેવા અનાબાધ સ્થળમાં અને જીવોથી અસંસક્ત એવા સ્થળમાં અને સ્ત્રી, પશુ કે નપુંસકથી વર્જિત સ્થળમાં સમાધિ માટે સંલીનતા કરે. અર્થાત્ કષાયોનો અત્યંત રોધ થાય તે રીતે કાયાની, વચનની અને મનની સંલીનતા કરે.

કેવા સ્થાનમાં આ પ્રકારે સંલીનતા કરે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

શૂન્યગૃહોમાં, દેવકુલોમાં, સભાસ્થાનમાં અર્થાત્ જ્યાં પ્રસંગે સભા ભરાતી હોવા છતાં શેષકાળમાં વસતિ વગરનું હોય તેવા સ્થાનમાં, પર્વતની ગુફાદિમાં સમાધિ માટે સંલીનતા ધારણ કરે. તેથી એ પ્રાપ્ત થાય કે સંવરનો અત્યંત અતિશય કરવા અર્થે શૂન્યગૃહાદિ કોઈક સ્થાનમાં સાધુ સમાધિની પ્રાપ્તિ કરવા અર્થે અત્યંત સ્થિરાસનમાં બેસીને આત્માને જિનવચનથી અત્યંત ભાવિત કરવા યત્ન કરે તે વિવિક્તશય્યાસન નામનો બાહ્યતપ છે.

(૬) कायक्लेशबाह्यतप :-

કાયક્લેશ અનેક પ્રકારનો છે. તે આ પ્રમાણે – સાધુ કાયા પ્રત્યે નિર્મમ થઈને સમભાવની વૃદ્ધિ અર્થે અને સૂત્ર-અર્થમાં ઉપયોગની તીવ્રતા અર્થે અનેક પ્રકારનાં આસનોમાંથી જે આસનમાં બેસીને ગુણસ્થાનકની વૃદ્ધિ કરી શકે તે પ્રકારે યત્ન કરે, ત્યારે કાયક્લેશતપની પ્રાપ્તિ થાય છે; કેમ કે મનુષ્યની કાયાનો સ્વભાવ છે કે કોઈક આસનમાં થોડોક પણ સમય બેસે કે તરત અવસ્થાંતરમાં જવાને અનુકૂળ કાયા તરફથી પ્રેરણા મળે છે. જેની ઉપેક્ષા કરીને સાધુ સમભાવમાં ઉદ્યમ કરી શકે, ત્યારે તે પ્રયત્નથી વિશિષ્ટ પ્રકારની નિર્જરા થાય છે. તેથી કાયક્લેશ તપ છે.

આ છએ પ્રકારનો બાહ્યતપ સંગત્યાગનું કારણ છે. તેથી જીવમાં અસંગભાવની પરિણતિ ઉલ્લસિત થાય છે. વળી શરીરના લાઘવનું કારણ છે, જેથી શરીરકૃત જડતા અલ્પ થાય છે. પરિણામે સાધુ શરીરના અવલંબનથી સુખપૂર્વક આત્માની નિર્લેપ પરિણતિને ઉલ્લસિત કરી શકે છે.

વળી જે સાધુ વિવેકપૂર્વક છ પ્રકારનો બાહ્યતપ કરે છે તે મહાત્માને ઇન્દ્રિય ઉપર વિજય પ્રાપ્ત થાય છે. જેથી ઇન્દ્રિય અનુત્સુક થવાને કારણે સંયમના યોગોથી કષાયના તિરોધાનને અનુકૂળ યત્ન સમ્યગ્ થઈ શકે છે.

વળી જે મહાત્મા પોતાની ભૂમિકાનું અવલોકન કરીને યથાશક્તિ છ પ્રકારનો બાહ્યતપ કરે છે તેમને પાંચ ઇન્દ્રિય અને મનનો સંવરભાવ વર્તે છે. તેથી સંવરભાવરૂપ સંયમનું રક્ષણ થાય છે. જેઓ શક્તિ અનુસાર છ પ્રકારના બાહ્યતપમાંથી ઉચિત તપ અંતરંગ અપ્રમાદભાવપૂર્વક કરતા નથી તેઓમાં અસંયમના પરિણામના પડેલા સંસ્કારો સંયમ ગ્રહણ કરવા છતાં પણ અસંયમના જ પરિણામને ઉલ્લસિત કરે છે. માટે સંયમના અર્થી જીવે ત્રણ ગુપ્તિના દૃઢ અવલંબનપૂર્વક સ્વભૂમિકાનુસાર ઉચિત બાહ્યતપમાં યત્ન કરવો જોઈએ.

વળી અનાદિકાળથી જીવ અસંવરભાવને કારણે કર્મ બાંધે છે. જેમ જેમ સંવરનો પ્રકર્ષ થાય છે તેમ તેમ કર્મબંધના વિરુદ્ધભાવો ઉલ્લસિત થવાથી કર્મની નિર્જરા થાય છે. ઉપયોગપૂર્વક શક્તિના પ્રકર્ષથી જે મહાત્મા બાહ્યતપ કરે છે તેઓનું સદ્વીર્ય સદા અતિશય-અતિશય સંવરના વ્યાપારવાળું બને છે, જેથી ઘણાં કર્મોની નિર્જરા થાય છે. માટે બાહ્યતપ પણ નિર્જરાનું કારણ છે. **॥૯/૧૯॥**

અવતરણિકા :-

ક્રમપ્રાપ્ત અભ્યંતરતપ બતાવે છે –

સૂત્ર :-

प्रायश्चित्तविनयवैयावृत्त्यस्वाध्यायव्युत्सर्गध्यानान्युत्तरम् ।।९/२०।।

સૂત્રાર્થ :-

પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ, ધ્યાન ઉત્તર છે=અભ્યંતરતપ છે. ॥૯/૨૦॥

ભાષ્ય :-

સૂત્રક્રમપ્રામાણ્યાદુત્તરમિત્યભ્યન્તરમાહ । પ્રાયશ્ચિત્તં ૧, વિનયો ૨, વૈયાવૃત્ત્યં ૩, સ્વાધ્યાયો ૪, વ્યુત્સર્ગો ૫, ધ્યાનં ૬, ઇત્યેતત્ ષડ્વિધં અભ્યન્તરં તપઃ ।।૯/૨૦।।

ભાષ્યાર્થ :-

સૂત્રક્રમ ..... તપઃ ।। સૂત્રક્રમના પ્રામાણ્યથી=આગમના વચન સ્વરૂપ સૂત્રક્રમના પ્રામાણ્યથી, ઉત્તર=પ્રસ્તુત સૂત્રમાં બતાવેલ ઉત્તર શબ્દ, અભ્યંતરને કહે છે=પ્રાયશ્ચિત્તાદિ અભ્યંતરતપ છે એ પ્રમાણે કહે છે. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ, ધ્યાન એ પ્રમાણે આ છ પ્રકારનો અભ્યંતરતપ છે. ॥૯/૨૦॥

ભાવાર્થ :-

પૂર્વસૂત્રમાં ૬ પ્રકારના બાહ્યતપ બતાવ્યા. હવે ૬ પ્રકારનો અભ્યંતરતપ બતાવે છે –

(१) प्रायश्चित्तअभ्यंतरतप :-

સાધુ અપ્રમાદભાવથી સમિતિ-ગુપ્તિમાં ઉદ્યમ કરીને સંવરભાવવાળા રહે છે; આમ છતાં અનાદિના પ્રમાદી સ્વભાવને કારણે કોઈ સ્ખલના થઈ હોય તેનું સ્મરણ કરીને ચિત્તમાં તે સ્ખલના પ્રત્યે તીવ્ર પશ્ચાત્તાપ થાય તે રીતે શાસ્ત્રવિધિ અનુસાર પ્રાયશ્ચિત્ત કરે ત્યારે ઘણાં પાપોની નિર્જરા થાય છે. એથી પ્રાયશ્ચિત્ત એ નિર્જરાના કારણભૂત અભ્યંતરતપ છે.

(२) विनयअभ्यंतरतप :-

વળી સાધુ રત્નત્રયીની વૃદ્ધિ માટે ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઈને સૂત્રપોરિસી-અર્થપોરિસી કરે છે. ત્યારે ગુણસંપન્ન એવા ગુરુ આદિનો વિનય કરે છે. તેના કારણે ગુણો પ્રત્યેના વધતા જતા બહુમાનના પરિણામરૂપ વિનય નિર્જરાનું કારણ એવો અભ્યંતરતપ બને છે.

(३) वैयावच्यअभ्यंतरतप :-

ગુણવાનના ગુણોના સ્મરણપૂર્વક તેમની ભક્તિ અર્થે કરાતું વૈયાવચ્ચનું કૃત્ય ત્રણ ગુપ્તિવાળા સાધુ માટે નિર્જરાનું કારણ બને છે. માટે વૈયાવચ્ચ અભ્યંતરતપ છે.

(४) स्वाध्यायअभ्यंतरतप :-

વળી સાધુ ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઈને શાસ્ત્રવચનોરૂપ સ્વાધ્યાયથી આત્માને વાસિત કરે છે, જેથી તેની નિર્લેપ પરિણતિ અતિશય-અતિશયતર થાય છે. નિર્લેપ પરિણતિની અતિશયતાનું કારણ સ્વાધ્યાય અભ્યંતરતપ છે, જેનાથી ઘણી નિર્જરાની પ્રાપ્તિ થાય છે.

(५) व्युत्सर्गअभ्यंतरतप :-

વળી સંયમને અનુપકારક એવી ઉપધિ, સંયમને અનુપકારક એવું શરીર અને સંયમને અનુપકારક એવા આહાર વગેરેનો વ્યુત્સર્ગ એ અભ્યંતરતપ છે; કેમ કે તેના ત્યાગથી મમત્વનો ત્યાગ થાય છે.

(६) ध्यानअभ्यंतरतप :-

સાધુ શાસ્ત્રથી સંપન્ન થયા પછી શુદ્ધ આત્માના ધ્યાન માટે ઉદ્યમ કરીને આત્માનો અસંગભાવ પ્રગટ કરવાર્થે મહા ઉદ્યમ કરે છે જે ધ્યાન સ્વરૂપ છે. એકાગ્રતાપૂર્વક આત્મગુણોમાં લીનતારૂપ ધ્યાન મહાનિર્જરાનું કારણ છે તેથી અભ્યંતરતપ છે. **॥९/२०॥**

सूत्र :-

नवचतुर्दशपञ्चद्विभेदं यथाक्रमं प्राग् ध्यानात् ।।९/२१।।

सूत्रार्थ :-

ધ્યાનથી પૂર્વના યથાક્રમ નવ, ચાર, દશ, પાંચ અને બે ભેદ છે. ॥९/२१॥

ભાષ્ય :-

तदभ्यन्तरं तपः नवचतुर्दशपञ्चद्विभेदं भवति यथाक्रमं प्राग् ध्यानात्, इत उत्तरं यद्वक्ष्यामः ।।९/२१।।

ભાષ્યાર્થ :-

तदभ्यन्तरं ..... यद्वक्ष्यामः ।। ધ્યાનથી પૂર્વમાં યથાક્રમ નવ, ચાર, દશ, પાંચ અને બે ભેદવાળું તે અભ્યંતરતપ છે. આનાથી ઉત્તરમાં=આ સૂત્રથી ઉત્તરનાં સૂત્રોમાં, જેને=જે અભ્યંતરતપના ભેદોને, અમે કહીશું. ।।૯/૨૧।।

ભાવાર્થ :-

પૂર્વસૂત્રમાં અભ્યંતરતપના છ ભેદો બતાવ્યા. તેમાંથી ધ્યાનથી પૂર્વના પાંચ અભ્યંતરતપોના ભેદોને સંખ્યાથી ક્રમસર બતાવે છે. પ્રાયશ્ચિત્તના નવ ભેદો છે. વિનયના ચાર ભેદો છે. વૈયાવચ્ચના દશ ભેદો છે. સ્વાધ્યાયના પાંચ ભેદો છે. વ્યુત્સર્ગના બે ભેદ છે. આ સર્વભેદોને ઉત્તરમાં પોતે કહેશે, એ પ્રમાણે ભાષ્યકારશ્રી કહે છે. **॥૯/૨૧॥**

अवतरणिका :-

तद्यथा –

अवतरणिकार्थ :-

તે આ પ્રમાણે=પ્રાયશ્ચિત્તના ભેદો આ પ્રમાણે છે –

સૂત્ર :-

आलोचनप्रतिक्रमणतदुभयविवेकव्युत्सर्गतपश्छेदपरिहारोपस्थापनानि ।।९/२२।।

સૂત્રાર્થ :-

આલોચના, પ્રતિક્રમણ, તદુભય, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, પરિહાર અને ઉપસ્થાપના પ્રાયશ્ચિત્તના નવ ભેદો છે. ।।૯/૨૨।।

ભાષ્ય :-

प्रायश्चित्तं नवभेदम् । तद्यथा – आलोचनं १, प्रतिक्रमणं २, आलोचनप्रतिक्रमणे ३, विवेकः ४, व्युत्सर्गः ५, तपः ६, छेदः ७, परिहारः ८, उपस्थापनम् ९ इति । आलोचनं विवरणं प्रकाशनमाख्यानं प्रादुष्करणमित्यनर्थान्तरम् १ । प्रतिक्रमणं मिथ्यादुष्कृतसंप्रयुक्तः प्रत्यवमर्शः प्रत्या-

ख्यानं कायोत्सर्गकरणं च २ । एतदुभयमालोचनप्रतिक्रमणे ३ । विवेको विवेचनं विशोधनं प्रत्युपेक्षणमित्यनर्थान्तरम् । स एष संसक्तान्नपानोपकरणादिषु भवति ४ । व्युत्सर्गः प्रतिष्ठापनमित्यनर्थान्तरम् । एषोऽप्यनेषणीयान्नपानोपकरणादिषु अशङ्कनीयविवेकेषु च भवति ५ । तपो बाह्यमनशनादि प्रकीर्णं चानेकविधं चन्द्रप्रतिमादि ६ । छेदोऽपवर्तनमपहार इत्यनर्थान्तरम् । स प्रव्रज्यादिवसपक्षमाससंवत्सराणामन्यतमेषां भवति ७ । परिहारो मासिकादिः ८ । उपस्थापनं पुनर्दीक्षणं पुनश्चरणं पुनर्व्रतारोपणमित्यनर्थान्तरम् ९ । तदेतन्नवविधं प्रायश्चित्तं देशं कालं शक्तिं संहननं संयमविराधनां च कायेन्द्रियजातिगुणोत्कर्षकृतां च प्राप्य विशुद्ध्यर्थं यथाऽर्हं दीयते चाचर्यते च, 'चिती सञ्ज्ञानविशुद्ध्योः' धातुः, तस्य चित्तमिति भवति निष्ठान्तमौणादिकं च । एवमेभिरालोचनादिभिः कृच्छ्रैस्तपोविशेषैर्जनिताप्रमादः तं व्यतिक्रमं प्रायश्चेतयति, चेतयंश्च न पुनराचरतीति, ततः प्रायश्चित्तमपराधो वा प्रायस्तेन विशुध्यतीति, अतश्च प्रायश्चित्तमिति ।।९/२२।।

भाष्यार्थ :-

प्रायश्चित्तं ..... प्रायश्चित्तमीति ।। प्रायश्चित्तना नवभेदो छे, ते आ प्रमाणे – आलोचन, प्रतिक्रमण, आलोचन-प्रतिक्रमणरूप तदुभय, विवेक, व्युत्सर्ग, तप, छेद, परिहार, उपस्थापन.

आलोचनना पर्यायवाची बतावे छे –

आलोचन, विवरण, प्रकाशन, आख्यान, प्रादुष्करण એ अनर्थान्तर छे=એકાર્થવાચી છે. મિથ્યા દુષ્કૃતથી સંપ્રયુક્ત એવો પ્રત્યવમર્શ, પ્રત્યાખ્યાન અને કાયોત્સર્ગનું કરણ પ્રતિક્રમણ છે. આ ઉભય=આલોચન અને પ્રતિક્રમણ એ ઉભય, આલોચન-પ્રતિક્રમણ છે.

विवेकना पर्यायवाची बतावे छे –

विवेक, विवेचन, विशोधन, प्रत्युपेक्षण એ अनर्थान्तर छे. ते આ વિવેક સંસક્ત અન્નપાન-ઉપકરણાદિમાં થાય છે.

व्युत्सर्गना पर्यायवाची बतावे छे –

व्युत्सर्ग प्रतिष्ठापन એ अनर्थान्तर छे=એકાર્થવાચી શબ્દ છે. આ પણ=વ્યુત્સર્ગ પણ, અનેષણીય અન્નપાન-ઉપકરણાદિમાં અને અશંકનીય એવા વિવેકમાં થાય છે. તપ બાહ્ય અનશનાદિ અને પ્રકીર્ણક અનેકવિધ ચંદ્રપ્રતિમાદિ છે.

छेदना पर्यायवाची बतावे छे –

छेद, अपवर्तन, अपहार એ अनर्थान्तर छे. ते=છેદ, પ્રવ્રજ્યાના દિવસથી પક્ષ, માસ, સંવત્સર આદિમાંથી અન્યતમોનું થાય છે. પરિહાર માસિકાદિ છે.

ઉપસ્થાપનના પર્યાયવાચી બતાવે છે –

ઉપસ્થાપન પુનર્દીક્ષણ, પુનશ્ચારિત્ર, પુનર્વ્રતારોપણ એ અનર્થાન્તર છે. દેશ, કાળ, શક્તિ, સંહનન અને સંયમવિરાધના તથા કાય, ઈન્દ્રિય, જાતિ, ગુણઉત્કર્ષ કૃત એવી વિરાધનાને પ્રાપ્ત કરીને વિશુદ્ધિ માટે તે આ નવ પ્રકારનું પ્રાયશ્ચિત્ત યથાયોગ્ય અપાય છે અને આચરણ કરાય છે. ચિતિ=પ્રાયશ્ચિત્તમાં રહેલો ચિતિ શબ્દ, સંજ્ઞાન અને વિશુદ્ધિ અર્થમાં ધાતુ છે. તેનું ચિત્ત એ પ્રમાણે નિષ્ઠાન્ત અને ઔણાદિક થાય છે.

આ રીતે આ આલોચનાદિ વડે અને કૃચ્છ્ર એવા તપોવિશેષ વડે જનિત અપ્રમાદવાળો સાધુ તે વ્યતિક્રમને=તે જ સંયમના ઉલ્લંઘનને, પ્રાયઃ જાણે છે અને જાણતો ફરી આચરતો નથી. તેથી પ્રાયશ્ચિત્ત છે. અથવા અપરાધ પ્રાયઃ તેનાથી=પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવાથી, વિશુદ્ધ થાય છે. અને આથી પ્રાયશ્ચિત્ત છે. ॥૯/૨૨॥

ભાવાર્થ :-

પ્રાયશ્ચિત્ત નામનો અભ્યંતરતપ નવ ભેદવાળો છે.

(૧) આલોચનપ્રાયશ્ચિત્ત :-

પોતે કરેલ ક્રિયાના ગુરુ સમક્ષ સમ્યક્ નિવેદન-પ્રકાશનરૂપ આલોચનપ્રાયશ્ચિત્ત છે. જેમ સાધુ ભિક્ષાદિ લઈ આવ્યા હોય તેનું ગુરુ આગળ સમ્યક્ પ્રકાશન કરે, તે પ્રકાશનની ક્રિયા સંયમની શુદ્ધિને અનુકૂળ આલોચનપ્રાયશ્ચિત્ત નામના અભ્યંતરતપરૂપ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે સાધુ નિર્દોષ ભિક્ષા લાવ્યા હોય, ત્યારે જે જે ઘરોમાંથી જે જે ભિક્ષા ગ્રહણ કરી હોય તે ભિક્ષા કઈ રીતે પૃચ્છા કરેલી ? અને કઈ રીતે શુદ્ધ છે ? તેનો નિર્ણય કરેલો તે સર્વનું યથાવત્ ગુરુ આગળ પ્રકાશન કરે. અપવાદથી કોઈક ભિક્ષા દોષિત ગ્રહણ કરેલ હોય, તો તેનું પણ યથાવત્ પ્રકાશન કરે. શુદ્ધ ભિક્ષાનું પ્રકાશન અને દોષિત ભિક્ષાનું પ્રકાશન કરતી વખતે જિનવચન અનુસાર ગુણવાનને પરતંત્ર થઈને ભિક્ષાના નિવેદનનો જે વિશુદ્ધ અધ્યવસાય તે આલોચન નામનું પ્રાયશ્ચિત્ત છે.

વળી સાધુ ૧૦૦ ડગલાંથી અધિક ક્ષેત્રમાં ગમનાદિ કરે ત્યારે કઈ વિધિથી પોતે ગયેલો ? અને ત્યાં સમિતિ આદિમાં કોઈ સ્ખલના થયેલી હોય તેનું સ્મરણ કરીને અને બહારનું કાર્ય પોતે કઈ રીતે કર્યું છે ? તેનું યથાવત્ ગુરુ આગળ નિવેદન કરે તે આલોચના પ્રાયશ્ચિત્ત છે.

(૨) પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત :-

સાધુને કોઈક નિમિત્તને કારણે ગમન આદિમાં સહસા અસમિતિ કે અગુપ્તિનો પરિણામ થયો હોય ત્યારે તેનું મિચ્છા મિ દુક્કડં આપવાથી ફરી સમિતિ-ગુપ્તિમાં આવવાની ક્રિયા એ પ્રતિક્રમણપ્રાયશ્ચિત્ત છે. આથી જ ભાષ્યકારશ્રીએ પ્રતિક્રમણનો અર્થ કર્યો કે મિથ્યાદુષ્કૃત સંપ્રયુક્ત પ્રત્યવમર્શ. તેથી મિચ્છા મિ દુક્કડમ્ દ્વારા તેની શુદ્ધિ કરાય છે.

અસમિતિમાં ગયેલું ચિત્ત ફરી સમિતિમાં આવે અને અગુપ્તિ થયેલું ચિત્ત ફરી ગુપ્તિમાં આવે તથા ફરી અસમિતિ અને અગુપ્તિમાં નહીં જવાનો દૃઢ સંકલ્પ કરવાનું જે પ્રત્યાખ્યાન છે, તે પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત છે. કાંઈક અધિક સ્ખલના થઈ હોય તો તે નિમિત્તે કાયોત્સર્ગ કરે તે પ્રતિક્રમણ છે.

(૩) તદુભયપ્રાયશ્ચિત્ત અર્થાત્ મિશ્રપ્રાયશ્ચિત્ત :-

વળી આ ઉભય=આલોચન અને પ્રતિક્રમણ, જેમાં હોય તે તદુભય પ્રાયશ્ચિત્ત છે. વિંશતિવિંશિકાના વચનાનુસાર સંયમજીવનમાં ઇન્દ્રિયોના વિષયભૂત શબ્દ આદિ વિષયો પ્રત્યે થોડો પણ રાગ થયેલ હોય ત્યારે આલોચના અને પ્રતિક્રમણરૂપ મિશ્રપ્રાયશ્ચિત્ત આવે છે. તેથી ઇન્દ્રિયોના વિષયમાં થયેલા અલ્પ રાગ-દ્વેષના પરિણામને આશ્રયીને મિશ્રપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે. ગુરુ સમક્ષ આલોચનપૂર્વક પુનઃ તે પાપ નહીં કરવાના સંકલ્પરૂપ પ્રત્યાખ્યાન અને કાયોત્સર્ગ કરણરૂપ ત્રીજું મિશ્રપ્રાયશ્ચિત્ત છે. તેથી એ પ્રાપ્ત થાય કે સહસાત્કારથી કે અનાભોગથી સમિતિ-ગુપ્તિમાં સ્ખલના થાય ત્યારે પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત આવે. ઇન્દ્રિયો વિષયો સાથે સંબદ્ધ થવાથી કાંઈક રાગ અથવા દ્વેષ થાય ત્યારે મિશ્રપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે.

(૪) વિવેકપ્રાયશ્ચિત્ત :-

વિવેક, વિવેચન, વિશોધન અને પ્રત્યુપેક્ષણ એકાર્થવાચી શબ્દો છે.

જે સાધુ અન્ન-પાન કે ઉપકરણાદિમાં જીવો સંસક્ત છે કે નહીં તે જોવા માટે સૂક્ષ્મ ઉપયોગવાળા બને ત્યારે જીવરક્ષાને અનુકૂળ વિશુદ્ધ અધ્યવસાય હોય છે. આ પ્રકારનો વિવેક અભ્યંતરતપ સ્વરૂપ છે. જીવરક્ષાના પરિણામપૂર્વક સાધુ વસ્ત્રનું સૂક્ષ્મ અવલોકન કરતા હોય કે પાત્રાદિનું સૂક્ષ્મ અવલોકન કરતા હોય તે વિવેક નામના પ્રાયશ્ચિત્તરૂપી અભ્યંતરતપ છે, જેનાથી નિર્જરા થાય છે.

વળી ભિક્ષા ગ્રહણ કર્યા બાદ ગ્રહણ કરાયેલી ભિક્ષા જીવ સંસક્ત છે કે નહીં તેનું પ્રત્યુપેક્ષણ કોઈ સાધુ કરે ત્યારે અંતરંગ રીતે જીવરક્ષાનો નિર્મળ અધ્યવસાય વર્તતો હોવાથી તે પ્રત્યુપેક્ષણની ક્રિયા વિવેક નામના પ્રાયશ્ચિત્તરૂપ છે. અહીં વિવેક શબ્દનો અર્થ જીવ છે કે નહીં તે પ્રકારના વિવેચનની ક્રિયા સ્વરૂપ છે. તેથી જીવસંસક્ત ન હોય તોપણ તે પ્રકારના સૂક્ષ્મ અવલોકનનો યત્ન દયાળુ સ્વભાવથી થાય છે તેથી તે પ્રાયશ્ચિત્તરૂપ અભ્યંતરતપ છે.

(૫) વ્યુત્સર્ગપ્રાયશ્ચિત્ત :-

વિવેકપ્રાયશ્ચિત્ત કાળમાં જીવરક્ષા માટે સંસક્ત અન્ન-પાન કે ઉપકરણાદિમાં ઉપયોગ મૂક્યા પછી તે અન્ન-પાન આદિમાં કોઈ જીવ સંસક્ત દેખાય ત્યારે સાધુ યતનાપૂર્વક તે અન્ન-પાનને ઉચિત સ્થાને પારિષ્ઠાપન કરે, અર્થાત્ પરઠવે તે વ્યુત્સર્ગપ્રાયશ્ચિત્ત છે. આ વ્યુત્સર્ગપ્રાયશ્ચિત્ત અનેષણીય અન્ન-પાન-ઉપકરણાદિમાં પણ છે. તેથી કોઈક રીતે અનેષણીય અન્ન-પાન કે ઉપકરણાદિ ગ્રહણ થયા હોય તેમાં જીવ સંસક્ત હોય કે ન પણ હોય તોપણ તે અન્ન-પાન-ઉપકરણાદિ ભિક્ષાના દોષપૂર્વક ગ્રહણ થયેલા હોવાથી સાધુ વિધિપૂર્વક તે અન્ન-પાન-ઉપકરણાદિને પરઠવે. તે વખતે અશુદ્ધ અન્ન-પાન કે ઉપકરણના પરિભોગનો અધ્યવસાય

નહીં હોવાથી અને જિનવચન અનુસાર શુદ્ધ ભિક્ષાદિ ગ્રહણ કરવાનો અધ્યવસાય હોવાથી તે પરઠવવાની ક્રિયા પણ ભાવવિશુદ્ધિનું કારણ બને છે. આ ક્રિયા વ્યુત્સર્ગપ્રાયશ્ચિત્તતપ સ્વરૂપ છે, જેનાથી ઘણી નિર્જરાની પ્રાપ્તિ થાય છે.

વળી અશંકનીય વિવેકવાળી વસ્તુમાં પણ વ્યુત્સર્ગ નામના પ્રાયશ્ચિત્તરૂપ તપની પ્રાપ્તિ છે. જેમ કોઈ સાધુએ સંસક્ત અન્ન-પાન ગ્રહણ કર્યા હોય ત્યારે તેમાં સંસક્તપણું અશંકનીય હોય અર્થાત્ આ જીવ સંસક્ત છે તેવો નિર્ણય હોય ત્યારે તે વસ્તુને પરઠવામાં આવે છે. કોઈ ઉપકરણ જીવસંસક્ત હોય અને જીવની વિરાધના વગર તેને દૂર કરી શકાય તેમ ન હોય ત્યારે તે ઉપકરણને પણ સાધુ પરઠવે છે, તે સમયે વ્યુત્સર્ગ નામના પ્રાયશ્ચિત્તરૂપ તપની પ્રાપ્તિ છે. આ સર્વ ક્રિયા કરતી વખતે જિનવચનનું સ્મરણ, જીવરક્ષાનો અધ્યવસાય અને સમભાવનો પરિણામ વિદ્યમાન હોય તો તે પ્રવૃત્તિથી નિર્જરાની પ્રાપ્તિ થાય છે, પરંતુ જે સાધુનું ચિત્ત ગુપ્તિવાળું નથી અને માત્ર શરીરથી પરઠવાની ક્રિયા કરે તો તેટલામાત્રથી તે ક્રિયા તપરૂપ બનતી નથી.

(૯) તપપ્રાયશ્ચિત્ત :-

વળી તપપ્રાયશ્ચિત્ત અનશનાદિ તથા પ્રકીર્ણકતપ સ્વરૂપ ચંદ્રપ્રતિમા આદિ અનેક પ્રકારનું છે. તેથી એ પ્રાપ્ત થાય કે સાધુજીવનમાં થયેલા દોષોની શુદ્ધિ અર્થે જે તપપ્રાયશ્ચિત્ત અપાય છે તે પ્રાયશ્ચિત્તમાં તપ તરીકે બાહ્યતપ જ અપાય છે, સ્વાધ્યાયાદિ નહીં; કોઈક કારણે બાહ્યતપ કરવા માટે સાધુ અસમર્થ હોય ત્યારે અનન્ય ઉપાયરૂપે જ સ્વાધ્યાયાદિરૂપે પ્રાયશ્ચિત્ત અપાય છે.

વળી જે સાધુથી કોઈ પાપ ન થયું હોય છતાં પોતાના ભાવના પ્રકર્ષાર્થે બાહ્ય અણસણાદિ તપ કે ચંદ્રપ્રતિમા આદિ અનેક પ્રકારના પ્રકીર્ણક તપો કરે છે તે સર્વ સાધુજીવનની પ્રાપ્તિ પૂર્વે કરાયેલાં પાપોની શુદ્ધિ અર્થે હોવાથી તપપ્રાયશ્ચિત્તરૂપ છે. વર્તમાનમાં જે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરીને તપ કરાય છે તે સિવાય અન્ય પણ જે કાંઈ શક્તિના પ્રકર્ષ અર્થે બાહ્યતપ કરાય છે તેના દ્વારા નિર્લેપ પરિણતિ મહાત્મા પ્રાપ્ત કરે છે. આ સર્વ ભૂતકાળનાં પાપોની શુદ્ધિનું કારણ હોવાથી તપપ્રાયશ્ચિત્તરૂપ અભ્યંતરતપ છે.

સાધુને કોઈ સ્ખલના થઈ હોય ત્યારે પંચકલ્યાણક, ભિન્નમાસ, લઘુમાસ, ગુરુમાસ, લઘુચતુર્માસ, ગુરુચતુર્માસ, લઘુષડ્માસ, ગુરુષડ્માસ પ્રાયશ્ચિત્ત આપવાની વિધિ પૂર્વમાં પ્રસિદ્ધ હતી. વળી, તે મુજબ જીતવ્યવહારમાં પણ વર્તમાનના કાળને અનુરૂપ તપની વિધિ પ્રસિદ્ધ છે; પરંતુ ચંદ્રપ્રતિમા આદિ બાહ્યતપ કરાયેલા પાપની શુદ્ધિ અર્થે અપાતા હોય તેવું પ્રસિદ્ધ નથી. તેથી એમ જણાય છે કે વર્તમાનમાં કોઈ સ્ખલના ન થઈ હોય તોપણ અનાદિકાળથી બંધાયેલાં ભૂતકાળનાં પાપોના શોધન અર્થે ચંદ્રપ્રતિમાદિ તપ કોઈ કરે તો તે પ્રાયશ્ચિત્તરૂપ અભ્યંતરતપ છે.

સાધુ ઉપવાસના પારણે ઉપવાસ કે છઠ્ઠના પારણે છઠ્ઠ કરે છે તે બાહ્યતપ છે, જે સંગત્યાગ, શરીરના લાઘવ, ઇન્દ્રિયોના વિજય, સંયમના રક્ષણ અને કર્મનિર્જરા માટે કરાય છે, તેથી ભાષ્યકારશ્રીએ અણસણ આદિને બાહ્યતપમાં ગ્રહણ કરેલ છે. વળી પ્રાયશ્ચિત્તતપના પેટા ભેદમાં બાહ્ય અણસણ આદિ ગ્રહણ કરેલ

છે તે સાધુ જીવનમાં થયેલી કોઈ સ્ખલના માટે અપાતા પંચકલ્યાણક આદિ તપરૂપ હોવા જોઈએ અને ચંદ્રપ્રતિમા આદિ અનેક પ્રકારના પ્રકીર્ણક તપો ભૂતકાળના થયેલા પાપની શુદ્ધિ અર્થે હોવા જોઈએ, આ પ્રકારનો અર્થ જણાય છે. વિશેષ બહુશ્રુતો વિચારે.

વળી દશ પ્રકારના યતિધર્મને કહેનારા સૂત્ર-૬માં બે પ્રકારનો તપ છે, તેમ કહેલ અને ત્યારપછી પ્રકીર્ણકતપ અનેક પ્રકારનો છે તેમ કહેલ. તે પ્રકીર્ણક તપ ગ્રંથકારશ્રીએ પ્રાયશ્ચિત્તતપની કુક્ષિમાં ગ્રહણ કરેલ છે. તેથી તે બાહ્યતપરૂપ નથી, પરંતુ પ્રાયશ્ચિત્ત નામના અભ્યંતરતપના પેટાભેદ સ્વરૂપ છે એવો અર્થ જણાય છે. ભાષ્યકારશ્રીએ કહ્યું એ પ્રમાણે બાહ્યતપ મહાત્માઓ સંગના ત્યાગાર્થે કરતા હશે અર્થાત્ આહારસંજ્ઞાના ઉચ્છેદાર્થે કોઈક મહાત્મા કરતા હશે. વળી શરીરમાં જડતા ન રહે, પરંતુ કાંઈક શિથિલ થયેલું શરીર સુખપૂર્વક સંયમમાં પ્રવર્તે એ રૂપ શરીરલાઘવ માટે કોઈક મહાત્મા કરતા હશે, તો વળી કોઈકની ઇન્દ્રિયો શાંત થતી ન હોય ત્યારે બાહ્યતપ કરીને ઇન્દ્રિયના વિજય માટે કોઈક મહાત્મા પ્રયત્ન કરતા હશે. અથવા નંદિષેણમુનિની જેમ સંયમના રક્ષણ અર્થે કોઈક મહાત્મા બાહ્યતપ કરતા હશે. અથવા કર્મનિર્જરાના પ્રયોજનથી કોઈ મહાત્મા બાહ્યતપ કરતા હશે. જ્યારે ચંદ્રપ્રતિમા આદિ તપ તો ભૂતકાળના પાપની શુદ્ધિરૂપ પ્રાયશ્ચિત્ત અર્થે જ કરતા હશે. આવો અર્થ ભાષ્યવચનથી જણાય છે, વિશેષ બહુશ્રુતો વિચારે.

(૭) છેદપ્રાયશ્ચિત્ત :-

છેદ, અપવર્તન, અપહાર એ સર્વ છેદના પર્યાયવાચી શબ્દો છે.

કોઈ સાધુએ પ્રમાદવશ કોઈ અપરાધ કર્યો હોય, જેની શુદ્ધિનો ઉપાય તપપ્રાયશ્ચિત્તથી શક્ય ન હોય ત્યારે છેદપ્રાયશ્ચિત્ત અપાય છે. તે છેદપ્રાયશ્ચિત્ત દ્વારા તેની પ્રવ્રજ્યાના પર્યાયનો છેદ કરવામાં આવે છે. છેદપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિયોગ્ય અપરાધનું સેવન કરનાર સાધુ ગુરુ પાસે અધ્યવસાયની શુદ્ધિપૂર્વક પોતાના પાપનું નિવેદન કરે તે વખતે ગુરુ જે છેદપ્રાયશ્ચિત્ત આપે તે છેદપ્રાયશ્ચિત્ત અત્યંત સંવેગપૂર્વક સ્વીકારે ત્યારે પોતાની પ્રવ્રજ્યાના પર્યાયના છેદને કારણે પોતાના દ્વારા થયેલા પાપનો તે મહાત્માને અત્યંત પશ્ચાત્તાપ થાય છે. તે મહાત્માને પર્યાયના છેદથી થયેલા વિશુદ્ધ અધ્યવસાયના કારણે છેદપ્રાયશ્ચિત્તરૂપ અભ્યંતરતપની પ્રાપ્તિ થાય છે.

(૮) પરિહારપ્રાયશ્ચિત્ત :-

વળી પરિહારપ્રાયશ્ચિત્તરૂપ તપ માસિક આદિ છે. જે સાધુને પરિહારપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય તે મહાત્મા સાથે સર્વ પ્રકારના બોલવાના, ચાલવાના કે માંડલીના વ્યવહારનો ત્યાગ કરવામાં આવે છે. તેથી તે મહાત્માને પશ્ચાત્તાપ થાય છે કે મેં આ અનુચિત કૃત્ય કર્યું તેથી મારી સાથે આ મહાત્માઓએ સર્વ વ્યવહારો બંધ કર્યા છે. તેથી તે મહાત્માઓ પ્રત્યે લેશ પણ અરુચિ વગર પોતાના પાપના કૃત્યનો આ ઉચિત દંડ છે એ પ્રકારે પરિહારપ્રાયશ્ચિત્તકાળમાં જે મહાત્મા પાપની જુગુપ્સાપૂર્વક પાપની શુદ્ધિ માટે પ્રયત્ન કરે છે તે મહાત્માને પરિહારપ્રાયશ્ચિત્તરૂપ અભ્યંતરતપ દ્વારા કર્મનિર્જરાની પ્રાપ્તિ થાય છે.

(૯) ઉપસ્થાપનપ્રાયશ્ચિત્ત :-

ઉપસ્થાપન, પુનર્દીક્ષણ, પુનશ્ચરણ, પુનર્વ્રતઆરોપણ એ એકાર્થવાચી છે.

જે સાધુને મૂલપ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયું હોય તે સાધુને ફરી દીક્ષા આપવામાં આવે ત્યારે તે મહાત્માને પોતાના કરાયેલા પાપ પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય છે અને અદીનભાવથી ફરી દીક્ષા ગ્રહણ કરે છે, જે ઉપસ્થાપનપ્રાયશ્ચિત્ત નામનો અભ્યંતરતપ છે, જેનાથી તે મહાત્માને ઘણી નિર્જરા થાય છે. જે સાધુ મૂલપ્રાયશ્ચિત્તને પામીને મારો દીક્ષાપર્યાય ગયો ઇત્યાદિ ખેદ કરે છે, તેઓને તે પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ તો નથી; પરંતુ તેઓ જે ખેદાદિ કરે છે તેનાથી કર્મબંધની જ પ્રાપ્તિ થાય છે.

અહીં નિર્જરાના કારણીભૂત અભ્યંતરતપરૂપે પ્રાયશ્ચિત્તનું ગ્રહણ કરેલ છે. તેથી આ નવવિધ પ્રાયશ્ચિત્ત દેશ, કાળ, શક્તિ, સંઘયણ, સંયમવિરાધના, કાયઉત્કર્ષ, ઇન્દ્રિયઉત્કર્ષ, જાતિઉત્કર્ષ અને ગુણના ઉત્કર્ષ કૃત વિરાધનાને આશ્રયીને વિશુદ્ધિ માટે યથાયોગ્ય અપાય છે અને તે તે મહાત્માઓ દ્વારા તે તે પ્રાયશ્ચિત્તોનું આસેવન કરાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે કોઈ મહાત્માને પ્રાયશ્ચિત્ત આપવું હોય ત્યારે તે પ્રાયશ્ચિત્ત માટે તે દેશ અને તે કાળ અનુકૂળ છે કે નહીં તેનું આલોચન કરવું જોઈએ. જેમ કોઈ વિપરીત દેશ હોય તે વખતે જે પ્રાયશ્ચિત્ત કરવું શક્ય ન હોય તેવા દેશમાં તે પ્રાયશ્ચિત્ત આપવું ઉચિત નથી; વળી, પ્રાયશ્ચિત્ત લેનારનું ચિત્ત પ્રાયશ્ચિત્તને અનુકૂળ પરિણામવાળું થાય તેવા કાળે જ પ્રાયશ્ચિત્ત અપાય છે. વળી, પ્રાયશ્ચિત્ત લેનારની શક્તિનું આલોચન કરીને પ્રાયશ્ચિત્ત અપાય છે. અર્થાત્ ગ્રહણ કરનાર મહાત્મા આ પ્રાયશ્ચિત્તનું સમ્યગ્ પાલન કરીને ભાવશુદ્ધિને પ્રાપ્ત કરી શકે તેમ છે કે નહીં તેની શક્તિનું આલોચન કરીને પ્રાયશ્ચિત્ત અપાય છે.

વળી પ્રાયશ્ચિત્ત લેનાર મહાત્માએ કેવા પ્રકારની સંયમની વિરાધના કરી છે ? તેને આશ્રયીને પ્રાયશ્ચિત્ત અપાય છે. વળી કાયના ઉત્કર્ષકૃત વિરાધનાને આશ્રયીને પ્રાયશ્ચિત્ત અપાય છે અર્થાત્ પૃથ્વીકાય, અપ્કાય આદિ જે છ'કાય છે તેમાં જે કાયને આશ્રયીને ઉત્કર્ષવાળી વિરાધના હોય તેને આશ્રયીને પ્રાયશ્ચિત્ત અપાય છે. વળી ઇન્દ્રિયના ઉત્કર્ષકૃત વિરાધનાને આશ્રયીને પ્રાયશ્ચિત્ત અપાય છે. જેમ એકેન્દ્રિયની વિરાધના કરતાં બેઇન્દ્રિય, તેઇન્દ્રિય આદિની વિરાધના ઉત્કર્ષવાળી છે તેને આશ્રયીને પ્રાયશ્ચિત્ત અપાય છે.

વળી જાતિના ઉત્કર્ષને આશ્રયીને પ્રાયશ્ચિત્ત અપાય છે. જેમ સામાન્ય જાતિવાળાની હિંસા થઈ હોય તેના કરતાં વિશિષ્ટ જાતિવાળાની હિંસા થઈ હોય તો તે પ્રમાણે અધિક પ્રાયશ્ચિત્ત અપાય છે. વળી સામાન્ય ગુણવાળાની વિરાધના થઈ હોય ત્યારે જે પ્રાયશ્ચિત્ત અપાય તેના કરતાં અધિક ગુણવાળાની વિરાધના થઈ હોય તો વિશેષ પ્રાયશ્ચિત્ત આવે. અધિક ગુણસંપન્નની આશાતના થઈ હોય તો તે વિરાધનામાં ગુણના ઉત્કર્ષના કારણે વિશેષ પ્રાયશ્ચિત્ત આવે છે. તે પ્રમાણે યોગ્ય પ્રાયશ્ચિત્ત વિશુદ્ધિ અર્થે મહાત્મા વડે સેવાય છે.

અહીં પ્રાયશ્ચિત્ત શબ્દમાં ચિતિ ધાતુ છે તે સંજ્ઞાન અને વિશુદ્ધિ અર્થમાં છે. તેનું ચિત્ત=પાપના સંજ્ઞાનનું ચિત્ત, અથવા પાપની વિશુદ્ધિનું ચિત્ત એ પ્રકારે નિષ્ઠાન્તવાળું અને ઔણાદિકવાળું એવું પ્રાયશ્ચિત્તનું રૂપ બનેલું છે.

તેનાથી શું અર્થ પ્રાપ્ત થાય ? તે ભાષ્યકારશ્રી કહે છે –

આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, આલોચના આદિ અને કૃચ્છ્રતપવિશેષથી જનિત અપ્રમાદવાળો પુરુષ તે વ્યતિક્રમને પ્રાયઃ જાણે છે અને જાણતો ફરી આચરતો નથી આથી પ્રાયશ્ચિત્ત છે. આ અર્થ સંજ્ઞાન અર્થમાં ચિતિ ધાતુને ગ્રહણ કરીને કરેલ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે પ્રાયશ્ચિત્તમાં રહેલ ચિત્ શબ્દ સંજ્ઞાન અર્થમાં છે. આલોચનાદિ કે કૃચ્છ્રતપવિશેષને જાણનારો પુરુષ તેના સ્વરૂપના ભાવનથી અપ્રમાદવાળો બને છે અને તે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે છે ત્યારે તે વ્યતિક્રમને=જે રીતે પોતે પાપ કરેલ છે તે વ્યતિક્રમને, પ્રાયઃ જાણે છે અર્થાત્ ગુરુ આગળ આલોચના કરતા હોય ત્યારે તે સેવાયેલા પાપના વ્યતિક્રમને પ્રાયઃ યથાર્થ જાણે છે અને તેવી સ્ખલનાની ફરી આચરણા કરતા નથી. તેથી એ ફલિત થાય કે માત્ર ગોચરીની આલોચના કરે તેટલામાત્રથી આલોચના નામનું પ્રાયશ્ચિત્ત તપ નથી; પરંતુ ગોચરીના આલોચનાકાળમાં ગોચરી વિષયક જે સ્ખલનાઓ છે તેનું ચિત્તમાં સ્મરણ કરે છે, સ્ખલના ન થઈ હોય તો સ્ખલના ન થાય તેવું દૃઢ ચિત્ત ઉત્પન્ન કરે છે અને સ્ખલના થઈ હોય તો આલોચનાકાળમાં જુગુપ્સાના પરિણામરૂપ સંવેગ ઉત્પન્ન થાય છે. જેથી ફરી તેવી સ્ખલનાની આચરણા મહાત્મા કરતા નથી. એથી તે આલોચનાપ્રાયશ્ચિત્ત બને છે. તે રીતે સર્વ પ્રાયશ્ચિત્તોમાં સ્ખલનાનું સમ્યગ્જ્ઞાન અને તેને ફરી નહીં આચરવાનો દૃઢ પરિણામ જેમાં હોય તેને પ્રાયશ્ચિત્ત કહેવાય છે. આ અર્થ સંજ્ઞાન અર્થને આશ્રયીને કરેલ છે.

હવે વિશુદ્ધિ અર્થવાળા ચિતિ ધાતુને ગ્રહણ કરીને અર્થ બતાવતાં કહે છે –

પ્રાયઃ અપરાધ તેનાથી=આલોચનાદિથી, વિશુદ્ધિ થાય છે આથી જ પ્રાયશ્ચિત્ત છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જે પાપ થયું હોય તેના કરતાં અધિક સંવેગથી આલોચના આદિમાંથી યથોચિત પ્રાયશ્ચિત્ત કરવામાં આવે તો અવશ્ય અપરાધ શુદ્ધ થાય છે. થયેલા પાપ કરતાં તીવ્ર પશ્ચાત્તાપ ન થાય તો પશ્ચાત્તાપને અનુરૂપ કાંઈક પાપ હળવું થાય. જેમાં સંવેગના પરિણામરૂપ પાપની ઘૃણા ન હોય; પરંતુ માત્ર પાપના અનર્થકારી ફળથી પોતાનું રક્ષણ કરવા અર્થે પ્રાયશ્ચિત્ત વિગેરે કરેલ હોય કે લોકમાં બતાવવા અર્થે પ્રાયશ્ચિત્ત લીધું હોય તો કોઈ શુદ્ધિ ન થાય તે બતાવવા માટે પ્રાયઃ શબ્દ મૂકેલ છે. તેથી પ્રાયશ્ચિત્ત કરનાર પ્રાયઃ શુદ્ધ થાય છે અર્થાત્ તીવ્ર સંવેગપૂર્વક પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરેલ હોય તો પ્રાયશ્ચિત્ત કરનાર અવશ્ય શુદ્ધ થાય છે.

અહીં કાયના, ઇન્દ્રિયના, જાતિના અને ગુણના ઉત્કર્ષકૃત અસંયમનો અર્થ ટીકાકારશ્રીએ અન્ય પ્રકારે કર્યો છે. જ્યારે અમને આ પ્રમાણે અર્થ ભાસ્યો છે, તેથી અમે તે પ્રમાણે અર્થ કરેલ છે. તત્ત્વ બહુશ્રુતો વિચારે. **॥૯/૨૨॥**

અવતરણિકા :-

સૂત્ર-૨૦માં છ પ્રકારના અભ્યંતરતપ બતાવ્યા તેમાંથી પ્રાયશ્ચિત્ત નામના તપનું સ્વરૂપ સૂત્ર-૨૨માં બતાવ્યું. હવે વિનય નામના અભ્યંતરતપનું સ્વરૂપ બતાવે છે –

સૂત્ર :-

ज्ञानदर्शनचारित्रोपचाराः ।।९/२३।।

સૂત્રાર્થ :-

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને ઉપચાર એમ ચાર પ્રકારનો વિનય તપ છે. ।।૯/૨૩।।

ભાષ્ય :-

विनयश्चतुर्भेदः । तद्यथा – ज्ञानविनयः १, दर्शनविनयः २, चारित्रविनयः ३. उपचारविनयः ४ । तत्र ज्ञानविनयः पञ्चविधो मतिज्ञानादिः, दर्शनविनयस्त्वेकविध एव सम्यग्दर्शनविनयः । चारित्रविनयः पञ्चविधः सामायिकविनयादिः । औपचारिकविनयोऽनेकविधः सम्यग्दर्शनज्ञान-चारित्रादिगुणाधिकेषु अभ्युत्थानासनप्रदानवन्दनानुगमनादिः । विनीयते तेन तस्मिन् वा विनयः ।।९/२३।।

ભાષ્યાર્થ :-

विनयः ..... विनयः ।। વિનય ચાર ભેદવાળો છે. તે આ પ્રમાણે – (૧) જ્ઞાનવિનય, (૨) દર્શનવિનય, (૩) ચારિત્રવિનય, અને (૪) ઉપચારવિનય. ત્યાં જ્ઞાનવિનય મતિજ્ઞાન આદિ પાંચ પ્રકારનો છે=પાંચ જ્ઞાનો પ્રત્યે યથાયોગ્ય વધતો જતો બહુમાનનો પરિણામ જ્ઞાનવિનય સ્વરૂપ છે. દર્શનવિનય એકવિધ જ સમ્યગ્દર્શનવિનય છે=જિનવચન અનુસાર તત્ત્વને જોનારી નિર્મળ દૃષ્ટિ પ્રત્યે વધતા જતા બહુમાનના ભાવ સ્વરૂપ સમ્યગ્દર્શનવિનય છે. ચારિત્રવિનય પાંચ પ્રકારનો સામાયિકવિનય આદિરૂપ છે. ઔપચારિકવિનય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિથી ગુણાધિક જીવોમાં અનેક પ્રકારનો અભ્યુત્થાન, આસનપ્રદાન, વંદન, અનુગમ આદિરૂપ છે.

'विनय' શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે –

તેનાથી વિનયન થાય છે અથવા તેમાં વિનયન થાય છે તે વિનય છે. ।।૯/૨૩।।

ભાવાર્થ :-

વિનયઅભ્યંતરતપ ચાર પ્રકારે છે : (૧) જ્ઞાનવિનયતપ, (૨) દર્શનવિનયતપ, (૩) ચારિત્રવિનયતપ અને (૪) ઔપચારિકવિનયતપ.

(૧) જ્ઞાનવિનય :-

મોક્ષને અનુકૂળ જીવની પરિણતિ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ છે. જ્ઞાન પ્રત્યેનો બહુમાનનો પરિણામ તે જ્ઞાનોના પ્રતિબંધક કર્મોનું વિનયન કરે છે. જે મહાત્મા મતિઅજ્ઞાન અને મતિજ્ઞાનનો સૂક્ષ્મ ભેદ કરીને જે નિર્મળ કોટિનું મતિજ્ઞાન અન્ય અન્ય જ્ઞાનોની પ્રાપ્તિ દ્વારા મોક્ષનું કારણ બને છે તેવા મતિજ્ઞાન પ્રત્યે તીવ્ર પક્ષપાત કરે તો તેમનામાં તેવા પ્રકારની નિર્મળમતિ પ્રગટ થાય તેવા યત્નનો પ્રાદુર્ભાવ થાય છે. તેથી વિચાર્યા વગર યથાતથા મતિ પ્રવર્તાવવાનો રોધ થાય છે અને કલ્યાણનું કારણ બને તેવી નિર્મળ મતિ પ્રત્યે બહુમાન થાય છે, જે મતિજ્ઞાનનો વિનય છે.

શ્રુતજ્ઞાન પણ વીતરાગનું વચન હોવાથી વીતરાગતાની પ્રાપ્તિના ઉચિત બોધપૂર્વક કઈ રીતે વીતરાગતાની પ્રાપ્તિમાં કારણ બને છે ? તેના સમ્યગ્ સમાલોચનપૂર્વક મિથ્યાશ્રુતના બોધ કરતાં સમ્યગ્ શ્રુતજ્ઞાનના બોધનો ભેદ કરીને તેના પ્રત્યે પક્ષપાત કરવામાં આવે અને તેવા નિર્મળ શ્રુતની પ્રાપ્તિનું પ્રબળ કારણ બને તેવું બહુમાન તે શ્રુત પ્રત્યે થાય તો શ્રુતજ્ઞાનનો વિનય પ્રાપ્ત થાય છે. આ જ રીતે અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, અને કેવલજ્ઞાન કઈ રીતે મોક્ષમાર્ગની પ્રાપ્તિનું કારણ બને છે ? તેનો બોધ કરીને અને વિભંગજ્ઞાન કરતાં અવધિજ્ઞાનના પારમાર્થિક ભેદનો બોધ કરીને અવધિજ્ઞાન આદિ ત્રણે જ્ઞાનો પ્રત્યે બહુમાન કરવામાં આવે તો તે તે જ્ઞાનોની પ્રાપ્તિનાં બાધક કર્મોનું વિનયન થાય છે, તે અવધિજ્ઞાન આદિના વિનયરૂપ અભ્યંતરતપ છે.

(૨) દર્શનવિનય :-

દર્શનવિનય એક પ્રકારનો છે. તત્ત્વના યથાર્થ સ્વરૂપના દર્શન પ્રત્યે બહુમાનભાવ તે સમ્યગ્દર્શનનો વિનય છે. તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ ઊહપૂર્વક યથાર્થ તત્ત્વને જોનાર નિર્મળ દૃષ્ટિ કેવા પ્રકારની છે ? તેનો સૂક્ષ્મ બોધ કરીને તેના પ્રત્યે વર્તતો બહુમાનભાવનો ઉપયોગ સમ્યગ્દર્શનનો વિનય છે. જેમ ભગવાનની પૂજાકાળમાં તત્ત્વાતત્ત્વનો સૂક્ષ્મ ઊહ નાગકેતુને પ્રવર્તતો હતો, જેનાથી વીતરાગતાના સૂક્ષ્મ તત્ત્વની પ્રાપ્તિ થઈ જે સમ્યગ્દર્શનનો સૂક્ષ્મ-સૂક્ષ્મતર ઊહ હતો. તેથી તત્ત્વાતત્ત્વનો સૂક્ષ્મ ઊહ વીતરાગતાની પ્રાપ્તિને અભિમુખ જ્યાં સુધી પ્રવર્તે છે તે સર્વ નિર્મળ-નિર્મળતર સમ્યગ્દર્શન છે. આવા સમ્યગ્દર્શન પ્રત્યેના સૂક્ષ્મબોધપૂર્વક વિનય કરવાથી વિશેષ પ્રકારની નિર્જરાની પ્રાપ્તિ થાય છે.

(૩) ચારિત્રવિનય :-

ચારિત્રવિનય પાંચ પ્રકારનો છે : (૧) સામાયિકચારિત્રવિનય, (૨) છેદોપસ્થાપ્યચારિત્રવિનય, (૩) પરિહારવિશુદ્ધિચારિત્રવિનય, (૪) સૂક્ષ્મસંપરાયચારિત્રવિનય અને (૫) યથાખ્યાતચારિત્રવિનય.

છઠ્ઠા ગુણસ્થાનકમાં રહેલ મહાત્માઓ કેવા પ્રકારના સામાયિકચારિત્રના પરિણામવાળા છે ?, તેનો પારમાર્થિક સૂક્ષ્મબોધ કરીને જે મહાત્મા તેમના પ્રત્યે વિનયના પરિણામવાળા થાય છે અર્થાત્ બહુમાનના પરિણામવાળા થાય છે તે સામાયિકચારિત્ર નામનો વિનય છે. તેનાથી સામાયિકચારિત્રનાં પ્રતિબંધક કર્મોનો વિશેષથી નાશ થાય છે.

કોઈ મહાત્મા મોહની સામે સુભટની જેમ યુદ્ધ કરવા તત્પર થયેલા હોય અને પાંચ ઇન્દ્રિય તથા મનને અત્યંત સંવૃત કરીને મોહનાશ માટે પ્રવર્તાવતા હોય ત્યારે તેઓનું ચિત્ત સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ આદિ ભાવો પ્રત્યે સમભાવવાળું હોય છે, તે કાળે તેઓશ્રી સમભાવના રાગપૂર્વક સંયમનાં ઉચિત અનુષ્ઠાનોમાં યત્ન કરે છે. આવા સામાયિકચારિત્રવાળા મુનિના સ્વરૂપનું સ્મરણ કરીને તેમના પ્રત્યે બહુમાનભાવની વૃદ્ધિ થાય તે સામાયિકવિનયસ્વરૂપ છે.

સામાયિકચારિત્ર ગ્રહણ કર્યા બાદ નૂતનદીક્ષિતને પાંચમહાવ્રતો ઉચ્ચરાવવામાં આવે ત્યારપછી ભાવથી છેદોપસ્થાપ્યચારિત્રની પ્રાપ્તિ થાય છે. સામાયિકચારિત્ર કરતાં અતિશયવાળા એવા છેદોપસ્થાપ્યચારિત્રનું સ્વરૂપ કઈ રીતે વિશેષ છે ? તેનો સૂક્ષ્મ બોધ કરીને તેના પ્રત્યે બહુમાનનો પરિણામ થાય તે પ્રકારનો વ્યાપાર છેદોપસ્થાપ્યચારિત્રવિનયસ્વરૂપ છે, જેનાથી ઘણી નિર્જરા થાય છે.

વળી પરિહારવિશુદ્ધચારિત્રવાળા મુનિ કયા પ્રકારની વિશિષ્ટ આચરણા દ્વારા પરિહારવિશુદ્ધિ નામના ચારિત્રને પ્રાપ્ત કરે છે અને તેનું વહન કરે છે ? તેનો શાસ્ત્રવચનના બળથી સૂક્ષ્મ ઊહ કરીને તે ચારિત્ર પ્રત્યે અત્યંત બહુમાનભાવ થાય તે રીતે તેના સ્વરૂપનું ભાવન કરવામાં આવે ત્યારે પરિહારવિશુદ્ધિ નામના ચારિત્રના વિનયનો પરિણામ પ્રાપ્ત થાય છે, જેનાથી ઘણી નિર્જરાની પ્રાપ્તિ થાય છે.

વળી ક્ષપકશ્રેણિ કે ઉપશમશ્રેણિ ઉપર ચડેલા મહાત્માઓ સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકમાં વર્તે છે ત્યારે તેઓનો કષાયનો પરિણામ કેવો નષ્ટપ્રાયઃ છે ? વળી, તેઓશ્રી કષાયોની સૂક્ષ્મ કિટ્ટીઓ કરીને કષાયના ઉચ્છેદ માટે કેવો યત્ન કરી રહ્યા છે ? તેનો શાસ્ત્રવચનના બળથી બોધ કરીને તેઓના અસંગભાવ પ્રત્યે સૂક્ષ્મ બોધપૂર્વક જેટલો બહુમાનનો અતિશય તેટલી સૂક્ષ્મસંપરાય નામના ચારિત્રના વિનયની પ્રાપ્તિ થાય છે, જેનાથી મહાનિર્જરાની પ્રાપ્તિ થાય છે.

વળી જે મહાત્માઓ સંપૂર્ણ મોહનો ઉપશમ કરીને કે સંપૂર્ણ મોહનો નાશ કરીને વીતરાગભાવમાં સ્થિત છે, તેઓનો વીતરાગભાવમય આત્મા કેવા સ્વરૂપવાળો છે ? તેનો સૂક્ષ્મ ઊહ કરીને તેના પ્રત્યે બહુમાનભાવની વૃદ્ધિ થાય એ પ્રકારનો માનસવ્યાપાર યથાખ્યાતચારિત્રના વિનય સ્વરૂપ છે.

(૪) ઔપચારિકવિનય :-

ઔપચારિકવિનય અનેક પ્રકારનો છે, જે રત્નત્રયીના ગુણાધિકવાળા જીવોના અભ્યુત્થાનાદિરૂપ છે. જે મહાત્માને બાહ્ય આચારોના બળથી અંતરંગ રત્નત્રયીના સૂક્ષ્મભાવો જોવાની માર્ગાનુસારી પ્રજ્ઞા થયેલ છે તેઓ પોતાનાથી વિશેષ પ્રકારની રત્નત્રયીની આરાધના કરનારા મહાત્માઓમાં વર્તતા કષાયોના ઉપશમભાવોને જોઈને તેમના પ્રત્યે બહુમાનભાવને કારણે જે અભ્યુત્થાન આદિ ક્રિયા કરે છે તે ઔપચારિકવિનય છે. તે વિનય દ્વારા તે મહાત્મામાં વર્તતા વિશિષ્ટ રત્નત્રયીના પરિણામ પ્રત્યે જે બહુમાનનો પરિણામ થાય છે અને જે પ્રકારના સૂક્ષ્મ ઉપયોગપૂર્વક તેઓના ગુણોનું અવલોકન કરવાથી તે ગુણોના કારણે જે અંશમાં બહુમાનનું આધિક્ય થાય છે, તે પ્રમાણે રત્નત્રયીનાં પ્રતિબંધક ઘણાં કર્મોની નિર્જરા થાય છે.

વળી આ વિનય શબ્દની વ્યુત્પત્તિ બતાવતાં ભાષ્યકારશ્રી કહે છે –

તેના વડે=જ્ઞાનાદિ ચાર પ્રકારના વિનય વડે, કર્મોનું વિનયન થાય છે, તેથી તે વિનય છે. અથવા તેમાં=તે વિનયની ક્રિયામાં, કર્મોનું વિનયન થાય છે, માટે વિનય છે. તેથી ઉપયોગપૂર્વક કરાતા ક્રિયાકાળમાં જેટલા અંશથી તે ભાવો સ્પર્શે તેટલા અંશથી તેનાં પ્રતિબંધક કર્મોનો નાશ થાય છે, તેટલા અંશથી વિનય છે. **॥૯/૨૩॥**

અવતરણિકા :-

સૂત્ર-૨૦માં ૬ પ્રકારના અભ્યંતરતપનું સ્વરૂપ બતાવેલ. તેમાંથી ક્રમપ્રાપ્ત વૈયાવચ્ચનું સ્વરૂપ બતાવે છે –

સૂત્ર :-

आचार्योपाध्यायतपस्विशैक्षकग्लानगणकुलसङ्घसाधुसमनोज्ञानाम्

।।९/२४।।

સૂત્રાર્થ :-

આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષક, ગ્લાન, ગણ, કુલ, સંઘ, સાધુ (અને) સમનોજ્ઞની વૈયાવચ્ચ દશ પ્રકારની છે. ॥૯/૨૪॥

ભાષ્ય :-

वैयावृत्त्यं दशविधम् । तद्यथा—आचार्यवैयावृत्त्यं १, उपाध्यायवैयावृत्त्यं २, तपस्विवैयावृत्त्यं ३, शिक्षकवैयावृत्त्यं ४, ग्लानवैयावृत्त्यं ५, गणवैयावृत्त्यं ६, कुलवैयावृत्त्यं ७, सङ्घवैयावृत्त्यं ८, साधुवैयावृत्त्यं ९, समनोज्ञवैयावृत्त्यं १० इति । व्यावृत्तभावो वैयावृत्त्यमिति व्यावृत्तकर्म वा । तत्राचार्यः पूर्वोक्तः (अ० ९, सू० ६) पञ्चविधः । आचारगोचरविनयं स्वाध्यायं वाऽऽचार्यादनु तस्मादुपाधीयत इत्युपाध्यायः, सङ्ग्रहोपग्रहानुग्रहार्थं चोपाधीयते सङ्ग्रहादीन् वाऽस्योपाध्येतीत्युपाध्यायः । द्विसङ्ग्रहो निर्ग्रन्थ आचार्योपाध्यायसङ्ग्रहः, त्रिसङ्ग्रहा निर्ग्रन्थी आचार्योपाध्यायप्रवर्तिनीसङ्ग्रहाः । प्रवर्तिनी दिगाचार्येण व्याख्याता । हिताय प्रवर्तते प्रवर्तयति चेति प्रवर्तिनी । विकृष्टोग्रतपोयुक्तस्तपस्वी, अचिरप्रव्रजितः शिक्षयितव्यः शिक्षः, शिक्षामर्हतीति शैक्षो वा । ग्लानः प्रतीतः । गणः स्थविरसन्ततिसंस्थितिः । कुलं एकाचार्यसन्ततिसंस्थितिः । सङ्घश्चतुर्विधः श्रमणादिः । साधवः संयताः, सम्भोगयुक्ताः समनोज्ञाः । एषामन्नपानवस्त्रपात्रप्रतिश्रयपीठफलकसंस्तारादिभिर्धर्मसाधनैरुपग्रहः शुश्रूषा भेषजक्रिया कान्तारविषमदुर्गोपसर्गेषु अभ्युपपत्तिरित्येतदादि वैयावृत्त्यम् ।।९/२४।।

ભાષ્યાર્થ :-

વૈયાવૃત્ત્યં ..... વૈયાવૃત્ત્યમ્ ।। વૈયાવચ્ચ દશ પ્રકારની છે. તે આ પ્રમાણે – આચાર્યવૈયાવચ્ચ, ઉપાધ્યાયવૈયાવચ્ચ, તપસ્વીવૈયાવચ્ચ, શિક્ષકવૈયાવચ્ચ, ગ્લાનવૈયાવચ્ચ, ગણવૈયાવચ્ચ, કુલવૈયાવચ્ચ, સંઘવૈયાવચ્ચ, સાધુવૈયાવચ્ચ, સમનોજ્ઞવૈયાવચ્ચ.

'ઇતિ' શબ્દ વૈયાવચ્ચના દશ ભેદોની સમાપ્તિ માટે છે.

વૈયાવચ્ચ શબ્દનો વ્યુત્પત્તિ અર્થ કરે છે –

વ્યાવૃત્તનો ભાવ વૈયાવૃત્ત્ય છે=ગુણવાનના ગુણો પ્રત્યેના બહુમાનપૂર્વક ગુણવૃદ્ધિને અનુકૂળ વ્યાપારવાળો ભાવ વૈયાવચ્ચ છે. અથવા વ્યાવૃત્ત કર્મ=વ્યાપારવાળી ક્રિયા તે વૈયાવૃત્ત્ય છે. ત્યાં=દશ પ્રકારની વૈયાવચ્ચના વિષયભૂત જીવોમાં, આચાર્ય પૂર્વોક્ત પાંચ પ્રકારના છે=અધ્યાય-૯, સૂત્ર-૬માં બતાવેલ પાંચ પ્રકારના આચાર્ય છે. આચારગોચરવિનય=આચાર વિષયક વિનય, અને સ્વાધ્યાય આચાર્ય પછી તેમનાથી પ્રાપ્ત કરાય છે, એ ઉપાધ્યાય છે. સંગ્રહ, ઉપગ્રહ અને અનુગ્રહ માટે સ્વીકારાય છે એ ઉપાધ્યાય=વસ્ત્રાદિનો સંગ્રહ, અન્નપાનાદિથી ઉપગ્રહ અને સ્વાધ્યાયાદિથી અનુગ્રહ તેના માટે જેમનો સ્વીકાર કરાય તે ઉપાધ્યાય. અથવા આમના સંગ્રહાદિ છે એ પ્રમાણે સ્મરણ થાય છે તે ઉપાધ્યાય છે. બે સંગ્રહવાળા સાધુઓ હોય છે.

કોણ બે સંગ્રહવાળા ? એથી કહે છે –

આચાર્ય-ઉપાધ્યાયના સંગ્રહરૂપ બે સંગ્રહવાળા સાધુ હોય છે. ત્રિસંગ્રહવાળી સાધ્વી હોય છે.

કોના ત્રણ સંગ્રહવાળી સાધ્વી હોય છે ? એથી કહે છે –

આચાર્ય, ઉપાધ્યાય અને પ્રવર્તિનીના સંગ્રહવાળી સાધ્વી હોય છે. પ્રવર્તિની દિગાચાર્યથી વ્યાખ્યાન કરાઈ છે=પાંચ આચાર્યમાં દિગાચાર્યનું સ્વરૂપ બતાવ્યું તેનાથી વ્યાખ્યાન કરાઈ છે. હિત માટે પ્રવર્તે છે અને પ્રવર્તાવે છે એ પ્રવર્તિની. વિકૃષ્ટ, ઉગ્ર, તપયુક્ત તપસ્વી, અચિર પ્રવ્રજિત, શિક્ષા આપવા યોગ્ય શૈક્ષ અથવા શિક્ષા માટે યોગ્ય છે એથી શૈક્ષ કહેવાય. ગ્લાન પ્રતીત છે. સ્થવિર સંતતિની સંસ્થિતિ ગણ છે=સ્થવિરોની એક વાચનાના પ્રવાહવાળાની સંસ્થિતિ ગણ છે. એક આચાર્યની સંતતિની સંસ્થિતિ કુલ છે. ચતુર્વિધ શ્રમણાદિ સંઘ છે. સાધુ સંયત છે. સંભોગયુક્ત સમનોજ્ઞ છે=સાથે જ ગોચરી-પાણીના વ્યવહારવાળા સાધુ સમનોજ્ઞ છે. આમના=આચાર્યાદિ દશના, અન્ન-પાન, વસ્ત્ર, પાત્ર, પ્રતિશ્રય=ઉપાશ્રય, પીઠ, ફલક, સંસ્તારક આદિ ધર્મસાધનો વડે ઉપગ્રહ, શુશ્રૂષા, ઔષધની ક્રિયા, જંગલાદિમાં, વિષમ દુર્ગમાં અને ઉપસર્ગોમાં અભ્યુપપત્તિ=પરિરક્ષણ, એ વગેરે વૈયાવચ્ચ છે. ।।૯/૨૪।।

ભાવાર્થ :-

ગુણવાન એવા આચાર્યાદિ દશના ગુણોના સ્મરણપૂર્વક તેઓના સંયમનો ઉપગ્રહ કરે તેવી જે ઉચિત પ્રવૃત્તિ તે વૈયાવચ્ચ છે.

કઈ રીતે તે વૈયાવચ્ચ થાય છે ? તે બતાવે છે –

આચાર્યાદિ દશમાંથી પોતાની શારીરિક તથા માનસિક ધૃતિ, બળ અનુસાર અન્ન-પાનાદિ ધર્મનાં સાધનો લાવી આપે અથવા તેઓની ગ્લાનાદિ અવસ્થામાં સેવા કરે કે ઔષધની ક્રિયા કરે કે જંગલાદિમાં કોઈ અટવાયેલા હોય તેને માર્ગ ઉપર લઈ આવે, કોઈ વિષમ દુર્ગ આદિની પ્રાપ્તિ હોય તેમાંથી તેઓને યત્નપૂર્વક બહાર લાવે, ઉપસર્ગકાલે તેમનું ઉપસર્ગોથી રક્ષણ કરે – આ સર્વ ક્રિયા વૈયાવચ્ચરૂપ છે. તે વૈયાવચ્ચકાળમાં શાસ્ત્રવિધિના સમ્યગ્ સ્મરણ અને ઉચિત યતનાપૂર્વક ગુણવાનના ગુણોની ભક્તિના આશયથી વૈયાવચ્ચ કરવામાં આવે ત્યારે તેમના ગુણો પ્રત્યેના વધતા જતા બહુમાનભાવને અનુરૂપ નિર્જરાની પ્રાપ્તિ થાય છે. તેથી જેઓ વૈયાવચ્ચનું માત્ર બાહ્ય કૃત્ય કરે છે અને ગુણવાનના ગુણોના સ્મરણપૂર્વક કે શાસ્ત્રવિધિની ઉચિત યતના વગર વૈયાવચ્ચ કરે છે તે નિર્જરાનું કારણ નથી. મુગ્ધ અવસ્થામાં આ ત્યાગી છે એ પ્રકારનો ઓઘથી પણ બહુમાનભાવ હોય તો તેટલા અંશમાં ગુણના પક્ષપાત કૃત નિર્જરાની પ્રાપ્તિ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે આચાર્ય-ઉપાધ્યાય-તપસ્વી મહાત્માઓ તેમના ગુણોના અતિશયના કારણે પૂજ્ય છે, તેથી તેઓના ગુણોના સ્મરણપૂર્વક કરાયેલી વૈયાવચ્ચ મહાનિર્જરાનું કારણ બને; પરંતુ શૈક્ષ તો નવદીક્ષિત છે, તો તેમની વૈયાવચ્ચ કઈ રીતે મહાનિર્જરાનું કારણ બને ? તેથી કહે છે –

નવદીક્ષિત સાધુઓ શૈક્ષ અવસ્થામાં અપટુતાને કારણે ઉચિત કૃત્યો કરીને સંયમ નિર્વાહ કરવા અસમર્થ છે તેથી તેઓને સંયમમાં સ્થિરીકરણનું કારણ બને માટે તથા સંયમવૃદ્ધિનું પ્રબળ કારણ બને તે માટે વિવેકપૂર્વક કરાયેલી વૈયાવચ્ચ સંયમના પક્ષપાતમાંથી ઉદ્ભવેલ છે, તેથી મહાનિર્જરાનું કારણ બને છે.

વળી ગ્લાનસાધુ સંયમની આરાધના માટે તત્પર છે, છતાં ગ્લાન અવસ્થાને કારણે સંયમયોગમાં તેમનો દૃઢ યત્ન સ્ખલના પામે છે. તે વખતે તે ગ્લાન સાધુના સંયમની સ્ખલનાના નિવારણના ઉપાયરૂપે વૈયાવચ્ચ છે. ગ્લાનસાધુની વૈયાવચ્ચ કરનાર મહાત્મા વિચારે કે હું ઉચિત વૈયાવચ્ચ કરીને આમનું ગ્લાનપણું તે રીતે દૂર કરું, જેથી સુખપૂર્વક સંયમમાં દૃઢ યત્ન કરીને નિર્લેપ પરિણતિનો અતિશય તે મહાત્મા કરી શકે. આવા પ્રકારના નિર્મળ અધ્યવસાયથી કરાતી ગ્લાનની વૈયાવચ્ચમાં પણ સંયમ પ્રત્યેનો દૃઢ રાગ છે, તેથી તેનાથી મહાનિર્જરાની પ્રાપ્તિ થાય છે.

વળી જેઓ ગીતાર્થ નથી તેઓ કોઈક કારણે ગ્લાનની વૈયાવચ્ચ કરે ત્યારે ગ્લાન મહાત્માની ભક્તિ કરીને તેઓના સંયમવૃદ્ધિને અનુકૂળ અધ્યવસાયમાં ઉપષ્ટંભક થવાનો અધ્યવસાય છે, તેથી નિર્જરાની પ્રાપ્તિ થાય છે, છતાં અગીતાર્થતાને કારણે તેમની વૈયાવચ્ચમાં જે બુદ્ધિની અપટુતાને કારણે દોષોની પ્રાપ્તિ થાય છે, તેને આશ્રયીને તે વૈયાવચ્ચકાળમાં અલ્પ મલિનતાની પ્રાપ્તિ થઈ હોય તેની શુદ્ધિ અર્થે અગીતાર્થ સાધુ પ્રાયશ્ચિત્ત કરે છે. આનાથી એ ફલિત થાય કે આચાર્ય આદિના વૈયાવચ્ચકાળમાં ગુણવાનના ગુણનું સ્મરણ કે શૈક્ષાદિના વૈયાવચ્ચકાળમાં તેઓને સંયમવૃદ્ધિમાં ઉપષ્ટંભક થવાનો નિર્મળ અધ્યવસાય જેમ

નિર્જરાનું કારણ છે તેમ વૈયાવચ્ચકાળમાં શાસ્ત્રવિધિની સર્વ ઉચિત યતનાઓ નિર્જરાની પ્રાપ્તિમાં બળવાન કારણ છે. તેની ન્યૂનતા કૃત નિર્જરામાં પણ ન્યૂનતાની પ્રાપ્તિ થાય છે.

વળી ચતુર્વિધ સંઘ શબ્દથી સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાની પ્રાપ્તિ છે. સાધુ પણ જેમ ગ્લાન સાધુની ગ્લાનતાને દૂર કરીને તેઓ સંયમની વૃદ્ધિમાં યત્ન કરી શકે તેવા શુભાશયથી વૈયાવચ્ચ કરે છે ત્યારે ગ્લાનના સંયમની વૃદ્ધિ પ્રત્યેના શુભાશયને અનુરૂપ નિર્જરાની પ્રાપ્તિ થાય છે એમ ચતુર્વિધ સંઘ અંતર્ગત કોઈના પણ ધર્મની વૃદ્ધિને અનુકૂળ ઉચિત વ્યાપારમાં ઉપષ્ટંભક થાય તેવી પ્રવૃત્તિ સાધુ કરે, ત્યારે તે સાધુ ચતુર્વિધ સંઘની કે ચતુર્વિધ સંઘ અંતર્ગત શ્રાવક-શ્રાવિકાદિ કોઈની પણ વૈયાવચ્ચ કરીને નિર્જરાની પ્રાપ્તિ કરે છે. ફક્ત બાહ્ય શાતાર્થે શ્રાવક-શ્રાવિકાની ભક્તિ કરવાનો સાધુને નિષેધ પ્રાપ્ત થાય, પરંતુ તેઓના સ્વભૂમિકાનુસાર ધર્મકૃત્ય દ્વારા ધર્મની વૃદ્ધિ થાય તેવા અનુષ્ઠાનને ઉપષ્ટંભક એવી વૈયાવચ્ચ સાધુ કરે ત્યારે તે વૈયાવચ્ચથી સાધુને નિર્જરાની પ્રાપ્તિ થાય છે. **॥૯/૨૪॥**

અવતરણિકા :-

સૂત્ર-૨૦માં ૬ પ્રકારના અભ્યંતરતપ બતાવ્યા તેમાંથી ક્રમપ્રાપ્ત સ્વાધ્યાયનું સ્વરૂપ બતાવે છે –

સૂત્ર :-

वाचनाप्रच्छनानुप्रेक्षाऽऽम्नायधर्मोपदेशाः ।।९/२५।।

સૂત્રાર્થ :-

વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય, ધર્મોપદેશ (એ પાંચ પ્રકારનો સ્વાધ્યાય અભ્યંતરતપ છે.) ॥૯/૨૫॥

ભાષ્ય :-

स्वाध्यायः पञ्चविधः । तद्यथा—वाचना १, प्रच्छनं २, अनुप्रेक्षा ३, आम्नायः ४, धर्मोपदेश ५ इति । तत्र वाचनं शिष्याध्यापनम् । प्रच्छनं ग्रन्थार्थयोः । अनुप्रेक्षा ग्रन्थार्थयोरेव मनसाऽभ्यासः । आम्नायो घोषविशुद्धं परिवर्तनं, गुणनं, रूपादानमित्यर्थः । अर्थोपदेशो व्याख्यानं अनुयोगवर्णनं धर्मोपदेश इत्यनर्थान्तरम् ।।९/२५।।

ભાષ્યાર્થ :-

स्वाध्यायः ..... इत्यनर्थान्तरम् ।। સ્વાધ્યાય પાંચ પ્રકારનો છે. તે આ પ્રમાણે – (૧) વાચના, (૨) પૃચ્છના, (૩) અનુપ્રેક્ષા, (૪) આમ્નાય અને (૫) ધર્મોપદેશ.

'इति' શબ્દ સ્વાધ્યાયના પાંચ ભેદની સમાપ્તિ માટે છે.

ત્યાં=પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં, વાચન શિષ્યનું અધ્યાપન છે. પૃચ્છન ગ્રંથનું અને અર્થનું

છે=સૂત્રનું અને અર્થનું છે. અનુપ્રેક્ષા ગ્રંથ અને અર્થનો જ મનથી અભ્યાસ છે. આમ્નાય ઘોષવિશુદ્ધ પરિવર્તન છે, ગુણન છે, રૂપનું આદાન છે, એ પ્રકારનો અર્થ છે.

ધર્મોપદેશના પર્યાયવાચી બતાવે છે –

અર્થનો ઉપદેશ, વ્યાખ્યાન, અનુયોગનું વર્ણન, ધર્મનો ઉપદેશ એ પ્રકારે અનર્થાન્તર છે. ।।૯/૨૫।।

ભાવાર્થ :-

(૧) વાચનાસ્વાધ્યાય :-

જે સાધુ શાસ્ત્રના યથાર્થ અર્થને જાણીને શિષ્યને ભગવાનના વચનના પરમાર્થનો બોધ થાય એ પ્રકારે અત્યંત ઉપયોગપૂર્વક અધ્યાપન કરાવે તે વખતે ભગવાનના વચનથી ભાવિત થતા હોવાને કારણે અને ભગવાનનું વચન વીતરાગતાની પ્રાપ્તિનું કારણ બને તે પ્રકારે જ તત્ત્વને બતાવનાર હોવાથી અધ્યાપનકાળમાં વાચના આપનાર ગુરુને વીતરાગના વચનના ભાવો સ્પર્શતા હોય તો તે વાચનાપ્રદાનની પ્રવૃત્તિથી ઘણાં કર્મોની નિર્જરા થાય છે; કેમ કે 'જે ભાવોથી જે કર્મો બંધાય છે તેનાથી વિરુદ્ધ ભાવો દ્વારા તે કર્મોનો નાશ થાય છે' એ નિયમ અનુસાર વાચનાકાળમાં જેટલા અંશમાં વીતરાગતાના ભાવોનો સ્પર્શ થાય, એટલા અંશમાં અવીતરાગભાવથી બંધાયેલાં કર્મોનો નાશ થાય છે. તેથી તેવા પ્રકારની શિષ્યને અધ્યાપનની ક્રિયા નિર્જરાના અંગભૂત વાચનારૂપ સ્વાધ્યાય છે. જે સાધુ તે પ્રકારે અધ્યાપન કરાવી શકતા નથી તેઓની વાચના અભ્યંતરતપરૂપ સ્વાધ્યાય બને નહીં; કેમ કે વીતરાગભાવને નહીં સ્પર્શનાર વચનપ્રયોગમાત્રથી કરાતી સ્વાધ્યાયની ક્રિયા નિર્જરાના કારણીભૂત અભ્યંતરતપરૂપ બને નહીં.

(૨) પૃચ્છનાસ્વાધ્યાય :-

વળી ગુરુ પાસેથી વીતરાગના વચનના પરમાર્થને જાણ્યા પછી કોઈક સ્થાનમાં કોઈક અર્થનો નિર્ણય ન થયો હોય કે કોઈક સૂત્ર યથાર્થ સ્મૃતિમાં ન હોય ત્યારે યોગ્ય શિષ્ય તે સૂત્ર અને તે અર્થની પૃચ્છા કરીને વીતરાગના વચનના સૂક્ષ્મ પરમાર્થને જાણવા યત્ન કરે છે ત્યારે સંસારના ઉચ્છેદના અર્થી એવા તે શિષ્યનો યત્ન સંસારના ઉચ્છેદના ઉપાયભૂત એવા તે ગ્રંથનો અને અર્થનો=તે સૂત્રનો અને અર્થનો, યથાર્થ બોધ કરવાને અનુકૂળ એવા વ્યાપારરૂપ બને છે, તેથી તે પૃચ્છનની ક્રિયા મહાનિર્જરાનું કારણ બને છે. તેથી જે જે અંશથી પૃચ્છનકાળમાં ભગવાનના વચનનું બહુમાન અને ભગવાનના વચનના પારમાર્થિક અર્થના બોધનો સ્પર્શ આત્માને થાય છે તેને અનુરૂપ નિર્જરાની પ્રાપ્તિ થાય છે, જે સ્વાધ્યાયના પેટાભેદ આત્મક પૃચ્છનાસ્વાધ્યાયરૂપ અભ્યંતરતપ છે. તે સિવાયની યથાતથા પૃચ્છનની ક્રિયા નિર્જરાનું કારણ નહીં હોવાથી અભ્યંતરતપ બને નહીં.

(૩) અનુપ્રેક્ષાસ્વાધ્યાય :-

વળી યોગ્ય શિષ્ય સર્વજ્ઞનાં વચનો ઉચિત પ્રવૃત્તિનું કારણ બને એ રીતે ગુરુ પાસેથી અધ્યયન કરે છે,

જેનાથી સમ્યક્ પ્રવૃત્તિના કારણીભૂત સમ્યગ્ બોધની પ્રાપ્તિ થાય છે; આમ છતાં ગુરુ દ્વારા પ્રાપ્ત થયેલા બોધમાં કોઈક સ્થાનમાં યથાર્થ નિર્ણય ન થયો હોય અથવા સામાન્યથી યથાર્થ નિર્ણય થયા પછી અમુક પ્રકારનો સંશય થયો હોય ત્યારે પૃચ્છા દ્વારા તે સંશયને દૂર કરે છે. ત્યારપછી જે સૂત્ર અને અર્થનો યથાર્થ બોધ થયો છે તે યુક્તિથી અને સ્વાનુભવથી સૂક્ષ્મ જોવા માટેનો જે મનનો વ્યાપાર તે અનુપ્રેક્ષા છે. આથી જ ગુરુ પાસેથી જે સમ્યગ્ બોધ કર્યો છે તે બોધથી નિયંત્રિત ઉચિત ક્રિયાકાળમાં જો અનુપ્રેક્ષા પ્રવર્તે તો એ ક્રિયા વિષયક પૂર્વ-પૂર્વના બોધ કરતાં સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધ થાય છે. અનુપ્રેક્ષાથી સંવલિત એવી ક્રિયા ભાવક્રિયા કહેવાય છે અને અનુપ્રેક્ષા વગરની ક્રિયા દ્રવ્યક્રિયા કહેવાય છે.

વળી આ અનુપ્રેક્ષા સૂત્ર-અર્થ ભણ્યા પછી તેના સૂક્ષ્મભાવોને અનુકૂળ મનોવ્યાપારરૂપ છે. તેથી જે સૂત્રો અને જે અર્થો વીતરાગતાને અનુકૂળ ઉચિત પરિણામોનો બોધ કરાવનારાં છે તેવા જ સૂક્ષ્મભાવને સ્પર્શનાર અનુપ્રેક્ષા હોવાથી જીવમાં નિર્લેપ પરિણતિની પ્રાપ્તિનું પ્રબળ કારણ અનુપ્રેક્ષા બને છે. તેથી સ્વાધ્યાયના અંગભૂત અનુપ્રેક્ષા સ્વરૂપ અભ્યંતરતપ મહાનિર્જરાનું કારણ બને છે.

(૪) આમ્નાયસ્વાધ્યાય=પરાવર્તનાસ્વાધ્યાય :-

વાચનાથી સૂત્ર-અર્થ ગ્રહણ કર્યા પછી ઉચિત સ્થાને શંકાના નિવર્તનાર્થે શિષ્ય પૃચ્છા કરે, પૃચ્છા કર્યા પછી મન દ્વારા સૂક્ષ્મ અર્થના આલોચનરૂપ અભ્યાસ કરે, આ રીતે સૂક્ષ્મ પદાર્થનો બોધ કર્યા પછી મહાત્મા સૂત્રો અને અર્થમાં ઉપયોગ રહે તે રીતે ઘોષવિશુદ્ધ પરિવર્તન કરે છે. જે પરિવર્તન પુનઃ પુનઃ કરીને આત્માને તે ભાવોથી વાસિત કરવાને અનુકૂળ વ્યાપારરૂપ છે, તે બતાવવા અર્થે ભાષ્યકારશ્રી કહે છે કે તે ગુણન રૂપના આદાનરૂપ છે=સૂત્રો જે ભાવોથી સંભૂત છે તે ભાવોના સ્વરૂપને હૈયામાં સ્પર્શે તે પ્રકારના ગ્રહણની ક્રિયારૂપ છે. તેથી અનુપ્રેક્ષાથી જે સૂક્ષ્મભાવોનો બોધ થયો તે સૂત્ર-અર્થના પરાવર્તનકાળમાં વિશેષ વિશેષ પ્રકારના સ્પર્શાત્મક બોધનું કારણ બને છે. જેથી તે પરાવર્તનની ક્રિયારૂપ આમ્નાયસ્વાધ્યાય મહાનિર્જરાનું કારણ બને છે, માટે અભ્યંતરતપ છે.

(૫) ધર્મકથાસ્વાધ્યાય :-

મહાત્મા શાસ્ત્રવચનોનો સમ્યગ્ બોધ કરીને સૂત્ર-અર્થથી સંપન્ન થાય છે ત્યારપછી યોગ્ય જીવોના ઉપકારાર્થે અર્થનો ઉપદેશ આપે છે જે વ્યાખ્યાન સ્વરૂપ છે, અનુયોગના વર્ણન સ્વરૂપ છે=સૂત્રોના અર્થોના સ્પષ્ટીકરણરૂપ છે અને ધર્મના ઉપદેશરૂપ છે. જે મહાત્મા ભગવાનના વચનથી અત્યંત ભાવિત છે તેમનામાં પોતાના આત્માની અત્યંત કરુણા વર્તે છે અને પોતાના જેવા જ અન્ય યોગ્ય જીવો છે, તેઓ પ્રત્યેની કરુણા બુદ્ધિથી પોતાના બોધ અનુસાર જિનવચનનું યથાર્થ પ્રકાશન કરે છે. તે કાળમાં 'આ જીવને સમ્યગ્ બોધ થાય જેથી તેનું કલ્યાણ થાય' એ પ્રકારના આશયપૂર્વક તીવ્ર સંવેગથી યુક્ત થઈને ધર્મનો ઉપદેશ આપે છે, તેથી તે ઉપદેશકાળમાં વર્તતા સંવેગને અનુરૂપ મહાનિર્જરાની પ્રાપ્તિ થાય છે, માટે સ્વાધ્યાયના પેટાભેદ સ્વરૂપ ધર્મોપદેશ અભ્યંતરતપ છે. **॥૯/૨૫॥**

અવતરણિકા :-

સૂત્ર-૨૦માં છ પ્રકારનો અભ્યંતરતપ બતાવ્યો અને સૂત્ર-૨૧માં તેના ભેદોની સંખ્યા બતાવી તેમાંથી વ્યુત્સર્ગ નામના અભ્યંતરતપના ભેદને બતાવે છે –

સૂત્ર :-

बाह्याभ्यन्तरोपध्योः ।।૯/૨૬।।

સૂત્રાર્થ :-

બાહ્ય-અભ્યંતર ઉપધિનો વ્યુત્સર્ગ (અભ્યંતરતપ છે.) ।।૯/૨૬।।

ભાષ્ય :-

व्युत्सर्गो द्विविधः-बाह्योऽभ्यन्तरश्च तत्र बाह्यो द्वादशरूपकस्योपधेः, अभ्यन्तरः शरीरस्य कषायाणां चेति ।।૯/૨૬।।

ભાષ્યાર્થ :-

व्युत्सर्गो ..... चेति ।। વ્યુત્સર્ગ બે પ્રકારનો છે : બાહ્ય અને અભ્યંતર; ત્યાં બાર પ્રકારની ઉપધિનો બાહ્યવ્યુત્સર્ગ છે. શરીરનો અને કષાયોનો અભ્યંતર=અભ્યંતરવ્યુત્સર્ગ, છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ।।૯/૨૬।।

ભાવાર્થ :-

સાધુ સંયમના ઉપકરણ તરીકે બાર પ્રકારની ઉપધિ ધારણ કરે છે અને તે ઉપધિનો સંયમના ઉપકારના પ્રયોજનથી જ ઉપયોગ કરે છે. જ્યારે તે ઉપધિ જીર્ણ થયેલ હોય કે જીવ સંસક્ત થયેલ હોય ત્યારે યતનાપૂર્વક તેનો ત્યાગ કરે તે સમયે સંયમના પ્રયોજન વગરની વસ્તુને સાથે નહીં રાખવાનો અધ્યવસાય ઉત્પન્ન થાય છે. તેથી સાધુનો અપરિગ્રહ સ્વભાવ જ નિર્મળ-નિર્મળતર થાય છે. બાર પ્રકારની બાહ્ય ઉપધિનો વ્યુત્સર્ગ અર્થાત્ ત્યાગ તે બાહ્યવ્યુત્સર્ગ નામનો અભ્યંતરતપ છે; કેમ કે અપરિગ્રહભાવની વૃદ્ધિ દ્વારા ઘણી નિર્જરાની પ્રાપ્તિનું કારણ થાય છે.

જેમ સાધુ સંયમમાં અનુપયોગી બાહ્ય ઉપધિનો ત્યાગ કરે છે તેમ આત્મા સાથે એકત્વપણાને પામેલ શરીરરૂપ અભ્યંતર ઉપધિનો અને આત્મા સાથે એકત્વ પામેલ કષાયરૂપ અભ્યંતર ઉપધિનો ત્યાગ કરે ત્યારે સંયમને અનુપકારક એવા દેહનો અને કષાયનો ત્યાગ થવાથી અભ્યંતરવ્યુત્સર્ગ નામના અભ્યંતરતપની આરાધના દ્વારા ઘણી નિર્જરાની પ્રાપ્તિ થાય છે.

આશય એ છે કે સાધુ સંયમના પ્રયોજનાર્થે દેહથી ગમનાગમનની ચેષ્ટા કરે છે કે સ્વાધ્યાયાદિની ચેષ્ટા કરે છે. જ્યારે સંયમવૃદ્ધિમાં તેવી કોઈ પ્રવૃત્તિ આવશ્યક ન જણાય ત્યારે કાયોત્સર્ગમાં રહીને શુભ ધ્યાનથી

આત્માને ભાવિત કરે છે. જિનકલ્પી ત્રીજા પ્રહર સિવાયના સર્વ પ્રહરમાં પ્રાયઃ દેહનો વ્યુત્સર્ગ કરીને ધ્યાનમાં યત્ન કરે છે ત્યારે અભ્યંતર ઉપધિરૂપ દેહનો ત્યાગ કરવાથી દેહ પ્રત્યે અત્યંત નિર્મમ ભાવવાળા થાય છે.

વળી સાધુ સતત કષાયોના ઉચ્છેદ અર્થે સ્વાધ્યાય-ધ્યાનાદિમાં ઉદ્યમ કરીને સતત કષાયોને ક્ષીણ-ક્ષીણતર કરે છે, તેથી કષાયરૂપ અભ્યંતર ઉપધિના ત્યાગથી ઘણી નિર્જરાને પ્રાપ્ત કરે છે. માટે વ્યુત્સર્ગરૂપ અભ્યંતરતપ મહાનિર્જરાનું કારણ છે. સાધુ બાહ્ય ઉપધિના ત્યાગ દ્વારા શરીરરૂપ અભ્યંતર ઉપધિ પ્રત્યે જે મમત્વભાવ છે તેના જ ત્યાગને અતિશયિત કરે છે અને કષાયરૂપ અભ્યંતર ઉપધિના ત્યાગ દ્વારા ક્ષયોપશમભાવના ક્ષમાદિ ગુણને અતિશયિત કરે છે અને સર્વ ઉપધિથી રહિત શુદ્ધ આત્મસ્વરૂપને પ્રગટ કરવા ઉદ્યમ કરે છે. **॥૯/૨૬॥**

અવતરણિકા :-

સૂત્ર-૨૦માં ૬ પ્રકારનાં અભ્યંતરતપ બતાવેલાં, તેમાંથી ક્રમપ્રાપ્ત ધ્યાનનું સ્વરૂપ બતાવે છે –

સૂત્ર :-

उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधो ध्यानम् ।।९/२७।।

સૂત્રાર્થ :-

ઉત્તમ સંહનનવાળાનું એકાગ્ર દ્વારા ચિંતાનો નિરોધ ધ્યાન છે. ॥૯/૨૭॥

ભાષ્ય :-

उत्तमसंहननं वज्रर्षभनाराचं वज्रनाराचं नाराचं अर्धनाराचं च तद्युक्तस्यैकाग्रचिन्तानिरोधश्च ध्यानम् ।।९/२७।।

ભાષ્યાર્થ :-

उत्तमसंहननं ..... ध्यानम् ।। ઉત્તમ સંહનન=સંઘયણ, વજ્રઋષભનારાચ, વજ્રનારાચ, નારાચ અને અર્ધનારાચ એ ચાર છે. तद् युक्तने=તે ચાર સંઘયણમાંથી કોઈ એક સંઘયણવાળાને, એકાગ્રમાં=એક અગ્રમાં=એક આલંબનમાં, ચિત્તનો નિરોધ=મનનો નિરોધ, ધ્યાન છે. ॥૯/૨૭॥

ભાવાર્થ :-

વજ્રઋષભનારાચસંઘયણ આદિ છ સંઘયણમાંથી પ્રથમના ચાર સંઘયણવાળા જીવોને તે પ્રકારનું વિશેષ સંઘયણબળ હોવાને કારણે ચિત્તની પણ વિશેષ શક્તિની પ્રાપ્તિ છે. તેથી તેવા જીવો કોઈ એક પદાર્થના વિષયમાં ચિત્તનો નિરોધ કરે, અર્થાત્ ચિત્તને દીર્ઘકાળ સુધી પ્રવર્તાવે તે ધ્યાન છે. આનાથી અર્થાપત્તિથી એ પ્રાપ્ત થાય કે ચાર સંઘયણવાળા જીવોથી અતિરિક્ત એવા કીલિકાસંઘયણ અને સેવાર્તસંઘયણવાળા જીવોને

ધ્યાનની પ્રાપ્તિ નથી. ફક્ત ધ્યાનની પૂર્વભૂમિકા જેવું આર્તધ્યાન આદિને અનુકૂળ ચિત્ત પ્રવર્તતું હોય તો તેઓ આર્તધ્યાન આદિ કરે છે, એ પ્રકારનો ઉપચાર થાય છે; વાસ્તવમાં એકાગ્ર ચિત્ત સ્વરૂપ ધ્યાન પ્રથમના ચાર સંઘયણમાં જ પ્રાપ્ત થાય છે. **॥૯/૨૭॥**

અવતરણિકા :-

પૂર્વ સૂત્રમાં કોને ધ્યાન થાય છે ? અને ધ્યાનનું સ્વરૂપ શું છે ? એ બતાવ્યું, હવે તે ધ્યાનનું કાલમાન કેટલું છે ? તે બતાવે છે –

સૂત્ર :-

आ मुहूर्तात् ।।९/२८।।

સૂત્રાર્થ :-

આ મુહૂર્ત=મુહૂર્ત સુધી, ધ્યાન થાય છે. ॥૯/૨૮॥

ભાષ્ય :-

तद्ध्यानमा मुहूर्ताद् भवति, परतो न भवति, दुर्ध्यानत्वात् ।।९/२८।।

ભાષ્યાર્થ :-

तद् ..... दुर्ध्यानत्वात् ।। તે ધ્યાન=એકાગ્ર ચિત્તનિરોધરૂપ ધ્યાન, મુહૂર્ત સુધી થાય છે. ત્યારપછી થતું નથી; કેમ કે દુર્ધ્યાનપણું છે અર્થાત્ ધ્યાનનું દુઃશક્યપણું છે. ॥૯/૨૮॥

ભાવાર્થ :-

છદ્મસ્થ જીવોનો ઉપયોગ અંતર્મુહૂર્તનો હોય છે. તેથી ધ્યાન વગરની અવસ્થામાં પણ મુહૂર્ત સુધી જ તેમનો જ્ઞાનનો ઉપયોગ પ્રવર્તે છે, પરંતુ તે જ્ઞાનનો ઉપયોગ અલ્પ કાલ સુધીનો હોય છે અને એકાગ્રતાવાળો હોતો નથી, પરંતુ દિશાંતરમાં જનારો હોય છે. જેઓનું ચિત્ત કોઈક એક આલંબનમાં સ્થિર થયેલું છે તેઓ ધ્યાનના ઉપયોગવાળા છે. તે ધ્યાનનો ઉપયોગ એક મુહૂર્તથી અધિક રહી શકતો નથી, ત્યારપછી તે ધ્યાનના ઉપયોગનું રાખવું દુઃશક્ય છે. અહીં દુર્ધ્યાનપણું કુત્સિત અર્થમાં નથી, પરંતુ ધ્યાનનું દુઃશક્યપણું છે એ બતાવવા અર્થે કહ્યું છે. **॥૯/૨૮॥**

અવતરણિકા :-

પૂર્વમાં ધ્યાનનું સ્વરૂપ અને કાલમાન બતાવ્યું. હવે ધ્યાનના ભેદો બતાવે છે –

સૂત્ર :-

आर्तरौद्रधर्मशुक्लानि ।।९/२९।।

સૂત્રાર્થ :-

આર્ત, રૌદ્ર, ધર્મ, શુક્લ (ચાર પ્રકારના ધ્યાન છે.) ॥૯/૨૯॥

ભાષ્ય :-

तच्चतुर्विधं भवति, तद्यथा – आर्तं रौद्रं धर्मं शुक्लमिति ।।૯/૨૯।।

ભાષ્યાર્થ :-

तच्चतुर्विधं ..... शुक्लमिति ।। તે=ધ્યાન, ચાર પ્રકારનું છે. તે આ પ્રમાણે – આર્ત, રૌદ્ર, ધર્મ, શુક્લ.

'इति' શબ્દ ધ્યાનના ચાર ભેદની સમાપ્તિ માટે છે. ॥૯/૨૯॥

ભાવાર્થ :-

પ્રથમના ચાર સંઘયણવાળા જીવો એકાગ્ર ચિત્તવાળા થાય છે, ત્યારે જે ચિત્ત પ્રવર્તે છે તે ચિત્તરૂપ ધ્યાન ચાર પ્રકારનું છે – આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન.

જે જીવોનું ચિત્ત સંસારના બાહ્ય પદાર્થોમાં વ્યાપારવાળું હોય અને તેમાં એકાગ્ર થઈને અર્તિનું=દુઃખનું, કારણ હોય અર્થાત્ વિષયોના આકર્ષણને કારણે રાગ-દ્વેષની આકુળતાવાળું હોય તેમનું ધ્યાન આર્તધ્યાન છે. જે ધ્યાન હિંસા-મહાઆરંભ આદિ રૌદ્ર પરિણામોથી યુક્ત હોય તે રૌદ્રધ્યાન છે. સાધુના ક્ષમાદિ દશ ગુણોના પરિભાવનથી આત્મામાં ક્ષમાદિ ગુણોની વૃદ્ધિને અનુકૂળ એકાગ્ર પરિણામવાળું ચિત્ત ધર્મધ્યાન છે. મોહથી અનાકુળ એવા શુદ્ધ આત્મામાં લીન થવા માટે વ્યાપારવાળું નિર્વિકલ્પ ઉપયોગમાં પ્રવર્તતું એકાગ્ર ચિત્ત શુક્લધ્યાનરૂપ છે. **॥૯/૨૯॥**

અવતરણિકા :-

तेषाम् –

અવતરણિકાર્થ :-

તેઓનાં=તે ચાર પ્રકારનાં, (ધ્યાનોનું શું ? તે ગ્રંથકારશ્રી આગળના સૂત્રમાં કહે છે –)

સૂત્ર :-

परे मोक्षहेतू ।।૯/૩૦।।

સૂત્રાર્થ :-

છેલ્લાં બે=ચાર ધ્યાનોમાંથી ધર્મધ્યાન અને શુક્લધ્યાન આત્મક છેલ્લાં બે ધ્યાનો, મોક્ષના હેતુ છે. ॥૯/૩૦॥

ભાષ્ય :-

तेषां चतुर्णां ध्यानानां परे धर्म्यशुक्ले मोक्षहेतू भवतः, पूर्वे त्वार्तरौद्रे संसारहेतू इति ।।९/३०।।

ભાષ્યાર્થ :-

तेषां ..... इति ।। તે ચાર ધ્યાનોના છેલ્લાં બે ધર્મ્યધ્યાન અને શુક્લધ્યાન મોક્ષના હેતુ છે, વળી પૂર્વનાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન સંસારના હેતુ છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ માટે છે. ।।૯/૩૦।।

ભાવાર્થ :-

(૧) આર્તધ્યાન :-

બાહ્ય ભાવોને આશ્રયીને જે કોઈ જીવ વિચારણા કરે છે તેનાથી જીવમાં અર્તિ પેદા થાય છે. એ વિચારણામાં એકાગ્ર પરિણામ થાય ત્યારે આર્તધ્યાન પ્રાપ્ત થાય છે. બાહ્ય પદાર્થના સંશ્લેષથી પ્રગટ થયેલું હોવાને કારણે આર્તધ્યાન સંસારનો હેતુ છે અર્થાત્ સંગના પરિણામરૂપ હોવાથી કર્મના સંગનો હેતુ છે.

(૨) રૌદ્રધ્યાન :-

વળી બાહ્ય પદાર્થો પ્રત્યેના અતિશય સંશ્લેષને કારણે જીવને રૌદ્ર પરિણામ થાય છે અને તે રૌદ્ર પરિણામમાં એકાગ્રતા વર્તતી હોય ત્યારે રૌદ્રધ્યાનની પ્રાપ્તિ છે. રૌદ્રધ્યાન બાહ્ય પદાર્થો પ્રત્યે અતિસંશ્લેષના પરિણામરૂપ હોવાથી અતિ ક્લિષ્ટ કર્મબંધ કરાવનાર હોવાથી સંસારનો હેતુ છે.

જોકે છેલ્લા બે સંઘયણવાળા જીવોને આર્તધ્યાન કે રૌદ્રધ્યાન નથી તોપણ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના કારણીભૂત ચંચલચિત્તની અવસ્થા છે. એથી એકાગ્રતારૂપ ધ્યાન નહીં હોવા છતાં તેની પૂર્વભૂમિકારૂપ આર્ત અને રૌદ્ર પરિણામો છે તેથી તે પરિણામને અનુરૂપ તેઓ કર્મ બાંધે છે.

(૩) ધર્મધ્યાન :-

વળી જે જીવોમાં વિવેક પ્રગટેલો છે તે જીવોને દેહથી પૃથગ્ એવા આત્માનું સ્વરૂપ પારમાર્થિક જીવનું સ્વરૂપ છે અને બાહ્ય પદાર્થોના સંશ્લેષથી પર એવો આત્માનો ભાવ આત્મા માટે હિતરૂપ છે તેવો સ્થિર નિર્ણય છે તથા તેના ઉપાયભૂત દશ પ્રકારનો યતિધર્મ છે તેવી સ્થિર બુદ્ધિ છે. તેઓ સ્વશક્તિ અનુસાર દશ પ્રકારના યતિધર્મને આત્મામાં પ્રગટ કરવાર્થે જે કોઈ વિચારણા કરે છે એ વિચારણામાં જે એકાગ્રતાનો ભાવ છે તે ધર્મધ્યાન છે. દા. ત. ભગવાનના ગુણમાં એકાગ્ર થયેલા શ્રાવકને ભગવાનના ક્ષમાદિ ભાવો જ તત્ત્વરૂપ દેખાય છે, તે ધર્મધ્યાનરૂપ છે.

(૪) શુક્લધ્યાન :-

વળી જેઓને શુદ્ધ આત્માનું પારમાર્થિક સ્વરૂપ નિર્વિકલ્પ ઉપયોગ સ્વરૂપ દેખાય છે અને નિર્વિકલ્પ એવા આત્માના ઉપયોગમાં જેઓ એકાગ્રતાથી વર્તે છે તેઓને શુક્લધ્યાન પ્રાપ્ત થાય છે. આ શુક્લધ્યાન

પ્રાયઃ ઉપશમશ્રેણિમાં કે ક્ષપકશ્રેણિમાં પ્રાપ્ત થાય છે. તેની પૂર્વે શુક્લધ્યાનનો અંશ નિર્વિકલ્પઉપયોગવાળા મુનિને પ્રાપ્ત થાય છે. સવિકલ્પદશાવાળા મુનિને ધર્મધ્યાન પ્રાપ્ત થાય છે.

વળી, વર્તમાનમાં છેલ્લા બે સંઘયણવાળા જીવોને ધર્મધ્યાન કે શુક્લધ્યાન સંભવતું નથી; તોપણ તેને અનુરૂપ ચિંતવનથી જે ક્ષમાદિ ભાવો થાય છે અને જે કાંઈ નિર્વિકલ્પ ઉપયોગના અંશો પ્રગટ થાય છે તે ધર્મધ્યાન તથા શુક્લધ્યાનની પૂર્વભૂમિકા સ્વરૂપ છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાન મોક્ષના હેતુ છે અને તેને અનુરૂપ ઉચિત ચિંતવન પણ પરંપરાએ મોક્ષનો હેતુ છે; કેમ કે ધર્મધ્યાનને અને શુક્લધ્યાનને અનુરૂપ ઉચિત ચિંતવનથી ચિત્તના સ્વાસ્થ્યની વૃદ્ધિ થાય છે. જેમ જેમ ચિત્ત સ્વસ્થ-સ્વસ્થતર થાય છે તેમ તેમ અસ્વસ્થતાજન્ય કર્મોનો નાશ થાય છે. આ મોહની અનાકુળતારૂપ ચિત્તની સ્વસ્થતા મોક્ષનો હેતુ છે. ॥૯/૩૦॥

ભાષ્ય :-

अत्राह — किमेषां लक्षणमिति ?, अत्रोच्यते —

ભાષ્યાર્થ :-

અત્ર=અહીં આર્તધ્યાનાદિ ચારે પ્રકારના ધ્યાનમાં, પ્રશ્ન કરે છે — આમનું=આર્તધ્યાન આદિ ચારનું, શું લક્ષણ છે ? અહીં=આ પ્રકારના પ્રશ્નમાં, કહેવાય છે=ઉત્તર આપે છે=ક્રમશઃ આર્તધ્યાન આદિ ચારનાં લક્ષણ બતાવે છે —

સૂત્ર :-

आर्तममनोज्ञानां सम्प्रयोगे तद्विप्रयोगाय स्मृतिसमन्वाहारः ।।९/३१।।

સૂત્રાર્થ :-

અમનોજ્ઞના સંપ્રયોગમાં=અમનોજ્ઞ વિષયના સંયોગમાં, તદ્ વિપ્રયોગ માટે સ્મૃતિનો સમન્વાહાર= વિયોગ માટેની વિચારણા, આર્ત=આર્તધ્યાન, છે. ॥૯/૩૧॥

ભાષ્ય :-

अमनोज्ञानां विषयाणां सम्प्रयोगे तेषां विप्रयोगार्थं यः स्मृतिसमन्वाहारो भवति तदार्तध्यानमित्याचक्षते ।।९/३१।।

ભાષ્યાર્થ :-

अमनोज्ञानां ..... आचक्षते ।। અમનોજ્ઞ વિષયોના સંપ્રયોગમાં તેઓના વિપ્રયોગ માટે=વિશેષરૂપ વિયોગ માટે, જે સ્મૃતિનો સમન્વાહાર=ઉપાયોના સ્મરણની પ્રવૃત્તિ, થાય છે તે આર્તધ્યાન છે એ પ્રમાણે કહે છે. ॥૯/૩૧॥

ભાવાર્થ :-

અમનોજ્ઞસંપ્રયોગ તદ્વિપ્રયોગ નિમિત્તક આર્તધ્યાન :-

સંસારી જીવોને બાહ્ય પદાર્થો સાથે સંગનો પરિણામ વિદ્યમાન છે, તેથી અમનોજ્ઞ વિષયના સંગને કારણે આર્ત બને છે અર્થાત્ પીડિત બને છે અને તેના વિયોગના ઉપાયોનું સ્મરણ કરે છે, તે વખતે તે ઉપાયોના સ્મરણકાળમાં વર્તતો જીવનો વ્યાકુળ ભાવ તે આર્તધ્યાન છે એ પ્રમાણે ગ્રંથકારશ્રી કહે છે.

અહીં વિયોગની વિચારણા એમ ન કહેતાં સ્મૃતિનો સમન્વાહાર એમ કહ્યું, તેથી એ પ્રાપ્ત થાય કે જેમ પૂર્વમાં જોયેલી વસ્તુનું સ્મરણ થાય છે તેમ પોતાને વિપરીત વિષયના સંયોગને કારણે જે વિસ્વળતા થયેલી તે વિસ્વળતાને વશ પોતાને જે કાર્યકારણભાવનો બોધ છે તેનું સ્મરણ કરવા જીવ પ્રયત્ન કરે છે અર્થાત્ આ અમનોજ્ઞ પદાર્થના વિયોગનો ઉપાય શું છે ? એમ વિચારે છે ત્યારે પૂર્વના અનુભવાનુસાર ઉપાયોનું સ્મરણ કરવા માટેનો યત્ન પ્રવર્તે છે, તે આર્તધ્યાનરૂપ છે.

અહીં પ્રશ્ન થાય કે વિપરીત વિષયના સંયોગમાં જે પ્રતિકૂળ વેદન છે તેને આર્તધ્યાન ન કહેતાં તેના વિયોગ વિષયક વિચારણાને આર્તધ્યાન કેમ કહેલ છે ? તેનું તાત્પર્ય આ પ્રમાણે છે –

કેટલાક જીવોને અમનોજ્ઞ વિષયોનો સંપર્ક થાય છે તેના દ્વારા તેઓને સમભાવના કંડકોની વૃદ્ધિ થાય છે, તેથી તેઓને અમનોજ્ઞ વિષયોના સંપર્કથી ધર્મધ્યાનની જ પ્રાપ્તિ થાય છે. વળી કેટલાક જીવોને અમનોજ્ઞ વિષયોના સંપર્કકાળમાં સમભાવમાં વર્તતો અને સમભાવને અનુકૂળ ઉચિત અનુષ્ઠાનમાં કરાતો યત્ન સ્ખલના પામે છે તેઓ પણ તે અમનોજ્ઞ વિષયોના વાસ્તવિક સ્વરૂપનો વિચાર કરીને તેના પ્રત્યે ઉપેક્ષા ધારણ કરે છે ત્યારે તેઓનો સમભાવનો યત્ન બાધિત થતો અટકે છે, તેથી તેઓને પણ તે અમનોજ્ઞ વિષયો આર્તધ્યાનનું કારણ બનતા નથી. વળી કેટલાક મહાત્માઓને અમનોજ્ઞ વિષયોના સંપર્કથી ચિત્ત ધર્મધ્યાનમાં પ્રવર્તતું સ્ખલના પામે છે અને તેના નિવારણ વગર ધર્મધ્યાનમાં કે ધર્મધ્યાનને અનુકૂળ અનુષ્ઠાનમાં દૃઢ ઉદ્યમ થઈ શકતો નથી. તેથી ધર્મધ્યાનની વૃદ્ધિના ઉપાયરૂપે તે અમનોજ્ઞ પદાર્થને દૂર કરવાની વિચારણા કરે તે, તેના વિયોગની વિચારણા નથી; પરંતુ ધર્મધ્યાનના ઉપાયની વિચારણારૂપ છે, તેથી ધર્મધ્યાનનું અંગ છે.

જેઓને અમનોજ્ઞ વિષયોના સંયોગમાં તે અમનોજ્ઞ પદાર્થ પ્રત્યે દ્વેષ થાય છે અને તે દ્વેષથી ઉત્થિત થયેલા તેના વિયોગ વિષયક વિચારો આવે છે તે સર્વ આર્તધ્યાનરૂપ છે. ક્વચિત્ તે એકાગ્રતાના પરિણામરૂપ ન હોય તો હેતુથી આર્તધ્યાનરૂપ છે. આથી જ એકેન્દ્રિય આદિ જીવોને પણ અમનોજ્ઞ પદાર્થના સંયોગમાં હેતુથી આર્તધ્યાન વર્તે છે. છેલ્લા બે સંઘયણવાળા જીવોને પણ ધ્યાન નથી એમ ગ્રંથકારશ્રીએ પૂર્વમાં કહેલ એ વચન અનુસાર છેલ્લા બે સંઘયણવાળા જીવોને પણ હેતુથી જ આર્તધ્યાન હોય છે. **॥૯/૩૧॥**

ભાષ્ય :-

किञ्चान्यत् –

ભાષ્યાર્થ :-

વળી બીજું શું ?=પૂર્વમાં આર્તધ્યાનનું સ્વરૂપ બતાવ્યું તેનાથી અન્ય આર્તધ્યાનનું શું સ્વરૂપ છે ? તે બતાવે છે –

સૂત્ર :-

वेदनायाश्च ।।९/३२।।

સૂત્રાર્થ :-

અને વેદનાના=અમનોજ્ઞ વેદનાના, સંયોગમાં તેના વિયોગ વિષયક વિચારણા આર્તધ્યાન છે. ।।૯/૩૨।।

ભાષ્ય :-

वेदनायाश्चामनोज्ञायाः सम्प्रयोगे तद्विप्रयोगाय स्मृतिसमन्वाहार आर्तमिति ।।९/३२।।

ભાષ્યાર્થ :-

वेदनायाः ..... आर्तमिति ।। અમનોજ્ઞ વેદનાના સંપ્રયોગમાં=અશાતાવેદનીયની પ્રાપ્તિમાં, તેના વિપ્રયોગ માટે=તેના નિવારણ માટે, સ્મૃતિ સમન્વાહાર=ઉપાયોનું ચિંતવન, આર્ત છે=આર્તધ્યાન છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૯/૩૨।।

ભાવાર્થ :-

અમનોજ્ઞ વેદના વિયોગ નિમિત્તક આર્તધ્યાન :-

સંસારી જીવોને અપ્રીતિ કરે એવી શારીરિક વેદના થાય છે તે વખતે અસ્વસ્થ થઈને તેના નિવારણના ઉપાયોનું ચિંતવન કરે છે તે આર્તધ્યાન છે. તેથી તે પ્રાપ્ત થાય કે કોઈક ઉત્તમ મહાત્મા અમનોજ્ઞ એવી વેદનામાં પણ તેના નિમિત્તને પામીને જ સનત્કુમાર ચક્રવર્તીની જેમ સમભાવની વૃદ્ધિ કરે છે, તેઓને આર્તધ્યાન નથી પરંતુ અશાતાનું વેદનમાત્ર છે અને તે વેદન ધર્મધ્યાનની વૃદ્ધિનું કારણ છે; કેમ કે તે અશાતાવેદનીયના નિમિત્તે જ તે મહાત્માઓ અશાતા પ્રત્યેના દ્વેષનો પરિહાર કરીને સુખ-દુઃખ પ્રત્યેના સમભાવના પરિણામને સ્થિર-સ્થિરતર કરે છે.

વળી કેટલાક મહાત્માઓને અશાતાનો ઉદય થાય છે ત્યારે સમભાવમાં વર્તતું ચિત્ત સહસા સ્ખલના પામે છે; તોપણ સમભાવના અર્થી એવા તેઓ સ્વકર્મના વિપાકનું આ ફળ છે તેમ ચિંતવન કરીને તે વિપરીત વેદના પ્રત્યે દ્વેષ કરતા નથી; પરંતુ તેની ઉપેક્ષા કરીને સમભાવમાં સ્થિર થવા યત્ન કરે છે તેઓને આર્તધ્યાનની પ્રાપ્તિ નથી. વળી, કેટલાક મહાત્માઓને વિપરીત વેદનામાં સમભાવનો ઉપયોગ સ્ખલના પામે છે અને પ્રયત્ન કરવા છતાં સમભાવને અનુકૂળ ઉચિત અનુષ્ઠાનમાં દૃઢ યત્ન થતો નથી તે વખતે

સમભાવના યત્ન અર્થે જ તેના વિઘ્નભૂત વિપરીત વેદનાના નિવારણ માટે તે મહાત્માઓ વિચારણા કરે છે તે પણ આર્તધ્યાનરૂપ નથી; પરંતુ આત્મકલ્યાણના ઉપાયના ચિંતવનરૂપ છે.

વિપરીત વેદનામાં દ્વેષ થવાને કારણે જે જીવો તે વેદનાના નિવારણ માટેના ઉપાયોનું ચિંતવન કરે છે તે સંગ પ્રત્યેના દૃઢ પરિણામને કારણે ચિત્તની વ્યાકુળતારૂપ છે, તેથી આર્તધ્યાનસ્વરૂપ છે, ક્વચિત્ ચિત્ત એકાગ્ર ન હોય તો આર્તધ્યાનનો હેતુ છે. **॥૯/૩૨॥**

ભાષ્ય :-

किञ्चान्यत् –

ભાષ્યાર્થ :-

વળી અન્ય શું છે ?=આર્તધ્યાનનું અન્ય કારણ શું છે ? તેથી કહે છે –

સૂત્ર :-

विपरीतं मनोज्ञानाम् ।।९/३३।।

સૂત્રાર્થ :-

મનોજ્ઞ પદાર્થોનું મનોજ્ઞ વેદનાનું વિપરીત ચિંતવન=તેના વિયોગમાં ફરી તેનો સંયોગ થાઓ તેના માટેનું ચિંતવન, (તે આર્તધ્યાન છે.) ॥૯/૩૩॥

ભાષ્ય :-

मनोज्ञानां विषयाणां मनोज्ञायाश्च वेदनाया विप्रयोगे तत्संप्रयोगाय स्मृतिसमन्वाहार आर्तम् ।।९/३३।।

ભાષ્યાર્થ :-

मनोज्ञानां ..... आर्तम् ।। મનોજ્ઞ વિષયોના અને મનોજ્ઞ વેદનાના વિપ્રયોગમાં=વિયોગમાં, તેના સંપ્રયોગ માટે=તેની પ્રાપ્તિ માટે, સ્મૃતિ સમન્વાહાર આર્ત છે=તેની પ્રાપ્તિના ઉપાયોની વિચારણા આર્તધ્યાન છે. ॥૯/૩૩॥

ભાવાર્થ :-

મનોજ્ઞ વિષય અને વેદનાના વિયોગમાં તેના સંપ્રયોગ નિમિત્તક આર્તધ્યાન :-

જે જીવોને મનોજ્ઞ વિષયો પ્રત્યે અને મનોજ્ઞ એવી શાતારૂપ વેદના પ્રત્યે રાગનો પરિણામ છે અને કોઈક નિમિત્તે મનોજ્ઞ વિષયોનો વિયોગ થયો કે મનોજ્ઞ એવી શાતાવેદનાનો વિયોગ થયો ત્યારે ફરી તે મનોજ્ઞ વિષયોની પ્રાપ્તિ કેમ થાય ? અને ફરી તે શાતાની પ્રાપ્તિ કેમ થાય ? તેની વિચારણા કરતા હોય ત્યારે મનોજ્ઞ વિષયોને આશ્રયીને કે મનોજ્ઞ એવી શાતાને આશ્રયીને આર્તધ્યાન પ્રવર્તે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જે મહાત્માઓને મનોજ્ઞ વિષયોની પ્રાપ્તિ કે અપ્રાપ્તિ પ્રત્યે સમભાવ વર્તે છે અથવા શાતાની પ્રાપ્તિ કે અપ્રાપ્તિ પ્રત્યે સમભાવ વર્તે છે, તેથી પોતાના સમભાવની વૃદ્ધિના ઉચિત ઉપાયોને સેવવામાં દૃઢ યત્ન કરે છે. તેઓને મનોજ્ઞ વિષયોનો વિયોગ થાય કે મનોજ્ઞ એવી શાતાનો વિયોગ થાય ત્યારે તેની પ્રાપ્તિ અર્થે કોઈ વિચારણા થતી નથી; પરંતુ સમભાવની વૃદ્ધિ દ્વારા સ્વાસ્થ્યની વૃદ્ધિમાં જ યત્ન વર્તે છે. આવા મહાત્માઓને મનોજ્ઞ વિષયોના વિયોગમાં કે શાતાના વિયોગમાં આર્તધ્યાન થતું નથી.

વળી જેઓને શાતાકાળમાં સર્વ ઉચિત અનુષ્ઠાનો સ્વસ્થતાથી થતાં હોય અને મનોજ્ઞ વિષયો મળ્યા હોય તેથી સ્વસ્થ છે એમ જણાતું હોય ત્યારે પણ જો વાસ્તવમાં મનોજ્ઞ વિષયો પ્રત્યે અને મનોજ્ઞ વેદના પ્રત્યે બલવાન રાગ વર્તતો હોય તો તેમને આર્તધ્યાન વર્તે છે. **॥૯/૩૩॥**

ભાષ્ય :-

किञ्चान्यत् –

ભાષ્યાર્થ :-

વળી અન્ય આર્તધ્યાન શું છે ? તે બતાવે છે –

સૂત્ર :-

निदानं च ।।૯/૩૪।।

સૂત્રાર્થ :-

અને નિદાન (આર્તધ્યાન છે.) ॥૯/૩૪॥

ભાષ્ય :-

कामोपहतचित्तानां पुनर्भवविषयसुखगृद्धानां निदानमार्तध्यानं भवति ।।૯/૩૪।।

ભાષ્યાર્થ :-

कामोपहतचित्तानां ..... भवति ।। કામથી હણાયેલા ચિત્તવાળા, ફરીથી થનારા ભવના વિષયમાં, સુખથી ગૃદ્ધ એવા જીવોનું નિદાન=ભવાંતરમાં સુખની પ્રાપ્તિનો સંકલ્પ, આર્તધ્યાન છે. ॥૯/૩૪॥

ભાવાર્થ :-

કામથી ઉપહત ચિત્તવાળાનું કામભોગ સંબંધી નિદાનરૂપ આર્તધ્યાન :-

જે જીવોને બાહ્ય પદાર્થોની કામના અતિશયિત થયેલી છે અને વર્તમાનમાં તેવા સુખની પ્રાપ્તિની સંભાવના નથી; તેથી આગામી ભવમાં તેવા વિષયોના સુખની ગૃદ્ધિવાળા છે તેઓનો આગામી ભવમાં તે બાહ્ય પદાર્થો પ્રાપ્ત થાય તેવો અભિલાષ=વર્તમાન ભવમાં કરેલા તપ-ત્યાગાદિના ફળરૂપે તે પદાર્થોની પ્રાપ્તિનો અભિલાષ, આર્તધ્યાન છે.

સૂત્ર-૩૧-૩૨માં બતાવેલ આર્તધ્યાન દ્વેષથી થાય છે, સૂત્ર-૩૩માં બતાવેલ આર્તધ્યાન રાગથી થાય છે અને પ્રસ્તુત સૂત્રમાં બતાવેલ આર્તધ્યાન મૂઢતાથી થાય છે. તેથી અજ્ઞાનતા નિદાન પ્રત્યે મુખ્ય કારણ છે. **॥૯/૩૪॥**

સૂત્ર :-

तदविरतदेशविरतप्रमत्तसंयतानाम् ।।९/३५।।

સૂત્રાર્થ :-

તે=સૂત્ર-૩૧થી ૩૪ સુધી બતાવ્યું તે આર્તધ્યાન, અવિરત, દેશવિરત અને પ્રમત્તસંયતોને થાય છે. ॥૯/૩૫॥

ભાષ્ય :-

तदेतदार्तध्यानं अविरतदेशविरतप्रमत्तसंयतानामेव भवतीति ।।९/३५।।

ભાષ્યાર્થ :-

तदेतदार्तध्यानं ..... भवतीति ।। તે આ=પૂર્વમાં વર્ણન કર્યું તે આ, આર્તધ્યાન અવિરત, દેશવિરત અને પ્રમત્તસંયત જીવોને જ થાય છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ॥૯/૩૫॥

ભાવાર્થ :-

આર્તધ્યાનના સ્વામી :-

અવિરતિના ઉદયવાળા જીવોને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ હોય કે સમ્યક્ત્વ પ્રાપ્ત ન થયું હોય ત્યારે પણ અમનોજ્ઞ વિષય કે અમનોજ્ઞ પીડામાં જે દ્વેષ થાય અને તેના કારણે તેને દૂર કરવાનો અધ્યવસાય થાય તે આર્તધ્યાન સ્વરૂપ છે. વળી, અનુકૂળભાવોમાં હર્ષની અનુભૂતિ થાય અને તેનો વિયોગ થયો હોય ત્યારે પ્રાપ્તિનો અભિલાષ થાય તેવા સંયોગમાં આર્તધ્યાન થાય છે.

તેથી એ ફલિત થાય કે અવિરતિવાળા જીવો પણ જિનવચનનું અવલંબન લઈને તત્ત્વાતત્ત્વનો વિવેક કરતા હોય ત્યારે આર્તધ્યાનનો પરિહાર થઈ શકે છે. અન્યથા=જો તેવું ન કરી શકે તો, બાહ્ય પદાર્થોને અવલંબીને થતા ભાવોમાં આર્તધ્યાન કે આર્તધ્યાનની પૂર્વભૂમિકારૂપે ચિત્ત પ્રવર્તતું હોય છે.

દેશવિરતિધર શ્રાવકો પોતાના વિરતિના પરિણામનું સ્મરણ કરીને વિરતિને અનુકૂળ ઉચિત ક્રિયામાં દૃઢ યત્નવાળા હોય છે ત્યારે કે ભગવદ્ભક્તિ આદિનાં ઉચિત કૃત્યોમાં યત્નવાળા હોય છે ત્યારે આર્તધ્યાનનો પરિહાર થાય છે. પરંતુ જ્યારે જ્યારે બાહ્ય પદાર્થો સાથે સંલગ્ન ચિત્તવાળા થઈને પ્રવૃત્તિ કરે છે ત્યારે ત્યારે તે તે નિમિત્તોને આશ્રયીને આર્તધ્યાનવાળું ચિત્ત વર્તે છે. વળી, વિષયની આસક્તિના સ્વભાવને કારણે તે તે ઇન્દ્રિયોના તે તે વિષયોને પામીને જે જે રાગાદિ ભાવો થાય છે, તેને અનુરૂપ આર્તધ્યાન વર્તે છે.

પ્રમત્ત સાધુઓને પણ જ્યારે જ્યારે ઇન્દ્રિયોના વિષયોને પામીને ઉપયોગની સ્ખલના થાય છે ત્યારે ત્યારે આર્તધ્યાન થાય છે. આથી જ તેમને અશાતાના ઉદય કાલે સહસા દ્વેષનો પરિણામ થાય ત્યારે સાધુને આર્તધ્યાનની પ્રાપ્તિ થાય છે. જે સાધુ ક્ષણભર પણ પ્રમાદ વગર જિનવચનનું દૃઢ અવલંબન લઈને પાંચે ઇન્દ્રિયોના સંવરપૂર્વક સંયમની સર્વ ઉચિત ક્રિયાઓમાં મનને પ્રવર્તાવે છે, તે મહાત્મા જ આર્તધ્યાનનો સંપૂર્ણ પરિહાર કરી શકે છે. અન્યથા જીવસ્વભાવે પ્રતિકૂળ વિષયોમાં કે અનુકૂળ વિષયોમાં ઉપયોગ જવાથી આર્તધ્યાન થાય છે. વળી અનુકૂળ વેદના કે પ્રતિકૂળ વેદનામાં ઉપયોગ જવાથી આર્તધ્યાન થાય છે, આથી જ ગુણસંપન્ન પણ મહાત્માઓ નિમિત્તને પામીને નિદાન કરે છે. તે પણ વિષયો પ્રત્યેના રાગને કારણે જ થાય છે. તેથી તે સર્વ આર્તધ્યાનરૂપ છે.

વળી અપ્રમત્ત સાધુ ભગવંતો સદા જિનવચનનું દૃઢ અવલંબન લઈને નિર્વિકલ્પ ઉપયોગમાં જવાના યત્નવાળા હોય છે કે નિર્વિકલ્પ ઉપયોગમાં વર્તતા હોય છે. તેથી તેઓને આર્તધ્યાનનો સંભવ નથી, છતાં તેવા પણ મહાત્માઓ નિમિત્તને પામીને પ્રમત્ત સંયત અવસ્થાને પામે અને બલવાન નિમિત્ત મળે તો આર્તધ્યાન થવાનો સંભવ રહે છે. **॥૯/૩૫॥**

અવતરણિકા :-

સૂત્ર-૨૯માં ચાર પ્રકારના ધ્યાનો છે તેમ કહ્યું, તેમાંથી આર્તધ્યાનનું સ્વરૂપ અત્યાર સુધી બતાવ્યું. હવે રૌદ્રધ્યાનનું સ્વરૂપ બતાવે છે –

સૂત્ર :-

हिंसाऽनृतस्तेयविषयसंरक्षणेभ्यो रौद्रमविरतदेशविरतयोः ।।९/३६।।

સૂત્રાર્થ :-

અવિરત અને દેશવિરતિવાળા જીવોને હિંસા, મૃષા, સ્તેય, અને વિષયના સંરક્ષણથી રૌદ્રધ્યાન પ્રવર્તે છે. ॥૯/૩૬॥

ભાષ્ય :-

हिंसार्थमनृतवचनार्थं स्तेयार्थं विषयसंरक्षणार्थं च स्मृतिसमन्वाहारो रौद्रध्यानं, तदविरतदेश-विरतयोरेव भवति ।।९/३६।।

ભાષ્યાર્થ :-

हिंसार्थम् ..... भवति ।। હિંસા માટે, અનૃત વચન માટે, સ્તેય માટે, અને વિષયના સંરક્ષણ માટે સ્મૃતિનો સમન્વાહાર=ઉપાયોની વિચારણા, રૌદ્રધ્યાન છે. તે=રૌદ્રધ્યાન, અવિરત અને દેશવિરતિવાળા જીવોને થાય છે. ॥૯/૩૬॥

ભાવાર્થ :-

રૌદ્રધ્યાનનું સ્વરૂપ :-

વિષયોની અપ્રાપ્તિમાં કે પ્રાપ્તિમાં અલ્પ પણ રાગ કે દ્વેષ થાય ત્યારે આર્તધ્યાન વર્તે છે અને જે વખતે તે રાગ કે દ્વેષ પ્રચુર માત્રામાં થાય છે ત્યારે રૌદ્ર પરિણામ થાય છે. વળી, તે રૌદ્ર પરિણામમાં એકાગ્રતા આવે તો રૌદ્રધ્યાન પ્રાપ્ત થાય છે. એકાગ્રતાની પ્રાપ્તિ ન થાય તો રૌદ્રધ્યાનની પૂર્વભૂમિકાવાળો રૌદ્ર પરિણામ વર્તે છે.

રૌદ્રધ્યાનના ચાર પ્રકારોનાં નામો તથા તેમનું સ્વરૂપ :-

રૌદ્રધ્યાનના ચાર પ્રકારો છે : (૧) હિંસાનુબંધીરૌદ્રધ્યાન, (૨) મૃષાનુબંધીરૌદ્રધ્યાન, (૩) સ્તેયાનુબંધી-રૌદ્રધ્યાન અને (૪) સંરક્ષણાનુબંધીરૌદ્રધ્યાન.

પોતાના શત્રુને જોઈને તેના તરફથી થતા ઉપદ્રવને કારણે હિંસાના પરિણામ સ્વરૂપ અર્થાત્ 'આ મરે તો સારું' અથવા તેને મારવાના ઉપાયોની વિચારણા તે હિંસાનુબંધીરૌદ્રધ્યાન છે.

લોભને વશ જુઠ્ઠું બોલવાનો પરિણામ હોય કે માનને વશ જુઠ્ઠું બોલવાનો પરિણામ હોય તે વખતે સામી વ્યક્તિને શું અનર્થ થશે ? તેનો કોઈ વિચાર ન હોય અને માત્ર પોતાના લોભની કે માનની પુષ્ટિ માટે મૃષા બોલવાનો અધ્યવસાય વર્તતો હોય ત્યારે રૌદ્ર પરિણામ થાય છે. તે ચિત્તની એકાગ્રતારૂપ થાય તો મૃષાનુબંધીરૌદ્રધ્યાન પણ આવે.

વળી કોઈ સુંદર વસ્તુને જોઈને તેને (કોઈપણ ભોગે) ગ્રહણ કરવાની – પડાવી લેવાની વૃત્તિ ઉત્પન્ન થાય ત્યારે સ્તેયાનુબંધી રૌદ્રધ્યાન ઉત્પન્ન થાય છે.

વળી પોતાની વસ્તુને કોઈ અન્ય ગ્રહણ કરતું હોય, ત્યારે તે વસ્તુના રક્ષણાર્થે જે ક્લિષ્ટ ભાવો થાય તે એકાગ્રતાયુક્ત થાય તો તે રૌદ્રધ્યાન બને છે.

અવિરતિના ઉદયવાળા મિથ્યાદૃષ્ટિ કે સમ્યગ્દૃષ્ટિ જીવોને બાહ્ય પદાર્થો પ્રત્યેના રાગના કારણે સંયોગ અનુસાર ચાર પ્રકારના રૌદ્રધ્યાનમાંથી કોઈપણ પ્રકારનું રૌદ્રધ્યાન પ્રાપ્ત થઈ શકે છે. આથી જ ધનાદિના લોભને વશ બીજાને ઠગવાનો પરિણામ થાય ત્યારે સ્તેયાનુબંધી રૌદ્રધ્યાનની પ્રાપ્તિ થાય છે અને પોતાની સંપત્તિ કોઈ ગ્રહણ કરતું હોય ત્યારે તેના રક્ષણાર્થે પ્રયત્ન કરનારા શ્રાવકને પણ સંરક્ષણાનુબંધીરૌદ્રધ્યાનની પ્રાપ્તિનો સંભવ રહે છે.

દેશવિરતિ ગુણસ્થાનક સુધી સ્વજન, ધન આદિ પ્રત્યેની મૂર્ચ્છાને કારણે તેના રક્ષણ આદિની વિચારણા કરતી વખતે તે તે પ્રકારના રૌદ્રધ્યાનનો પ્રસંગ પ્રાપ્ત થાય છે, જ્યારે સુસાધુને ઇન્દ્રિયોના પ્રતિકૂળ વિષયોમાં ઈષદ્ દ્વેષ થાય ત્યારે આર્તધ્યાન સંભવે, પરંતુ બાહ્ય પદાર્થ પ્રત્યે મૂર્ચ્છા વગરના હોવાથી કે દેહ પ્રત્યે પણ મૂર્ચ્છા વગરના હોવાથી તેઓને રૌદ્રધ્યાન સંભવતું નથી. જો ક્યાંક મૂર્ચ્છા થાય તો ગુણસ્થાનકથી આકર્ષ દ્વારા પાત પામીને રૌદ્રધ્યાનને પ્રાપ્ત કરે છે; જેમ પ્રસન્નચંદ્ર રાજર્ષિને પુત્રના સ્નેહથી રૌદ્રધ્યાનની પ્રાપ્તિ થઈ. **॥૯/૩૬॥**

અવતરણિકા :-

સૂત્ર-૨૯માં ચાર પ્રકારના ધ્યાન બતાવ્યાં, તેમાંથી ધર્મધ્યાનનું સ્વરૂપ બતાવે છે –

સૂત્ર :-

आज्ञाऽपायविपाकसंस्थानविचयाय धर्ममप्रमत्तसंयतस्य ।।९/३७।।

સૂત્રાર્થ :-

આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાનના પર્યાલોચન માટે અપ્રમત્તસંયતને ધર્મ હોય છે= ધર્મધ્યાન હોય છે. ।।૯/૩૭।।

ભાષ્ય :-

आज्ञाविचयाय अपायविचयाय विपाकविचयाय संस्थानविचयाय च स्मृतिसमन्वाहारो धर्मध्यानम्, तदप्रमत्तसंयतस्य भवति ।।९/३७।।

ભાષ્યાર્થ :-

आज्ञाविचयाय ..... भवति ।। આજ્ઞાવિચય માટે, અપાયવિચય માટે, વિપાકવિચય માટે અને સંસ્થાનવિચય માટે સ્મૃતિનો સમન્વાહાર=તે પ્રકારના ચિંતવન માટેના ઉપાયોનું સ્મરણ, ધર્મધ્યાન છે અને તે=ધર્મધ્યાન, અપ્રમત્તસંયતને થાય છે. ।।૯/૩૭।।

ભાષ્ય :-

किञ्चान्यत् –

ભાષ્યાર્થ :-

વળી અન્ય શું છે ?=વળી અન્ય કોને ધર્મધ્યાન થાય છે ? તેથી કહે છે –

સૂત્ર :-

उपशान्तक्षीणकषाययोश्च ।।९/३८।।

સૂત્રાર્થ :-

ઉપશાંતકષાયવાળા અને ક્ષીણકષાયવાળાને ધર્મધ્યાન થાય છે. ।।૯/૩૮।।

ભાષ્ય :-

उपशान्तकषायस्य क्षीणकषायस्य च धर्मं ध्यानं भवति ।।९/३८।।

ભાષ્યાર્થ :-

उपशान्तकषायस्य ..... भवति ।। ઉપશાંતકષાયવાળાને=ઉપશમશ્રેણિમાં ચડેલા, દર્શનસપ્તકનો

ઉપશમ કરતા એવા અવિરતસમ્યગ્દૃષ્ટિને, દેશવિરતિધરને કે સર્વવિરતિધર નિર્ગ્રંથ એવા ઉપશાંત-કષાયવાળાને, અને ક્ષીણકષાયવાળાને=દર્શનસપ્તકનો ક્ષય કરવા માટે તત્પર થયેલા એવા અવિરત-સમ્યગ્દૃષ્ટિને, દેશવિરતિધરને કે સર્વવિરતિવાળા નિર્ગ્રંથને, ધર્મધ્યાન હોય છે. ॥૯/૩૮॥

ભાવાર્થ :-

ધર્મધ્યાનના અન્ય સ્વામી :-

ધર્મધ્યાન કરનારા અપ્રમત્તસંયત ઉપશાંતકષાયવાળા અને ક્ષીણકષાયવાળા જીવો હોય છે. ટીકાકારશ્રીએ ઉપશાંતકષાયથી અગિયારમા ગુણસ્થાનકવાળા જીવોને અને ક્ષીણકષાયવાળાથી બારમા ગુણસ્થાનકવાળા જીવોને ગ્રહણ કર્યા છે, પરંતુ આવશ્યકનિર્યુક્તિના વચનાનુસાર તે અર્થ સંગત જણાતો નથી.

વળી ધર્મધ્યાન ક્ષપકશ્રેણિની પ્રાપ્તિ પૂર્વે હોય છે. તેથી આવશ્યકનિર્યુક્તિના વચનાનુસાર એ અર્થ પ્રાપ્ત થાય કે જે સાધુ સર્વ પ્રકારના પ્રમાદ રહિત છે તેઓ જિનવચનઅનુસાર તત્ત્વચિંતન કરતા હોય ત્યારે તેઓને ધર્મધ્યાન વર્તે છે.

વળી ઉપશમશ્રેણિ ઉપર ચડવા માટે દર્શનસપ્તકનો ઉપશમ કરવાનો જેમણે પ્રારંભ કર્યો છે તેવા ઉપશાંતકષાયવાળા અવિરતસમ્યગ્દૃષ્ટિ, દેશવિરતસમ્યગ્દૃષ્ટિ કે સર્વવિરતિધર નિર્ગ્રંથને ધર્મધ્યાન હોય છે અને ઉપલક્ષણથી ઉપશમશ્રેણીને નહીં પામેલા પણ કષાયના ઉપશમ માટે જેઓ યત્ન કરી રહ્યા છે તેઓને પણ ધર્મધ્યાન હોય છે.

વળી કોઈ મહાત્માએ દર્શનસપ્તકનો ક્ષય કરવાનો પ્રારંભ કર્યો છે તેવા ક્ષીણકષાયવાળા અવિરત-સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતસમ્યગ્દૃષ્ટિ કે સર્વવિરતિધર નિર્ગ્રંથને ધર્મધ્યાન હોય છે. તેઓ ધર્મધ્યાનના વિષયભૂત ક્યારેક આજ્ઞાવિચય માટે યત્ન કરે છે અર્થાત્ ભગવાનની આજ્ઞા કેવી નિરવદ્ય છે ? તેના પરમાર્થનું ચિંતવન કરતા હોય છે, તો ક્યારેક સંસારના રાગ-દ્વેષના પરિણામરૂપ અપાયનું ચિંતવન કરતા હોય છે. વળી ક્યારેક કર્મોના વિપાકનું ચિંતવન કરતા હોય છે, તો ક્યારેક લોકના સંસ્થાનનું ચિંતવન કરતા હોય છે. તે વખતે જ્યારે ચિત્ત એકાગ્રભાવને પામે ત્યારે ધર્મધ્યાનની પ્રાપ્તિ થાય છે અને જો એકાગ્રભાવની પ્રાપ્તિ ન થાય તો તે ધર્મધ્યાનની પૂર્વભૂમિકારૂપ ચિંતવન બને છે. છેલ્લા બે સંઘયણવાળા જીવોને ધ્યાન નથી એ વચનાનુસાર તેઓ જે કાંઈ આજ્ઞાવિચય આદિનું ચિંતવન કરે છે, તે ધર્મધ્યાનની પૂર્વભૂમિકા સ્વરૂપ હોય છે.

વળી પ્રસ્તુતમાં ઉપશાંતકષાય શબ્દથી અને ક્ષીણકષાય શબ્દથી અગિયારમા ગુણસ્થાનકવાળા અને બારમા ગુણસ્થાનકવાળાને ગ્રહણ કરવા કોઈ રીતે સંગત જણાતું નથી; કેમ કે ધર્મધ્યાન ચારિત્રમોહનીય-કર્મની ક્ષપણાના પ્રારંભ પૂર્વે જ હોય છે. ચારિત્રમોહનીયકર્મની ક્ષપણા કરનાર ક્ષપકશ્રેણિવાળા કે ઉપશમશ્રેણિવાળા મહાત્માઓને શુક્લધ્યાન જ વર્તે છે. તેથી ઉપશમશ્રેણિમાં કે ક્ષપકશ્રેણિમાં ધર્મધ્યાનને દર્શનસપ્તકની ક્ષપણાકાળમાં જ સ્વીકારી શકાય. ત્યારપછી જેઓ ચારિત્રની ક્ષપણાનો પ્રારંભ કરે છે.

તેઓને પ્રાતિભજ્ઞાનકાળમાં ચૌદપૂર્વથી અધિક જ્ઞાન વર્તે છે. તે ચૌદપૂર્વધરો જ ચારિત્રની ક્ષપણાનો પ્રારંભ કરે છે. ધર્મધ્યાનવાળા જીવો ક્ષપકશ્રેણિમાં દર્શનસપ્તકની ક્ષપણા સુધી જ કરી શકે છે. આ કથન આવશ્યકનિર્યુક્તિની ગાથા ૧૨૭૧ની ટીકામાં રહેલ ધ્યાનશતકની ગાથા-૬૩ આદિના આધારે તથા આવશ્યકનિર્યુક્તિ ગાથા ૧૨૧ની ટીકા અનુસાર છે. આજ્ઞાવિચય આદિનું વિશેષ સ્વરૂપ અધ્યાત્મસારના ૧૬મા અધિકારથી જાણવું. **॥૯/૩૮॥**

ભાષ્ય :-

किञ्चान्यत् –

ભાષ્યાર્થ :-

વળી અન્ય શું છે ?=ઉપશાંતકષાય અને ક્ષીણકષાયવાળાને ધર્મધ્યાનથી અન્ય શું છે ? તેથી કહે છે –

સૂત્ર :-

शुक्ले चाद्ये ।।૯/૩૯-૧।।

સૂત્રાર્થ :-

અને આદ્ય બે શુક્લધ્યાનો=પૃથક્ત્વવિતર્ક અને એકત્વવિતર્ક આત્મક આદ્ય બે શુક્લધ્યાનો, ઉપશાંતકષાયવાળા અને ક્ષીણકષાયવાળા નિર્ગ્રંથોને હોય છે. ॥૯/૩૯-૧॥

ભાષ્ય :-

शुक्ले चाद्ये ध्याने=पृथक्त्ववितर्कैकत्ववितर्के, चोपशान्तक्षीणकषाययोर्भवतः ।।૯/૩૯-૧।।

ભાષ્યાર્થ :-

शुक्ले ..... भवतः ।। અને પૃથક્ત્વવિતર્ક અને એકત્વવિતર્ક આત્મક આદ્ય બે શુક્લધ્યાનો ઉપશાંતકષાયવાળા અને ક્ષીણકષાયવાળા નિર્ગ્રંથોને હોય છે. ॥૯/૩૯-૧॥

સૂત્ર :-

पूर्वविदः ।।૯/૩૯-૨।।

સૂત્રાર્થ :-

પૂર્વવિદ્ને હોય છે=આદ્ય બે શુક્લધ્યાન પૂર્વવિદ્ને હોય છે. ॥૯/૩૯-૨॥

ભાષ્ય :-

आद्ये शुक्ले ध्याने पृथक्त्ववितर्कैकत्ववितर्के पूर्वविदो भवतः ।।૯/૩૯-૨।।

ભાષ્યાર્થ :-

આદ્યે ..... ભવતઃ ।। પૃથક્ત્વવિતર્ક અને એકત્વવિતર્કરૂપ આદ્ય બે શુક્લધ્યાનો પૂર્વવિદ્‌ને હોય છે. ॥૯/૩૯-૨॥

ભાવાર્થ :-

શુક્લધ્યાનના સ્વામી :-

ચૌદ પૂર્વધર યુક્ત અપ્રમત્ત મુનિઓને શુક્લધ્યાન હોય છે, તેનાથી ન્યૂન શ્રુતધર કે પ્રમત્તસંયત સુધીના જીવોને શુક્લધ્યાન હોતું નથી. ક્ષપકશ્રેણિના બળથી દર્શનસપ્તકની ક્ષપણા ધર્મધ્યાનથી અવિરતસમ્યગ્દૃષ્ટિ આદિ જીવો કરે છે. કોઈક મહાત્મા ચૌદપૂર્વધર હોય તો શુક્લધ્યાનથી પણ દર્શનસપ્તકની ક્ષપણા કરે છે; પરંતુ દર્શનસપ્તકની ક્ષપણા કર્યા પછી ચારિત્રમોહનીયની ક્ષપણા અર્થે શુક્લધ્યાનની પ્રાપ્તિ પૂર્વે અવશ્ય ચાર જ્ઞાનના પ્રકર્ષના ઉત્તરભાવી એવું પ્રાતિભજ્ઞાન થાય છે. તેથી શુક્લધ્યાનની પ્રાપ્તિ માટે ચૌદપૂર્વની આવશ્યકતા છે, તે સિવાય કોઈ શુક્લધ્યાનનો પ્રારંભ કરતા નથી. આથી જેઓ ચૌદપૂર્વ ભણેલા છે તેઓ ચૌદપૂર્વના બળથી શુક્લધ્યાનને પ્રાપ્ત કરે છે. તેને આશ્રયીને પૂર્વવિદને આદ્ય બે શુક્લધ્યાન હોય છે, તેમ સૂત્ર-૩૯-૨માં કહેલ છે. જેઓ ચૌદપૂર્વ ભણ્યા નથી પરંતુ ધર્મધ્યાનના બળથી પ્રાતિભજ્ઞાનને પામ્યા છે તેઓ પ્રાતિભજ્ઞાનની પ્રાપ્તિ પછી બે શુક્લધ્યાનને પ્રાપ્ત કરે છે, તે બે શુક્લધ્યાનવાળા જીવો ઉપશાંતકષાયવાળા હોય કે ક્ષીણકષાયવાળા હોય છે, તેથી ઉપશાંતકષાયવાળાને અને ક્ષીણકષાયવાળાને આદ્ય બે શુક્લધ્યાન છે, એમ સૂત્ર-૩૯-૧માં કહેલ છે.

ચૌદ પૂર્વનો અભ્યાસ કરીને એના બળથી શુક્લધ્યાન પામનારા ઘણા મહાત્માઓ હોય છે. વળી મરુદેવી માતા કે માષતુષમુનિ જેવા મહાત્માઓ પૂર્વ ભણવા માટે અસમર્થ હતા, છતાં ધર્મધ્યાનના બળથી ક્ષપકશ્રેણિ ઉપર આરોહણ થયાં ત્યારે દર્શનસપ્તકની ક્ષપણા કરી, ત્યારપછી વિશુદ્ધ અધ્યવસાયને કારણે જ્ઞાનાવરણીયકર્મ તૂટવાથી પ્રાતિભજ્ઞાન પ્રગટ થાય છે, તે વખતે ૧૪ પૂર્વનું જ્ઞાન અર્થથી તેઓને પણ અવશ્ય હોય છે અને તેના બળથી જ તેઓ શુક્લધ્યાનના પ્રથમ બે પાયાને પ્રાપ્ત કરે છે. તેથી શુક્લધ્યાનને પ્રાપ્ત કરનારાં મરુદેવા માતા, માષતુષ મુનિ કે નાગકેતુ આદિ અન્ય કોઈપણ, જેઓ પૂર્વ ભણ્યાં નથી, તેઓ પણ પૂર્વધર થઈને શુક્લધ્યાનના બે પાયાને પ્રાપ્ત કરે છે. ધર્મધ્યાનથી ચારિત્રમોહનીયની ક્ષપણા સંભવતી નથી. શ્રેણિક મહારાજા આદિ જેઓ ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા, તેઓ બદ્ધાયુષ્ક હોવાથી ધર્મધ્યાનથી દર્શનસપ્તકની ક્ષપણા કર્યા પછી વિરામ પામે છે, તેથી તેઓને પ્રાતિભજ્ઞાનની પ્રાપ્તિ કે શુક્લધ્યાનની પ્રાપ્તિ નથી. **॥૯/૩૯-૧, ૯/૩૯-૨॥**

અવતરણિકા :-

સૂત્ર-૨૯માં ચાર પ્રકારનાં ધ્યાન કહેલાં તેમાંથી શુક્લધ્યાનના અવાંતર બે ભેદો કોને હોય છે ? તે સૂત્ર=૩૯/૨માં બતાવ્યું. હવે અંતિમ બે શુક્લધ્યાનો કોને હોય છે ? તે બતાવે છે –

સૂત્ર :-

परे केवलिनः ।।९/४०।।

સૂત્રાર્થ :-

કેવલીને છેલ્લાં બે શુક્લધ્યાન હોય છે. ।।૯/૪૦।।

ભાષ્ય :-

परे द्वे शुक्ले ध्याने केवलिन एव भवतः, न छद्मस्थस्य ।।९/४०।।

ભાષ્યાર્થ :-

परे ..... छद्मस्थस्य ।। છેલ્લાં બે શુક્લધ્યાન કેવલીને જ હોય છે, છદ્મસ્થને નહીં. ।।૯/૪૦।।

ભાવાર્થ :-

પ્રથમ બે શુક્લધ્યાનની પ્રાપ્તિથી મહાત્મા કેવલજ્ઞાન પામે છે, ત્યારપછી આયુષ્યના અંત સમયે યોગ-નિરોધનો પ્રારંભ કરે છે, તે વખતે ત્રીજું શુક્લધ્યાન પ્રાપ્ત કરે છે અને યોગનિરોધ કર્યા પછી ચોથું શુક્લ-ધ્યાન પ્રાપ્ત કરે છે. છદ્મસ્થઅવસ્થામાં ક્યારેય છેલ્લાં બે શુક્લધ્યાનની પ્રાપ્તિ સંભવિત નથી. **।।૯/૪૦।।**

અવતરણિકા :-

अत्राह – उक्तं भवता – 'पूर्वे शुक्ले ध्याने, परे शुक्ले ध्याने' इति, तत् कानि तानीति ? अत्रोच्यते –

અવતરણિકાર્થ :-

અહીં કહે છે – 'પૂર્વ બે શુક્લધ્યાનો અને પર બે શુક્લધ્યાનો' એ પ્રમાણે તમારા દ્વારા કહેવાયું, તો તે=ચાર શુક્લધ્યાનો, કયાં છે ? અહીં કહેવાય છે –

ભાવાર્થ :-

સૂત્ર-૩૯થી ૪૨માં ચાર શુક્લધ્યાનો કોને હોય છે ? તે બતાવ્યું. હવે તે શુક્લધ્યાનોનું સ્વરૂપ બતાવે છે –

સૂત્ર :-

पृथक्त्वैकत्ववितर्कसूक्ष्मक्रियाप्रतिपातिव्युपरतक्रियाऽनिवर्तीनि ।।९/४१।।

સૂત્રાર્થ :-

પૃથક્ત્વવિતર્ક, એકત્વવિતર્ક, સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતિ, વ્યુપરતક્રિયાઅનિવર્તિ એ ચાર શુક્લ-ધ્યાનો છે. ।।૯/૪૧।।

ભાષ્ય :-

पृथक्त्ववितर्कम्, एकत्ववितर्कं, सूक्ष्मक्रियमप्रतिपाति, व्युपरतक्रियाऽनिवर्तीति चतुर्विधं शुक्लध्यानम् ।।९/४१।।

ભાષ્યાર્થ :-

पृथक्त्ववितर्कम् ..... शुक्लध्यानम् ।। પૃથક્ત્વવિતર્ક પ્રથમ શુક્લધ્યાન છે. એકત્વવિતર્ક બીજું શુક્લધ્યાન છે. સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતિ=કાયયોગની જે સૂક્ષ્મ ક્રિયા થઈ છે તે બાદર ક્રિયારૂપે પ્રતિપાત થવાની નથી તે સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતિરૂપ ત્રીજું શુક્લધ્યાન છે. વ્યુપરતક્રિયાઅનિવર્તિ=સંપૂર્ણ ક્રિયાનો અભાવ થયો છે તે પુનર્ભાવરૂપે થવાનો નથી એવી ક્રિયા તે, ચોથું શુક્લધ્યાન છે. આ પ્રકારે ચતુર્વિધ શુક્લધ્યાન છે. ।।૯/૪૧।।

ભાવાર્થ :-

શુક્લધ્યાનના ચાર પ્રકારો :-

શુક્લધ્યાનના ચાર ભેદ છે.

(૧) પૃથક્ત્વવિતર્ક શુક્લધ્યાન, (૨) એકત્વવિતર્ક શુક્લધ્યાન, (૩) સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતિ શુક્લધ્યાન, (૪) વ્યુપરતક્રિયાઅનિવર્તી શુક્લધ્યાન.

(૧) પૃથક્ત્વવિતર્ક શુક્લધ્યાન :-

પહેલું પૃથક્ત્વવિતર્ક શુક્લધ્યાન ઉપશમશ્રેણિમાં કે શ્રાપકશ્રેણિમાં ચડનાર મહાત્માઓને હોય છે અને આઠમા ગુણસ્થાનકથી તેની પ્રાપ્તિ છે. તેમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનો પૃથક્ત્વરૂપે શ્રુતના બળથી વિતર્ક કરાય છે. તેથી તેને પૃથક્ત્વવિતર્ક શુક્લધ્યાન કહેવાય છે અર્થાત્ દ્રવ્ય-ગુણ-પર્યાયનું પૃથક્ત્વરૂપે ભાન છે અને શ્રુતરૂપે વિતર્ક ચાલે છે.

(૨) એકત્વવિતર્ક શુક્લધ્યાન :-

શુક્લધ્યાનના બીજા પાયામાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું અભેદ ચિંતવન કરાય છે, તેથી એકત્વનો બોધ છે અને તે શ્રુતના વિતર્કરૂપ છે. એકત્વવિતર્ક શુક્લધ્યાનનો બીજો પાયો છે. આ શુક્લધ્યાન ઉપશમશ્રેણીકાળે અગિયારમા ગુણસ્થાનકમાં અને ક્ષપકશ્રેણીકાળે બારમા ગુણસ્થાનકમાં વર્તે છે.

(૩) સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતિ શુક્લધ્યાન :-

જે સૂક્ષ્મક્રિયાનો પાત થવાનો નથી અર્થાત્ જે સૂક્ષ્મક્રિયા ક્યારેય બાદર ક્રિયારૂપે થવાની નથી, કાયયોગની સૂક્ષ્મક્રિયા આ શુક્લધ્યાનમાં વર્તે છે, તેથી તેનું નામ સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતિ શુક્લધ્યાન છે. આ શુક્લધ્યાન કાયયોગના સૂક્ષ્મક્રિયાકાળમાં તેરમા સયોગીકેવલીગુણસ્થાનકના અંતે વર્તે છે.

(૪) વ્યુપરતક્રિયાઅનિવર્તી શુક્લધ્યાન :-

યોગનિરોધકાળમાં કેવલી મન-વચન-કાયાની સર્વ ક્રિયાથી રહિત હોય છે, તેથી અક્રિયાવાળા છે અર્થાત્ વ્યુપરતક્રિયાવાળા છે. આ ક્રિયાઓ ફરી ક્યારેય નિષ્પન્ન થવાની નથી, તેથી અનિવર્તી છે. માટે ચોથા શુક્લધ્યાનનું નામ વ્યુપરતક્રિયાઅનિવર્તી છે. તે ચૌદમા અયોગિકેવલીગુણસ્થાનકમાં હોય છે. **॥૯/૪૧॥**

અવતરણિકા :-

પૂર્વમાં ચાર પ્રકારનાં શુક્લધ્યાન બતાવ્યાં. કયા યોગમાં કયાં શુક્લધ્યાનો સંભવે છે તે બતાવે છે –

સૂત્ર :-

तत् त्र्येककाययोगायोगानाम् ।।૯/૪૨।।

સૂત્રાર્થ :-

તે=શુક્લધ્યાન, ત્રણ યોગવાળાને, એક યોગવાળાને, કાયયોગવાળાને અને અયોગવાળાને છે. ।।૯/૪૨।।

ભાષ્ય :-

तदेतच्चतुर्विधं शुक्लध्यानं त्रियोगस्यान्यतमयोगस्य काययोगस्यायोगस्य च यथासङ्ख्यं भवति । तत्र त्रियोगानां पृथक्त्ववितर्कम्, एकान्यतमकयोगानामेकत्ववितर्कं, काययोगानां सूक्ष्मक्रियमप्रतिपाति, अयोगानां व्युपरतक्रियाऽनिवर्तीति ।।૯/૪૨।।

ભાષ્યાર્થ :-

तदेतच्चतुर्विधं ..... व्युपरतक्रियाऽनिवर्तीति ।। તે આ ચાર પ્રકારનું શુક્લધ્યાન, ત્રણયોગવાળાને, અન્યતમ યોગવાળાને, કાયયોગવાળાને અને અયોગવાળાને યથાસંખ્ય થાય છે=યથાક્રમ થાય છે. ત્યાં=ચાર શુક્લધ્યાનમાં, ત્રણ યોગવાળાને પૃથક્ત્વવિતર્કશુક્લધ્યાન છે, અન્યતમ એક યોગવાળાને એકત્વવિતર્કશુક્લધ્યાન છે, કાયયોગવાળાને સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતિશુક્લધ્યાન છે અને અયોગવાળાને વ્યુપરતક્રિયાઅનિવર્તીશુક્લધ્યાન છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૯/૪૨।।

ભાવાર્થ :-

ચાર પ્રકારના શુક્લધ્યાનના સ્વામી :-

ચાર પ્રકારના શુક્લધ્યાનમાંથી પૃથક્ત્વવિતર્કશુક્લધ્યાન મનોયોગ-વચનયોગ-કાયયોગ આત્મક ત્રણ યોગવાળાને હોય છે. ભંગીશ્રુતને ભણતી વખતે પ્રથમ શુક્લધ્યાનનો પાયો વર્તતો હોય છે ત્યારે મન-વચન

અને કાયાના ત્રણે યોગો સાંસારિક ભાવોથી અને દેહાદિથી આત્માને ભિન્ન કરીને શુદ્ધ આત્મામાં સ્થિર થવા માટે પ્રવર્તતા હોય છે તે વખતે ચિત્ત આત્માના શુદ્ધ ભાવોમાં સ્થિર હોવા છતાં મન-વચન-કાયાના યોગો ક્રમશઃ પ્રવર્તતા હોય છે.

વળી શુક્લધ્યાનકાળમાં મહાત્માઓ ચિત્તને સર્વ પદાર્થોથી પૃથક્ કરીને પરમાણુ આદિ ઉપર સ્થિર કરે છે તે પ્રકારનો ઉલ્લેખ આવશ્યકનિર્યુક્તિમાં પ્રાપ્ત થાય છે. અધ્યાત્મસારના ૧૬મા અધિકારની ૭૩મી ગાથા અનુસાર અણુ ઉપર મનને સ્થાપન કરીને શુક્લધ્યાનકાળમાં પણ મહાત્માઓ શુદ્ધ આત્માનું જ્ઞાન કરવા યત્ન કરે છે. તેથી પરમાણુ ઉપર સ્થાપન કરાયેલું ચિત્ત સ્વભેદ પ્રતિયોગીપણાથી છે=આત્મામાં પરમાણુનો જે ભેદ છે, તેના પ્રતિયોગીપણાથી પરમાણુનું ધ્યાન કરે છે. તેથી પરમાણુ આદિ બાહ્ય દ્રવ્યોથી ભિન્ન મોહથી અનાકુળ એવું શુદ્ધ આત્મદ્રવ્ય કેવા સ્વરૂપવાળું છે ? તેનો જ બોધ કરવામાં પ્રવૃત્તિવાળા મન-વચન-કાયાના યોગો તે મહાત્માના છે. તેથી દેહથી અને સર્વ પુદ્ગલોથી ભિન્ન અરૂપી ચેતનાના પારમાર્થિક સ્વરૂપનો બોધ કરવાર્થે મહાત્મા ભંગીશ્રુત ભણે છે, તે વખતે શુક્લધ્યાનનો પ્રથમ પાયો વર્તે છે. તેથી ત્રણ યોગવાળા મહાત્માને પૃથક્ત્વવિતર્ક નામનું શુક્લધ્યાન વર્તે છે.

મન-વચન-કાયાના ત્રણ યોગોમાંથી કોઈ એક યોગમાં (ઉપયુક્ત મહાત્માને) એકત્વવિતર્ક નામનું બીજું શુક્લધ્યાન વર્તે છે. શુક્લધ્યાનના પ્રથમ પાયાના કાળમાં મહાત્માની દૃષ્ટિ પરમાણુમાં સ્થિર હોય છે; છતાં શ્રુતના બળથી ચિત્ત શુદ્ધ આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયના ચિંતવનમાં પ્રવર્તે છે. જ્યારે શુક્લધ્યાનના બીજા પાયા વખતે પરમાણુ ઉપર જ દૃષ્ટિ સ્થિર હોય છે; છતાં પરમાણુથી ભિન્ન એવા શુદ્ધ આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયના અભેદરૂપ એકત્વમાં શ્રુતના ઉપયોગરૂપ ચિત્તનો વિતર્ક વર્તે છે. બારમા ગુણસ્થાનકવાળા જે મહાત્મા ક્ષપકશ્રેણિમાં હોય છે અથવા અગિયારમા ગુણસ્થાનકવાળા જે મહાત્મા ઉપશમશ્રેણિમાં હોય છે તેઓને જ શુક્લધ્યાનનો બીજો પાયો હોય છે.

વળી તેરમા ગુણસ્થાનકના અંતે મનોયોગ-વચનયોગ-અને બાદરકાયયોગનો નિરોધ કર્યા પછી સૂક્ષ્મ કાયયોગવાળા મહાત્માઓને સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતિ નામનું ત્રીજું શુક્લધ્યાન વર્તે છે. તે વખતે કાયયોગની સૂક્ષ્મ ક્રિયા વર્તે છે. જે સૂક્ષ્મ ક્રિયાથી બાદર ક્રિયામાં જવારૂપ પ્રતિપાત થવાનો નથી, તેવી સૂક્ષ્મ ક્રિયાવાળા ત્રીજા શુક્લધ્યાનવાળા મહાત્માઓ હોય છે.

સંપૂર્ણ યોગ વગરના મહાત્માને વ્યુપરતક્રિયા અનિવૃત્તિરૂપ ચોથું શુક્લધ્યાન વર્તે છે. તેથી તેઓ સંપૂર્ણ ક્રિયા વગરના છે અને તેઓની અક્રિય અવસ્થા ક્યારેય નિવર્તન પામવાની નથી, પરંતુ સદા માટે ક્રિયાની નિવૃત્તિ છે. આથી સિદ્ધઅવસ્થામાં પણ તે મહાત્માઓ અક્રિય જ હોય છે. **॥૯/૪૨॥**

અવતરણિકા :-

સૂત્ર-૪૧માં શુક્લધ્યાનના ચાર ભેદો બતાવ્યા તેમાં પ્રથમ શુક્લધ્યાન પૃથક્ત્વવિતર્ક નામનું હતું અને બીજું શુક્લધ્યાન એકત્વવિતર્ક નામનું હતું. તેથી પ્રશ્ન થાય કે તે બન્નેમાં શ્રુતને આશ્રયીને થતો વિકલ્પ એક દ્રવ્યને આશ્રયીને પ્રવર્તે છે કે ભિન્ન ભિન્ન દ્રવ્યને આશ્રયીને પ્રવર્તે છે ? અર્થાત્ પ્રથમ

શુક્લધ્યાનકાળમાં અન્ય દ્રવ્યનો ઉપયોગ છે અને બીજા શુક્લધ્યાનમાં અન્ય દ્રવ્યનો ઉપયોગ છે કે બન્ને શુક્લધ્યાનમાં એક દ્રવ્યનો ઉપયોગ છે ? તેથી કહે છે –

સૂત્ર :-

एकाश्रये सवितर्के पूर्वे ।।૯/૪૩।।

સૂત્રાર્થ :-

એક આશ્રયવાળા=એક દ્રવ્યના આશ્રયવાળા, સવિતર્ક=વિતર્ક સહિત, પૂર્વનાં બે ધ્યાનો છે. ।।૯/૪૩।।

ભાષ્ય :-

एकद्रव्याश्रये सवितर्के पूर्वे ध्याने=प्रथमद्वितीये । तत्र सविचारं प्रथमम् ।।૯/૪૩।।

ભાષ્યાર્થ :-

एकद्रव्याश्रये ..... प्रथमम् ।। એક દ્રવ્યના આશ્રયવાળાં સવિતર્ક એવાં પૂર્વનાં પ્રથમ અને દ્વિતીય ધ્યાન છે. ત્યાં સવિચાર નામનું પ્રથમ ધ્યાન છે. ।।૯/૪૩।।

ભાવાર્થ :-

શુક્લધ્યાન પરમાણુ ઉપર ઉપયોગ રાખીને કે અરૂપી એવા શુદ્ધ આત્મદ્રવ્ય ઉપર ઉપયોગ રાખીને પ્રવર્તે છે. તેથી જે મહાત્માએ પરમાણુરૂપ એક દ્રવ્ય ઉપર ઉપયોગવાળા થઈને પ્રથમ શુક્લધ્યાનનો પ્રારંભ કર્યો છે તે મહાત્મા તે પરમાણુદ્રવ્ય ઉપર જ ઉપયોગવાળા રહીને બીજા શુક્લધ્યાનનો પ્રારંભ કરે છે; પરંતુ પ્રથમ શુક્લધ્યાનનો ઉપયોગ પરમાણુ ઉપર હોય છે અને બીજું શુક્લધ્યાન આત્મદ્રવ્ય ઉપર હોય છે તેવો વિભાગ નથી. તેથી અન્ય કોઈ મહાત્મા અરૂપી એવા આત્મદ્રવ્ય ઉપર ઉપયુક્ત થઈને પ્રથમ શુક્લધ્યાનનો પ્રારંભ કરે તો બીજું શુક્લધ્યાન પણ તે મહાત્માનું આત્મદ્રવ્યને આશ્રયીને જ પ્રવર્તે છે. તેથી એ ફલિત થાય કે પ્રથમ શુક્લધ્યાન અને બીજા શુક્લધ્યાનનો અખંડ એક ઉપયોગ છે; પરંતુ જેમ છદ્મસ્થ અવસ્થામાં ધર્મધ્યાનના ઉપયોગવાળા મહાત્મા ધર્મધ્યાનની દીર્ઘકાળની અવિચ્છિન્ન સંતતિવાળા હોય ત્યારે પ્રથમ ધર્મધ્યાનનો ઉપયોગ પૂર્ણ થાય, ત્યાર બાદ અન્ય પદાર્થ વિષયક અથવા ફરી તે પદાર્થ વિષયક અવગ્રહ આદિના ક્રમથી ઉપયોગનો પ્રારંભ કરીને બીજા ધર્મધ્યાનના ઉપયોગવાળા બને છે, તેવો ઉપયોગ પ્રથમ શુક્લધ્યાન અને બીજા શુક્લધ્યાનમાં નથી; પરંતુ પ્રથમ શુક્લધ્યાનમાં જે એક દ્રવ્ય ઉપર ધ્યાનનો યત્ન હતો તે જ પ્રકર્ષવાળો થઈને બીજા શુક્લધ્યાનને પ્રાપ્ત કરે છે ત્યારે પ્રથમ શુક્લધ્યાનના ઉપયોગ કરતાં પણ તે પદાર્થ વિષયક અત્યંત સૂક્ષ્મ ઉપયોગ બીજા શુક્લધ્યાનમાં વર્તે છે. આથી પ્રથમ શુક્લધ્યાન સવિચારરૂપ હોય છે અર્થાત્ તે પદાર્થના દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં મન-વચન-કાયાના યોગોની સંક્રાંતિ હોય છે તે વખતે તે મહાત્મા અર્થના ઉપયોગથી શબ્દમાં ઉપયોગવાળા થાય છે અને શ્રુતના શબ્દના બળથી અર્થના વિશેષ પર્યાયોને જાણનારા બને છે. તેથી અર્થ અને વ્યંજનરૂપ શબ્દમાં ઉપયોગની સંક્રાંતિ થાય છે.

પરિણામે પ્રથમ શુક્લધ્યાનના પ્રારંભથી સતત સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધની અતિશય-અતિશયતરતા થાય છે અને બીજા શુક્લધ્યાનમાં તે પદાર્થના સૂક્ષ્મ-સૂક્ષ્મતર પર્યાય તરફ ઉપયોગ પ્રવર્તે છે અને વીતરાગ થયેલ હોવાથી નિસ્તરંગ સ્થિર સમુદ્ર જેવો શ્રુતનો ઉપયોગ હોય છે. તેથી અવિચારરૂપ બીજું શુક્લધ્યાન વર્તે છે. **॥૯/૪૩॥**

અવતરણિકા :-

સૂત્ર-૪૩ના ભાષ્યમાં કહ્યું કે પ્રથમ શુક્લધ્યાન સવિચારરૂપ છે. તેથી બીજું શુક્લધ્યાન કેવું છે ? તે સ્પષ્ટ કરવાર્થે કહે છે –

સૂત્ર :-

अविचारं द्वितीयम् ।।९/४४।।

સૂત્રાર્થ :-

બીજું શુક્લધ્યાન અવિચાર છે. ॥૯/૪૪॥

ભાષ્ય :-

अविचारं सवितर्कं द्वितीयं ध्यानं भवति ।।९/४४।।

ભાષ્યાર્થ :-

अविचारं ..... भवति ।। અવિચાર વિતર્ક સહિત એવું બીજું ધ્યાન=એકત્વવિતર્ક નામનું શુક્લધ્યાન, છે. ॥૯/૪૪॥

ભાવાર્થ :-

પહેલા પૃથક્ત્વવિતર્ક નામના સવિચાર શુક્લધ્યાનમાં અર્થ અને બાહ્યશબ્દ એ રૂપ વ્યંજનની સંક્રાંતિ હતી અને યોગોની પણ સંક્રાંતિ હતી, જ્યારે એકત્વવિતર્ક નામના બીજા અવિચાર શુક્લધ્યાનમાં શબ્દ અને અર્થની સંક્રાંતિનો અભાવ થાય છે, જેથી એક પર્યાય ઉપર ચિત્ત સ્થિર વર્તે છે. તેથી બીજા શુક્લધ્યાનનું નામ અવિચાર શુક્લધ્યાન છે. **॥૯/૪૪॥**

ભાષ્ય :-

अत्राह – वितर्कविचारयोः कः प्रतिविशेष इति ? अत्रोच्यते –

ભાષ્યાર્થ :-

અહીં=પ્રથમ અને બીજા શુક્લધ્યાનમાં વિતર્ક, વિચાર તથા અવિચારનું કથન કર્યું ત્યાં, પ્રશ્ન કરે છે – વિતર્ક અને વિચારમાં શું પ્રતિવિશેષ છે ?=શું ભેદ છે ?, એ પ્રકારના પ્રશ્નમાં ઉત્તર આપે છે –

સૂત્ર :-

वितर्कः श्रुतम् ।।९/४५।।

સૂત્રાર્થ :-

વિતર્ક શ્રુત છે. ।।૯/૪૫।।

ભાષ્ય :-

यथोक्तं श्रुतज्ञानं वितर्को भवति ।।९/४५।।

ભાષ્યાર્થ :-

यथोक्तं ..... भवति ।। જે પ્રમાણે પૂર્વમાં કહ્યું તેવું=સૂત્ર-૩૯/૨માં કહ્યું કે ચૌદપૂર્વધરને શુક્લધ્યાન થાય છે તેવું, શ્રુતજ્ઞાન વિતર્ક છે. ।।૯/૪૫।।

ભાવાર્થ :-

શુક્લધ્યાન ચૌદપૂર્વધર મહાત્મા પ્રાપ્ત કરે છે. તે મહાત્માને શ્રુતજ્ઞાનની વિચારણા વર્તે છે, તે વિતર્ક છે અર્થાત્ શુક્લધ્યાનકાળમાં જે પ્રકારનો શ્રુતજ્ઞાનનો ઉપયોગ આવશ્યક છે, તે પ્રકારના શ્રુતજ્ઞાનના ઉપયોગરૂપ વિતર્ક છે. આથી જ શુક્લધ્યાનકાળમાં મહાત્મા જગતના સર્વ પદાર્થોથી ચિત્તને સંવર કરીને સૂક્ષ્મ એવા પરમાણુ ઉપર કે અરૂપી એવા આત્મદ્રવ્યમાં ચિત્તને સ્થિર કરવા માટે શ્રુતના બળથી જે યત્ન કરી રહ્યા છે તે શ્રુતના ઉપયોગરૂપ વિતર્ક છે. **।।૯/૪૫।।**

અવતરણિકા :-

સૂત્ર-૪૫ની અવતરણિકામાં પ્રશ્ન કરેલ કે વિતર્ક અને વિચારમાં શું ભેદ છે ? તેથી સૂત્ર-૪૫માં વિતર્કનું સ્વરૂપ બતાવ્યું. હવે વિચારનું સ્વરૂપ બતાવે છે –

સૂત્ર :-

विचारोऽर्थव्यञ्जनयोगसङ्क्रान्तिः ।।९/४६।।

સૂત્રાર્થ :-

વિચાર અર્થ, વ્યંજન, અને યોગની સંક્રાંતિરૂપ છે. ।।૯/૪૬।।

ભાષ્ય :-

अर्थव्यञ्जनयोगसङ्क्रान्तिर्विचार इति । एतदभ्यन्तरं तपः संवरत्वादभिनवकर्मोपचयप्रतिषेधकं निर्जरणफलत्वात् कर्मनिर्जरकम्, अभिनवकर्मोपचयप्रतिषेधकत्वात् पूर्वोपचितकर्मनिर्जरकत्वाच्च निर्वाणप्रापकमिति ।।९/४६।।

ભાષ્યાર્થ :-

અર્થવ્યञ્જન ..... નિર્વાણપ્રાપકમિતિ ।। અર્થ, વ્યંજન અને યોગની સંક્રાંતિ વિચાર છે.

'इति' શબ્દ વિચારના સ્વરૂપની સમાપ્તિ માટે છે.

આ=વિચાર, અભ્યંતરતપરૂપ છે, સંવરપણું હોવાથી અભિનવકર્મના ઉપચયનો પ્રતિષેધક છે. નિર્જરણફલપણું હોવાથી=વિચારનું નિર્જરણફલપણું હોવાથી, કર્મનિર્જરક છે. અભિનવકર્મના ઉપચયનું પ્રતિષેધક હોવાથી અને પૂર્વ ઉપચિત કર્મનું નિર્જરકપણું હોવાથી નિર્વાણપ્રાપક છે=વિચાર નિર્વાણપ્રાપક છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ માટે છે. ।।૯/૪૬।।

ભાવાર્થ :-

શુક્લધ્યાનના પ્રથમ ભેદમાં વર્તતા મહાત્મા શ્રુતના ઉપયોગથી પરમાણુ આદિ ઉપર ચિત્તને સ્થિર કરે છે ત્યારે પરમાણુ આદિ પદાર્થના સૂક્ષ્મ ભાવોને કહેનારા શબ્દરૂપ વ્યંજન દ્વારા પરમાણુના સૂક્ષ્મ-સૂક્ષ્મતર ભાવોને જોવા યત્ન કરે છે. પ્રથમ પરમાણુ આદિ અર્થ ઉપર ચિત્તને સ્થિર કરીને અર્થથી શબ્દમાં ઉપયોગ જાય છે અને શબ્દ દ્વારા વિશિષ્ટ અર્થનો સૂક્ષ્મ બોધ કરે છે, તેથી અર્થથી વ્યંજન ઉપર અને વ્યંજનથી અર્થ ઉપર ઉપયોગનું સંક્રમણ વર્તે છે. વળી, મન-વચન-કાયાના યોગોમાં પણ મનોયોગથી વચનયોગમાં તથા વચનયોગથી કાયયોગમાં ઉપયોગનો સંક્રમ વર્તે છે.

શ્રુતના વિચારકાળમાં અર્થની, વ્યંજનની અને મન-વચન-કાયાના યોગોની જે સંક્રાંતિ વર્તે છે, તે વિચારરૂપ છે. ચૌદપૂર્વના બોધ અનુસાર જે શ્રુતજ્ઞાનનો ઉપયોગ છે તે વિતર્ક છે.

આ રીતે વિતર્ક અને વિચારનો ભેદ બતાવ્યા પછી શ્રુતજ્ઞાનના ઉપયોગરૂપ તે વિચાર કેવા ઉત્તમ ફળવાળો છે ? તે બતાવવા અર્થે કહે છે –

આ વિચાર અભ્યંતરતપ છે.

કઈ રીતે અભ્યંતરતપ છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

જગતના સર્વ ભાવોથી ચિત્તને સંવૃત કરીને અરૂપી આત્માનો બોધ કરવા અર્થે પરમાણુ આદિ ઉપર સ્થિર કરેલ હોવાથી સંવરભાવ વર્તે છે. તેથી નવા કર્મના ઉપચયનું પ્રતિષેધક આ વિચાર છે, જેનાથી નવાં કર્મોનું આગમન અટકે છે.

વળી નિર્જરણફળવાળું હોવાથી કર્મનિર્જરક છે. સંગની પરિણતિથી કર્મનું આગમન થાય છે. વિચારકાળમાં મહાત્મા સર્વ સંગથી પર એવી અરૂપી ચેતનાને પ્રગટ કરવા માટે વ્યાપારવાળા છે, તેથી સતત અસંગપરિણતિ વધી રહી છે. સંગપરિણતિથી બંધાયેલાં પૂર્વનાં કર્મોનું નિર્જરણ કરનાર આ વિચાર નામનો ઉપયોગ છે, તેથી વિચાર નામનો ઉપયોગ નિર્જરક છે=કર્મની નિર્જરાને કરનારો છે. વળી, ક્ષપકશ્રેણિ વર્તી

વિચાર નામનો ઉપયોગ અભિનવ કર્મના ઉપચયનો પ્રતિષેધક હોવાથી અને પૂર્વ ઉપચિત કર્મનો નિર્જરક હોવાથી મોક્ષનો પ્રાપક છે.

આનાથી એ ફલિત થાય કે પૃથક્ત્વવિતર્કસવિચાર નામના પ્રથમ શુક્લધ્યાનકાળમાં મહાત્મા જગતના તમામ પદાર્થોથી સંવૃત થઈને આત્માની સાથે તાદાત્મ્ય પરિણામવાળા પોતાના વીતરાગભાવમાં લીન છે. તેથી ઘાણીમાં પિલાતા હોય કે દેહની સાથે અગ્નિ આદિનો સંસર્ગ થતો હોય તોપણ તે સર્વ ભાવોથી અસંશ્લેષવાળા થઈને નિરાકુળ ચેતનાના પારમાર્થિક સ્વરૂપમાં લીન વર્તે છે, જેથી બાહ્ય પદાર્થો સાથે કે શરીર સાથે સંશ્લેષ પામીને ઉપયોગ પ્રવર્તતો નથી; પરંતુ શ્રુતના બળથી શુદ્ધ આત્મામાં નિવેશમાન શ્રુતનો ઉપયોગ વર્તે છે. જેથી નવાં કર્મોનું આગમન અટકે છે અને પૂર્વનાં બંધાયેલાં કર્મોનું નિર્જરણ થાય છે. તેથી પૃથક્ત્વવિતર્કસવિચાર નામનું શુક્લધ્યાન નિર્વાણપ્રાપક છે.

વળી અવિચાર નામના બીજા શુક્લધ્યાનનું ફળ ભાષ્યકારશ્રીએ પ્રસ્તુતમાં કહ્યું નથી, તોપણ અર્થથી એ ફલિત થાય છે કે પૃથક્ત્વવિતર્કસવિચારકાળમાં મોહના નાશને અનુકૂળ સંવરભાવ અતિશય-અતિશયતર થાય છે. મોહનો નાશ થયા પછી પૃથક્ત્વવિતર્કઅવિચાર નામનું બીજું શુક્લધ્યાન વર્તે છે ત્યારે શ્રુતનો ઉપયોગ અર્થ અને વ્યંજનમાં સંક્રાંતિ પામતો નથી, પરંતુ પરમાણુ આદિ અર્થ ઉપર ચિત્ત સ્થિર વર્તે છે. તે વખતે મન-વચન-કાયાના યોગોની પણ સંક્રાંતિ નથી, તેથી તે ત્રણમાંથી કોઈ એક યોગનો ઉપયોગ વર્તે છે. બીજા પ્રકારના શુક્લધ્યાનકાળમાં મહાત્મા સંપૂર્ણ મોહથી અનાકુળ, સ્થિર એક પદાર્થ પર ઉપયોગવાળા છે. આ ઉપયોગના કારણે જ્ઞાનાવરણીય આદિ શેષ ઘાતિકર્મો નાશ થાય છે અને નવા કર્મબંધનો અભાવ વર્તે છે. તેથી બીજા શુક્લધ્યાનના અંતે સર્વ ઘાતિકર્મોનો નાશ કરીને મહાત્મા કેવલજ્ઞાનને પામે છે. **॥૯/૪૬॥**

ભાષ્ય :-

अत्राह — उक्तं भवता — 'परीषहजयात् तपसोऽनुभावतश्च कर्मनिर्जरा भवति' **(અ૦ ૯, સૂ૦ ૨-૩, ૭-૮) इति, तत् किं सर्वे सम्यग्दृष्टयः समनिर्जरा आहोस्विदस्ति कश्चित् प्रतिविशेष इति ? अत्रोच्यते —**

ભાષ્યાર્થ :-

अत्राह ..... अत्रोच्यते — અહીં=સૂત્ર-૯/૨માં સંવરનું અને સૂત્ર-૯/૩માં તપનું, સૂત્ર-૭માં અનુભાવનું અને સૂત્ર-૮માં પરિષહોનું વર્ણન પુરુ કર્યું એમાં, પ્રશ્ન કરે છે — તમારા વડે કહેવાયું કે 'પરિષહના જયથી, તપથી અને અનુભાવથી કર્મની નિર્જરા થાય છે.' **(અધ્યાય-૯, સૂત્ર-૨-૩, ૭-૮)**

'इति' શબ્દ શંકાની સમાપ્તિ અર્થે છે.

તો શું સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવો સમાન નિર્જરાવાળા છે ? અથવા કોઈ પ્રતિવિશેષ છે ? એ પ્રકારના પ્રશ્નમાં ઉત્તર અપાય છે —

ભાવાર્થ :-

નવમા અધ્યાયના પ્રારંભમાં સંવરને કહેવાની પ્રતિજ્ઞા કરી અને સૂત્ર-૧માં સંવરનું સ્વરૂપ બતાવ્યું. સૂત્ર-૨માં ગુપ્તિ આદિથી સંવરની પ્રાપ્તિ છે એ બતાવ્યું. સંવર સાથે નિર્જરાનો સંબંધ હોવાથી સૂત્ર-૩માં તપથી નિર્જરા થાય છે તેમ બતાવ્યું, ત્યારપછી સંવરના ઉપાય આત્મક ગુપ્તિ આદિનું સ્વરૂપ બતાવ્યું. ત્યાં સંવરના ઉપાયરૂપ પરિષહના વર્ણન કરતાં સૂત્ર-૮માં કહ્યું કે કર્મનિર્જરા માટે પરિષહ સહન કરવા જોઈએ. સૂત્ર-૮ અનુસાર પરિષહના જયથી કર્મનિર્જરા થાય છે. સૂત્ર-૩માં બતાવ્યા અનુસાર બાર પ્રકારના તપથી કર્મનિર્જરા પ્રાપ્ત થાય છે. સૂત્ર-૭માં નિર્જરાભાવના બતાવતાં કહ્યું કે અનુભાવથી પણ કર્મનિર્જરા થાય છે.

આ પ્રમાણે સંવરના ઉપાય અને નિર્જરાના ઉપાયભૂત તપનું વર્ણન કર્યા પછી ભાષ્યકારશ્રી પ્રશ્ન કરે છે કે પૂર્વમાં પરિષહના જયથી નિર્જરા કહેવાઈ છે અને તપના સેવનથી કર્મનિર્જરા કહેવાઈ છે અને અનુભાવથી કર્મનિર્જરા કહેવાઈ છે. તે નિર્જરા સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવો સમાનતયા કરે છે કે તેઓની નિર્જરામાં કોઈ ભેદ છે ? એ પ્રકારની શંકાના ઉત્તરમાં ગ્રંથકારશ્રી કહે છે –

સૂત્ર :-

सम्यग्दृष्टिश्रावकविरतानन्तवियोजकदर्शनमोहक्षपकोपशमकोपशान्तमोह-क्षपकक्षीणमोहजिनाः क्रमशोऽसङ्ख्येयगुणनिर्जराः ।।९/४७।।

સૂત્રાર્થ :-

સમ્યગ્દૃષ્ટિ, શ્રાવક, વિરત, અનંતવિયોજક=અનંતાનુબંધીકષાયનો વિયોજક, દર્શનમોહ-ક્ષપક=ક્ષાયિકસમકિતી, ઉપશમક=મોહનો ઉપશમ કરવામાં પ્રવૃત્ત, ઉપશાંતમોહ, ક્ષપક=મોહનો ક્ષય કરવામાં પ્રવૃત્ત, ક્ષીણમોહ અને જિનોને ક્રમથી અસંખ્યગુણ નિર્જરા છે. ।।૯/૪૭।।

ભાષ્ય :-

सम्यग्दृष्टिः, श्रावकः, विरतः, अनन्तानुबन्धिवियोजकः, दर्शनमोहक्षपकः, मोहोपशमकः, उपशान्तमोहः, मोहक्षपकः, क्षीणमोहः, जिन इत्येते दश क्रमशोऽसङ्ख्येयगुणनिर्जरा भवन्ति । तद्यथा – सम्यग्दृष्टेः श्रावकोऽसङ्ख्येयगुणनिर्जरः, श्रावकाद् विरतः, विरतादनन्तानुबन्धिवियोजकः, इत्येवं शेषाः ।।९/४७।।

ભાષ્યાર્થ :-

सम्यग्दृष्टिः ..... शेषाः ।। સમ્યગ્દૃષ્ટિ, શ્રાવક, વિરત, અનંતાનુબંધી વિયોજક, દર્શનમોહક્ષપક= દર્શનસપ્તકની ક્ષપણા કરીને ક્ષાયિકસમ્યક્ત્વ પામનાર, મોહ ઉપશમક=ઉપશમશ્રેણિમાં ચડેલ મોહની

પ્રકૃતિની ઉપશમના કરતો જીવ, ઉપશાંતમોહ=અગિયારમા ગુણસ્થાનકમાં વર્તતા મહાત્મા, મોહક્ષપક=ક્ષપકશ્રેણિમાં ચડેલા આઠમા ગુણસ્થાનક આદિમાં વર્તતા મહાત્મા, ક્ષીણમોહ=બારમા ગુણસ્થાનક આદિમાં વર્તતા મહાત્મા, જિન=કેવલી, આ દશે મહાત્માઓને ક્રમશઃ અસંખ્યગુણ નિર્જરા છે=પૂર્વ પૂર્વના કરતાં ઉત્તર-ઉત્તરના મહાત્માઓને અસંખ્યગુણ નિર્જરા છે. તે આ પ્રમાણે – સમ્યગ્દૃષ્ટિથી શ્રાવક=દેશવિરતિધર શ્રાવક, અસંખ્યગુણ નિર્જરા કરનાર છે. શ્રાવકથી વિરત=સર્વવિરતિધર એવા સાધુ, અસંખ્યગુણ નિર્જરા કરનાર છે. વિરતથી=સર્વવિરતિધર સાધુથી, અનંતાનુબંધી વિયોજક અસંખ્યાતગુણ નિર્જરા કરનાર છે. એ પ્રમાણે શેષ જાણવા. ॥૯/૪૭॥

ભાવાર્થ :-

અવતરણિકામાં કહ્યું કે પરિષહના જયથી, તપથી અને કર્મના ઉદયથી નિર્જરા થાય છે તેમાં કર્મના ઉદયથી બધા જીવોને સ્વ-સ્વ ભૂમિકા પ્રમાણે નિર્જરા થાય છે જે અકામનિર્જરા છે. સમ્યગ્દૃષ્ટિ આદિને જે નિર્જરા થાય છે તે ત્રણ કારણોથી થાય છે. સમ્યગ્દૃષ્ટિ આદિની નિર્જરા તરતમતાથી અનેક પ્રકારની છે, તેને સામાન્યથી દશ ભેદોમાં બતાવે છે.

સમિતિ-ગુપ્તિ આદિ સંવરના ઉપાયો છે તેમ બતાવ્યા પછી સમ્યગ્દૃષ્ટિ શ્રાવક વગેરેને ક્રમશઃ અસંખ્યાતગુણી નિર્જરા કહી, તેથી સંવરવાળા સાધુને સકામનિર્જરાની પ્રાપ્તિ છે એમ ફલિત થાય છે; એટલું જ નહીં પણ, સમિતિ-ગુપ્તિ આદિ ભાવોને નહીં પામેલા એવા અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોને પણ સકામનિર્જરા સ્વીકારી, તેથી અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોને પણ સંવરની પ્રાપ્તિ છે એમ ફલિત થયું; કેમ કે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો સમિતિ-ગુપ્તિ આદિ ભાવો પ્રત્યે અત્યંત રુચિવાળા હોવાથી તેઓનું ચિત્ત કંઈક સંવરવાળું છે અને પોતાની ભૂમિકા અનુસાર જિનવચનના શ્રવણાદિ દ્વારા કે સુસાધુની ભક્તિ દ્વારા કે ભગવાનની ભક્તિ દ્વારા નિર્જરાની પ્રાપ્તિ કરે છે, તે સર્વ તપના સેવનરૂપ છે, તેથી તેઓને સકામનિર્જરાની પ્રાપ્તિ છે.

અવિરત સમ્યગ્દૃષ્ટિ કરતાં દેશવિરતિધર શ્રાવકને અસંખ્યાતગુણી નિર્જરા છે. સમ્યગ્દૃષ્ટિ જીવ માર્ગાનુસારી પ્રજ્ઞાવાળા હોવાથી સર્વવિરતિના અત્યંત અર્થી છે. તેઓ શાસ્ત્રો ભણીને સૂક્ષ્મ ઊહપૂર્વક તત્ત્વની વિચારણા કરે છે અને તેના બળથી સર્વવિરતિને અનુકૂળ બળ સંચય કરવા યત્ન કરે છે, છતાં દેશવિરતિધર શ્રાવકની જેમ વિરતિના પરિણામને પામ્યા નથી. તેથી સમ્યગ્દૃષ્ટિ કરતાં દેશવિરતિના પરિણામને પામેલા શ્રાવકમાં સમ્યગ્દૃષ્ટિના સંવર કરતાં અધિક સંવરની પ્રાપ્તિ છે. સંવર સાથે નિર્જરા અવિનાભાવી છે. તેથી દેશવિરતિધર શ્રાવક સમ્યગ્દૃષ્ટિ કરતાં અસંખ્યાતગુણી નિર્જરા કરે છે.

વળી દેશવિરતિધર શ્રાવક કરતાં સર્વવિરતિધર સાધુને અસંખ્યાતગુણી નિર્જરા છે; કેમ કે તેઓ સંસારના સર્વ ભાવોથી સંવૃત થઈને સદા ત્રણ ગુપ્તિમાં વર્તે છે, જ્યારે દેશવિરતિધર શ્રાવક ત્રણ ગુપ્તિમાં સદા ગુપ્ત થવાની ઉત્કટ ઇચ્છાવાળા છે અને તેની શક્તિના સંચયાર્થે જ દેશવિરતિ ગ્રહણ કરીને સર્વવિરતિને અનુકૂળ બળ સંચય થાય તેવો યત્ન કરે છે, તોપણ સંચિત વીર્યવાળા સાધુ જેવો સંવરભાવ શ્રાવકને નથી. તેથી શ્રાવક કરતાં સાધુને અસંખ્યાતગુણ નિર્જરા છે.

વળી ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળા, અપ્રમાદથી સંયમમાં યત્ન કરનારા સર્વવિરતિધર મહાત્મા જે નિર્જરા કરે છે તેના કરતાં અસંખ્યાતગુણી કર્મનિર્જરા અનંતાનુબંધીવિયોજક મહાત્મા કરે છે. દર્શનસપ્તકમાંથી અનંતાનુબંધીકષાયનો ક્ષય કરવા માટે જેમણે પ્રારંભ કર્યો હોવા છતાં અનંતાનુબંધી-કષાયનો ઉચ્છેદ કર્યા પછી દર્શનત્રિકની ક્ષપણાનો પ્રારંભ કર્યા વગર ફરી અનંતાનુબંધીની સંજ્ઞાને પ્રાપ્ત કરી શકે એવા છે તેઓ અનંતાનુબંધીકષાયના વિયોજક છે. અનંતાનુબંધીકષાયનો ક્ષય કરવાનો પ્રારંભ કરનાર અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર શ્રાવક કે સર્વવિરતિધર સાધુ હોઈ શકે છે. અનંતાનુબંધીનો ક્ષય કરવા માટે મહાબળ સંચય થયેલ હોવાથી અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવ પણ જ્યારે અનંતાનુબંધીકષાયની ક્ષપણા માટે પ્રયત્ન કરે છે ત્યારે સુસાધુ કરતાં પણ અસંખ્યગુણ નિર્જરા કરે છે. ફક્ત દર્શનસપ્તકના ક્ષય માટે જેવું બળ સંચય થવું જોઈએ તેવું બળ સંચય નહીં થયેલ હોવાથી દર્શનમોહના ક્ષપક કરતાં અનંતાનુબંધી-કષાયના વિસંયોજકની નિર્જરા અલ્પ થાય છે.

વળી જેઓએ અનંતાનુબંધી ચાર કષાય અને મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય એ સાત પ્રકારના દર્શનમોહનીયની ક્ષપણા માટે પ્રારંભ કર્યો છે એવા અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર શ્રાવક કે સર્વવિરતિધર સાધુઓ અનંતાનુબંધી વિસંયોજક કરતાં પણ અસંખ્યાતગુણી નિર્જરા પ્રતિસમય કરે છે. ફક્ત અનંતાનુબંધી વિસંયોજક કે દર્શનમોહનો ક્ષપક જો અવિરત સમ્યગ્દૃષ્ટિ હોય તો તે ક્ષપણા કાળમાં સર્વવિરતિધર કરતાં અધિક નિર્જરા કરે છે તોપણ અનંતાનુબંધી વિસંયોજક કે દર્શનમોહનીયના ક્ષપક તેની ક્ષપણાની ક્રિયા સમાપ્ત થાય ત્યારપછી તે સાધુ કરતાં અધિક નિર્જરા કરનારા નથી; પરંતુ પોતાના અવસ્થિત ગુણસ્થાનકને અનુરૂપ નિર્જરા કરે છે. આથી જ દર્શનમોહની ક્ષપણા કરનાર શ્રેણિક મહારાજા શેષકાળમાં ભોગાદિની પ્રવૃત્તિમાં હોય ત્યારે ક્ષાયિક સમ્યક્ત્વના કારણે અવશ્ય નિર્જરા કરે છે, તોપણ વિરતિધર સાધુની અપેક્ષાએ તેમની નિર્જરા અલ્પ થાય છે.

વળી, ઉપશમશ્રેણિમાં ચડેલા મોહના ઉપશમક સંપૂર્ણ મોહના ઉપશમ માટે દૃઢ યત્નવાળા હોવાથી દર્શનમોહના ક્ષપક કરતાં પણ અસંખ્યાતગુણી નિર્જરા કરે છે. તેથી એ પ્રકારનો અર્થ ભાસે છે કે જેઓ આયુષ્ય બાંધીને ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થયેલા હોય તેઓ દર્શનમોહના ક્ષપક છે અને જેઓએ આયુષ્ય બાંધ્યું કે આયુષ્ય નથી બાંધ્યું પરંતુ મોહના ઉપશમ માટે પ્રયત્નવાળા છે તેઓ દર્શનસપ્તકનો ઉપશમ કર્યા પછી શેષ ચારિત્રમોહનીયનો પણ અવશ્ય ઉપશમ કરશે તેવું સંચિત વીર્ય છે, તેથી દર્શનસપ્તકના ઉપશમ-કાળમાં પણ દર્શનમોહના ક્ષપક કરતાં પણ મોહના ઉપશામક એવા ઉપશમશ્રેણિવાળા મહાત્માને અસંખ્યાત-ગુણી નિર્જરા હોવી જોઈએ. ચારિત્રમોહની ઉપશમના કરનારને તો અવશ્ય દર્શનમોહના ક્ષપક કરતાં અસંખ્યાતગુણ નિર્જરા છે.

વળી જે મોહ ઉપશમક મહાત્મા ઉપશાંતશ્રેણિમાં નિર્જરા કરે છે તેના કરતાં ઉપશાંતમોહવાળા મહાત્મા અસંખ્યાતગુણી નિર્જરા કરે છે; કેમ કે મોહનો સંપૂર્ણ અભાવ હોવાથી તેમનું ચિત્ત સર્વ ભાવો પ્રત્યે અસંશ્લિષ્ટ ભાવવાળું છે અને આત્માના શુદ્ધ સ્વરૂપમાં લીન છે. તેથી સંશ્લેષને કારણે બંધાતાં કર્મો અત્યંત

નાશ પામે છે. તેથી મોહના ઉપશમક કરતાં પણ અગિયારમા ગુણસ્થાનકમાં રહેલા ઉપશાંતમોહવાળાને અસંખ્યાતગુણી નિર્જરા છે.

વળી ઉપશાંતમોહ કરતાં મોહક્ષપક અસંખ્યાતગુણી નિર્જરા કરે છે. જે અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોએ આયુષ્ય બાંધ્યું નથી તેઓ મહાવીર્યના સંચયવાળા થાય ત્યારે મોહના ઉન્મૂલનનો પ્રારંભ કરે છે, એથી દર્શનમોહની ક્ષપણાથી માંડીને બારમા ગુણસ્થાનકની પ્રાપ્તિ પૂર્વ સુધી=દસમા ગુણસ્થાનકના અંત સુધી, મહાત્મા મોહના ક્ષપક છે. તેથી ઉપશાંતમોહ કરતાં પણ પ્રાયઃ દર્શનક્ષપકના ક્ષપણાકાળમાં પણ તેઓ અસંખ્યાતગુણી નિર્જરા કરતા હોવા જોઈએ. ચારિત્રમોહનીયની ક્ષપણાકાળમાં તો અવશ્ય ઉપશાંતમોહ કરતાં અસંખ્યગુણ નિર્જરા કરે છે. જોકે ઉપશાંતમોહવાળા વીતરાગ છે અને મોહના ક્ષપક આઠમા, નવમા ગુણસ્થાનકમાં વીતરાગ નથી તોપણ મોહનો મૂળથી ઉચ્છેદ થાય તેવો પ્રવર્ધમાન પરિણામ હોવાથી ઉપશાંતમોહ કરતાં અસંખ્યાતગુણી નિર્જરા કરે છે.

મોહક્ષપણ કરનારા મહાત્મા જ્યારે સંપૂર્ણ મોહ રહિત થાય છે ત્યારે ક્ષીણમોહરૂપ બારમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે. ઉપશાંતમોહવાળા પણ વીતરાગ છે અને ક્ષીણમોહવાળા પણ વીતરાગ છે તોપણ ઉપશાંતમોહ કરતાં ક્ષપકમોહને અસંખ્યાતગુણ નિર્જરા છે અને તેમના કરતાં પણ ક્ષીણમોહવાળાને અસંખ્યાતગુણ નિર્જરા છે. ક્ષીણમોહ કરતાં પણ કેવલજ્ઞાનને પામેલા તેરમા ગુણસ્થાનકમાં રહેલા જિન એવા સયોગીકેવલીને અધિક નિર્જરા છે. તેઓ પૂર્વમાં બંધાયેલાં કર્મોનો સતત નાશ કરતા હોય છે, જ્યારે યોગનિરોધકાળમાં અવશિષ્ટ સર્વ કર્મોનો નાશ કરે છે. **॥૯/૪૭॥**

અવતરણિકા :-

પ્રથમ અધ્યાયના પ્રથમ સૂત્રમાં કહેલ કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર મોક્ષમાર્ગ છે. ત્યારપછી સમ્યગ્દર્શનનું સ્વરૂપ બતાવતાં કહ્યું કે 'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्'. આ તત્ત્વાર્થશ્રદ્ધાન જીવાદિ સાત તત્ત્વ આત્મક છે તેમ કહ્યું, ત્યારબાદ જ્ઞાનનું સ્વરૂપ બતાવ્યું. પ્રથમ અધ્યાયના અંતે કહ્યું કે હવે ચારિત્રનો અવસર છે, છતાં તે ચારિત્ર અમે નવમા અધ્યાયમાં કહીશું. તેથી ચારિત્રના પ્રસ્તાવરૂપ અને સાત તત્ત્વના ભેદ અંતર્ગત સંવરરૂપ નવમો અધ્યાય છે. સંવર સાથે નિર્જરા અવિનાભાવી હોવાથી નિર્જરાનું પણ કથન પ્રસ્તુત અધ્યાયમાં કરેલ છે. સંવરના ઉપાયભૂત ગુપ્તિ આદિનું વર્ણન કરતાં સૂત્ર-૧૮માં પાંચ પ્રકારના ચારિત્રનું સ્વરૂપ બતાવ્યું. ત્યાં કહેલું કે પુલાકનિર્ગ્રંથ આદિમાં વિસ્તારથી અમે ચારિત્રને કહીશું. તેથી હવે પુલાકનિર્ગ્રંથ આદિના ચારિત્રનું વર્ણન કરે છે –

સૂત્ર :-

पुलाकबकुशकुशीलनिर्ग्रन्थस्नातका निर्ग्रन्थाः ।।૯/૪૮।।

સૂત્રાર્થ :-

પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતકરૂપ નિર્ગ્રંથો પાંચ પ્રકારના છે. ॥૯/૪૮॥

ભાષ્ય :-

પુલાકો, બકુશઃ, કુશીલો, નિર્ગ્રન્થઃ, સ્નાતક ઇત્યેતે પઞ્ચ નિર્ગ્રન્થવિશેષા ભવન્તિ । તત્ર સતતમપ્રતિપાતિનો જિનોક્તાદાગમાન્નિર્ગ્રન્થપુલાકાઃ । નૈર્ગ્રન્થ્યં પ્રતિ પ્રસ્થિતાઃ શરીરોપકરણવિભૂષાઽનુવર્તિનઃ ઋદ્ધિયશસ્કામાઃ સાતગૌરવાશ્રિતાઃ અવિવિક્તપરિવારાઃ છેદશબલયુક્તા નિર્ગ્રન્થા બકુશાઃ । કુશીલા દ્વિવિધાઃ – પ્રતિસેવનાકુશીલાઃ કષાયકુશીલાશ્ચ । તત્ર પ્રતિસેવનાકુશીલા નૈર્ગ્રન્થ્યં પ્રતિ પ્રસ્થિતા અનિયમિતેન્દ્રિયાઃ કથઞ્ચિત્ કિઞ્ચિદુત્તરગુણેષુ વિરાધયન્તશ્ચરન્તિ તે પ્રતિસેવનાકુશીલાઃ । યેષાં તુ સંયતાનાં સતાં કથઞ્ચિત્ સઞ્જ્વલનકષાયા ઉદીર્યન્તે તે કષાયકુશીલાઃ । યે વીતરાગચ્છદ્મસ્થા ઈર્યાપથપ્રાપ્તાસ્તે નિર્ગ્રન્થાઃ । ઈર્યા યોગઃ, પન્થાઃ સંયમઃ, યોગસંયમપ્રાપ્તા ઇત્યર્થઃ । સયોગાઃ શૈલેશીપ્રતિપન્નાશ્ચ કેવલિનઃ સ્નાતકા ઇતિ ।।૯/૪૮।।

ભાષ્યાર્થ :-

પુલાકો ..... ઇતિ ।। પુલાક, બકુલ, કુશીલ, નિર્ગ્રંથ, સ્નાતક એ પાંચ નિર્ગ્રંથવિશેષો છે=આ પાંચ નિર્ગ્રંથના ભેદો છે.

ત્યાં=આ પાંચ નિર્ગ્રંથના ભેદોમાં, જિનોક્ત આગમથી સતત અપ્રતિપાતિ નિર્ગ્રંથ પુલાકો હોય છે.

નૈર્ગ્રન્થ્ય પ્રત્યે=સર્વ પદાર્થો પ્રત્યેના સ્નેહના ઉન્મૂલનને અનુકૂળ એવો જે નિર્ગ્રંથપણાનો ભાવ તેના પ્રત્યે, પ્રસ્થિત, શરીર-ઉપકરણની વિભૂષાને અનુવર્તી, ઋદ્ધિ-યશની કામનાવાળા, શાતાગૌરવને આશ્રિત, અવિવિક્ત પરિવારવાળા, છેદપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ સુધીના શબલચારિત્રથી યુક્ત નિર્ગ્રંથ બકુશો હોય છે.

કુશીલ બે પ્રકારના છે : (૧) પ્રતિસેવનાકુશીલ અને (૨) કષાયકુશીલ. ત્યાં પ્રતિસેવનાકુશીલ એવા સાધુઓ નૈર્ગ્રન્થ્ય=નિર્ગ્રંથભાવ, પ્રત્યે પ્રસ્થિત હોય છે, અનિયમિત ઇન્દ્રિયવાળા હોય છે= ઇન્દ્રિયોની ઉપર અનિયંત્રણવાળા હોય છે. તેથી કોઈક રીતે કંઈક ઉત્તરગુણોમાં વિરાધના કરતા ચરે છે=વિરાધના કરે છે, તે પ્રતિસેવનાકુશીલ છે. વળી સંયત હોવા છતાં જેઓના સંજ્વલનકષાયો કોઈક રીતે ઉદીરણાને પામે છે, તેઓ કષાયકુશીલ છે.

જે વીતરાગછદ્મસ્થ ઈર્યાપથને પ્રાપ્ત છે તે નિર્ગ્રંથો=નિર્ગ્રંથનિર્ગ્રંથો, છે.

'ઈર્યાપથપ્રાપ્ત'નો અર્થ સ્પષ્ટ કરે છે –

ઈર્યા યોગ છે=ક્રિયા છે, અને પથ સંયમ છે.

તેથી શું ફલિત થાય ? તે કહે છે –

ઈર્યારૂપ યોગ અને સંયમરૂપ પંથને પ્રાપ્ત એ ઈર્યાપથપ્રાપ્ત છે, એ પ્રકારનો અર્થ છે. સયોગવાળા

અને શૈલેશી પ્રતિપન્ન એવા કેવલી સ્નાતક=સ્નાતકનિર્ગ્રંથ, છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ માટે છે. ॥૯/૪૮॥

ભાવાર્થ :-

નિર્ગ્રંથો=ભાવસાધુઓ પાંચ પ્રકારના છે : (૧) પુલાકનિર્ગ્રંથ, (૨) બકુશનિર્ગ્રંથ, (૩) કુશીલનિર્ગ્રંથ, (૪) નિર્ગ્રંથનિર્ગ્રંથ, (૫) સ્નાતકનિર્ગ્રંથ.

(૧) પુલાકનિર્ગ્રંથ :-

જેઓ જિનોક્ત આગમથી સતત અપ્રતિપાતી છે, તે પુલાકનિર્ગ્રંથ છે. પુલાકનિર્ગ્રંથો ઉત્કૃષ્ટથી દશ પૂર્વધર હોય છે અને જઘન્યથી નવમા પૂર્વના આચારવસ્તુ સુધીના શ્રુતજ્ઞાનવાળા હોય છે, એમ આગળ ગ્રંથકારશ્રી કહેશે. તેના ઉપરથી જણાય છે કે પુલાકનિર્ગ્રંથો આકર્ષ દ્વારા ક્યારેય સંયમથી પ્રતિપાત પામનારા નથી. તેઓ જિનોક્ત આગમથી સતત અપ્રતિપાતિ હોય છે. તેથી તેઓ અતિચારો આદિ સેવે ત્યારે સંયમની મલિનતા પ્રાપ્ત થાય, તોપણ ગુણસ્થાનકથી પાત થતો નહીં હોય તેને આશ્રયીને ભાષ્યકારશ્રીએ જિનોક્ત આગમથી સતત અપ્રતિપાતિ કહેલા છે, એવું જણાય છે.

(૨) બકુશનિર્ગ્રંથ :-

બકુશનિર્ગ્રંથો નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હોય છે. તેથી તે પ્રાપ્ત થાય કે સર્વ પ્રકારના પ્રતિબંધ વગરની જીવની અવસ્થારૂપ જે નિર્ગ્રંથભાવ છે તેને પ્રગટ કરવા માટે બકુશસાધુઓ સતત ઉદ્યમવાળા છે, છતાં અનાદિના પ્રમાદના સ્વભાવને કારણે ક્યારેક શરીરની વિભૂષાને અનુવર્તન કરનારા બને છે તો ક્યારેક ઉપકરણની વિભૂષાને અનુવર્તન કરનારા બને છે; છતાં સર્વ ભાવો પ્રત્યે પ્રતિબંધ રહિત થવા માટે પણ અંતરંગ ઉદ્યમ કરનારા હોવાથી નિમિત્તોને પામીને ઉત્તરગુણની વિરાધના થાય તેવી શરીરની વિભૂષામાં યત્ન કરે છે અર્થાત્ શરીરની આળપંપાળમાં યત્ન કરે છે. વળી ક્યારેક નિમિત્તને પામીને સુંદર ઉપકરણોને ગ્રહણ કરવાના અભિલાષવાળા થાય છે. વળી નિર્ગ્રંથભાવ પ્રત્યે સતત યત્ન કરનારા હોવા છતાં નિમિત્તને પામીને ઋદ્ધિ અને યશની કામનાવાળા પણ બને છે, પરંતુ સતત ઋદ્ધિ અને યશ માટે જ પ્રયત્ન કરનારા હોતા નથી. આથી સંભવમાત્રને આશ્રયીને બકુશને ઋદ્ધિ-યશ કામનાવાળા કહેલ છે. વળી શાતાગારવનો આશ્રય કરનારા હોય છે, તેથી નિમિત્તને પામીને શરીરને થતી અશાતાના પરિહાર માટે પણ ક્યારેક યત્ન કરે છે; તોપણ પ્રધાનરૂપે તો નિર્ગ્રંથભાવ પ્રત્યેના પ્રયત્નવાળા હોય છે. વળી સાધુને બાહ્યથી પરિવાર હોય તોપણ પ્રાયઃ તે સુસાધુઓનો જ પરિવાર હોય છે. તેથી તે સુસાધુઓ સંયમમાં ઉદ્યમવાળા હોય છે, છતાં બકુશનિર્ગ્રંથો સંયમમાં કાંઈક પ્રમાદવાળા હોવાથી અવિવિક્ત પરિવારવાળા હોય છે=વસ્ત્ર-પાત્રાદિના સ્નેહથી અપૃથગ્ભૂત એવા અવિવિક્ત શિષ્ય પરિવારવાળા હોય છે. તેથી તેઓના શિષ્ય ચારિત્રહીન પણ હોઈ શકે છે. વળી બકુશસાધુઓને છેદપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય ત્યાં સુધીની મલિનતાવાળું ચારિત્ર હોય છે, પરંતુ મૂલપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય તેવું મલિન ચારિત્ર હોતું નથી. વળી બકુશચારિત્રી હંમેશાં પોતાના

આત્માના નિર્ગ્રંથભાવ માટે પ્રયત્ન કરનારા હોય છે, છતાં અનાદિ પ્રમાદના અભ્યાસના કારણે ઉત્તરગુણમાં ક્યારેક કયારેક અતિચાર થાય તેવા શરીરની વિભૂષાદિ કૃત્યો કરે છે.

(૩) કુશીલનિર્ગ્રંથ :-

વળી કુશીલનિર્ગ્રંથ બે પ્રકારના છે : પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ.

(૩-અ) પ્રતિસેવનાકુશીલનિર્ગ્રંથ :-

પ્રતિસેવનાકુશીલ સાધુઓ સતત નિર્ગ્રન્થભાવ પ્રત્યે પ્રસ્થિત હોય છે અર્થાત્ સર્વ સંગ વગરની અવસ્થા પ્રાપ્ત કરવાના અત્યંત અર્થી હોય છે અને તેને અનુરૂપ શક્તિ અનુસાર સંયમની ક્રિયા કરનારા હોય છે, છતાં અનાદિ પ્રમાદના સ્વભાવને કારણે અનિયત ઇન્દ્રિયવાળા હોય છે. તેથી નિમિત્તોને પામીને ઇન્દ્રિયો પોતાનો પ્રતિભાવ બતાવે છે. તેથી કોઈક રીતે કાંઈક ઉત્તરગુણમાં વિરાધના કરે છે. તેથી તેઓ પ્રતિસેવના-કુશીલ છે, તોપણ પ્રધાનરૂપે સંયમના ગુણસ્થાનકને અનુકૂળ યત્ન કરનારા હોય છે.

(૩-બ) કષાયકુશીલનિર્ગ્રંથ :-

જે સાધુઓ અપ્રમાદથી સંયમમાં યત્ન કરનારા છે અને કોઈ અતિચાર સેવતા નથી એવા સાધુઓને જ્યાં સુધી સંજ્વલન પણ કષાયનો ઉદય છે ત્યાં સુધી તેઓ કષાયકુશીલનિર્ગ્રંથ કહેવાય છે.

(૪) નિર્ગ્રંથનિર્ગ્રંથ :-

વળી જેઓ વીતરાગ થયા છે, પરંતુ હજુ છદ્મસ્થપણામાં છે તેવા ક્ષીણમોહગુણસ્થાનકવર્તી અને ઉપશાંતમોહગુણસ્થાનકવર્તી મહાત્માઓ ઈર્યાપથને પામેલા નિર્ગ્રંથ છે.

ઈર્યાપથનો અર્થ કરે છે –

મન-વચન-કાયાના યોગોરૂપ જે સંયમનો પંથ છે, તે ઈર્યાપથ છે. આ ઈર્યાપથને પામેલા અર્થાત્ કષાયનો સર્વથા જેમણે ઉચ્છેદ કર્યો છે કે કષાયનો સર્વથા જેમણે ઉપશમ કર્યો છે તે નિર્ગ્રંથનિર્ગ્રંથ છે.

(૫) સ્નાતકનિર્ગ્રંથ :-

સંયમરૂપ સ્નાન કરીને ઘાતિકર્મોરૂપી મળથી શુદ્ધ થયેલા સયોગીકેવલીને અને અયોગીકેવલીને સ્નાતકનિર્ગ્રંથ કહેવાય છે. **॥૯/૪૮॥**

સૂત્ર :-

संयमश्रुतप्रतिसेवनातीर्थलिङ्गलेश्योपपातस्थानविकल्पतः साध्याः ।।૯/૪૯।।

સૂત્રાર્થ :-

સંયમ, શ્રુત, પ્રતિસેવના, તીર્થ, લિંગ, લેશ્યા, ઉપપાત અને સ્થાનના વિકલ્પથી સાધ્ય છે=પુલાક આદિ પાંચ નિર્ગ્રંથોનું સ્વરૂપ બોધ કરવા યોગ્ય છે. ॥૯/૪૯॥

ભાષ્ય :-

एते पुलाकादयः पञ्च निर्ग्रन्थविशेषाः एभिः संयमादिभिरनुयोगविकल्पैः साध्या भवन्ति । तद्यथा — संयमः । कः कस्मिन् संयमे भवतीति ? उच्यते — पुलाकबकुशप्रतिसेवनाकुशीला द्वयोः संयमयोः=सामायिके छेदोपस्थाप्ये च, कषायकुशीलो द्वयोः परिहारविशुद्धौ सूक्ष्मसंपराये च, निर्ग्रन्थस्नातकौ एकस्मिन् यथाख्यातसंयमे ।

ભાષ્યાર્થ :-

एते ..... यथाख्यातसंयमे ।। આ પુલાક આદિ પાંચ નિર્ગ્રંથવિશેષો આ સંયમ આદિ અનુયોગના વિકલ્પોથી=બોધ કરવાના વિકલ્પોથી, સાધ્ય છે. તે આ પ્રમાણે —

સંયમ. કોણ કયા સંયમમાં છે ? ઉત્તર અપાય છે —

પુલાક, બકુશ, પ્રતિસેવનાકુશીલ (આત્મક ત્રણ નિર્ગ્રંથો) બે સંયમમાં=સામાયિકસંયમમાં અને છેદોપસ્થાપ્યસંયમમાં, હોય છે. કષાયકુશીલો બે સંયમમાં=સામાયિકસંયમમાં અને છેદોપસ્થાપ્ય-સંયમમાં, તથા પરિહારવિશુદ્ધિસંયમમાં અને સૂક્ષ્મસંપરાયસંયમમાં હોય છે. નિર્ગ્રંથ અને સ્નાતક એક યથાખ્યાતસંયમમાં હોય છે. ।।

ભાવાર્થ :-

પુલાકનિર્ગ્રંથ આદિ પાંચનું સંયમદ્વાર :-

પાંચ નિર્ગ્રંથોમાંથી પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ સામાયિક અને છેદોપસ્થાપ્ય એ બે સંયમમાં હોય છે. પહેલા અને છેલ્લા તીર્થંકરને છોડીને બાવીશ તીર્થંકરના કાળમાં પુલાક આદિ ત્રણ નિર્ગ્રંથો સામાયિકસંયમમાં હોય છે જ્યારે પહેલા તથા છેલ્લા તીર્થંકરના કાળમાં વડીદીક્ષા પૂર્વે સામાયિકસંયમમાં અને વડીદીક્ષા પછી છેદોપસ્થાપ્યસંયમમાં આ પુલાક આદિ ત્રણ નિર્ગ્રંથો હોય છે.

વળી કષાયકુશીલ અતિચાર વગર સંયમ પાળનારા મહાત્માઓ હોય છે. તેથી તેઓ સામાયિકચારિત્રમાં કે છેદોપસ્થાપ્યચારિત્રમાં પણ હોઈ શકે છે. આવો અર્થ 'द्वयोः' શબ્દમાંથી ગ્રહણ કરેલ છે; કેમ કે સ્થાનદ્વારમા સર્વ જઘન્ય સંયમસ્થાનો કષાયકુશીલને હોય છે તેમ કહેલ છે. તેથી કષાયકુશીલથી પરિહાર-વિશુદ્ધિસંયમવાળા અને સૂક્ષ્મસંપરાયસંયમવાળા મહાત્માઓને જ માત્ર ગ્રહણ કરવામાં આવે તો સર્વ જઘન્યસ્થાન સંગત થાય નહીં. જે મહાત્માઓ સંયમ ગ્રહણ કર્યા પછી અતિચારોને સેવતા નથી, પરંતુ અપ્રમાદથી સંયમમાં ઉદ્યમ કરનારા છે, તેઓ સંયમની આદ્ય ભૂમિકામાં સંયમના જઘન્યસ્થાનમાં હોઈ શકે છે. તે વખતે તેઓ સામાયિકસંયમમાં કે છેદોપસ્થાપ્યસંયમમાં હોય છે. પરિહારવિશુદ્ધિસંયમવાળા અને સૂક્ષ્મસંપરાયસંયમવાળા મહાત્માઓ કષાયકુશીલ જ હોય છે.

વળી અગિયારમા-બારમા ગુણસ્થાનકમાં રહેલા નિર્ગ્રંથનિર્ગ્રંથો અને કેવલી એવા સ્નાતકનિર્ગ્રંથો યથાખ્યાત-

સંયમમાં હોય છે અર્થાત્ જે પ્રમાણે સંપૂર્ણ કષાય રહિત સંયમ ભગવાને કહ્યું છે તે પ્રમાણેના પૂર્ણ સંયમમાં હોય છે. ॥

ભાષ્ય :-

श्रुतम् । पुलाकबकुशप्रतिसेवनाकुशीला उत्कृष्टेनाभिन्नाक्षरदशपूर्वधराः । कषायकुशीलनिर्ग्रन्थौ चतुर्दशपूर्वधरौ । जघन्येन पुलाकस्य श्रुतमाचारवस्तु । बकुशकुशीलनिर्ग्रन्थानां श्रुतमष्टौ प्रवचनमातरः । श्रुतापगतः केवली स्नातक इति ।

ભાષ્યાર્થ :-

श्रुतम् ..... इति ।। શ્રુત. પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ મુનિઓ ઉત્કૃષ્ટથી અભિન્ન અક્ષરવાળા દશપૂર્વધર હોય છે=એક પણ અક્ષરથી ન્યૂનતા વગરના પૂર્ણ દશપૂર્વધર હોય છે. કષાયકુશીલ અને નિર્ગ્રંથ એ બે (ઉત્કૃષ્ટથી) ચૌદપૂર્વધર હોય છે. પુલાકને જઘન્યથી શ્રુત આચારવસ્તુ સુધી હોય છે=નવમા પૂર્વના આચારવસ્તુ સુધી હોય છે. બકુશ, કુશીલ, નિર્ગ્રંથોને=બકુશનિર્ગ્રંથોને, કુશીલનિર્ગ્રંથોને અને નિર્ગ્રંથનિર્ગ્રંથોને, જઘન્યથી શ્રુત આઠ પ્રવચનમાતાનું હોય છે. શ્રુતાપગત=શ્રુતજ્ઞાનથી રહિત, સ્નાતકનિર્ગ્રંથો કેવલી હોય છે.

'इति' શબ્દ શ્રુતદ્વારની સમાપ્તિ અર્થે છે. ॥

ભાવાર્થ :-

પુલાકનિર્ગ્રંથ આદિ પાંચનું શ્રુતદ્વાર :-

સૂત્ર-૪૯માં પાંચ નિર્ગ્રંથો બતાવ્યા તે પાંચે ભાવથી નિર્ગ્રંથભાવને સ્પર્શનારા છે. તેઓમાંથી કોને કેટલું શ્રુતજ્ઞાન હોય છે ? તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

(૧) પુલાકનિર્ગ્રંથ :-

પુલાકસાધુઓને ઉત્કૃષ્ટથી પૂર્ણ દશપૂર્વ હોય છે અને જઘન્યથી નવમા પૂર્વમાં આચારવસ્તુરૂપ ત્રીજી વસ્તુનું જ્ઞાન હોય છે.

પુલાકસાધુ વિશિષ્ટ શ્રુતવાળા હોવાને કારણે જિનોક્ત આગમથી સતત અપ્રતિપાતિ છે તેમ કહ્યું, તે સંગત થાય છે; કેમ કે તેઓ બહુશ્રુત હોવાથી સતત સંસારના ઉચ્છેદ માટે જિનવચન અનુસાર યત્ન કરનારા હોય છે. ફક્ત પ્રતિસેવનાકાળમાં અતિ નીચેના સંયમના કંડકોમાં હોય છે તેને આશ્રયીને તેમના સંયમને પુલાક શબ્દથી દર્શાવ્યું છે. તેમનામાં તુચ્છ સંયમ છે અર્થાત્ અતિ અલ્પ માત્રાનું સંયમ છે, તે બતાવવા માટે તેમને પુલાકનિર્ગ્રંથ કહેલ છે.

(૨) બકુશનિર્ગ્રંથ અને પ્રતિસેવનાકુશીલનિર્ગ્રંથ :-

બકુશનિર્ગ્રંથ અને પ્રતિસેવનાકુશીલનિર્ગ્રંથ પણ ઉત્કૃષ્ટથી દશ પૂર્વધર હોય છે. તેથી બહુલતાએ તેઓ

પ્રતિસેવના કરતા નથી, છતાં નિમિત્તને પામીને બકુશનિર્ગ્રંથ પ્રાયોગ્ય પ્રમાદનું સેવન થાય ત્યારે બકુશનિર્ગ્રંથ-પણાની પ્રાપ્તિ થાય છે અને નિમિત્તને પામીને પ્રતિસેવનાકુશીલ યોગ્ય પ્રતિસેવનાનું સેવન થાય ત્યારે પ્રતિસેવનાકુશીલપણાની પ્રાપ્તિ થાય છે. શેષકાળમાં તેવી કોઈ આચરણા ન હોય તોપણ તે સાધુઓ બકુશનિર્ગ્રંથ કે પ્રતિસેવનાકુશીલનિર્ગ્રંથ કહેવાય છે. જેમ શ્રુતકેવલી પૂ. શ્રી સ્થૂલિભદ્રજી દશ પૂર્વધર હતા, છતાં બહેનો પાસે પોતાની ઋદ્ધિ બતાવવાની કામનાવાળા થયા તે અપેક્ષાએ તેઓ બકુશનિર્ગ્રંથ કહેવાય. બકુશનિર્ગ્રંથ અને પ્રતિસેવનાકુશીલનિર્ગ્રંથ બહુલતાએ જિનવચન અનુસાર પ્રવૃત્તિ કરનારા હોય છે.

વળી બકુશનિર્ગ્રંથ અને કુશીલનિર્ગ્રંથોને જઘન્યથી તત્ત્વને સ્પર્શે તેવું અષ્ટ પ્રવચનમાતાનું જ્ઞાન હોય છે. આથી જ સંયમગ્રહણ બાદ જે સાધુઓ સંપૂર્ણ અતિચારના પરિહારપૂર્વક સંયમમાં યત્ન કરી શકતા નથી તેઓ બકુશ અને પ્રતિસેવનાકુશીલ છે. અષ્ટપ્રવચનમાતાના તાત્ત્વિક બોધવાળા એવા તે સાધુઓ શક્તિ અનુસાર અષ્ટપ્રવચનમાતાનું સેવન કરે તે વખતે સામાયિકચારિત્રમાં કે છેદોપસ્થાપ્યચારિત્રમાં વર્તે છે અને સંયમના પર્યાય અનુસાર ક્રમસર તે તે શ્રુતનું અધ્યયન કરીને સ્વશક્તિ અનુસાર બહુશ્રુત બને છે.

આનાથી એ ફલિત થાય કે જીવનમાં અષ્ટપ્રવચનમાતાનો પરિણામને સ્પર્શે તે રીતે જેઓને બોધ નથી, તેઓને ભાવથી સંયમ નથી. સાધુને જઘન્યથી પણ પોતાને માટે સેવનીય એવી ત્રણ ગુપ્તિનો સ્પષ્ટ બોધ હોવો જ જોઈએ, જેના બળથી સાધુ મોહની સામે સુભટની જેમ લડી શકે તથા પાંચ સમિતિઓનો મર્મસ્પર્શી બોધ જોઈએ, જેના બળથી કંટકાકીર્ણ ભૂમિમાં ગમનની જેમ યતનાપૂર્વક ભિક્ષા આદિ સંયમનાં સર્વ ઉચિત કૃત્યો કરી શકે.

(૩) કષાયકુશીલનિર્ગ્રંથ :-

વળી કષાયકુશીલનિર્ગ્રંથને ઉત્કૃષ્ટથી ચૌદ પૂર્વનું જ્ઞાન હોય છે. તેઓ કોઈ પ્રતિસેવના સેવતા નથી અને જિનવચન અનુસાર અપ્રમાદથી સર્વ કૃત્યો કરે છે. તેઓનું ચારિત્ર વીતરાગતાની પ્રાપ્તિ પૂર્વે સંજ્વલનકષાયના ઉદયવાળું હોવાથી કુશીલચારિત્ર છે. સંજ્વલનકષાય જિનવચનથી નિયંત્રિત હોવાને કારણે પ્રતિસેવના નથી, છતાં કષાયનો અભાવ નહીં હોવાને કારણે કુશીલતા વગરનું ચારિત્ર નથી.

વળી, કષાયકુશીલનિર્ગ્રંથને જઘન્ય શ્રુત અષ્ટપ્રવચનમાતાનું હોય છે. જેઓ સંયમગ્રહણથી માંડીને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં સ્ખલના વગર યત્ન કરનારા છે, માટે બકુશ કે પ્રતિસેવનાકુશીલ નથી, તેઓ જિનવચનથી નિયંત્રિત કષાયવાળા હોવાથી કષાયકુશીલ છે. આથી જ કષાયકુશીલને પ્રતિસેવનાકુશીલની જેમ નિમિત્તને પામીને ઇન્દ્રિયોનું અનિયંત્રણ નથી, તેઓ સતત સંવૃત ગાત્રવાળા થઈને સંયમમાં ઉદ્યમ કરનારા છે. સંયમની આદ્ય ભૂમિકામાં રહેલ કષાયકુશીલનિર્ગ્રંથો સંયમના નીચા કંડકોમાં હોય છે જ્યારે ચૌદપૂર્વધરાદિ બનેલા કષાયકુશીલનિર્ગ્રંથો સંયમના ઊંચા કંડકોમાં વર્તે છે. તેઓ સંયમગ્રહણથી માંડીને નવું નવું શ્રુત ભણીને સંયમના કંડકોની જ વૃદ્ધિ કરે છે. આથી જ માષતુષ મુનિની જેમ જીવનમાં પ્રતિસેવનાનો પ્રસંગ બને તેવી પ્રકૃતિ ન હોય અને ઇન્દ્રિય ઉપર પૂર્ણ નિયંત્રણ હોય કે શરીરવિભૂષા આદિ અનુવર્તીપણું ન હોય તેવા સાધુ, ચૌદપૂર્વધર ન હોવા છતાં તેમનો કષાયકુશીલમાં અંતર્ભાવ થવાનો સંભવ રહે છે.

જઘન્ય શ્રુત તરીકે અષ્ટપ્રવચનમાતાનું જ્ઞાન ધારણ કરનારા બકુશનિર્ગ્રંથ પણ છે, પ્રતિસેવનાકુશીલ પણ છે અને કષાયકુશીલ પણ છે, છતાં અષ્ટપ્રવચનમાતાના સેવનથી નિર્ગ્રંથભાવ પ્રત્યે જનારા એવા તેઓમાં બકુશસાધુઓ નિમિત્તને પામીને શરીરની વિભૂષા કરે છે, ઉપકરણની વિભૂષા પણ કરે છે અને ક્યારેક ઋદ્ધિ-યશની કામનાવાળા પણ બને છે.

વળી, પ્રતિસેવનાકુશીલ સાધુઓ બકુશ મહાત્માઓની જેમ શરીર-વિભૂષા આદિ કરતા નથી અને શક્તિ અનુસાર નિર્ગ્રંથભાવ પ્રત્યે જવા યત્ન કરે છે તોપણ ઇન્દ્રિયો ઉપરનું નિયંત્રણ નિમિત્તને પામીને સ્ખલના પામે છે, તેથી તેઓ ઉત્તરગુણની વિરાધના કરે છે.

વળી, કષાયકુશીલ સાધુઓ જ્યારે જઘન્યથી અષ્ટપ્રવચનમાતાવાળા હોય છે ત્યારે પણ શરીરવિભૂષા આદિ કરતા નથી, ઇન્દ્રિયો ઉપર નિયંત્રણવાળા છે અને કષાયોના ઉચ્છેદ માટે સદા ઉદ્યમવાળા હોવા છતાં કષાયોનું સર્વથા ઉન્મૂલન કરી શકતા નથી.

વળી, બકુશ, પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ એવા સર્વ મહાત્માઓ સતત સ્વશક્તિ અનુસાર નવું નવું શ્રુત ભણીને નિર્ગ્રંથભાવને પ્રગટ કરવા યત્ન કરે છે.

(૪) નિર્ગ્રંથનિર્ગ્રંથ :-

નિર્ગ્રંથનિર્ગ્રંથ સાધુ અગિયારમા, બારમા ગુણસ્થાનકે હોય છે. તેઓ ઉત્કૃષ્ટથી ચૌદપૂર્વ ભણેલા હોઈ શકે અને જઘન્યથી અષ્ટપ્રવચનમાતાના બોધવાળા હોઈ શકે; આમ છતાં શ્રેણિ માંડીને વીતરાગ થાય છે ત્યારે તેઓને અર્થથી ચૌદ પૂર્વનું જ્ઞાન થયેલું હોય છે. ફક્ત અધ્યયન કરીને શ્રુતની પ્રાપ્તિ જેઓને જઘન્યથી અષ્ટપ્રવચનમાતાની છે અને કોઈક નિમિત્તથી ઉલ્લસિત થયેલા વીર્યવાળા હોવાથી ક્ષપકશ્રેણિ માંડીને વીતરાગ થયા છે તેઓને અધ્યયનની મર્યાદાનુસાર જઘન્ય એવું અષ્ટપ્રવચનમાતાનું શ્રુત હોઈ શકે. જેમ ગૌતમસ્વામીથી પ્રતિબોધ પામેલા ૧૫૦૦ તાપસોને ગૌતમસ્વામીના ઉપદેશના બળથી અષ્ટપ્રવચનમાતાનો બોધ થયેલો, તેઓ ક્ષપકશ્રેણિને માંડીને બારમા ગુણસ્થાનકને પામ્યા ત્યારે ક્ષપકશ્રેણિની પ્રાપ્તિ પૂર્વે મતિ આદિ ચારજ્ઞાનોના પ્રકર્ષના ઉત્તરભાવિ એવું પ્રાતિભજ્ઞાન થયેલું, છતાં અધ્યયનની દૃષ્ટિએ અષ્ટપ્રવચન-માતાના શ્રુતના બોધવાળા હતા. તેથી નિર્ગ્રંથનિર્ગ્રંથને પણ=અગિયારમા અને બારમા ગુણસ્થાનકમાં રહેલા નિર્ગ્રંથનિર્ગ્રંથને પણ, ભાષ્યકારશ્રીએ જઘન્ય શ્રુત અષ્ટપ્રવચનમાતા સ્વીકારેલ છે.

(૫) શ્રુતજ્ઞાનથી પર એવા સ્નાતકનિર્ગ્રંથ :-

સ્નાતકનિર્ગ્રંથ કેવલી છે, જેઓ શ્રુતજ્ઞાનથી પર છે. તેથી સ્નાતકનિર્ગ્રંથને શ્રુતજ્ઞાન નથી.

અહીં સ્નાતકને આશ્રયીને પૂર્વના શ્રુતની વિવક્ષા કરી નથી, જ્યારે નિર્ગ્રંથનિર્ગ્રંથને આશ્રયીને કરેલ છે. નિર્ગ્રંથનિર્ગ્રંથ શ્રુતના ઉપયોગવાળા છે. તેથી પૂર્વના અધ્યયન કરાયેલા શ્રુતને આશ્રયીને તેમને અષ્ટપ્રવચન-માતાનું શ્રુત સ્વીકારેલ છે, પરંતુ પ્રાતિભજ્ઞાનકાળમાં ચૌદપૂર્વધર તુલ્ય અર્થથી શ્રુતનો બોધ થાય છે તેની પ્રસ્તુતમાં ભાષ્યકારશ્રીએ વિવક્ષા કરેલ નથી. ॥

ભાષ્ય :-

प्रतिसेवना । पञ्चानां मूलगुणानां रात्रिभोजनविरतिषष्ठानां पराभियोगाद् बलात्कारेणान्यतमं प्रतिसेवमानः पुलाको भवति । मैथुनमित्येके । बकुशो द्विविधः — उपकरणबकुशः १, शरीरबकुशश्च २, तत्रोपकरणाभिष्वक्तचित्तो विविधविचित्रमहाधनोपकरणपरिग्रहयुक्तो बहुविशेषोपकरणाकांक्षायुक्तो नित्यं तत्प्रतिसंस्कारसेवी भिक्षुरुपकरणबकुशो भवति, शरीराभिष्वक्तचित्तो विभूषार्थं तत्प्रतिसंस्कारसेवी शरीरबकुशः, प्रतिसेवनाकुशीलो मूलगुणानविराधयन्नुत्तरगुणेषु काञ्चिद्विराधनां प्रतिसेवते, कषायकुशीलनिर्ग्रन्थस्नातकानां प्रतिसेवना नास्ति ।

ભાષ્યાર્થ :-

प्रतिसेवना ..... नास्ति ।। પ્રતિસેવના. પાંચ મૂલગુણોની અને છઠ્ઠા રાત્રિભોજનવિરતિની પરના અભિયોગને કારણે બલાત્કારથી અન્યતમને પ્રતિસેવન કરતા=પાંચ મહાવ્રત અને છઠ્ઠા રાત્રિભોજનવિરમણમાંથી અન્યતમની પ્રતિસેવના કરતા પુલાક થાય છે. અથવા એક આચાર્ય મૈથુનના પ્રતિસેવકને જ પુલાક કહે છે.

બકુશ બે પ્રકારના છે : (૧) ઉપકરણબકુશ અને (૨) શરીરબકુશ. ત્યાં=બે પ્રકારના બકુશમાં, ઉપકરણમાં રાગ યુક્ત ચિત્તવાળા, વિવિધ અને વિચિત્ર મહાધનવાળા ઉપકરણના પરિગ્રહથી યુક્ત, બહુવિશેષ ઉપકરણની કાંક્ષાથી યુક્ત, નિત્ય તત્ પ્રતિસંસ્કારના સેવી=ઉપકરણની સુંદરતાને કરનાર એવો ભિક્ષુ ઉપકરણબકુશ થાય છે. શરીરમાં અભિષ્વક્ત ચિત્તવાળા, વિભૂષા માટે તેના પ્રતિસંસ્કારને સેવનારા શરીરબકુશ છે.

પ્રતિસેવનાકુશીલ મૂલગુણોને નહીં વિરાધતા અને ઉત્તરગુણોમાં કેટલીક વિરાધનાનું પ્રતિસેવન કરે છે. કષાયકુશીલને, નિર્ગ્રંથને અને સ્નાતકને=કષાયકુશીલને, નિર્ગ્રંથનિર્ગ્રંથને અને સ્નાતકનિર્ગ્રંથને, પ્રતિસેવના નથી. ।।

ભાવાર્થ :-

પુલાકનિર્ગ્રંથ આદિ પાંચનું પ્રતિસેવનાદ્વાર :-

પૂર્વમાં પાંચ પ્રકારના નિર્ગ્રંથો બતાવ્યા. તેમાંથી કયા નિર્ગ્રંથને કેવા પ્રકારની પ્રતિસેવના છે ? અને કોને પ્રતિસેવના નથી ? તે સ્પષ્ટ કરે છે –

(૧) પુલાકનિર્ગ્રંથ :-

પુલાકનિર્ગ્રંથોને પાંચ મહાવ્રત અને છઠ્ઠા રાત્રિભોજનરૂપ મૂલગુણોની પ્રતિસેવના પરાભિયોગથી બળાત્કાર દ્વારા જ થાય છે, અન્યથા થતી નથી.

તેથી એ પ્રાપ્ત થાય કે પુલાકનિર્ગ્રંથો જિનોક્ત આગમથી સતત અપ્રતિપાતિ હોવાને કારણે પ્રમાદવશ

ઉત્તરગુણની પણ વિરાધના કરતા નથી અને મૂલગુણની વિરાધના પણ કરતા નથી; વળી કોઈ વ્યક્તિનું દબાણ હોય તેટલા માત્રથી પણ મૂલગુણ કે ઉત્તરગુણની વિરાધના કરતા નથી; પરંતુ કોઈ બળાત્કારથી કરાવે ત્યારે મૂલગુણને આશ્રયીને પ્રતિસેવના તેઓને પ્રાપ્ત થાય છે. તે વખતે વિપરીત આચરણાના કારણે અને ભગવાનના વચન પ્રત્યેનો પક્ષપાત હોવાને કારણે જઘન્ય સંયમસ્થાનોની પ્રાપ્તિ થાય છે. તે સિવાય પુલાકનિર્ગ્રંથો જિનવચન અનુસાર સતત પ્રયત્ન કરનારા હોવાથી સુવિશુદ્ધ ચારિત્રવાળા જ છે.

કેટલાક આચાર્યોએ પુલાકનિર્ગ્રંથોને પરના અભિયોગથી બલાત્કાર દ્વારા મૈથુનની પ્રતિસેવના સ્વીકારી છે. તેથી તે વખતે તેઓ જઘન્ય સંયમસ્થાનમાં પ્રાપ્ત થાય છે, તેને આશ્રયીને જ તે મહાત્માઓને પુલાક કહેવામાં આવે છે.

(૨) બકુશનિર્ગ્રંથ :-

વળી બકુશનિર્ગ્રંથ બે પ્રકારના છે : (૧) ઉપકરણબકુશ અને (૨) શરીરબકુશ.

ઉપકરણબકુશ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હોય છે અર્થાત્ સંપૂર્ણ સંગ વગરની ઉત્તમ અવસ્થા પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ હોય છે, છતાં અનાદિના અભ્યાસને કારણે ક્યારેક ઉપકરણમાં રાગયુક્ત ચિત્તવાળા બને છે તો ક્યારેક વિવિધ પ્રકારના મહાધનથી પ્રાપ્ત થાય તેવા વિચિત્ર ઉપકરણના પરિગ્રહથી યુક્ત બને છે, તો ક્યારેક વિશેષ ઉપકરણોની ઇચ્છાવાળા પણ બને છે. વળી નિત્ય તેના પ્રતિસંસ્કારને સેવનારા હોય છે. અહી 'નિત્ય' શબ્દ કૃત્યને આશ્રયીને નથી, પરંતુ તેવા પ્રકારની પ્રકૃતિ નિત્ય વિદ્યમાન હોય છે, તેને આશ્રયીને છે. તેથી નિમિત્તને પામીને બકુશ મુનિ વસ્ત્રાદિ પ્રતિ સંસ્કારોને કરે છે, એ પ્રકારનો અર્થ ગુરુતત્ત્વવિનિશ્ચય ગ્રંથમાં પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજાએ કર્યો છે.

બકુશને પણ પ્રતિસેવના સંભવમાત્રને આશ્રયીને છે; કેમ કે મુખ્યરૂપે તે મહાત્માઓ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હોય છે. જો આવું સ્વીકારવામાં ન આવે તો પરિગ્રહધારી પાર્શ્વસ્થકુગુરુ આદિ તુલ્ય તેઓને સ્વીકારવાની આપત્તિ આવે છે.

(i) ઉપકરણબકુશનિર્ગ્રંથ :-

વર્તમાનમાં પણ જે સાધુ પાક્ષિકસૂત્રમાં કહેલ 'आलयविहारसमिओ, जुत्तो गुत्तो' ઇત્યાદિ સંયમયોગમાં શાસ્ત્રવિધિ અનુસાર ઉદ્યમવાળા હોય, જઘન્યથી અષ્ટપ્રવચનમાતાના સૂક્ષ્મ સ્વરૂપને જાણનારા હોય અને નિત્ય સૂત્રપોરિસી-અર્થપોરિસી આદિ કરીને શ્રુતથી આત્માને વાસિત કરતા હોય તથા તેના બળથી નિર્ગ્રંથભાવ પ્રત્યે જવાના ઉદ્યમવાળા હોય, છતાં પ્રમાદને વશ ઉપકરણાદિમાં રાગના ચિત્તવાળા આદિ થતા હોય તેના બળથી નક્કી કરી શકાય કે આ ઉપકરણબકુશસાધુ છે. જેઓ માત્ર ઉપકરણ આદિમાં આસક્ત ચિત્તવાળા છે અને નિર્ગ્રંથભાવ પ્રત્યે જનારા નથી તેઓ પાર્શ્વસ્થકુગુરુ આદિ ભેદમાંના કોઈક પ્રકારના કુસાધુ છે તેમ નક્કી થાય.

(ii) શરીરબકુશનિર્ગ્રંથ :-

વળી, કેટલાક બકુશસાધુઓ ઉપકરણ પ્રત્યે રાગવાળા નથી પરંતુ શરીર પ્રત્યે મમત્વવાળા છે, તેથી શરીરની વિભૂષા માટે તેના પ્રતિસંસ્કારોને સેવે છે અર્થાત્ શરીર પ્રત્યેના રાગના કારણે ક્યારેક શાતાર્થે યત્ન કરે છે અને ક્યારેક શરીર પુષ્ટ થાય એવો યત્ન કરે છે તો ક્યારેક શરીરના મલાદિ દૂર કરીને સ્વચ્છ રહેવા માટે યત્ન કરે છે; આમ છતાં નિર્ગ્રંથભાવ પ્રત્યે સતત પ્રસ્થિત હોવાને કારણે આલય-વિહાર આદિમાં ઉચિત યત્ન કરીને સંયમના કંડકો વધારે છે. આવા સાધુ શરીરબકુશ છે.

(૩-અ) પ્રતિસેવનાકુશીલનિર્ગ્રંથ :-

વળી કેટલાક સાધુઓ પ્રતિસેવનાકુશીલ હોય છે. તેઓ નિર્ગ્રંથભાવ પ્રત્યે સતત ઉદ્યમવાળા હોય છે અને મૂલગુણોની ક્યારેય વિરાધના કરતા નથી, ફક્ત ઉત્તરગુણોમાં કોઈક વિરાધનાને સેવે છે; કેમ કે ઇન્દ્રિયો ઉપર કાંઈક સંયમ હોવા છતાં નિમિત્તને પામીને અસંયમવાળા થવાથી ઉત્તરગુણમાં સ્ખલના પામે છે; આમ છતાં, સ્વશક્તિ અનુસાર આલય-વિહાર આદિમાં ઉચિત ઉદ્યમ કરીને નિર્લેપભાવને પ્રગટ કરવાના યત્ન-વાળા છે, તેથી પ્રતિસેવનાકુશીલ પણ સુસાધુ છે તેમ નક્કી થાય છે.

કષાયકુશીલ, નિર્ગ્રંથનિર્ગ્રંથ અને સ્નાતક ત્રણેને પ્રતિસેવના નથી.

(૩-બ) કષાયકુશીલનિર્ગ્રંથ :-

જેઓ મૂલગુણ અને ઉત્તરગુણની લેશ પણ સ્ખલના વગર અપ્રમાદથી સમિતિ-ગુપ્તિમાં યત્ન કરનારા છે તેઓ જ્યાં સુધી સંજ્વલનકષાયના ઉદયવાળા છે ત્યાં સુધી કષાયકુશીલ છે અર્થાત્ સંજ્વલનકષાયના કારણે આત્માનું કુત્સિત સ્વરૂપ હોવા છતાં મૂલગુણ અને ઉત્તરગુણની પ્રતિસેવનાને કારણે આત્માનું સ્વરૂપ લેશ પણ કુત્સિત નથી. શક્તિ અનુસાર મૂલગુણ અને ઉત્તરગુણને સેવીને નિર્ગ્રંથભાવ પ્રત્યે જ સતત પ્રસ્થિત હોય તેવા સાધુ કષાયકુશીલ છે, જે ભાવસાધુ છે.

(૪) નિર્ગ્રંથનિર્ગ્રંથ :-

વળી નિર્ગ્રંથનિર્ગ્રંથ અગિયારમા અને બારમા ગુણસ્થાનકવાળા વીતરાગ છે. તેઓને કોઈ કષાય પણ નથી અને પ્રતિસેવના પણ નથી, પરંતુ પૂર્ણ નિર્ગ્રંથભાવ છે. પુલાક, બકુશ અને કુશીલ મહાત્માઓ સંપૂર્ણ નિર્ગ્રંથભાવને પામેલા ન હોવા છતાં નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે, તેથી તેઓને "क्रियमाणं कृतं" એ ન્યાયે નિર્ગ્રંથ કહેવાય છે, જ્યારે બારમા ગુણસ્થાનકવાળા મહાત્માઓનું નામ નિર્ગ્રંથ જ છે.

(૫) સ્નાતકનિર્ગ્રંથ :-

વળી જેઓએ ઘાતિકર્મનો નાશ કરીને યથાખ્યાતસંયમરૂપ સ્નાન કર્યું છે અર્થાત્ આત્માને મલિન કરનારા ઘાતિકર્મ રૂપી મળને દૂર કર્યો છે તેઓ સ્નાતક છે. જોકે નિર્ગ્રંથનિર્ગ્રંથ પણ વીતરાગ હોવાથી મોહના મળ વગરના છે તોપણ બધાં ઘાતિકર્મો દૂર કર્યાં નથી, તેથી તેઓ ઘાતિકર્મરૂપ ભાવમળવાળા છે,

માટે તેઓ સ્નાતક નથી. સ્નાતક મહાત્માઓ ઘાતિકર્મના ભાવમલ વગરના છે. તેરમા-ચૌદમા ગુણસ્થાનકમાં રહેલા કેવલી સ્નાતકનિર્ગ્રંથ છે. તેઓને કષાય અને ઘાતિકર્મો નહીં હોવાથી કોઈ પ્રકારની પ્રતિસેવના નથી. ॥

ભાષ્ય :-

तीर्थम् । सर्वे सर्वेषां तीर्थकराणां तीर्थेषु भवन्ति । एके त्वाचार्या मन्यन्ते – पुलाकबकुशप्रतिसेवनाकुशीलास्तीर्थे नित्यं भवन्ति, शेषास्तीर्थे वा अतीर्थे वा ।

ભાષ્યાર્થ :-

तीर्थम् ..... वा । तीर्थ. सर्वे=पुलाकादि पांच पण निर्ग्रंथो, सर्व तीर्थंकरोना तीर्थोमां होय छे. वळी एक आचार्यो=भाष्यकारना मतथी अन्य मतवाळा केटलाक आचार्यो, माने छे के पुलाक, बकुश, प्रतिसेवनाकुशील साधुओ तीर्थमां नित्य होय छे, शेष=कषायकुशील, निर्ग्रंथ अने स्नातक, तीर्थमां के अतीर्थमां होय छे. ॥

ભાવાર્થ :-

'તીર્થ'દ્વાર આશ્રયીને પુલાકાદિ પાંચ નિર્ગ્રંથો બતાવે છે –

પુલાકનિર્ગ્રંથ આદિ પાંચનું તીર્થદ્વાર :-

પુલાક આદિ પાંચ નિર્ગ્રંથો સર્વ તીર્થંકરોના તીર્થમાં હોય છે. તેથી એ ફલિત થાય કે તીર્થંકરો દ્વારા તીર્થની સ્થાપના કર્યા પછી પુલાકાદિ પાંચે પ્રકારના નિર્ગ્રંથો પ્રાપ્ત થઈ શકે છે; છતાં તીર્થના પ્રારંભથી માંડીને અંત સુધી સદા પાંચે નિર્ગ્રંથો પ્રાપ્ત થાય જ, તેવો નિયમ બાંધી શકાય નહીં; કેમ કે વીર ભગવાનના તીર્થમાં પણ પુલાકનિર્ગ્રંથ, નિર્ગ્રંથનિર્ગ્રંથ, અને સ્નાતકનિર્ગ્રંથની વર્તમાનમાં પ્રાપ્તિ નથી.

પુલાકનિર્ગ્રંથ આદિ પાંચ વિષયક મતાંતર બતાવતાં કહે છે –

વળી અન્ય આચાર્યો કહે છે કે પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ તીર્થમાં હંમેશાં થાય છે. તેથી તીર્થંકરોથી સ્થાપન કરાયેલા તીર્થમાં પુલાકાદિ ત્રણની નિત્ય પ્રાપ્તિ હોય છે, જ્યારે કષાયકુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક એ ત્રણ નિર્ગ્રંથો તીર્થમાં પણ હોય છે અને અતીર્થમાં પણ હોય છે; કેમ કે તીર્થની સ્થાપના પૂર્વે મરુદેવા માતાદિ જીવોને બારમા ગુણસ્થાનકના પ્રાપ્તિકાળમાં નિર્ગ્રંથનિર્ગ્રંથપણાની અને કેવલજ્ઞાનના પ્રાપ્તિકાળમાં સ્નાતકનિર્ગ્રંથપણાની પ્રાપ્તિ છે. વળી, તીર્થની સ્થાપના પૂર્વે તીર્થંકરો દીક્ષા અવસ્થામાં હોય છે ત્યારે વીતરાગતાની પ્રાપ્તિ પૂર્વે તેઓ કષાયકુશીલનિર્ગ્રંથ હોય છે, ક્ષપકશ્રેણિમાં આરૂઢ થઈ બારમા ગુણસ્થાનકને પામે છે ત્યારે તેઓ નિર્ગ્રંથનિર્ગ્રંથ બને છે અને કેવળજ્ઞાનને પામે છે ત્યારે સ્નાતકનિર્ગ્રંથ થાય છે. વળી, મરુદેવા માતા વગેરેને સંયમનો સ્વીકાર નહીં હોવાથી કષાયકુશીલપણાની પ્રાપ્તિ નથી, છતાં ભાવથી ગુણસ્થાનકના ક્રમ દ્વારા ક્ષપકશ્રેણિમાં આરોહણ કરે છે તે વખતે ક્ષપકશ્રેણિની પૂર્વમાં છઠ્ઠા આદિ

ગુણસ્થાનકને સ્પર્શે છે ત્યારે કષાયકુશીલપણું આદિ સ્વીકારવામાં બાધ જણાતો નથી. વળી ગુરુતત્ત્વવિનિશ્ચય ગ્રંથમાં અન્ય લિંગમાં કે ગૃહસ્થલિંગમાં પણ બકુશ-કુશીલ ચારિત્રની પ્રાપ્તિ સ્વીકારી છે. ॥

ભાષ્ય :-

लिङ्गम् । लिङ्गम् द्विविधं – द्रव्यलिङ्गं भावलिङ्गं च । भावलिङ्गं प्रतीत्य सर्वे पञ्च निर्ग्रन्था भावलिङ्गे भवन्ति, द्रव्यलिङ्गं प्रतीत्य भाज्याः ।

ભાષ્યાર્થ :-

लिङ्गम् ..... भाज्याः ।। લિંગ. લિંગ બે પ્રકારનું છે. (૧) દ્રવ્યલિંગ અને (૨) ભાવલિંગ. ભાવલિંગને આશ્રયીને સર્વ પણ નિર્ગ્રંથો ભાવલિંગમાં હોય છે. દ્રવ્યલિંગને આશ્રયીને ભાજ્ય છે=ગુરુતત્ત્વવિનિશ્ચયના ચોથા ઉલ્લાસની ગાથા-૭૧ અનુસાર પુલાક આદિ પાંચે નિર્ગ્રંથો દ્રવ્યલિંગને આશ્રયીને સ્વલિંગમાં, પરલિંગમાં અને ગૃહસ્થના લિંગમાં હોય છે, એ પ્રમાણે દ્રવ્યલિંગને આશ્રયીને ભાજ્ય જાણવા. ॥

ભાવાર્થ :-

પુલાકનિર્ગ્રંથ આદિ પાંચનું લિંગદ્વાર :-

પુલાકાદિ પાંચે નિર્ગ્રંથોમાંથી પ્રથમના ત્રણ નિર્ગ્રંથો નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હોવાને કારણે ભાવલિંગવાળા હોય છે. તેથી એ પ્રાપ્ત થાય કે એ ત્રણે નિર્ગ્રંથો માત્ર સંજ્વલનકષાયના ઉદયથી જ અતિચારોને પામેલા હોય છે, અન્ય કષાયોના ઉદયથી નહીં. તેઓ સંસારના સર્વ ભાવો પ્રત્યે પ્રતિબંધ વગરના હોવાથી ગૃહસ્થને જેમ ધનાદિ પ્રત્યે સ્થિર રાગ વર્તે છે તેવો સ્થિર રાગ તેઓને કોઈ સ્થાનમાં નથી; પરંતુ નિર્ગ્રંથભાવ પ્રત્યે જ સ્થિર રાગ છે, છતાં નિમિત્તને પામીને ઈષદ્ જ્વલનાત્મક સંજ્વલનકષાયના ઉદયથી સંયમની વિપરીત આચરણા પણ ક્યારેક કરે છે તોપણ નિર્ગ્રંથભાવ પ્રત્યેના પ્રતિબંધને કારણે તેઓમાં ભાવલિંગ વર્તે છે.

વળી, સ્નાતકનિર્ગ્રંથ તથા નિર્ગ્રંથનિર્ગ્રંથ બંને મુનિઓ સંજ્વલનકષાય વગરના હોવાથી ભાવલિંગમાં પ્રતિષ્ઠિત છે.

વળી, દ્રવ્યલિંગને આશ્રયીને જેઓ સાધુવેશમાં છે તેઓમાં પાંચે પ્રકારના નિર્ગ્રંથભાવની પ્રાપ્તિ છે. વળી કેટલાક ગૃહસ્થ વેશમાં રહેલા છે અને કેટલાક અન્યદર્શનના સન્યાસીના વેશમાં રહેલા છે, તેઓને પણ તત્ત્વના પક્ષપાતના બળથી પાંચે પ્રકારના નિર્ગ્રંથભાવની પ્રાપ્તિ છે. આથી જ પ્રત્યેકબુદ્ધ અન્યદર્શનના લિંગમાં પણ થાય છે અને ગૃહસ્થલિંગમાં પણ થાય છે અને દેવાદિ આવીને દ્રવ્યલિંગ આપે ત્યારે સાધુનો વેશ ગ્રહણ કરે છે. ॥

ભાષ્ય :-

लेश्याः । पुलाकस्योत्तरास्तिस्रो लेश्या भवन्ति । बकुशप्रतिसेवनाकुशीलयोः सर्वाः षडपि ।

कषायकुशीलस्य परिहारविशुद्धेस्तिस्र उत्तराः । सूक्ष्मसम्परायस्य निर्ग्रन्थस्नातकयोश्च शुक्लैव केवला भवति । अयोगः शैलेशीप्रतिपन्नोऽलेश्यो भवति ।

ભાષ્યાર્થ :-

लेश्याः ..... भवति ।। લેશ્યા. પુલાકને ઉત્તરની ત્રણ લેશ્યા હોય છે. બકુશ અને પ્રતિસેવનાકુશીલને સર્વ છએ પણ લેશ્યા હોય છે. કષાયકુશીલ અને પરિહારવિશુદ્ધિસંયમવાળાને ઉત્તરની ત્રણ લેશ્યા હોય છે. સૂક્ષ્મસંપરાયવાળા સાધુને, નિર્ગ્રંથને અને સ્નાતકને કેવલ શુક્લલેશ્યા જ હોય છે. અયોગવાળા શૈલેશીપ્રતિપન્ન મહાત્મા અલેશ્યાવાળા હોય છે. ।।

❖ ઉત્તરાધ્યયન સૂત્રના વચનાનુસાર परिहारविशुद्धेः પછી 'चकार' હોવાની સંભાવના છે.

ભાવાર્થ :-

પુલાકનિર્ગ્રંથ આદિ પાંચનું લેશ્યાદ્વાર :-

કૃષ્ણલેશ્યા આદિ છ લેશ્યામાંથી ઉત્તરની ત્રણ લેશ્યા અર્થાત્ તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા શુભ છે અને પૂર્વની ત્રણ લેશ્યા અર્થાત્ કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યા અશુભ છે. જીવમાં કષાયોના ઉન્મૂલનને અનુકૂળ યત્ન વર્તતો હોય ત્યારે હંમેશાં તેજોલેશ્યા આદિ ત્રણ લેશ્યામાંથી કોઈક લેશ્યા હોય છે, જ્યારે પ્રમાદને વશ વર્તતા મુનિને કૃષ્ણલેશ્યા આદિ ત્રણ લેશ્યામાંથી પણ કોઈક લેશ્યા પ્રાપ્ત થાય છે.

પુલાકનિર્ગ્રંથ :-

ભાષ્યકારશ્રીએ સૂત્ર-૪૯માં પુલાકસાધુનું તેઓ જિનોક્ત આગમથી સતત અપ્રતિપાતિ હોય છે એ પ્રકારે સ્વરૂપ બતાવ્યું. તેથી પુલાકસાધુ બલાભિયોગથી પ્રતિસેવના કરતા હોય ત્યારે પણ જિનોક્ત આગમથી સતત અપ્રતિપાતિ હોવાને કારણે પાછળની ત્રણ અર્થાત્ શુભલેશ્યા યુક્ત હોય છે. પ્રતિસેવના-દ્વારમાં પુલાકસાધુ પાંચ મહાવ્રત અને છઠ્ઠા રાત્રિભોજનમાંથી કોઈપણ મૂલગુણની પ્રતિસેવના કરતા હોય ત્યારે અશુભલેશ્યા આવવાનો સંભવ છે અને તેમાં પણ મૈથુનની પ્રતિસેવનાકાળમાં અશુભલેશ્યા આવવાનો સંભવ છે, છતાં પુલાકસાધુ જિનોક્ત આગમથી સતત અપ્રતિપાતિ હોવાને કારણે અને નવપૂર્વથી અધિક બોધ હોવાને કારણે અલ્પકાળ માટે આવતી અશુભલેશ્યાની વિવક્ષા ભાષ્યકારશ્રીએ કરી નથી તેમ જણાય છે.

બકુશનિર્ગ્રંથ અને પ્રતિસેવનાકુશીલનિર્ગ્રંથ :-

બકુશ અને પ્રતિસેવનાકુશીલ સાધુઓ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હોય ત્યારે ઉત્તરની ત્રણ લેશ્યા જ હોય છે, તોપણ જ્યારે પ્રમાદને વશ સંયમની વિપરીત આચરણામાં પ્રવર્તતા હોય ત્યારે અશુભલેશ્યા પણ પ્રાપ્ત થવાની સંભાવના રહે છે. પ્રમાદકાળમાં પણ પ્રમાદને દૂર કરવા માટે અંતરંગ યત્ન વર્તતો હોય તો શુભલેશ્યાની પણ સંભાવના હોવા છતાં પ્રમાદકાળમાં અશુભલેશ્યાની સંભાવનાને કારણે બકુશ અને પ્રતિસેવનાકુશીલને છએ લેશ્યા સ્વીકારી છે.

કષાયકુશીલનિર્ગ્રંથ, પરિહારવિશુદ્ધિચારિત્રધર સાધુ :-

વળી કષાયકુશીલ સાધુ પ્રતિસેવના કરનારા નથી અને સ્વશક્તિ અનુસાર નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે, તેથી તેઓને ઉત્તરની ત્રણ લેશ્યા હોય છે. વળી, પરિહારવિશુદ્ધિસંયમવાળા મહાત્માઓ પણ ઉત્તરની ત્રણ લેશ્યાવાળા જ હોય છે; કેમ કે તેમનું વિશુદ્ધ કોટિનું સંયમ હોય છે. તેથી અશુભલેશ્યાની પ્રાપ્તિની સંભાવના નથી.

સૂક્ષ્મસંપરાયચારિત્રધર, નિર્ગ્રંથનિર્ગ્રંથ અને સ્નાતકનિર્ગ્રંથ :-

વળી સૂક્ષ્મસંપરાય નામના દશમા ગુણસ્થાનકવાળા મુનિ, નિર્ગ્રંથનિર્ગ્રંથ એવા અગિયારમા તથા બારમા ગુણસ્થાનકવાળા મુનિ અને તેરમે ગુણસ્થાનકે રહેલા સ્નાતક એવા સયોગીકેવલીને કેવલ શુક્લલેશ્યા જ હોય છે, અન્ય કોઈ લેશ્યા હોતી નથી.

વળી ચૌદમા ગુણસ્થાનકમાં યોગનિરોધવાળા શૈલેશીઅવસ્થામાં રહેલા સ્નાતકનિર્ગ્રંથ અલેશ્યાવાળા હોય છે. ॥

ભાષ્ય :-

उपपातः । पुलाकस्योत्कृष्टस्थितिषु देवेषु सहस्रारे । बकुशप्रतिसेवनाकुशीलयोर्द्वाविंशतिसागरोपमस्थितिष्वारणाच्युतकल्पयोः । कषायकुशीलनिर्ग्रन्थयोस्त्रयस्त्रिंशत्सागरोपमस्थितिषु देवेषु सर्वार्थसिद्धे । सर्वेषामपि जघन्या पल्योपमपृथक्त्वस्थितिषु सौधर्मे । स्नातकस्य निर्वाणमिति ।

ભાષ્યાર્થ :-

उपपातः ..... निर्वाणमिति ।। ઉપપાત. પુલાકનો ઉપપાત ઉત્કૃષ્ટ સ્થિતિવાળા સહસ્રાર દેવલોકમાં હોય છે. બકુશનો અને પ્રતિસેવનાકુશીલનો બાવીશ સાગરોપમની સ્થિતિવાળા આરણકલ્પમાં અને અચ્યુતકલ્પમાં ઉપપાત હોય છે. કષાયકુશીલનો અને નિર્ગ્રંથનો ૩૩ સાગરોપમની સ્થિતિવાળા સર્વાર્થસિદ્ધ દેવલોકમાં ઉપપાત હોય છે. બધાનો પણ જઘન્ય ઉપપાત પલ્યોપમપૃથક્ત્વ સ્થિતિવાળા સૌધર્મ દેવલોકમાં હોય છે. સ્નાતકને નિર્વાણ હોય છે.

'इति' શબ્દ ઉપપાતના નિરૂપણની સમાપ્તિ અર્થે છે. ।।

ભાવાર્થ :-

પુલાકનિર્ગ્રંથ આદિ પાંચનું ઉપપાતદ્વાર :-

પુલાકનિર્ગ્રંથ :-

પુલાકસાધુ પુલાકસંયમમાં હોય અને કાળ કરે તો જઘન્યથી સૌધર્મ દેવલોકમાં પલ્યોપમપૃથક્ત્વ સ્થિતિવાળા દેવ તરીકે ઉત્પન્ન થાય છે અને ઉત્કૃષ્ટથી સહસ્રાર દેવલોકમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દેવ તરીકે ઉત્પન્ન થાય છે. તેથી એ નક્કી થાય કે પુલાકચારિત્રમાં અધ્યવસાયની વિશુદ્ધિ આઠમા દેવલોકથી ઉપર જવાની નથી.

અને ક્ષપકશ્રેણિની પ્રાપ્તિને અનુકૂળ શુદ્ધિ પણ નથી. અર્થાત્ પુલાકસંયમમાં લેશ્યાની શુદ્ધિ આઠમા દેવલોક જવાને અનુકૂળ ઉત્કૃષ્ટથી હોઈ શકે છે, તેનાથી અધિક શુદ્ધિની પ્રાપ્તિ નથી.

બકુશનિર્ગ્રંથ અને પ્રતિસેવનાકુશીલનિર્ગ્રંથ :-

બકુશ અને પ્રતિસેવનાકુશીલ સાધુ જઘન્યથી પ્રથમ દેવલોકમાં પલ્યોપમપૃથક્ત્વ સ્થિતિવાળા દેવ તરીકે ઉત્પન્ન થાય છે અને ઉત્કૃષ્ટથી અગિયારમા-બારમા દેવલોકમાં બાવીશ સાગરોપમ સ્થિતિવાળા દેવ તરીકે ઉત્પન્ન થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે બકુશ અને પ્રતિસેવનાકુશીલસાધુને પણ લેશ્યાની શુદ્ધિ બારમા દેવલોક સુધી જવાને અનુકૂળ પ્રાપ્ત થાય છે પરંતુ ક્ષપકશ્રેણિને અનુકૂળ શુદ્ધિની પ્રાપ્તિ બકુશભાવના અને પ્રતિસેવનાભાવના ત્યાગથી થતી હશે.

કષાયકુશીલનિર્ગ્રંથ :-

કષાયકુશીલ સાધુ જઘન્યથી સૌધર્મ દેવલોકમાં પલ્યોપમપૃથક્ત્વ સ્થિતિવાળા દેવ તરીકે ઉત્પન્ન થાય છે અને ઉત્કૃષ્ટથી સર્વાર્થસિદ્ધમાં જઈ શકે છે. જો તેઓ ક્ષપકશ્રેણિ માંડે તો મોક્ષમાં પણ જાય છે. આનાથી એ પ્રાપ્ત થાય કે કષાયકુશીલ સાધુ ક્ષપકશ્રેણિ ઉપર જઈ શકે છે, તેની પૂર્વેના પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલનિર્ગ્રંથ મોક્ષે જઈ શકતા નથી; પરંતુ કષાયકુશીલ થઈને ક્ષપકશ્રેણી માંડી શકે છે. વળી કષાયકુશીલ સાધુ જ બારમા દેવલોકથી ઉપર ગ્રૈવેયક કે અનુત્તરમાં જઈ શકે છે, અન્ય સાધુ બારમા દેવલોકથી ઉપર જઈ શકતા નથી.

નિર્ગ્રંથનિર્ગ્રંથ :-

અગિયારમા ગુણસ્થાનકવાળા નિર્ગ્રંથનિર્ગ્રંથ જઘન્યથી સૌધર્મ દેવલોકમાં પલ્યોપમ પૃથક્ત્વ સ્થિતિવાળા દેવ તરીકે ઉત્પન્ન થાય છે અને ઉત્કૃષ્ટથી સર્વાર્થસિદ્ધ અનુત્તરદેવલોકમાં તેત્રીસ સાગરોપમવાળા દેવ તરીકે ઉત્પન્ન થઈ શકે છે, જ્યારે બારમા ગુણસ્થાનકવાળા નિર્ગ્રંથનિર્ગ્રંથ ક્ષાયિકભાવના વીતરાગ હોવાથી અવશ્ય મોક્ષમાં જાય છે.

સ્નાતકનિર્ગ્રંથ :-

સ્નાતક કેવલી હોય છે. તેથી તેઓ અવશ્ય નિર્વાણને જ પ્રાપ્ત કરે છે. તેઓનો અન્ય ક્યાંય ઉપપાત નથી. ॥

ભાષ્ય :-

स्थानम्, असङ्ख्येयानि संयमस्थानानि कषायनिमित्तानि भवन्ति । तत्र सर्वजघन्यानि लब्धिस्थानानि पुलाककषायकुशीलयोः, तौ युगपदसङ्ख्येयानि स्थानानि गच्छतः । ततः पुलाको व्युच्छिद्यते । कषायकुशीलस्तु असङ्ख्येयानि स्थानान्येकको गच्छति । ततः कषायकुशीलप्रतिसेवनाकुशीलबकुशा युगपदसङ्ख्येयानि संयमस्थानानि गच्छन्ति । ततो बकुशो व्युच्छिद्यते । ततोऽसङ्ख्ये-

यानि स्थानानि गत्वा प्रतिसेवनाकुशीलो व्युच्छिद्यते । ततोऽसङ्ख्येयानि स्थानानि गत्वा कषाय-कुशीलो व्युच्छिद्यते । अत ऊर्ध्वमकषायस्थानानि निर्ग्रन्थः प्रतिपद्यते । सोऽप्यसङ्ख्येयानि स्थानानि गत्वा व्युच्छिद्यते । अत ऊर्ध्वमेकमेव स्थानं गत्वा निर्ग्रन्थस्नातको निर्वाणं प्राप्नोति । एषां संयमलब्धिरनन्तानन्तगुणा भवतीति ।।९/४९।।

इति तत्त्वार्थाधिगमेऽर्हत्प्रवचनसङ्ग्रहे नवमोऽध्यायः समाप्तः ।।

ભાષ્યાર્થ :-

स्थानम् ..... भवतीति ।। स्थान=संयमस्थान. કષાય નિમિત્તક અસંખ્યાત સંયમસ્થાનો હોય છે. ત્યાં=કષાય નિમિત્તે થતા સંયમસ્થાનમાં, સર્વ જઘન્ય લબ્ધિસ્થાનો પુલાક અને કષાયકુશીલનાં છે=પુલાકનિર્ગ્રંથને અને કષાયકુશીલનિર્ગ્રંથને સર્વ જઘન્ય સંયમનાં સ્થાનોની પ્રાપ્તિ થાય છે. તે બંને=પુલાક અને કષાયકુશીલ બંને, યુગપત્ અસંખ્યાત સંયમસ્થાનો જાય છે=સર્વ જઘન્ય સ્થાનથી ઉપર અસંખ્યાત સંયમસ્થાનો સુધી જાય છે, ત્યારપછી પુલાકનો વ્યવચ્છેદ થાય છે=ત્યારપછીનાં સંયમસ્થાનોમાં પુલાકની અપ્રાપ્તિ થાય છે. વળી કષાયકુશીલ એકલાને ઉપરનાં અસંખ્યાત સંયમ-સ્થાનો પ્રાપ્ત થાય છે. ત્યારબાદ કષાયકુશીલ, પ્રતિસેવનાકુશીલ અને બકુશ એકસાથે અસંખ્યાત સંયમસ્થાનોને પ્રાપ્ત થાય છે, ત્યારપછી બકુશનો વિચ્છેદ થાય છે અર્થાત્ ઉપરનાં સંયમસ્થાનોમાં બકુશની અપ્રાપ્તિ થાય છે. ત્યારપછી અસંખ્ય સંયમસ્થાનોએ જઈને પ્રતિસેવનાકુશીલનો વિચ્છેદ થાય છે=ત્યારપછીના સંયમસ્થાનમાં પ્રતિસેવનાકુશીલની પ્રાપ્તિ થતી નથી, ત્યારપછી અસંખ્ય સંયમસ્થાનોએ જઈને કષાયકુશીલનો વિચ્છેદ થાય છે અર્થાત્ ત્યારપછીનાં સંયમસ્થાનોમાં કષાયકુશીલ સાધુની પ્રાપ્તિ નથી. આથી ઊર્ધ્વ=કષાયકુશીલનાં સંયમસ્થાનોના વિચ્છેદ પછી, અકષાય સંયમ-સ્થાનોને નિર્ગ્રંથનિર્ગ્રંથ પ્રાપ્ત કરે છે. તે પણ=નિર્ગ્રંથનિર્ગ્રંથ પણ, અસંખ્યાત સંયમસ્થાનોને જઈને વિચ્છેદ પામે છે. આનાથી ઊર્ધ્વ એક સંયમસ્થાનને પામીને નિર્ગ્રંથનિર્ગ્રંથ સાધુ જ સ્નાતકનિર્ગ્રંથ થાય છે અને તે નિર્વાણને પ્રાપ્ત કરે છે. તેથી આમની=પુલાકાદિ સાધુઓની, સંયમલબ્ધિ અનંત-અનંત ગુણ હોય છે. ।।૯/૪૯।।

આ પ્રમાણે તત્ત્વાર્થાધિગમ નામના અર્હત્ પ્રવચનસંગ્રહમાં નવમો અધ્યાય સમાપ્ત થયો. ।।

ભાવાર્થ :-

પુલાકનિર્ગ્રંથ આદિ પાંચનું સંયમસ્થાનદ્વાર :-

દેશવિરતિ પછી સર્વવિરતિનાં સ્થાનોનો પ્રારંભ થાય છે. સર્વવિરતિનાં સંયમસ્થાનો સંજ્વલનકષાયના ક્ષયોપશમભાવની તરતમતાના કારણે કે સંજ્વલનકષાયના ઉદયને કારણે અનેક પ્રકારનાં પ્રાપ્ત થાય છે.

પુલાકનિર્ગ્રંથ અને કષાયકુશીલનિર્ગ્રંથ :-

પુલાકસાધુ અને કષાયકુશીલસાધુ સર્વ જઘન્ય સંયમસ્થાનોને પ્રાપ્ત કરે છે અને અસંખ્યાત સંયમસ્થાન સુધી ઉત્તરોત્તર તે બન્ને સાધુ સમાન રીતે વૃદ્ધિને પામે છે. તેથી એ પ્રાપ્ત થાય કે પુલાકસાધુનું સંયમ પુલાકરૂપે ભિન્ન છે અને કષાયકુશીલ સાધુનું સંયમ કષાયકુશીલરૂપે ભિન્ન છે તોપણ સંજ્વલનકષાયના ક્ષયોપશમકૃત કે ઉદયકૃત સમાન અધ્યવસાય તે બન્ને મહાત્માઓને પ્રાપ્ત થઈ શકે છે, ત્યારે તે બન્ને મહાત્માઓ સમાન સંયમસ્થાનમાં વર્તતા હોય છે અને અસંખ્યાત સંયમસ્થાન સુધી તે બન્ને ચારિત્રના સંયમસ્થાનની અપેક્ષાએ સમાનભૂમિકાવાળા છે.

વળી અસંખ્યાત સંયમસ્થાનો ગયા પછી પુલાકના સંયમસ્થાનનો વિચ્છેદ થાય છે અને કષાયકુશીલ સાધુ તેના ઉપરમાં અસંખ્યાત સંયમસ્થાન સુધી એકાકી જાય છે. તેથી એ પ્રાપ્ત થાય છે કે પુલાકસાધુ નવપૂર્વની ત્રીજી વસ્તુ સુધી ભણેલ હોય કે દશપૂર્વધર હોય, જ્યારે કષાયકુશીલ શ્રુતની અપેક્ષાએ તેનાથી હીન હોય, તોપણ નિર્લેપતાની અપેક્ષાએ પુલાકના ઉત્કૃષ્ટ સંયમસ્થાન કરતાં પણ અધિક વિશુદ્ધ સંયમસ્થાનને પ્રાપ્ત કરે છે. વળી કષાયકુશીલ સાધુ કોઈ પ્રકારની પ્રતિસેવના કરનાર નથી. તેથી જિનવચન અનુસાર ત્રણ ગુપ્તિમાં રહીને સર્વ ઉચિત પ્રવૃત્તિ કરનાર છે, છતાં જ્યાં સુધી સંયમના સેવનથી સંયમના પરિણામો અત્યંત દૃઢ થયેલા નથી, ત્યાં સુધી નીચેનાં સંયમસ્થાનોમાં રહે છે અને તે તે સંયમસ્થાન સુઅભ્યસ્ત થવાથી અને ગુપ્તિના સંસ્કારો અતિશય થવાથી ઉપર ઉપરના સંયમસ્થાનમાં જાય છે તે વખતે વિદ્યમાન સંજ્વલનકષાયનો ક્ષયોપશમભાવ પણ પૂર્વ પૂર્વ કરતાં અધિક અધિક થાય છે.

કષાયકુશીલનિર્ગ્રંથ, બકુશનિર્ગ્રંથ અને પ્રતિસેવનાકુશીલનિર્ગ્રંથ :-

વળી કષાયકુશીલ સાધુ અસંખ્યાત સંયમસ્થાન ઉપરમાં જાય ત્યારપછી જઘન્ય સંયમસ્થાનવાળા પ્રતિસેવનાકુશીલનાં અને બકુશસાધુનાં સંયમસ્થાન પ્રાપ્ત થાય છે.

અમુક પ્રકારના અપ્રમાદભાવથી સંયમસ્થાનોને સેવીને નિર્લેપ પરિણતિ જેઓએ સ્થિર કરી નથી તેવા સાધુ શરીર અને ઉપકરણની વિભૂષાદિ કરે તો તેઓ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત થઈ શકે નહિ. તેથી નીચાં સંયમસ્થાનોમાં રહેલા કષાયકુશીલ સાધુ પ્રતિસેવના કર્યા વગર આગળના સંયમસ્થાનને પ્રાપ્ત કરવા માટે જરૂરી બળનો સંચય કરે છે. આ બળનો સંચય કરીને નિર્લેપ પરિણતિ કાંઈક સ્થિર કરી છે તેવા કષાયકુશીલના ઉપરના સંયમસ્થાનને પામેલા સાધુ ક્યારેક પ્રતિસેવના કરે ત્યારે પ્રતિસેવનાકુશીલ બને અને ક્યારેક શરીર ઉપકરણાદિની વિભૂષા કરે તો બકુશનિર્ગ્રંથ બને અને તેવું ન કરે તો કષાયકુશીલ રહે, આવો અર્થ જણાય છે; કેમ કે કષાયકુશીલમાં અમુક સંયમસ્થાનથી પછી જ બકુશકુશીલસાધુનું જઘન્ય સંયમસ્થાન છે, તેમ કહેલ છે. વળી બકુશ અને પ્રતિસેવનાકુશીલ સાધુ પ્રતિસેવના કરે છે ત્યારે પણ નિર્ગ્રંથભાવ તરફ જવા માટે કાંઈક યત્ન કરે છે, છતાં પ્રમાદના કારણે કાંઈક સ્ખલના પામે છે તે વખતે સંયમનો અભ્યાસ કંઈક અંશે સ્થિર થયેલો છે, તેથી પ્રતિસેવના દ્વારા ગુણસ્થાનકથી પાત પામતા નથી.

પુલાકસાધુનાં અને કષાયકુશીલ સાધુનાં જઘન્ય સંયમસ્થાનો કરતાં ઉપરનાં સંયમસ્થાનોથી બકુશસાધુ અને પ્રતિસેવનાકુશીલ સાધુનાં જઘન્ય સંયમસ્થાનો પ્રાપ્ત થાય છે. ત્યારપછી અસંખ્યાત સંયમસ્થાન સુધી કષાયકુશીલ, બકુશસાધુ અને પ્રતિસેવનાકુશીલ સાધુ સમાન રીતે સંયમસ્થાનોમાં વર્તે છે. તેથી સંયમના સ્થાનની અપેક્ષાએ તે ત્રણે સાધુ સમાન પ્રાપ્ત થાય તોપણ કષાયકુશીલત્વ, પ્રતિસેવનાકુશીલત્વ કે બકુશત્વરૂપે તે ત્રણેનું ચારિત્ર ભિન્ન પ્રકારનું પ્રાપ્ત થાય. ત્યારપછી અમુક સંયમસ્થાનો ગયા પછી બકુશસાધુનો વિચ્છેદ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે બકુશત્વધર્મયુક્ત નિર્ગ્રંથભાવમાં યત્ન કરનારા સાધુ આનાથી આગળની વિશુદ્ધિ પ્રાપ્ત કરી શકતા નથી. તેઓ અત્યંત અપ્રમાદવાળા હોય તો ઉપરના સંયમસ્થાનમાં રહે છે અને પ્રમાદવાળા હોય ત્યારે પોતાના જઘન્ય કે મધ્યમ સંયમસ્થાનમાં રહે છે.

બકુશસાધુના સંયમસ્થાનના વિચ્છેદ પછી અસંખ્યાત સંયમસ્થાનો ઉપર જઈને પ્રતિસેવનાકુશીલનો વિચ્છેદ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે બકુશસાધુની ઉત્કૃષ્ટ શુદ્ધિ કરતાં પ્રતિસેવનાકુશીલ સાધુ અને કષાયકુશીલ સાધુ અધિક શુદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. પ્રતિસેવનાકુશીલ સાધુ જ્યારે અત્યંત અપ્રમાદવાળા હોય ત્યારે બકુશ કરતાં ઉપરનાં સંયમસ્થાનોમાં વર્તતા હોય છે અને પ્રમાદી થાય ત્યારે જઘન્ય કે મધ્યમ સંયમસ્થાનોમાં પ્રાપ્ત થાય છે.

વળી કષાયકુશીલ સાધુ પણ પ્રતિસેવનાકુશીલનાં તે અસંખ્યાત સંયમસ્થાનોમાં પ્રાપ્ત થાય છે જ્યાં બકુશસાધુનાં સંયમસ્થાનોની અપ્રાપ્તિ છે; તે વખતે કષાયકુશીલ અને પ્રતિસેવનાકુશીલ સાધુ સમાન સંયમસ્થાનમાં પણ પ્રાપ્ત થઈ શકે તોપણ પ્રતિસેવનાકુશીલત્વ અને કષાયકુશીલત્વરૂપે તેઓનો ભેદ પ્રાપ્ત થાય.

'ત્યારપછી અસંખ્યાત સંયમસ્થાનો ગયા પછી પ્રતિસેવનાકુશીલનો વિચ્છેદ પ્રાપ્ત થાય છે' એમ કહ્યું, તેથી એ પ્રાપ્ત થાય કે પ્રતિસેવનાકુશીલસાધુ બકુશસાધુ કરતાં અધિક શુદ્ધિ પ્રાપ્ત કરવા છતાં હવે પછીના સંયમસ્થાનમાં પ્રતિસેવનાકુશીલરૂપે જવા સમર્થ નથી. અપ્રમાદથી યત્ન કરતા હોય તો પોતાના સ્થાનના ઉપરનાં સંયમસ્થાનોમાં પ્રતિસેવનાકુશીલ સાધુ રહી શકે છે અને પ્રમાદવાળા થાય તો પ્રતિસેવનાકુશીલનાં જઘન્ય કે મધ્યમ સંયમસ્થાનોને પ્રાપ્ત કરે છે.

'ત્યારપછી અસંખ્યાત સંયમસ્થાન જઈને કષાયકુશીલનો વિચ્છેદ થાય છે' એમ કહ્યું, તેથી એ પ્રાપ્ત થાય કે પ્રતિસેવનાકુશીલના ઉત્કૃષ્ટ સંયમસ્થાનથી આગળનાં સંયમસ્થાનનો પ્રારંભ કષાયકુશીલ જ કરે છે, ત્યાંથી દશમા ગુણસ્થાનક સુધીનાં સર્વ સંયમસ્થાનો કષાયકુશીલનાં જ છે.

'આનાથી આગળ અકષાયસ્થાનો નિર્ગ્રંથને પ્રાપ્ત થાય છે.' તેથી એ પ્રાપ્ત થાય કે દશમા ગુણસ્થાનક પછી અગિયારમા અને બારમા ગુણસ્થાનકમાં નિર્ગ્રંથનિર્ગ્રંથ સાધુઓ હોય છે. તેઓ પણ તરતમતાથી સ્વ ભૂમિકામાં અસંખ્યાત સંયમસ્થાનોમાં હોય છે. જેમ અગિયારમા ગુણસ્થાનકમાં પણ તરતમતાના ઘણા ભાવો પ્રાપ્ત થાય છે. આથી જ પ્રતિસમય નિર્જરા કરીને અગિયારમા ગુણસ્થાનકવાળા મુનિ પણ ઉપર ઉપરના સંયમસ્થાનમાં જાય છે. બારમા ગુણસ્થાનકમાં રહેલા ક્ષાયિકભાવમાં રહેલા વીતરાગ પણ શુક્લધ્યાનના

બીજા પાયાના બળથી નિર્જરા કરીને ઉપર ઉપરના સંયમસ્થાને જાય છે. ત્યારપછી નિર્ગ્રંથનિર્ગ્રંથપણાનો વિચ્છેદ થાય છે અને તે મહાત્મા સ્નાતકનિર્ગ્રંથ બને છે, જેમનું એક જ સંયમસ્થાન છે.

સ્નાતકનિર્ગ્રંથ સયોગીકેવલી અને અયોગીકેવલી એમ બે અવસ્થામાં હોય છે. અયોગીકેવલી અવસ્થામાં સર્વસંવર છે, જ્યારે સયોગીકેવલી અવસ્થામાં સર્વસંવર નથી. તે અપેક્ષાએ સંયમસ્થાનોમાં ભેદ હોવા છતાં ઘાતિકર્મના ઉદય અને ક્ષયની અપેક્ષાએ સંયમસ્થાનની વિવક્ષા કરીને બંને પ્રકારના સ્નાતકનિર્ગ્રંથો સંપૂર્ણ ઘાતિકર્મથી રહિત છે, તેથી તેઓ એક સંયમસ્થાનમાં છે એમ કહેલ છે.

વળી 'આ પુલાકાદિ પાંચે નિર્ગ્રંથોની સંયમલબ્ધિ અનંત-અનંતગુણ છે' એમ કહ્યું, તેથી એ પ્રાપ્ત થાય કે પુલાકસાધુનાં જે સંયમસ્થાનો છે તેના કરતાં બકુશસાધુનાં સંયમસ્થાનો અનંત-અનંતગુણ અધિક વિશુદ્ધિ-વાળાં છે. તેના કરતાં કુશીલનિર્ગ્રંથનાં સંયમસ્થાનો અનંત અનંતગુણ અધિક વિશુદ્ધિવાળાં છે. તે કુશીલ-નિર્ગ્રંથમાં પણ જે પ્રતિસેવનાકુશીલ છે તેઓનાં સંયમસ્થાનો કરતાં ઉપરના સંયમસ્થાનમાં રહેલા કષાય-કુશીલનાં સંયમસ્થાનો અનંત-અનંતગુણ વિશુદ્ધ છે. કષાયકુશીલ કરતાં પણ નિર્ગ્રંથનિર્ગ્રંથનાં સંયમસ્થાનો અનંત-અનંતગુણ વિશુદ્ધ છે. નિર્ગ્રંથનિર્ગ્રંથ કરતાં પણ સ્નાતકનિર્ગ્રંથ સાધુનાં સંયમસ્થાનો અનંત-અનંતગુણ વિશુદ્ધ છે.

કષાયકૃત અસંખ્ય સંયમસ્થાનો છે તેમાં દરેક સંયમસ્થાન પછીના સંયમસ્થાન સાથે અનંતગુણવિશુદ્ધિ આદિથી ષટ્સ્થાનપતિત છે. તેથી પૂર્વના સંયમસ્થાન કરતાં ઉત્તરનું સંયમસ્થાન અનંતભાગ અધિક વિશુદ્ધિવાળું પણ હોઈ શકે અને અનંતગુણ અધિક વિશુદ્ધિવાળું પણ હોઈ શકે; તોપણ પુલાકસાધુનાં જે સંયમનાં વિશુદ્ધિસ્થાનો છે તેના કરતાં બકુશસાધુનાં સંયમનાં વિશુદ્ધિસ્થાનો અનંત-અનંતગુણાં છે એ પ્રકારે ઉત્તર ઉત્તરના સર્વ નિર્ગ્રંથોમાં અનંત-અનંતગુણ વિશુદ્ધિવાળાં સંયમસ્થાનો છે. **॥૯/૪૯॥**

નવમો અધ્યાય સમાપ્ત

।। अथ दशमोऽध्यायः ।।

અવતરણિકા :-

પ્રથમ પ્રસ્તાવમાં સમ્યગ્દર્શનનું સ્વરૂપ બતાવતાં કહેલ કે તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન છે. ત્યારપછી તે શ્રદ્ધાનના વિષયભૂત જીવ આદિ સાત તત્ત્વ બતાવ્યાં. તે તત્ત્વના નિરૂપણના ક્રમ અનુસાર પાંચમા અધ્યાય સુધી જીવતત્ત્વ અને અજીવતત્ત્વ બતાવ્યાં. ત્યારબાદ ક્રમશઃ આશ્રવ આદિ તત્ત્વો બતાવ્યાં. હવે અંતિમ મોક્ષતત્ત્વને બતાવવાર્થે કહે છે –

સૂત્ર :-

मोहक्षयात् ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च केवलम् ।।१०/१।।

સૂત્રાર્થ :-

મોહના ક્ષયથી અને જ્ઞાનાવરણના, દર્શનાવરણના, અંતરાયના ક્ષયથી કેવલજ્ઞાન થાય છે. ।।૧૦/૧।।

ભાષ્ય :-

मोहनीये क्षीणे ज्ञानदर्शनावरणान्तरायेषु क्षीणेषु च केवलज्ञानदर्शनमुत्पद्यते । आसां चतसृणां प्रकृतीनां क्षयः केवलस्य हेतुरिति तत्क्षयादुत्पद्यते इति, हेतौ पञ्चमीनिर्देशः । मोहक्षयादिति पृथक्करणं क्रमप्रसिद्ध्यर्थम् । यथा गम्येत पूर्वं मोहनीयं कृत्स्नं क्षीयते, ततोऽन्तर्मुहूर्तं छद्मस्थवीतरागो भवति ततोऽस्य ज्ञानदर्शनावरणान्तरायप्रकृतीनां तिसृणां युगपत् क्षयो भवति, ततः केवलमुत्पद्यत इति ।।१०/१।।

ભાષ્યાર્થ :-

मोहनीये ..... इति ।। મોહનીય ક્ષીણ થયે છતે અને જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય ક્ષીણ થયે છતે કેવલજ્ઞાન, કેવલદર્શન ઉત્પન્ન થાય છે. આ ચાર પ્રકૃતિઓનો ક્ષય કેવલનો હેતુ છે. એથી તેના ક્ષયથી=ચાર પ્રકૃતિના ક્ષયથી, ઉત્પન્ન થાય છે=કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે. એથી હેતુમાં પંચમીનો નિર્દેશ છે=પંચમી વિભક્તિનું કથન છે. મોહક્ષયથી એ પ્રમાણે પૃથક્કરણ ક્રમપ્રસિદ્ધિ માટે છે. જેનાથી=મોહક્ષયના પૃથક્કરણથી, જણાય છે કે પૂર્વમાં સંપૂર્ણ મોહનીય ક્ષય પામે છે, ત્યારપછી અંતર્મુહૂર્ત છદ્મસ્થવીતરાગ હોય છે, તેથી આને=છદ્મસ્થવીતરાગને, જ્ઞાન-દર્શનના આવરણ અને અંતરાય એમ ત્રણેયની પ્રકૃતિઓનો એક સાથે ક્ષય થાય છે, ત્યારબાદ કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૧૦/૧।।

ભાવાર્થ :-

ક્ષપકશ્રેણીમાં આરૂઢ મહાત્મા જિનવચનના દૃઢ અવલંબનથી મોહનો ક્ષય કરે છે, ત્યારબાદ શેષ ત્રણ ઘાતિકર્મોનો ક્ષય છદ્મસ્થવીતરાગ અવસ્થામાં શુક્લધ્યાનના બીજા પાયાથી કરે છે તે મહાત્માને કેવલજ્ઞાન થાય છે. કેવલી યોગનિરોધ કરીને મોક્ષને પ્રાપ્ત કરે છે. તેથી મોક્ષની પ્રાપ્તિના આસન્ન ઉપાયરૂપ કેવલજ્ઞાન કઈ રીતે થાય છે ? તેને મોક્ષના નિરૂપણના પ્રસંગમાં સૌ પ્રથમ બતાવેલ છે. **॥૧૦/૧॥**

ભાષ્ય :-

अत्राह – उक्तं 'मोहक्षयाद् ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च केवलम्' **इति । अथ मोहनीयादीनां क्षयः कथं भवतीति ? अत्रोच्यते –**

ભાષ્યાર્થ :-

અહીં=પ્રથમ સૂત્રમાં કહ્યું કે ચાર ઘાતિકર્મના ક્ષયથી કેવલજ્ઞાન થાય છે ત્યાં, કહે છે=પ્રશ્ન કરે છે – 'મોહના ક્ષયથી અને જ્ઞાનાવરણના, દર્શનાવરણના અને અંતરાયના ક્ષયથી કેવલજ્ઞાન છે' **એ પ્રમાણે કહેવાયું=તમારા વડે કહેવાયું. હવે મોહનીય આદિનો ક્ષય કેવી રીતે થાય છે ?**

'इति' શબ્દ શંકાની સમાપ્તિ અર્થે છે.

અહીં=એ પ્રકારની જિજ્ઞાસામાં, કહેવાય છે –

સૂત્ર :-

बन्धहेत्वभावनिर्जराभ्याम् ।।१०/२।।

સૂત્રાર્થ :-

બંધહેતુનો અભાવ અને નિર્જરા દ્વારા મોહાદિનો ક્ષય થાય છે. ।।૧૦/૨।।

ભાષ્ય :-

मिथ्यादर्शनादयो बन्धहेतवोऽभिहिताः, तेषामपि तदावरणीयस्य कर्मणः क्षयादभावो भवति, सम्यग्दर्शनादीनां चोत्पत्तिः । "तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्" **(अ० १, सू० २)** "तन्निसर्गादधिगमाद् वा" **(अ० १, सू० ३) इत्युक्तम्, एवं संवरसंवृतस्य महात्मनः सम्यग्व्यायामस्याभिनवस्य कर्मणः उपचयो न भवति पूर्वोपचितस्य च यथोक्तैर्निर्जराहेतुभिरत्यन्तक्षयः, ततः सर्वद्रव्यपर्यायविषयं पारमैश्वर्यमनन्तं केवलं ज्ञानदर्शनं प्राप्य शुद्धो बुद्धः सर्वज्ञः सर्वदर्शी जिनः केवली भवति, ततः प्रतनुशुभचतुष्कर्मावशेष आयुःकर्मसंस्कारवशाद् विहरति ।।१०/२।।**

ભાષ્યાર્થ :-

मिथ्यादर्शनादयो ..... विहरति ।। મિથ્યાદર્શનાદિ બંધના હેતુ કહેવાયા. તદ્ આવરણીય કર્મના

ક્ષયથી=મિથ્યાદર્શન આદિના પ્રતિપક્ષભૂત સમ્યગ્દર્શન આદિના આવરણીય કર્મના ક્ષયથી, તેઓનો પણ=મિથ્યાદર્શન આદિ પાંચેયનો પણ, અભાવ થાય છે અને સમ્યગ્દર્શન આદિની ઉત્પત્તિ થાય છે. "તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન છે" **(અધ્યાય-૧, સૂત્ર-૨)** "તે નિસર્ગથી અને અધિગમથી થાય છે" **(અધ્યાય-૧, સૂત્ર-૩) એ પ્રમાણે કહેવાયું એ રીતે=સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યગ્દર્શનના બળથી ઉચિત પ્રવૃત્તિ કરે છે એ રીતે, સમ્યગ્ વ્યાયામવાળા, સંવરથી સંવૃત એવા મહાત્માને અભિનવ કર્મનો ઉપચય થતો નથી અને પૂર્વ ઉપચિતનો યથોક્ત નિર્જરાના હેતુ દ્વારા=નવમા અધ્યાયમાં બતાવેલા નિર્જરાના હેતુઓ દ્વારા, અત્યંતક્ષય થાય છે. ત્યારપછી સર્વ દ્રવ્યના અને સર્વ પર્યાયના વિષયવાળું, પરમ ઐશ્વર્યવાળું, અનંત કેવલજ્ઞાન અને કેવલદર્શનને પ્રાપ્ત કરીને શુદ્ધ, બુદ્ધ, સર્વજ્ઞ, સર્વદર્શી, જિન કેવલી થાય છે. ત્યારપછી પ્રતનુશુભચતુષ્કર્મના=શુભ ચાર પ્રકારના અઘાતિકર્મના, અવશેષવાળા, આયુષ્યકર્મના સંસ્કારના વશથી વિહરે છે. ॥૧૦/૨॥**

ભાવાર્થ :-

પૂર્વસૂત્રમાં કહ્યું કે ચાર ઘાતિકર્મના ક્ષયથી કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે. તેથી હવે ચાર ઘાતિકર્મના ક્ષયના હેતુ બતાવતાં કહે છે –

મિથ્યાત્વ આદિ બંધના હેતુઓનો અભાવ થવાથી બંધ અટકે છે અને પૂર્વોપચિત કર્મોની નિર્જરાના ઉપાયના સેવનથી નિર્જરા પ્રાપ્ત થાય છે, તેનાથી કેવલજ્ઞાન પ્રગટે છે. બંધના હેતુઓ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ પૂર્વમાં બતાવેલ સ્વરૂપવાળા છે. તેઓનો અભાવ પ્રાપ્ત કરવાર્થે મિથ્યાત્વ આદિના અભાવથી પ્રાપ્ત થતા સમ્યગ્દર્શન આદિ ગુણોના આવરણીય કર્મોના ક્ષયથી મિથ્યાદર્શન આદિનો અભાવ થાય છે અને સમ્યગ્દર્શન આદિની ઉત્પત્તિ થાય છે. તેથી જે મહાત્માઓ જિનવચન અનુસાર સમ્યગ્ બોધ કરવા યત્ન કરે છે, તેઓને સમ્યગ્દર્શન આદિના આવારક કર્મના ક્ષયથી મિથ્યાદર્શન આદિના અભાવની પ્રાપ્તિ થાય છે અને સમ્યગ્દર્શન આદિની ઉત્પત્તિ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે સમ્યગ્દર્શન શું છે ? જેથી તેમાં યત્ન કરીને તેના આવરણીય કર્મનો ક્ષય થઈ શકે. તેથી ભાષ્યકારશ્રી કહે છે –

"તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન છે" એ પ્રમાણે અધ્યાય-૧ સૂત્ર-૨માં કહેવાયું છે.

અહીં જિજ્ઞાસા થાય કે તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન કઈ રીતે પ્રાપ્ત થાય ? તેથી ભાષ્યકારશ્રી કહે છે –

"નિસર્ગથી અથવા અધિગમથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે" એ પ્રમાણે અધ્યાય-૧, સૂત્ર-૩માં કહેવાયું છે.

વિચારકે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે સમ્યગ્ વ્યાયામ કરવો જોઈએ અર્થાત્ જિનવચનના પરમ રહસ્યને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ, જેથી અધિગમથી સમ્યગ્દર્શન થાય. જે મહાત્મા સમ્યગ્દર્શનના ઉપાયભૂત

અધિગમમાં યત્ન કરે છે તે મહાત્મા સંવરથી સંવૃત બને છે અને સમ્યગ્ વ્યાયામવાળા બને છે, જેનાથી સમ્યગ્દર્શન પ્રગટે છે જે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને નૈશ્ચયિક સમ્યગ્દર્શનરૂપે પ્રગટ થાય છે. નૈશ્ચયિક સમ્યગ્દર્શન ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાયનો નાશ કરી કેવલજ્ઞાનની પ્રાપ્તિનું કારણ છે. તેથી ભાષ્યકારશ્રીએ બંધના હેતુ મિથ્યાદર્શન આદિ પાંચ બતાવ્યા પછી તે પાંચેનું સ્વરૂપ સ્પષ્ટ ન કરતાં તત્ત્વાર્થશ્રદ્ધાન આત્મક સમ્યગ્દર્શન નિસર્ગથી અથવા અધિગમથી થાય છે, તેમ બતાવ્યું. આ રીતે પ્રાપ્ત થયેલું સમ્યગ્દર્શન ઉત્તરોત્તર નિર્મળ-નિર્મળતર થઈને ક્ષાયિકસમ્યક્ત્વ અને અંતે વીતરાગતામાં પર્યવસન પામે છે.

અધિગમમાં યત્ન કરનાર મહાત્માનું સમ્યગ્દર્શન ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે. વળી વીતરાગતાને અનુકૂળ સંવરના પરિણામનું કારણ બને એ રીતે સંવરથી સંવૃત થઈ મહાત્મા સમ્યગ્ વ્યાયામ કરે તો તેઓને અભિનવકર્મનો ઉપચય થતો નથી.

તેથી એ પ્રાપ્ત થાય કે જે મહાત્મા પોતાની ભૂમિકા પ્રમાણે ભગવાનનું વચન જે દિશામાં જાય છે, તે દિશામાં વ્યામોહ પામ્યા વગર શ્રુતને અવલંબીને સમ્યગ્ વ્યાયામ કરે તેમને અભિનવ કર્મનો બંધ થતો અટકે છે, માત્ર ગુણસ્થાનકકૃત કર્મ બંધાય છે. વળી, ઉત્તરોત્તર ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા બંધાતું તે કર્મ અલ્પ-અલ્પતર થાય છે.

વળી, પૂર્વમાં કહેલા નિર્જરાના ઉપાયો દ્વારા તે મહાત્મા જ્યારે પૂર્વ ઉપચિતકર્મનો અત્યંત ક્ષય કરે છે ત્યારે તે મહાત્માને સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાયના વિષયવાળું અનંત એવું કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રાપ્ત થાય છે. વર્તમાનમાં કેવલજ્ઞાનની પ્રાપ્તિનો અસંભવ હોવા છતાં જે મહાત્મા જિનવચન અનુસાર સમ્યગ્ વ્યાયામ કરે છે તે મહાત્મા સ્વભૂમિકા અનુસાર સંવરની વૃદ્ધિને પ્રાપ્ત કરે છે અને સ્વશક્તિ અનુસાર નિર્જરાના હેતુના સેવન દ્વારા ઘણી નિર્જરાને પ્રાપ્ત કરીને ક્ષપકશ્રેણિને અનુકૂળ બળસંચયવાળા થાય છે. જેના બળથી અલ્પ ભવોમાં મોક્ષમાં જશે. વળી, જેઓ સમ્યગ્ વ્યાયામના બળથી વિશેષ પ્રકારનાં સંવર અને નિર્જરાને પ્રાપ્ત કરીને સર્વ દ્રવ્ય-સર્વ પર્યાયના વિષયવાળા અને આત્માના પરમ ઐશ્વર્યવાળા અનંત કેવલજ્ઞાન અને કેવલદર્શનને પ્રાપ્ત કરે છે, તેઓ શુદ્ધ, બુદ્ધ, સર્વજ્ઞ, સર્વદર્શી, જિન, કેવલી થાય છે. ત્યારપછી તેઓ પ્રતનુ એવા શુભ ચાર પ્રકારના અવશેષ અઘાતિકર્મોવાળા આયુષ્યકર્મના સંસ્કારના વશથી વિહરે છે. તેથી એ પ્રાપ્ત થાય કે કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી અવશેષ ચાર અઘાતિકર્મો મોહ આપાદક શક્તિ વગરનાં હોવાથી પ્રતનુ છે. કેવલીને પ્રાયઃ શુભકર્મોનો ઉદય બહુલતાએ હોય છે. આવા ચાર શુભ કર્મોની અવશેષવાળા કેવલી જ્યાં સુધી આયુષ્યકર્મ હોય ત્યાં સુધી જગતના ઉપકારને કરતા વિહરે છે અર્થાત્ આયુષ્યકર્મના પ્રતિક્ષણ અનુવૃત્તિરૂપ સંસ્કારને વશ વિહરે છે. **॥૧૦/૨॥**

ભાષ્ય :-

ततोऽस्य –

ભાષ્યાર્થ :-

ત્યારપછી આને=કેવલીને, શું પ્રાપ્ત થાય છે ? તે બતાવે છે –

ભાવાર્થ :-

પૂર્વસૂત્રના ભાષ્યમાં કહ્યું કે બંધહેતુનાં અભાવ અને નિર્જરા દ્વારા મહાત્મા કેવલી થાય છે ત્યારપછી આયુષ્યકર્મના સંસ્કારવશ વિહરે છે. જ્યારે આયુષ્યકર્મની સમાપ્તિ થાય છે ત્યારપછી આમને=કેવલીને, શું પ્રાપ્ત થાય છે ? તે બતાવે છે –

સૂત્ર :-

कृत्स्नकर्मक्षयो मोक्षः ।।१०/३।।

સૂત્રાર્થ :-

કૃત્સ્નકર્મક્ષયરૂપ મોક્ષ પ્રાપ્ત થાય છે. ।।૧૦/૩।।

ભાષ્ય :-

कृत्स्नकर्मक्षयलक्षणो मोक्षो भवति । पूर्वं क्षीणानि चत्वारि कर्माणि पश्चाद् वेदनीयनामगोत्रा-ऽऽयुष्कक्षयो भवति, तत्क्षयसमकालमेवौदारिकशरीरवियुक्तस्यास्य जन्मनः प्रहाणम् हेत्वभावाच्चो-त्तरस्याप्रादुर्भावः । एषाऽवस्था कृत्स्नकर्मक्षयो मोक्ष इत्युच्यते ।।१०/३।।

ભાષ્યાર્થ :-

कृत्स्नकर्मक्षयलक्षणो ..... इत्युच्यते ।। કૃત્સ્ન કર્મક્ષય લક્ષણ=આઠે ઘાતિકર્મોના ક્ષયરૂપ મોક્ષ થાય છે. પૂર્વમાં ચાર કર્મો ક્ષીણ થયેલાં, પાછળથી વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્યનો ક્ષય થાય છે. તેના ક્ષયની સમકાલ જ ઔદારિકશરીરથી રહિત એવા આ મહાત્માના જન્મનો ત્યાગ થાય છે. અને હેતુના અભાવથી ઉત્તરના જન્મનો અપ્રાદુર્ભાવ થાય છે, આ અવસ્થા કૃત્સ્ન કર્મક્ષયરૂપ મોક્ષ એ પ્રમાણે કહેવાય છે. ।।૧૦/૩।।

ભાવાર્થ :-

કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી મહાત્મા આયુષ્યકર્મના સંસ્કારને વશ વિહરે છે. જ્યારે આયુષ્યકર્મ સમાપ્ત થાય છે ત્યારે તે મહાત્માને સર્વ કર્મના ક્ષયરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

કેમ સર્વ કર્મના ક્ષયરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે ? તેથી કહે છે –

કેવલજ્ઞાનના પ્રાપ્તિકાળમાં પૂર્વમાં ચાર કર્મો ક્ષય થયેલાં અને આયુષ્યકર્મનો નાશ થાય છે ત્યારે વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્યરૂપ ચારે કર્મો ક્ષય થાય છે. તે ચારે કર્મોના ક્ષયની સાથે જ કેવલી ઔદારિકશરીરથી મુક્ત થાય છે. તેથી તેમના વર્તમાન મનુષ્યભવનો નાશ થાય છે. વળી ઉત્તરના ભવના

કારણીભૂત કર્મરૂપ હેતુનો અભાવ હોવાથી ઉત્તરના જન્મનો અપ્રાદુર્ભાવ છે. સર્વ કર્મ રહિત અને જન્મ-રહિત એવી જીવની આ અવસ્થા મોક્ષ એ પ્રમાણે કહેવાય છે. **॥૧૦/૩॥**

ભાષ્ય :-

किञ्चान्यत् –

ભાષ્યાર્થ :-

અન્ય શું છે ?=વળી સર્વ કર્મ રહિત અવસ્થામાં અન્ય શું છે ? તેથી કહે છે –

સૂત્ર :-

औपशमिकादिभव्यत्वाभावाच्चान्यत्र केवलसम्यक्त्वज्ञानदर्शनसिद्धत्वेभ्यः ।।१०/४।।

સૂત્રાર્થ :-

કેવલસમ્યક્ત્વ, કેવલજ્ઞાન, કેવલદર્શન, અને સિદ્ધત્વથી અન્યત્ર=આ ચાર ભાવોને છોડીને ઔપશમિકાદિ ભાવોનો અને ભવ્યત્વનો અભાવ હોવાથી મોક્ષ થાય છે. ।।૧૦/૪।।

ભાષ્ય :-

औपशमिकक्षायिकक्षायोपशमिकौदयिकपारिणामिकानां भावानां भव्यत्वस्य चाभावान्मोक्षो भवति, अन्यत्र केवलसम्यक्त्वकेवलज्ञानकेवलदर्शनसिद्धत्वेभ्यः । एते ह्यस्य क्षायिका नित्यास्तु मुक्तस्यापि भवन्ति ।।१०/४।।

ભાષ્યાર્થ :-

औपशमिक ..... भवन्ति ।। કેવલસમ્યક્ત્વ, કેવલજ્ઞાન, કેવલદર્શન અને સિદ્ધત્વથી અન્યત્ર=સિવાય, ઔપશમિકભાવના, ક્ષાયિકભાવના, ક્ષાયોપશમિકભાવના, ઔદયિકભાવના (અને) પારિણામિકભાવના તથા ભવ્યત્વના અભાવથી મોક્ષ થાય છે. આ ક્ષાયિક=કેવલસમ્યક્ત્વ આદિ ચાર ક્ષાયિક ભાવો, આ મુક્તાત્માને પણ નિત્ય હોય છે. ॥૧૦/૪॥

ભાવાર્થ :-

આઠ કર્મોના ક્ષયથી જેમ મોક્ષ થાય છે તેમ સંસારી જીવોમાં પૂર્વમાં જે ઔપશમિકાદિ ભાવો છે તેમાંના પણ કેટલાક ભાવોના ક્ષયથી મોક્ષ થાય છે.

કયા ભાવોના ક્ષયથી મોક્ષ થાય છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

કેવલસમ્યક્ત્વ, કેવલજ્ઞાન, કેવલદર્શન અને સિદ્ધત્વરૂપ ક્ષાયિકભાવોને છોડીને ઔપશમિકભાવના,

ક્ષાયિકભાવના, ક્ષાયોપશમિકભાવના, ઔદયિકભાવના, પારિણામિકભાવના અને ભવ્યત્વના અભાવથી મોક્ષ થાય છે.

કર્મના ઉપશમજન્ય કોઈ ભાવ સિદ્ધને નથી. કેવલસમ્યક્ત્વાદિ ચાર ક્ષાયિકભાવોને છોડીને કોઈ ક્ષાયિકભાવ પણ સિદ્ધમાં નથી અર્થાત્ ક્ષાયિકવીર્ય નથી અને ક્ષાયિકચારિત્ર નથી; પરંતુ મોહના ક્ષયથી કેવલસમ્યક્ત્વરૂપ ક્ષાયિકભાવ છે અને જ્ઞાનાવરણ, દર્શનાવરણના ક્ષયથી કેવલજ્ઞાન અને કેવલદર્શનરૂપ ક્ષાયિકભાવ છે. આત્માને ઉપદ્રવકારી પદાર્થથી મુક્ત થવું તે જીવનું મુખ્ય પ્રયોજન છે, જે પ્રયોજન આઠ કર્મના ક્ષયથી સિદ્ધ થાય છે. સિદ્ધ થયેલું તે પ્રયોજન સિદ્ધઅવસ્થામાં સદા રહે છે. તેથી સિદ્ધત્વરૂપ ક્ષાયિકભાવ પણ સિદ્ધઅવસ્થામાં સદા છે.

વળી ક્ષાયોપશમિકભાવો સંસારી અવસ્થામાં હતા અને સાધનાકાળમાં ક્ષાયોપશમિકભાવના ગુણો હતા, તે સર્વ ભાવો સિદ્ધઅવસ્થામાં નથી. વળી કર્મના ઉદયથી થનારા ઔદયિકભાવો પણ સંસારીઅવસ્થામાં હતા તે સર્વ ભાવોનો પણ અભાવ સિદ્ધઅવસ્થામાં થાય છે. વળી સંસારીઅવસ્થામાં જીવમાં જે કર્તૃત્વ, ભોક્તૃત્વ, અનાદિકર્મસંતાનબદ્ધત્વ વગેરે પારિણામિકભાવો હતા, તે સર્વનો નાશ થાય છે. વિશેષથી, સિદ્ધિગમનયોગ્યત્વરૂપ ભવ્યત્વ નામનો પારિણામિકભાવ નાશ પામે છે.

અહીં સિદ્ધઅવસ્થામાં કેવલસમ્યક્ત્વ છે તેમ કહ્યું અને કેવલચારિત્ર છે તેમ ન કહ્યું અથવા કેવલસમ્યક્ત્વ અને કેવલચારિત્ર છે એમ પણ ન કહ્યું. તેથી વિચારકને જિજ્ઞાસા થાય કે દર્શનમોહનીયના ક્ષયથી જેમ સમ્યક્ત્વ થાય છે તેમ ચારિત્રમોહનીયના ક્ષયથી કેવલચારિત્ર થાય છે તેમ કેમ ન કહ્યું ? તેમાં આશય એ છે કે જીવનું સમ્યક્ત્વ એ છે કે પોતાના સ્વરૂપને છોડીને પરરૂપમાં જવા યત્ન ન કરે; મોહનીયકર્મના ઉદયથી જીવ પોતાના વીતરાગસ્વરૂપને છોડીને અવીતરાગભાવમાં વર્તે છે. જ્યારે જીવને દર્શનમોહનીયકર્મ કાંઈક તૂટે છે ત્યારે આત્માનો વીતરાગભાવ જ આત્મા માટે શ્રેય છે અને આત્માનો અવીતરાગભાવ જ આત્મા માટે વિડંબનારૂપ છે, તેટલું સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું. તે સમ્યગ્દર્શન જ પ્રકર્ષને પામીને પોતાના સ્વરૂપમાં પોતાને સ્થિર કરવા પ્રયત્ન કરે છે અને પરસ્વરૂપમાં નહીં જવા યત્ન કરાવે છે. પોતાના સ્વરૂપમાં સ્થિર થયેલા સિદ્ધના જીવો પોતાના સ્વરૂપને છોડીને અન્યત્ર જતા નથી તે જ તેઓનું સમ્યક્ત્વ છે, જે કર્મની ઉપાધિથી જન્ય નથી કે મતિજ્ઞાનના ક્ષયોપશમરૂપ નથી માટે કેવલસમ્યક્ત્વ સ્વરૂપ છે. વળી જ્ઞાન જીવનો મુખ્ય સ્વભાવ છે અને તેના આવરણનો ક્ષય થયેલ હોવાથી સામાન્ય અને વિશેષ બોધ સ્વરૂપ કેવલજ્ઞાન અને કેવલદર્શન છે, એ સિવાય સિદ્ધમાં ચારિત્ર પણ નથી અને ક્ષયોપશમભાવની કે ક્ષાયિકભાવની દાન આદિ લબ્ધિઓ પણ નથી તથા વીર્યાંતરાયના ક્ષયજન્ય ક્ષાયિકવીર્ય પણ નથી. આથી જ સિદ્ધઅવસ્થામાં કોઈ પ્રકારના આત્મસ્પંદનરૂપ વીર્યની પ્રવૃત્તિ નથી. **॥૧૦/૪॥**

અવતરણિકા :-

મોક્ષને કહેનાર દશમો અધ્યાય છે. તેથી મોક્ષ શેનાથી થાય છે ? તે બતાવવા અર્થે મોક્ષના આસન્ન કારણ એવું કેવલજ્ઞાન શેનાથી થાય છે ? તે સૂત્ર-૧માં બતાવ્યું અને કેવલજ્ઞાનના કારણ મોહક્ષય

આદિ શેનાથી થાય છે ? તે સૂત્ર-૨માં બતાવ્યું, જેથી મોક્ષના અર્થી જીવને સૂત્ર-૨માં બતાવ્યા અનુસાર પ્રવૃત્તિ કરીને મોહક્ષય આદિ કરવા દ્વારા કેવલજ્ઞાનની પ્રાપ્તિ કઈ રીતે થાય ? તેનો યથાર્થ બોધ થાય છે. ત્યારપછી કેવલજ્ઞાનથી જીવ જે મોક્ષને પ્રાપ્ત કરે છે, તે મોક્ષનું સ્વરૂપ સૂત્ર-૩માં બતાવ્યું. વળી તે મોક્ષમાં રહેલા સિદ્ધાત્મા કયા કયા ભાવોમાં છે ? અને જીવમાં વર્તતા કયા કયા ભાવોનો મોક્ષમાં અભાવ થાય છે ? જેથી મોક્ષના પારમાર્થિક સ્વરૂપનો બોધ થાય, તે સૂત્ર-૪માં બતાવ્યું. હવે જીવ સર્વ કર્મ રહિત થાય છે ત્યારપછી શું થાય છે ? તે બતાવવા અર્થે કહે છે –

સૂત્ર :-

तदनन्तरमूर्ध्वं गच्छत्यालोकान्तात् ।।१०/५।।

સૂત્રાર્થ :-

ત્યારપછી=સર્વ કર્મના ક્ષય પછી અને ઔપશમિક આદિ ભાવોના અભાવ પછી, લોકના અંત સુધી ઊર્ધ્વમાં જીવ જાય છે. ।।૧૦/૫।।

ભાષ્ય :-

तदनन्तरमिति । कृत्स्नकर्मक्षयानन्तरं औपशमिकाद्यभावानन्तरं चेत्यर्थः, मुक्त ऊर्ध्वं गच्छत्या-लोकान्तात्, कर्मक्षये देहवियोगसिध्यमानगतिलोकान्तप्राप्तयो ह्यस्य युगपदेकसमयेन भवन्ति । तद्यथा – प्रयोगपरिणामादिसमुत्थस्य गतिकर्मण उत्पत्तिकार्यारम्भविनाशा युगपदेकसमयेन भवन्ति तद्वत् ।।१०/५।।

ભાષ્યાર્થ :-

तदनन्तरमिति ..... तद्वत् ।। 'तदनन्तरमिति' એ પ્રતીક છે. કૃત્સ્નકર્મક્ષય અનંતર અને ઔપશમિક આદિના અભાવના અનંતર મુક્ત જીવ લોકના અંત સુધી ઊર્ધ્વ જાય છે. કર્મક્ષય થયે છતે (૧) દેહનો વિયોગ, (૨) સિધ્યમાન ગતિની પ્રાપ્તિ અને (૩) લોકાંતની પ્રાપ્તિ, આને=મુક્તાત્માને, યુગપત્ એક સમયમાં થાય છે. તે આ પ્રમાણે – (જેમ) પ્રયોગપરિણામાદિ સમુત્થ એવા ગતિકર્મયુક્ત એવા જીવની કે પુદ્ગલની ઉત્પત્તિ, કાર્યનો આરંભ અને વિનાશ=પૂર્વ અવસ્થાનો વિનાશ, યુગપત્ એક સમયમાં થાય છે તેમ (કર્મક્ષય કાલે દેહનો વિયોગ, સિધ્યમાન ગતિની પ્રાપ્તિ અને લોકાન્તની પ્રાપ્તિ આ ત્રણે એક સમયમાં થાય છે.) ।।૧૦/૫।।

ભાવાર્થ :-

ચૌદમા ગુણસ્થાનકના અંતમાં કેવલીનાં સર્વકર્મોનો ક્ષય થાય છે તે જ વખતે સૂત્ર-૪માં બતાવ્યા તે ઔપશમિક આદિ ભાવોનો અભાવ થાય છે અને તે જ ક્ષણમાં મુક્ત થયેલ એવો સિદ્ધનો જીવ લોકના અંત સુધી ઊર્ધ્વમાં જાય છે.

અહીં ભાષ્યમાં અનંતર શબ્દથી ઉત્તરની ક્ષણનું ગ્રહણ નથી, પરંતુ તે જ ક્ષણનું ગ્રહણ છે, તે બતાવવાર્થે કહે છે –

કેવલી જ્યારે જે ક્ષણમાં સર્વ કર્મનો ક્ષય કરે છે અને ઔપશમિક આદિ સર્વ ભાવોનો અભાવ કરે છે તે ક્ષણમાં મનુષ્યભવના દેહનો વિયોગ કેવલીને પ્રાપ્ત થાય છે, સિધ્યમાન એવી મોક્ષગતિની પ્રાપ્તિ પણ તે જ સમયે થાય છે અને લોકના અંત સ્થાનમાં સિદ્ધશિલા ઉપર પોતાના આત્માની પ્રાપ્તિ પણ તે જ સમયે થાય છે; પરંતુ ભિન્ન સમયમાં થતી નથી.

આ કથનને દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

જેમ કોઈ જીવ આયુષ્ય પૂર્ણ કરીને વિગ્રહગતિ વગર કોઈક ભવમાં જાય ત્યારે પ્રયોગપરિણામથી ઉત્પન્ન થયેલ અન્યગતિમાં જવાની ક્રિયાવાળો તે જીવ અહીંથી જે સમયે મૃત્યુ પામે છે તેના ઉત્તર સમયમાં અન્ય ભવમાં ઉત્પન્ન થાય છે, નવા શરીરના નિર્માણનું કાર્ય આરંભ થાય છે અને તે જ સમયમાં પૂર્વના ભવના પર્યાયનો વિનાશ થાય છે. જેમ જીવનું પ્રથમ સમયે કોઈ ભવમાંથી મૃત્યુ થયું હોય તો બીજા સમયે નવા ભવની ઉત્પત્તિ, નવા દેહને અનુકૂળ કાર્યનો આરંભ અને પૂર્વના દેહ સાથેના સંબંધનો વિનાશ યુગપત્ એક સમયમાં થાય છે, તેમ કેવલીને કર્મનો ક્ષય થવાની સાથે દેહનો વિયોગ, સિધ્યમાન ગતિની પ્રાપ્તિ, લોકના અંતની પ્રાપ્તિ એક સમયમાં થાય છે.

અહીં સિધ્યમાન ગતિથી સર્વ કાર્યો સિદ્ધ થયાં છે તેવી મોક્ષગતિનું ગ્રહણ છે. વળી જેમ પ્રયોગ-પરિણામથી જીવ જન્મોત્તરની ગતિપરિણામવાળો થાય છે તેમ વિશ્રસાપરિણામથી ગતિપરિણામવાળા પરમાણુ આદિ પુદ્ગલો કોઈક અન્ય ક્ષેત્રમાં જઈને સ્કંધરૂપે બને છે. તે વખતે તે પરમાણુની અન્યક્ષેત્રમાં ઉત્પત્તિ=અન્ય ક્ષેત્રમાં પ્રાપ્તિ, સ્કંધરૂપે થવાના કાર્યનો આરંભ અને પૂર્વના પરમાણુ આદિ પર્યાયનો વિનાશ એક સાથે એક સમયમાં થાય છે તેની જેમ કર્મના ક્ષયમાં દેહનો વિયોગ, સિધ્યમાન ગતિની પ્રાપ્તિ અને લોકાંતની પ્રાપ્તિ એક સમયમાં થાય છે. **॥૧૦/૫॥**

ભાષ્ય :-

अत्राह – प्रहीणकर्मणो निरास्रवस्य कथं गतिर्भवतीति ? अत्रोच्यते –

ભાષ્યાર્થ :-

અહીં=કર્મના ક્ષયમાં મુક્તાત્માઓની ઊર્ધ્વગતિ થાય છે એ કથનમાં, પ્રશ્ન કરે છે – પ્રહીણ કર્મવાળા મુક્તાત્મા નિરાશ્રવવાળા હોવાથી નિરાશ્રવ એવા મુક્તને કેવી રીતે ગતિ થાય છે ? અર્થાત્ ઊર્ધ્વગતિ થવી જોઈએ નહીં.

'इति' શબ્દ શંકાની સમાપ્તિ અર્થે છે.

અહીં=આ પ્રકારના પ્રશ્નમાં, ઉત્તર આપે છે –

ભાવાર્થ :-

સૂત્ર-૫માં કહ્યું કે કર્મક્ષય થયે છતે લોકના અંતે આત્મા જાય છે. ત્યાં પ્રશ્ન થાય કે કર્મરહિત આત્મા યોગનિરોધથી થાય છે, યોગનિરોધ કર્યા પછી યોગના વ્યાપારવાળા સિદ્ધના જીવો થતા નથી તેથી વ્યાપાર વગરના એવા સિદ્ધના જીવની ઊર્ધ્વમાં ગતિ કઈ રીતે થઈ શકે ? અર્થાત્ વ્યાપારથી જ ગતિ થઈ શકે, તે પ્રકારની શંકામાં ઉત્તર આપે છે –

અહીં નિરાશ્રવ શબ્દથી કર્મબંધના કારણભૂત મન-વચન-કાયાના વ્યાપારનું ગ્રહણ છે; કેમ કે મન-વચન-કાયાથી જન્ય આત્મપ્રદેશોનું પરિસ્પંદન એ જ આશ્રવ છે. મુક્ત થયેલા જીવોના આત્મપ્રદેશોમાં કંપનરૂપ અસ્થૈર્યનો સર્વથા અભાવ છે, તેથી ઊર્ધ્વગતિ સંભવે નહીં. એ પ્રકારની શંકામાં ઉત્તર આપે છે –

સૂત્ર :-

पूर्वप्रयोगाद् असङ्गत्वाद् बन्धच्छेदात् तथागतिपरिणामाच्च तद्गतिः ।।१०/६।।

સૂત્રાર્થ :-

પૂર્વના પ્રયોગથી, અસંગપણું હોવાથી, બંધનો છેદ હોવાથી અને તે પ્રકારનો ગતિનો પરિણામ હોવાથી=ઊર્ધ્વમાં જવાને અનુકૂળ ગતિનો પરિણામ હોવાથી, તેઓની ગતિ છે=મુક્તાત્માની ગતિ છે. ।।૧૦/૬।।

ભાષ્ય :-

पूर्वप्रयोगात् । यथा हस्तदण्डचक्रसंयुक्तसंयोगात् पुरुषप्रयत्नतश्चाविद्धं कुलालचक्रमुपरतेष्वपि पुरुषप्रयत्नहस्तदण्डचक्रसंयोगेषु पूर्वप्रयोगाद् भ्रमत्येवासंस्कारपरिक्षयात् । एवं यः पूर्वमस्य कर्मणा प्रयोगो जनितः स क्षीणेऽपि कर्मणि गतिहेतुर्भवति । तत्कृता गतिः ।

ભાષ્યાર્થ :-

पूर्वप्रयोगात् ..... गतिः ।। પૂર્વ પ્રયોગથી તેમની ગતિ છે, એમ અન્વય છે. જે પ્રમાણે હસ્ત, દંડ, ચક્ર પરસ્પર ઉચિત રીતે સંયુક્ત છે, તેના સંયોગથી=હાથનો દંડ સાથે સંયોગ છે અને દંડનો ચક્ર સાથે સંયોગ છે તે સંયોગથી, અને પુરુષના પ્રયત્નથી આવિદ્ધ એવું કુલાલનું ચક્ર=પુરુષના પ્રયત્નથી પ્રેરિત એવું કુંભારનું ચક્ર, પુરુષના પ્રયત્નવાળા હાથનો સંયોગ દંડ સાથે, દંડનો સંયોગ ચક્ર સાથે જે હતો તે સર્વ સંયોગો ઉપરત થયે છતે પણ પૂર્વના પ્રયોગથી સંસ્કારના પરિક્ષય સુધી ભમે જ છે=પુરુષના પ્રયત્નથી આવિદ્ધ એવું કુલાલચક્ર ભમે જ છે. એ રીતે આના=મુક્તજીવના, પૂર્વના કર્મથી જે પ્રયોગ જનિત છે ક્ષીણ પણ કર્મ હોતે છતે તે=તે પ્રયોગ, ગતિનો હેતુ થાય છે. તત્કૃત ગતિ છે=પૂર્વના પ્રયોગકૃત મુક્ત આત્માની ઊર્ધ્વમાં લોકાન્ત સુધી ગતિ છે. ।।

ભાવાર્થ :-

સંસારીઅવસ્થામાં દરેક ભવોમાં જીવ દેહથી મુક્ત થાય છે ત્યારે અન્ય ભવમાં જવા માટે વ્યાપારવાળો થાય છે તેમ સર્વ કર્મથી મુક્ત થાય છે ત્યારે પણ પૂર્વના ભવ અનુસાર દેહથી મુક્ત થયા પછી ઊર્ધ્વ-ગમનનો વ્યાપાર થાય છે.

આ કથનને દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

જેમ કુલાલના હાથનો સંયોગ દંડ સાથે થાય છે અને દંડનો સંયોગ ચક્ર સાથે થાય છે અર્થાત્ હસ્ત સંયુક્ત દંડ છે, દંડ સંયુક્ત ચક્ર છે તેવા સંયોગને કારણે કુલાલનું ચક્ર પુરુષના પ્રયત્નથી ફરે છે=કુલાલના પ્રયત્નથી ફરે છે. હવે જો કુલાલનો પ્રયત્ન બંધ થાય, હાથનો દંડ સાથે સંયોગ ન હોય તથા દંડનો ચક્ર સાથે સંયોગ ન હોય તોપણ કુલાલના પૂર્વના પ્રયોગથી તે ચક્ર પરિભ્રમણના સંસ્કાર ક્ષય ન થાય ત્યાં સુધી ભમે છે. તેમ દરેક ભવમાં જીવ આયુષ્ય પૂર્ણ કરે ત્યારે નવા ભવના આયુષ્યકર્મથી પ્રેરાઈને તે ભવ તરફ જવાને અનુકૂળ તેનો ગમનનો પ્રયોગ થાય છે અને જ્યારે કર્મનો ક્ષય થાય છે ત્યારે પણ શરીર સાથેનો સંબંધ ક્ષીણ થવાથી નવા ભવ પ્રત્યે જવાને અનુકૂળ ગતિનું કારણ પૂર્વનો પ્રયોગ બને છે=પૂર્વના ભવોમાં આયુષ્ય ક્ષય થયા પછી અન્યગતિમાં જવાનો કર્મથી પ્રેરાઈને જે ગમનનો પ્રયોગ થતો હતો તે જ ગમનના પ્રયોગથી પ્રેરાયેલો વર્તમાનના આયુષ્યક્ષયવાળો જીવ નવી એવી સિદ્ધિગતિ તરફ જવા માટે પ્રેરાય છે. ॥

ભાષ્ય :-

किञ्चान्यत् – असङ्गत्वात् । पुद्गलानां जीवानां च गतिमत्त्वमुक्तं, नान्येषां द्रव्याणाम् । तत्राधोगौरवधर्माणः पुद्गलाः, ऊर्ध्वगौरवधर्माणो जीवाः, एष स्वभावः, अतोऽन्या सङ्गादिजनिता गतिर्भवति । यथा सत्स्वपि प्रयोगादिषु गतिकारणेषु जातिनियमेनाधस्तिर्यगूर्ध्वं च स्वाभाविक्यो लोष्टवाय्वग्नीनां गतयो दृष्टास्तथा सङ्गविनिर्मुक्तस्योर्ध्वगौरवादूर्ध्वमेव सिध्यमानगतिर्भवति, संसारिणस्तु कर्मसङ्गादधस्तिर्यगूर्ध्वं च ।

ભાષ્યાર્થ :-

किञ्चान्यत् ..... ऊर्ध्वं च । વળી અન્ય શું છે ?=સિદ્ધમાં મુક્ત આત્માની ગતિ પ્રત્યે અન્ય કારણ શું છે ? તે કહે છે – અસંગપણું હોવાથી મુક્તજીવની ગતિ થાય છે, તેમ અન્વય છે. પુદ્ગલોનું અને જીવોનું ગતિમાનપણું કહેવાયું છે, અન્ય દ્રવ્યોનું ગતિમાનપણું કહેવાયું નથી. ત્યાં=જીવ અને પુદ્ગલની ગતિમાં, અધોગૌરવ ધર્મવાળા પુદ્ગલો છે=નીચે જવાના મુખ્ય ધર્મવાળા પુદ્ગલો છે, અને ઊર્ધ્વગૌરવ ધર્મવાળા જીવો છે=ઊર્ધ્વ જવાના મુખ્ય ધર્મવાળા જીવો છે. આ સ્વભાવ છે=જીવ અને પુદ્ગલનો સ્વભાવ છે. આનાથી=પુદ્ગલની અને જીવની મૂળ સ્વભાવથી થતી ગતિથી, અન્ય સંગ આદિ જનિત ગતિ છે. જે પ્રમાણે ગતિકારણ એવા પ્રયોગ આદિ નિમિત્ત હોતે છતે પણ જાતિના નિયમનથી અધો, તિર્યગ્ અને ઊર્ધ્વ સ્વાભાવિકી લોષ્ટ, વાયુ, અગ્નિની ગતિ જોવાય છે, તે પ્રમાણે

સંગથી વિનિર્મુક્ત એવા જીવની ઊર્ધ્વગૌરવથી ઊર્ધ્વ જ સિધ્યમાન જીવની ગતિ થાય છે. વળી સંસારી જીવોની કર્મના સંગથી અધો, તિર્યગ્ અને ઊર્ધ્વગતિ છે. ॥

ભાવાર્થ :-

અસંગને કારણે=કર્માદિ સર્વ પદાર્થોના સંગના અભાવને કારણે, મુક્તાત્માની ઊર્ધ્વગતિ થાય છે.

કેમ મુક્તાત્માની અસંગને કારણે ઊર્ધ્વગતિ થાય છે ? તે સ્પષ્ટ કરવા અર્થે ભાષ્યકારશ્રી કહે છે –

પુદ્ગલોનો અને જીવોનો ગતિસ્વભાવ શાસ્ત્રમાં કહેવાયો છે, અન્ય દ્રવ્યનો ગતિસ્વભાવ કહેવાયો નથી. વળી ગતિસ્વભાવવાળા એવા જીવમાં અને પુદ્ગલમાં પુદ્ગલનો અધો ગૌરવધર્મ છે અર્થાત્ નીચે જાય તેવા પ્રકારનો જ મુખ્ય ધર્મ છે, જ્યારે જીવનો ઊર્ધ્વ ગૌરવધર્મ છે=ઉપર જ જાય એવો મુખ્ય ધર્મ છે. આ પ્રકારનો જીવ અને પુદ્ગલનો સ્વભાવ છે. આ બે સ્વભાવથી અન્ય જે ગતિઓ થાય છે તે સંગાદિ જનિત છે અર્થાત્ આત્માની કર્મના સંગને કારણે અન્ય પ્રકારની ગતિ થાય છે અને પુદ્ગલોમાં પણ સંગાદિના કારણે અન્ય પ્રકારની ગતિ થાય છે.

પૂર્વમાં કહ્યું કે પુદ્ગલોનો અધો જવાનો સ્વભાવ છે અને જીવોનો ઊર્ધ્વ જવાનો સ્વભાવ છે, તેથી પુદ્ગલો હંમેશાં અધો જવા જોઈએ અને જીવ હંમેશાં ઊર્ધ્વ જવો જોઈએ, છતાં આ બેથી અન્ય જે ગતિઓ છે તે સંગાદિથી જનિત છે અર્થાત્ સંગથી જનિત છે, પ્રયોગથી જનિત છે, જાતિથી જનિત છે.

આ સર્વ કથનને ભાષ્યકારશ્રી 'યથા'થી સ્પષ્ટ કરે છે –

જે પ્રમાણે ગતિનાં કારણ પ્રયોગાદિ અવિદ્યમાન પણ હોય કે વિદ્યમાન પણ હોય, તોપણ જાતિના નિયમથી લોષ્ટની અધોગતિ થાય છે, વાયુની તિર્છી ગતિ થાય છે અને અગ્નિની ઊર્ધ્વગતિ થાય છે. અર્થાત્ જીવના કોઈ પ્રયત્ન વગર પણ લોષ્ટુ નીચે જ ગમન કરે છે. જાતિથી નીચે ગમન કરવાના સ્વભાવવાળા લોષ્ટુને પણ નીચે જવા માટે કોઈ વ્યક્તિ પ્રયોગ કરે કે નીચે જવાનો પ્રયોગ ન કરે તોપણ તે નીચે જાય છે. વળી વાયુમાં જાતિથી તિર્છાગમનનો સ્વભાવ છે, તેથી તેને તિર્છાગમનમાં કોઈ પ્રેરણા ન કરે કે તેના તિર્છાગમનને અનુકૂળ કોઈ પ્રયોગ ન કરે તોપણ તે તિર્છો જાય છે. વાયુને તિર્છા જવામાં કોઈ પ્રેરણા કરે તો તેના તિર્છાગમનની પ્રવૃત્તિ અધિક તીવ્ર થાય છે. તેથી વાયુ જાતિના નિયમથી વાયુની ગતિ તિર્છી હોય છે. વળી, જાતિના નિયમથી અગ્નિની ગતિ ઊર્ધ્વ હોય છે. તેથી કોઈની પ્રેરણા વગર પણ તે ઊર્ધ્વ જાય છે અને ઊર્ધ્વ જતા એવા અગ્નિને ઊર્ધ્વ જવાનું કારણ બને તે પ્રકારનો પ્રયોગ કરવામાં આવે તો તેના ઊર્ધ્વગમનની પ્રવૃત્તિ અતિશયિત થાય છે.

જેમ જાતિના નિયમથી લોષ્ટુ આદિની અધો, તિર્છી કે ઊર્ધ્વગતિ થાય છે તેમ સંગથી મુક્ત એવા જીવની ઊર્ધ્વગૌરવધર્મા હોવાને કારણે અર્થાત્ ઊર્ધ્વમાં જ જવાનો સ્વભાવ હોવાને કારણે સિધ્યમાન જીવોની ગતિ ઊર્ધ્વ જ થાય છે. સંસારી જીવોને કર્મના સંબધને કારણે જ્યારે કર્મનો પ્રચુર સંચય થાય છે ત્યારે નરકગમન થાય છે. કર્મની કાંઈક હળવાશ થાય છે ત્યારે ઊર્ધ્વગમન થાય છે. વળી, અમુક પ્રકારના કર્મોનો વિપાક આવે છે ત્યારે તિર્છીગતિ પણ થાય છે. ॥

ભાષ્ય :-

किञ्चान्यत् — बन्धच्छेदात् । यथा रज्जुबन्धच्छेदात् पेडाया बीजकोशबन्धनच्छेदाच्चैरण्डबीजानां गतिर्दृष्टा तथा कर्मबन्धनच्छेदात् सिध्यमानगतिः ।

ભાષ્યાર્થ :-

किञ्चान्यत् ..... सिध्यमानगतिः ।। વળી સિદ્ધના જીવોની ઊર્ધ્વગતિમાં અન્ય શું કારણ છે ? તેથી કહે છે — બંધના છેદથી=કર્મના બંધનના છેદથી, સિદ્ધના જીવોની ઊર્ધ્વગતિ થાય છે, એમ અન્વય છે. જે પ્રમાણે રજ્જુના બંધનના છેદથી પેડાની ગતિ જોવાય છે અને બીજકોશના બંધનના છેદથી એરંડબીજોની ગતિ જોવાય છે તે પ્રમાણે કર્મબંધના છેદથી સિધ્યમાન જીવોની ગતિ છે. ।।

ભાવાર્થ :-

સંસારીઅવસ્થામાં જીવ કર્મના બંધનવાળો હતો તેથી કર્મને વશ ઊર્ધ્વ, અધો કે તિર્છી ગતિ હતી. આ જ જીવ જ્યારે સર્વ કર્મથી મુક્ત થાય છે ત્યારે બંધનનો છેદ થવાથી સિદ્ધ થયેલ એવા તેની ઊર્ધ્વગતિ થાય છે. જે પ્રમાણે રજ્જુબંધનના છેદથી પેડાની ઊર્ધ્વગતિ થાય છે=વાંસના બે ફાડિયા કરીને એક ફાડિયાને ખેંચીને બાંધેલ હોય ત્યારે તે ફાડિયું નમેલ હોવાથી ઊર્ધ્વગતિ કરતું નથી, પરંતુ રજ્જુના બંધનથી મુક્ત થાય તો તે ઊર્ધ્વગમન કરે છે તેમ કર્મથી મુક્ત આત્મા ઊર્ધ્વગમન કરે છે. વળી, એરંડાનું બીજ કોશના બંધનના છેદથી ઊર્ધ્વગમન કરે છે તેમ કર્મના બંધનના છેદથી સિદ્ધના જીવો ઊર્ધ્વગતિ કરે છે. ॥

ભાષ્ય :-

किञ्चान्यत् — तथागतिपरिणामाच्च । ऊर्ध्वगौरवात् पूर्वप्रयोगादिभ्यश्च हेतुभ्यस्तथाऽस्य गतिपरिणाम उत्पद्यते येन सिध्यमानगतिर्भवति, ऊर्ध्वमेव भवति, नाधस्तिर्यग् वा, गौरवप्रयोगपरिणामासङ्गयोगाभावात् । तद्यथा — गुणवद्भूमिभागारोपितमृत्तुकालजातं बीजोद्भेदादङ्कुरप्रवालपर्णपुष्पफलकालेषु अविमानितसेकदौर्हृदादिपोषणकर्मपरिणतं कालच्छिन्नं शुष्कमलाबु अप्सु न निमज्जति । तदेव गुरुकृष्णमृत्तिकालेपैर्घनैर्बहुभिरालिप्तं घनमृत्तिकालेपवेष्टनजनितागन्तुकगौरवमप्सु प्रक्षिप्तं तज्जलप्रतिष्ठं भवति यदा त्वस्याद्भिः क्लिन्नो मृत्तिकालेपो व्यपगतो भवति तदा मृत्तिकालेपसङ्गनिर्मुक्तं मोक्षानन्तरमेवोर्ध्वं गच्छति आ सलिलोर्ध्वतलात् । एवमूर्ध्वगौरवगतिधर्मा जीवोऽप्यष्टविधकर्मलेपमृत्तिकाऽवेष्टितस्तत्सङ्गात् संसारमहार्णवे भवसलिले निमग्नो भवासक्तोऽधस्तिर्यगूर्ध्वं च गच्छति । सम्यग्दर्शनादिसलिलक्लेदात् प्रहीणाष्टविधकर्ममृत्तिकालेपः ऊर्ध्वगौरवादूर्ध्वमेव गच्छति आलोकान्तात् ।

ભાષ્યાર્થ :-

किञ्चान्यत् ..... आलोकान्तात् । વળી અન્ય શું છે, જેનાથી સિદ્ધના જીવોની ઊર્ધ્વગતિ થાય છે ? તે બતાવે છે —

અને તે પ્રકારના ગતિપરિણામથી સિદ્ધના જીવોની ઊર્ધ્વગતિ છે. ઊર્ધ્વ ગૌરવને કારણે અને પૂર્વ-પ્રયોગાદિ હેતુઓથી તે પ્રકારે આને=મુક્તાત્માને, ગતિનો પરિણામ થાય છે. જેના કારણે સિધ્યમાન જીવની ગતિ થાય છે. અને તે ગતિ ઊર્ધ્વ જ થાય છે, અધો અથવા તિર્યગ્ નહીં.

કેમ ઊર્ધ્વ જ ગતિ થાય છે ? અધો-તિર્યગ્ ગતિ કેમ થતી નથી ? તેમાં હેતુ કહે છે –

ગૌરવ પ્રયોગનો પરિણામ હોવાથી અને આસંગના યોગનો અભાવ હોવાથી ઊર્ધ્વ જ ગતિ થાય છે=જીવનો જે ઊર્ધ્વ જવાનો ગૌરવ પરિણામ હતો તે કર્મવાળી અવસ્થામાં પ્રયોગપરિણામરૂપે ન હતો. કર્મથી મુક્ત થવાને કારણે ઊર્ધ્વ જવાનો જે ગૌરવ પરિણામ છે તેના પ્રયોગનો પરિણામ પ્રગટ થયો અને કર્મના આસંગના યોગનો અભાવ થયો. તેથી ઊર્ધ્વ જ જાય છે. અથવા જીવને કર્મના ભારરૂપ ગૌરવના પ્રયોગના પરિણામથી આસંગનો યોગ હતો, તેનો અભાવ થવાથી=સંસારી-અવસ્થામાં આત્માને ભારે કરે તેવા પ્રયોગને કરનાર પરિણામરૂપ કર્મના આસંગનો યોગ હતો, તેનો અભાવ થવાથી મુક્ત થયેલો જીવ ઊર્ધ્વ જ ગમન કરે છે. તે આ પ્રમાણે –

ગુણવાન ભૂમિભાગમાં આરોપિત, ઋતુકાલમાં થયેલું, બીજના ઉદ્ભેદથી અંકુર, પ્રવાલ, પર્ણ, પુષ્પ-ફલકાળમાં અવિમાનિત, સિંચન અને દોહલાદિથી પોષણકર્મથી પરિણત અને કાલમાં છેદાયેલું શુષ્ક અલાબુ=તુંબડું, પાણીમાં ડૂબતું નથી અને તે જ તુંબડું ઘન અને ઘણાભારી કૃષ્ણ મૃત્તિકાના લેપથી આલિપ્ત=ઘન મૃત્તિકાના લેપના વેષ્ટનથી જનિત, આગંતુક ગૌરવવાળું પાણીમાં પ્રક્ષિપ્ત તદ્ જલમાં પ્રતિષ્ઠિત થાય છે. જ્યારે વળી આનું=માટીવાળા તુંબડાનું, ક્લિન્ન થયેલું, મૃત્તિકાલેપ દૂર થાય છે ત્યારે મૃત્તિકાલેપના સંગથી મુક્ત થયેલું શુષ્ક અલાબુ મોક્ષ અનંતર જ પાણીના ઊર્ધ્વતલ સુધી ઊર્ધ્વ જાય છે. એ રીતે ઊર્ધ્વ ગૌરવ ગતિ ધર્મવાળો જીવ પણ આઠ કર્મ રૂપી મૃત્તિકાના લેપથી વેષ્ટિત તેના સંગને કારણે=કર્મરૂપી માટીના સંગને કારણે, સંસારરૂપી મહાસમુદ્રમાં ભવરૂપી પાણીમાં નિમગ્ન, ભવમાં આસક્ત, અધો, તિર્યગ્ અને ઊર્ધ્વ જાય છે. સમ્યગ્દર્શન આદિ પાણીના ક્લેદથી ક્ષીણ થયેલા આઠ કર્મરૂપ મૃત્તિકાના લેપવાળો ઊર્ધ્વ ગૌરવથી ઊર્ધ્વ જ લોકના અંત સુધી જાય છે. ॥

ભાવાર્થ :-

વળી જીવ તેવા પ્રકારના ગતિપરિણામને કારણે કર્મથી મુક્ત થયા પછી ઊર્ધ્વમાં જ જાય છે, અધો અને તિર્યગ્ જતો નથી.

કેમ ઊર્ધ્વ જ જાય છે ? તેથી કહે છે –

ઊર્ધ્વગૌરવને કારણે અને પૂર્વપ્રયોગાદિના હેતુને કારણે મુક્ત આત્માનો તે પ્રકારનો ગતિપરિણામ ઉત્પન્ન થાય છે. જેના કારણે સિધ્યમાનગતિની પ્રાપ્તિ થાય છે=સિદ્ધશિલાની પ્રાપ્તિ થાય છે.

જીવની આ ઊર્ધ્વગતિ જ કેમ થાય છે, અધો અને તિર્યગ્ ગતિ કેમ થતી નથી ? તેમાં હેતુ બતાવે છે –

જીવમાં જે ગૌરવપરિણામ છે=ઊર્ધ્વમાં જવારૂપ ગૌરવપરિણામ છે, તેનો પ્રયોગ પૂર્વમાં સંસારી-અવસ્થામાં થતો ન હતો. કર્મથી મુક્ત થવાને કારણે તે ગૌરવ ધર્મના પ્રયોગનો પરિણામ થયો અને કર્મના આસંગ યોગનો અભાવ થયો તેના કારણે જીવ ઊર્ધ્વ જ જાય છે, પરંતુ અધો કે તિર્યગ્ જતો નથી.

અથવા આ હેતુનું યોજન અન્ય રીતે કરે છે –

કર્મના ગૌરવના પ્રયોગથી થતા પરિણામને કારણે જીવને આસંગનો યોગ થયો=કર્મની સાથે સંગનો યોગ થયો.

તે સંગના યોગનો અભાવ થવાથી સિદ્ધના જીવો ઊર્ધ્વ જ જાય છે. તેમાં અલાબુનું દૃષ્ટાંત બતાવે છે –

અલાબુના દૃષ્ટાંતમાં જે સર્વ વિશેષણો આપ્યાં છે, તે અલાબુ તેવાં વિશેષણોથી પ્રાપ્ત થયેલું હોય તો જ છિદ્ર વગરનું અને પાણીમાં નાખવામાં આવે તો ઉપર રહે એવું પ્રાપ્ત થાય છે. તે સર્વ વિશેષણોમાંથી થોડી પણ ખામીવાળું હોય તેવું અલાબુ પાણીના ઉપરના ભાગમાં ન રહે, પરંતુ મધ્યભાગમાં પણ રહે એવું પણ બને. આવા અલાબુને=તુંબડાને, ભારે કાળી માટી વડે લેપ કરવામાં આવે અને પાણીમાં નાખવામાં આવે તો તે તુંબડું ભારે માટીના ભારના કારણે પાણીના જમીનના તળમાં પ્રતિષ્ઠિત થાય છે અને પાણીથી તથાવિધ રીતે ભીંજાવાને કારણે જ્યારે માટીનો લેપ દૂર થાય છે ત્યારે તે તુંબડું પાણીની ઉપરની સપાટીમાં આવે છે.

અલાબુના દૃષ્ટાંતનો દાર્ષ્ટાંતિકભાવ બતાવે છે –

તુંબડાની જેમ ઊર્ધ્વ ગૌરવ ગતિ ધર્મવાળો જીવ છે, જે આઠ કર્મરૂપી ભારયુક્ત કાળી માટીના લેપથી લેપાયેલો છે. તેના સંગને કારણે=માટીના લેપ જેવા સંગને કારણે, સંસારરૂપી મોટા સમુદ્રમાં ભવરૂપી પાણીમાં નિમગ્ન છે. ભવમાં આસક્ત થયેલો અધો નરકગતિ આદિમાં, તિર્યંચ મનુષ્ય-તિર્યંચગતિમાં અને ઊર્ધ્વ દેવગતિ આદિમાં જાય છે. સમ્યગ્દર્શન આદિ પાણીથી કર્મરૂપી મળ દૂર થાય છે ત્યારે ઊર્ધ્વગૌરવને કારણે=જીવનો ઊર્ધ્વ જવાનો સ્વભાવ હોવાને કારણે, લોકના અંત સુધી ઊર્ધ્વ જ જાય છે.

ભાષ્ય :-

स्यादेतत् – लोकान्तादप्यूर्ध्वं मुक्तस्य गतिः किमर्थं न भवतीति ? अत्रोच्यते – धर्मास्तिकाया-भावात् । धर्मास्तिकायो हि जीवपुद्गलानां गत्युपग्रहेणोपकुरुते, स तत्र नास्ति, तस्माद् गत्युपग्रह-कारणाभावात् परतो गतिर्न भवत्यप्सु अलाबुवत्, नाधो न तिर्यगित्युक्तम् । तत्रैवानुश्रेणिगतिर्लोकान्ते-ऽवतिष्ठते मुक्तो निष्क्रिय इति ।।१०/६।।

ભાષ્યાર્થ :-

स्यादेतत् ..... इति ।। આ પ્રમાણે શંકા થાય, લોકાંતથી પણ ઊર્ધ્વ=ઉપર, મુક્તની=સિદ્ધાત્માની, ગતિ કેમ થતી નથી ?

'इति' शब्द शंकानी समाप्ति अर्थे छे.

अहीं=आ प्रकारना प्रश्नमां, उत्तर आपे छे — धर्मास्तिकायनो अभाव होवाथी ऊर्ध्वगति नथी, एम अन्वय छे. 'हि'=जे कारणथी, धर्मास्तिकाय जीवोनी तथा पुद्गलोनी गतिमां उपग्रहथी उपकार करे छे. ते त्यां=लोकना अंत पछी, नथी. ते कारणथी गतिना उपग्रहना कारणना अभावने कारणे आगळमां गति नथी=सिद्धना जीवोनी लोकना अंतथी आगळ गति नथी. पाणीमां अलाबुनी जेम=अलाबु पाणीनी सपाटीनी आगळ जतो नथी तेम, मुक्तात्मा पण लोकना अंतथी आगळमां जता नथी, नीचे के तिर्च्छा सिद्धना जीवो जता नथी, ए प्रमाणे कहेवायुं. त्यां ज=लोकना अंतमां ज, अनुश्रेणिथी गतिवाळो मुक्त जीव लोकना अंतमां निष्क्रिय रहे छे.

'इति' शब्द भाष्यनी समाप्ति अर्थे छे. ॥१०/६॥

भावार्थ :-

મુક્તાત્માઓ લોકના અંત પછી ધર્માસ્તિકાયના અભાવને કારણે ગતિ કરતા નથી અને કર્મ રહિત થયા પછી અધો અને તિર્યગ્ ગતિ થતી નથી. તેથી જે સ્થાનમાં સર્વ કર્મથી મુક્ત થાય તે સ્થાનથી ઊર્ધ્વમાં લોકના અંતે નિષ્ક્રિય એવા મુક્તાત્મા સદા રહે છે. **॥१०/६॥**

सूत्र :-

क्षेत्रकालगतिलिङ्गतीर्थचारित्रप्रत्येकबुद्धबोधितज्ञानावगाहनाऽन्तरसङ्ख्या-ऽल्पबहुत्वतः साध्याः ।।१०/७।।

सूत्रार्थ :-

क्षेत्र, काळ, गति, लिंग, तीर्थ, चारित्र, प्रत्येकबुद्धबोधित, ज्ञान, अवगाहना, अन्तर, संख्या, अल्पबहुत्वथी साध्य छे=सिद्धनुं स्वरूप साध्य छे. ॥१०/७॥

भाष्य :-

क्षेत्रं, कालः, गतिः, लिङ्गं, तीर्थं, चारित्रं, प्रत्येकबुद्धबोधितः, ज्ञानं, अवगाहना, अन्तरं, सङ्ख्या, अल्पबहुत्वमित्येतानि द्वादशानुयोगद्वाराणि सिद्धस्य भवन्ति । एभिः सिद्धः साध्यः अनुगम्यश्चिन्त्यो व्याख्येय इत्येकार्थत्वम् । तत्र पूर्वभावप्रज्ञापनीयः प्रत्युत्पन्नभावप्रज्ञापनीयश्च द्वौ नयौ भवतः, तत्कृतोऽनुयोगविशेषः । तद्यथा —

भाष्यार्थ :-

क्षेत्रं ..... तत्कृतोऽनुयोगविशेषः ।। क्षेत्र, काल, गति, लिंग, तीर्थ, चारित्र, प्रत्येकबुद्धबोधित, ज्ञान, अवगाहना, अन्तर, संख्या, अल्पबहुत्व એ બાર અનુયોગદ્વારો સિદ્ધના છે.

સાધ્ય શબ્દના પર્યાયવાચી બતાવે છે –

આના દ્વારા સિદ્ધ સાધ્ય છે=અનુગમ્ય છે=ચિન્ત્ય છે=વ્યાખ્યેય છે, એ બધા એકાર્થવાચી છે.

ત્યાં=બાર પ્રકારના અનુયોગદ્વારોમાં, (૧) પૂર્વભાવપ્રજ્ઞાપનીય અને (૨) પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીય બે નયો છે. તત્કૃત=બે નયો કૃત, અનુયોગવિશેષ છે. ।। તે આ પ્રમાણે –

ભાવાર્થ :-

ક્ષેત્ર આદિ બાર દ્વારોથી સિદ્ધનું સ્વરૂપ અનુગમ્ય છે, જાણવા યોગ્ય છે, ચિંતવન કરવા યોગ્ય છે અને વ્યાખ્યાન કરવા યોગ્ય છે, એ પ્રકારનો અર્થ સૂત્રમાં સાધ્ય શબ્દથી ગ્રહણ કરવાનો છે. ત્યાં=બાર દ્વારોથી સિદ્ધના સ્વરૂપનું ચિંતવન કરવામાં, બે નયદૃષ્ટિ પ્રવર્તે છે : (૧) પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયદૃષ્ટિ અર્થાત્ સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિ પૂર્વે જે ભાવ વર્તે છે તે ભાવને કહેનારી નયની દૃષ્ટિ અને (૨) પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીય-નયદૃષ્ટિ અર્થાત્ સિદ્ધત્વના નિષ્પત્તિકાળમાં વર્તતા ભાવોને જોનારી નયની દૃષ્ટિ. આ બે નયની દૃષ્ટિઓથી સિદ્ધના સ્વરૂપનો અનુયોગવિશેષ થાય છે=વિચારવિશેષ થાય છે. તે વિચારવિશેષને 'तद्यथा'થી બતાવે છે –

ભાષ્ય :-

क्षेत्रम् । कस्मिन् क्षेत्रे सिध्यतीति । प्रत्युत्पन्नभावप्रज्ञापनीयं प्रति सिद्धिक्षेत्रे सिध्यतीति, पूर्व-भावप्रज्ञापनीयस्य जन्म प्रति पञ्चदशसु कर्मभूमिषु जातः सिध्यतीति, संहरणं प्रति मानुषे क्षेत्रे सिध्यतीति । तत्र प्रमत्तसंयताः संयतासंयताश्च संह्रियन्ते । श्रमण्यपगतवेदः परिहारविशुद्धिसंयतः पुलाकोऽप्रमत्तश्चतुर्दशपूर्वी आहारकशरीरीति न संह्रियन्ते । ऋजुसूत्रनयः शब्दादयश्च त्रयः प्रत्युत्पन्न-भावप्रज्ञापनीयाः शेषा नया उभयभावं प्रज्ञापयन्तीति ।

ભાષ્યાર્થ :-

क्षेत्रम् ..... प्रज्ञापयन्तीति ।। ક્ષેત્ર=ક્ષેત્રદ્વારને આશ્રયીને સિદ્ધનું સ્વરૂપ બતાવે છે – કયા ક્ષેત્રમાં સિદ્ધ થાય છે ? એ પ્રકારનો પ્રશ્ન છે.

'इति' શબ્દ ક્ષેત્રદ્વાર વિષયક પ્રશ્નની સમાપ્તિ અર્થે છે.

ક્ષેત્રદ્વાર વિષયક કરાયેલા પ્રશ્નનો ઉત્તર આપે છે –

પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયના મતમાં સિદ્ધિક્ષેત્રમાં સિદ્ધ થાય છે=કર્મથી મુક્ત થયેલા મહાત્મા સિદ્ધશિલા ઉપરના સિદ્ધિક્ષેત્રમાં સર્વ પ્રયોજનની પ્રાપ્તિરૂપ સિદ્ધ પ્રયોજનવાળા થાય છે. પૂર્વ-ભાવપ્રજ્ઞાપનીયનયના મતે જન્મને આશ્રયીને પંદર કર્મભૂમિમાં થયેલા સિદ્ધ થાય છે. સંહરણને આશ્રયીને મનુષ્યક્ષેત્રમાં સિદ્ધ થાય છે. ત્યાં પ્રમત્તસંયતો અને સંયતાસંયતો=શ્રાવકો, સંહરણ કરાય છે. સાધ્વીઓ, અપગત વેદવાળા, પરિહારવિશુદ્ધિચારિત્રવાળા સંયત, પુલાકસાધુ, અપ્રમત્ત-

संयत, ચૌદપૂર્વધર, આહારકશરીરવાળા એટલા સંહરણ કરાતા નથી. ઋજુસૂત્રનય અને શબ્દ આદિ ત્રણ નયો=શબ્દનય-સમભિરૂઢનય-એવંભૂતનય આ ત્રણ નયો, પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીય છે. જ્યારે શેષ નયો ઉભયભાવનું પ્રજ્ઞાપન કરે છે=પૂર્વભાવ અને પ્રત્યુત્પન્નભાવ બન્ને ભાવનું પ્રજ્ઞાપન કરે છે.

'इति' શબ્દ ક્ષેત્રદ્વારની સમાપ્તિ અર્થે છે. ॥

ભાવાર્થ :-

(૧) ક્ષેત્રદ્વાર :-

પ્રસ્તુત સૂત્રમાં ગ્રંથકારશ્રીએ બાર અનુયોગદ્વારોથી સિદ્ધના સ્વરૂપનું ચિંતવન કરવાની વિચારણા બતાવેલ છે. તેમાંથી ક્ષેત્રદ્વારને આશ્રયીને સિદ્ધના જીવોનું ચિંતવન આ પ્રમાણે છે –

વર્તમાનના ભાવને પ્રજ્ઞાપના કરનાર નયદૃષ્ટિથી વિચારીએ તો સિદ્ધના જીવો સિદ્ધિક્ષેત્રમાં સિદ્ધ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે ક્ષણે સર્વકર્મોનો નાશ થાય છે, તે ક્ષણમાં જ કાર્મણ આદિ ત્રણ શરીરનો અભાવ થાય છે અને તે ક્ષણમાં જ તે મુક્તાત્મા સિદ્ધિક્ષેત્રમાં પહોંચે છે તથા તે ક્ષણમાં જ તેમનાં સર્વ પ્રયોજનો સિદ્ધ થાય છે; કેમ કે જીવનું પ્રયોજન "સર્વ ઉપદ્રવવાળી અવસ્થાના અભાવની પ્રાપ્તિ" છે. અને તે સિદ્ધિક્ષેત્રમાં જ થાય છે, મનુષ્યક્ષેત્રમાં નહીં.

પૂર્વભાવને જોનારી દૃષ્ટિથી વિચારીએ તો સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિ પૂર્વનો જે મનુષ્યભવ છે તેની જ્યાં પ્રાપ્તિ થાય અને જે મનુષ્યભવ દ્વારા તે મહાત્મા કર્મનો નાશ કરે તેને આશ્રયીને 'તે મહાત્મા સિદ્ધ થયા છે' તેમ કહેવાય. પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયની દૃષ્ટિથી વિચારીએ તો જન્મને આશ્રયીને સિદ્ધના જીવો પંદર કર્મભૂમિમાં જન્મેલા જ સિદ્ધ થાય છે. પંદર કર્મભૂમિથી અન્યત્ર અકર્મક ભૂમિમાં જન્મેલા સિદ્ધ થતા નથી અને સંહરણને આશ્રયીને પંદરકર્મભૂમિમાં જન્મેલા જીવો મનુષ્યના સર્વ પણ ક્ષેત્રમાંથી સિદ્ધ થાય છે. આથી જ ૪૫ લાખ યોજન પ્રમાણ મનુષ્યક્ષેત્રનાં દરેક સ્થાનોથી અનંતા ભૂતકાળમાં સિદ્ધ થયા છે. ત્યાં પ્રમત્તસંયત અને સંયતાસંયત સંહરણ કરાય છે. તેથી તે બે સંહરણ પામેલા અન્ય ક્ષેત્રમાં પણ સિદ્ધ થાય છે. એ પ્રકારનો અર્થ પ્રસ્તુત કથનના સંદર્ભથી જણાય છે. અન્યથા કોઈ મિથ્યાદૃષ્ટિ કે સમ્યગ્દૃષ્ટિ પણ સંહૃત થઈને અન્ય ક્ષેત્રમાં ગયેલ હોય તેઓ પ્રાયઃ તે ક્ષેત્રમાં સિદ્ધ થતા નહીં હોય, તેથી તેઓને અહીં ગ્રહણ કરેલ નથી એમ જણાય છે. વિશેષ બહુશ્રુતો વિચારે.

વળી પ્રમત્તસંયતમાં પણ કે અપ્રમત્તસંયતમાં પણ કોણ કોણ સંહરણ થતા નથી ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

સાધ્વી સંહરણ કરાતી નથી. તેથી ગુણસ્થાનકમાં રહેલ સાધ્વીનું સંહરણ દેવ વગેરે કરે નહીં તેવો નિયમ હોવાની સંભાવના જણાય છે. વળી અપગત વેદવાળા, ક્ષપકશ્રેણિવાળા જીવો કે કેવલીનું સંહરણ થતું નથી. તેથી પૂર્વમાં સંહરણ થયેલા હોય તેવા જ મુનિઓ અન્ય ક્ષેત્રમાં કેવળજ્ઞાન પામીને સિદ્ધ થાય છે,

તેમ નક્કી થાય છે; પરંતુ કેવળજ્ઞાન પછી તેઓનું સંહરણ થતું નથી. વળી પરિહારવિશુદ્ધિસંયમવાળા મહાત્માઓ વિશિષ્ટ પ્રકારની શુદ્ધિને કારણે જ કોઈનાથી સંહરણ કરાતા નથી. વળી પુલાકસાધુ પ્રમત્ત હોય તોપણ પુલાકસંયમના કારણે જ સંહરણ કરાતા નથી. આ પ્રકારનો અર્થ ભાષ્યકારના વચનથી પ્રાપ્ત થાય છે. એથી પુલાકસંયમવાળા સાધુ સંયમના કંડકોની અપેક્ષાએ તુચ્છ કંડકોમાં હોય તોપણ તે સંયમના માહાત્મ્યથી જ કોઈનાથી અપહરણ કરાતા નથી અને તેઓ સંયમના નીચેનાં સ્થાનોમાં પણ બળાત્કારથી કરાયેલ મૂલગુણની પ્રતિસેવનાને કારણે જ પ્રાયઃ રહેલા છે. તે પ્રકારનો અર્થ ભાષ્યકારશ્રીના વચનથી જણાય છે. અપ્રમત્ત સાધુ નિર્વિકલ્પદશાના જ્ઞાનના ઉપયોગવાળા છે. તેથી તેમના સંયમના માહાત્મ્યથી જ તેઓનો કોઈ અપહાર કરતું નથી. વળી ચૌદપૂર્વધર મુનિ પ્રમત્તસંયત્તગુણસ્થાનકમાં હોય તોપણ ચૌદપૂર્વને કારણે તેમનું અપહરણ થતું નથી. વળી આહારકશરીરવાળા ચૌદ પૂર્વધર જ હોય છે અને વિશિષ્ટ પ્રયોજનથી પૃચ્છા માટે જતા હોય છે ત્યારે તેમનું સંહરણ થતું નથી.

વળી ક્ષેત્રને આશ્રયીને નયોનું યોજન બતાવતાં કહે છે –

ઋજુસૂત્રનય અને શબ્દ આદિ ત્રણ નય વર્તમાનભાવને જ પ્રજ્ઞાપન કરનારા છે, તેથી સિદ્ધિક્ષેત્રમાં જ સિદ્ધના જીવો સિદ્ધ થાય છે, તેમ સ્વીકારે છે. વળી, શેષ નૈગમનય, સંગ્રહનય અને વ્યવહારનય ઉભયભાવનું પ્રજ્ઞાપન કરે છે. તેથી સિદ્ધના જીવો સિદ્ધિક્ષેત્રમાં સિદ્ધ થાય છે, તેમ પણ કહે છે અને પંદર કર્મભૂમિમાં જન્મેલા સિદ્ધ થાય છે કે મનુષ્યક્ષેત્રમાં સિદ્ધ થાય છે તેમ સ્વીકારે છે. ॥

ભાષ્ય :-

कालः । अत्रापि नयद्वयम् । कस्मिन् काले सिध्यतीति ? प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य अकाले सिध्यति । पूर्वभावप्रज्ञापनीयस्य जन्मतः संहरणतश्च, जन्मतोऽवसर्पिण्यामुत्सर्पिण्यामनवसर्पिण्युत्सर्पिण्यां च जातः सिध्यति एवं तावदविशेषतः । विशेषतोऽप्यवसर्पिण्यां सुषमदुःषमायां सङ्ख्येयेषु वर्षेषु शेषेषु जातः सिध्यति । दुःषमसुषमायां सर्वस्यां सिध्यति । दुःषमसुषमायां जातो दुःषमायां सिध्यति, न तु दुःषमायां जातः सिध्यति, अन्यत्र नैव सिध्यति । संहरणं प्रति सर्वकालेषु असर्पिण्यामुत्सर्पिण्यामनवसर्पिण्युत्सर्पिण्यां च सिध्यति ।

ભાષ્યાર્થ :-

कालः ..... सिध्यति ।। કાલ=કાલદ્વારને આશ્રયીને સિદ્ધનું સ્વરૂપ બતાવે છે – આમાં પણ=કાળને આશ્રયીને પણ, નયદ્વય છે=પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીય અને પૂર્વભાવપ્રજ્ઞાપનીયરૂપ નયદ્વય છે. કયા કાળમાં સિદ્ધ થાય છે ? તે પ્રકારનો પ્રશ્ન છે.

'इति' શબ્દ કાલદ્વાર વિષયક પ્રશ્નની સમાપ્તિ અર્થે છે.

પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયના મતે અકાળમાં સિદ્ધ થાય છે. પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયના મતે

જન્મથી જ અને સંહરણથી વિચારણા કરાય છે. જન્મથી અવસર્પિણી, ઉત્સર્પિણી, અનવસર્પિણી-ઉત્સર્પિણીમાં જન્મેલ જીવ સિદ્ધ થાય છે.

આ રીતે અવિશેષથી કાળને આશ્રયીને કહ્યું. હવે વિશેષથી કાળને આશ્રયીને કહે છે –

વિશેષથી અવસર્પિણીમાં સુષમદુઃષમારૂપ ત્રીજા આરાના સંખ્યાત વર્ષ શેષમાં જન્મેલો જીવ સિદ્ધ થાય છે. આખા દુઃષમસુષમારૂપ ચોથા આરામાં જન્મેલો સિદ્ધ થાય છે. દુઃષમસુષમારૂપ ચોથા આરામાં જન્મેલો દુઃષમારૂપ પાંચમા આરામાં સિદ્ધ થાય છે, પરંતુ દુઃષમારૂપ પાંચમા આરામાં જન્મેલો સિદ્ધ થતો નથી. અન્યત્ર આરામાં=પહેલા-બીજા અને છઠ્ઠા આરામાં, જન્મેલો જીવ સિદ્ધ થતો જ નથી. વળી સંહરણને આશ્રયીને સર્વ કાળમાં અવસર્પિણીમાં, ઉત્સર્પિણીમાં, અનવસર્પિણી-ઉત્સર્પિણીમાં=અવસર્પિણી-ઉત્સર્પિણીના અભાવવાળા મહાવિદેહ આદિમાં, સિદ્ધ થાય છે. ॥

ભાવાર્થ :-

(૨) કાલદ્વાર :-

કાલદ્વારમાં પણ પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનય અને પૂર્વભાવપ્રજ્ઞાપનીયનય બન્ને નયોથી જોવામાં આવે છે, એ સિવાય અન્ય કોઈ નયની દૃષ્ટિ પ્રવર્તતી નથી. ત્યાં પ્રશ્ન થાય કે સિદ્ધના જીવો કયા કાળમાં સિદ્ધ થાય છે ? આ પ્રકારના પ્રશ્નમાં ઉત્તર આપે છે –

પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની દૃષ્ટિથી અકાળમાં સિદ્ધ થાય છે અર્થાત્ જ્યાં મનુષ્યક્ષેત્રરૂપ કાળ નથી એવા અકાળમાં સિદ્ધ થાય છે; કેમ કે મનુષ્યક્ષેત્રમાં ઋતુના પરિવર્તનરૂપ કાળની પ્રાપ્તિ છે અને તેવા કાળની પ્રાપ્તિ અઢીદ્વીપની બહાર નથી. સિદ્ધ થનારા જીવો પ્રત્યુત્પન્નભાવ-પ્રજ્ઞાપનીયનયથી સિદ્ધશિલા ઉપર જ સિદ્ધ થાય છે, ત્યાં કાળ નથી માટે અકાળમાં સિદ્ધ થાય છે.

વળી પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયની દૃષ્ટિથી જોવામાં આવે તો જે જીવ સિદ્ધ થાય છે તેનો પૂર્વભાવ તેને જોનારી નયદૃષ્ટિ છે. તેથી તે જે ભવમાંથી સિદ્ધ થયો છે તે ભવ પૂર્વભાવ કહેવાય. આ પૂર્વભાવની દૃષ્ટિથી સિદ્ધના જીવો કયા કાળમાં સિદ્ધ થાય છે ? તેની વિચારણા જન્મથી અને સંહરણથી થાય છે. જે જીવો જન્મથી અવસર્પિણીકાળમાં, ઉત્સર્પિણીકાળમાં કે અવસર્પિણી-ઉત્સર્પિણી નથી એવા કાળમાં જન્મ્યા છે, તેઓ જ સિદ્ધ થાય છે. આ કથનથી એ પ્રાપ્ત થાય કે અઢીદ્વીપમાં આ ત્રણ પ્રકારનો કાળ વર્તે છે, તેથી આ ત્રણ પ્રકારના કાળવાળા ક્ષેત્રમાં જન્મેલા જીવો સિદ્ધ થાય છે. આ ત્રણ પ્રકારનો કાળ જ્યાં નથી ત્યાં જન્મેલા જીવો સિદ્ધ થતા નથી.

આ ત્રણ પ્રકારના કાળમાં પણ કયા કાળમાં જન્મેલા સિદ્ધ થતા નથી ? તેને વિશેષથી બતાવવા અર્થે કહે છે –

વિશેષથી અવસર્પિણીમાં સુષમદુઃષમામાં=ત્રીજા આરામાં, સંખ્યાત વર્ષ શેષ રહે છતે જન્મ પામેલા જીવો સિદ્ધ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે બે કોટાકોટી સાગરોપમનો દુઃષમાકાળ છે. તે કાળના એક

પલ્યોપમ શેષ હોય ત્યારે પણ જન્મેલા જીવો સિદ્ધ થતા નથી; પરંતુ સંખ્યાતા વર્ષો શેષ હોય એવો પલ્યોપમનો અત્યંત નાનો ભાગ ત્રીજા આરાનો બાકી હોય તે વખતે જન્મેલા સિદ્ધ થાય છે, જેમ મરુદેવા માતા. આખા દુઃષમસુષમાઆરામાં જન્મેલા જીવો સિદ્ધ થઈ શકે છે. તેથી એ પ્રાપ્ત થાય કે ચોથા આરામાં જન્મેલા ચરમ શરીરને અનુકૂળ ભવને પામેલા હોય તો અવશ્ય ચોથા આરામાં કે પાંચમા આરામાં સિદ્ધ થાય છે. વળી પાંચમા આરામાં જન્મેલા જીવો સિદ્ધ થતા નથી અને બીજા કોઈપણ આરામાં=ત્રીજા અને ચોથા આરાને છોડીને અન્ય કોઈ આરામાં જન્મેલા સિદ્ધ થતા નથી.

વળી સંહરણને આશ્રયીને સર્વ કાળમાં અવસર્પિણીમાં, ઉત્સર્પિણીમાં કે અવસર્પિણી-ઉત્સર્પિણી નથી એવા કાળમાં જીવો સિદ્ધ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે કોઈ સાધુનું સંહરણ કરીને પ્રથમ આરાવાળા ક્ષેત્રમાં દેવ લાવેલ હોય, ત્યાં તે સાધુ અપ્રમત્તભાવ પામીને કેવલજ્ઞાન પામે તો પ્રથમ આદિ આરામાં પણ સિદ્ધ થવાની પ્રાપ્તિ થાય છે. ॥

ભાષ્ય :-

गतिः, प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य सिद्धिगत्यां सिध्यति, शेषास्तु नया द्विविधाः — अनन्तरपश्चात्कृतगतिकश्च एकान्तरपश्चात्कृतगतिकश्च, अनन्तरपश्चात्कृतगतिकस्य मनुष्यगत्यां सिध्यति, एकान्तरपश्चात्कृतगतिकस्याविशेषेण सर्वगतिभ्यः सिध्यति ।

ભાષ્યાર્થ :-

गतिः ..... सिध्यति ।। ગતિ=ગતિદ્વારને આશ્રયીને સિદ્ધનું સ્વરૂપ બતાવે છે — પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયના મતે સિદ્ધિગતિમાં સિદ્ધ થાય છે. શેષ નયો=ઋજુસૂત્રનય અને શબ્દ આદિ ત્રણ એમ ચાર નયોને છોડીને શેષ ત્રણ નયો, બે પ્રકારની ગતિને ઈચ્છે છે : (૧) અનંતરપશ્ચાત્કૃતગતિ અને (૨) એકાંતરપશ્ચાત્કૃતગતિ. અનંતરપશ્ચાત્કૃતગતિને જોનાર નયદૃષ્ટિમાં મનુષ્યગતિમાં સિદ્ધ થાય છે, (જ્યારે) એકાંતરપશ્ચાત્કૃતગતિનયના મતમાં અવિશેષથી સર્વ ગતિઓમાંથી સિદ્ધ થાય છે. ॥

ભાવાર્થ :-

(૩) ગતિદ્વાર :-

ગતિદ્વારને આશ્રયીને સિદ્ધની વિચારણા કરે છે –

જે જીવ સિદ્ધ થાય છે તેનો છેલ્લો જન્મ અનંતરપશ્ચાત્કૃતગતિ છે. માટે મનુષ્યગતિથી સિદ્ધ થાય છે, તેમ કહેવાય છે. અને જે જીવ જે ભવમાં સિદ્ધ થાય છે તેના પૂર્વનો ભવ એ એક ભવના આંતરાવાળો છે, તેથી એકાંતર પશ્ચાત્કૃતગતિ છે. તેથી તે ગતિથી સિદ્ધ થાય છે, એમ કહેવાય છે. માટે ચારે ગતિથી સિદ્ધની પ્રાપ્તિ છે, તેમ કહેવાય છે. ॥

भाष्य :-

लिङ्गम् । स्त्रीपुंनपुंसकानि । प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्यावेदः सिध्यति । पूर्वभावप्रज्ञापनीयस्य अनन्तरपश्चात्कृतगतिकस्य परम्परपश्चात्कृतगतिकस्य च त्रिभ्यो लिङ्गेभ्यः सिध्यति ।

भाष्यार्थ :-

लिङ्गं ..... सिध्यति ।। लिंग=लिंगद्वारने आश्रयीने सिद्धनुं स्वरूप बतावे छे – स्त्री, पुरुष, नपुंसक, (એ ત્રણ લિંગ છે.) પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયના મતે અવેદવાળા જ સિદ્ધ થાય છે. પૂર્વ-ભાવપ્રજ્ઞાપનીયનયના મતે અનંતરપશ્ચાત્કૃતગતિવાળા અને પરંપરપશ્ચાત્કૃતગતિવાળા ત્રણે લિંગોથી સિદ્ધ થાય છે. ।।

ભાવાર્થ :-

(૪) લિંગદ્વાર :-

પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનય સિદ્ધ થવાની ક્ષણમાં સિદ્ધના આત્માને ગ્રહણ કરે છે અને તે વખતે સિદ્ધના આત્મા વેદ વગરના હોવાથી અવેદવાળા સિદ્ધ થાય છે તેમ કહે છે.

પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયની દૃષ્ટિથી બે રીતે વિચારણા થઈ શકે : (૧) અનંતરપશ્ચાત્કૃતગતિ અને પરંપરપશ્ચાત્કૃતગતિ.

અનંતરપશ્ચાત્કૃતગતિ અર્થાત્ સિદ્ધ થવાના કાળમાં તત્કાળનો જે ભવ હોય તેને આશ્રયીને વિચારીએ તો સ્ત્રી, પુરુષ અને નપુંસક શરીરવાળા ત્રણે પ્રકારના જીવોને બહુલતાએ તે શરીરને અનુરૂપ વેદનો ઉદય વર્તે છે. તેથી સ્ત્રીલિંગ, પુરુષલિંગ અને નપુંસકલિંગ એ ત્રણે પ્રકારના લિંગવાળા જીવો સિદ્ધ થાય છે.

વળી પરંપરાએ પશ્ચાત્કૃતગતિને આશ્રયીને વિચારીએ તો જે ભવમાંથી જે જીવો સિદ્ધ થાય છે તે ભવના પૂર્વભવમાં ચારે ગતિમાંથી કોઈપણ ગતિમાં હોય છે. તે ગતિમાં સ્ત્રી, પુરુષ અને નપુંસક એવા ત્રણેયના શરીરની અને તે શરીરને અનુરૂપ વેદના ઉદયની પ્રાપ્તિ હોય છે. તેથી ત્રણે લિંગવાળા સિદ્ધ થાય છે તેમ કહેલ છે. ॥

ભાષ્ય :-

तीर्थम् । सन्ति तीर्थकरसिद्धाः तीर्थकरतीर्थे १, नोतीर्थकरसिद्धास्तीर्थकरतीर्थे २, अतीर्थकरसिद्धाः तीर्थकरतीर्थे । एवं तीर्थकरीतीर्थे सिद्धा अपि ।

भाष्यार्थ :-

तीर्थम् ..... अपि ।। तीर्थ=तीर्थद्वारने आश्रयीने सिद्धनुं स्वरूप बतावे छे – तीर्थंकरना तीर्थमां तीर्थंकरो सिद्ध थाय छे. तीर्थंकरना तीर्थमां नोतीर्थंकरो सिद्ध थाय छे. तीर्थंकरना तीर्थमां अतीर्थंकर-

સિદ્ધ થાય છે. એ રીતે તીર્થંકરીના=સ્ત્રીતીર્થંકરના, તીર્થમાં પણ સિદ્ધો જાણવા=ત્રણ ભેદવાળા જાણવા. ॥

ભાવાર્થ :-

(૫) તીર્થદ્વાર :-

તીર્થદ્વારને આશ્રયીને સિદ્ધની વિચારણા કરે છે –

તીર્થંકરો હંમેશાં પોતાનું તીર્થ સ્થાપન કર્યા પછી મોક્ષમાં જાય છે, તે વખતે પોતાનું તીર્થ વિદ્યમાન હોય છે. તેથી તીર્થંકરના તીર્થમાં તીર્થંકર સિદ્ધ થાય છે. વળી, તીર્થંકરના તીર્થમાં નોતીર્થંકર સિદ્ધ થાય છે. અહીં 'નો' શબ્દ દેશનિષેધ અર્થક છે. તેથી તીર્થંકર સિવાયના સ્વયંબુદ્ધનું ગ્રહણ હોવાની સંભાવના જણાય છે; જ્યારે ટીકાકારશ્રીએ નોતીર્થંકર શબ્દથી પ્રત્યેકબુદ્ધનું ગ્રહણ કરેલ છે. તત્ત્વ બહુશ્રુતો વિચારે.

જેઓ તીર્થંકર થયા નથી, પરંતુ કાંઈક તીર્થંકર જેવા છે તેઓ નોતીર્થંકરસિદ્ધ છે. તેથી દેશનિષેધવાચી નોતીર્થંકર શબ્દથી તીર્થંકર જેવા વિશિષ્ટ પ્રભાવક ગ્રહણ થઈ શકે કે સ્વયંબુદ્ધનું ગ્રહણ થઈ શકે કે પ્રત્યેકબુદ્ધનું ગ્રહણ થઈ શકે તે વિષયમાં સૂક્ષ્મ પદાર્થ ગીતાર્થો નક્કી કરે.

વળી તીર્થંકરના તીર્થમાં અતીર્થંકરસિદ્ધો=તીર્થંકર સિવાયના અને નોતીર્થંકર સિવાયના અન્ય સર્વ સિદ્ધ થનારાઓ, સિદ્ધ થાય છે; કેમ કે તીર્થંકરના તીર્થમાં જે કોઈ સિદ્ધ થાય તે સર્વ તીર્થમાં સિદ્ધ થયેલા કહેવાય.

તીર્થમાં કોણ કોણ સિદ્ધ થાય છે ? તેની વિચારણા પ્રસ્તુત દ્વારમાં છે. તેથી અતીર્થસિદ્ધ એવાં મરુદેવા માતાદિનું પ્રસ્તુતમાં ગ્રહણ નથી. ॥

પૂર્વમાં લિંગદ્વારમાં સ્ત્રીલિંગ, પુરુષલિંગ અને નપુંસકલિંગનું કથન કર્યું. ત્યારપછી ક્રમપ્રાપ્ત તીર્થદ્વારનું કથન કર્યું. હવે ભાષ્યકારશ્રી સિંહાવલોકિત ન્યાયથી લિંગ શબ્દનો અન્ય અર્થ કરીને ફરીથી લિંગદ્વાર બતાવે છે –

ભાષ્ય :-

लिङ्गे पुनरन्यो विकल्प उच्यते – द्रव्यलिङ्गं भावलिङ्गं अलिङ्गमिति । प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्यालिङ्गः सिध्यति । पूर्वभावप्रज्ञापनीयस्य भावलिङ्गं प्रति स्वलिङ्गे सिध्यति । द्रव्यलिङ्गं त्रिविधं – स्वलिङ्गमन्यलिङ्गं गृहिलिङ्गमिति, तत्प्रति भाज्यम् सर्वस्तु भावलिङ्गं प्राप्तः सिध्यति ।

ભાષ્યાર્થ :-

लिङ्गे ..... सिध्यति ।। લિંગમાં વળી અન્ય વિકલ્પ કહેવાય છે – દ્રવ્યલિંગ, ભાવલિંગ અને અલિંગ એમ ત્રણ ભેદ છે. પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયના મતે અલિંગસિદ્ધ થાય છે=સર્વ કર્મરહિત સિદ્ધના જીવો દ્રવ્યલિંગ અને ભાવલિંગ વગરના હોય છે, તેથી અલિંગસિદ્ધ થાય છે. પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયના મતે ભાવલિંગને આશ્રયીને=મોક્ષના કારણીભૂત એવા રત્નત્રયીરૂપ ભાવલિંગને આશ્રયીને,

સ્વલિંગમાં સિદ્ધ થાય છે. દ્રવ્યલિંગ ત્રણ પ્રકારનું છે — સ્વલિંગ=જૈન સાધુનો વેશ, અન્યલિંગ=અન્ય સંન્યાસીનો વેશ અને ગૃહિલિંગ=ગૃહસ્થનો વેશ. એથી તેના પ્રત્યે=દ્રવ્યલિંગને આશ્રયીને, ભાજ્ય છે=પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયના મતે ત્રણે દ્રવ્યલિંગમાંથી ગમે તે લિંગમાં સિદ્ધ થઈ શકે છે. વળી સર્વ જ=ત્રણે લિંગમાંથી ગમે તે લિંગમાં રહેલો જીવ, ભાવલિંગને પ્રાપ્ત થયેલો સિદ્ધ થાય છે. ॥

ભાવાર્થ :-

લિંગદ્વારનું અન્ય રીતે નિરૂપણ :-

પૂર્વમાં લિંગ શબ્દથી વેદનો ઉદય અને વેદના ઉદયના કારણીભૂત શરીરની વિવક્ષા કરેલ. તેથી સિદ્ધના જીવો પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયના મતે અવેદવાળા સિદ્ધ થાય છે તેમ કહેલ; કેમ કે સિદ્ધઅવસ્થાની ક્ષણમાં તેઓને વેદનો ઉદય પણ નથી અને વેદને અનુકૂળ એવું સ્ત્રી આદિનું શરીર પણ નથી. વળી, દ્રવ્યલિંગ, ભાવલિંગ અને અલિંગરૂપ ત્રણ વેદને આશ્રયીને વિચારણા કરતી વખતે પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયના મતે જેઓને દ્રવ્યલિંગ પણ નથી અને ભાવલિંગ પણ નથી તેઓ સિદ્ધ થાય છે; કેમ કે 'सिध्यमानः सिद्ध्यति ।' એ વચનાનુસાર જેઓએ સર્વ કર્મનો નાશ કર્યો છે અને શરીર વગરના થયા છે તેઓ પ્રથમ ક્ષણમાં સિધ્યમાન છે અને તેઓ જ સિદ્ધ થાય છે. તેથી સિદ્ધત્વના પ્રાપ્તિકાળમાં તેઓને કર્મનાશના કારણીભૂત એવી રત્નત્રયીની પરિણતિરૂપ ભાવલિંગ પણ નથી. જોકે રત્નત્રયીની પરાકાષ્ઠારૂપ ભાવલિંગ ચૌદમા ગુણસ્થાનકે છે. તેથી જ તે ભાવલિંગ દ્વારા નિર્જરાની અને સંવરની પ્રાપ્તિ છે; પરંતુ સર્વ કર્મ રહિત એવા સિદ્ધના આત્માને રત્નત્રયીની પરિણતિ હોવા છતાં નિર્જરાની કારણીભૂત રત્નત્રયીની પરિણતિ નથી; પણ જીવની પ્રકૃતિરૂપ રત્નત્રયીની પરિણતિ છે, માટે અલિંગસિદ્ધ છે. વળી, તેઓને જૈન સાધુના વેશરૂપ દ્રવ્યલિંગ નથી, અન્યદર્શનના સંન્યાસીના વેશરૂપ દ્રવ્યલિંગ નથી કે ગૃહસ્થના વેશરૂપ દ્રવ્યલિંગ પણ નથી. અર્થાત્ દ્રવ્યલિંગ અને ભાવલિંગનો અભાવ હોવાને કારણે અલિંગવાળા એવા તેઓ સિદ્ધ થાય છે, એમ પ્રત્યુત્પન્નભાવ-પ્રજ્ઞાપનીય એવો નય કહે છે. વળી સિદ્ધ થવાની પ્રાપ્તિના પૂર્વના ભાવને ગ્રહણ કરનાર નય ભાવલિંગને આશ્રયીને બધા જીવો સ્વલિંગમાં સિદ્ધ થાય છે એમ કહે છે=સર્વજ્ઞ પ્રરૂપિત એવા ભાવલિંગમાં સિદ્ધ થાય છે એમ કહે છે; કેમ કે સમતાની પરિણતિરૂપ ભાવલિંગ વગર કોઈ સિદ્ધ થતું નથી. પ્રવર્ધમાન સમતાની પરિણતિ જ યોગનિરોધકાળની પ્રાપ્તિ સુધીની નિર્જરાનું કારણ છે. તેથી પ્રવર્ધમાન સમતાની પરિણતિ જ મોક્ષપ્રાપ્તિનું ભાવલિંગ છે=ભાવચિહ્ન છે. દ્રવ્યલિંગને આશ્રયીને ત્રણ પ્રકારનાં લિંગો છે. જૈન સાધુનો વેશ સ્વલિંગ છે, અન્યદર્શનના સંન્યાસીનો વેશ અન્યલિંગ છે અને ગૃહસ્થનો વેષ ગૃહલિંગ છે. આ ત્રણે લિંગમાંથી કોઈપણ લિંગમાં વર્તતો જીવ સમતાની પરિણતિરૂપ ભાવલિંગને પ્રાપ્ત કરીને સિદ્ધ થાય છે, એમ પૂર્વભાવપ્રજ્ઞાપનીયનય સ્વીકારે છે.

વળી ત્રણે પ્રકારના દ્રવ્યલિંગમાંથી કોઈપણ લિંગમાં રહેલા સમતાની પ્રવર્ધમાન પરિણતિરૂપ ભાવલિંગ વગર સિદ્ધ થતા નથી, તેથી પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયથી જે કોઈ સિદ્ધ થાય છે તે સર્વ ભાવલિંગને પ્રાપ્ત કરીને જ સિદ્ધ થાય છે. ॥

ભાષ્ય :-

चारित्रम् । प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य नोचारित्री नोऽचारित्री सिध्यतीति । पूर्वभावप्रज्ञापनीयो द्विविधः — अनन्तरपश्चात्कृतिकश्च परम्परपश्चात्कृतिकश्च । अनन्तरपश्चात्कृतिकस्य यथाख्यातसंयतः सिध्यति । परम्परपश्चात्कृतिकस्य व्यञ्जितेऽव्यञ्जिते च । अव्यञ्जिते त्रिचारित्रपश्चात्कृतश्चतुश्चारित्रपश्चात्कृतः पञ्चचारित्रपश्चात्कृतश्च । व्यञ्जिते सामायिकसूक्ष्मसंपराययथाख्यातपश्चात्कृतसिद्धाः छेदोपस्थाप्यसूक्ष्मसम्पराययथाख्यातपश्चात्कृतसिद्धाः सामायिकच्छेदोपस्थाप्यसूक्ष्मसम्पराययथाख्यातपश्चात्कृतसिद्धाः छेदोपस्थाप्यपरिहारविशुद्धिसूक्ष्मसम्पराययथाख्यातपश्चात्कृतसिद्धाः सामायिकच्छेदोपस्थाप्यपरिहारविशुद्धिसूक्ष्मसम्पराययथाख्यातपश्चात्कृतसिद्धाः ।

ભાષ્યાર્થ :-

चारित्रम् ..... पश्चात्कृतसिद्धाः ।। ચારિત્ર=ચારિત્રદ્વારને આશ્રયીને સિદ્ધનું સ્વરૂપ બતાવે છે — પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયના મતે નોચારિત્રી નોઅચારિત્રી સિદ્ધ થાય છે=અવિરતિવાળા પણ નહીં અને વિરતિરૂપ ચારિત્રવાળા પણ નહીં એવા સિદ્ધ થાય છે.

'इति' શબ્દ પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયના મતે સિદ્ધ થનારના ચારિત્રની સમાપ્તિ અર્થે છે.

પૂર્વભાવપ્રજ્ઞાપનીયનય બે પ્રકારના છે — (૧) અનંતરપશ્ચાત્કૃતિક અને (૨) પરંપરપશ્ચાત્કૃતિક. અનંતરપશ્ચાત્કૃતિકનયના મતે=અનંતરપશ્ચાત્કૃતિક એવા પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયના મતે યથાખ્યાતસંયત સિદ્ધ થાય છે. પરંપરપશ્ચાત્કૃતિકનયના મતે વ્યંજિતચારિત્રમાં=નામોલ્લેખથી વ્યંજિતચારિત્રમાં, અથવા અવ્યંજિતચારિત્રમાં=નામોલ્લેખથી અપ્રગટ કરાયેલા ચારિત્રમાં સિદ્ધ થાય છે એમ અન્વય છે. અવ્યંજિતમાં=અવ્યંજિતચારિત્રમાં, ત્રિચારિત્રપશ્ચાત્કૃત છે, ચતુશ્ચારિત્રપશ્ચાત્કૃત છે, પંચચારિત્રપશ્ચાત્કૃત છે. વ્યંજિતચારિત્રમાં (૧) સામાયિકસૂક્ષ્મસંપરાયયથાખ્યાતપશ્ચાત્કૃતસિદ્ધ છે, (૨) છેદોપસ્થાપ્યસૂક્ષ્મસંપરાયયથાખ્યાતપશ્ચાત્કૃતસિદ્ધ છે, (૩) સામાયિકછેદોપસ્થાપ્યસૂક્ષ્મસંપરાયયથાખ્યાતપશ્ચાત્કૃતસિદ્ધ છે, (૪) છેદોપસ્થાપ્યપરિહારવિશુદ્ધિસૂક્ષ્મસંપરાયયથાખ્યાતપશ્ચાત્કૃતસિદ્ધ છે (૫) સામાયિકછેદોપસ્થાપ્યપરિહારવિશુદ્ધિસૂક્ષ્મસંપરાયયથાખ્યાતપશ્ચાત્કૃતસિદ્ધ છે. ।।

ભાવાર્થ :-

(૬) ચારિત્રદ્વાર :-

ચારિત્રને આશ્રયીને સિદ્ધિગતિની વિચારણા બે નયદૃષ્ટિથી કરાય છે - (૧) પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની દૃષ્ટિથી અને (૨) પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયની દૃષ્ટિથી. પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની દૃષ્ટિથી જ્યારે મહાત્મા સર્વ કર્મરહિત થાય છે ત્યારે સિદ્ધ થાય છે; કેમ કે 'सिध्यमानः सिद्ध्यति' એ પ્રકારનું વચન છે. તેથી સર્વ કર્મ રહિત અવસ્થાકાળમાં સિદ્ધના આત્મા સિદ્ધ થાય છે એવો અર્થ પ્રાપ્ત થાય. તે વખતે

મુક્ત થયેલા આત્મા નિર્જરાના કારણીભૂત ચારિત્રવાળા નથી માટે નોચારિત્રી છે અને સંસારી જીવો જેવા અચારિત્રી પણ નથી તેથી નોઅચારિત્રી છે. માટે પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયના મતે નોચારિત્રીનોઅચારિત્રી સિદ્ધ થાય છે.

વળી પૂર્વભાવપ્રજ્ઞાપનીયનય બે પ્રકારનો છે : (૧) અનંતરપશ્ચાત્કૃતિક અને (૨) પરંપરપશ્ચાત્કૃતિક. તેથી એ પ્રાપ્ત થાય કે સિદ્ધત્વની પ્રાપ્તિના પૂર્વના ભાવને જોનાર નયદૃષ્ટિ બે પ્રકારની છે – પહેલી સિદ્ધિની પ્રાપ્તિની પૂર્વની અવસ્થાને જોનારી નયદૃષ્ટિ અને બીજી સિદ્ધિપદની પ્રાપ્તિની પૂર્વની પરંપરા-વાળી અવસ્થાને જોનારી નયદૃષ્ટિ. તેમાંથી અનંતરપશ્ચાત્કૃત નયદૃષ્ટિથી વિચારીએ તો સિદ્ધત્વની પ્રાપ્તિની પૂર્વની અવસ્થા યોગનિરોધ અવસ્થા છે. તે વખતે મહાત્માને યથાખ્યાતસંયમ હોય છે. તેથી અનંતર-પશ્ચાત્કૃતિક નયદૃષ્ટિથી ચૌદમા ગુણસ્થાનકવાળા યથાખ્યાતસંયત સાધુ જ સિદ્ધ થાય છે, અન્ય કોઈ સિદ્ધ થતું નથી.

વળી પરંપરપશ્ચાત્કૃતિક નયની દૃષ્ટિથી ચારિત્ર બે પ્રકારે પ્રાપ્ત થાય છે. (૧) વ્યંજિતચારિત્ર અને (૨) અવ્યંજિતચારિત્ર. વ્યંજિતચારિત્ર એટલે જેમાં તે તે ચારિત્રના નામના ઉલ્લેખ કરાયેલ હોય અને અવ્યંજિતચારિત્ર એટલે જેમાં પ્રાપ્ત થતા ચારિત્રના નામના ઉલ્લેખ કરાયેલ નથી માત્ર તેની સંખ્યા બતાવેલ છે.

અવ્યંજિતચારિત્રની વિચારણા કરીએ તો ત્રણ ચારિત્રવાળા પશ્ચાત્કૃત સિદ્ધ થાય છે. ચાર ચારિત્રવાળા પશ્ચાત્કૃત સિદ્ધ થાય છે. પાંચ ચારિત્રવાળા પશ્ચાત્કૃત સિદ્ધ થાય છે; કેમ કે મોક્ષપ્રાપ્તિના ચરમભવમાં યથાખ્યાતચારિત્રની પ્રાપ્તિ પૂર્વે કેટલાક જીવોએ ત્રણ ચારિત્ર પ્રાપ્ત કર્યાં હોય, કેટલાકે ચાર ચારિત્ર પ્રાપ્ત કર્યાં હોય તો કેટલાકે પાંચ ચારિત્ર પ્રાપ્ત કર્યાં હોય છે. તેથી મોક્ષપ્રાપ્તિની પૂર્વના ચરમભવમાં જે ચારિત્ર પ્રાપ્ત થયાં હોય તે સર્વની વિવક્ષાને કરનાર નયદૃષ્ટિથી અવ્યંજિતચારિત્રની ત્રણ પ્રકારે પ્રાપ્તિ થાય છે. (૧) ત્રિચારિત્ર પશ્ચાત્કૃત, (૨) ચતુઃચારિત્ર પશ્ચાત્કૃત અને (૩) પાંચ ચારિત્ર પશ્ચાત્કૃત.

વળી પરંપરપશ્ચાત્કૃત નયની દૃષ્ટિથી જે ત્રણ આદિ ભેદોની પ્રાપ્તિ થાય છે, તે ત્રણ આદિ ભેદો કઈ રીતે પ્રાપ્ત થાય છે ? તેને વ્યક્ત કરનાર જે ચારિત્ર હોય તે વ્યંજિતચારિત્ર કહેવાય.

તે વ્યંજિતચારિત્રમાં ત્રણ ચારિત્રવાળા પશ્ચાત્કૃતના બે વિકલ્પો પ્રાપ્ત થાય છે. (૧) સામાયિકચારિત્ર, સૂક્ષ્મસંપરાયચારિત્ર અને યથાખ્યાતચારિત્ર. (૨) છેદોપસ્થાપનીયચારિત્ર, સૂક્ષ્મસંપરાયચારિત્ર અને યથાખ્યાતચારિત્ર.

તેથી એ પ્રાપ્ત થાય કે બાવીશ તીર્થંકરના કાળમાં કોઈ જીવ સામાયિકચારિત્રને પ્રાપ્ત કરે ત્યારપછી ક્ષપકશ્રેણિ માંડે ત્યારે સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકે આવે તેથી સૂક્ષ્મસંપરાયચારિત્ર પ્રાપ્ત થાય અને બારમા ગુણસ્થાનકે આવે ત્યારે યથાખ્યાતચારિત્ર પ્રાપ્ત થાય. આ ત્રણે ચારિત્ર પરંપરાએ મોક્ષ પ્રત્યે કારણ છે; કેમ કે આ ત્રણે ચારિત્ર પામ્યા પછી ઉચિત કાળે યોગનિરોધ કરીને તે મહાત્મા સિદ્ધ થાય છે. વળી કોઈ મહાત્માએ સંયમ ગ્રહણ કર્યું હોય ત્યારે સામાયિક નામનું ચારિત્ર પ્રાપ્ત થયેલું હોવા છતાં પાછળથી કોઈ વિશિષ્ટ વિરાધના થવાને કારણે તેમને મૂલપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થઈ હોય ત્યારે તેઓને ફરી દીક્ષા

આપવામાં આવે છે તે વખતે છેદોપસ્થાપ્ય નામનું સંયમ પ્રાપ્ત થાય છે. આ છેદોપસ્થાપ્ય નામનું સંયમ ચોવીસે તીર્થંકરના સાધુને સંભવી શકે. તેઓ ક્ષપકશ્રેણિને પ્રાપ્ત કરે ત્યારે સૂક્ષ્મસંપરાય નામનું બીજું ચારિત્ર આવે છે અને વીતરાગ થાય ત્યારે યથાખ્યાતચારિત્ર પ્રાપ્ત કરે છે. તેથી વ્યંજિત એવાં ત્રણ ચારિત્રમાં પશ્ચાત્કૃતસિદ્ધની પ્રાપ્તિ થાય છે. આ રીતે વ્યંજિતચારિત્રના ત્રિચારિત્ર પશ્ચાત્કૃતના બે ભેદોની પ્રાપ્તિ થઈ.

હવે કેટલાક ચરમભવમાં ચાર સામાયિકને પ્રાપ્ત કરે છે. તેઓને કયાં ચાર વ્યંજિતચારિત્ર છે ? તે ભાષ્યકારશ્રી સ્પષ્ટ કરે છે –

સામાયિક, છેદોપસ્થાપ્ય, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત એવા પશ્ચાત્કૃત વ્યંજિતચારિત્રમાં જીવ સિદ્ધ થાય છે. તે આ પ્રમાણે – પહેલા અને છેલ્લા તીર્થંકરના કાળમાં સંયમ ગ્રહણ કરે છે ત્યારે સામાયિક નામનું ચારિત્ર આવે છે. વડીદીક્ષાકાળમાં છેદોપસ્થાપ્યચારિત્ર આવે છે. અથવા ૨૩મા તીર્થંકરના સાધુ ૨૪મા તીર્થંકરના સંઘમાં આવે છે ત્યારે છેદોપસ્થાપ્યચારિત્ર પ્રાપ્ત કરે છે. તેથી સામાયિક અને છેદોપસ્થાપ્યચારિત્ર પામ્યા પછી ક્ષપકશ્રેણિ માંડે ત્યારે સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક આવે છે. બારમા ગુણસ્થાનકમાં યથાખ્યાતચારિત્ર આવે છે. તેથી ચાર વ્યંજિતચારિત્રમાં પરંપરપશ્ચાત્કૃત સાધુઓ સિદ્ધ થાય છે.

કેટલાક મહાત્માઓ દીક્ષા ગ્રહણ કર્યા પછી કોઈક વિરાધનાને કારણે મૂલપ્રાયશ્ચિત્તને પામ્યા હોય ત્યારે છેદોપસ્થાપ્યસંયમ તેઓને પ્રાપ્ત થાય છે. વળી તેઓ સંયમની વિશિષ્ટ શુદ્ધિ અર્થે પરિહારવિશુદ્ધિ ચારિત્રનો સ્વીકાર કરે ત્યારે પરિહારવિશુદ્ધિ નામના ચારિત્રની પ્રાપ્તિ થાય છે. ત્યારપછી ક્ષપકશ્રેણિ માંડે તે વખતે સૂક્ષ્મસંપરાયચારિત્ર આવે અને વીતરાગ થાય ત્યારે યથાખ્યાતચારિત્ર આવે. તેથી આ રીતે પણ ચાર પ્રકારના ચારિત્રવાળા પશ્ચાત્કૃત સિદ્ધ થાય છે. માટે પશ્ચાત્કૃતસિદ્ધ મુનિને બે પ્રકારે ચાર ચારિત્ર પ્રાપ્ત થાય છે.

વળી કેટલાક સાધુ પ્રથમ તીર્થંકરના કાળમાં કે છેલ્લા તીર્થંકરના કાળમાં સૌ પ્રથમ સામાયિકચારિત્ર પ્રાપ્ત કરે છે. ત્યારપછી વડીદીક્ષા વખતે છેદોપસ્થાપ્યચારિત્ર પ્રાપ્ત કરે છે અને સંયમની શુદ્ધિ અર્થે પરિહારવિશુદ્ધિચારિત્ર સ્વીકારે છે ત્યારે ત્રીજા પરિહારવિશુદ્ધિચારિત્રની પ્રાપ્તિ થાય છે. ત્યારપછી ક્ષપકશ્રેણિ માંડીને સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકમાં આવે ત્યારે સૂક્ષ્મસંપરાયચારિત્રને પ્રાપ્ત કરે છે. આગળ વધી વીતરાગ થાય ત્યારે યથાખ્યાતચારિત્રને પ્રાપ્ત કરે છે. આ રીતે પાંચ પ્રકારના ચારિત્રથી પરંપરાપશ્ચાત્કૃત સિદ્ધ થાય છે.

ચારિત્રદ્વારનું સમ્યક્ ભાવન કરવાથી વિવેકસંપન્ન મહાત્માને પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયદૃષ્ટિથી સિદ્ધમાં જતી વખતે સિદ્ધના આત્માઓ નોચારિત્રીનોઅચારિત્રી શબ્દોથી કેવા સ્વરૂપવાળા હોય છે ? તેની ઉપસ્થિતિ થાય છે, જેના કારણે અંતરંગ મોહના વિકારો વગરના, કર્મના ઉપદ્રવ વગરના અને દેહ વગરના સિદ્ધના આત્માઓ કેવા સ્વરૂપવાળા હોય છે ? તેની સ્મૃતિ થાય છે. જેના સ્મરણમાત્રથી પણ મોક્ષમાર્ગમાં પ્રતિબંધક ઘણાં કર્મોનો નાશ થાય છે.

વળી પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયદૃષ્ટિથી સાધક જ્યારે સિદ્ધના જીવો કયા ચારિત્રમાં સિદ્ધ થાય છે ? તેને જોવા માટે યત્ન કરે છે ત્યારે સામાયિકચારિત્રવાળા મહાત્માઓ કેવા સમભાવના પરિણામવાળા હોય છે ? તેની સ્મૃતિ થાય છે. તેઓ જ વડીદીક્ષા દ્વારા છેદોપસ્થાપ્યચારિત્રમાં સ્થાપિત થાય છે, ત્યારે પાંચ મહાવ્રતરૂપ કેવી વિશિષ્ટ ગુણસંપત્તિવાળા થાય છે ? જેથી પૂર્વ કરતાં પણ વિશિષ્ટ કોટિનો સામાયિકનો પરિણામ તેઓમાં પ્રગટ થાય છે, તેનું સ્મરણ થાય છે. આ રીતે ચારિત્રદ્વારની વિચારણા કરનાર મહાત્માને પણ સિદ્ધની પૂર્વભૂમિકામાં તે મુનિઓ કેવા ઉત્તમ પરિણામવાળા હતા ? તેનું સ્મરણ થાય છે, જેથી મહાનિર્જરાની પ્રાપ્તિ થાય છે. વળી તેમાંથી પણ કેટલાક મહાત્મા પરિહારવિશુદ્ધિચારિત્રને પામે છે, તેઓના વિશુદ્ધ સંયમસ્થાનનું સ્મરણ થવાથી ચારિત્રદ્વારની વિચારણા કરનાર મહાત્માને વિશેષ પ્રકારની નિર્જરાની પ્રાપ્તિ થાય છે.

વળી સિદ્ધમાં જનારા જીવો જ્યારે ક્ષપકશ્રેણિ માંડે છે ત્યારે સૂક્ષ્મસંપરાયચારિત્ર, યથાખ્યાતચારિત્રને પામે છે, તેનું સ્વરૂપ શાસ્ત્રથી જેમણે જાણ્યું છે તેમને તે શબ્દના શ્રવણમાત્રથી પણ તે ચારિત્ર પ્રત્યે અહોભાવ થાય છે. જેથી તે મહાત્મા આ ચારિત્રના બળથી સંસારસાગર તર્યા છે, તેવી સ્મૃતિ થાય છે. તેથી મહાનિર્જરાની પ્રાપ્તિ થાય છે.

વળી કોઈક મહાત્મા સંયમ સ્વીકાર્યા પછી મૂલપ્રાયશ્ચિત્તને પામ્યા હોય છતાં અત્યંત કલ્યાણના અર્થી હોવાથી છેદોપસ્થાપ્યચારિત્રને પામીને ફરી કઈ રીતે મોક્ષમાર્ગમાં સ્થિર થાય છે ? તેની સ્મૃતિ થવાથી તેવા મહાત્મા પ્રત્યે પણ પૂજ્યભાવ થાય છે. છેદોપસ્થાપ્યચારિત્રને પામીને તેઓ પણ કયા ક્રમથી સિદ્ધિગતિને પામ્યા છે તે સર્વનું સ્મરણ કરતા મોક્ષના અર્થી જીવોને ક્યારેય સંતોષ થતો નથી, પરંતુ એવા ઉત્તમ મહાત્માનું સદા સ્મરણ રહે છે. તે પ્રકારનો બોધ કરાવીને જ પ્રસ્તુત ચારિત્ર દ્વારનું વર્ણન સફળ છે. ॥

સૂત્રના ક્રમાનુસાર પ્રત્યેકબુદ્ધબોધિતદ્વારમાં કોણ સિદ્ધ થાય છે ? તે બતાવે છે –

ભાષ્ય :-

प्रत्येकबुद्धबोधितः । अस्य व्याख्याविकल्पश्चतुर्विधः । तद्यथा – अस्ति स्वयम्बुद्धसिद्धः, स द्विविधः – अर्हंश्च तीर्थकरः प्रत्येकबुद्धसिद्धश्च । बुद्धबोधितसिद्धः त्रिचतुर्थो विकल्पः, पर-बोधकसिद्धाः स्वेष्टकारिसिद्धाः ।

ભાષ્યાર્થ :-

प्रत्येकबुद्धबोधितः ..... स्वेष्टकारिसिद्धाः ।। પ્રત્યેકબુદ્ધબોધિત=પ્રત્યેકબુદ્ધબોધિતદ્વારને આશ્રયીને સિદ્ધનું સ્વરૂપ બતાવે છે – આનો=પ્રત્યેકબુદ્ધબોધિતનો, વ્યાખ્યા-વિકલ્પ ચાર પ્રકારનો છે=તેના ચાર ભેદો છે. તે આ પ્રમાણે – (૧) સ્વયંબુદ્ધસિદ્ધ છે તે બે પ્રકારના છે. (૧) અરિહંત તીર્થંકર, (૨) પ્રત્યેકબુદ્ધસિદ્ધ. બુદ્ધબોધિતસિદ્ધ, ત્રીજો ચોથો વિકલ્પ છે (અર્થાત્) (૩) પરબોધકસિદ્ધ (ત્રીજો વિકલ્પ છે) અને (૪) સ્વઈષ્ટકારીસિદ્ધ (ચોથો વિકલ્પ છે.) ॥

❖ અહીં 'परबोधकसिद्धाः' અને 'स्वेष्टाकारिसिद्धाः' એ પ્રકારના બહુવચનના સ્થાને 'परबोधकसिद्धः' તથા 'स्वेष्टाकारिसिद्धः' એ પ્રકારનો એકવચનનો પાઠ હોવાની સંભાવના છે.

ભાવાર્થ :-

(૭) પ્રત્યેકબુદ્ધબોધિતદ્વાર :-

પ્રત્યેકબુદ્ધબોધિતદ્વારથી સિદ્ધમાં જનારા જીવોની વિચારણા કરવામાં આવે ત્યારે ચાર વિકલ્પોની પ્રાપ્તિ થાય છે.

(૧) તીર્થંકરસિદ્ધ, (૨) પ્રત્યેકબુદ્ધસિદ્ધ, (૩) પરબોધકસિદ્ધ અને (૪) સ્વઇષ્ટકારીસિદ્ધ.

સ્વયંબુદ્ધસિદ્ધના બે વિકલ્પ પ્રાપ્ત થાય છે : (૧) તીર્થંકરસ્વયંબુદ્ધ અને (૨) પ્રત્યેકબુદ્ધસિદ્ધ.

પ્રત્યેકબુદ્ધનો અર્થ સ્પષ્ટ કરતાં ભાષ્યકારશ્રી કહે છે –

જે સ્વયંબુદ્ધસિદ્ધ છે તે પ્રત્યેકબુદ્ધસિદ્ધ છે. તેથી સ્વયંબુદ્ધસિદ્ધ અને પ્રત્યેકબુદ્ધસિદ્ધ એમ બે જુદા ભેદોનું અહીં ગ્રહણ નથી. પરંતુ પ્રત્યેકબુદ્ધ એ જ સ્વયંબુદ્ધસિદ્ધ કહેવાય એ પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય છે.

બુદ્ધબોધિતસિદ્ધમાં ત્રીજો અને ચોથો ભેદ પ્રાપ્ત થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે પ્રત્યેકબુદ્ધબોધિત એ પ્રકારના દ્વારમાં પ્રત્યેક શબ્દ પ્રત્યેકબુદ્ધનો વાચક છે અને બુદ્ધબોધિત અન્ય ભેદનો વાચક છે. તેથી પ્રસ્તુત દ્વારમાં 'પ્રત્યેકબુદ્ધબોધિત' શબ્દમાં મધ્યમપદલોપી સમાસ હોવાની સંભાવના છે.

(૧) તીર્થંકરપ્રત્યેકબુદ્ધસિદ્ધ :-

પ્રસ્તુતમાં પ્રત્યેકબુદ્ધ શબ્દથી અન્યના ઉપદેશથી નિરપેક્ષ બોધ પામનારા મહાત્માઓનું ગ્રહણ છે. તેથી સ્વયંબુદ્ધો પણ પ્રત્યેકબુદ્ધમાં અંતર્ભાવ પામે છે અને તીર્થંકરો પણ અન્યના ઉપદેશ નિરપેક્ષ બોધ પામનારા છે. તેથી તીર્થંકરો પ્રત્યેકબુદ્ધસિદ્ધ છે.

(૨) પ્રત્યેકબુદ્ધસિદ્ધ :-

તીર્થંકર થયા વગર અન્ય નિરપેક્ષ જેઓ બોધ પામે છે તે પ્રત્યેકબુદ્ધસિદ્ધ છે, જેમ ભરત મહારાજા પ્રત્યેકબુદ્ધસિદ્ધ છે. તેથી એ પ્રાપ્ત થાય કે ભરત મહારાજા ઋષભદેવ ભગવાન પાસેથી શ્રાવકધર્મ પામેલા તોપણ સંયમ ગ્રહણ કરીને (પૂર્વ આદિ) શાસ્ત્ર ભણીને ગીતાર્થ થયેલા નહીં. તેઓશ્રીને અરીસાભવનમાં ક્ષપકક્ષેણિ માંડતી વખતે પૂર્વનો બોધ પ્રાપ્ત થયો તે અન્યના ઉપદેશ નિરપેક્ષ હોવાથી તેઓ પ્રત્યેકબુદ્ધસિદ્ધ છે. વળી અન્ય પણ પ્રત્યેકબુદ્ધ મહાત્માઓ અન્યના ઉપદેશ નિરપેક્ષ જઘન્યથી ૧૧ અંગના ધારક બને છે કે પૂર્વધર પણ બને છે તેઓ પ્રત્યેકબુદ્ધ કહેવાય અને તેઓ ક્ષપકશ્રેણિ માંડીને સિદ્ધ થાય તો પ્રત્યેકબુદ્ધસિદ્ધ કહેવાય.

બુદ્ધબોધિતસિદ્ધ :-

વળી કોઈની પાસેથી બોધ પામીને સંયમ ગ્રહણ કર્યા પછી ગુરુ પાસેથી શાસ્ત્ર ભણે તે બુદ્ધબોધિત

કહેવાય. જેમ ગણધરો તીર્થંકરો પાસેથી બોધ પામીને સંયમ ગ્રહણ કર્યા પછી તત્ત્વની પૃચ્છા કરે છે, જેનાથી ભગવાને તેમને ત્રિપદી દ્વારા દ્વાદશાંગી આપી. તેથી બુદ્ધ એવા ભગવાનથી બોધિત ગણધરાદિ મહાત્માઓ છે અને તેવા બુદ્ધબોધિતસિદ્ધના બે ભેદો છે. (૧) પરબોધક સિદ્ધ અને (૨) સ્વઇષ્ટકારી સિદ્ધ.

(૩) પરબોધકસિદ્ધ :-

જેઓ કોઈના દ્વારા બોધ પામીને સંયમ ગ્રહણ કર્યા પછી શાસ્ત્રાભ્યાસથી બોધિત થયેલા હોય તેવા બુદ્ધબોધિત જીવો કેટલાક અન્ય જીવોને સન્માર્ગ બતાવીને અંતે સિદ્ધ થાય છે. જેમ ગૌતમસ્વામી આદિ મહામુનિઓ અનેક જીવોને શાસ્ત્રોનો બોધ કરાવી સિદ્ધ થયા તેઓ પરબોધક સિદ્ધ છે.

(૪) સ્વઇષ્ટકારીસિદ્ધ :-

જેઓ તેવા પ્રકારની પરને બોધ કરાવવાની શક્તિવાળા નથી; પરંતુ ગીતાર્થ ગુરુ પાસેથી શાસ્ત્રો ભણ્યા પછી તે શાસ્ત્રોથી આત્માને અત્યંત ભાવિત કરીને પોતાના ઇષ્ટ એવા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરીને સિદ્ધ થાય છે. તેઓ સ્વઇષ્ટકારી સિદ્ધ છે. જેમ શાલિભદ્રમુનિ આદિ શાસ્ત્રો ભણીને ગીતાર્થ થયેલા, છતાં પ્રધાનરૂપે તે શાસ્ત્રોથી આત્માને ભાવિત કરીને પોતાના ઇષ્ટને સાધવા પ્રયત્ન કરે છે; (તેઓ વર્તમાનભવમાં સિદ્ધ થયા નથી. તેથી સ્વઇષ્ટકારી સિદ્ધમાં તેઓની ગણના થાય નહીં, તોપણ) તેમની જેમ જેઓ શાસ્ત્ર ભણ્યા પછી પોતાને ઇષ્ટકારી એવા શાસ્ત્રોથી ભાવિત થઈને કેવલજ્ઞાનાદિ પામે તેઓ સ્વઇષ્ટકારી સિદ્ધ કહેવાય.

આ પ્રકારે સિદ્ધ થનારા જીવોની પ્રત્યેકબુદ્ધરૂપે અને બુદ્ધબોધિત સ્વરૂપે ઉપસ્થિતિ કરવાથી સિદ્ધઅવસ્થાને પામનારા મહાત્માઓ પૂર્વભૂમિકામાં કેવી કેવી પરિણતિવાળા હોય છે ? જે પરિણતિના બળથી તેઓ સિદ્ધ થયા, તેની ઉપસ્થિતિ થાય છે. તેથી સિદ્ધત્વની પ્રાપ્તિની કારણીભૂત તે સર્વ પરિણતિઓ પ્રત્યે બહુમાનભાવ થાય છે. ફળસ્વરૂપે ઘણા કર્મની નિર્જરા થાય છે. ॥

સૂત્રના ક્રમાનુસાર જ્ઞાનદ્વારમાં કોણ સિદ્ધ થાય છે ? તે બતાવે છે –

ભાષ્ય :-

ज्ञानम्, अत्र प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य केवली सिध्यति । पूर्वभावप्रज्ञापनीयो द्विविधः – अनन्तरपश्चात्कृतिकश्च परम्परपश्चात्कृतिकश्च, अव्यञ्जिते च व्यञ्जिते च । अव्यञ्जिते द्वाभ्यां ज्ञानाभ्यां सिध्यति, त्रिभिश्चतुर्भिरिति । व्यञ्जिते द्वाभ्यां मतिश्रुताभ्याम्, त्रिभिर्मतिश्रुतावधिभिः मतिश्रुतमनःपर्यायैर्वा, चतुर्भिर्मतिश्रुतावधिमनःपर्यायैरिति ।

ભાષ્યાર્થ :-

ज्ञानम् ..... मनःपर्यायैरिति ।। જ્ઞાન=જ્ઞાનદ્વારને આશ્રયીને સિદ્ધનું સ્વરૂપ બતાવે છે – અહીં=

જ્ઞાનદ્વારમાં, પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની દૃષ્ટિથી કેવલી સિદ્ધ થાય છે. પૂર્વભાવપ્રજ્ઞાપનીય બે પ્રકારના છે : (૧) અનંતરપશ્ચાત્કૃતિક અને (૨) પરંપરપશ્ચાત્કૃતિક. અને બે ભેદ છે=પરંપરપશ્ચાત્કૃતિકના બે ભેદ છે : (૧) અવ્યંજિત=સામાન્ય, અને વ્યંજિત=સ્પષ્ટીકૃત, (જ્ઞાનમાં સિદ્ધ થાય છે.)

અવ્યંજિત જ્ઞાનમાં બે જ્ઞાનથી સિદ્ધ થાય છે, ત્રણ જ્ઞાનથી અને ચાર જ્ઞાનથી (સિદ્ધ થાય છે).

'इति' શબ્દ અવ્યંજિતજ્ઞાનના પ્રકારોની સમાપ્તિ અર્થે છે.

વ્યંજિત જ્ઞાનમાં (૧) મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન એ બે જ્ઞાનોથી સિદ્ધ થાય છે; (૨) મતિ, શ્રુત, અવધિરૂપ ત્રણ જ્ઞાનોથી સિદ્ધ થાય છે; અથવા (૨) મતિ, શ્રુત, મનઃ પર્યવજ્ઞાનરૂપ ત્રણ જ્ઞાનોથી સિદ્ધ થાય છે; (અને) (૩) મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવરૂપ ચાર જ્ઞાનથી સિદ્ધ થાય છે.

'इति' શબ્દ વ્યંજિતજ્ઞાનના પ્રકારોની સમાપ્તિ અર્થે છે. ॥

ભાવાર્થ :-

(૮) જ્ઞાનદ્વાર :-

જ્ઞાનદ્વારમાં કયા જ્ઞાનથી સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિ છે ? તેની વિચારણા છે. તેમાં પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની દૃષ્ટિથી વિચારવામાં આવે તો સર્વ કર્મથી મુક્ત થયેલા સિધ્યમાન જીવો સિદ્ધ થાય છે, તે વખતે તેઓને કેવળજ્ઞાન હોય છે તેથી કેવલી સિદ્ધ થાય છે, અન્ય નહીં.

વળી પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયની દૃષ્ટિથી સિદ્ધ થતા બે પ્રકારના જીવો પ્રાપ્ત થાય છે. (૧) અનંતરપશ્ચાત્કૃતિક અને (૨) પરંપરપશ્ચાત્કૃતિક. તેમાં અનંતરપશ્ચાત્કૃતિક જીવો ભવસ્થકેવલજ્ઞાનથી સિદ્ધ થાય છે. જે સ્પષ્ટ હોવાથી ભાષ્યકારશ્રીએ તેનું કથન કરેલ નથી.

પરંપરપશ્ચાત્કૃતિક જીવો અવ્યંજિત જ્ઞાનમાં અને વ્યંજિત જ્ઞાનમાં સિદ્ધ થાય છે. સામાન્યતયા અર્થાત્ સંખ્યાથી બતાવાયેલા અને જ્ઞાનના ઉલ્લેખથી નહીં બતાવાયેલા એવા અવ્યંજિત જ્ઞાનમાં સિદ્ધ થાય છે. અવ્યંજિત જ્ઞાનમાં બે જ્ઞાનમાં સિદ્ધ થાય છે, ત્રણ જ્ઞાનમાં સિદ્ધ થાય છે અને ચાર જ્ઞાનમાં સિદ્ધ થાય છે. આ ત્રણેય વિકલ્પો એક સાથે વર્તતા જ્ઞાનને આશ્રયીને કરેલ છે. ક્રમને આશ્રયીને ભાષ્યકારશ્રીએ વિવક્ષા કરી નથી.

વ્યંજિતજ્ઞાનમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન બે જ્ઞાન દ્વારા સિદ્ધ થાય છે.

તેથી એ પ્રાપ્ત થાય કે પરંપરપશ્ચાત્કૃતિક નયની દૃષ્ટિથી વિચારીએ તો જેઓમાં મોક્ષને અનુકૂળ એવું નિર્મળ મતિજ્ઞાન અને નિર્મળ શ્રુતજ્ઞાન પ્રાપ્ત થયું છે, તેના બળથી પ્રાતિભજ્ઞાન પ્રાપ્ત કરીને કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે. તેના દ્વારા સિદ્ધ થાય છે.

વળી વ્યંજિતજ્ઞાનમાં કેટલાક મહાત્મા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન આત્મક ત્રણ જ્ઞાનોથી સિદ્ધ થાય છે. અર્થાત્ પરંપરપશ્ચાત્કૃતિક નયની દૃષ્ટિથી તેઓને પ્રથમ નિર્મળ કોટિનું મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન

પ્રાપ્ત થયેલું હોય છે અને કોઈક રીતે અવધિજ્ઞાન પણ પ્રાપ્ત થયેલું હોય છે. આ ત્રણે નિર્મળ જ્ઞાનો આત્માને હંમેશાં મોહના ઉન્મૂલનને અનુકૂળ ઉચિત યત્ન કરાવીને પ્રાતિભજ્ઞાનની પ્રાપ્તિનું કારણ બને છે, જેના ફળરૂપે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને અંતે મોક્ષની પ્રાપ્તિ થાય છે.

વળી કેટલાક મહાત્માઓ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન દ્વારા સિદ્ધ થાય છે. આવા મહાત્માઓને પ્રથમ નિર્મળ કોટિનું મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય છે અને સંયમકાળમાં મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થાય છે. આ ત્રણેય જ્ઞાનો નિર્મળ કોટીનાં હોવાથી આત્માને જિનતુલ્ય થવા માટેની સતત પ્રવૃત્તિ કરાવે છે. આવા મહાત્માઓ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનના બળથી પ્રાતિભજ્ઞાનને પ્રાપ્ત કરીને કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે, જેનાથી સિદ્ધ થાય છે.

વળી પરંપરપશ્ચાત્કૃતિકનયની દૃષ્ટિથી કેટલાક મહાત્માઓ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનરૂપ ચાર જ્ઞાન વડે સિદ્ધ થાય છે. તેઓ પણ નિર્મળ કોટિનાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાનના બળથી જિનતુલ્ય થવા યત્ન કરનારા હોય છે. જેના બળથી પ્રાતિભજ્ઞાનને પામીને તેઓ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે અને અંતે સિદ્ધ થાય છે.

આ રીતે જ્ઞાનદ્વારને આશ્રયીને સિદ્ધના જીવોની વિચારણા કરવાથી મોક્ષના કારણીભૂત મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન કેવાં નિર્મળ કોટિનાં હોય છે ? જેનાથી જીવને સતત સંસારના ઉચ્છેદની ઉચિત પ્રેરણા મળે છે, તેનો માર્ગાનુસારી બોધ થવાથી તે જ્ઞાનો પ્રત્યે અત્યંત અહોભાવ થાય છે જેનાથી પણ નિર્મળ મતિજ્ઞાન આદિની પ્રાપ્તિ થાય છે. ॥

સૂત્રના ક્રમાનુસાર અવગાહના દ્વારમાં કોણ સિદ્ધ થાય છે તે બતાવે છે –

ભાષ્ય :-

अवगाहना, कः कस्यां शरीरावगाहनायां वर्तमानः सिध्यति ? अवगाहना द्विविधा – उत्कृष्टा जघन्या च, उत्कृष्टा पञ्चधनुःशतानि धनुःपृथक्त्वेनाभ्यधिकानि, जघन्या सप्त रत्नयोऽङ्गुलपृथक्त्वहीनाः, एतासु शरीरावगाहनासु सिध्यति पूर्वभावप्रज्ञापनीयस्य, प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य तु एतास्वेव यथास्वं त्रिभागहीनासु सिध्यति ।

ભાષ્યાર્થ :-

अवगाहना ..... सिध्यति ।। અવગાહના=અવગાહનાદ્વારને આશ્રયીને સિદ્ધનું સ્વરૂપ બતાવે છે – કયો સિદ્ધનો આત્મા કયા શરીરની અવગાહનામાં સિદ્ધ થાય છે ? એ પ્રકારનો પ્રશ્ન છે. અવગાહના બે પ્રકારની છે – ઉત્કૃષ્ટ અને જઘન્ય. ઉત્કૃષ્ટ અવગાહના ધનુષપૃથક્ત્વથી અભ્યધિક ૫૦૦ ધનુષની ઉત્કૃષ્ટ અવગાહના છે=બેથી નવ ધનુષ અધિક ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષની અવગાહના છે. જઘન્ય અંગુલપૃથક્ત્વ હીન સાત હાથની અવગાહનાવાળા સિદ્ધ થાય છે. આ શરીર અવગાહનામાં પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયની દૃષ્ટિથી સિદ્ધ થાય છે. વળી પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની દૃષ્ટિથી આમાં

જ=ઉત્કૃષ્ટ અને જઘન્ય અવગાહનામાંથી અન્યતર કોઈ અવગાહનામાં જ, યથાયોગ્ય ત્રણ ભાગ હીન આત્મપ્રદેશોની અવગાહનામાં સિદ્ધ થાય છે. ॥

ભાવાર્થ :-

(૯) અવગાહનાદ્વાર :-

દેહની અવગાહનાને આશ્રયીને મોક્ષમાં જનારા જીવોની વિચારણા બે રીતે થાય છે : (૧) પૂર્વભાવ-પ્રજ્ઞાપનીયનયની દૃષ્ટિથી અને (૨) પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની દૃષ્ટિથી. તેમાં પૂર્વભાવપ્રજ્ઞાપનીય-નયની દૃષ્ટિથી ઉત્કૃષ્ટ અવગાહનાવાળા બેથી નવ ધનુષ અધિક એવા ૫૦૦ ધનુષની કાયાવાળા જીવો સિદ્ધ થાય છે અને જઘન્યથી બેથી નવ અંગુલ ન્યૂન એવા સાત હાથની કાયાવાળા જીવો સિદ્ધ થાય છે.

આ કથનમાં વીર ભગવાનના કાળના જીવો સાત હાથના સંભવતા હોવાથી તેઓને આશ્રયીને જઘન્ય અવગાહનાની પ્રાપ્તિ થાય છે, છતાં કોઈ મહાત્મા આઠ વર્ષની ઉંમરે કેવલજ્ઞાન પામીને સિદ્ધ થાય ત્યારે તેમની કાયા નાની હોય અથવા કૂર્માપુત્ર જેવા કોઈક નાની કાયામાં સિદ્ધ થાય છે તેવા જીવો અલ્પ સંખ્યામાં પ્રાપ્ત થાય છે. માટે તેની વિવક્ષા ભાષ્યકારશ્રીએ કરેલ નથી તેવું જણાય છે. આથી જઘન્ય બેથી નવ અંગુલ ન્યૂન એવા સાત હાથની કાયાવાળા સિદ્ધ થાય છે, તેમ કહેલ છે.

વળી પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની દૃષ્ટિથી સિદ્ધમાં જનારા જીવો સિદ્ધની પ્રાપ્તિના પ્રથમ સમયમાં પૂર્વના શરીરની અવગાહનામાં ત્રિભાગહીન અવસ્થાવાળા હોય છે તે અવસ્થામાં સિદ્ધ થાય છે. ॥

સૂત્રક્રમાનુસાર હવે અંતરદ્વાર બતાવે છે –

ભાષ્ય :-

अन्तरम् । सिध्यमानानां किमन्तरम् ? अनन्तरं च सिध्यन्ति सान्तरं च सिध्यन्ति । तत्रानन्तरं जघन्येन द्वौ समयौ, उत्कृष्टेनाष्टौ समयान् । सान्तरं जघन्येनैकं समयं, उत्कृष्टेन षण्मासा इति ।

ભાષ્યાર્થ :-

अन्तरम् ..... इति ।। અંતર=અંતરદ્વારને આશ્રયીને સિદ્ધનું સ્વરૂપ બતાવે છે – સિધ્યમાન જીવોનું કેટલું અંતર છે ? અર્થાત્ એક કાળમાં સિદ્ધ થયા પછી કેટલા અંતર પછી અન્ય સિદ્ધના જીવોની પ્રાપ્તિ થાય ? એ બતાવે છે – અનંતરસિદ્ધ થાય છે અને સાંતરસિદ્ધ થાય છે. ત્યાં=અનંતર અને સાંતરસિદ્ધની પ્રાપ્તિમાં, જઘન્યથી બે સમયનું અને ઉત્કૃષ્ટથી આઠ સમયનું અનંતર પ્રાપ્ત થાય છે=જઘન્યથી બે સમય સુધી સતત સિદ્ધ થનારાની પ્રાપ્તિ થઈ શકે અને ઉત્કૃષ્ટથી આઠ સમય સુધી સતત સિદ્ધ થનારાની પ્રાપ્તિ થઈ શકે ત્યારે અનંતરસિદ્ધ થનારા છે એમ કહેવાય છે.

વળી સાંતરસિદ્ધ જઘન્યથી એક સમય છે અને ઉત્કૃષ્ટથી છ માસ છે. તેથી કોઈ સિદ્ધ થયા પછી એક સમયના અંતરે અન્ય સિદ્ધ થાય ત્યારે જઘન્યથી સાંતરસિદ્ધની પ્રાપ્તિ થાય છે અને ઉત્કૃષ્ટથી

એક સિદ્ધ થયા પછી છ મહિને અવશ્ય કોઈક સિદ્ધ થાય છે. તેથી ૬ મહિનાથી અધિક સિદ્ધની પ્રાપ્તિમાં આંતરું નથી.

'इति' શબ્દ અંતરદ્વારની સમાપ્તિ અર્થે છે. ॥

ભાવાર્થ :-

(૧૦) અંતરદ્વાર :-

સિદ્ધના જીવો સ્વપરાક્રમથી કર્મનો નાશ કરીને સિદ્ધ થાય છે તોપણ લોકસ્થિતિ અનુસાર પ્રતિસમય સિદ્ધ થનારા કેટલો સમય સુધી ઉત્કૃષ્ટથી કે જઘન્યથી પ્રાપ્ત થઈ શકે ? તેની વિચારણા અંતરદ્વારમાં કરેલ છે. વળી એક સિદ્ધ થયા પછી બીજા સિદ્ધ થવાની પ્રાપ્તિમાં ઉત્કૃષ્ટથી કે જઘન્યથી કેટલું આંતરું પ્રાપ્ત થઈ શકે તેની વિચારણા સાંતરદ્વારમાં કરેલ છે. આ અનંતરસિદ્ધ અને સાંતરસિદ્ધ લોકસ્થિતિ અનુસાર થાય છે, તેના પ્રત્યે અન્ય કોઈ કારણ નથી. સિદ્ધના જીવો પ્રત્યે જેઓને બહુમાન હોય તેઓ સિદ્ધ થવાનાં કારણોની જે વિચારણા કરે છે, તેમ સિદ્ધના જીવો વચ્ચે સિદ્ધત્વની પ્રાપ્તિમાં આંતરાની પણ વિચારણા કરે છે, જેનાથી સિદ્ધના જીવો પ્રત્યે બહુમાનનો ભાવ થાય છે. જેમ વીર ભગવાનની સાત હાથની કાયા છે એ પ્રકારની સ્તુતિ કરવાથી પણ વીર ભગવાન પ્રત્યે બહુમાનભાવ થાય છે. ॥

હવે ક્રમપ્રાપ્ત સંખ્યા દ્વાર બતાવે છે –

ભાષ્ય :-

सङ्ख्या । कत्येकसमये सिध्यन्ति ? जघन्येनैकः, उत्कृष्टेनाष्टशतम् ।

ભાષ્યાર્થ :-

सङ्ख्या ..... उत्कृष्टेनाष्टशतम् ।। સંખ્યા=સંખ્યાદ્વારને આશ્રયીને સિદ્ધનું સ્વરૂપ બતાવે છે – એક સમયમાં કેટલા સિદ્ધ થાય છે ? એ પ્રકારનો પ્રશ્ન છે. જઘન્યથી એક સિદ્ધ થાય છે, ઉત્કૃષ્ટથી ૧૦૮ સિદ્ધ થાય છે. ॥

ભાવાર્થ :-

(૧૧) સંખ્યાદ્વાર :-

સુગમ છે. ॥

સૂત્ર ક્રમાનુસાર અલ્પબહુત્વદ્વારથી સિદ્ધનું સ્વરૂપ બતાવે છે –

ભાષ્ય :-

अल्पबहुत्वम् । एषां क्षेत्रादीनामेकादशानामनुयोगद्वाराणामल्पबहुत्वं वाच्यम् । तद्यथा—क्षेत्रसिद्धानां जन्मतः संहरणतश्च कर्मभूमिसिद्धा अकर्मभूमिसिद्धाश्च, सर्वस्तोकाः संहरणसिद्धा,

जन्मतोऽसङ्ख्येयगुणाः । संहरणं द्विविधम् – परकृतं स्वयंकृतं च । परकृतं देवकर्मणा चारण-विद्याधरैश्च, स्वयंकृतं चारणविद्याधराणामेव । एषां च क्षेत्राणां विभागः कर्मभूमिरकर्मभूमिः समुद्रा द्वीपा ऊर्ध्वमधस्तिर्यगिति लोकत्रयम् । तत्र सर्वस्तोका ऊर्ध्वलोकसिद्धाः, अधोलोकसिद्धाः सङ्ख्येयगुणाः, तिर्यग्लोकसिद्धाः सङ्ख्येयगुणाः । सर्वस्तोकाः समुद्रसिद्धाः, द्वीपसिद्धाः सङ्ख्येय-गुणाः । एवं तावदव्यञ्जिते । व्यञ्जितेऽपि सर्वस्तोका लवणसिद्धाः, कालोदसिद्धाः सङ्ख्येय-गुणाः, जम्बूद्वीपसिद्धाः सङ्ख्येयगुणाः, धातकीखण्डसिद्धाः सङ्ख्येयगुणाः, पुष्करार्धसिद्धाः सङ्ख्येय-गुणा इति ।।

ભાષ્યાર્થ :-

अल्पबहुत्वम् ..... इति ।। અલ્પબહુત્વ=અલ્પબહુત્વદ્વારને આશ્રયીને સિદ્ધનું સ્વરૂપ બતાવે છે – આ ક્ષેત્ર આદિ અગિયાર અનુયોગદ્વારોનું=અત્યાર સુધી વર્ણન કર્યું એ ક્ષેત્રાદિ અગિયાર દ્વારોનું, અલ્પબહુત્વ કહેવું જોઈએ. તે આ પ્રમાણે –

ક્ષેત્રસિદ્ધ જીવોનું જન્મથી અને સંહરણથી સિદ્ધપણું છે. કર્મભૂમિસિદ્ધો છે અને અકર્મભૂમિ-સિદ્ધો છે. સંહરણસિદ્ધો સર્વ થોડા છે, જન્મથી અસંખ્યગુણા છે=સંહરણસિદ્ધ કરતાં અસંખ્ય-ગુણા છે. સંહરણ બે પ્રકારનું છે – પરકૃત અને સ્વયંકૃત. પરકૃત દેવકર્મ વડે=દેવની ક્રિયા વડે, અને ચારણો તથા વિદ્યાધરો વડે છે. તથા સ્વયંકૃત ચારણવિદ્યાધરોને જ=ચારણમુનિઓ તથા વિદ્યાધરોને જ, છે.

અને આ ક્ષેત્રોનો વિભાગ=સિદ્ધ થવાના ક્ષેત્રોનો વિભાગ, કર્મભૂમિ, અકર્મભૂમિ, સમુદ્ર, દ્વીપ, ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્યગ્લોક એ પ્રમાણે લોકત્રય છે. ત્યાં=ક્ષેત્રવિભાગમાં, સર્વ થોડા ઊર્ધ્વલોકસિદ્ધ છે, અધોલોકસિદ્ધ સંખ્યાતગુણા છે, તિર્યગ્લોકસિદ્ધ સંખ્યાતગુણા છે.

ત્રણ લોકને આશ્રયીને અલ્પબહુત્વ બતાવ્યા પછી સમુદ્ર અને દ્વીપને આશ્રયીને અલ્પબહુત્વ બતાવે છે –

સર્વ થોડા સમુદ્રસિદ્ધ છે, દ્વીપસિદ્ધ સંખ્યેયગુણા છે. આ રીતે=પૂર્વમાં સમુદ્રસિદ્ધ અને દ્વીપસિદ્ધ બતાવ્યા એ રીતે, અવ્યંજિતમાં અલ્પબહુત્વ બતાવાયું=સમુદ્રોના નામોલ્લેખપૂર્વકના વિભાગ વગર અલ્પબહુત્વ બતાવાયું. હવે વ્યંજિતમાં=સમુદ્ર-દ્વીપના નામોલ્લેખરૂપ વ્યંજિતમાં, (અલ્પબહુત્વ બતાવે છે –) સર્વ થોડા લવણસિદ્ધો છે, કાલોદધિસિદ્ધો સંખ્યેયગુણા છે, જંબૂદ્વીપસિદ્ધો સંખ્યેયગુણા છે, ધાતકીખંડસિદ્ધો સંખ્યેયગુણા છે, પુષ્કરાર્ધસિદ્ધો સંખ્યેયગુણા છે.

'इति' શબ્દ અલ્પબહુત્વદ્વારની સમાપ્તિ અર્થે છે. ।।

ભાવાર્થ :-

(૧૨) અલ્પબહુત્વદ્વાર :-

અલ્પબહુત્વદ્વારને આશ્રયીને અગિયારે દ્વારોનું અલ્પબહુત્વ ક્રમસર વાચ્ય છે. તેમાં પ્રથમ ક્ષેત્રસિદ્ધોને આશ્રયીને અલ્પબહુત્વ બતાવે છે –

ક્ષેત્રસિદ્ધ જીવો જન્મથી અને સંહરણથી પ્રાપ્ત થાય છે. જન્મથી કર્મભૂમિમાં રહેલા જીવો જ સિદ્ધ થાય છે, અકર્મભૂમિમાં જન્મેલા જીવો સિદ્ધ થતા નથી. સંહરણથી કર્મભૂમિમાં રહેલા જીવો સિદ્ધ થાય છે અને અકર્મભૂમિમાં રહેલા જીવો પણ સિદ્ધ થાય છે; કેમ કે કર્મભૂમિમાં રહેલા કોઈક પ્રમત્તમુનિને કે કોઈ શ્રાવક આદિને કોઈ સંહરણ કરીને અકર્મભૂમિમાં મૂકે ત્યારબાદ તે મહાત્માને અપ્રમત્તમુનિભાવ આદિની પ્રાપ્તિ થવાપૂર્વક ક્ષપકશ્રેણીની પ્રાપ્તિ થાય તો તે પ્રમત્તમુનિ કે શ્રાવક કેવલજ્ઞાન પામીને ત્યાં સિદ્ધ થાય. તેથી સંહરણને આશ્રયીને જેમ કોઈ એક કર્મભૂમિમાંથી અન્ય કર્મભૂમિમાં સિદ્ધ થનારા જીવોની પ્રાપ્તિ છે તેમ સંહરણને આશ્રયીને અકર્મભૂમિમાં સિદ્ધ થનારા જીવોની પણ પ્રાપ્તિ છે.

સંહરણ પામીને સિદ્ધ થનારા જીવો થોડા છે અર્થાત્ સંહરણ વગર સિદ્ધ થનારા જીવોની અપેક્ષાએ થોડા છે. અને જન્મથી કર્મભૂમિમાં જન્મેલા અને સંહરણ થયા વગરના જીવો સંહરણસિદ્ધ કરતાં અસંખ્યગુણા છે; કેમ કે બહુલતાએ જેઓ જે ક્ષેત્રમાં જન્મે છે ત્યાં જ સાધના કરીને મોક્ષની પ્રાપ્તિ કરે છે. તેથી સંહરણ-સિદ્ધ કરતાં જન્મથી સિદ્ધ થનારા જીવ અસંખ્યાતગુણા પ્રાપ્ત થાય છે. આનાથી એ ફલિત થાય કે સિદ્ધ થનારા જીવોમાં સંહરણ થવાનો પ્રસંગ અસંખ્યાત વર્ષોના વિભાગથી બહુલતાએ થાય છે, જેથી સંહરણની અપેક્ષાએ જન્મથી અસંખ્યાતગુણાની પ્રાપ્તિ છે.

સંહરણ બે પ્રકારે છે : (૧) પરકૃત અને (૨) સ્વયંકૃત.

કોઈ પ્રમત્તસાધુ આદિને દેવ સંહરણ કરે કે ચારણલબ્ધિવાળા કે વિદ્યાધર સંહરણ કરે ત્યારે તે સંહરણથી અન્ય કર્મભૂમિમાં કે અકર્મભૂમિમાં કે સમુદ્રાદિમાં પ્રાપ્ત થાય છે, જે પરકૃત સંહરણ છે.

વળી ચારણમુનિઓ અને વિદ્યાધરો કાયોત્સર્ગધ્યાન કરવા માટે કે મેરુપર્વત આદિમાં રહેલા સિદ્ધાયતન આદિની ભક્તિ કરવા માટે કે અન્ય કોઈ પ્રયોજનથી સ્વયં જ પોતે જે સ્થાને રહેલા હોય તેનાથી અન્ય એવા ધાતકીખંડ આદિમાં કે જંબૂદ્વીપની જ અન્ય કર્મભૂમિમાં કે અકર્મભૂમિમાં જાય છે, જે સ્વયંકૃત સંહરણ છે.

આ રીતે અન્ય કર્મભૂમિ આદિમાં પ્રાપ્ત થયેલા તેઓને ભાવનો પ્રકર્ષ થવાને કારણે ક્ષપકશ્રેણીનું આરોહણ થવાને કારણે ઘાતિકર્મોનો ક્ષય થતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે અને પોતાના જન્મસ્થાન સિવાયની કર્મભૂમિમાં કે અકર્મભૂમિમાં કે સમુદ્રાદિમાં તેઓને સિદ્ધિગતિની પ્રાપ્તિ થાય છે.

વળી, આ ક્ષેત્રનો વિભાગ જેમ કર્મભૂમિ, અકર્મભૂમિને આશ્રયીને થાય છે તેમ દ્વીપ-સમુદ્રને આશ્રયીને પણ થાય છે અને ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્છાલોકને આશ્રયીને પણ થાય છે. તેમાંથી ઊર્ધ્વલોકસિદ્ધ, અધોલોકસિદ્ધ અને તિર્છાલોકસિદ્ધનું અલ્પબહુત્વ બતાવતાં કહે છે –

જેમ મેરુપર્વતાદિ ઉપર ૯૦૦ યોજનથી ઊંચે કોઈ મહાત્મા સ્વયંકૃત કે પરકૃત સંહરણ દ્વારા પ્રાપ્ત થયેલ હોય તેઓ કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરી સિદ્ધ થાય તો ઊર્ધ્વલોકસિદ્ધ કહેવાય. પશ્ચિમ મહાવિદેહની નલિનાવતીવિજય અને વપ્રાવિજયનો અમુક વિભાગ સમભૂતલાથી ૧૦૦૦ યોજન નીચે સુધી જાય છે અર્થાત્ તે વિજયોનો અમુક વિભાગ અધોલોકમાં આવેલો છે, ત્યાંથી સંહરણ દ્વારા કે સંહરણ વગર જેમનું મોક્ષગમન થાય તેઓ અધોલોકસિદ્ધ થાય છે. જેઓ તિર્ચ્છાલોકમાંથી સિદ્ધ થાય છે, તેઓ પણ સંહરણથી કે સંહરણ વગર સિદ્ધ થાય છે. ઊર્ધ્વલોકસિદ્ધો સૌથી સ્તોક છે; કેમ કે સંહરણ દ્વારા જ મેરુપર્વતાદિ ઉપર ગયેલા અને સિદ્ધ થનારા જીવોની પ્રાપ્તિ છે. તેનાથી અધોલોકસિદ્ધ સંખ્યેયગુણા છે; કેમ કે તે સ્થાનમાં વર્તતા, સંયમ પાળીને સંહરણ દ્વારા કે સંહરણ વગર મોક્ષમાં જનારા, સુસાધુ ઘણા પ્રાપ્ત થાય છે અને તેમના કરતાં તિર્ચ્છાલોકસિદ્ધ સંખ્યાતગુણા છે; કેમ કે તિર્ચ્છાલોકસિદ્ધત્વની પ્રાપ્તિ કરનાર માટેનું ક્ષેત્ર અધોલોકસિદ્ધત્વની પ્રાપ્તિ કરનારના ક્ષેત્ર કરતાં ઘણું વિસ્તારવાળું છે. ત્યાં જન્મેલા અને સંહરણથી ત્યાં આવેલા ઘણા જીવો સિદ્ધ થાય છે. માટે તિર્ચ્છાલોકસિદ્ધ અધોલોકસિદ્ધો કરતાં સંખ્યાતગુણા છે.

હવે સમુદ્ર અને દ્વીપની અપેક્ષાએ અલ્પબહુત્વ બતાવતાં કહે છે –

સમુદ્રમાં સિદ્ધ થનારા જીવો દ્વીપમાં સિદ્ધ થનારા જીવોની અપેક્ષાએ સૌથી ઓછા છે; કેમ કે સમુદ્ર ઉપર સંહરણાદિથી જ જવાનો પ્રસંગ આવે. વળી દ્વીપ ઉપર=કર્મભૂમિ કે અકર્મભૂમિરૂપ દ્વીપ ઉપર, સિદ્ધ થનારા સંખ્યાતગુણા છે; કેમ કે સંહરણથી પણ ત્યાં સિદ્ધ થનારાની પ્રાપ્તિ છે અને સંહરણ વગર સાહજિક રીતે કર્મભૂમિમાં રહેલા સાધના કરીને સિદ્ધ થનારાની પ્રાપ્તિ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જેમ છ મહિને અવશ્ય એક સિદ્ધ થાય છે તેમ સંખ્યાત કાળમાં સમુદ્ર ઉપર પણ સિદ્ધ થનારાની અવશ્ય પ્રાપ્તિ છે. આથી જ સમુદ્રસિદ્ધ કરતાં દ્વીપસિદ્ધ સંખ્યાતગુણા છે; પરંતુ જો મરુદેવામાતાની જેમ અનંતકાળે સમુદ્રસિદ્ધ થનારાની પ્રાપ્તિ હોત તો સમુદ્રસિદ્ધ કરતાં દ્વીપસિદ્ધ અનંત-ગુણા છે, તેમ કહેવાનો પ્રસંગ આવે.

આ રીતે દ્વીપ-સમુદ્રોમાં અવ્યંજિત=જંબૂદ્વીપ ઇત્યાદિના વિભાગ વગર, અલ્પબહુત્વ બતાવ્યું. હવે દ્વીપ-સમુદ્રોનું વ્યંજિત=જંબૂદ્વીપ ઇત્યાદિના વિભાગોપૂર્વક, અલ્પબહુત્વ બતાવે છે –

સર્વથી થોડા જીવો લવણસમુદ્રમાં સિદ્ધ થાય છે; કેમ કે અન્ય સમુદ્રો કરતાં લવણસમુદ્ર અલ્પ ક્ષેત્રવાળો છે, એના કરતાં કાલોદધિસમુદ્રમાં સંખ્યાતગુણા સિદ્ધ થાય છે; કેમ કે લવણસમુદ્રની અપેક્ષાએ કાલોદધિસમુદ્ર અધિક ક્ષેત્રવાળો છે. આ બે સમુદ્રથી અન્ય સમુદ્રમાં કોઈ સિદ્ધ થનાર નથી. વળી કાલોદધિસમુદ્ર કરતાં જંબૂદ્વીપમાં સિદ્ધ થનારા સંખ્યાતગુણા છે; કેમ કે કર્મભૂમિમાં સંહરણ વગર પણ સાધના કરીને સિદ્ધ થનારી સંખ્યા ઘણી પ્રાપ્ત થાય છે. વળી ધાતકીખંડસિદ્ધો જંબૂદ્વીપસિદ્ધો કરતાં સંખ્યાતગુણા છે; કેમ કે ધાતકીખંડનું ક્ષેત્ર જંબૂદ્વીપ કરતાં ઘણુ મોટું છે. વળી, પુષ્કરાર્ધસિદ્ધો ધાતકીખંડસિદ્ધો કરતાં સંખ્યાતગુણા છે; કેમ કે પુષ્કરવરદ્વીપ ધાતકીખંડ કરતાં પણ વિસ્તૃત છે. ॥

ભાષ્ય :-

काल इति त्रिविधो विभागो भवति – अवसर्पिणी, उत्सर्पिणी, अनवसर्पिण्युत्सर्पिणीति । अत्र सिद्धानां व्यञ्जिताव्यञ्जितविशेषयुक्तोऽल्पबहुत्वानुगमः कर्तव्यः । पूर्वभावप्रज्ञापनीयस्य सर्वस्तोका उत्सर्पिणीसिद्धाः, अवसर्पिणीसिद्धा विशेषाधिकाः, अनवसर्पिण्युत्सर्पिणीसिद्धाः सङ्ख्येयगुणा इति । प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्याकाले सिध्यति, नास्त्यल्पबहुत्वम् ।

ભાષ્યાર્થ :-

काल ..... नास्त्यल्पबहुत्वम् ।। કાલ એ પ્રમાણે ત્રિવિધ વિભાગ છે : અવસર્પિણી, ઉત્સર્પિણી, અનવસર્પિણીઉત્સર્પિણી=અવસર્પિણી પણ નહીં અને ઉત્સર્પિણી પણ નહીં.

'इति' શબ્દ કાળના ત્રણ વિભાગની સમાપ્તિ અર્થે છે.

અહીં=અવસર્પિણી આદિ કાળના વિભાગમાં, સિદ્ધોના વ્યંજિત, અવ્યંજિત વિશેષયુક્ત અલ્પ-બહુત્વનો અનુગમ કરવો જોઈએ. પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયના મતે સર્વથી થોડા ઉત્સર્પિણીસિદ્ધ છે, અવસર્પિણીસિદ્ધ વિશેષાધિક છે અને અનવસર્પિણીઉત્સર્પિણીસિદ્ધ સંખ્યેયગુણા છે. પ્રત્યુત્પન્નભાવ-પ્રજ્ઞાપનીયનયના મતે અકાળમાં સિદ્ધ થાય છે, તેથી અલ્પબહુત્વ નથી. ।।

ભાવાર્થ :-

કાળને આશ્રયીને અલ્પબહુત્વદ્વાર :-

કાળને આશ્રયીને સિદ્ધની વિચારણા કરવી હોય તો પાંચ ભરતમાં અને પાંચ ઐરાવતમાં અવસર્પિણીકાળ અને ઉત્સર્પિણીકાળની પ્રાપ્તિ થાય છે, તેને આશ્રયીને સિદ્ધની વિચારણા થાય છે. મહાવિદેહક્ષેત્રમાં કે અકર્મભૂમિમાં અવસર્પિણીકાળ કે ઉત્સર્પિણીકાળ નથી; પરંતુ અવસ્થિત કાળ છે. તેને આશ્રયીને સિદ્ધના જીવોના અલ્પબહુત્વની વિચારણા થાય છે. વળી સિદ્ધના જીવોના વ્યંજિત, અવ્યંજિત વિશેષયુક્ત અલ્પ-બહુત્વનો અનુગમ કરવો જોઈએ. જેમ પ્રથમ આરો, બીજો આરો ઇત્યાદિ વિભાગ કર્યા વગર અવિશેષથી અવસર્પિણી, ઉત્સર્પિણીની વિચારણા કરવામાં આવે તો અવ્યંજિત વિશેષયુક્ત અલ્પબહુત્વનો અનુગમ થાય છે. પહેલા આરામાં કેટલા સિદ્ધ થાય, બીજા આરામાં કેટલા સિદ્ધ થાય, ઇત્યાદિ વિભાગપૂર્વક સિદ્ધના જીવોની વિચારણા કરવામાં આવે તો વ્યંજિત વિશેષયુક્ત અલ્પબહુત્વનો અનુગમ થાય.

અવ્યંજિત વિશેષયુક્ત અલ્પબહુત્વ બતાવતાં ભાષ્યકારશ્રી કહે છે –

પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયના મતે સર્વથી થોડા ઉત્સર્પિણીસિદ્ધ છે=અવસર્પિણીસિદ્ધ, અનવસર્પિણીઅનુત્સર્પિણી-સિદ્ધ કરતાં સર્વથી થોડા ઉત્સર્પિણીસિદ્ધ છે, તેના કરતાં અવસર્પિણીસિદ્ધ વિશેષાધિક છે અને તેના કરતાં અનવસર્પિણીઉત્સર્પિણીસિદ્ધ સંખ્યેયગુણા છે; કેમ કે અવસર્પિણી તથા ઉત્સર્પિણી પાંચ ભરતક્ષેત્રમાં અને પાંચ ઐરવતક્ષેત્રમાં પ્રવર્તે છે. ત્યાં એક કોટાકોટિ સાગરોપમ કરતાં કાંઈક અધિક કાળ સુધી સિદ્ધિમાં

જનારા જીવોની પ્રાપ્તિ થાય છે, શેષ નવ કોટાકોટિ સાગરોપમ સુધી સિદ્ધિગમનની પ્રાપ્તિ નથી. અનવસર્પિણી-અનુત્સર્પિણીકાળ યુક્ત એવા મહાવિદેહમાંથી સતત સિદ્ધિગમન ચાલુ છે તેથી અવસર્પિણી અને ઉત્સર્પિણી આત્મક એક કાળચક્રના સમયગાળામાં ભરતક્ષેત્રમાં અને ઐરવતક્ષેત્રમાં અવસર્પિણી અને ઉત્સર્પિણીના એક-એક કોટાકોટિ સાગરોપમ થઈને કુલ ૨ કોટાકોટિ સાગરોપમ જેટલો કાળ સિદ્ધિગમન થાય છે જ્યારે મહાવિદેહક્ષેત્રમાં સમગ્ર દશ કોટાકોટી સાગરોપમ કાળ સુધી સિદ્ધિગમન શક્ય છે તેથી અનવસર્પિણી-અનુત્સર્પિણી આત્મક મહાવિદેહક્ષેત્રમાંથી સંખ્યાતગુણા સિદ્ધની પ્રાપ્તિ છે.

આ રીતે વ્યંજિત, અવ્યંજિત વિશેષયુક્ત સિદ્ધોનું અલ્પબહુત્વનું અનુગમ કરવું જોઈએ, એમ બતાવ્યા પછી અવ્યંજિતનો અલ્પબહુત્વનો અનુગમ ભાષ્યકારશ્રીએ સ્વયં બતાવ્યો અને વ્યંજિતનું અલ્પબહુત્વ પ્રત્યેક આરાને આશ્રયીને સ્વયં કરી લેવું જોઈએ તેમ જણાવીને પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયથી અકાળમાં જીવો સિદ્ધ થાય છે, એમ બતાવે છે. ત્યાં અલ્પબહુત્વ નથી; કેમ કે જે જીવો સર્વ કર્મ રહિત થાય છે. તે જીવો પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની દૃષ્ટિથી સિદ્ધ થાય છે. જ્યારે તેઓ સિદ્ધઅવસ્થાને પામે છે ત્યારે અવસર્પિણી, ઉત્સર્પિણી કે અનવસર્પિણીઉત્સર્પિણીરૂપ કોઈ કાળ નથી; કેમ કે સંસારી જીવોને આશ્રયીને જ તે તે ક્ષેત્રમાં આ ત્રણ પ્રકારના કાળની પ્રાપ્તિ છે અને સિદ્ધના જીવો સિદ્ધિક્ષેત્રમાં જ સિદ્ધ થાય છે. તેથી આ ત્રણે પ્રકારના કાળની અપ્રાપ્તિ છે, તેથી અલ્પબહુત્વ નથી. ॥

ભાષ્ય :-

गतिः । प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य सिद्धिगतौ सिध्यति, नास्त्यल्पबहुत्वम् । पूर्वभावप्रज्ञापनीयस्यानन्तरपश्चात्कृतिकस्य मनुष्यगतौ सिध्यति, नास्त्यल्पबहुत्वम्, परम्परपश्चात्कृतिकस्यानन्तरा गतिश्चिन्त्यते । तद्यथा – सर्वस्तोकास्तिर्यग्योन्यनन्तरगतिसिद्धाः, मनुष्येभ्योऽनन्तरगतिसिद्धाः सङ्ख्येयगुणाः, नारकेभ्योऽनन्तरगतिसिद्धाः सङ्ख्येयगुणाः, देवेभ्योऽनन्तरसिद्धाः सङ्ख्येयगुणा इति ।

ભાષ્યાર્થ :-

गतिः ..... इति ।। ગતિ=સિદ્ધ થનારા જીવોના ગતિદ્વારને આશ્રયીને અલ્પબહુત્વ બતાવે છે – પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયના મતે જીવ સિદ્ધિગતિમાં જ સિદ્ધ થાય છે, તેથી ગતિને આશ્રયીને અલ્પબહુત્વ નથી. અનંતરપશ્ચાત્કૃતિક એવા પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયના મતે મનુષ્યગતિમાં સિદ્ધ થાય છે. એક જ મનુષ્યગતિમાંથી સિદ્ધ થતા હોવાથી અલ્પબહુત્વ નથી. પરંપરપશ્ચાત્કૃતિકનયના મતે અનંતરગતિ=સિદ્ધત્વની પ્રાપ્તિના પૂર્વની જે મનુષ્યગતિ એના પૂર્વની અનંતરગતિ, ચિંતવન કરાય છે=એ ગતિમાં અલ્પબહુત્વનું ચિંતવન કરાય છે. તે આ પ્રમાણે – સર્વ થોડા તિર્યંચયોનિથી અનંતરગતિસિદ્ધો છે=પૂર્વમાં તિર્યંચ-ગતિમાં હોય ત્યાંથી મનુષ્ય થઈ સિદ્ધ થનારા સર્વ થોડા છે. મનુષ્યથી અનંતરગતિસિદ્ધ સંખ્યેયગુણા છે=પૂર્વમાં મનુષ્યભવમાં હોય, ફરી મનુષ્યભવ પામીને

સિદ્ધ થનારા જીવો તિર્યંચરૂપ અનંતરગતિથી સિદ્ધ થનાર કરતાં સંખ્યેયગુણા છે. નારકથી અનંતરગતિસિદ્ધ સંખ્યાતગુણા છે=પૂર્વમાં નરકભવમાં હોય ત્યાંથી મનુષ્ય થઈને સિદ્ધ થનારા સંખ્યેયગુણા છે=મનુષ્ય અનંતરગતિસિદ્ધ કરતાં સંખ્યેયગુણા છે. દેવોથી અનંતરગતિસિદ્ધ સંખ્યેયગુણા છે=દેવગતિથી ચ્યવીને મનુષ્ય થઈને સિદ્ધ થનારા નારકથી અનંતરગતિસિદ્ધ કરતાં સંખ્યેયગુણા છે.

'इति' શબ્દ ગતિને આશ્રયીને અલ્પબહુત્વની સમાપ્તિ અર્થે છે. ॥

ભાવાર્થ :-

ગતિદ્વારને આશ્રયીને અલ્પબહુત્વ :-

પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની દૃષ્ટિથી ચારે ગતિમાં કોઈ સિદ્ધ થતું નથી; પરંતુ સિદ્ધિગતિમાં જ જીવ સિદ્ધ થાય છે; કેમ કે સિદ્ધિગતિના પ્રાપ્તિકાળમાં તેઓ સિદ્ધિગતિમાં જ હોય છે, અન્ય કોઈ ગતિમાં હોતા નથી. તેથી એકગતિ હોવાને કારણે ગતિને આશ્રયીને અલ્પબહુત્વ નથી.

વળી પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયની દૃષ્ટિમાંથી અનંતરપશ્ચાત્કૃત નયની દૃષ્ટિથી વિચારીએ તો સિદ્ધિગતિની પ્રાપ્તિનો ભવ મનુષ્યગતિ છે, અન્ય ગતિ નથી. તેથી એક મનુષ્યગતિમાંથી જ બધા સિદ્ધો થાય છે. તેથી તે નયને આશ્રયીને પણ ગતિને આશ્રયીને અલ્પબહુત્વ નથી.

વળી, પરંપરાપશ્ચાત્કૃતનયની દૃષ્ટિથી વિચારીએ તો ચરમભવથી પૂર્વના ભવને આશ્રયીને ચારે ગતિમાંથી સિદ્ધત્વની પ્રાપ્તિ છે. સિદ્ધ થનારા જીવો પરિમિત સંખ્યાવાળા છે તેથી તિર્યંચગતિમાંથી મનુષ્યભવને પામીને સિદ્ધ થનારા જીવો કોઈક વિવક્ષિત કાળની અપેક્ષાએ સંખ્યાતા પ્રાપ્ત થાય છે અને અનંતકાળની અપેક્ષાએ અનંતા પ્રાપ્ત થાય છે. તેના કરતાં મનુષ્યગતિમાંથી નીકળીને ફરી મનુષ્યગતિ પામીને સિદ્ધ થનારા સંખ્યાતગુણા છે. તેથી વર્તમાનમાં સિદ્ધિને તેવા જીવો પામનારા પરિમિત સંખ્યાવાળા હોવા છતાં અનંતકાળની અપેક્ષાએ અનંતા છે; તોપણ તિર્યંચગતિમાંથી આવીને મોક્ષમાં ગયેલા જીવો કરતાં મનુષ્યગતિમાંથી મનુષ્યગતિમાં આવીને સિદ્ધ થનારા જીવો સંખ્યાતગુણા પ્રાપ્ત થાય છે. વળી નારકીના ભવમાંથી મનુષ્યભવ પામીને સિદ્ધ થનારા જીવો મનુષ્યમાંથી મનુષ્ય થઈને સિદ્ધ થનારા જીવો કરતાં સંખ્યાતગુણા છે તથા વર્તમાનમાં તેવા સિદ્ધમાં જનારા જીવો પરિમિત સંખ્યામાં પ્રાપ્ત થવા છતાં અનંત કાળની અપેક્ષાએ અનંતા છે. દેવભવમાંથી મનુષ્યગતિમાં આવીને સિદ્ધિગતિમાં જનારા જીવો નારકીના ભવમાંથી મનુષ્યભવ પામીને સિદ્ધ થનારા કરતાં સંખ્યાતગુણા છે અને વર્તમાનમાં પરિમિત સંખ્યામાં તેઓની પ્રાપ્તિ હોવા છતાં અનંતકાળમાં અનંતા દેવગતિમાંથી આવીને મનુષ્યભવ પામીને મોક્ષમાં ગયા છે.

આ સર્વની વિચારણા કરવાથી સિદ્ધિગતિને અનુકૂળ ઉત્તમ ભાવો અનંતર એવી મનુષ્યગતિમાં વર્તે છે અને કંઈક અંશે ચારેગતિઓમાં પણ પ્રાપ્ત થાય છે તેવો બોધ થવાથી સિદ્ધઅવસ્થા પ્રત્યે જેઓને રાગ છે તેઓને તે અવસ્થા પ્રત્યેની પ્રાપ્તિના કારણ એવી તે તે ગતિઓમાં વર્તતા મોક્ષને અનુકૂળ ભાવો પ્રત્યે પણ બહુમાનભાવ થાય છે; કેમ કે સિદ્ધઅવસ્થાને અનુકૂળ સાક્ષાત્ કે પરંપરાએ તે ગતિ પણ કારણ બને છે. જેનાથી સુંદરભાવો થવાને કારણે સિદ્ધઅવસ્થા પ્રત્યેની ભક્તિ વૃદ્ધિ પામે છે. ॥

ભાષ્ય :-

लिङ्गम् । प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य व्यपगतवेदः सिध्यति, नास्त्यल्पबहुत्वम् । पूर्वभावप्रज्ञापनीयस्य सर्वस्तोका नपुंसकलिङ्गसिद्धाः, स्त्रीलिङ्गसिद्धाः सङ्ख्येयगुणाः, पुंल्लिङ्गसिद्धाः सङ्ख्येयगुणा इति ।

ભાષ્યાર્થ :-

लिङ्गम् ..... इति ।। લિંગ=સિદ્ધ થનારા જીવોના લિંગદ્વારને આશ્રયીને અલ્પબહુત્વ બતાવે છે — પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયના મતે વ્યપગત વેદવાળો સિદ્ધ થાય છે=અવેદી સિદ્ધ થાય છે. તેથી તે નયના મતે અલ્પબહુત્વ નથી. (જ્યારે) પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયની દૃષ્ટિથી સર્વ થોડા નપુંસકલિંગસિદ્ધો છે, સ્ત્રીલિંગસિદ્ધો સંખ્યેયગુણા છે, પુંલિંગસિદ્ધો સંખ્યેયગુણા છે.

'इति' શબ્દ લિંગને આશ્રયીને અલ્પબહુત્વની સમાપ્તિ અર્થે છે. ।।

ભાવાર્થ :-

લિંગદ્વારને આશ્રયીને અલ્પબહુત્વ :-

પ્રસ્તુતમાં લિંગ શબ્દથી વેદના ઉદયની વિવક્ષા છે. જ્યારે સર્વ કર્મ રહિત જીવ થાય છે ત્યારે વેદ વગરના હોવાથી પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની દૃષ્ટિથી અપગત વેદવાળા જ સિદ્ધ થાય છે, સિદ્ધિગતિની પ્રાપ્તિકાળમાં અન્ય કોઈ વેદનો વિકલ્પ નહીં હોવાથી તે જીવો સાથે અલ્પબહુત્વનો વિકલ્પ સંભવતો નથી.

વળી પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયની દૃષ્ટિથી દેહ સાથે વેદનો ઉદય બહુલતાએ સંકળાયેલો હોવાથી નપુંસકલિંગવાળા સિદ્ધો અલ્પ થાય છે. જેઓને નપુંસકશરીર મળેલ છે તેથી બહુલતાએ તેઓને તે વેદનો ઉદય વર્તે છે. વળી જન્મથી નપુંસક જીવો છે તેઓ સિદ્ધ થતા નથી તોપણ કૃત્રિમ નપુંસકો સિદ્ધ થાય છે તેઓને પણ શરીરને આશ્રયીને બહુલતાએ નપુંસકવેદનો ઉદય વર્તે છે. આવા જીવો ત્રણે વેદોમાંથી સિદ્ધ થનારાઓમાં સૌથી અલ્પ હોય છે. સ્ત્રીલિંગસિદ્ધો તેના કરતાં સંખ્યાતગુણા છે; કેમ કે નપુંસકલિંગની જેમ સ્ત્રીલિંગ મોક્ષમાં અતિબાધક નથી. તેથી તેના બળથી સિદ્ધ થનારા સંખ્યાતગુણા પ્રાપ્ત થાય છે. વળી પુંલિંગસિદ્ધો સંખ્યાતગુણા છે=સ્ત્રીલિંગથી સિદ્ધ થનારા જીવો કરતાં પુરુષના લિંગથી સિદ્ધ થનારા જીવો કોઈ એક કાળમાં સમાન કે અધિક પ્રાપ્ત થાય તેવું બને; તોપણ સામાન્યથી જે મોક્ષમાં ગયા છે તેઓ સ્ત્રીશરીરથી મોક્ષમાં જનાર કરતાં પુરુષ શરીરથી મોક્ષમાં જનારા સંખ્યાતગુણા છે. ॥

ભાષ્ય :-

तीर्थम् । सर्वस्तोकास्तीर्थकरसिद्धाः तीर्थकरतीर्थे, नोतीर्थकरसिद्धाः सङ्ख्येयगुणा इति । तीर्थकरतीर्थसिद्धा नपुंसकाः सङ्ख्येयगुणाः । तीर्थकरतीर्थसिद्धाः स्त्रियः सङ्ख्येयगुणाः । तीर्थकरतीर्थसिद्धा पुमांसः सङ्ख्येयगुणा इति ।

ભાષ્યાર્થ :-

તીર્થમ્ .... इति ।। તીર્થ=સિદ્ધ થનારા જીવોના તીર્થદ્વારને આશ્રયીને અલ્પબહુત્વ બતાવે છે – તીર્થંકરના તીર્થમાં સર્વ થોડા તીર્થંકરસિદ્ધો છે. નોતીર્થંકરસિદ્ધ=તીર્થંકર થયા વગરના સિદ્ધો, સંખ્યાતગુણા છે.

'इति' શબ્દ તીર્થને આશ્રયીને સર્વ સિદ્ધોના ભેદની સમાપ્તિ માટે છે.

પૂર્વમાં નોતીર્થંકરસિદ્ધ તીર્થંકરસિદ્ધ કરતાં સંખ્યાતગુણા છે, તેમ કહ્યું. હવે તે નોતીર્થંકરસિદ્ધના જ ભેદને આશ્રયીને ત્રણ અવાંતર ભેદો સ્વીકારીને અલ્પબહુત્વ બતાવે છે –

તીર્થંકરના તીર્થમાં સિદ્ધ થનારા નપુંસકો સંખ્યેયગુણા છે=તીર્થંકરસિદ્ધ કરતાં નપુંસકલિંગસિદ્ધો સંખ્યેયગુણા છે. તીર્થંકરના તીર્થમાં સિદ્ધ થનારી સ્ત્રીઓ સંખ્યેયગુણી છે=નપુંસકલિંગસિદ્ધ કરતાં સ્ત્રીલિંગસિદ્ધો સંખ્યેયગુણી છે. તીર્થંકરના તીર્થમાં સિદ્ધ થનારા પુરુષો સંખ્યેયગુણા છે= સ્ત્રીલિંગસિદ્ધ કરતાં પુંલિંગસિદ્ધો સંખ્યેયગુણા છે.

'इति' શબ્દ તીર્થને આશ્રયીને અલ્પબહુત્વની સમાપ્તિ માટે છે. ।।

ભાવાર્થ :-

તીર્થદ્વારને આશ્રયીને અલ્પબહુત્વ :-

અહીં સર્વ સ્તોક તીર્થંકરસિદ્ધો છે તેમ ન કહેતાં તીર્થંકરના તીર્થમાં સર્વ સ્તોક તીર્થંકરસિદ્ધો છે તેમ કહેવાનું પ્રયોજન તીર્થદ્વાર છે. તેથી તીર્થંકરનું તીર્થ સ્થાપન થયા પછી જેઓ સિદ્ધ થાય છે તેઓની જ તીર્થદ્વારમાં વિવક્ષા છે, અતીર્થમાં સિદ્ધ થનારા જીવોની વિવક્ષા નથી.

વળી, પૂર્વે વર્ણવેલ તીર્થદ્વારમાં તીર્થંકર, નોતીર્થંકર, અતીર્થંકર અને તીર્થંકરીનું ગ્રહણ હતું. તેમાં નોતીર્થંકર અંતર્ગત 'નો' શબ્દ દેશનિષેધવાચી અને અતીર્થંકર અંતર્ગત 'અ' શબ્દ સર્વનિષેધવાચી પ્રાપ્ત થયેલો, તેથી નોતીર્થંકર શબ્દથી પ્રત્યેકબુદ્ધસિદ્ધનું ગ્રહણ કરેલ. જ્યારે અહીં તીર્થંકર અને નોતીર્થંકર એમ બે ભેદો જ પાડેલ છે. તેથી નોતીર્થંકર શબ્દથી તીર્થંકર સિવાયના સર્વ સિદ્ધોનું ગ્રહણ છે, એવો અર્થ અમને ભાસે છે, તત્ત્વ બહુશ્રુતો વિચારે.

ભાષ્ય :-

चारित्रम् । अत्रापि नयौ द्वौ – प्रत्युत्पन्नभावप्रज्ञापनीयश्च पूर्वभावप्रज्ञापनीयश्च । प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य नोचारित्री नोऽचारित्री सिध्यति, नास्त्यल्पबहुत्वम् । पूर्वभावप्रज्ञापनीयस्य व्यञ्जिते चाव्यञ्जिते च । अव्यञ्जिते सर्वस्तोकाः पञ्चचारित्रसिद्धाः, चतुश्चारित्रसिद्धाः सङ्ख्येयगुणाः, त्रिचारित्रसिद्धाः सङ्ख्येयगुणाः । व्यञ्जिते सर्वस्तोकाः सामायिकच्छेदोपस्थाप्यपरिहारविशुद्धिसूक्ष्मसम्परायययथाख्यातचारित्रसिद्धाः, छेदोपस्थाप्यपरिहारविशुद्धिसूक्ष्मसम्परायययथाख्यातचारित्रसिद्धाः

सङ्ख्येयगुणाः, सामायिकछेदोपस्थाप्यसूक्ष्मसम्परायययथाख्यातसिद्धाः सङ्ख्येयगुणाः, (सामायिकपरिहारविशुद्धिसूक्ष्मसम्परायययथाख्यातसिद्धाः सङ्ख्येयगुणाः,) सामायिकसूक्ष्मसम्परायययथाख्यातचारित्रसिद्धाः सङ्ख्येयगुणाः, छेदोपस्थाप्यसूक्ष्मसम्परायययथाख्यातचारित्रसिद्धाः सङ्ख्येयगुणाः ।

❖ કૌંસનો વિકલ્પ ઉચિત જણાતો નથી, પૂર્વમુદ્રિત સિદ્ધસેનગણિવાળી ટીકાના પુસ્તકમાં પણ કૌંસમાં જ છે.

ભાષ્યાર્થ :-

चारित्रम् ..... सङ्ख्येयगुणाः ।। ચારિત્ર=સિદ્ધ થનારા જીવોના ચારિત્રદ્વારને આશ્રયીને અલ્પ-બહુત્વ બતાવે છે — અહીં પણ=ચારિત્રદ્વારમાં પણ, બે નયો છે : (૧) પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીય અને (૨) પૂર્વભાવપ્રજ્ઞાપનીય. પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયના મતે નોચારિત્રીનોઅચારિત્રી સિદ્ધ થાય છે, તેથી અલ્પબહુત્વ નથી. પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયના મતમાં વ્યંજિતચારિત્રમાં સિદ્ધ થાય છે અને અવ્યંજિતચારિત્રમાં સિદ્ધ થાય છે. અવ્યંજિતચારિત્રમાં પાંચ ચારિત્રવાળા સિદ્ધો સર્વસ્તોક છે. ચાર ચારિત્રવાળા સિદ્ધો તેનાથી સંખ્યેયગુણા છે. ત્રણ ચારિત્રવાળા સિદ્ધો તેનાથી સંખ્યેયગુણા છે.

વ્યંજિતમાં=વ્યંજિતચારિત્રમાં, સર્વ થોડા સામાયિકચારિત્ર-છેદોપસ્થાપ્યચારિત્ર-પરિહારવિશુદ્ધિ-ચારિત્ર-સૂક્ષ્મસંપરાયચારિત્ર-યથાખ્યાતચારિત્રસિદ્ધો છે. તેનાથી સંખ્યાતગુણા છેદોપસ્થાપ્યચારિત્ર-પરિહારવિશુદ્ધિચારિત્ર-સૂક્ષ્મસંપરાયચારિત્ર-યથાખ્યાતચારિત્રસિદ્ધો છે. (વળી તેનાથી સંખ્યાતગુણા સામાયિકચારિત્ર-પરિહારવિશુદ્ધિચારિત્ર-સૂક્ષ્મસંપરાયચારિત્ર-યથાખ્યાતચારિત્રસિદ્ધો છે.) તેનાથી સંખ્યાતગુણા સામાયિકચારિત્ર-સૂક્ષ્મસંપરાયચારિત્ર-યથાખ્યાતચારિત્રસિદ્ધો છે. તેનાથી સંખ્યાતગુણા છેદોપસ્થાપ્યચારિત્ર-સૂક્ષ્મસંપરાયચારિત્ર-યથાખ્યાતચારિત્રસિદ્ધો છે. ।।

ભાવાર્થ :-

ચારિત્રદ્વારને આશ્રયીને અલ્પબહુત્વ :-

ચારિત્રદ્વારમાં અલ્પબહુત્વ બતાવે છે —

બે કે બેથી અધિક સ્થાનો હોય ત્યારે જ અલ્પબહુત્વ પ્રાપ્ત થાય. પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયથી જીવ સિદ્ધઅવસ્થાને પ્રાપ્ત કરે છે તે સમયે જ સિદ્ધ થાય છે. તે વખતે નિર્જરાના કારણીભૂત ચૌદે ગુણસ્થાનકમાં વર્તતું ચારિત્ર તે સમયમાં નથી અને અવિરતિરૂપ અચારિત્ર પણ નથી. તેથી નોચારિત્રીનોઅચારિત્રી સિદ્ધ થાય છે. તેના વિષયમાં એક જ સ્થાન હોવાથી અલ્પબહુત્વ નથી.

વળી પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયની દૃષ્ટિથી ચારિત્રદ્વારમાં અલ્પબહુત્વની વિચારણા કરવામાં આવે ત્યારે વ્યંજિત અને અવ્યંજિત એમ બે ચારિત્રની પ્રાપ્તિ થાય છે. ત્યાં અવ્યંજિતચારિત્ર એટલે સંખ્યાથી ચારિત્રની ગણના કરી, નામોલ્લેખથી ચારિત્રની ગણના કરી નથી. તેમાં પાંચ ચારિત્રથી સૌથી થોડા જીવો સિદ્ધ થાય છે, ચાર ચારિત્રથી સંખ્યાતગુણા જીવો સિદ્ધ થાય છે અને ત્રણ ચારિત્રથી તેનાથી સંખ્યાતગુણા જીવો સિદ્ધ થાય છે.

અવ્યંજિત ભેદમાં સંખ્યાથી જ ભેદ હોવાને કારણે પાંચ, ચાર અને ત્રણ ચારિત્રને આશ્રયીને ત્રણ વિકલ્પો પ્રાપ્ત થાય છે જ્યારે વ્યંજિતચારિત્રમાં ચાર આદિની સંખ્યા અન્ય રીતે પણ પ્રાપ્ત થવાથી અન્ય વિકલ્પો પણ પ્રાપ્ત થાય છે.

વ્યંજિતચારિત્રમાં સામાયિકચારિત્ર-છેદોપસ્થાપ્યચારિત્ર-પરિહારવિશુદ્ધિચારિત્ર-સૂક્ષ્મસંપરાયચારિત્ર-યથાખ્યાતચારિત્રથી સિદ્ધ થનારા જીવો સર્વ થોડા છે; કેમ કે પ્રથમ અને છેલ્લા તીર્થંકરના કાળમાં જ પરિહારવિશુદ્ધિપૂર્વક જનારા જીવોની પ્રાપ્તિ છે, બીજા તીર્થંકરોના તીર્થમાં નહીં અને મહાવિદેહમાં પરિહારવિશુદ્ધિચારિત્ર નથી. માટે અન્ય ચારિત્રોથી સિદ્ધ થનારા કરતાં પાંચ ચારિત્રથી સિદ્ધ થનારા જીવો ઓછા છે.

વળી છેદોપસ્થાપ્યચારિત્ર-પરિહારવિશુદ્ધિચારિત્ર-સૂક્ષ્મસંપરાયચારિત્ર-યથાખ્યાતચારિત્રથી સિદ્ધ થનારા જીવો સંખ્યાતગુણા છે; કેમ કે સર્વ તીર્થંકરના કાળમાં જેઓને સંયમના પર્યાયનો છેદ કરીને ફરી સંયમમાં સ્થાપન કરવામાં આવે તેવા જ સાધુઓ સામાયિકચારિત્ર રહિત છેદોપસ્થાપ્યચારિત્રવાળા છે. અને પહેલા અને છેલ્લા તીર્થંકરોના સાધુઓને છોડીને પરિહારવિશુદ્ધિચારિત્ર નથી, માટે પ્રથમ અને ચરમ તીર્થંકરના સાધુઓ પરિહારવિશુદ્ધિપૂર્વક સિદ્ધ થનારા છે અને સંયમ ગ્રહણ કર્યા પછી મૂલપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ કરીને છેદોપસ્થાપ્યચારિત્રને પામ્યા હોય તેવા સાધુઓ પાંચ ચારિત્રને પામીને સિદ્ધ થનારા કરતાં સંખ્યાતગુણા છે. તેથી પ્રથમ અને ચરમ તીર્થંકરના કાળમાં સંયમ ગ્રહણ કર્યા પછી મૂલપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ દ્વારા સિદ્ધ થનારા જીવો ક્રમસર પાંચ ચારિત્રને પામીને સિદ્ધ થનારા કરતાં અધિક છે, તેમ ફલિત થાય છે.

વળી સામાયિક, છેદોપસ્થાપ્ય, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાતથી સિદ્ધ થનારા સંખ્યાતગુણા છે. તેથી એ પ્રાપ્ત થાય કે પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓ જેમણે પરિહારવિશુદ્ધિચારિત્ર સ્વીકાર્યું નથી અને સંયમમાં મૂલપ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય એવો અતિચાર સેવ્યો નથી, કદાચ અતિચાર સેવ્યો હોય તોપણ છેદપ્રાયશ્ચિત્ત સુધી જ પ્રાપ્તિ થઈ હોય એવા સાધુઓ સિદ્ધ થનારા પૂર્વના ભેદ કરતાં સંખ્યાતગુણા છે; કેમ કે પહેલા તીર્થંકરના સાધુઓ બીજા તીર્થંકરના તીર્થને સ્વીકારે અથવા ત્રેવીશમા તીર્થંકરના સાધુઓ ચોવીશમા તીર્થંકરના તીર્થને સ્વીકારે તેમની પણ પ્રાપ્તિ છે.

વળી બાવીશ તીર્થંકરના સાધુઓ અને મહાવિદેહના સાધુઓ પરિહારવિશુદ્ધિ વગર સિદ્ધમાં જનારા હોય છે તેઓ સામાયિકચારિત્ર, સૂક્ષ્મસંપરાયચારિત્ર અને યથાખ્યાતચારિત્રવાળા હોય છે. તેઓ પૂર્વના ભેદ કરતાં સંખ્યાતગુણા છે.

વળી છેદોપસ્થાપ્યચારિત્ર, સૂક્ષ્મસંપરાયચારિત્ર અને યથાખ્યાતચારિત્રથી સિદ્ધ થનારા જીવો પૂર્વના ભેદ કરતાં સંખ્યાતગુણા છે. તેથી સર્વતીર્થંકરોના કાળમાં અને મહાવિદેહમાં જેઓને મૂલપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થઈ છે તેવા છેદોપસ્થાપ્યચારિત્રને સ્વીકારીને સિદ્ધ થયેલાઓની અધિક સંખ્યા છે. વળી, મૂલપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ જેમ પાંચ મહાવ્રતને આશ્રયીને છે તેમ મિથ્યાત્વને આશ્રયીને પણ છે. તેથી પ્રમાદને વશ જેઓને મૂલપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થઈ છે, છતાં આરાધક છે તેઓ પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થઈને સિદ્ધ થનારા જીવો સૌથી અધિક સંખ્યાવાળા છે.

આ સર્વ કથનથી એ પ્રાપ્ત થાય કે બાવીશ તીર્થંકરના કાળમાં સાધુઓ અવશ્ય સામાયિકચારિત્રવાળા હોય છે. સામાયિકચારિત્રને છોડીને છેદોપસ્થાપ્યચારિત્ર આદિ ત્રણ ચારિત્રની પ્રાપ્તિ મૂલપ્રાયશ્ચિત્ત વગર સંભવે નહીં. પહેલા તથા છેલ્લા તીર્થંકરના કાળમાં છેદોપસ્થાપ્યચારિત્ર હોય છે તોપણ તે સામાયિકચારિત્ર-પૂર્વક જ હોય છે, તેથી જેઓએ મૂલપ્રાયશ્ચિત્ત પ્રાપ્ત કર્યું છે તેઓને જ સામાયિકચારિત્ર અને પૂર્વનું છેદોપસ્થાપ્યચારિત્ર નાશ પામે છે અને નવું અપાયેલું છેદોપસ્થાપ્યચારિત્ર પ્રાપ્ત થાય છે.

જેઓ ગૃહસ્થ-લિંગમાં કે અન્યલિંગમાં સિદ્ધ થાય છે તેઓ પણ ભાવથી સામાયિકચારિત્રને પ્રાપ્ત કરે છે અને ક્ષપકશ્રેણિ કાળમાં સૂક્ષ્મસંપરાયચારિત્રને અને યથાખ્યાતચારિત્રને પ્રાપ્ત કરે છે. જેઓ મૂલપ્રાયશ્ચિત્ત પામ્યા છે તેઓને પણ છેદોપસ્થાપ્યચારિત્ર કાળમાં ભાવથી સામાયિકનો પરિણામ હોય છે તોપણ તે સામાયિકના પરિણામનો અંતર્ભાવ છેદોપસ્થાપ્યચારિત્રમાં થાય છે. તેથી છેદોપસ્થાપ્યચારિત્રથી સામાયિકની પૃથગ્ ગણના કરેલ નથી. ॥

ભાષ્ય :-

प्रत्येकबुद्धबोधितः । सर्वस्तोकाः प्रत्येकबुद्धसिद्धाः, बुद्धबोधितसिद्धा नपुंसकाः सङ्ख्येयगुणाः, बुद्धबोधितसिद्धाः स्त्रियः सङ्ख्येयगुणाः, बुद्धबोधितसिद्धाः पुमांसः सङ्ख्येयगुणा इति ।

ભાષ્યાર્થ :-

प्रत्येकबुद्धबोधितः ..... इति ।। પ્રત્યેકબુદ્ધબોધિત=સિદ્ધ થનારા જીવોના પ્રત્યેકબુદ્ધબોધિતદ્વારને આશ્રયીને અલ્પબહુત્વ બતાવે છે – સર્વ થોડા પ્રત્યેકબુદ્ધસિદ્ધો છે. નપુંસક એવા બુદ્ધબોધિતસિદ્ધો તેનાથી સંખ્યેયગુણા છે. સ્ત્રી એવા બુદ્ધબોધિતસિદ્ધો તેનાથી સંખ્યેયગુણા છે. પુરુષ એવા બુદ્ધબોધિતસિદ્ધો તેનાથી સંખ્યેયગુણા છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ॥

ભાવાર્થ :-

પ્રત્યેકબુદ્ધબોધિતદ્વારમાં અલ્પબહુત્વ :-

પ્રત્યેકબુદ્ધ હંમેશાં પુરુષ જ હોય છે. બુદ્ધબોધિત=બુદ્ધ પુરુષોથી બોધિત, જીવો ઘણા હોય છે. તેમાં લિંગને આશ્રયીને અલ્પબહુત્વ બતાવેલ છે, જે સુગમ છે. ॥

ભાષ્ય :-

ज्ञानम् । कः केन ज्ञानेन युक्तः सिध्यति ? प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य सर्वः केवली सिध्यति । नास्त्यल्पबहुत्वम् । पूर्वभावप्रज्ञापनीयस्य सर्वस्तोका द्विज्ञानसिद्धाः, चतुर्ज्ञानसिद्धाः सङ्ख्येयगुणाः, त्रिज्ञानसिद्धाः सङ्ख्येयगुणाः, एवं तावदव्यञ्जिते । व्यञ्जितेऽपि सर्वस्तोका मतिश्रुतज्ञानसिद्धाः, मतिश्रुतावधिमनःपर्यायज्ञानसिद्धाः सङ्ख्येयगुणाः, मतिश्रुतावधिज्ञानसिद्धाः सङ्ख्येयगुणा इति ।

ભાષ્યાર્થ :-

જ્ઞાનમ્ ..... ઇતિ ।। જ્ઞાન=સિદ્ધ થનારા જીવોના જ્ઞાનદ્વારને આશ્રયીને અલ્પબહુત્વ બતાવે છે — કયા મહાત્મા કયા જ્ઞાનથી સિદ્ધ થાય છે ? એ પ્રકારનો પ્રશ્ન છે. પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયના મતે સર્વ કેવલી સિદ્ધ થાય છે. (તેથી તેના મતે) અલ્પબહુત્વ નથી. પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયના મતે સર્વ થોડા દ્વિજ્ઞાનસિદ્ધો છે. તેનાથી ચતુર્જ્ઞાનસિદ્ધો સંખ્યેયગુણા છે. તેનાથી ત્રિજ્ઞાનસિદ્ધો સંખ્યેયગુણા છે. આ રીતે તાવત્ અવ્યંજિત કહેવાયા=અવ્યંજિત જ્ઞાનમાં સિદ્ધ થનાર વિષયક અલ્પબહુત્વ કહેવાયું. વ્યંજિતમાં પણ=વ્યંજિત જ્ઞાનોમાં પણ અલ્પબહુત્વ બતાવે છે — સર્વ થોડા મતિ-શ્રુતજ્ઞાનસિદ્ધો છે. તેના કરતાં મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવજ્ઞાનસિદ્ધો સંખ્યાતગુણા છે. તેના કરતાં મતિ-શ્રુત-અવધિજ્ઞાનસિદ્ધો સંખ્યેયગુણા છે.

'ઇતિ' શબ્દ જ્ઞાનદ્વારની સમાપ્તિ અર્થે છે. ।।

ભાવાર્થ :-

જ્ઞાનદ્વારને આશ્રયીને અલ્પબહુત્વ :-

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન મોક્ષપ્રાપ્તિ પ્રત્યે કારણ હોવા છતાં માત્ર મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના બળથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ કે વીતરાગપણાની પ્રાપ્તિ દુષ્કર છે તેથી મતિ-શ્રુતજ્ઞાન સિદ્ધો થોડા છે અર્થાત્ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન દ્વારા કેવલજ્ઞાન પામીને સિદ્ધ થનારા જીવો સહુથી થોડા છે.

વળી, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન એ ચારે જ્ઞાનો સિદ્ધ થવામાં અતિ ઉપકારક છે. તેથી તે ચારે જ્ઞાનોને પામીને વીતરાગ થવું કાંઈક સુલભ છે. તેથી તે ચારે જ્ઞાનો દ્વારા કેવલજ્ઞાનને પામીને મોક્ષમાં જનારા સંખ્યાતગુણા છે.

વળી, મનઃપર્યવજ્ઞાન સંયમના વિશિષ્ટ સ્થાનને સ્પર્શનારા મહાત્માને જ થાય છે. તેથી મનઃપર્યવજ્ઞાનને પામ્યા વગર મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનના બળથી કેવલજ્ઞાનને પામીને સિદ્ધ થનારા જીવો સંખ્યાતગુણા છે. ॥

ભાષ્ય :-

અવગાહના । સર્વસ્તોકા જઘન્યાવગાહનાસિદ્ધાઃ, ઉત્કૃષ્ટાવગાહનાસિદ્ધાસ્ततોऽસङ્ખ્યેયગુણાઃ, યવમધ્યસિદ્ધા અસङ્ખ્યેયગુણાઃ, યવમધ્યોપરિસિદ્ધા અસङ્ખ્યેયગુણાઃ, યવમધ્યાધસ્તાત્ સિદ્ધા વિશેષાધિકાઃ, સર્વે વિશેષાધિકાઃ ।

ભાષ્યાર્થ :-

અવગાહના ..... વિશેષાધિકાઃ ।। અવગાહના=સિદ્ધ થનારા જીવોના અવગાહનાદ્વારને આશ્રયીને અલ્પબહુત્વ બતાવે છે — સર્વ થોડા જઘન્ય અવગાહનાવાળા સિદ્ધ છે, ઉત્કૃષ્ટ અવગાહનાવાળા સિદ્ધ તેનાથી અસંખ્યગુણા છે=જઘન્ય અવગાહનાવાળા જીવો કરતાં અસંખ્યગુણા છે. યવમધ્યસિદ્ધ=

ઉત્કૃષ્ટ અને જઘન્યથી મધ્યમ અવગાહનાવાળા સિદ્ધો અસંખ્યગુણા છે. યવમધ્યના ઉપરિ સિદ્ધ તેનાથી અસંખ્યગુણા છે. યવમધ્યથી નીચેના સિદ્ધ વિશેષાધિક છે, સર્વ સિદ્ધો વિશેષાધિક છે. ॥

ભાવાર્થ :-

અવગાહનાદ્વારને આશ્રયીને અલ્પબહુત્વ :-

સર્વ થોડા જઘન્યઅવગાહનાસિદ્ધ છે; કેમ કે વીરપ્રભુના કાળમાં સિદ્ધ થનારા જીવો જ જઘન્ય અવગાહનામાં સિદ્ધ થાય છે. તેથી અનંત કાળમાં અનંતા સિદ્ધો જઘન્ય અવગાહનામાં સિદ્ધ થયેલા હોવા છતાં સર્વ જઘન્ય સંખ્યા જઘન્યઅવગાહનાથી સિદ્ધ થનારાની છે. તેના કરતાં ઉત્કૃષ્ટઅવગાહનાથી સિદ્ધ થનારા જીવો અસંખ્યગુણા છે; કેમ કે પ્રથમ તીર્થંકરના કાળમાં અને મહાવિદેહમાં ઉત્કૃષ્ટઅવગાહનાથી સિદ્ધ થનારા કેટલાક જીવો પ્રાપ્ત થાય છે. જેઓ ૫૦૦ ધનુષ્યથી અધિક ધનુષ પૃથક્ત્વ માનવાળા છે.

ઉત્કૃષ્ટઅવગાહનાસિદ્ધ કરતાં યવમધ્યસિદ્ધ અસંખ્ય ગુણા છે; કેમ કે ઋષભદેવ ભગવાનના કાળમાં પણ જેઓ જન્મ્યા પછી ૫૦૦ ધનુષની કાયા સુધી પહોંચ્યા નથી; પરંતુ જઘન્ય અને ઉત્કૃષ્ટની વચમાં ૨૫૦ ધનુષની આસપાસની અવગાહનાવાળા છે તેવા સિદ્ધ થનારા જીવો અસંખ્યાતગુણા પ્રાપ્ત છે; કેમ કે ઋષભદેવ ભગવાનના કાળમાં પણ જેઓની કાયા લાખ પૂર્વાદિના કાળ સુધીમાં જ વિકસેલી છે અને કેવલજ્ઞાનને પામીને સિદ્ધ થાય છે. તેથી ૫૦૦ ધનુષની અપેક્ષાએ અડધાની આસપાસની કાયાની પણ પ્રાપ્તિ છે અને અનેક તીર્થંકરોના કાળમાં=પાંચ ભરતક્ષેત્રમાં અને પાંચ ઐરવતક્ષેત્રમાં ઋષભદેવ ભગવાનથી અન્ય તીર્થંકરોના કાળમાં, જેઓ ૨૫૦ ધનુષની આસપાસના છે અને સિદ્ધ થાય છે તે સર્વની યવમધ્યમાં પ્રાપ્તિ છે. તેથી અસંખ્યાતગુણાની પ્રાપ્તિ છે; કેમ કે ઋષભદેવ પ્રભુના કાળમાં પણ જેઓ નાની ઉંમરમાં કેવળજ્ઞાન પામે છે અને લાખપૂર્વાદિના આયુષ્યવાળા છે તેઓ બાલ્યકાલ આદિની અવસ્થામાં જ સિદ્ધ થનારા છે. તેથી ૫૦૦ ધનુષ કરતાં અડધી ઊંચાઈવાળા મહાવિદેહક્ષેત્રમાં તથા ઋષભદેવ આદિ અન્ય તીર્થંકરોના કાળમાં પ્રાપ્ત થાય છે.

વળી યવમધ્યથી ઉપરમાં સિદ્ધ થનારા અસંખ્યાતગુણા છે; કેમ કે ઉત્કૃષ્ટ અવગાહના સિવાયના અને મધ્યમ અવગાહનાથી ઉપરના સર્વ જીવોનું આમાં ગ્રહણ છે. તેથી મહાવિદેહક્ષેત્રમાં પણ ૫૦૦ ધનુષની કાયાવાળા કે તેનાથી નીચેની કાયાવાળા સર્વનો સંગ્રહ યવમધ્યઉપરિ સિદ્ધોમાં છે. તેથી તેમાં અસંખ્યાત-ગુણાની પ્રાપ્તિ છે.

વળી યવમધ્યની નીચેમાં સિદ્ધ થનારા વિશેષાધિક છે; કેમ કે યવમધ્યના ઉપરિમાં સિદ્ધ થનારા કરતાં યવમધ્ય નીચેના=૫૦૦ ધનુષ્યના અડધાથી નીચેના અને જઘન્યથી ઉપરના મહાવિદેહક્ષેત્ર આદિમાં પણ નાની ઉંમરમાં સિદ્ધ થનારા જીવોની પ્રાપ્તિ થઈ શકે છે. ત્યાં પણ ૮ કે ૯ વર્ષે કેવળજ્ઞાન પામેલા અને ૧૦૦૦ / ૨૦૦૦ કે લાખ વર્ષ જીવનારા સર્વે યવમધ્યની નીચેની અવગાહનાવાળા જ પ્રાપ્ત થશે. તેથી યવમધ્યના ઉપરિ કરતાં વિશેષાધિક યવમધ્યની નીચેના છે. તેમાં જઘન્ય અવગાહનાવાળાદિ સર્વનો સંગ્રહ કરવામાં આવે તો તેનાથી પણ વિશેષાધિક પ્રાપ્ત થાય. ॥

ભાષ્ય :-

अन्तरम् । सर्वस्तोका अष्टसमयानन्तरसिद्धाः, सप्तसमयानन्तरसिद्धाः, षट्समयानन्तरसिद्धा इत्येवं यावद् द्विसमयानन्तरसिद्धा इति सङ्ख्येयगुणाः, एवं तावदनन्तरेषु । सान्तरेष्वपि सर्वस्तोकाः षण्मासान्तरसिद्धाः, एकसमयान्तरसिद्धाः सङ्ख्येयगुणाः, यवमध्यान्तरसिद्धाः सङ्ख्येयगुणाः, अधस्ताद् यवमध्यान्तरसिद्धाः सङ्ख्येयगुणाः, उपरियवमध्यान्तरसिद्धा विशेषाधिकाः, सर्वे विशेषाधिकाः ।

ભાષ્યાર્થ :-

अन्तरम् ..... विशेषाधिकाः ।। અંતર=સિદ્ધ થનારા જીવોના અંતરદ્વારને આશ્રયીને અલ્પબહુત્વ બતાવે છે — સર્વ થોડા આઠ સમય અનંતરસિદ્ધો છે. સાત સમય અનંતરસિદ્ધો, છ સમય અનંતરસિદ્ધો એ પ્રમાણે દ્વિ સમય સુધી ક્રમશઃ અનંતરસિદ્ધો સંખ્યેયગુણા સંખ્યેયગુણા છે. એ રીતે અનંતરોમાં=અનંતરસિદ્ધોમાં, અલ્પ-બહુત્વ કહેવાયું.

સાંતરમાં પણ=અંતર સહિત સિદ્ધ થનારમાં પણ, સર્વ થોડા છ માસના અંતરવાળા સિદ્ધ છે. તેના કરતાં એક સમય અંતરસિદ્ધ સંખ્યેયગુણા છે. તેના કરતાં યવમધ્ય અંતરસિદ્ધો સંખ્યેયગુણા છે. નીચેના યવમધ્ય અંતરસિદ્ધો તેના કરતાં સંખ્યેયગુણા છે. ઉપરિતન યવમધ્યે અંતરસિદ્ધો વિશેષાધિક છે. અને અંતરવાળા સર્વ સિદ્ધો વિશેષાધિક છે. ।।

ભાવાર્થ :-

અંતરદ્વારને આશ્રયીને અલ્પબહુત્વ :-

મોક્ષમાં જનારા જીવોમાં કેટલું અંતર પડે છે ? તેને આશ્રયીને અલ્પબહુત્વ બતાવે છે —

કેટલાક કાળે આઠ સમય સુધી અંતર રહિત સિદ્ધ થનારા જીવો હોય છે અને જેઓ અત્યાર સુધી મોક્ષમાં ગયા છે તે સર્વ જીવો અનંતા હોવા છતાં આઠ સમય સુધી અંતર વગર સિદ્ધ થનારા જીવોની સંખ્યા સર્વ થોડી પ્રાપ્ત થાય છે અર્થાત્ અત્યાર સુધી તે રીતે ગયેલા સિદ્ધો અનંતા છે તોપણ ૮ સમય આંતરા વગર જનારાથી અન્ય રીતે જનારા જીવો કરતાં ૮ સમય આંતરા વગર જનારા જીવો સૌથી થોડા છે.

વળી, આઠ સમયના અનંતરસિદ્ધ કરતાં સાત સમયના અનંતરસિદ્ધો સંખ્યેયગુણા છે; કેમ કે આઠ સમય સુધી સતત મોક્ષ પામનારા જીવો કરતાં સાત સમય સુધી સતત મોક્ષ પામનારા જીવો અધિક પ્રાપ્ત થાય છે. તેથી જે અત્યાર સુધી મોક્ષમાં ગયેલા છે તેઓમાં આઠ સમય સુધી સતત મોક્ષ પામનારા જીવોની સંખ્યા કરતાં સાત સમય સતત મોક્ષ પામનારા જીવોની સંખ્યા સંખ્યાતગુણ પ્રાપ્ત થાય છે.

સાત સમય સુધી સતત મોક્ષ પામનારા જીવોની સંખ્યા કરતાં છ સમય સુધી સતત મોક્ષ પામનારા જીવો સંખ્યાતગુણા છે. તેઓના કરતાં પાંચ સમય સુધી સતત મોક્ષ પામનારા જીવો સંખ્યાતગુણા છે. તેઓના કરતાં ચાર સમય સુધી સતત મોક્ષ પ્રાપ્ત કરનારા સિદ્ધો સંખ્યાતગુણા છે. તેઓના કરતાં ત્રણ સમય સુધી

સતત મોક્ષ પ્રાપ્ત કરનારા સિદ્ધો સંખ્યાતગુણા છે. તેઓના કરતાં બે સમય સુધી સતત મોક્ષ પ્રાપ્ત કરનારા સિદ્ધો સંખ્યાતગુણા છે.

ત્યારપછી એક સમય મોક્ષ પ્રાપ્ત કરનારા જીવોની અનંતરતાની પ્રાપ્તિ નથી; કેમ કે બે સમય સુધી અંતર વગર જનારામાં જ અનંતરની પ્રાપ્તિ થાય છે.

આ રીતે=અનંતરદ્વારમાં પૂર્વમાં બતાવ્યું એ રીતે, સાંતર મોક્ષ જનારામાં પણ અલ્પબહુત્વ કહેવું જોઈએ. તેથી સાંતરદ્વારમાં અલ્પબહુત્વ બતાવે છે –

સર્વ થોડા છ મહિનાના અંતરે સિદ્ધ થનારા જીવો છે. તેથી એ પ્રાપ્ત થાય કે અત્યાર સુધી જે સિદ્ધના જીવો છે અને તેમાંથી જેઓ અંતર સહિત ગયા છે તેવા જીવોમાંથી જે છ મહિનાના અંતરે મોક્ષ પામ્યા તેવા જીવોની સંખ્યા અનંતની છે, તે સંખ્યા અન્ય આંતરાવાળા જીવો કરતાં સૌથી અલ્પ છે. તેના કરતાં એક સમયના આંતરાથી સિદ્ધ થયેલા સંખ્યાતગુણા છે. વળી યવમધ્યમાં રહેલા આંતરાથી સિદ્ધ થનારા સંખ્યેયગુણા છે. તેના કરતાં યવમધ્યથી નીચેમાં રહેલા આંતરાથી સિદ્ધ થનારા જીવો સંખ્યાતગુણા છે અને યવમધ્યથી ઉપરમાં રહેલા આંતરાથી સિદ્ધ થનારા જીવો વિશેષાધિક છે.

તેથી એ પ્રાપ્ત થાય કે છ મહિનાના અંતરે જે સિદ્ધ થનારા છે તેના મધ્યભાગમાં સિદ્ધ થનારા જીવો યવમધ્યમાં રહેલા સાંતરસિદ્ધો કહેવાય અર્થાત્ ત્રણ માસ આંતરાવાળા સિદ્ધો કહેવાય. યવમધ્યથી નીચેના ભાગમાં રહેલા આંતરાવાળા યવમધ્યભાગના આંતરાવાળા કરતાં સંખ્યાતગુણા છે અને યવમધ્યથી ઉપરના ભાગમાં રહેલા તેના કરતાં વિશેષાધિક છે. યવમધ્યમાં નીચેના ભાગમાં રહેલા=ત્રણ મહિનાથી માંડીને બે સમયના આંતરાવાળા સિદ્ધમાં જનારા જીવો છે, તેઓ યવમધ્યના આંતરાવાળા જીવો કરતાં સંખ્યાતગુણા છે અને ત્રણ મહિનાથી માંડીને છ મહિનાથી એક સમય ન્યૂન એવા આંતરાવાળા યવમધ્યના ઉપરના આંતરાવાળા સિદ્ધના જીવો છે તે વિશેષાધિક છે અને યવમધ્યના ઉપરના આંતરાવાળા સિદ્ધ કરતાં સર્વ સિદ્ધના જીવો વિશેષાધિક છે. તેથી યવમધ્યના ઉપરના આંતરાવાળા સિદ્ધના જીવોમાં અન્ય સર્વ આંતરાવાળા કે આંતરા વગર સિદ્ધ થયેલા જીવોનો પ્રક્ષેપ કરવામાં આવે તોપણ યવમધ્યના ઉપરના સિદ્ધો કરતાં દ્વિગુણ પ્રાપ્ત થતા નથી, પરંતુ યવમધ્યના ઉપરના સિદ્ધો કરતાં કાંઈક અધિક પ્રાપ્ત થાય છે. ॥

ભાષ્ય :-

सङ्ख्या । सर्वस्तोका अष्टोत्तरशतसिद्धाः, विपरीतक्रमात् सप्तोत्तरशतसिद्धादयो यावत् पञ्चाशदित्यनन्तगुणाः । एकोनपञ्चाशदादयो यावत् पञ्चविंशतिरित्यसङ्ख्येयगुणाः । चतुर्विंशत्यादयो यावदेक इति सङ्ख्येयगुणाः । विपरीतहानिर्यथा – सर्वस्तोका अनन्तगुणहानिसिद्धाः, असङ्ख्येयगुणहानिसिद्धा अनन्तगुणाः, सङ्ख्येयगुणहानिसिद्धाः सङ्ख्येयगुणा इति ।

ભાષ્યાર્થ :-

सङ्ख्या ..... इति ।। સંખ્યા=સિદ્ધ થનારા જીવોના સંખ્યાદ્વારને આશ્રયીને અલ્પબહુત્વ બતાવે

છે – સર્વ થોડા ૧૦૮ સિદ્ધ થનારા છે. વિપરીત ક્રમથી=૧૦૮ પછી ૧૦૯ આદિ કરતાં વિપરીત એવા ૧૦૭ આદિના ક્રમથી, ૧૦૭ સિદ્ધ થનારા આદિ પચાસ સુધી અનંતગુણા છે. ૪૯થી માંડીને ૨૫ સુધી અસંખ્યગુણા છે=એક સાથે ૫૦ જીવો મોક્ષમાં જનાર હોય તેના કરતા એક સમયમાં ૪૯ જીવો મોક્ષમાં જનાર હોય તેવા અસંખ્યાતગુણા છે. તેના કરતાં ૪૮ એક સાથે જનારા અસંખ્યાત-ગુણા છે. એ પ્રમાણે ૨૫ સુધી અસંખ્યાતગુણા જાણવા. વળી ૨૪થી માંડીને એક સુધી સંખ્યેય-ગુણા જાણવા. વિપરીત હાનિ આ પ્રમાણે છે – સર્વ થોડા અનંતગુણહાનિસિદ્ધો છે, અસંખ્યગુણ-હાનિસિદ્ધો અનંતગુણા છે, સંખ્યેયગુણહાનિસિદ્ધો સંખ્યેયગુણા છે.

'इति' શબ્દ સૂત્રસ્પર્શી ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ॥

ભાવાર્થ :-

સંખ્યાદ્વારને આશ્રયીને અલ્પબહુત્વ :-

એક સમયમાં સિદ્ધ થનારા ૫૦થી માંડીને ઉત્કૃષ્ટ એક સમયે સિદ્ધ થનારા ૧૦૮ની પ્રાપ્તિ થાય છે. તેમાં એક સાથે ૧૦૮ સિદ્ધ થનારા જીવો કરતાં એક સાથે ૧૦૭ સિદ્ધ થનારા અનંતગુણા છે અને તે એક સાથે ૫૦ સિદ્ધ થનારા સુધી ઉત્તર-ઉત્તરના અનંતગુણા છે. તેથી અર્થથી એ ફલિત થાય કે એક સાથે ૫૦ સિદ્ધ થનારા જીવો કરતાં એક સાથે ૫૧ સિદ્ધ થનારા જીવો અનંતગુણહીન છે. તેથી એ પ્રાપ્ત થાય કે સામાન્યથી એક સાથે ૫૦ સિદ્ધ થનારા જીવો અનંતા મોક્ષમાં જાય ત્યારે એક સાથે ૫૧ સિદ્ધ થનારા જીવો પ્રાપ્ત થાય. આથી અત્યાર સુધી મોક્ષમાં ગયેલા જે જીવો છે, તેમાં એક સાથે ૫૦ ગયેલા જીવોની જે સંખ્યા છે તેનાથી અનંતમો ભાગ એક સાથે ૫૧ જનારા જીવોની સંખ્યા છે. તેથી કોઈક કાળમાં એક સાથે ૫૧ સિદ્ધ થનારા ૨-૪ પ્રાપ્ત થાય તોપણ બહુલતાએ અનંતકાળ પછી જ એક સાથે ૫૧ સિદ્ધ થનારાની પ્રાપ્તિ થતી હોય છે. તે રીતે બાવનથી માંડીને ૧૦૮ સુધી અનંત-અનંતગુણહાનિ છે. તેથી પૂર્વની સંખ્યાવાળા એક સાથે સિદ્ધ થનારા કરતાં ઉત્તરની સંખ્યાવાળા સિદ્ધ થનારા અનંતગુણહીન હોવાને કારણે અનંતકાળ પછી તે તે સંખ્યાની પ્રાપ્તિ થાય છે. તેથી એક સાથે ૧૦૮ સિદ્ધ થનારા સહુથી થોડા છે. માટે ઘણા અનંતકાળના આંતરે ૧૦૮ એક સાથે સિદ્ધ થનારાની પ્રાપ્તિ છે, તેમ સામાન્યથી નિયમ પ્રાપ્ત થાય.

વળી ૧૦૮થી માંડીને ૫૦ એક સાથે સિદ્ધ થનારામાં વિપરીત ક્રમથી અનંતગુણ-અનંતગુણવૃદ્ધિની પ્રાપ્તિ છે. તેમ ૪૯થી માંડીને એક સાથે ૨૫ સિદ્ધ થનારાની સંખ્યામાં અસંખ્યગુણ-અસંખ્યગુણવૃદ્ધિની પ્રાપ્તિ છે. તેથી ૨૫ એક સમયે સિદ્ધ થનારા કરતાં એક સમયે ૨૬ સિદ્ધ થનારા અસંખ્યાતકાળે પ્રાપ્ત થાય. એ જ રીતે ૨૬ કરતાં ૨૭ આદિમાં પણ અસંખ્યકાળનું આંતરું બહુલતાએ પ્રાપ્ત થાય.

વળી એક સાથે ૨૪ સિદ્ધ થનારા, ૨૩ સિદ્ધ થનારા ઇત્યાદિથી માંડીને એક સુધી એક સાથે સિદ્ધ થનારા સંખ્યેયગુણા છે. તેથી એ પ્રાપ્ત થાય કે સૌથી વધારે એક સમયમાં એક સિદ્ધ થનારાની જ સંખ્યા છે. એક સાથે બે થનારાની સંખ્યા સંખ્યાતગુણહીન છે. આ ક્રમથી ૧૦૮ સિદ્ધ થનારા સૌથી અલ્પ મળે છે.

વળી વિપરીત હાનિ પૂર્વના ત્રણ વિભાગોમાં કઈ રીતે છે ? તે બતાવે છે –

જેમ ૫૦થી માંડીને ૧૦૮ સુધી અનંતગુણહાનિવાળા સિદ્ધો હતા તે સર્વથી થોડા છે, તેમ ૨૫થી માંડીને ૪૯ સુધીના અસંખ્યગુણહાનિવાળા જીવો અનંતગુણા છે. તેથી એ પ્રાપ્ત થાય કે અનંતગુણહાનિવાળા કરતાં અસંખ્યાતગુણહાનિવાળા જીવો ઘણા વધારે પ્રાપ્ત થાય છે. માટે અસંખ્યાતગુણહાનિવાળા અનંતા જીવો સિદ્ધ થાય ત્યારે અનંતગુણહાનિવાળા કોઈક જીવના ભેદની પ્રાપ્તિ થાય.

વળી સંખ્યેયગુણહાનિવાળા એક સમયમાં એક સિદ્ધ થનારાથી માંડીને એક સમયમાં ૨૪ સિદ્ધ થનારાની છે અને તે સૌથી વધારે છે. તેવા સંખ્યાતા સિદ્ધ થાય ત્યારે અસંખ્યગુણહાનિવાળા એક સિદ્ધની પ્રાપ્તિ થાય.

સિદ્ધના આ સર્વ દ્વારોના ચિંતવનના કાળમાં જેઓને સિદ્ધ પ્રત્યેનો રાગ છે તેઓને તે સર્વ ભેદોના ચિંતવનકાળમાં પ્રવર્ધમાન થતો સિદ્ધનો રાગ ઘણી નિર્જરાની પ્રાપ્તિનું કારણ બને છે. આથી જ સુસાધુઓ પણ સિદ્ધના સ્વરૂપની અલ્પબહુત્વદ્વાર અને ક્ષેત્ર આદિ દ્વારોથી વિચારણા કરે છે, જેથી સિદ્ધ પ્રત્યેનો પ્રવર્ધમાન ભાવ સિદ્ધ થવામાં પ્રબળ કારણ બને.

પ્રસ્તુત સૂત્રસ્પર્શી ભાષ્ય અહીં પુરું થાય છે. હવે તત્ત્વાર્થસૂત્રના પ્રથમસૂત્રથી માંડીને અત્યાર સુધીના સર્વ કથનનું પરસ્પર એકવાક્યતાથી યોજન કરીને પ્રસ્તુત ગ્રંથના પરમાર્થનો બોધ કરાવવા અર્થે ભાષ્યકારશ્રી કહે છે –

ભાષ્ય :-

एवं निसर्गाधिगमयोरन्यतरजं तत्त्वार्थश्रद्धानात्मकं शङ्काद्यतिचारवियुक्तं प्रशमसंवेगनिर्वेदानुकम्पाऽऽस्तिक्याभिव्यक्तिलक्षणं विशुद्धं सम्यग्दर्शनमवाप्य, सम्यग्दर्शनोपलम्भाद् विशुद्धं च ज्ञानमधिगम्य निक्षेपप्रमाणनयनिर्देशसत्सङ्ख्यादिभिरभ्युपायैर्जीवादीनां तत्त्वानां पारिणामिकौदयिकौपशमिकक्षायोपशमिकक्षायिकानां भावानां स्वतत्त्वं विदित्वा (अनादिमत्) आदिमत्पारिणामिकौदयिकानां च भावानामुत्पत्तिस्थित्यन्यताऽनुग्रहप्रलयतत्त्वज्ञो विरक्तो निस्तृष्णः त्रिगुप्तः पञ्चसमितो दशलक्षणधर्मानुष्ठानात् फलदर्शनाच्च निर्वाणप्राप्तियतनयाऽभिवर्धितश्रद्धासंवेगो भावनाभिर्भावितात्माऽनुप्रेक्षाभिः स्थिरीकृतात्माऽनभिष्वङ्गः संवृतत्वान्निरास्रवाद् विरक्तत्वान्निस्तृष्णत्वाच्च व्यपगताभिनवकर्मोपचयः परीषहजयाद् बाह्याभ्यन्तरतपोऽनुष्ठानाद् अनुभावतश्च सम्यग्दृष्ट्यविरतादीनां (सम्यग्दृष्ट्यादिगुणस्थानानां) च जिनपर्यन्तानां परिणामाध्यवसायविशुद्धिस्थानान्तराणामसङ्ख्येयगुणोत्कर्षप्राप्त्या पूर्वोपचितकर्म निर्जरयन् सामायिकादीनां च सूक्ष्मसम्परायान्तानां संयमविशुद्धिस्थानानामुत्तरोत्तरोपलम्भात् पुलाकादीनां च निर्ग्रन्थानां संयमानुपालनविशुद्धिस्थानविशेषाणामुत्तरोत्तरप्रतिपत्त्या घटमानोऽत्यन्तप्रहीणार्तरौद्रध्यानो धर्मध्यानविजयादवाप्तसमाधिबलः शुक्लध्यानयोश्च पृथक्त्वैकत्ववितर्कयोरन्यतरस्मिन् वर्तमानो नानाविधानृद्धिविशेषान् प्राप्नोति ।

ભાષ્યાર્થ :-

एवं ..... प्राप्नोति ।। આ રીતે=પ્રથમ અધ્યાયથી માંડીને અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, નિસર્ગ

(અને) અધિગમ એ બેમાંથી અન્યતરથી થયેલું તત્ત્વાર્થશ્રદ્ધાનાત્મક શંકાઅતિચાર આદિ અતિચારોથી વિયુક્ત પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્યના અભિવ્યક્તિ સ્વરૂપ વિશુદ્ધ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરીને અને સમ્યગ્દર્શનના ઉપલંભથી નિક્ષેપ, પ્રમાણ, નય, નિર્દેશ, સત્, સંખ્યાદિ અભ્યુપાયો વડે= અધિગમના ઉપાયો વડે, જીવ આદિ તત્ત્વોના વિશુદ્ધજ્ઞાનને પ્રાપ્ત કરીને, પારિણામિકભાવોનું, ઔદયિકભાવોનું, ઔપશમિકભાવોનું, ક્ષાયોપશમિકભાવોનું અને ક્ષાયિકભાવોનું સ્વતત્ત્વ જાણીને અને અનાદિમત્-આદિમત્ એવા પારિણામિકભાવોના અને ઔદયિકભાવોના ઉત્પત્તિ, સ્થિતિ, અન્યતા, અનુગ્રહ અને પ્રલયના તત્ત્વને જાણનારો, વિરક્ત નિસ્તૃષ્ણ, ત્રણ ગુપ્તિવાળો, પાંચ સમિતિવાળો, દશ લક્ષણ ધર્માનુષ્ઠાનથી=દશ પ્રકારના સાધુધર્મના અનુષ્ઠાનથી, અને ફલદર્શનથી નિર્વાણપ્રાપ્તિને અનુકૂળ યતનાથી અભિવર્ધિત શ્રદ્ધા-સંવેગવાળો, ભાવનાથી ભાવિત સ્વરૂપવાળો, અનુપ્રેક્ષાદિથી સ્થિરીકૃત આત્માના અનભિષ્વંગ ભાવવાળો, સંવૃતપણું હોવાથી, નિરાશ્રવપણું હોવાથી, વિરક્તપણું હોવાથી અને નિસ્તૃષ્ણપણું હોવાથી, દૂર કર્યા છે અભિનવકર્મના ઉપચય જેણે એવો, પરિષહજયથી બાહ્ય-અભ્યંતર તપ અનુષ્ઠાનથી અને અનુભાવથી જિનપર્યન્તના સમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાનકના પરિણામના અધ્યવસાયના વિશુદ્ધિ સ્થાનાંતરોના અસંખ્યગુણ ઉત્કર્ષની પ્રાપ્તિથી પૂર્વોપચિત કર્મની નિર્જરાને કરતો સામાયિકસંયમથી માંડીને સૂક્ષ્મસંપરાયસંયમપર્યન્તના સંયમનાં વિશુદ્ધિસ્થાનોના ઉત્તરોત્તર ઉપલંભથી અને પુલાક આદિ નિર્ગ્રંથોના સંયમના અનુપાલનને કારણે વિશુદ્ધિસ્થાન-વિશેષોના ઉત્તરોત્તરની પ્રતિપત્તિથી ઘટમાન=યત્ન કરનારા, અત્યંત પ્રહીણ આર્તધ્યાન-રૌદ્રધ્યાન-વાળો, ધર્મધ્યાનના વિજયથી પ્રાપ્ત થયેલા સમાધિબળવાળો, પૃથક્ત્વવિતર્ક, એકત્વવિતર્કરૂપ બે શુક્લધ્યાનના અન્યતરમાં વર્તમાન, નાના=વિવિધ, પ્રકારની ઋદ્ધિવિશેષોને પ્રાપ્ત કરે છે. ॥

❖ અહીં आदिमत् पारिणामिकौदयिकानां પાઠ છે તે સ્થાને अनादिमत् आदिमत् पारिणामिकौदयिकानां પાઠ હોવાની સંભાવના છે. અને दशलक्षणधर्मानुष्ठानात्ના સ્થાને दशलक्षणयतिधर्मानुष्ठानात् પાઠ હોવાની સંભાવના છે.

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગ્રંથમાં અત્યાર સુધી મોક્ષમાર્ગ બતાવ્યો એ રીતે નિસર્ગ કે અધિગમમાંથી અન્યતરથી ઉત્પન્ન થયેલા તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરીને મહાત્મા શું પ્રાપ્ત કરે છે ? તે બતાવે છે –

તે સમ્યગ્દર્શન તત્ત્વાર્થના શ્રદ્ધાનરૂપ છે, જેને શંકાદિ અતિચારથી વિયુક્ત પ્રાપ્ત કરવું જોઈએ. તેથી એ પ્રાપ્ત થાય કે જીવ આદિ નવ તત્ત્વનું તે રીતે શ્રદ્ધાન થવું જોઈએ કે જેથી હેય એવા આશ્રવમાં હેયબુદ્ધિ, ઉપાદેય એવા સંવરમાં ઉપાદેયબુદ્ધિ રહે તથા હેયથી સતત નિવૃત્તિ અને ઉપાદેયમાં સતત પ્રવૃત્તિ કરાવે. આવું તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું જોઈએ.

વળી કોઈક યોગ્ય જીવોને તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી કોઈક સ્થાને દિગ્મોહ થવાથી સમ્યક્ત્વને વિશે શંકાદિ અતિચાર કે મૂઢદૃષ્ટિપણું આવે છે. પરિણામરૂપે મલિન થયેલું સમ્યગ્દર્શન કલ્યાણનું કારણ બનતું નથી. તેથી પ્રસ્તુત તત્ત્વાર્થાધિગમસૂત્રનું અધ્યયન કરીને શંકાદિ અતિચારોથી રહિત

શુદ્ધ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરવું જોઈએ. આ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કર્યા બાદ જીવમાં સતત કષાયોના ઉપશમરૂપ પ્રશમ, મોક્ષના ઉત્કટ અભિલાષરૂપ સંવેગ, ચારગતિના પરિભ્રમણરૂપ સંસાર પ્રત્યે નિર્વેદ, દુઃખી જીવો પ્રત્યે અનુકંપા અને આત્માદિ તત્ત્વોની શ્રદ્ધારૂપ આસ્તિક્યની અભિવ્યક્તિ થાય તેવો યત્ન કરવો જોઈએ.

વળી, આવું સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પછી નિક્ષેપ, પ્રમાણ, નય નિર્દેશ, સત્, સંખ્યાદિ ઉપાયો દ્વારા જીવાદિ તત્ત્વોનું વિશુદ્ધજ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. આનાથી એ પ્રાપ્ત થાય કે સમ્યગ્દર્શનને કારણે સતત પ્રશમ આદિ ભાવો આત્મામાં વર્તે છે. તેથી કલ્યાણના અર્થીએ સતત પ્રશમ-સંવેગાદિ ભાવો પોતાનામાં સ્પષ્ટ-સ્પષ્ટતર વ્યક્ત થાય તે રીતે સતત માનસિક કસરત કરવી જોઈએ, જેથી સ્થિર પરિણામવાળું સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય. સમ્યગ્દર્શનને કારણે જે પ્રશમાદિ ભાવો વર્તે છે તેવા પરિણામથી યુક્ત જીવાદિ તત્ત્વનો વિશુદ્ધ બોધ કરવામાં આવે તો વિશુદ્ધજ્ઞાન પ્રાપ્ત થાય છે, જે વિશુદ્ધજ્ઞાન સતત મોહના ઉન્મૂલનનું કારણ બને છે. તેથી મોહના ઉન્મૂલનનું કારણ બને તે પ્રકારે જીવાદિ તત્ત્વોનો નિક્ષેપ-પ્રમાણ આદિ દ્વારો દ્વારા બોધ કરવો જોઈએ. આ પ્રકારે બોધ કર્યા પછી પારિણામિકભાવ, ઔદયિકભાવ, ઔપશમિકભાવ, ક્ષાયોપશમિકભાવ અને ક્ષાયિકભાવનું વાસ્તવિક સ્વરૂપ જાણવા યત્ન કરવો જોઈએ, જેથી ઔદયિકભાવોના ત્યાગ માટે અને ઔપશમિકાદિ ભાવોની પ્રાપ્તિ માટે ઉચિત પ્રયત્ન કરવાને અનુકૂળ માર્ગાનુસારી બુદ્ધિ પ્રાપ્ત થાય.

આ રીતે આત્મામાં વર્તતા પારિણામિક આદિ ભાવોનો બોધ કર્યા પછી સાતમા અધ્યાયના સાતમા સૂત્રમાં કહ્યું એ પ્રમાણે અનાદિમાન્ અને આદિમાન્ એવા પારિણામિકભાવ અને ઔદયિકભાવોના ઉત્પત્તિ, સ્થિતિ, અન્યતા=દરેક પદાર્થનો પરસ્પર ભેદ, અનુગ્રહ અને પ્રલયના તત્ત્વને જાણનારો પોતે બને, તે પ્રકારે યત્ન કરવો જોઈએ, જેથી સંવેગ અને વૈરાગ્ય સ્થિર થાય; કેમ કે જગતના સ્વભાવનું સમ્યક્ ચિંતવન અનાદિમાન્ પારિણામિકભાવોના ચિંતવનથી થાય છે અને આદિમાન્ એવા ઔદયિકભાવોનું ચિંતવન કરવાથી કાય સ્વભાવનો વાસ્તવિક બોધ થાય છે, જેથી આત્મામાં સંવેગ અને વૈરાગ્ય સ્થિર થાય છે. આ રીતે વિરક્ત થયેલા મહાત્મા તૃષ્ણા વગરના થાય છે, તેથી ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થાય છે અને પાંચ સમિતિઓથી સમિત થાય છે. આવા મહાત્મા દશ પ્રકારના યતિધર્મના અનુષ્ઠાનથી અને તેના ઉત્તમફલના દર્શનથી નિર્વાણપ્રાપ્તિની યતનાથી અભિવર્ધિત શ્રદ્ધા અને સંવેગવાળા બને છે અર્થાત્ ચિત્ત નિર્વાણની પ્રાપ્તિને અનુકૂળ બને તેવી ઉચિત સંયમની યતના દ્વારા વૃદ્ધિ પામેલા શ્રદ્ધા સંવેગવાળા થાય છે.

વળી સમિતિ-ગુપ્તિવાળા તે મહાત્મા નિર્વાણની પ્રાપ્તિની યતનાથી અભિવર્ધિત શ્રદ્ધા-સંવેગવાળા બન્યા પછી બાર ભાવનાઓથી અને મૈત્રી આદિ ચાર ભાવનાઓથી અભિભાવિત બને છે. વળી તે ભાવનાઓ કર્યા પછી તે ભાવનાઓનું પુનઃ પુનઃ અનુપ્રેક્ષણ કરવા દ્વારા સ્થિરીકૃત આત્માના અનભિષ્વંગવાળા બને છે. તેથી એ પ્રાપ્ત થાય કે કલ્યાણના અર્થી એવા સુસાધુએ સમિતિ-ગુપ્તિ આદિમાં યત્ન કર્યા પછી પણ બાર ભાવનાઓથી આત્માને અત્યંત વાસિત કરવો જોઈએ અને તે ભાવનાઓમાં બતાવાયેલા પદાર્થોના

અનુપ્રેક્ષણ દ્વારા પોતાનો અનભિષ્વંગભાવ અત્યંત સ્થિર કરવો જોઈએ. આ રીતે અનભિષ્વંગભાવ અત્યંત સ્થિર કર્યા પછી તે મહાત્મા સંવૃત પરિણામવાળા હોય છે, નિરાશ્રવ પરિણામવાળા હોય છે, વિરક્ત પરિણામવાળા હોય છે અને તૃષ્ણા વગરના હોય છે, તેથી નવા કર્મબંધના ઉપચયને કરતા નથી.

વળી પરિષહના જયથી=શીતાદિના પરિષહના નિમિત્તને પામીને પણ સમભાવની વૃદ્ધિમાં યત્ન કરીને પરિષહના જયથી, અને બાહ્ય-અભ્યંતર તપ અનુષ્ઠાનના સેવનથી અને અનુભાવથી=ક્ષયોપશમભાવના કર્મના વિપાકથી, અવિરતસમ્યગ્દૃષ્ટિથી માંડીને જિન પર્યન્તના પરિણામના અધ્યવસાયના વિશુદ્ધ સ્થાનાંતરો વિષયક અસંખ્યગુણ ઉત્કર્ષની પ્રાપ્તિ દ્વારા પૂર્વ ઉપચિત કર્મની નિર્જરા કરનારા તે મહાત્મા બને છે અર્થાત્ નિસ્તૃષ્ણ આદિ ભાવો કર્યા પછી પરિષહજયમાં યત્ન કરીને ગુણસ્થાનકની વૃદ્ધિમાં તે મહાત્મા યત્ન કરે છે. સંયમનાં બાહ્ય અનુષ્ઠાનો અંતરંગભાવોની વૃદ્ધિનાં કારણ બને તે રીતે સેવે છે અને કર્મોનો વિપાક ક્ષયોપશમભાવરૂપે વર્તે તે રીતે યત્ન કરે છે. પોતે સમ્યગ્દર્શનથી માંડીને જિન અવસ્થા સુધીના પરિણામના અધ્યવસાયવિશુદ્ધિનાં સ્થાનો પૈકી જે સ્થાનોમાં જઈ શકે તેમ હોય તે સ્થાનોની પ્રાપ્તિને અનુકૂળ અપ્રમાદથી યત્ન કરીને અસંખ્યગુણના ઉત્કર્ષની પ્રાપ્તિથી પૂર્વોપચિત કર્મની નિર્જરા કરે છે, જેનાથી સતત ઉપર ઉપરનાં સંયમસ્થાનોને અનુકૂળ સંચિતવીર્યવાળા તે મહાત્મા બને છે. તેથી સામાયિકચારિત્રથી માંડીને સૂક્ષ્મસંપરાયચારિત્ર સુધીના સંયમનાં વિશુદ્ધસ્થાનોને ઉત્તર ઉત્તર પ્રાપ્ત કરે છે.

વળી, પુલાકનિર્ગ્રંથ આદિના સંયમપાલનના વિશુદ્ધ સ્થાનવિશેષોને ઉત્તર ઉત્તર પ્રાપ્ત કરીને યત્ન કરતા તે મહાત્મા અત્યંત ક્ષીણ થયેલા આર્તધ્યાન, રૌદ્રધ્યાનવાળા બને છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે મહાત્મા પોતાની શક્તિ અનુસાર ઉત્તર-ઉત્તરની ભૂમિકામાં જવા માટેના અંતરંગ પરિણામોનો ઉત્કર્ષ થાય તે રીતે બહિરંગ સર્વ ઉચિત આચરણાઓ કરે છે તેઓ પુલાક આદિ નિર્ગ્રંથોમાંથી જે નિર્ગ્રંથ અવસ્થાને પામેલ હોય તેના વિશુદ્ધ સ્થાનવિશેષોને ઉત્તર ઉત્તર પ્રાપ્ત કરે છે અને તે રીતે ચેષ્ટા કરતાં-કરતાં તે મહાત્મા આર્તધ્યાન, રૌદ્રધ્યાનના પરિણામની શક્તિને અત્યંત ક્ષીણ કરે છે અને ધર્મધ્યાનને પોતાની પ્રકૃતિરૂપે કરીને તેના બળથી પ્રાપ્ત થયેલા સમાધિબળવાળા થાય છે. જેના બળથી પૃથક્ત્વવિતર્ક અને એકત્વવિતર્ક નામના શુક્લધ્યાનમાંથી અન્યતર શુક્લધ્યાનમાં વર્તતા એવા મહાત્મા અનેક પ્રકારની વિશેષ ઋદ્ધિઓને પ્રાપ્ત કરે છે. ॥

ભાષ્ય :-

तद्यथा — आमर्शौषधित्वं विप्रुडौषधित्वं सर्वौषधित्वं शापानुग्रहसामर्थ्यजननीमभिव्याहारसिद्धिमीशित्वं वशित्वं अवधिज्ञानं शारीरविकरणाङ्गप्राप्तितामणिमानं लघिमानं महिमानं अणुत्वम् । अणिमा बिसच्छिद्रमपि प्रविश्यासीत । लघुत्वं नाम लघिमा वायोरपि लघुतरः स्यात् । महत्त्वं महिमा मेरोरपि महत्तरं शरीरं विकुर्वीत । प्राप्तिर्भूमिष्ठोऽङ्गुल्यग्रेण मेरुशिखरभास्करादीनपि स्पृशेत् । प्राकाम्यमप्सु भूमाविव गच्छेत्, भूमावप्स्विव निमज्जेदुन्मज्जेच्च । जङ्घाचारणत्वं येनाग्निशिखाधूमनीहारावश्यायमेघवारिधारामर्कटतन्तुज्योतिष्करश्मिवायूनामन्यतममप्युपादाय वियति

गच्छेत् । वियद्गतिचारित्वं येन वियति भूमाविव गच्छेत् शकुनिवच्च प्रडीनावडीनगमनानि कुर्यात् । अप्रतिघातित्वं पर्वतमध्येन वियतीव गच्छेत् । अन्तर्धानमदृश्यो भवेत् । कामरूपित्वं नानाश्रयानेकरूपधारणं युगपदपि कुर्यात् । तेजोनिसर्गे सामर्थ्यमेतदादि इति ।

इन्द्रियेषु मतिज्ञानविशुद्धिविशेषात् तद्दूरात् स्पर्शनास्वादनघ्राणदर्शनश्रवणानि विषयाणां कुर्यात् । सम्भिन्नज्ञानत्वं युगपदनेकविषयपरिज्ञानमित्येतदादि ।

मानसं कोष्ठबुद्धित्वं बीजबुद्धित्वं पदप्रकरणोद्देशाध्यायप्राभृतवस्तुपूर्वाङ्गानुसारित्वं ऋजुमतित्वं विपुलमतित्वं परचित्तज्ञानमभिलषितार्थप्राप्तिमनिष्टानवाप्तिमित्येतदादि ।

वाचिकं क्षीरास्रवित्वं मध्वास्रवित्वं वादित्वं सर्वरुतज्ञत्वं सर्वसत्त्वावबोधनमित्येतदादि ।

तथा विद्याधरत्वमाशीविषत्वं भिन्नाभिन्नाक्षरचतुर्दशपूर्वधरत्वमिति ।

ततोऽस्य निस्तृष्णत्वात् तेष्वनभिष्वक्तस्य मोहक्षपकपरिणामावस्थस्याष्टाविंशतिविधं मोहनीयं निरवशेषतः प्रहीयते, ततश्छद्मस्थवीतरागत्वं प्राप्तस्यान्तर्मुहूर्तेन ज्ञानावरणदर्शनावरणान्तरायाणि युगपदशेषतः प्रहीयन्ते ततः संसारबन्धबीजबन्धननिर्मुक्तः फलबन्धनमोक्षापेक्षो यथाख्यातसंयतो जिनः केवली सर्वज्ञः सर्वदर्शी शुद्धो बुद्धः कृतकृत्यः स्नातको भवति ततो वेदनीयनामगोत्रायुष्यक्षयात् फलबन्धननिर्मुक्तो निर्दग्धपूर्वोपात्तेन्धनो निरुपादान इवाग्निः पूर्वोपात्तभववियोगाद् हेत्वभावाच्चोत्तरस्याप्रादुर्भावाच्छान्तः संसारसुखमतीत्यात्यन्तिकमैकान्तिकं निरुपमं निरतिशयं नित्यं निर्वाणसुखमवाप्नोतीति ।

ભાષ્યાર્થ :-

तद्यथा ..... निर्वाणसुखमवाप्नोतीति ।। તે આ પ્રમાણે=પૂર્વમાં કહ્યું કે શુક્લધ્યાનના બે પાયામાંથી કોઈક પાયામાં વર્તતા તે મહાત્મા નાના પ્રકારના ઋદ્ધિવિશેષોને પ્રાપ્ત કરે છે તે ઋદ્ધિઓ આ પ્રમાણે છે – આમર્શૌષધિપણું, વિપ્રુડૌષધિપણું, સર્વૌષધિપણું, શાપાનુગ્રહસામર્થ્યજનની અભિવ્યાહારસિદ્ધિ, ઈશિપણું, વશિપણું, અવધિજ્ઞાન, શારીરવિકરણ, અંગપ્રાપ્તિતા, અણિમાન્, લઘિમાન્, મહિમાન્, અણુત્વ.

અણિમા આદિ ઋદ્ધિઓનું સ્વરૂપ કેવું છે ? તે સ્પષ્ટ કરે છે –

અણિમા : બિસત છિદ્રમાં પણ પ્રવેશ કરીને રહી શકે છે=ચાલ્યું ગયું છે સત્ છિદ્ર જેમાં તેવી વસ્તુમાં પણ પ્રવેશ કરીને પોતે રહી શકે છે. લઘુત્વ એટલે લઘિમા : વાયુથી પણ લઘુતર થાય. મહત્ત્વ એટલે મહિમા : મેરુથી પણ મોટું શરીર વિકુર્વે. પ્રાપ્તિ : ભૂમિષ્ઠ રહેલો અંગુલીના અગ્રથી મેરુપર્વતના શિખરને, ભાસ્કર આદિને પણ=સૂર્ય આદિને પણ, સ્પર્શે. પ્રાકામ્ય : પાણીમાં ભૂમિની જેમ જાય, ભૂમિમાં પણ પાણીની જેમ ડૂબકીઓ મારે અને ઉન્મજ્જન કરે. જંઘાચારણપણું : જેના વડે

અગ્નિની શિખા, ધૂમ, બરફ, અવશ્યાય=ઝાકળ, મેઘ, વારિધારા, મર્કટના તંતુ=કરોળિયાનાં જાળાં, જ્યોતિષ્કના રશ્મિ=સૂર્યનાં કિરણો, વાયુ - આમાંથી અન્યતમને ગ્રહણ કરીને આકાશમાં જાય છે. આકાશમાં ગતિચારીપણું : જેનાથી=જે લબ્ધિથી, આકાશમાં ભૂમિની જેમ જાય અને શકુનિની જેમ પ્રડીન આવડીન અને ગમન કરે=સમડીની જેમ ક્યારેક ઉપર જાય, ક્યારેક નીચે જાય તો ક્યારેક તિર્ચ્છું ગમન કરે. અપ્રતિઘાતિપણું : પર્વતના મધ્યથી આકાશની જેમ જાય. અન્તર્ધાન : અદૃશ્ય થાય. કામરૂપીપણું : જુદા જુદા આશ્રયથી અનેક રૂપનું ધારણ એક સાથે પણ કરે. તેજોનિસર્ગમાં સામર્થ્ય= તેજોલેશ્યા પ્રયોગ કરવાનું સામર્થ્ય, એ વગેરે લબ્ધિઓ છે.

'इति' શબ્દ બાહ્ય લબ્ધિઓની સમાપ્તિ માટે છે.

ઇન્દ્રિયોમાં મતિજ્ઞાનની વિશુદ્ધિના વિશેષથી સ્પર્શન, સ્વાદન, ઘ્રાણ, દર્શન, શ્રવણરૂપ વિષયોને દૂરથી ગ્રહણ કરે. સંભિન્નજ્ઞાનત્વ : એક સાથે અનેક=અનેક ઇંદ્રિય, વિષયક પરિજ્ઞાન એ વગેરે ઇન્દ્રિયના વિષયવાળી લબ્ધિઓ છે.

વળી કોષ્ઠબુદ્ધિપણું, બીજબુદ્ધિપણું, પદ-પ્રકરણ-ઉદ્દેશ્ય-અધ્યાય-પ્રાભૃત-વસ્તુ-પૂર્વાંગ અનુસારી-પણું, ઋજુમતિપણું, વિપુલમતિપણું, પરિચિતનું જ્ઞાન, અભિલષિત અર્થની પ્રાપ્તિ, અનિષ્ટ અર્થની અપ્રાપ્તિ એ વગેરે માનસ લબ્ધિઓ છે.

વાચિકલબ્ધિ, ક્ષીરાસ્રવિત્વ, મધુરાસ્રવિત્વ, વાદિપણું, સર્વ શબ્દોનું જ્ઞાનપણું, સર્વ જીવોનું અવબોધન એ વગેરે વાચિક લબ્ધિઓ છે.

અને વિદ્યાધરત્વ, આશીવિષત્વ, ભિન્નાભિન્ન અક્ષરવાળાચૌદપૂર્વધરપણું.

'इति' શબ્દ ક્ષપકશ્રેણિમાં પ્રાપ્ત થતી ઋદ્ધિઓની સમાપ્તિ માટે છે.

ત્યારપછી=પૂર્વમાં વર્ણન કર્યું એવી લબ્ધિઓ પ્રાપ્ત થયા પછી, આનું=ક્ષપકશ્રેણિવાળા મહાત્માનું, નિસ્તૃષ્ણપણું હોવાથી તેઓમાં=પ્રાપ્ત થયેલી લબ્ધિઓમાં, અનભિષક્ત ચિત્તવાળા મોહના ક્ષપક પરિણામની અવસ્થાવાળા તે મહાત્માનું ૨૮ પ્રકારનું મોહનીય સંપૂર્ણપણાથી નાશ પામે છે. ત્યાર-પછી છદ્મસ્થવીતરાગપણાને પામેલા તે મહાત્માના અંતર્મુહૂર્તથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય એક સાથે અશેષથી નાશ પામે છે. તેથી સંસારના બીજના બંધનથી નિર્મુક્ત ફળબંધનના મોક્ષની અપેક્ષાવાળા=અઘાતી કર્મના ફળરૂપે જે દેહાદિ બંધન છે તેનાથી મુક્ત થવાની અપેક્ષાવાળા, યથા-ખ્યાતસંયત, જિન, કેવલી, સર્વજ્ઞ, સર્વદર્શી, શુદ્ધ, બુદ્ધ, કૃતકૃત્ય સ્નાતક થાય છે.

ત્યારપછી વેદનીય, નામ, ગોત્ર, આયુષ્યના ક્ષયથી ફલબંધનથી નિર્મુક્ત=જન્મના ફલવાળા કર્મના બંધનથી મુક્ત, નિર્દગ્ધપૂર્વોપાત્તઇંધનવાળા=પૂર્વમાં બાંધેલાં કર્મરૂપી ઇંધન જેમણે સંપૂર્ણપણે બાળી નાખ્યાં છે એવા, નિરુપાદાન અગ્નિની જેમ=જેમાં નવાં કર્મ બાંધવાની શક્તિ નાશ પામી છે તેવા નિરુપાદાન અગ્નિ જેવા, પૂર્વોપાત્ત ભવના વિયોગથી અને ઉત્તરના હેતુના અભાવથી=ઉત્તરના ભવના હેતુના અભાવથી, અપ્રાદુર્ભાવ થવાને કારણે શાંત, સંસાર સુખને ઓળંગીને આત્યંતિક, એકાંતિક, નિરુપમ, નિરતિશય નિત્ય નિર્વાણસુખને પ્રાપ્ત કરે છે. ॥

ભાવાર્થ :-

પૂર્વમાં સમ્યગ્દર્શનથી માંડીને ઉત્તર ઉત્તરની ઉચિત પ્રવૃત્તિઓ દ્વારા મહાત્મા ક્ષપકશ્રેણિને તત્ત્વાર્થસૂત્રમાં વર્ણન કરાયેલા પદાર્થના ક્રમના અનુસાર કઈ રીતે પ્રાપ્ત થાય છે ? તેનું વર્ણન કર્યું. તે પ્રમાણે ઉચિત પ્રયત્ન કરનારા મહાત્માને શુક્લધ્યાનકાળમાં અનેક પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત થાય છે, તેનું વર્ણન અત્યાર સુધી કર્યું. તે સર્વ ઋદ્ધિઓ પ્રત્યે તૃષ્ણા વગરના તે મહાત્મા હોવાથી તે લબ્ધિઓ માત્ર શક્તિરૂપે જ તેઓને પ્રાપ્ત થાય છે, પરંતુ તે લબ્ધિઓમાં કોઈ પ્રકારનો રાગભાવ તેઓને નથી, તેથી મને આ લબ્ધિ થઈ છે તે પ્રકારના હર્ષને પામીને તે લબ્ધિનો ઉપયોગ કરવા માટે તે મહાત્મા કોઈ પ્રયત્ન કરતા નથી; પરંતુ મોહના ઉન્મૂલન માટે જ મહાપરાક્રમ ફોરવે છે, જેના બળથી તેઓશ્રી મોહનીયકર્મની ૨૮ ઉત્તરકર્મપ્રકૃતિઓનો સંપૂર્ણ નાશ કરે છે ત્યારે છદ્મસ્થવીતરાગભાવને પ્રાપ્ત કરે છે. ત્યારપછી અંતર્મુહૂર્તની સાધના દ્વારા જ્ઞાનાવરણીયકર્મને, દર્શનાવરણીયકર્મને અને અંતરાયકર્મને એકસાથે સંપૂર્ણ નાશ કરે છે. તેથી સંસારના બીજના બંધનથી તેઓ મુક્ત બને છે=સંસારના બીજનું બંધન જે ઘાતિકર્મ છે તેનાથી તેઓ મુક્ત થાય છે, અને અઘાતિકર્મો જે વિદ્યમાન છે તેના ફલરૂપે જે દેહ વગેરેનું બંધન છે તેનાથી મુક્ત થવાની અપેક્ષાવાળા છે અર્થાત્ મારે મુક્ત થવું છે તેવા ઔત્સુક્યવાળા નથી; પરંતુ ઉચિતકાળે તેના નાશ માટે ઉચિત યત્ન કરે તેવા પરિણામવાળા તે યોગી છે, તેથી ફલના બંધનથી મોક્ષની અપેક્ષાવાળા છે.

વળી, તે મહાત્મા યથાખ્યાતસંયત છે=મોહની અનાકુળતારૂપ જીવના પરિણામ સ્વરૂપ જે યથાખ્યાતસંયમ છે તે સંયમવાળા છે; જિન છે=રાગદ્વેષથી રહિત છે; કેવલી છે=માત્ર જ્ઞાનવાળા જ છે, અજ્ઞાનવાળા નથી અર્થાત્ કેવલ જ્ઞાન જ છે, અજ્ઞાન નથી એવા કેવલી છે; સર્વજ્ઞ છે; સર્વદર્શી છે=સર્વ પદાર્થોને યથાર્થ જાણનારા છે અને યથાર્થ જોનારા છે; શુદ્ધ છે=ઘાતિકર્મના વિગમનથી શુદ્ધ છે; બુદ્ધ છે=અજ્ઞાનના અભાવને કારણે બુદ્ધ છે; કૃતકૃત્ય છે=ઘાતિકર્મના નાશરૂપ જે કૃત્ય તેને પૂર્ણ કરેલ હોવાથી કૃતકૃત્ય છે. વળી, સ્નાત છે=ઘાતિકર્મનો નાશ કરેલ હોવાથી ભાવમલ રહિત હોવાથી સ્નાન કરેલા છે=મળ વગરના છે.

વેદનીયકર્મના, નામકર્મના, ગોત્રકર્મના અને આયુષ્યકર્મના ક્ષયથી ફલબંધનથી મુકાયેલા=અઘાતિકર્મના ફળના બંધનથી મુકાયેલા, નિર્દગ્ધ પૂર્વમાં ઉપાત્ત એવા ઇંધનવાળા=પૂર્વમાં બાંધેલાં કર્મરૂપી ઇંધન જેમણે બાળી નાખ્યાં છે એવા, મુક્તિની પ્રથમ ક્ષણવાળા તે મહાત્મા નિરુપાદાનવાળા છે=અક્રિય થયેલા હોવાથી નવા કર્મના ગ્રહણના અભાવવાળા છે તેથી ઉપાદાન વગરના અગ્નિ જેવા છે અર્થાત્ ઉપાદાન વગરનો અગ્નિ ઓલવાઈ જાય છે, તેમ તેમનો કર્મના સંયોગરૂપ સંસાર નામનો અગ્નિ ઓલવાઈ જાય છે; કેમ કે પૂર્વ ઉપાત્ત ભવનો વિયોગ થાય છે અને નવા ભવની પ્રાપ્તિના હેતુનો અભાવ છે. તેથી ઉત્તરના ભવનો અપ્રાદુર્ભાવ હોવાથી શાંત થયેલા ભવરૂપ અગ્નિવાળા છે. વળી સંસારસુખને ઓળંગીને આત્યન્તિક=સદા રહેનાર, એકાન્તિક=દુઃખના સ્પર્શ વગરના, નિરુપમ, નિરતિશય એવા નિત્ય નિર્વાણ સુખને પ્રાપ્ત કરે છે. ॥

અવતરણિકા :-

આ રીતે તત્ત્વાર્થસૂત્રના કથનનો ઉપસંહાર કરીને બતાવ્યું કે તત્ત્વાર્થસૂત્રના વચનના સમ્યગ્

બોધથી મહાત્મા ઉચિત પ્રવૃત્તિ કરીને કેવલજ્ઞાન કેવલ દર્શનને પ્રાપ્ત કરીને સર્વકર્મોથી મુક્ત થાય છે.

હવે તત્ત્વાર્થસૂત્રના દશમા અધ્યાયમાં કહેલા પદાર્થોને સ્પષ્ટ કરીને વર્તમાનકાળમાં તત્ત્વાર્થસૂત્રના બળથી જેઓ મોક્ષમાં જઈ શકે તેમ નથી, તેઓને પણ પ્રસ્તુત સૂત્ર દ્વારા કઈ રીતે ઉપકાર થાય છે ? તે બતાવવા અર્થે કહે છે –

ભાષ્ય :-

एवं तत्त्वपरिज्ञानाद्, विरक्तस्यात्मनो भृशम् ।
निरास्रवत्वाच्छिन्नायां, नवायां कर्मसन्ततौ ।।१।।

पूर्वार्जितं क्षपयतो, यथोक्तैः क्षयहेतुभिः ।
संसारबीजं कात्स्न्र्येन, मोहनीयं प्रहीयते ।।२।।

ततोऽन्तरायज्ञानघ्नदर्शनघ्नान्यनन्तरम् ।
प्रहीयन्तेऽस्य युगपत्, त्रीणि कर्माण्यशेषतः ।।३।।

ભાષ્યાર્થ :-

તત્ત્વાર્થાધિગમસૂત્રમાં જે પ્રમાણે જીવ આદિ સાત તત્ત્વો બતાવ્યાં, તે પ્રમાણે તત્ત્વના પરિજ્ઞાનથી અત્યંત વિરક્ત થયેલા આત્માનું અત્યંત નિરાશ્રવપણું હોવાને કારણે, નવી કર્મની સંતતિ છેદાયે છતે, જે પ્રમાણે પૂર્વમાં કહ્યા એવા કર્મક્ષયના હેતુથી પૂર્વમાં અર્જન કરાયેલા કર્મને નાશ કરતા જીવનું, સંસારનું બીજ એવું મોહનીયકર્મ સંપૂર્ણ નાશ પામે છે. ત્યારપછી આ જીવનાં અંતરાય, જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયરૂપ ત્રણેય કર્મો એકસાથે સંપૂર્ણ નાશ પામે છે. ।।૧થી ૩।।

ભાષ્ય :-

गर्भसूच्यां विनष्टायां, यथा तालो विनश्यति ।
तथा कर्म क्षयं याति, मोहनीये क्षयं गते ।।४।।

ભાષ્યાર્થ :-

જે પ્રમાણે ગર્ભસૂચિ વિનષ્ટ થયે છતે=મસ્તકનો ભાગ વિનાશ થયે છતે, તાડવૃક્ષ નાશ પામે છે, તે રીતે મોહનીયકર્મ ક્ષય થયે છતે કર્મ ક્ષયને પામે છે=ત્રણે ઘાતિકર્મો ક્ષય પામે છે. ।।૪।।

ભાષ્ય :-

ततः क्षीणचतुष्कर्मा, प्राप्तोऽथाख्यातसंयमम् ।
बीजबन्धननिर्मुक्तः, स्नातकः परमेश्वरः ।।५।।

शेषकर्मफलापेक्षः, शुद्धो बुद्धो निरामयः ।
सर्वज्ञः सर्वदर्शी च, जिनो भवति केवली ।।६।।

ભાષ્યાર્થ :-

તેથી ક્ષીણ ચાર કર્મોવાળા, પ્રાપ્ત થયેલા યથાખ્યાત સંયમવાળા, બીજબંધનથી નિર્મુક્ત=સંસારના બીજરૂપ ઘાતિકર્મોના બંધનથી મુક્ત થયેલા, સ્નાતક, પરમેશ્વર, શેષ કર્મફળની અપેક્ષાવાળા=અઘાતી એવા શેષ કર્મના ફળની અપેક્ષાવાળા, શુદ્ધ, બુદ્ધ, નિરામય=ભાવરોગ રહિત, સર્વજ્ઞ, સર્વદર્શી જિન કેવલી થાય છે. ॥૫-૬॥

ભાષ્ય :-

कृत्स्नकर्मक्षयादूर्ध्वं, निर्वाणमधिगच्छति ।
यथा दग्धेन्धनो वह्निर्निरुपादानसन्ततिः ।।७।।

ભાષ્યાર્થ :-

જે પ્રમાણે બળેલા ઇંધણવાળો અગ્નિ ઉપાદાન સંતતિ વગરનો છે=ઇંધણના અભાવને કારણે ઓલવાયેલો છે, તે પ્રમાણે સંપૂર્ણ કર્મક્ષયથી ઊર્ધ્વ નિર્વાણને પામે છે=કેવલી નિર્વાણને પામે છે. ॥૭॥

ભાષ્ય :-

दग्धे बीजे यथाऽत्यन्तं, प्रादुर्भवति नाङ्कुरः ।
कर्मबीजे तथा दग्धे, नारोहति भवाङ्कुरः ।।८।।

ભાષ્યાર્થ :-

જે પ્રમાણે બીજ અત્યંત દગ્ધ થયે છતે અંકુરો પ્રાદુર્ભાવ પામતો નથી, તે પ્રમાણે કર્મબીજ દગ્ધ થયે છતે=કર્મબંધનું કારણ એવો સંગનો પરિણામ નાશ થયે છતે, ભવનો અંકુરો પ્રાદુર્ભાવ પામતો નથી. ॥૮॥

ભાષ્ય :-

तदनन्तरमेवोर्ध्वमालोकान्तात् स गच्छति ।
पूर्वप्रयोगासङ्गत्वबन्धच्छेदोर्ध्वगौरवैः ।।९।।

ભાષ્યાર્થ :-

(૧) પૂર્વપ્રયોગને કારણે, (૨) અસંગપણાને કારણે, (૩) બંધનો છેદ થવાને કારણે અને (૪) ઊર્ધ્વ જવાનો ગૌરવ સ્વભાવ હોવાને કારણે તદ્ અનંતર જ=નિર્વાણ પામતાંની સાથે જ, નિર્વાણ પામનાર આત્મા આલોકના અંત સુધી ઊર્ધ્વમાં જાય છે. ॥૯॥

ભાષ્ય :-

कुलालचक्रे दोलायामिषौ वापि यथेष्यते ।
पूर्वप्रयोगात् कर्मेह, तथा सिद्धिगतिः स्मृता ।।१०।।

ભાષ્યાર્થ :-

જે પ્રમાણે કુલાલના ચક્રમાં=કુંભારના ચક્રમાં, પૂર્વના પ્રયોગથી કર્મ=ચક્રભ્રમણ, થાય છે, પછી ઉત્તરમાં દંડ વગર પણ=ચક્રના ભ્રમણને અનુકૂળ વ્યાપાર વગર પણ, ચક્રભ્રમણની ક્રિયા થાય છે. અથવા બાણની પણછમાં તીરને ખેંચવાથી ઉત્તરમાં તીરના ગમનની ક્રિયા થાય છે. તે પ્રમાણે इह= અહીં=કર્મક્ષયમાં સિદ્ધિગતિ મનાઈ છે અર્થાત્ પૂર્વપ્રયોગથી=દરેક ભવોમાં આયુષ્ય ક્ષય થવાથી દેહથી મુક્ત થયેલો જીવ જેમ ઉત્તરના ભવને અનુકૂળ ગતિપરિણામવાળો થાય છે. તેમ સર્વ કર્મથી મુક્ત જીવ ઊર્ધ્વમાં મોક્ષરૂપ પાંચમી ગતિને અનુકૂળ ગમન પરિણામવાળો થાય છે. અથવા ઉપાધ્યાય યશોવિજયજીના ટબાનુસાર પૂર્વ પ્રયોગનો આ પ્રમાણે અર્થ છે. કેવળજ્ઞાનપ્રાપ્તિ પૂર્વે સતત અનેક સૂત્રોમાં સિદ્ધિગતિ જવાનો અભિલાષ કરે છે. આથી જ નમુત્થુણં સૂત્રમાં सिव मयल ..... ठाणं संपत्ताणं બોલાય છે. ત્યારે તે સ્થાનને પ્રાપ્ત થયેલા ભગવાનને નમસ્કાર કરીને તે સ્થાનની પ્રાપ્તિનો અભિલાષ કરે છે. તે રીતે અન્ય અન્ય સૂત્રોમાં પણ તેવો અભિલાષ કરાય છે તે અભિલાષરૂપ પૂર્વ પ્રયોગના કારણે સિદ્ધના જીવો કર્મથી મુક્ત થયા પછી ઊર્ધ્વ ગમન કરે છે. ॥૧૦॥

ભાષ્ય :-

मृल्लेपसङ्गनिर्मोक्षाद् यथा दृष्टाऽप्स्वलाबुनः ।
कर्मसङ्गविनिर्मोक्षात्, तथा सिद्धिगतिः स्मृता ॥११॥

ભાષ્યાર્થ :-

જે પ્રમાણે માટીના લેપવાળું તુંબડું તળાવમાં તળિયે ડૂબેલું હોય છે, અને લેપ દૂર થવાથી તુંબડું તળાવમાં પાણીની સપાટી ઉપર તરે છે, તેમ કર્મનો સંગ દૂર થવાથી સિદ્ધના જીવોની ગતિ કહેવાઈ છે. ॥૧૧॥

ભાષ્ય :-

एरण्डयन्त्रपेडासु, बन्धच्छेदाद् यथा गतिः ।
कर्मबन्धनविच्छेदात्, सिद्धस्यापि तथेष्यते ॥१२॥

ભાષ્યાર્થ :-

એરંડ, યંત્ર અને પેડામાં બંધના છેદથી જેમ ગતિ થાય છે, તેમ કર્મબંધનના વિચ્છેદથી સિદ્ધના જીવોની પણ ગતિ ઈચ્છાય છે અર્થાત્ જેમ કોઈ યંત્ર ગતિવાળું હોય અને તેની ગતિના અવરોધ અર્થે કોઈ બંધન કરવામાં આવેલ હોય, અને બંધનનો છેદ થાય તો યંત્રની ગતિ થાય છે. વળી, જેમ કોષમાં રહેલું એરંડાનું બીજ કોષનું બંધન તૂટતાં જ ઊડીને ઊંચે ઊછળે છે તેમ કર્મનું બંધન ખસવાથી જીવની ઊર્ધ્વગતિ થાય છે. ॥૧૨॥

ભાષ્ય :-

ऊर्ध्वगौरवधर्माणो, जीवा इति जिनोत्तमैः ।
अधोगौरवधर्माणः, पुद्गला इति चोदितम् ।।१३।।

ભાષ્યાર્થ :-

ઊર્ધ્વગૌરવધર્મવાળા=ઊર્ધ્વગમન કરે એવા ગૌરવ ધર્મવાળા, જીવો છે, અને અધોગૌરવ ધર્મવાળા પુદ્ગલો છે, એ પ્રમાણે ભગવાન વડે કહેવાયું છે. ।।૧૩।।

ભાષ્ય :-

यथाऽधस्तिर्यगूर्ध्वं च, लोष्टवाय्वग्निवीतयः ।
स्वभावतः प्रवर्तन्ते, तथोर्ध्वं गतिरात्मनाम् ।।१४।।

ભાષ્યાર્થ :-

જે પ્રમાણે લોષ્ટનું=ઢેફાનું, અધોગમન, વાયુનું તિર્છુંગમન અને અગ્નિનું ઊર્ધ્વગમન સ્વભાવથી પ્રવર્તે છે, તે પ્રમાણે આત્માની ઊર્ધ્વગતિ છે. ।।૧૪।।

ભાષ્ય :-

अतस्तु गतिवैकृत्यमेषां यदुपलभ्यते ।
कर्मणः प्रतिघाताच्च, प्रयोगाच्च तदिष्यते ।।१५।।

ભાષ્યાર્થ :-

આથી જીવોની ગતિનું વિકૃતપણું=ઊર્ધ્વગતિથી અન્ય પ્રકારનું ગતિપણું, જે પ્રાપ્ત થાય છે, તે કર્મના પ્રતિઘાતના કારણે કે પ્રયોગના કારણે=જીવના પ્રયત્નના કારણે ઈચ્છાય છે.

આશય એ છે કે જીવનો ઊર્ધ્વગમનનો સ્વભાવ છે, તેથી પ્રયત્ન વગર કર્મથી મુક્ત થયેલા આત્માઓનું ઊર્ધ્વગમન થાય છે; પરંતુ સંસારી જીવોમાં જે ગતિનું વિકૃતપણું પ્રાપ્ત થાય છે અર્થાત્ કેટલાક સંસારી જીવો નરકમાં જાય છે ત્યારે અધોગમન કરે છે, દેવલોકમાં જાય છે ત્યારે ઊર્ધ્વગમન કરે છે, તો વળી ક્યારેક કોઈક ભવમાં જાય છે ત્યારે તિર્છુંગમન કરે છે, તે સર્વ ગમનની પ્રવૃત્તિ કર્મના પ્રતિઘાતથી ઈચ્છાય છે અને સંસારી ત્રસજીવો ઈચ્છાનુસાર ગમન કરે છે તે જીવના પ્રયોગથી ઈચ્છાય છે. ।।૧૫।।

ભાષ્ય :-

अधस्तिर्यगथोर्ध्वं च, जीवानां कर्मजा गतिः ।
ऊर्ध्वमेव तु तद्धर्मा, भवति क्षीणकर्मणाम् ।।१६।।

ભાષ્યાર્થ :-

જીવોની નીચી, તિર્છી અને ઊર્ધ્વગતિ કર્મથી થાય છે. ક્ષીણકર્મવાળા જીવોની ઊર્ધ્વ જ ગતિ તેના ધર્મવાળી છે=જીવના સ્વભાવવાળી ગતિ છે. ।।૧૬।।

ભાષ્ય :-

द्रव्यस्य कर्मणो यद्वदुत्पत्त्यारम्भवीतयः ।
समं तथैव सिद्धस्य, गतिमोक्षभवक्षयाः ।।१७।।

ભાષ્યાર્થ :-

જેમ પરમાણુ આદિ દ્રવ્યના કર્મની=ક્રિયાની, ઉત્પત્તિ આરંભ અને વીતિ=ગતિ, સાથે થાય છે=પરમાણુ આદિ દ્રવ્યમાં ક્રિયાની ઉત્પત્તિ થાય છે, ત્યારે જ તેના ગમનનો આરંભ થાય છે અને ત્યારે જ સ્થાનાંતરની પ્રાપ્તિરૂપ ગતિ પણ થાય છે, તેમ આત્મા સિદ્ધ થાય છે ત્યારે સિદ્ધશિલા તરફની ગતિ, મોક્ષ અને ભવક્ષય એક સમયમાં થાય છે.

જેમ કોઈક જીવ કોઈક સ્થાનથી ચ્યવીને વિગ્રહ ગતિ વગર જન્મ લે ત્યારે આઠમા સમયમાં ચ્યવેલો હોય તો નવમા સમયે ઉત્પત્તિસ્થાનમાં ગતિ થાય છે, અને નવમા સમયે જ નવા ભવની ઉત્પત્તિ થાય છે, નવમા સમયે જ શરીર બનાવવાની ક્રિયાનો આરંભ થાય છે; તેમ જે સમયે જીવના સર્વ કર્મોનો ક્ષય થાય છે તે જ સમયે જીવનું સિદ્ધશિલા ઉપર ગમન થાય છે. જેમ આઠમા સમયે સંપૂર્ણ કર્મનો ક્ષય થયો હોય તો આઠમા સમયે જ સિદ્ધશિલા ઉપર ગમન થાય છે, અને આઠમા જ સમયે આત્મા સર્વ કર્મના ક્ષયરૂપ મોક્ષ પ્રાપ્ત કરે છે અને આઠમા સમયે જ મનુષ્યભવનો ક્ષય પ્રાપ્ત થાય છે. ।।૧૭।।

ભાષ્ય :-

उत्पत्तिश्च विनाशश्च, प्रकाशतमसोरिह ।
युगपद् भवतो यद्वत्, तथा निर्वाणकर्मणोः ।।१८।।

ભાષ્યાર્થ :-

જેમ અહીં પ્રકાશની ઉત્પત્તિ અને અંધકારનો વિનાશ એકીસાથે થાય છે, તેમ નિર્વાણની ઉત્પત્તિ અને કર્મનો નાશ એકસાથે થાય છે. ।।૧૮।।

ભાષ્ય :-

तन्वी मनोज्ञा सुरभिः, पुण्या परमभास्वरा ।
प्राग्भारा नाम वसुधा, लोकमूर्ध्नि व्यवस्थिता ।।१९।।

नृलोकतुल्यविष्कम्भा, सितच्छत्रनिभा शुभा ।
ऊर्ध्वं तस्याः क्षितेः सिद्धा, लोकान्ते समवस्थिताः ।।२०।।

ભાષ્યાર્થ :-

સિદ્ધશિલાનું સ્વરૂપ :-

સિદ્ધશિલા તન્વી=પાતળી અર્થાત્ મધ્યભાગમાં આઠ યોજન જાડી હોય છે, અને પછી પાતળી પાતળી થતાં સર્વ ગોળાકાર છેડે માખીની પાંખ કરતાં પણ પાતળી થાય છે, માટે ખૂણામાં પાતળી છે. વળી, મનોજ્ઞ છે=અત્યંત સુંદર દેખાવવાળી છે, સુરભિપુણ્યા છે=પુણ્યશાળી પૃથ્વીકાયના જીવોથી નિર્માણ કરાયેલી એવી સુંદર ગંધવાળી છે, પરમભાસ્વર પ્રાગ્ભારા નામવાળી પૃથ્વી લોકના મસ્તક ઉપર રહેલી છે. વળી, મનુષ્યલોકની તુલ્ય ૪૫ લાખ યોજનવાળી, સિત છત્રના આકારવાળી=ઊંધા કરાયેલા શ્વેત છત્રના આકારવાળી, શુભ એવી તે પૃથ્વીના ઉપર સિદ્ધના જીવો લોકના અંતમાં રહેલા છે. ।।૧૯-૨૦।।

ભાષ્ય :-

तादात्म्यादुपयुक्तास्ते, केवलज्ञानदर्शनैः ।
सम्यक्त्वसिद्धतावस्था, हेत्वभावाच्च निष्क्रियाः ।।२१।।

ભાષ્યાર્થ :-

તેઓ=સિદ્ધના જીવો, કેવળજ્ઞાન-કેવળદર્શન સાથે તાદાત્મ્યથી ઉપયોગવાળા છે, ક્ષાયિક સમ્યક્ત્વવાળા છે, સિદ્ધતાની અવસ્થાવાળા છે અને હેતુ અભાવના કારણે અર્થાત્ ક્રિયા કરવાનું કોઈ પ્રયોજન નહિ હોવાને કારણે, નિષ્ક્રિય છે. ।।૨૧।।

ભાષ્ય :-

ततोऽप्यूर्ध्वगतिस्तेषां, कस्मान्नास्तीति चेन्मतिः ।
धर्मास्तिकायस्याभावात्, स हि हेतुर्गतेः परः ।।२२।।

ભાષ્યાર્થ :-

ત્યારપછી=લોકાન્ત પછી તેઓની ઊર્ધ્વગતિ કેમ થતી નથી, એ પ્રમાણે મતિ થાય તો કહે છે – ધર્માસ્તિકાયનો અભાવ હોવાને કારણે લોકના અંત પછી ગતિ નથી, હિ=જે કારણથી, તે=ધર્માસ્તિકાય ગતિનો પ્રધાનહેતુ છે. ।।૨૨।।

ભાષ્ય :-

संसारविषयातीतं, मुक्तानामव्ययं सुखम् ।
अव्याबाधमिति प्रोक्तं, परमं परमर्षिभिः ।।२३।।

ભાષ્યાર્થ :-

મુક્ત આત્માઓને અવ્યય, અવ્યાબાધ, સંસારના વિષયોથી અતીત, પ્રકૃષ્ટ સુખ છે, એ પ્રમાણે પરમઋષિઓ વડે કહેવાયું છે. ॥૨૩॥

ભાષ્ય :-

स्यादेतदशरीरस्य, जन्तोर्नष्टाष्टकर्मणः ।
कथं भवति मुक्तस्य, सुखमित्यत्र मे शृणु ।।२४।।

ભાષ્યાર્થ :-

અહીં શંકા થાય કે નાશ થયેલા આઠ કર્મોવાળા અશરીરી એવા મુક્ત જીવોને સુખ કેવી રીતે થઈ શકે ? એ પ્રકારની શંકામાં ભાષ્યકાર કહે છે, મને સાંભળો ! ॥૨૪॥

ભાષ્ય :-

लोके चतुर्ष्विहार्थेषु, सुखशब्दः प्रयुज्यते ।
विषये वेदनाऽभावे, विपाके मोक्ष एव च ।।२५।।

ભાષ્યાર્થ :-

આ લોકમાં ચાર અર્થમાં 'સુખ' શબ્દ વપરાય છે. (૧) વિષયમાં, (૨) વેદનાના અભાવમાં, (૩) વિપાકમાં=પુણ્યકર્મના વિપાકમાં, અને (૪) મોક્ષમાં. ॥૨૫॥

ભાષ્ય :-

सुखो वह्निः सुखो वायुर्विषयेष्विह कथ्यते ।
दुःखाभावे च पुरुषः, सुखितोऽस्मीति मन्यते ।।२६।।

ભાષ્યાર્થ :-

ચાર અર્થમાં વપરાતા સુખને જ સ્પષ્ટ કરે છે - (૧) અગ્નિ સુખ છે, વાયુ સુખ છે, એ પ્રમાણે વિષયોમાં અહીં=સંસારમાં, સુખ કહેવાય છે. આશય એ છે કે અતિ ઠંડી પડતી હોય ત્યારે વહ્નિનું તાપણું સુખ પેદા કરે છે, અને અતિ ગરમી થતી હોય ત્યારે વાયુ સુખ પેદા કરે છે. તેથી વહ્નિ અને વાયુરૂપ વિષયમાં 'સુખ' શબ્દનો પ્રયોગ થાય છે. (૨) વળી, દુઃખના અભાવમાં પુરુષ 'હું સુખી છું,' એમ માને છે. અશાતાના ઉદયથી કોઈક શારીરિક દુઃખ પેદા થયું હોય, અને તે દુઃખનો જ્યારે અભાવ થાય છે ત્યારે હું સુખી છું, એમ જીવ માને છે. એથી વેદનાના અભાવમાં 'સુખ' શબ્દ વપરાય છે. ॥૨૬॥

ભાષ્ય :-

पुण्यकर्मविपाकाच्च, सुखमिष्टेन्द्रियार्थजम् ।
कर्मक्लेशविमोक्षाच्च, मोक्षे सुखमनुत्तमम् ।।२७।।

ભાષ્યાર્થ :-

(૩) પુણ્યકર્મના વિપાકથી ઇષ્ટ એવા ઇન્દ્રિયોના વિષયોથી થનારું સુખ લોકમાં 'સુખ' શબ્દથી કહેવાય છે. (૪) કર્મકૃત ક્લેશના વિશેષરૂપે=સંપૂર્ણરૂપે મોક્ષથી, મોક્ષમાં અનુત્તમ સુખ કહેવાય છે.

આશય એ છે કે પુણ્યકર્મનો વિપાક હોય છે ત્યારે પાંચે ઇન્દ્રિયોના અનુકૂળ વિષયોથી સુખ થાય છે, ત્યારે આ જીવ સુખી છે એ પ્રકારનો વ્યવહાર થાય છે. તેથી કર્મના વિપાકમાં 'સુખ' શબ્દનો પ્રયોગ થાય છે.

સંસારમાં જીવને કર્મકૃત ક્લેશ પ્રાપ્ત થાય છે, અને જ્યારે જીવ કર્મથી રહિત થાય છે ત્યારે કર્મના ક્લેશનો અભાવ થાય છે. તેથી કર્મકૃત ક્લેશના વિમોક્ષથી મોક્ષમાં અનુત્તમ કોટિનું સુખ છે. ॥૨૭॥

ભાષ્ય :-

सुखप्रसुप्तवत् केचिदिच्छन्ति परिनिर्वृतिम् ।
तदयुक्तं क्रियावत्त्वात्, सुखानुशयतस्तथा ।।२८।।

ભાષ્યાર્થ :-

સિદ્ધના સુખનું વર્ણન કરતાં કેટલાક કહે છે કે સુખપૂર્વક ઊંઘતા પુરુષને જેવું સુખ છે તેવું સુખ મોક્ષમાં છે, પરંતુ તે વચન અયુક્ત છે; કેમ કે સુખપૂર્વક ઊંઘતા પુરુષમાં ઊંઘવાની ક્રિયા છે અને સુખનો અનુશય છે=સુખની તરતમતા છે. જ્યારે સિદ્ધઅવસ્થામાં તો ક્રિયા નથી અને સુખની તરતમતા નથી, પરંતુ સદા પ્રકૃષ્ટ સુખ છે. ॥૨૮॥

ભાષ્ય :-

श्रमक्लममदव्याधिमदनेभ्यश्च सम्भवात् ।
मोहोत्पत्तेर्विपाकाच्च, दर्शनघ्नस्य कर्मणः ।।२९।।

ભાષ્યાર્થ :-

વળી, શ્રમથી ઊંઘનો સંભવ છે, ક્લમથી=ગ્લાનિથી ઊંઘનો સંભવ છે, મદથી=મદ્યપાનથી ઊંઘનો સંભવ છે, વ્યાધિથી=જ્વરથી ઊંઘનો સંભવ છે, મદનથી=કામના સેવનથી ઊંઘનો સંભવ છે, મોહની ઉત્પત્તિને કારણે ઊંઘનો સંભવ છે અને દર્શનાવરણીય કર્મના વિપાકથી (ઉદયથી) ઊંઘનો સંભવ છે અને મોક્ષમાં આ સર્વ કારણોનો અભાવ છે. તેથી ઊંઘના જેવું મોક્ષનું સુખ નથી, પરંતુ સંસારનાં સર્વ સુખોથી વિલક્ષણ અને પ્રકર્ષવાળું એવું સહજ સુખ મોક્ષમાં છે એમ યોજન છે. ॥૨૯॥

ભાષ્ય :-

लोके तत्सदृशो ह्यर्थः, कृत्स्नेऽप्यन्यो न विद्यते ।
उपगीयेत तद् येन, तस्मान्निरुपमं सुखम् ।।३०।।

ભાષ્યાર્થ :-

સકલ પણ લોકમાં મોક્ષના સુખ જેવો અન્ય અર્થ વિદ્યમાન નથી, જેના વડે તે=મોક્ષનું સુખ, બતાવી શકાય અર્થાત્ કોઈ ઉપમાથી બતાવી ન શકાય તેવું સુખ છે. તે કારણથી મોક્ષનું સુખ નિરુપમ સુખ છે. ।।૩૦।।

ભાષ્ય :-

लिङ्गप्रसिद्धेः प्रामाण्यादनुमानोपमानयोः ।
अत्यन्तं चाप्रसिद्धं तद्, यत् तेनानुपमं स्मृतम् ।।३१।।

ભાષ્યાર્થ :-

વળી, મોક્ષનું સુખ અનુપમ કેમ છે ? તેમાં યુક્તિ આપે છે –

અનુમાનના અને ઉપમાનના લિંગની પ્રસિદ્ધિથી પ્રમાણપણું હોવાના કારણે અને यत्=જે કારણથી, તે=મોક્ષના સુખની સિદ્ધિનું લિંગ, અત્યંત અપ્રસિદ્ધ છે=જગતમાં ક્યાંય પ્રસિદ્ધ નથી, તે કારણથી, અનુપમ કહેવાયું છે=મોક્ષનું સુખ અનુપમ કહેવાયું છે.

આશય એ છે કે અનુમાન અને ઉપમાન પ્રમાણ લિંગ દ્વારા સાધ્યના ગમક બને છે અને સંસારમાં ક્યાંય પણ મોક્ષના સુખને બતાવનાર લિંગ પ્રસિદ્ધ નથી. તેથી ફલિત થાય છે કે સંસારનાં સર્વ સુખોથી અતિશય સુખ મોક્ષમાં છે માટે મોક્ષનું સુખ અનુપમ છે=ઉપમા ન આપી શકાય એવું છે. ।।૩૧।।

ભાષ્ય :-

प्रत्यक्षं तद् भगवतामर्हतां तैश्च भाषितम् ।
गृह्यतेऽस्तीत्यतः प्राज्ञैर्न छद्मस्थपरीक्षया ।।३२।। इति ।।

ભાષ્યાર્થ :-

અહીં પ્રશ્ન થાય કે મોક્ષમાં સુખ છે એ કઈ રીતે નક્કી થાય ? તેથી કહે છે –

અરિહંત ભગવંતોને તે=મોક્ષનું સુખ, પ્રત્યક્ષ છે. અને તેઓના વડે મોક્ષનું સુખ કહેવાયેલું છે. આથી મોક્ષમાં સુખ છે. એ પ્રમાણે પ્રાજ્ઞ પુરુષ વડે ગ્રહણ કરાય છે. પરંતુ છદ્મસ્થની પરીક્ષાથી મોક્ષમાં સુખ છે એમ ગ્રહણ કરાતું નથી. ।।૩૨।।

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।

ભાષ્ય :-

यस्त्विदानीं सम्यग्दर्शनज्ञानचरणसम्पन्नो भिक्षुर्मोक्षाय घटमानः कालसंहननायुर्दोषादल्पशक्तिः कर्मणां चातिगुरुत्वादकृतार्थ एवोपरमति स सौधर्मादीनां सर्वार्थसिद्धान्तानां कल्पविमानविशे-

षाणामन्यतमस्मिन् देवतयोपपद्यते, तत्र सुकृतकर्मफलमनुभूय स्थितिक्षयात् प्रच्युतो देशजाति-कुलशीलविद्याविनयविभवविषयविस्तरविभूतियुक्तेषु मनुष्येषु प्रत्यायातिमवाप्य पुनः सम्यग्दर्शनादिविशुद्धबोधिमवाप्नोति, अनेन सुखपरम्परायुक्तेन कुशलाभ्यासानुबन्धक्रमेण परं त्रिर्जनित्वा सिध्यतीति ।

ભાષ્યાર્થ :-

यस्त्विदानीं ..... सिध्यतीति ।। વળી હમણાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચરણસંપન્ન જે ભિક્ષુ મોક્ષ માટે ઘટમાન=યતના કરનાર, કાલ-સંહનન-આયુના દોષથી અલ્પશક્તિવાળા અને કર્મોના અતિગુરુપણાને કારણે અકૃતાર્થ જ=સંયમના ફલરૂપે મોક્ષની પ્રાપ્તિરૂપ ફળને કર્યા વગર જ, ઉપરમ પામે છે=આયુષ્યની પૂર્ણાહુતિને કરે છે, તે=તે સાધુ, સૌધર્માદિથી માંડીને સર્વાર્થસિદ્ધ સુધીના કલ્પવિશેષમાંથી અન્યતમ વિમાનમાં દેવપણાથી ઉત્પન્ન થાય છે. ત્યાં સુકૃતકર્મના ફળનો અનુભવ કરીને સ્થિતિના ક્ષયથી= દેવભવની સ્થિતિના ક્ષયથી, ચ્યવન પામેલા દેશ, જાતિ, કુળ, શીલ, વિદ્યા, વિનય, વિભવ, વિષય, વિસ્તારવાળી વિભૂતિયુક્ત એવા મનુષ્યોમાં પ્રત્યાયાતિને પામીને=ફરી જન્મને પામીને, વળી સમ્યગ્દર્શન આદિ વિશુદ્ધ બોધિને પ્રાપ્ત કરે છે. આ સુખ પરંપરાથી યુક્ત કુશલ અભ્યાસના અનુબંધના ક્રમથી પ્રકૃષ્ટ ત્રણ જન્મથી સિદ્ધ થાય છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।

ભાવાર્થ :-

તત્ત્વાર્થસૂત્રના સર્વ કથનનું નિગમન કરતાં ગ્રંથકારશ્રીએ બતાવેલ કે જે મહાત્મા સમ્યગ્દર્શનને પામીને જીવાદિ તત્ત્વોનું સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરે છે, શક્તિના અનુસાર અપ્રમાદથી તેનું સેવન કરે છે, તે મહાત્મા તે જ ભવમાં ક્ષપકશ્રેણિને પ્રાપ્ત કરીને સર્વ દુઃખોનો અંત કરે છે.

વળી આ દુષમાકાળ છે, તેથી વર્તમાનકાલમાં સંયમ પાળનાર સાધુઓ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રથી સંપન્ન હોવા છતાં કાળ, સંઘયણ, આયુષ્યના દોષને કારણે અલ્પશક્તિવાળા છે. આ કાળમાં તથાસ્વભાવે જીવમાં મોક્ષસાધક યોગોની શક્તિ અલ્પ હોય છે. વળી વર્તમાનકાળમાં સંઘયણ બધાને છેવટ્ટું જ મળે છે. તેથી સંઘયણના કારણે પણ રત્નત્રયીની વૃદ્ધિને અનુકૂળ યત્ન કરવાની શક્તિ જીવોને અલ્પ પ્રાપ્ત થઈ છે. વળી દુષમાકાળમાં જીવો અલ્પ આયુષ્યવાળા હોય છે. તેથી એટલા પરિમિત આયુષ્યમાં મોહના ઉન્મૂલનનો ઉદ્યમ પણ અલ્પ થવાથી રત્નત્રયીની વૃદ્ધિ વિશેષ રીતે કરી શકતા નથી. વળી વર્તમાનકાળના જીવોમાં કર્મોનું અતિગુરુપણું છે, તેથી બહુલતાએ જીવો વિશેષ પ્રકારના મોહના ઉન્મૂલનના યત્ન સ્વરૂપ રત્નત્રયીમાં ઉદ્યમ અલ્પ કરી શકે છે. તેથી અકૃતાર્થ જ=રત્નત્રયીના સેવન દ્વારા સર્વ કર્મોનો નાશ કર્યા વગર જ, આયુષ્યની પૂર્ણાહુતિ કરે છે.

તેથી વર્તમાનકાળમાં સંયમ પાળનારા મહાત્મા વર્તમાનકાળના સંઘયણને અનુરૂપ રત્નત્રયીના સેવનના

ફળરૂપે સૌધર્માદિથી માંડીને સર્વાર્થસિદ્ધ સુધીના કોઈક દેવલોકમાં દેવપણારૂપે ઉત્પન્ન થાય છે. જોકે છેલ્લા સંઘયણવાળા જીવો ચાર દેવલોકથી આગળ જતા નથી તોપણ પાંચમા આરામાં તે જ ભવમાં મોક્ષમાં નહીં જનારા એવા બીજા-ત્રીજા આદિ સંઘયણવાળા જીવો સર્વાર્થસિદ્ધ સુધીના વિમાનમાં જનારા હોય છે. તેથી વર્તમાનકાળમાં જે જીવોને જે પ્રકારની શક્તિ મળી છે તે શક્તિ અનુસાર અપ્રમાદથી મોહના ઉન્મૂલન માટે યત્ન કરે અને (અંતરંગ રીતે) મોહનું ઉન્મૂલન થાય તે પ્રકારે શક્તિ અનુસાર બાહ્ય ઉચિત અનુષ્ઠાનો સેવે તો ઉચિત એવા બાહ્ય અનુષ્ઠાનના બળથી સ્વશક્તિ અનુસાર મોહની શક્તિને ક્ષીણ કરીને બંધાયેલા પુણ્યના બળથી દેવગતિમાં જાય છે. મનુષ્યભવમાં રત્નત્રયીને અનુકૂળ સુકૃતમાં જે ઉદ્યમો કર્યા છે તેના ફળને દેવલોકમાં અનુભવે છે. તેથી દેવલોકમાં પણ તેઓને ચિત્તના સ્વાસ્થ્યરૂપ ઉત્તમ સુખનો અનુભવ થાય છે. ત્યાંથી ચ્યવીને તે મહાત્માઓ સારા દેશમાં, સારી મતિથી યુક્ત, સારા કુળમાં, શીલથી અને વિદ્યાથી સંપન્ન, વિનયપ્રકૃતિવાળા, વૈભવથી યુક્ત શબ્દ આદિ સુંદર વિષયોવાળા, વિસ્તારવાળા ભોગોથી યુક્ત મનુષ્યભવને પામે છે. વળી તે મનુષ્યભવમાં પૂર્વમાં કરાયેલ રત્નત્રયીનો અભ્યાસ ફરી આરંભ કરીને સમ્યગ્દર્શન આદિરૂપ વિશુદ્ધ બોધિને પ્રાપ્ત કરે છે. આ રીતે સુખની પરંપરાથી યુક્ત કુશલઅભ્યાસના પ્રવાહના ક્રમથી ત્રણ ભવની અંદર સિદ્ધ થાય છે. અર્થાત્ જે જીવો વર્તમાનભવમાં પ્રમાદનો પરિત્યાગ કરીને જિનવચનનું દૃઢ અવલંબન લઈને મોહના ત્યાગ માટે સતત યત્ન કરે છે, તેઓને મોહનો નાશ કરવાનો કુશલ અભ્યાસ સતત વધે છે. તેથી દેવભવમાં જઈને પણ મોહના નાશનો અભ્યાસ સ્વભૂમિકા અનુસાર તે મહાત્મા કરે છે અને તેના બળથી મનુષ્યભવને પામ્યા પછી મનુષ્યભવમાં પ્રાપ્ત થયેલી શ્રેષ્ઠ સામગ્રીના બળથી વિશેષ પ્રકારનો મોહના ઉન્મૂલનનો કુશલ અભ્યાસ સતત કરે છે. તેથી અલ્પકાળમાં જ મોક્ષની પ્રાપ્તિ કરે છે. ॥

ભાષ્યકારની પ્રશસ્તિ :-

वाचकमुख्यस्य शिवश्रियः, प्रकाशयशसः प्रशिष्येण ।
शिष्येण घोषनन्दिक्षमाश्रमणस्यैकादशाङ्गविदः ।।१।। गीतिः ।।

वाचनया च महावाचकश्रमणमुण्डपादशिष्यस्य ।
शिष्येण वाचकाचार्यमूलनाम्नः प्रथितकीर्तेः ।।२।। आर्या ।।

न्यग्रोधिकाप्रसूतेन, विहरता पुरवरे कुसुमनाम्नि ।
कौभीषणिना स्वातितनयेन वात्सीसुतेनार्ह्यम् ।।३।। आर्या ।।

अर्हद्वचनं सम्यग् गुरुक्रमेणागतं समवधार्य ।
दुःखार्तं च दुरागमविहतमतिलोकमवलोक्य ।।४।। आर्या ।।

इदमुच्चैर्नागरवाचकेन, सत्त्वानुकम्पया दृब्धम् ।
तत्त्वार्थाधिगमाख्यं, स्पष्टमुमास्वातिना शास्त्रम् ।।५।। आर्या ।।

यस्तत्त्वाधिगमाख्यं, ज्ञास्यति च करिष्यते च तत्रोक्तम् ।
सोऽव्याबाधं सौख्यं, प्राप्स्यत्यचिरेण परमार्थम् ।।६।। आर्या ।।१०/७।।

इति तत्त्वार्थाधिगमेऽर्हत्प्रवचनसंग्रहे दशमोऽध्यायः समाप्तः ।।

ભાષ્યાર્થ :-

वाचकमुख्यस्य ..... परमार्थम् ।। ગુરુક્રમથી આવેલ અરિહંતના વચનને સમ્યગ્ અવધારણ કરીને, દુઃખથી આર્ત=પીડિત, દુરાગમથી વિહત મતિવાળા લોકને=કુત્સિત આગમથી હણાયેલ મતિવાળા લોકને, અવલોકન કરીને નાગર વાચક ઉમાસ્વાતિ વડે તત્ત્વાર્થાધિગમ નામનું આ શાસ્ત્ર સત્ત્વ-અનુકંપાથી=જીવોની અનુકંપાથી, અત્યંત સ્પષ્ટ રચાયું છે.

જે તત્ત્વાધિગમ નામના શાસ્ત્રને જાણશે અને ત્યાં કહેવાયેલું કરશે તે પરમાર્થ એવા અવ્યાબાધ સુખને અચિરથી=શીઘ્ર, પ્રાપ્ત કરશે.

તે ઉમાસ્વાતિજી વાચકના પ્રવ્રાજક ગુરુ કોણ છે ? તે બતાવવા અર્થે કહે છે –

પ્રકાશયશવાળા=પ્રગટ યશવાળા, વાચકમુખ્ય=પૂર્વધરોમાં અગ્રણી, એવા શિવશ્રીના પ્રશિષ્ય એવા ઉમાસ્વાતિ વડે, અગિયાર અંગના જાણનારા એવા ઘોષનંદિ ક્ષમાશ્રમણના શિષ્ય એવા ઉમાસ્વાતિ વડે આ ગ્રંથ રચાયો છે, એમ અન્વય છે.

હવે ઉમાસ્વાતિ મહારાજના વાચનાચાર્યનો સંબંધ બતાવે છે –

અને વાચનાથી મહાવાચક શ્રમણમુંડપાદના શિષ્ય એવા પ્રથિત કીર્તિવાળા=વિસ્તૃત કીર્તિવાળા, વાચકાચાર્ય મૂલ નામવાળાના શિષ્ય ઉમાસ્વાતિ વડે આ ગ્રંથ રચાયો છે, એમ અન્વય છે.

હવે પોતાનાં સંસારી કુટુંબીજનોને અને જન્મભૂમિને બતાવે છે –

ન્યગ્રોધિકા ગામમાં ઉત્પન્ન થયેલા, કુસુમ નામના નગરમાં વિચરતા, કૌભીષણિ ગોત્રવાળા, સ્વાતિ નામના પિતાના પુત્ર, વાત્સીસુત=વાત્સી ગોત્રવાળી ઉમા નામની માતાના પુત્ર, એવા ઉમાસ્વાતિ વડે અર્ઘ્ય=પૂજનીય, એવું તત્ત્વાર્થસૂત્ર રચાયું છે, એમ અન્વય છે. ।।૧-૬।। ।।૧૦/૭।।

આ પ્રમાણે તત્ત્વાર્થાધિગમ નામના અરિહંતના પ્રવચનસંગ્રહમાં દશમો અધ્યાય સમાપ્ત થયો ।।

❋❋❋ તત્ત્વાર્થસૂત્ર સમાપ્ત ❋❋❋

पुण्यकर्मविपाकाच्च, सुखमिष्टेन्द्रियार्थजम् ।
कर्मक्लेशविमोक्षाच्च, मोक्षे सुखमनुत्तमम् ।।

(अंत्यकारिका, श्लोक-२७)

*

પુણ્યકર્મના વિપાકથી ઈષ્ટ એવા ઈન્દ્રિયોના વિષયોથી થનારું
સુખ લોકમાં 'સુખ' શબ્દથી કહેવાય છે. કર્મકૃત ક્લેશના
વિશેષરૂપે=સંપૂર્ણરૂપે મોક્ષથી, મોક્ષમાં અનુત્તમ સુખ કહેવાય છે.

: પ્રકાશક :

'ગીતાર્થ ગંગા'

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૭૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com
Visit us online : gitarthganga.wordpress.com